
# નિયમસાર સાધના

## ભાગ - ૩


પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશઃ શાસ્ત્ર



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદઆચાર્યદેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

## અધિકાર

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન | પરમ-આલોચના

શુદ્ધનિશ્ચય -પ્રાયશ્ચિત | પરમ- સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૩

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )


પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

: પ્રકાશન પ્રસંગ :
અષાઢ સુદ ૧૫, ૨૧-૦૭-૨૦૨૪;
૮મા નંદીશ્વર દ્વીપમાં આવેલ શાશ્વત જિનપ્રતિમાના પૂજનના
શાશ્વત પર્વ શ્રી અષ્ટાન્હિકા પર્વની પૂર્ણતા
(અષાઢ માસની અષ્ટાન્હિકા)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૭૫૩૮૭

ॐ

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૩માં અત્રે (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર પરના સળંગ ૨૬ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલે પાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૫) પરમાર્થ પ્રતિક્રમણકા અધિકાર | | | | | | |
| ૬૭ | ૧૨-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૩ | શનિવાર | ૭૭-૮૧ | - | ૧-૯ |
| ૬૮ | ૧૩-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૪ | રવિવાર | ૭૭-૮૧ | - | ૧૦-૨૦ |
| ૬૯ | ૧૪-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૫ | સોમવાર | ૭૭-૮૧ | - | ૨૧-૩૨ |
| ૭૦ | ૧૫-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૬ | મંગળવાર | ૭૭-૮૧ | - | ૩૩-૪૩ |
| ૭૧ | ૧૬-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૭ | બુધવાર | ૭૭-૮૧ | - | ૪૪-૫૪ |
| ૭૨ | ૧૮-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૮ | શુક્રવાર | ૭૭-૮૧ | - | ૫૫-૬૫ |
| ૭૩ | ૧૯-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૧૦ | શનિવાર | ૭૭-૮૨ | ૧૦૯ | ૬૬-૭૭ |
| ૭૪ | ૨૦-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૧૧ | રવિવાર | ૮૨ | - | ૭૮-૮૮ |
| ૭૫ | ૨૧-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૧૨ | સોમવાર | ૮૩ | ૧૧૦ | ૮૯-૧૦૦ |
| ૭૬ | ૨૨-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૧૩ | મંગળવાર | ૮૪ | ૧૧૧ | ૧૦૧-૧૧૧ |
| ૭૭ | ૨૪-૦૮-૧૯૭૨ | શ્રાવણ સુદ ૧૫ | ગુરુવાર | ૮૪ | - | ૧૧૨-૧૧૯ |
| ૭૮ | ૨૫-૦૮-૧૯૭૨ | શ્રાવણ વદ ૧ | શુક્રવાર | ૮૪-૮૫ | ૧૧૨ | ૧૨૦-૧૩૧ |
| ૭૯ | ૨૬-૦૮-૧૯૭૨ | શ્રાવણ વદ ૨ | શનિવાર | ૮૫ | ૧૧૩ | ૧૩૨-૧૪૩ |
| ૮૦ | ૨૭-૦૮-૧૯૭૨ | શ્રાવણ વદ ૩ | રવિવાર | ૮૬ | ૧૧૪ | ૧૪૪-૧૫૪ |
| ૮૧ | ૨૮-૦૮-૧૯૭૨ | શ્રાવણ વદ ૪ | સોમવાર | ૮૬ | ૧૧૫ | ૧૫૫-૧૬૫ |
| ૮૨ | ૨૯-૦૮-૧૯૭૨ | શ્રાવણ વદ ૫ | મંગળવાર | ૮૭ | ૧૧૬-૧૧૭ | ૧૬૬-૧૭૬ |
| ૮૩ | ૩૦-૦૮-૧૯૭૨ | શ્રાવણ વદ ૬ | બુધવાર | ૮૮-૮૯ | ૧૧૭-૧૧૮ | ૧૭૭-૧૮૭ |
| ૮૪ | ૦૧-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૯ | શુક્રવાર | ૮૯-૯૦ | ૧૧૯-૧૨૦ | ઉપલબ્ધ નથી |
| ૮૫ | ૦૨-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૧૦ | શનિવાર | ૯૦ | - | ઉપલબ્ધ નથી |
| ૮૬ | ૦૩-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૧૧ | રવિવાર | ૯૧ | ૧૨૧ | ૧૮૮-૨૦૦ |
| ૮૭ | ૦૪-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૧૨ | સોમવાર | ૯૧ | ૧૨૨ | ૨૦૧-૨૧૧ |
| ૮૮ | ૦૫-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૧૩ | મંગળવાર | ૯૨ | - | ૨૧૨-૨૨૩ |
| ૮૯ | ૦૬-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૧૪ | બુધવાર | ૯૨ | - | ૨૨૪-૨૩૫ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૯૦ | ૦૭-૦૯-૧૯૭૨ | શ્રાવણ વદ ૧૫ | ગુરુવાર | ૯૩ | ૧૨૩ | ૨૩૬-૨૪૬ |
| ૯૧ | ૦૮-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૧ | શુક્રવાર | ૯૩-૯૪ | ૧૨૪ | ૨૪૭-૨૫૭ |
| ૯૨ | ૦૯-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૨ | શનિવાર | - | ૧૨૫-૧૨૬ | ૨૫૮-૨૬૭ |

## શ્રાવણ સુદ ૩, શનિવાર, તા. ૧૨-૮-૧૯૭૨
## ગાથા-૭૭-૮૧, પ્રવચન નં. ૬૭

**णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ७७ ॥**
**णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ७८ ॥**
**णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ७९ ॥**
**णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ८० ॥**
**णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ॥ ८१ ॥**

**નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;** આ નિર્મળ પર્યાય આમ જાણે છે. પોતાની નિર્મળ નિશ્ચયપ્રતિક્રમણની પર્યાય એનું અહીં સ્વરૂપ ચાલે છે. પર્યાય નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયચારિત્ર. એમ કહે છે,

**નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.**
**હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.**
**હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.**
**હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.**
**હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.**

એની **ટીકા : અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.** શુદ્ધ આત્મા એટલે ત્રિકાળી અને એની જે પર્યાય નિશ્ચય પ્રતિક્રમણ, ચારિત્ર એને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવ્યો

છે. (શ્રોતાઃ ....) બે કહ્યુંને. કે શુદ્ધ આત્મા ત્રિકાળી (અને) એનું જે પરિણમન શુદ્ધ ચારિત્રનું એને અહીંયા.... બેય વાત કરી. સમજાણું? ચારિત્ર અધિકાર છેને. નિશ્ચયચારિત્ર આ બધા કર્તૃત્વથી રહિત છે. એ ચારિત્ર થાય છે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે એ વસ્તુ જુદી, પણ પર્યાય એમ જાણે છે કે હું તો આ રાગ-દ્વેષ, ફલાણું, કર્તા-કર્મ એ હું નહીં. ... કરનારા શુદ્ધનિશ્ચયના બળે મારામાં આ નથી. શુદ્ધ જીવાસ્તિકાય નથી અને એની અભેદ પરિણતિ થઈ એમાં પણ નથી. આહાહા! ત્યારે કહેવાયને. પરિણતિ પ્રગટ્યા વિના આ શુદ્ધ જીવાસ્તિકાય ક્યાંથી લાવ્યા? કહો, સમજાણું આમાં? આવું ઝીણું બહુ મૂક્યું એટલે માણસને... એના અભ્યાસમાં ન જાય... બાપુ! આ અભ્યાસ કરવા જેવો છે. અભ્યાસ છેને, ભેદ-અભ્યાસ કરવા જેવો છે. .... **एरिसभेदब्भासे**... મધ્યસ્થ છે. છેને? પછીની ગાથા. આહાહા! આ ભેદનો અભ્યાસ... નરકના કારણો એવા મોહ ને રાગ-દ્વેષ પરિણામ એના જે ભેદો એ મારામાં નથી. આહાહા!

જુઓ! આ સમ્યગ્દૃષ્ટિ, એનું ચારિત્રનું પરિણમન એમાં ઊભો એમ જાણે છે કે મારા જીવાસ્તિકાયમાં... પણ જાણે છે તો પરિણતિમાં ને? મારા જીવાસ્તિકાયમાં જે અભેદપરિણતિ ... થઈ એમાં આ નથી. ચારિત્રમાં વર્તમાનનું વર્ણન છેને? સમજાણું કાંઈ? આહાહા! થોડું પણ જેમ છે એમ એને સત્ય સ્થાપીને સત્યરૂપે રાખવું પડશેને. વસ્તુને વસ્તુ તરીકે રાખ. અસ્થિરતા ન કર ભાઈ! કહે છે કે આમ હોય છે, પણ મને શુદ્ધનિશ્ચયના બળે એટલે શુદ્ધનિશ્ચયને કારણે, એમ. મેં તો આશ્રય ત્રિકાળી જીવાસ્તિકાયનો લીધો છે, એથી મારી પરિણતિ ચારિત્રની વીતરાગી થઈ છે. આહાહા! કે જે ચારિત્ર ધર્મ છે અને એ ધર્મનું મૂળ 'ચરિત્તં ખલુ ધમ્મો.' 'ચરિત્તં ખલુ ધમ્મો' ચારિત્ર તે (ધર્મ ને) ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. 'દંસણમૂલો ધમ્મો.' આ પરમ સત્ય, ભગવાન! એની શ્રદ્ધામાં આમ આવવું જોઈએ પહેલું કે ચારિત્ર આવું હોય. સમજાણું કાંઈ? કહો, આમ ચારિત્રની હતી વ્યાખ્યા ત્યાં? પ્રકાશચંદજી! મૂંડીને બેસી જાઓ. આહાહા!

આ તો ચૈતન્ય સાહ્યબો મોટો પ્રભુ એ અસ્તિકાય એમ વર્ણવે છે. છે, અસંખ્યપ્રદેશી છે. પૂર્ણ.. પૂર્ણસ્વરૂપ છે. એ પૂર્ણનો આશ્રય લઈને, અહીં ઠરીને... આમ આશ્રય લઈને ને આમ મોહભાવ–નરકના કારણ(રૂપ) પરિણામ એનાથી રહિત થઈને હું ચારિત્રરૂપે પરિણમ્યો છું. આહાહા! કહો, સમજાય છે કાંઈ? પછી કહે, આ વ્યવહારનો તો લોપ કરે છે. પણ આ શું છે? બાપા! ભગવાન! વ્યવહાર હોય વિકલ્પ, પણ એ વસ્તુ તો લોપ કરવા જેવી જ છે. એની પર્યાયમાં એ વ્યવહાર છે જ નહીં. સમજાણું કાંઈ? એવી પર્યાયને અહીં ચારિત્રપર્યાય કીધી છે.

શ્રોતા : ચારિત્રપર્યાય પોતે તો વ્યવહાર થઈને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અહીંયા એ વ્યવહાર નથી. અહીં નિશ્ચય- ચારિત્ર લેવું છે. રાગની અપેક્ષાએ નિશ્ચયચારિત્ર, એ અપેક્ષા લેવી છે. નહીં તો પર્યાય છે એ વ્યવહાર છે, એ લેવું નથી.

સદ્‌ભૂત વ્યવહાર, પણ સદ્‌ભૂત વ્યવહારને નિશ્ચયચારિત્ર (કહ્યું). ચારિત્રની પર્યાય છે એ ત્રિકાળની અપેક્ષાએ સદ્‌ભૂત વ્યવહાર છે, ત્રિકાળની અપેક્ષાએ. પણ રાગના અભાવની અપેક્ષાએ નિશ્ચય છે.

શ્રોતા : અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર......

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, સદ્‌ભૂત વ્યવહાર છે. પણ પોતાનો .... અહીં તો નિશ્ચયચારિત્ર છેને. પરિણતિને નિશ્ચય-વ્યવહાર લાગુ પાડવા છેને. થોડી ... તો થઈ છે. પરિણતિને નિશ્ચય ને વ્યવહાર લાગુ પાડવા છે. એક વ્યવહારચારિત્ર ને એક નિશ્ચયચારિત્ર. વ્યવહારચારિત્ર તે વિકલ્પરૂપ છે. કોને? આવું નિશ્ચયચારિત્ર હોય અને એમાં ઠર્યો ન હોય એને આવું હોય, પણ એ વસ્તુ નથી. હું નહીં, વ્યવહાર પ્રતિક્રમણ એ આત્મા નહીં. આહાહા!

એ શુદ્ધ જીવાસ્તિકાયને આશ્રયે પ્રગટેલી પર્યાય એ હું નહીં. શુદ્ધ જીવાસ્તિકાય મહાપ્રભુ અસંખ્યપ્રદેશી અસ્તિ, અનંત ગુણનું ધામ એવો જીવ તે જીવાસ્તિકાય. એનો આશ્રય હોવાથી (અને) મારી પરિણતિમાં આનો (-રાગનો) આશ્રય છોડી દીધેલો હોવાથી હું ચારિત્રવંત મારી પર્યાય મારા નિશ્ચયબળે છે. આહાહા! સમજાણું? મારા સ્વરૂપના નિશ્ચયના બળે, શુદ્ધ પરિણતિના બળથી રાગના અભાવરૂપ મારું ચારિત્ર છે. એ ચારિત્ર ત્રિકાળીના બળને લઈને પરથી પાછું હઠી ગયું છે એનું નામ પ્રતિક્રમણ. સમજાય છે કાંઈ? હિન્દી પરમ દિ'થી છે. હિન્દી આવશે ત્યારે. હમણા તો ગુજરાતી. પરમ દિ' જ્યારે ક્લાસ ચાલશે ત્યારે હિન્દી ચાલશે. સમજાય છે કાંઈ?

શ્રોતા : પ્રતિક્રમણ સ્વરૂપ ચારિત્રનું...

પૂજ્ય ગુરુદેવશ્રી : ચારિત્ર. નિશ્ચયચારિત્રના આ બધા ભેદો છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, ભક્તિ.. પછી શું કીધું? સમાધિ. નિશ્ચયચારિત્રના પ્રકારનું વર્ણન છે. એ કહ્યું નહીં કાલ? કાલ કહેવાઈ ગયું. **શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે**. શુદ્ધનિશ્ચયસ્વરૂપ.. અહીં તો વીતરાગી પરિણતિને ચારિત્ર કહેવું છેને એટલે શુદ્ધનિશ્ચય છે. શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો... તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ઓલામાંય પહેલું આવ્યું હતું. આચાર્યોએ શીલને નિશ્ચયચારિત્રને મુક્તિસુંદરીના ..... વ્યવહારને ચારિત્ર કહ્યું, પરંપરા કારણ...

હવે અહીં કહે છે કે નિશ્ચયચારિત્રની વાત કરું છું. આહાહા! આવી વાત પણ પરમાત્માના ઘરની છે. પરમાત્મા પોતે પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ જીવાસ્તિકાય... આ બાજુ શક્કરકંદ યાદ આવી ગયા. શક્કરકંદ હોયને આખો. ઓલામાં તો એમ આવ્યું..... શક્કરિયાનો ભૂકો કરી નાખ્યો. આ શક્કરિયા હોયને એનો ભૂકો–લોટ કરી........ એ નાખે છે

ખરું. ....... મીઠો હોયને જરી, નાખી દે, સોંઘું (પડે). શક્કરકંદ... આહાહા! કહે છે કે આ પરમ-ચારિત્ર નિશ્ચય ચારિત્રનો અધિકાર છે. ઓલા શુદ્ધભાવ જે દ્રવ્ય છે શુદ્ધભાવ ત્રિકાળી, એ અધિકાર ગયો. આ તો શુદ્ધભાવ, એ તો એની પર્યાયની વ્યાખ્યા છે. શેઠ! આહાહા! ગિરધરભાઈ! લ્યો, આ નિશ્ચયચારિત્ર. ...... ચાલો પડિકમણું કરવા. શેનું પડિકમણું?

એક અમારે હતા દયાળભાઈ ગારિયાધારમાં. જૂના માણસ, વૃદ્ધ. આ પ્રહલાદભાઈના મામાના દીકરા, આ નેમચંદભાઈ એના મામાનો દીકરો ગૃહસ્થ માણસ..... એ એમ કહેતા હતા કે આ કાનજીસ્વામીએ તો એવો ધર્મ કાઢ્યો એક.... ગાંધીએ એવો કાઢ્યો કે ઢેઢનું ખાવું ઢેઢ સાથે. આ કહે કે ભૂખ લાગે તો ખાઈ લેવું, અપવાસ કર્યો હોય તોય. એ બિચારા વૃદ્ધ માણસ હતા. શિવલાલભાઈ હતા. પછી તો ... ગયા હતા. .... પડિકમણું કરવા જાય સાંજે. છેને શું કહેવાય? મોટું.... શિવલાલભાઈના મામાના દીકરા. હેમચંદભાઈ, મુંબઈ, ભુપેન્દ્ર ડાઈંગ. એનો બાપ.... મારા બાપથી મોટાભાઈ છેને. ..... સાંભળેલું નહીં એટલે કહે, આ કાનજીસ્વામીનો... સગાવહાલા ખરાને. સગા છે એટલે બહુ ઓલું ન બોલે. પણ કાનજીસ્વામીએ માર્ગ એવો કાઢ્યો છે કે અપવાસ હોય ને ભૂખ લાગે તો ખાઈ લેવું. ગાંધીએ માર્ગ એવો કાઢ્યો કે ઢેઢડી સાથે પરણવું ને ખાવું. ઢેઢડી સમજ્યાને? હરિજન. આહાહા!

અરે! કોણ ખાય? ભાઈ! તને ખબર નથી. તારું સ્વરૂપ તો પૂર્ણાનંદ સહજાનંદની મૂર્તિ છે. આહાહા! એનો આશ્રય લીધો સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં (અને) ચારિત્રમાં એનો ઉગ્ર આશ્રય લીધો. વસ્તુ ભગવાન પૂર્ણ જીવાસ્તિકાય શુદ્ધ આનંદકંદનું ધામ, ધર્મી જીવે સમ્યગ્દર્શનમાં એનો આશ્રય લીધો ત્યારે સમ્યગ્દર્શન થાય, ત્યારે મિથ્યાત્વનો નાશ થાય. આહાહા! એનો આશ્રય લીધો ત્યારે સમ્યગ્જ્ઞાન થાય, ત્યારે અજ્ઞાનનો નાશ થાય. હવે એનો ઉગ્ર આશ્રય લીધો એને પ્રતિક્રમણ નિશ્ચયચારિત્ર થાય, એને અચારિત્રનો નાશ થાય. આહાહા! એ ચીજની ખબર ન મળે અને ઉપરથી માની બેસે કે અમે ધર્મી છીએ ને અમે શ્રાવક છીએ ને અમે સાધુ છીએ. ભાઈ! શ્રાવક-સાધુની દશા તો જુદી ચીજ છે. આહાહા! પરમેશ્વર છે, કહે છે.

સાધુ તો પરમેશ્વરની દશામાં આવ્યા છે. ક્યારે? કે જેણે પોતાનો જીવાસ્તિકાય શુદ્ધ... સમજાણું? 'શુદ્ધ' શબ્દ આગળ જોડ્યો. શુદ્ધ જીવાસ્તિકાય, ત્રિકાળ શુદ્ધ જીવાસ્તિકાય. અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ.. ધામ ધ્રુવ, એનો જેણે આશ્રય લીધો છે ઉગ્રપણે... સાધારણ આશ્રય તો સમ્યગ્દર્શન-જ્ઞાનમાંય હોય છે. આ તો ઉગ્ર આશ્રય લઈને, નારકીની પર્યાયના કારણભૂત મોહ-રાગ-દ્વેષના પરિણામનો અભાવ હોવાથી જેને નિશ્ચયપ્રતિક્રમણની દશા પ્રગટી છે, રાગના પરિણામ જે નારકીના છે એનો હું કર્તા છું એમ નથી. એનો હું કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદન નથી, એનું એ કારણેય નથી. આહાહા! સમજાણું કાંઈ? બાપુ! વીતરાગમાર્ગ એવો સૂક્ષ્મ છે કે જ્યાં શુભપરિણામને પણ સ્થૂળ કહ્યા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય–

ષોડશકારણ ભાવના એને ભગવાને, સ્થૂળ અને પુદ્ગલના પરિણામ છે એમ ભગવાને વર્ણવ્યું છે. આહાહા! સમજાણું કાંઈ? એવા સ્થૂળ પરિણામથી પણ વર્તમાન નિર્મળ પરિણામ સૂક્ષ્મ, એનું કારણ જે મહાજીવાસ્તિકાય એ પરમ સૂક્ષ્મ. સમજાણું કાંઈ? આહાહા!

**શુદ્ધજીવાસ્તિકાયને તેઓ નથી.** પરંતુ નિશ્ચયના બળે મને... એનો અર્થ કે હું ત્રિકાળી આનંદનું ધામ ભગવાન એના આશ્રયે પડ્યો છું, એના બળને લઈને મારી પર્યાયમાં નરકની પર્યાયના કારણરૂપ મોહ-રાગ-દ્વેષ નથી એટલે **નારકીપર્યાય હું નથી.** આહાહા! સમ્યગ્દૃષ્ટિ નરકમાં દેખાય, ભલે એને ચારિત્ર ન હોય, તોપણ અંદર દૃષ્ટિના વિષયમાં જીવાસ્તિકાયને લીધો છે એથી એની પરિણતિમાં, કહે છે કે એ નારકીની પર્યાય ને એના કારણ(રૂપ) પર્યાય મારામાં નથી. આ તો ઉગ્ર ચારિત્રની અપેક્ષા છે. સમજાણું કાંઈ? ભેદ પહેલો થયો ત્યારથી આમ નથી, આ તો અસ્થિરતાના રાગથી પણ ભેદ પાડ્યો છે હવે તો. આહાહા!

એવી ચીજ તારી પ્રભુ મહા અતીન્દ્રિય આનંદ, એવો ચૈતન્યસ્વભાવ, નિત્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, સામાન્ય સ્વભાવ, એકરૂપ સ્વભાવ, એનો અંતર ઉગ્ર આશ્રય–અવલંબન લઈને જે વીતરાગી ચારિત્રની પર્યાય પ્રગટ થઈ એને પ્રતિક્રમણ કેમ કહેવું? કે રાગના પરિણામથી હટી જશે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. સોભાગમલજી! આહાહા! સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનના ધ્યેયમાં એકાગ્રતા એ મોક્ષનો માર્ગ ન્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ?

'તીનોં મોક્ષમગચારિ' નથી કહ્યું છઢાળામાં? છઢાળામાં આવે છે. હા, એ. તીનોં.. 'તીનોં મોક્ષમગચારિ'. એ નહીં. ચોથું, પાંચમું, છઠ્ઠું ત્રણે શિવમગચારી. આવે છેને એમાં. શિવમગચારી. (શ્રોતાઃ ઉત્તમ, મધ્યમ, જઘન્ય..). અંતર આતમજ્ઞાની, તીનોં મોક્ષમગચારી. સમ્યગ્દૃષ્ટિ પણ મોક્ષમાર્ગી, ચોથે ગુણસ્થાને છે. એમ નથી કે ન્યાં.... જેણે પૂર્ણાનંદ જીવાસ્તિકાય (એટલે) આ જીવનું હોવાપણું, પૂર્ણ આનંદ ને જ્ઞાનથી અનંતગુણથી હોવાપણું, અસંખ્યપ્રદેશી ક્ષેત્રથી હોવાપણું, ભાવથી અનંતગુણથી હોવાપણું, કાળથી ત્રિકાળ. આહાહા! (શ્રોતાઃ જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવમગચારી.) હા, એ. છઢાળા (ઢાળ ૩, પદ ૫). એ કીધું છે ભાઈ! છેને ત્રણે શિવમગચારી. મોક્ષમાર્ગમાં છે.

એ શરીરપર્યાયથી તો ભિન્ન અને દયા, દાન ને વ્રતના વિકલ્પથી શુભરાગથી પણ ભિન્ન અને અનંત આનંદ ને અનંત જ્ઞાનના સ્વભાવભાવથી એકત્વ અભિન્ન. અનંત જ્ઞાનનો પુંજ ને અનંત આનંદનો ઢગલો. એવા ગુણથી એકત્વ નામ અભેદ એવી દૃષ્ટિ થતાં એને મોક્ષનો માર્ગ શરૂ થઈ જાય છે. આ વિના લાખ અપવાસ કરે ને પૂજા કરે ને ભક્તિ કરે—એ બધો મોક્ષમાર્ગ નહીં.

શ્રોતાઃ પણ મોક્ષમાર્ગની નજીક તો લાવેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : જરીએ ન લાવે. રાગ છેને, એ તો રાગ છે. આહાહા!

શ્રોતા : આઘો તો ન લઈ જાયને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આઘો લઈ જાય છે. રાગનો વિકલ્પ છે એ તો મોક્ષમાર્ગથી દૂર લઈ ગયો છે. આહાહા! માર્ગ તો આવો ભગવાન! આકરો લાગે, કઠણ લાગે, ... જતાં મહા અંદર કઠણાઈ દેખાય, પણ માર્ગ તો આ છે. ... કેમ આ પકડવું, કેમ આ પકડવું? પહેલું હા તો પાડ. માર્ગની હા તો પાડ. દુનિયા સામું ન જો, દુનિયા તો ગમે તેમ બોલશે. આહા! પરનું શું કામ છે ભાઈ? અહીં રાગના વિકલ્પનુંય કામ નથી જ્યાં. આ લોકો કહેશે...

એ નારકપર્યાયનો કર્તા નથી. આ તો સમુચ્ચય પહેલી વાત કરે છે. પછી કહેશે, એ કર્તા નથી, એનો કરાવનાર નથી, એનું અનુમોદન નથી, એનું કારણ નથી. આહાહા! સમજાણું કાંઈ? એવી મારી શક્તિવાળું તત્ત્વ, બળવાળું તત્ત્વ, તત્ત્વના બળને આશ્રયે જ્યાં પ્રગટેલી દશા.. બળવંત પરમાત્મા પોતે છે એના બળનું શું કહેવું! એવું અનંત-અનંત... વીર્ય છેને? વીર્ય અનંત છે એટલે એ બળ.... અનંત વીર્ય આત્મામાં છે, અનંત-અનંત. કેવળીને જે અનંત વીર્ય પ્રગટ્યું. એથી તો અનંત.. અનંત.. અનંતગુણું વીર્ય પડ્યું છે એવો બળવંત ભગવાન આત્મા બળિયો છે. સમજાણું કાંઈ? બળિયાની બાંય ઝાલી, આહાહા! એ છૂટ્યો, કહે છે. એનું નામ સમ્યગ્દર્શન છે. આ તો કહે, દેવ-ગુરુ-ધર્મને માનો, નવ તત્ત્વને માનો, એ તમારું સમ્યગ્દર્શન છે અને વ્રત પાળો એ ચારિત્ર છે. બેય જૂઠાં છે. કહો, સમજાય છે કાંઈ? આવો જે હું, એમ કીધુંને. હું તો આ છું, હું તો ચારિત્રની વીતરાગી પરિણતિવાળો જીવાસ્તિકાય છું. આહાહા!

હવે, **તિર્યંચપર્યાયને યોગ્ય...** તિર્યંચ હું નથી. **તિર્યંચપર્યાયને યોગ્ય માયામિશ્રિત અશુભ કર્મનો અભાવ હોવાને લીધે...** મારી પર્યાયમાં એનો અભાવ છે, એને લીધે **હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું.** લ્યો, એટલું ત્યાં લીધું. સાથે નાખ્યું હતુંને માયામિશ્રિત અશુભ કર્મ. **હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું**. ન્યાં એ શબ્દ વધારે નાખ્યો. તિર્યંચપર્યાયનું કર્તૃત્વ એનાથી તો હું રહિત જ છું. આહાહા! નિગોદના ભાવ, જે ભાવે નિગોદ થાય તે ભાવના કર્તૃત્વથી તો રહિત છું. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં ચારિત્ર આવું હોય. આહાહા! સમજાણું કાંઈ?

તિર્યંચપર્યાય જે માયામિશ્રિત અશુભકર્મને લીધે... એ કર્મ જ મારામાં નથી, કીધુંને. એને લઈને હું તિર્યંચપર્યાયનો કર્તા જ નથીને. આહાહા! કર્તા તો હું મારી શુદ્ધ ચારિત્રપર્યાયનો છું. શુદ્ધ નિર્મળ વીતરાગીપર્યાય એનો હું કર્તા, ભેદ કરીને કહેવું હોય તો. બાકી તો પરિણમન જ જ્યાં ચાલુ છે, વીતરાગભાવરૂપે દ્રવ્યને આશ્રયે થયેલું ચાલુ જ છે. કરું તો થાય એમ પણ ક્યાં છે? કહો, સમજાણું કાંઈ? સમય-સમયનો અરાગી–વીતરાગી વ્યવહાર પ્રતિક્રમણના વિકલ્પથી રહિતવાળો એવો જે મારો જે ચારિત્રપરિણામ–ભાવ એમાં તિર્યંચપણું છે નહીં. એના કર્તૃત્વ વિહીન છું. તિર્યંચના કારણનું પરિણમન એ મારામાં નથી એમ કહે છે. પરિણમે એ કર્તા

છેને. તિર્યંચના કારણરૂપ ભાવ એનું પરિણમન મારામાં નથી. આહાહા! જુઓ! આનું નામ સમ્યગ્દર્શન સહિત ચારિત્ર. આહાહા!

મનુષ્યપર્યાય... **મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ** જે છે **તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે**... ...... બેય ભેગું નાખ્યું. મનુષ્યના શરીરનું કારણ એવું જે દ્રવ્યકર્મ અને એનું કારણ જે ભાવકર્મ—એનો અભાવ હોવાને લીધે... આહાહા! જે વડે મનુષ્યગતિ મળે એવું દ્રવ્યકર્મ અને જે વડે મનુષ્યગતિનું દ્રવ્યકર્મ બંધાય એવું ભાવકર્મ—એનાથી અભાવ હોવાને લીધે... આહાહા! ક્યારે? અત્યારે, એમ કહે છે. સમજાણું કાંઈ? કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો છે, કહે છે.–એમ કહે છે. મારા ભગવાન સાથે મારો સંબંધ થઈ ગયો છે. સમજાય છે કાંઈ? એ સંબંધ થયો છે એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણતિથી થયો છે. આવું તો પકડાવું કઠણ. શું કહે છે આ? બહારમાં પછી વળી ગયા. આવા ભવમાં ભવના અભાવના સ્વરૂપનું ભાન ન કર્યું, એના ભવ બધા અલેખે છે. સમજાણું કાંઈ?

શ્રોતા : અલેખે મતલબ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગણતરી નહીં, એની કાંઈ કિંમત નથી. કિંમત છે તો ચાર ગતિમાં રખડવાનું છે. ભલે પછી ચક્રવર્તી થયો હોય, અબજોપતિ શેઠિયો થયો હોય, ખમ્મા.. ખમ્મા. જરીના કપડા, રત્નના દાગીના. દાગીના કહેને? જેવર, આભુષણ. ઓહો! અને શુભભાવવાળો ભલે હોય, કહે છે, તોય બધું નિરર્થક છે. એ કાંઈ આત્મા નથી. આત્મા તો, જે ભાવે મનુષ્યપણું મળે એ ભાવથી રહિત છે. આહા! સમજાણું કાંઈ? નિશ્ચય–સાચું ચારિત્ર જેને ભગવાને કીધું... 'ણમો લોએ સવ્વસાહૂણં, ણમો લોએ સવ્વ આયરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં' એવું જે ચારિત્રપદ છે એ આવું હોય છે. સમજાણું કાંઈ?

**મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી.** ભિન્ન-ભિન્ન શબ્દ વાપર્યા છે. વિશેષ ખ્યાલ આવે. મનુષ્ય નામકર્મથી..... મનુષ્યની પર્યાય શુદ્ધ નિશ્ચયથી નથી. ગતિ.. ગતિ હોં, શરીર નહીં. શરીર કાંઈ મનુષ્યગતિ નથી, આ તો જડ છે. મનુષ્યગતિ તો જીવની પર્યાયમાં છે. આ તો જડ છે, આને મનુષ્યગતિ ન કહેવાય. આ તો જડની પર્યાય છે. આહાહા! આ તો મનુષ્યગતિ–જીવની પર્યાય એ મારામાં નથી એમ કહે છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? ઔદયિક-ભાવમાં આવે છેને ચાર ગતિ. ઔદયિકભાવમાં આવે છે. ક્ષયોપશમના ૧૮, ઉદયના કેટલા? ૨૧.

એમ મનુષ્યગતિ મારામાં નથી. ગતિ જ નથી. ઓલામાં માર્ગણામાં આવે છેને, ૧૪ માર્ગણામાં. પહેલી ગતિ. ૧૪ માર્ગણામાં ગતિ છે. પહેલી એ લીધી. પર્યાયદૃષ્ટિથી વાત છે. માર્ગણામાં આવે છેને. અહીં તો કહે, ગતિ-ફતિ મારામાં છે જ નહીં. મનુષ્યગતિથી ચારિત્રનો લાભ થાયને? મનુષ્યગતિમાં જ ચારિત્ર હોય લ્યો. ત્રણમાં હોય? નારકીને, તિર્યંચને, દેવને

હોય? માટે વ્રત ને નિયમ લ્યો, આ ચારિત્ર લ્યો. એ ચારિત્ર નહીં બાપા! ખોખા વ્રત ને નિયમના પરિણામ અજ્ઞાન પાડો ખાઈ જાય છે, ગળી જાય છે. આહાહા! જ્ઞાનરત્ન જ્યાં પ્રગટ્યા, શુદ્ધ જીવાસ્તિકાયને અવલંબે–અંતરના આશ્રયે સમ્યગ્જ્ઞાન ને શાંતિ ને ચારિત્ર, કહે છે કે આ મનુષ્યના પરિણામરૂપી ભાવ એ મને નથી. સમજાણું કાંઈ? શ્રોતા : ઉસમેં તો મનુષ્યપનેકી પ્રશંસા કી હૈ. દુર્લભ મનુષ્યપણું પામીને...

પૂજ્ય ગુરૂદેવશ્રી : દુર્લભનો અર્થ? શા માટે? કે સ્વભાવના ભાવ માટે આ નિમિત્તપણું દુર્લભ છે એમ કહે છે. પણ સ્વભાવનું ભાન કરે તો ને? અનંતકાળે ઘણા મળ્યા, મનુષ્યપણા અનંતવાર મળ્યા છે. આહાહા! ઓલામાં તો બહુ આવ્યું હતું કાલે. સમાધિમરણની ગાથાઓ છેને ૫૫, સમાધિમરણની. ... હા, એ. એમાં આવ્યું હતું, ભવે ભવે મેં તો જિનની પૂજા કરી, ભવે ભવે મને તો સાધર્મીનો જોગ... આવી ગયું કાલ. આત્મધર્મમાં આવી ગયું બધું?

મેં તો ભવે ભવે, હે નાથ! સમવસરણના દર્શન કર્યા. જિનરાજ! તારા દર્શન ભવે ભવે કર્યા, ઘણા ભવે કર્યા, પણ મારું સમાધિમરણ મને ન થયું. ભવે ભવે મેં આ કર્યું, ભવે ભવે.... ભવે ભવે એટલે ઘણા અનંતા ભવ. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, હે નાથ! ભવે ભવે જિનવર પૂજિયો. મેં તો અનંતા ભવ-ભવમાં તને પૂજ્યો, પણ મેં મને ન પૂજ્યો. આહાહા! ભગવાનની પૂજા અનંતવાર સમવસરણમાં જઈને કરી. એ શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા! ઓલામાં એવું આવે છે કે જિનબિંબના દર્શનથી નિધ્ધત, નિકાચિત કર્મનો ભૂકો ઉડી જાય છે. જિનબિંબ તો આ પોતે છે. સામા જિનબિંબ ઉપર લક્ષ આવે એ તો રાગ છે. પરના લક્ષે રાગ થાય છે અંદર. આહાહા!

ધવલમાં આવે છે હોં પહેલા ધવલમાં. વીતરાગના જિનબિંબથી... ભગવાન! એ જિનબિંબ તે આમ જિનબિંબ જોવું છે? સાક્ષાત્ ભવે-ભવે તો સમવસરણમાં દર્શન કર્યા, અનંતવાર તીર્થંકરના દર્શન કર્યા. શાંત મુદ્રા ઉપશમરસે ઢળી ગયેલા, કેવળજ્ઞાનના કંદ, જેનું શરીર પણ જગતના જેટલા (પરમાણુ) શાંતરસે પરિણમવાના હોય એ બધા પરિણમીને એકસાથે ત્યાં (આવી ગયા) હોય. ભક્તામરમાં આવે છેને. ભક્તામરમેં આતા હૈ. શાંતરસ પરમાણુ જેટલા પરિણમવાના.... કેવળજ્ઞાન, પૂર્ણ શાંતિ પ્રગટી, રજકણો જેટલા શાંતના... ત્યાં પરિણમી જાય. શાંત.. આમ ... બિંબ ન થાય. અંદર ઠરી ગયા છેને. બહુ બરફનું વાસણ હોયને. બરફ તો ઠંડો છે, પણ વાસણ ઠંડુ થઈ જાય. વાસણ તો... આ તો વાસણ છેને. આહાહા!

એ અસ્તિ છે, વસ્તુની સ્થિતિ એવી છે. જ્યાં ભગવાન આત્મા પૂર્ણ શાંતરસે પરિણમી ગયો કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ, એના શરીરના રજકણો પણ શાંત.. શાંત.. વસ્તુની સ્થિતિ વર્ણવી છે. એ અતિશયોક્તિ નથી. એ અતિશયોક્તિ નિમિત્તની પણ નથી. આહાહા! આ તો કહે

છે, તને પણ મેં જોયા અનંતવાર, પણ પ્રભુ! મને જોયા વિના શાંતિ નહીં વળી. સમજાણું કાંઈ? જોનારે પરને જોયા, જોનારે જોનારને જોયો નહીં. કહે છે કે મને આ નથી. વળી તું કોણ? તું જીવાસ્તિકાયપણે પરિણમેલી પર્યાય. અત્યારે તો એ લેવું છેને. ઓલામાં 'મને મને' આવે છે ત્યાં તો, હું દ્રવ્ય ત્રિકાળી છું. શુદ્ધ ધ્રુવ તે હું છું એમ પર્યાય કહે. પરિણમનવાળી પર્યાય એમ કહે છેને. પણ ત્યાં ઓલા દ્રવ્યને 'હું' કહે છે. અહીં તો મારી પર્યાયમાં આવું છે એ હું છું. સમજાણું?

મારી પર્યાયમાં ચારિત્ર શાંત.. શાંતરસે પરિણમેલી દશા. આહાહા! ત્રણ કષાયના અભાવની અસ્તિરૂપ શાંતરસનો કંદ પ્રભુ જીવાસ્તિકાય એમાં લીન થઈને ને અહીંથી ખસી જઈને... પ્રતિક્રમણ છેને આ? મનુષ્યપણાનો જે ભાવ છે તે ભાવથી ખસી ગયો છું. મનુષ્ય નથી હું. એ મનુષ્યના પરિણામનો કર્તા નથી, કારયિતા નથી. મનુષ્યપણું હતું તો થયુંને આ? મનુષ્યપણું હતું તો સાંભળવાને મળ્યું. અરે! સાંભળને હવે. હું હતો તો મને આ જ્ઞાન ને દર્શન ને આનંદ થયો. મનુષ્યપણું હતું તો આ થયું એમ છે નહીં. આહાહા! કહે છે કે એ મનુષ્યનો– એના ભાવકર્મનો કર્તા હું નહીં, કારયિતા નહીં. લ્યો, આગળ આવશે.

**'દેવ' એવા નામનો આધાર જે દેવપર્યાય...** જુદી જુદી ભાષા વાપરી. દેવ એવા નામનો આધાર જે દેવપર્યાય થઈ **તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે...** આહાહા! **નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.** દેવપર્યાયનું કારણ એવા ભાવવાળો હું નથી માટે મને દેવપર્યાય નથી. હું તો શુદ્ધ નિશ્ચય શાંતપરિણામ, ચારિત્રના વીતરાગી પરિણામવાળો હોવાથી આવા પરિણામ મારામાં નથી. આહા! અરે! તમે પંચમ આરાના મુનિ તો મરીને સ્વર્ગમાં જવાના. કહે, ના, અમે ક્યાંય જવાના નથી. પંચમ આરાનાને કેવળજ્ઞાન ન હોય, એટલો પુરુષાર્થ નથી. ભલે ન હોય, હું તો મારામાં છું. દેવના કારણના પરિણામ ને દેવપર્યાય એમાં હું નથી. એવો મારે દેવપર્યાય જ નથી. સર્વાર્થસિદ્ધના દેવની પર્યાય પણ મારામાં નથી. આહાહા! એના કારણના ભાવરૂપે હું નથી, એ ભાવરૂપે હું પરિણમતો નથી. હું તો વીતરાગભાવરૂપી ચારિત્ર જે નિર્મળ આનંદકંદ એ રૂપે પરિણમનારો (હોવાથી) મારામાં આ નથી. એનું નામ સાચું પ્રતિક્રમણ અને એનું નામ સાચી ચારિત્રદશા કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૪, રવિવાર, તા. ૧૩-૮-૧૯૭૨**
**ગાથા-૭૭-૮૧, પ્રવચન નં. ૬૮ (હિન્દી)**

યે નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર હૈ. ઉસમેં પરમાર્થ પ્રતિક્રમણકા અધિકાર હૈ. સચ્ચા પ્રતિક્રમણ-નિશ્ચય પ્રતિક્રમણ-સત્યાર્થ પ્રતિક્રમણ કિસકો કહતે હૈં વહ કહતે હૈં. વહ અધિકાર હૈ. યહાં આયા થા દેખો! નિશ્ચયપ્રતિક્રમણકા અર્થ, અપની ચારિત્રદશા... આત્મા જો ત્રિકાલી શુદ્ધ અખંડાનંદ હૈ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ... પહલે તો ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન અનુભવમેં પ્રતીત હોતી હૈ કિ આત્મા પૂર્ણ આનંદ ને શુદ્ધ ધ્રુવ હૈ. પીછે સ્વરૂપમેં ઉગ્રપને, ત્રિકાલી આનંદકંદ પ્રભુ ઉસકા ઉગ્રપને આશ્રય લેકર જો ચારિત્રદશા નામ વીતરાગી પરિણતિ પ્રગટ હોતી હૈ ઉસકો યહાં ચારિત્ર કહતે હૈં. ઉસ ચારિત્રકે પેટાભેદમેં યે પરમાર્થ પ્રતિક્રમણ કહતે હૈં. સૂક્ષ્મ-ઝીણી બાત હૈ થોડી.

મૈં તો ચૌદહ ભેદવાલા માર્ગણાસ્થાન હૂં નહીં એમ કહતે હૈં. આહાહા! ક્યા કહતે હૈં? ધર્મી જીવ, જિસકી દૃષ્ટિમેં પૂર્ણ જ્ઞાયક ધ્રુવ ચૈતન્યસ્વરૂપ આયા હૈ, ઐસી વર્તમાન પરિણતિ જિસકી વીતરાગી હુઈ હૈ વે ઐસે જાનતે હૈં... 'કહતે હૈં' તો શબ્દ હૈ. વે જાનતે હૈં કિ ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન—ગતિ, કાય, યોગ, લેશ્યા ઐસે જો ભેદ હૈં વહ મૈં નહીં. આહાહા! ધન્નાલાલજી! સમ્યગ્દર્શનમેં ભી ચૌદહ માર્ગણાસ્થાનરૂપ ભેદ મૈં નહીં. યહાં તો ચારિત્રકી વિશેષદશા હૈ ઉસકે પેટાભેદમેં પ્રતિક્રમણ હૈ. આહા! ચારિત્ર કિસકો કહતે હૈં ઉસકી જિસે ખબર નહીં. આહાહા! બાહ્ય ત્યાગ લે લે ઔર ઉસમેં કોઈ વિકલ્પ મહાવ્રતકી કલ્પનાકા હો ઉસકો ચારિત્ર માને, દૃષ્ટિ બડી મિથ્યાત્વ હૈ.

શ્રોતા : ... ગૃહસ્થકે ત્યાગકો ત્યાગ કહતે હૈં ન મહારાજ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બાહ્યકા ત્યાગ હૈ હી કહાં? આહાહા! બાહ્યકા ત્યાગ તો ત્રિકાલ હૈ, ઉસમેં વહ ચીજ હૈ નહીં. કિસકા ત્યાગ કરે? યહાં તો, રાગકા મૈં ત્યાગ કરતા હૂં વહ ભી સ્વરૂપમેં નહીં. પરકી તો બાત હૈ હી નહીં. ઉસકી ચીજમેં પરચીજકા તો નાસ્તિભાવ હૈ, પણ અપના પુણ્ય ને પાપકા ભાવ જો વિકલ્પ-રાગ હૈ, ઉસકા મૈં ત્યાગ કરતા હૂં વહ ભી વસ્તુકે સ્વરૂપમેં નહીં. આહાહા! પરમાર્થમેં રાગકા-અશુભ કિ શુભભાવકા ત્યાગ કરતા હૂં ઐસી ચીજ મૈં નહીં. ઉસકા ત્યાગ કરતા હૂં (ઐસા માના) તો ઉસકી દૃષ્ટિ રાગ ઉપર ગઈ ઔર આત્મા ઉસકે ત્યાગકા કર્તા હૈ તો ઉસને રાગકો સ્વભાવમેં ગ્રહણ કિયા થા ઐસા હુઆ. ... સમજમેં આયા?

વિકલ્પ જો મંદરાગ હો (ઔર) ત્રિકાલી ભગવાન સ્વભાવને ઉસકો ગ્રહણ કિયા હો તો ઉસકા ત્યાગ કરના (કહા જાતા હૈ). વહ તો હૈ નહીં. બહુત સૂક્ષ્મ બાત હૈ. સમ્યગ્દર્શન અને

ઉસકા વિષય વહ બાત બહુત લુપ્ત હો ગઈ, જો મૂલ ચીજ હૈ. જો જૈનદર્શનકી અથવા વિશ્વદર્શન... જૈનદર્શન એટલે વિશ્વદર્શન. વિશ્વદર્શન એટલે જૈનદર્શન એમ નહીં.

શ્રોતા : વહ તો વિશ્વદર્શનકી પરિભાષા કી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, ... પરિભાષા. યે તો જૈન એટલે વસ્તુકા સ્વરૂપ. 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યે વચનસે સમજ લે જિનવચનકા મર્મ.' જિન સો હી આત્મા. આત્મા જિનસ્વરૂપ હી હૈ, અકષાયીસ્વભાવી પિંડ હૈ. શુદ્ધ જીવાસ્તિકાય અસંખ્યપ્રદેશી અનંત.. અનંત.. અનંત પવિત્ર શક્તિકા પિંડ વહ આત્મા હૈ. સો તો જિનસ્વરૂપ હુઆ. જિન કોઈ સંપ્રદાય નહીં. વહ તો વસ્તુકા સ્વરૂપ હૈ. ઉસ સ્વરૂપકા આશ્રય લેકર પ્રથમ તો સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસકે સિવા કષાયકી મંદતા કરનેસે કિ શાસ્ત્રકે પઢનેસે સમ્યગ્દર્શન હો, યે બાત હૈ નહીં. ધન્નાલાલજી! આહાહા!

વીતરાગકી વાણીસે ભી સમ્યગ્દર્શન હોતા નહીં. આહાહા! પણ વસ્તુસ્થિતિ... વસ્તુ કોને કહે? વસ્તુ કહતે... યહાં તો બહુત... ભાઈ! જરી અહીં પ્રશ્ન થઈ ગયો છે. બે ગાથામાં 'કારણ' શબ્દ છેને? ટીકામાં નથી લીધે. ભાઈએ પાછો ખુલાસો કર્યો નથી. .... એમ તો પછી 'કારયિતા નથી' એમ પણ કીધું છે. એમ કાંઈ ન ચાલે. એ તો પાછળનું પોતે કહ્યું. ટીકામાં જે કર્તા ...કા વર્ણન કિયા, ઉસીપ્રકાર કારયિતા, અનુમંતા–અનુમોદક સંબંધમેં ભી સમજ લેના. પણ એ તો ખ્યાલ ન આવ્યો હોય કદાચ. બેમાં છે, પણ છતાં બેમાં (કહેતાં) પાંચેયમાં છે. બેમાં છે એમાં.

બાળ-વૃદ્ધમાં છે અને રાગદ્વેષમોહમાં છે. મોહમાં છેને. રાગ-દ્વેષ તો મોહથી જ છે. એમાં તો બધું આવી ગયું. બધામાં છે ખરેખર તો. પાઠ ભલે બેમાં હોય, પદની રચનામાં છે. બધામાં, કર્તા, કારયિતા, અનુમંતા ને કારણ—ચારેય હું નહીં. ભેદ પડતે હૈં જો જીવમેં યે ગતિ આદિ.. ગતિ, કાય, લેશ્યા, જોગ, અરે! ભવ્ય ને અભવ્ય—ઐસે જો ભેદ હૈં યે મેરેમેં નહીં. ઉસકા અર્થ... કહતે હૈં, ત્રિકાલીમેં નહીં, પણ વહ પરિણતિ કહતી હૈ કિ ત્રિકાલીમેં નહીં તો પરિણતિમેં ભી નહીં. એમ કહતે હૈં. સૂક્ષ્મ બાત હૈ. ધન્નાલાલજી!

મૈં યે નહીં, મેરેમેં વહ નહીં. તો 'મેરેમેં નહીં' વહ કૌન કહતા હૈ? ધ્રુવ કહતા હૈ? પર્યાય કહતી હૈ. પર્યાયમેં–શુદ્ધ પરિણતિમેં અનંતગુણકી નિર્મલ પરિણતિ હુઈ તો ઉસમેં જ્ઞાનકી પર્યાય ઐસા કહતી હૈ, ઐસા જાનતી હૈ. જ્ઞાનકી પર્યાય ઐસા જાનતી હૈ કિ ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન મેરેમેં હૈં હી નહીં. આહાહા! પર્યાયદૃષ્ટિવંતકો જાનનેલાયક યે બાત હુઈ, આદરનેલાયક યે બાત નહીં. સમજમેં આયા? (શ્રોતાઃ આ વાતને ફરીને કહો). ફરીને કહીએ, એ કંઈ જવા નહીં દઇએ. એક-એક વાત બે-ત્રણ-ચાર વાર આવશે.

આ તો ઓલું પાનું ૮૮ છેને, ચૌદ ભેદ છે ૮૮મે પાને. નામ એના. ૮૮ પાનું છેને. ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ ને આહાર. આહાહા! સમ્યગ્દૃષ્ટિ કહતા હૈ, મૈં તો શુદ્ધ જીવાસ્તિકાય દ્રવ્ય ત્રિકાળ હૂં, ઐસા જબ ઉગ્ર આશ્રય લિયા, તબ ચારિત્રકી પર્યાય વીતરાગી મોક્ષમાર્ગકા મૂલ કારણ જો હૈ... સમકિતીકો વહ જાનના પડતા હૈ કિ નહીં કિ ચારિત્ર ઉસકો કહતે હૈં? આહાહા! ચારિત્ર, કોઈ વ્રતકા વિકલ્પ મહાવ્રતકા વહ ચારિત્ર નહીં. દેહકી નગ્નદશા વહ ચારિત્ર નહીં. આહાહા!

શ્રોતા : કમંડલ તો હૈ ચારિત્ર?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એય! પીંછી, કમંડળ તો ક્યાંય રહી ગયા, એ જડ છે. વહ તો ચારિત્ર નહીં, પણ પંચમહાવ્રતકા વિકલ્પ જો હોતા હૈ વહ ભી ચારિત્ર નહીં. વહ તો ચારિત્રમેં દોષ ને રાગ હૈ. આહાહા! પંચમહાવ્રતકા પરિણામ વહ તો આસ્રવ, દોષ ને રાગ હૈ. વહ આત્મામેં નહીં. આહાહા!

ઉસકા અર્થ કે મેરેમેં માર્ગણા(સ્થાન) નહીં, ગતિ, કાય, લેશ્યા, જોગ (નહીં). મહાવ્રતકા વિકલ્પ આદિ ઉસમેં આ ગયા. વહ મેરેમેં નહીં, ઐસે કહતી હૈ જ્ઞાનપર્યાય ચારિત્રકી પર્યાયકે સાથ. વહ જ્ઞાન ઐસા જાનતા હૈ. વહ જ્ઞાનપર્યાય ઐસા જાનતી હૈ કિ મેરે જીવાસ્તિકાયમેં–મેરી ધ્રુવ ચીજમેં યે નહીં. ઉસકા અર્થ હુઆ કે વર્તમાન મેરી પરિણતિ જો હૈ ઉસમેં ભી યે નહીં. થોડી સમજનેકી ઝીણી બાત હૈ. ફરીને. ધન્નલાલજી! કષાય .... એમાં બધું આવી ગયું. મહાવ્રતના પરિણામ ને. ચૌદ માર્ગણા(સ્થાન)માં બધું આવી જાયને. કષાય, જ્ઞાનના ભેદો, દર્શનના ભેદો, અરે! ભવ્ય-અભવ્યપણું. મેરી ચીજ જો ત્રિકાલી જ્ઞાયક ધ્રુવ વહી મૈં હૂં—ઐસે સમકિતકી પર્યાય, જ્ઞાનકી પર્યાય માનતી હૈ કિ મૈં યે હૂં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શન પર્યાયકે સાથ સમ્યગ્જ્ઞાનકી પર્યાય જો હૈ વહ ઐસા માનતી ને જાનતી હૈ કિ મૈં તો ત્રિકાલી શુદ્ધ જીવદ્રવ્ય હૂં. મૈં હોં. પર્યાય ઐસે કહતી હૈ કિ મૈં યે હૂં. આહાહા! સમજમેં આયા?

દિગંબર સત્ય પંથ સિવાય આ વાત ક્યાંય બીજે છે નહીં–કહીં હૈ નહીં. ભગવાન પરિપૂર્ણ એક સમયમેં ત્રિકાલી ચીજ, જેને અહીં શુદ્ધ જીવાસ્તિકાય માથે કહ્યું. અસ્તિકાય કહ્યુંને. કેમકે જીવ અસ્તિ તો છે, પણ એની અંદર અસંખ્યપ્રદેશી એક જીવ છે. એ વાત સર્વજ્ઞના શાસનમાં (છે), બીજે ક્યાંય છે જ નહીં. તેથી જીવાસ્તિકાય કહ્યું છે માથે પહેલા ભાગમાં. કાલ વંચાઈ ગયું. શુદ્ધ જીવાસ્તિકાય. અસ્તિ તો છે, પણ કાય છે મારે. અસંખ્યપ્રદેશી એ મારે કાય છે. ઝીણી વાત છે. એવો જે જીવાસ્તિકાય શુદ્ધ એ 'હું' ઐસા પરિણતિ કહતી હૈ, જાનતી હૈ. ધ્રુવ તો સદૃશ હૈ, ઉસમેં ક્યા હૈ? પરિણતિ વર્તમાન... બહોત સૂક્ષ્મ બોલ આ ગયા હૈ. અનંત

કાલમેં ઉસકે ખ્યાલમેં, યે ચીજ ક્યા હૈ (વહ આયી નહીં). ઉસે ખ્યાલમેં લિયે બિના, યે મેરેમેં હૈ નહીં ઐસી જાનનેકી પર્યાય કહાંસે કહેગી? આહાહા! ક્યા કહા?

દ્રવ્ય જો ત્રિકાલી શુદ્ધજીવાસ્તિકાય ભગવાન પૂર્ણાનંદ, ઉસકા લક્ષ કરકે પરિણતિમેં ભાન ન હુઆ, વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં 'યે દ્રવ્ય શુદ્ધ હૈ, ત્રિકાળ હૈ, અભેદ હૈ' ઐસા ભાન હુઆ નહીં તો વહ પર્યાય કૈસે કહે કિ મેરેમેં યે નહીં? મેરેમેં એટલે ત્રિકાલી ધ્રુવમેં. આહાહા! જરી સૂક્ષ્મ છે ભાઈ! અંતર વસ્તુ એવી છે. અત્યારે તો બધી બહારની વાતું, મિથ્યાત્વના પોષણની ચાલે છે. આ કરો ને આ કરો, આ કરો, કર્તા (થાઓ). રાગનો–વિકલ્પનો, પુણ્યનો ભાવ એનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે. મૂળ વાતને સમજવી હોય તો આ છે–યે હૈ. કહતે હૈં કિ મૈં ચૌદ ભેદવાલા... 'ભેદ' શબ્દ છે ને? ચૌદ ગતિ, કષાય, લેશ્યા, જોગ, ભવ્ય-અભવ્ય, અરે! જ્ઞાનની પાંચ પર્યાયનો ભેદ, દર્શનની ચાર પર્યાયનો ભેદ ચક્ષુ, અચક્ષુ, અવધિ આદિ...

ઓહોહો! ઐસે માર્ગણા... **શુદ્ધનિશ્ચયનયસે**... ધ્યાન રાખો. આપણે એક-એક શબ્દમાં ઉતારવું છેને. **શુદ્ધ નિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો**... એમ ભાષા દેખો! ઓહોહો! મૈં તો, પરમભાવ જિસકા સ્વભાવ હૈ યે મૈં હૂં. આહાહા! સમજમેં આયા? પરમભાવસ્વભાવવાલેકો... **શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો**... પરમસ્વભાવભાવ જિસને ગ્રહણ કિયા હૈ, શ્રદ્ધા-જ્ઞાનમેં આયા હૈ, ઉસકે ઉપરાંત પરિણતિમેં, ચારિત્રકા અધિકાર હૈ તો વીતરાગીદશા હુઈ હૈ ઐસે મેરેમેં... મૈં તો મેરેમેં (-પર્યાયમેં) નહીં, ત્રિકાલી મૈં હૂં. આહાહા!

કહતે હૈં દેખો! **પરમભાવસ્વભાવવાલેકો (પરમભાવ જિસકા સ્વભાવ હૈ ઐસે મુજે)**... પર્યાય ઐસે કહતી હૈ કિ પરમસ્વભાવભાવ યે મેરા હૈ. આહાહા! જિનેશ્વરદાસજી! આહાહા! મેરેમેં–મુજે... મુજે એટલે? મુજે અર્થાત્? મેરા પરમસ્વભાવભાવ વહ... પર્યાય ઐસે કહતી હૈ કિ મુજે એટલે આમાં... મૈં પરમસ્વભાવવાલા હૂં ઐસા પર્યાયને જાના હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતાઃ મુજે મતલબ જીવાસ્તિકાય..?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જીવાસ્તિકાય. મુજે (અર્થાત્) મૈં તો યહી હૂં. મૈં યે હૂં, ઉસમેં નહીં, ઉસકા અર્થ કિ મેરી પરિણતિમેં નહીં. આહાહા! કારણ કે ઉસકા સ્વીકાર કરનેવાલી પરિણતિ ઐસે કહતી હૈ કિ યે મૈં નહીં. ઉસમેં (નિર્મલ પર્યાય) મૈં નહીં આ ગયા. શેઠ! સૂક્ષ્મ બાત હૈ. ઐસા સ્વીકાર કરતી હૈ. આહાહા!

વર્તમાન પર્યાય જિસને શુદ્ધ દ્રવ્યસ્વભાવકા જ્ઞાન કિયા, દૃષ્ટિ કી, ... કી, વહ ઐસે જાનતી હૈ કિ મેરેમેં ભેદવાલે જો માર્ગણાસ્થાન હૈં વે શુદ્ધનિશ્ચયનયસે... શુદ્ધનિશ્ચયનયસે તો ત્રિકાલી સ્વભાવ કહા. પરમભાવસ્વભાવવાલેકો... મૈં તો પરમસ્વભાવવાલા હૂં, પર્યાયવાલા ઇતના નહીં, એમ કહતે હૈં. આહાહા! જેઠાભાઈ! પર્યાયવાલા નહીં, સમ્યગ્દર્શન પર્યાયવાલા

ઐસા નહીં કહા. પરમસ્વભાવવાલેકો પર્યાય ઐસે જાનતી હૈ કિ પરમસ્વભાવવાલા વહ મૈં હૂં, પરમસ્વભાવવાલા વહ મૈં હૂં. આહાહા! બાપા! વાત માર્ગ સૂક્ષ્મ હૈ. (શ્રોતાઃ ઉસકો જ્ઞાન જાનતા હૈ.) જ્ઞાન જાનતા હૈ. શ્રદ્ધા કુછ જાનતી નહીં હૈ, શ્રદ્ધા તો અસ્તિ.... હૈ. આહાહા!

યહાં તો દૂસરી બાત કહની હૈ કે મેરી પર્યાયમેં જિતને ભેદ પડતે હૈં વહ શુદ્ધનિશ્ચયકે બલસે મૈં નહીં, ઉસકા મૈં કર્તા નહીં. આહાહા! મૈં કરાનેવાલા નહીં, ઉસકા મૈં અનુમોદન કરતા નહીં ઔર ઉસમેં મેરા કારણ નહીં. ચાર બોલ લિયે હૈં. આહાહા! અરેરે! એવી વાતું ક્યાં એને... એના ઘરની વાતું જાણ્યા વિના બાહ્યમાં કર્યા કરે થોથા.. આ કર્યા ને આ કર્યા, વ્રત પાળ્યા, પૂજા કરી ને ભક્તિ કરી. ભગવાનની ભક્તિ ને ભગવાનનું સ્મરણ ને ભગવાનને માનો. એ તો બધા વિકલ્પ છે, સાંભળને! યે પહલે નંબરકી ધર્મકી બાત હૈ. ધર્મકે પહલે નંબરકી બાત હૈ. ધન્નાલાલજી! હૈ દેખો! ઉસમેં ક્યા હૈ? પહલે ઐસા કબુલ તો કરના પડે ન ઉસકો. આહાહા! યહાં તો બહોત સમા દિયા હૈ ઇસમેં.

મેરેમેં માર્ગણાસ્થાનકા ભેદ મુજે નહીં. ક્યોં? કિસકે બલસે મુજે નહીં? કિ ત્રિકાલી શુદ્ધ નિશ્ચયનયસે પરમસ્વભાવવાલેકો. જિસને નિશ્ચયપરમસ્વભાવકા આશ્રય લિયા હૈ ઔર ઉસકે આશ્રયસે પરિણતિ નિર્મળ પ્રગટ હુઈ હૈ, વહ જ્ઞાન પરિણતિ કહતી હૈ કિ શુદ્ધ નિશ્ચયનયસે મેરેમેં વહ ભાવ હૈ હી નહીં. મેરેમેં–મુજે નહીં. યે પર્યાય કહતી હૈ, મુજે–ત્રિકાલીમેં નહીં. ત્રિકાલીમેં નહીં તો મેરી પર્યાયમેં ભી નહીં, ઉસકા સ્વીકાર કરનેવાલી પર્યાયમેં ભી વહ ભેદ નહીં. આહાહા! આવો માર્ગ વીતરાગનો ભારે સૂક્ષ્મ બાપુ! આહાહા! જેના ફળ અનંત આનંદ ને અનંત શાંતિ મળે, ઉસકા ઉપાય ભી બહોત અલૌકિક હોતા હૈ. સમજમેં આયા?

કહતે હૈં, **ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન શુદ્ધ નિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો (પરમભાવ જિસકા સ્વભાવ હૈ ઐસે મુજે)...** ઐસા લિખા હૈ ન? ... પરમસ્વભાવાલા મૈં તો હૂં. ઓહોહો! સમ્યગ્જ્ઞાનકી પર્યાય—સમ્યગ્દર્શન પર્યાયકે સાથમેં રહનેવાલી પર્યાય—ઐસે કહતી હૈ, ઐસે જાનતી હૈ. 'કહતી હૈ' યે તો શબ્દ હૈ. આહાહા! પરમસ્વભાવવાલે મુજે, ઐસે પર્યાય જાનતી હૈ. આહાહા! મૈં તો પરમભાવસ્વભાવભાવવાલા (હૂં), ઐસે મુજે ભેદ નહીં. ગતિ, કષાય, લેશ્યા આદિકા ભેદ નહીં. ભેદકા મૈં કર્તા નહીં, ભેદકા મૈં કરાનેવાલા નહીં, ભેદકા મૈં અનુમોદક નહીં, ભેદકા મૈં કારણ નહીં. આહાહા! લ્યો, ભાઈ! પહેલું વ્યાખ્યાન આવું આવ્યું. સમજમેં આયા?

બે ગાથામાં ભલે કારણ કહ્યું હોય, (પણ) બધામાં–સબમેં આવ્યું. મૈં.. મુજે.. મુજે અર્થાત્ પરમસ્વભાવવાલેકો. જિસને અંદરમેં સમ્યગ્દર્શનકા વિષય પરમસ્વભાવભાવ ઐસા ગ્રહણ કિયા હૈ, ઐસી પર્યાય જાનતી હૈ કિ મુજે, મૈં પરમસ્વભાવ ગ્રહણ કરનાવાલા મુજે... મેરી પર્યાય મુજે ગ્રહણ કરનેવાલી ઐસા નહીં. આહાહા! સમજમેં આયા? સમજાય એટલું સમજો.

આ તો વીતરાગકી વાણી છે ભાઈ! અત્યારે તો ચાલતી નથીને એટલે લોકોને એમ લાગે, યે ક્યા આયા? ચલતી નહીં ક્યા, તેરી પરિણતિમેં માર્ગ પ્રગટ કર તો ચલતા હી હૈ. આહાહા! એમ કહે, નયા ધર્મ નિકાલા હૈ. ભગવાન કિસકા નિકાલા? દેખો! યે ક્યા હૈ? યે શાસ્ત્રમેં ક્યા પડા હૈ? બાત નયી આયી હૈ વહ તો અચ્છી બાત હૈ. વહ બરાબર હૈ, પણ વસ્તુ તો અનાદિકી હૈ. શાસ્ત્ર ક્યા કહતે હૈં? ક્યા કહતે હૈ? દેખો!

**ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો**... મૈં તો પરમસ્વભાવવાલા હૂં. ઐસે મુજે–શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો યે ભેદ ભી નહીં. યે ભેદ તો નહીં, પણ ભેદકો કરનેવાલા મૈં નહીં. આહાહા! કરાનેવાલા નહીં, ભેદકા અનુમોદક મૈં નહીં, ભેદકા કારણ મૈં નહીં, મૈં તો અભેદ ત્રિકાલી હૂં. જેઠાભાઈ! કહો, આવું આવ્યું હતું તમારે શ્વેતામ્બરમાં ક્યાંય? હૈ નહીં તો કહાંસે આવે? આહાહા! દિગંબર સંતોને બહોત સ્પષ્ટ કર દિયા હૈ. સમજમેં આયા? ઐસી ચીજ હૈ. ...મેં અનુભવમેં લે તો ચીજ હી ઐસી હૈ. આહાહા! બહોત સૂક્ષ્મ બાત હૈ! ..... અધિકાર.

માર્ગણા(સ્થાન)કે ભેદ—જ્ઞાનકી પર્યાયકે પાંચ ભેદ, દર્શનકે ચાર ભેદ ને ભવ્યતા-અભવ્યતાકે ભેદ—યે મેરેમેં શુદ્ધનિશ્ચયનયકે બલસે... શુદ્ધનિશ્ચયનયનું બળ.. પરમસ્વભાવ-ભાવ એ નિશ્ચય છે, વહ નિશ્ચયનય હૈ. પરમસ્વભાવભાવ જો ત્રિકાલ વહી શુદ્ધ નિશ્ચયનય હૈ. નય ને નયકા વિષય (ઐસે) ભેદ અધ્યાત્મમેં (હોતે) નહીં. ઐસે કહા ન દેખો! શુદ્ધનિશ્ચયનયકે બલસે પરમસ્વભાવવાલા મૈં તો હૂં. સમજમેં આયા? ઐસે મુજે... મૈં પરમસ્વભાવવાલા હૂં, મૈં પર્યાયવાલા નહીં ઐસા કહતે હૈં. પંડિતજી! હૈ ઉસમેં? દેખો! પહલા વ્યાખ્યાન આયા, સૂક્ષ્મ આ ગયા. આહાહા! મુજે... મૈં કૌન? મૈં તો પરમસ્વભાવભાવ ત્રિકાલી શુદ્ધનિશ્ચયસ્વભાવવાલા ઐસા મૈં, માર્ગણા(સ્થાન)કે ભેદ મેરેમેં નહીં. મુજે નહીં તો મેરેમેં નહીં, તો મેરી પર્યાયમેં ભી નહીં. આહાહા! ઝીણું છે થોડું. સત્ય આ છે. આહાહા! સમજમેં આયા?

અનંત-અનંત જીવોં સમજકર મુક્તિકો પાયે હૈં. યે ચીજ ઐસી નહીં કિ ન પ્રાપ્ત હો. અપની ચીજ હૈ ઔર પ્રાપ્ત ન હો ઐસે ક્યોં હો? આહાહા! એકવાર હઠ છોડ પ્રભુ! આયા થા ન કલ? કોલાહલ છોડ, હઠ છોડ. તેરી ચીજ તો અંદર અખંડાનંદ પ્રભુ અભેદ પૂર્ણાનંદ પરમસ્વભાવભાવ હૈ. શુદ્ધનિશ્ચયકે બલસે પરમસ્વભાવવાલા મૈં તો હૂં. મૈં પર્યાયવાલા ભી નહીં. આહાહા! ગજબ વાત કરે છેને! પર્યાય ઐસે કહતી હૈ કિ મૈં તો પરમસ્વભાવવાલા હૂં. આહાહા! દિશા બદલ ગઈ ન. પર્યાયદૃષ્ટિમેં ભેદ થા વહ મિથ્યાત્વભાવ થા. ઇતના મૈં હૂં વહ તો મિથ્યાત્વભાવ થા. વહ પર્યાયબુદ્ધિ હૈ, પર્યાયબુદ્ધિ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! જેઠાભાઈ! ઐસે ચૌદહ ભેદવાલા... આહાહા! કેટલું સમાવ્યું છે! આચાર્યને કિતના સમા દિયા હૈ! ઉસકા વિસ્તાર એકેક ગતિ, કાય, લેશ્યા, જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ભવ્ય-અભવ્ય ઉસકા ભેદ

સારા... ધર્મી જીવકી પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરે ત્રિકાલીમેં ભવ્ય-અભવ્ય(પના) નહીં. આહાહા! ઉસકા અર્થ હુઆ કિ મૈં .... હો ગયા. 'મૈં ભવ્ય હૂં' વહ તો પર્યાયમેં હૈ. સમજમેં આયા?

ઐસા જિસકો નિર્ણય હુઆ, ઉસે શંકા નહીં રહતી કિ મૈં ભવિ હૂં કિ અભવિ. ઔર મેરી મુક્તિ કબ હોગી ઐસી શંકા હી નહીં વહાં. મુક્તસ્વરૂપ મૈં હૂં, મુક્તસ્વરૂપ શુદ્ધ મૈં હૂં. પર્યાયમેં મુક્તિ હોગી વહ પ્રશ્ન યહાં નહીં. આહાહા! જુઓ! તો સર્વજ્ઞ... ઐસા આત્મસ્વભાવ... સર્વજ્ઞસ્વભાવી પ્રભુ હૈ. ભગવાન આત્મા અપના સર્વજ્ઞસ્વભાવ રખતા હૈ. ભગવાનની વાત અહીંયા નથી સર્વજ્ઞપર્યાયની. યે તો સર્વજ્ઞસ્વભાવી આત્મા, વહ પરમસ્વભાવવાલા આત્મા. વહ કબૂલ કરનેવાલા કહતા હૈ કિ મૈં પરમસ્વભાવવાલા આત્મા, મુજે વે ભેદ નહીં હૈં. આહાહા! ઉસ ભેદકા કર્તા મૈં નહીં હૂં ઔર કરાનેવાલા મૈં નહીં, અનુમોદનકર્તા મૈં નહીં, ભેદકા મૈં કારણ નહીં. કારણપરમાત્મા યે મૈં હૂં. ભેદકા કારણ મૈં નહીં. આહાહા! સમજમેં આયા? વસ્તુ ગંભીર હૈ, પણ ભાષા તો સાદી આતી હૈ. આતી હૈ ભાષા સાદી. સમજમેં આયા?

અરે! ઐસા ચૈતન્યપ્રભુ... દૂસરા બોલ. (ચૌદહ) ભેદવાલે જીવસ્થાન. બીજો બોલ. પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી ને અસંજ્ઞી, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય (આદિ) જીવના ચૌદ ભેદ છેને. યે ભેદ મુજે નહીં. આહાહા! દૂસરા બોલ હૈ ન ઉસમેં. **ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન તથા ઉતને ભેદવાલે જીવસ્થાન**... ચૌદહ ભેદવાલા જીવસ્થાન. અચ્છા આ ગયા આજ. સમજમેં આયા? જિતને ભેદ માર્ગણા(સ્થાન)કે હૈં ઉતને ભેદ જીવસ્થાનકે હૈં. જીવ-સ્થાન.. જીવસ્થાન. આહાહા! જીવમેં ભેદ પડા કિ યે પર્યાપ્ત હૈ, અપર્યાપ્ત હૈ, સંજ્ઞી હૈ, અસંજ્ઞી હૈ, પંચેન્દ્રિય સંજ્ઞી હૈ, પંચેન્દ્રિય અસંજ્ઞી હૈ, પર્યાપ્ત, અપર્યાપ્ત હૈ. ઉતને ભેદવાલે જીવસ્થાન શુદ્ધનિશ્ચયકે બલસે... ત્રિકાલી જીવસ્વભાવ ધ્રુવસ્વભાવકે બલસે... ઉસ બલકા આશ્રય કિયા તો ઉસ બલસે કહનેમેં આયા. બલ તો અંદરમેં હૈ, પણ યહાં પર્યાયમેં આયે બિના બલ જાના કિસને? સમજમેં આયા? આહાહા!

અનંત-અનંત શુદ્ધનિશ્ચયકા બલ, એમ કહ્યું. કિસને કહા? શુદ્ધનિશ્ચય પર્યાયકે બલસે પરમસ્વભાવભાવ ઐસે મુજે ચૌદહ જીવસ્થાન હૈ નહીં. યે પર્યાય ઐસે કહતી હૈ કિ મુજે યે હૈ નહીં, મેરી પર્યાયમેં હૈ નહીં. આહાહા! આવો ત્રણ લોકનો નાથ ચૈતન્યરત્ન હીરો. આહાહા! ઉસકી જહાં દૃષ્ટિ હુઈ ઔર ઉસકા જ્ઞાન ભી સાથમેં હુઆ, જ્ઞાનમેં વહ ચીજ આયી... વહ ચીજ જ્ઞાનમેં આયી અર્થાત્ ક્યા? જ્ઞાનકી પર્યાયમેં વહ ચીજ આતી હૈ? જ્ઞાનકી પર્યાયમેં 'યહ હૈ' ઐસા જ્ઞાન હોતા હૈ. આહાહા!

યે માર્ગ તો, ઇન્દ્રોં અર્ધલોકકે સ્વામી શક્રેન્દ્ર, ઇશાનેન્દ્ર ને ગણધર–તીર્થંકરના વજીર દિવાન ઉનકે સમીપમેં યે વાણી આતી થી. સમજમેં આયા? વહ વાણી સુનકર કુંદકુંદાચાર્યને

અંતરમેં અભેદ દૃષ્ટિ કરકે... અભેદ ચારિત્ર તો થા, વિશેષ સ્પષ્ટ હુઆ, આકર દુનિયાકે પાસ સંદેશ દિખાતે હૈં. ભગવાનકા યે સંદેશ હૈ. સમજમેં આયા? ઇન્દ્રો–શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર અર્ધલોકકે સ્વામી અંદર બૈઠે હો, ચાર-ચાર જ્ઞાનકે ધરનેવાલે ગણધર–સંતો ઉનકે સમીપ યે બાત હુઈ. સમજમેં આયા? ભગવાન!

શ્રોતા : શું સંદેશ આપ્યો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે સંદેશ દિયા કિ તેરી ચીજમેં ભેદ નહીં. આહાહા! ઐસી તેરી દૃષ્ટિ હોની ચાહિયે. આહાહા! સુજાનમલજી! આની તકરાર કરે સામાવાળા. આવો માર્ગ ભાઈ! તકરાર રહેવા દે પ્રભુ! તેરી ચીજ ઐસી હૈ. યે ભેદસે પ્રાપ્ત હો, વહ કલંક હૈ અભેદકો. રાગકી મંદતાસે ભી આત્માકી પ્રાપ્તિ હો, ક્રિયા શુભરાગ કરતે-કરતે વ્યવહારસે નિશ્ચય (હો)... વ્યવહાર મંદ રાગ હૈ. યે કલંક હૈ, ઐસા આત્મા હૈ નહીં. સમજમેં આયા? આત્મા ઐસા હૈ નહીં. આહાહા! કિસકો? જિસને સ્વીકાર કિયા ઉસકો. સ્વીકાર બિના યહ હૈ, હૈ તો હૈ, પણ જ્ઞાનમેં આયે બિના 'હૈ' ઐસી કબૂલાત કિસને કી? જિનેશ્વરદાસજી! આહાહા! યહ હૈ, 'હૈ' યે જાના કિસને? જાને બિના 'હૈ' કહાંસે આયા? કૌન કહે? યે તો વાણી હૈ. વાણી તો વાણીમેં હૈ.

વાણી તો ઐસે બતાતી હૈ કિ તેરી પર્યાય ઐસી કબૂલાત કરતી હૈ... વાણી ઐસે કહતી હૈ કિ તેરી પર્યાય ઐસી કબૂલાત કરતી હૈ કિ મૈં પરમસ્વભાવવાલા હૂં. યે ભેદસે મુજે પ્રાપ્તિ હો ઐસા મૈં હૂં નહીં. રાગકી મંદતાસે પ્રાપ્ત હો, કષાયકી મંદતા કરતે-કરતે દૃષ્ટિ હો જાય ઐસા મૈં હૂં નહીં. મૈં ઐસા હૂં નહીં, તું કલંક ન લગા. આહાહા! બાત તો ઐસી હૈ. સમજમેં આયા? ઉતને ભેદવાલા જીવસ્થાન મૈં નહીં. અરે! સંજ્ઞીપનેકી પર્યાય પ્રગટ હુઈ, નિશ્ચયનયસે મુજે સંજ્ઞીપના હૈ નહીં. સુનનેમેં મિલા તો કુછ લાભ હુઆ. સુને બિના, સંજ્ઞીપને બિના કહાંસે લાભ હોતા હૈ? અરે! સુન તો સહી પ્રભુ! યે સંજ્ઞીપનેકી પર્યાય–ભેદમેં મૈં નહીં, મેરેમેં યે નહીં. આહાહા! સંજ્ઞીપનેકી પર્યાય મેરેમેં નહીં, પીછે ઉસે સુનનેસે લાભ હુઆ યે પ્રશ્ન હી નહીં હૈ. સુનનેસે લાભ હોતા હી નહીં. આરે, ગજબ વાત છે! નહીં હોતા હૈ. વીતરાગકી વાણીસે લાભ નહીં હોતા હૈ, વાણી ઐસે કહતી હૈ. ગજબ હૈ! સમજમેં આયા?

વાણી તો જડ હૈ, પર હૈ. યહાં તો ભેદકા મૈં કરનેવાલા નહીં, ભેદસે મૈં પ્રાપ્ત નહીં હોતા, તો ફિર વાણીસે પ્રાપ્ત હોઉં ઐસા તો મૈં હૂં નહીં. યહ પરમસત્ય અમૃત હૈ ભગવાનકા. કઠણ લાગે. કઠણ-બઠણ નથી ભાઈ! એ તો પકડાઈ શકે એવી ચીજ છે. એનો સ્વભાવ જ એવો છે. આહાહા! એવા સ્વભાવનો જ્યાં અંદર સ્વીકાર આવ્યો, ખલાસ થઈ ગઈ વાત. સ્વીકારકી પર્યાય ઐસે કહતી હૈ, જાનતી હૈ કિ મૈં પરમસ્વભાવવાલા હૂં ઉસમેં યે ભેદ ભી હૈ નહીં. તો જાનનેવાલે પર્યાય કહતી હૈ કિ મેરી પર્યાયમેં યે ભેદ નહીં. આહાહા! સમજમેં આયા? ઐસા વીતરાગમાર્ગ, સમ્યગ્દર્શનકી શુરૂઆત હોતી હૈ ઐસા માર્ગ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન

વિના બધી વાતું કરે થોથા. ઐસા વ્રત પાલના, ઐસી તપસ્યા કરના, ઐસા કરના. કુછ તો લાભ હોગા ન. ધૂળેય નથી લાભ. સુન તો સહી! (શ્રોતાઃ અભ્યાસ તો કરના પડેગા?) અભ્યાસ ક્યા કરે? કિસકા? યહાં તો કહતે હૈં... દેખો! આયેગા. વહ પીછે ગાથા હૈ ન ૮૨.

ઐસા ભેદ-અભ્યાસ હૈ. દેખો! **एरिसभेदब्भासे...** યે ભેદ-અભ્યાસ હૈ. ઓલો અભ્યાસ નહીં. જ્યાં જુઓ ત્યાં.... **एरिसभेदब्भासे...** મૈં જીવસ્થાનમેં (નહીં), જીવસ્થાન મેરેમેં નહીં—ઐસા અભ્યાસ કર. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા નિમિત્ત છે વાણીમાં. વાણી સ્વતંત્ર છે. વાણીમેં ઇતની તાકાત હૈ–સ્વ-પર કહનેકી શક્તિ ઉસમેં હૈ. જાનનેકી શક્તિ ભગવાન આત્મામેં હૈ. પરમાણુમેં ભી સ્વ-પર કહનેકી સ્વતઃ શક્તિ હૈ. કેવલજ્ઞાન નિમિત્ત હૈ ઇસલિયે ઐસી શક્તિ આયી પરમાણુમેં, ઐસા ભી નહીં. આહાહા! સમજમેં આયા? વાણી–દિવ્યધ્વનિ જો નિકલતી હૈ, ઉસ વાણીમેં સ્વ-પર બતાનેકી શક્તિ હૈ. કેવલજ્ઞાન નિમિત્ત હૈ તો વાણીમેં ઐસી શક્તિ આયી ઐસા હૈ નહીં. આહાહા! વહ તો પરમાણુકી પર્યાય હૈ. ઉસમેં ઇતની તાકાત હૈ સ્વ-પર વાર્તા—અપની–પરમાણુકી પર્યાયકી ભી બાત કરે ઔર દૂસરેકી ભી કરે. જાને બિના કરે ઐસી શક્તિ ઉસમેં હૈ. કોઈ કહે, ઉસમેં કેવલજ્ઞાનકા નિમિત્ત હૈ ઉસકે કારણસે હૈ? બિલકુલ નહીં. અપની ભાષાવર્ગણાકી ઉસ સમયકી પર્યાયમેં હી ઇતની તાકાત અપનેસે હૈ. આહાહા! તો આત્માકે જ્ઞાનસ્વભાવકી પર્યાયકી તાકાતકી તો ક્યા બાત કરના! ઔર ઉસકે ત્રિકાલીસ્વભાવકી બાત ક્યા કરના!

શ્રોતા : મહારાજ! નિમિત્ત....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિમિત્તકા અર્થ.... નિમિત્તકા અર્થ ક્યા? દૂસરી ચીજ હૈ. નિમિત્તસે સંસ્કાર પડતા હૈ ઉસમેં? ભાષામેં પડતા હૈ સંસ્કાર? ભાષા તો છૂતી નહીં, કેવલજ્ઞાનકી પર્યાયકો છૂતી નહીં. આહાહા! (શ્રોતાઃ યે તો એકાંત કથન હો ગયા?) સમ્યક્ એકાંત હી હૈ. આહાહા! સમ્યક્ એકાંત સત્ય હૈ. વહી સત્યકા ચમત્કાર, ઢિંઢેરા હૈ. આહાહા! બહુ સમાવ્યું છે હોં આમાં તો. ૪૨ બોલ કીધા. ૧૪ તો આ. ચૌદના પેટાભેદ કેટલા? આ ગતિ, કાયના ભેદો બધા અને જીવસ્થાનના ૧૪ ભેદ. જીવસ્થાનકે ચૌદહ ભેદ ઉસકા મૈં કર્તા નહીં, કરાનેવાલા નહીં, અનુમોદક નહીં, કારણ નહીં. આહાહા!

વર્તમાન પર્યાય પ્રગટ હુઈ, દ્રવ્યકે આશ્રયસે પ્રગટ હુઈ પર્યાય, ઐસી પર્યાયકા ભણકાર હૈ, વહ પર્યાય ઐસા જાનતી હૈ કિ મેરેમેં જીવકે ભેદ નહીં. કહતી હૈ પર્યાય કિ મૈં યહ હૂં. ઉસમેં નહીં. યહ (ભેદ) હૂં વહ પર્યાયમેં ભી નહીં. સમજમેં આયા? કહો, હીરાભાઈ! આજ આવી ગયું બરાબર ઠીક પહેલું. મકાન બદલાવ્યું ને આવ્યું. વ્યાખ્યાન આ પહેલું છેને આ વખતનું. આહાહા! હિન્દી લોગ આયે સુનનેકો. સહારનપુરસે કહાંસે આયે, બહોત દૂરસે. કલ સમજતે નહીં થે ઐસા ખ્યાલમેં તો થા, પણ કીધું, કલસે હોગા. કલ તક ગુજરાતી ચલતા થા.

કલ તક ગુજરાતી થી, અબ હિન્દી હો ગઈ. બીસ દિન હિન્દી હોગી સુબહ-દોપહર. આજ જિનેશ્વરદાસ આયે ને હિન્દી હો ગઈ. હિન્દી હુઈ, એમ કહ્યુંને. આહાહા!

ગજબ વાત છે. અજબ ચૈતન્યસ્વરૂપ એની આવી વાત તો ગજબ હોયને! ચૈતન્ય-ચમત્કાર ભગવાન... જિસકી પર્યાયમેં યે ચમત્કાર હુઆ, જિસકી પર્યાયમેં ચૈતન્યચમત્કાર દૃષ્ટ-જ્ઞેય હુઆ, વહ નિર્મલ પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં પરમસ્વભાવવાલા હૂં. આહાહા! મેરેમેં જીવકે ચૌદહ ભેદ નહીં. જીવકે ભેદ નહીં. આહાહા! જીવકે ચૌદહ ભેદ, યે જીવકે ભેદ મેરેમેં નહીં. કહેવાય જીવના ચૌદ ભેદ અને જીવમાં નહીં. આહાહા! સમજમેં આયા? ઔર ઉતને હી ગુણસ્થાન... ચૌદ ગુણસ્થાન. ચૌદ માર્ગણા(સ્થાન), ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન. મૈં પરમસ્વભાવભાવ ગ્રહનેવાલા, મેરી મૌજૂદગી પરમસ્વભાવભાવવાલી હૈ. મેરી મૌજુદગીકા સ્વીકાર જિસને કિયા, વહ પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરી મૌજૂદગીમેં ચૌદહ ગુણસ્થાનકે ભાવ હૈં નહીં. આહાહા! જીવના સ્થાન કાઢી નાખ્યા, ગુણસ્થાન નિકાલ દિયા. ગુણસ્થાનકે ભેદ.. ચૌદહવાં ગુણસ્થાનકા ભેદ. મેરા પરમસ્વભાવગ્રાહક શુદ્ધનિશ્ચયકે બલસે, ઉસકા બલ ઐસા હૈ ઐસા મૈંને સ્વીકાર કિયા હૈ. મૈં નામ પર્યાય. આહાહા!

અરેરે! ઐસી મૂલ સ્વરૂપકી સ્થિતિ બિના, ઉપરમેં (-પર્યાયમેં) તો ઉસને (જન્મ-મરણ) અનંતબૈર કિયા હોં, પર જન્મ-મરણકા અંત ન આયા અને જન્મ-મરણકે અંત બિનાકી ક્રિયા વહ કોઈ (પરમાર્થ) વસ્તુ નહીં. આહાહા! ચાહે તો પીછે સ્વર્ગમેં જાઓ શુભભાવસે, કહતે હૈં કિ યે શુભભાવ અને શુભભાવકા ફલ મેરી ચીજમેં નહીં હૈ ન. એ જેઠાભાઈ! આહાહા! એ પ્રકાશચંદજી! લ્યો, હવે આ સ્થાનકવાસીના કબીરના સાધુ થવાના હતા. કબીર હૈ ન પંથ ઉસકા સ્થાનકવાસી સાધુ હોનેવાલા થા. પીછે રુક ગયા. ઓય માળે! યે ચીજ દૂસરી હૈ. યહાંકા આત્મધર્મ દેખા. ભાઈ! યે તો આત્મધર્મકી બાત હૈ. કુલધર્મ, વ્યવહારધર્મ ને અન્યધર્મ...

ભગવાન આત્મા પરમસ્વભાવભાવની મૂર્તિ નિશ્ચયસ્વભાવ, એનું જ્યાં અંતર જ્ઞાન થયું પર્યાયમાં, વહ જ્ઞાનકી પર્યાયકે સાથ વિશેષ ઉગ્ર આશ્રય લિયા તો ચારિત્રપર્યાય હુઈ. (ચારિત્ર) અધિકાર હૈ, નહીં તો સમ્યગ્દર્શનમેં ભી ઐસા હી હૈ. યહાં તો ઉગ્ર આશ્રય લેકર જો ચારિત્ર હુઆ... ચારિત્રકી પર્યાય ઐસે નહીં હુઈ હૈ કિ મંદ રાગકી ક્રિયા હૈ તો ઉસસે ચારિત્રકી પર્યાય ઉત્પન્ન હુઈ હૈ. ચારિત્રકી પર્યાય ઐસે ઉત્પન્ન નહીં હોતી કિ ભેદકે લક્ષસે ઉત્પન્ન હો. આહાહા! ચારિત્રના ભેદ છેને પર્યાયમાં, ઉસકે લક્ષસે ભી ચારિત્રકી પર્યાય ઉત્પન્ન નહીં હોતી. સમજમેં આયા?

ત્રિકાલ શુદ્ધ પરમસ્વભાવવાલા મૈં, એમ કહ્યું. પરમસ્વભાવવાલેકો... પરમભાવ-સ્વભાવવાલેકો... ઓહોહો! એક પર્યાયકે ભાવવાલેકો મિથ્યાત્વ હૈ. પરમભાવસ્વભાવવાલેકો... સમજમેં આયા? ગુણસ્થાનકે ભેદ... શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો... પરમ-

સ્વભાવવાલા વહી મૈં હૂં, વહી મેરી હયાતી હૈ, યે મેરી મૌજૂદગી હૈ, વહી મૈં હૂં, સમજમેં આયા? ઐસા જહાં સ્વીકાર કિયા તો વહ પર્યાય કહતી હૈ કિ ઐસે સ્વભાવસે મુજે (ભેદ) નહીં, મેરેમેં નહીં. આહાહા! ભેદ હૈં ન? વહ તો ઐસે પરમસ્વભાવાલેકા ભાન હોતે હી, ભેદ હૈ ઉસકા જ્ઞાન ઉસમેં આ જાતા હૈ. સ્વ-પરપ્રકાશ જ્ઞાન પ્રગટ હોતા હૈ તો ઉસકા જ્ઞાન હો જાતા હૈ. યહ હૈ ઐસા જ્ઞાન હોતા હૈ, અપના હૈ ઐસા નહીં.

ભેદ કહાં હૈ? ચારિત્રકી પાંચ પર્યાય ભી નહીં. ભેદકી બાત હૈ ન. જ્ઞાનકે પાંચ ભેદ હૈં કેવલજ્ઞાનાદિ, વહ મૈં નહીં. પરમસ્વભાવવાલા મૈં, ઐસે મેરેમેં યે જ્ઞાનકી પર્યાયકે ભેદ કહાં હૈ? અને પ્રગટ હુઈ ચારિત્રકી ને જ્ઞાનકી પર્યાય વહ ઐસે કહતી હૈ કિ યે મેરેમેં નહીં, યે મૈં નહીં. ક્યા કહા? વર્તમાન જ્ઞાનકી પર્યાય જો સ્વદ્રવ્યકે આશ્રયસે પ્રગટ હુઈ, વહ પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરેમેં યે (ત્રિકાલી) હૈ. મેરેમેં મૈં હૂં નહીં. મેરેમેં મૈં નહીં. મેરેમેં તો યે (ત્રિકાલી) હૈ, ઉસમેં મૈં હૂં. આહાહા! અમૃતનો સાગર છેને મહાપ્રભુ. આહાહા! ... સુન તો સહી પ્રભુ! તેરે ઘરકી બાત તો સુન, તુજે બડી નહીં લગેગી. ઘરકી ચીજ હૈ તેરે ઘરમેં. ભજનમેં નહીં આતા? 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભ્રમત ફિરત નામ અનેક ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે.' નિજઘર, પરમસ્વભાવભાવ એ નિજઘર. આહાહા! જેઠાભાઈ! સમજાય એવી વાત છે. ન સમજાય એવી વાત નથી.

ગુરુદેવ કુંદકુંદાચાર્યને સમજાનેકો કહા, તો કિસકો કહા? આત્માકો કહા. રાગકો કહા? આંખકો કહા? તું ઐસા હૈ ઐસા સમજ. આહાહા! સમજમેં આયા? **શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવભાવવાલે ઐસે મુજે નહીં હૈ**. મૈં તો પરમસ્વભાવવાલા (હૂં), મુજે યે નહીં. ચૌદહ ગુણસ્થાનકા કરનેવાલા નહીં, કરાનેવાલા નહીં, અનુમોદક નહીં, કારણ નહીં. ટીકામાં એના 'કારણ'નો અર્થ નથી કર્યો. ઉપરથી નાખ્યો છે. ટીકામાં કર્તા, કરાવનાર, અનુમોદક એટલું છે. કહો, સમજાય છે કાંઈ?

'સમજાય છે કાંઈ'કા અર્થ 'સમજમેં આતા હૈ કુછ' ઐસા સમજના. ગુજરાતી ભાષા આયે ન થોડી. એક બોલ હુઆ. લ્યો એક બોલ હુઆ. સવા દો લીટી હુઈ. એક 'જગત' કહનેમેં સારી દુનિયા આ જાતી હૈ ઉસમેં ઔર મોક્ષમાર્ગ કહનેમેં સારા ધર્મ માર્ગ આ જાતા હૈ. આહાહા! એક સમ્યગ્દર્શન કહનેમેં સારી ચીજ પૂર્ણાનંદકા નાથ આ જાતા હૈ. સમજમેં આયા? અરે! ઘરકી ચીજ તો સુને નહીં, સુનનેકો મિલે નહીં, વહ રુચિ કહાંસે કરે? સમજમેં કહાંસે લે ઔર પરિણમન તો કહાંસે કરે? આહાહા! એક બોલ હુઆ, દૂસરા બોલ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૫, સોમવાર, તા. ૧૪-૮-૧૯૭૨**
**ગાથા-૭૭-૮૧, પ્રવચન નં. ૬૯ (હિન્દી)**

... સચ્ચા પ્રતિક્રમણ કભી હોતા નહીં. યહાં આયા હૈ દેખો! **શુદ્ધનિશ્ચયનયસે**... અપના ત્રિકાળ ધ્રુવ આનંદસ્વરૂપ આત્મા જો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવને કહા, ઐસા શુદ્ધ આનંદઘન જ્ઞાનકા પુંજ પ્રભુ આત્મા, ઉસકી જિસને દૃષ્ટિ કી ઔર દૃષ્ટિમેં ઐસી ચીજ જિસને લી, વહ સમ્યગ્દૃષ્ટિ સચ્ચા પ્રતિક્રમણ કરતા હૈ. ઉસકી વિધિ ક્યા હૈ વહ કહતે હૈં. આહાહા! આવી વાત છે. વહ કહા ન કલ તો. મૈં **શુદ્ધનિશ્ચયસે પરમસ્વભાવભાવવાલેકો**... સમ્યગ્દૃષ્ટિ ધર્મકી શરૂઆત કરનેવાલા ઐસા અપનેકો માનતા હૈ કિ મૈં તો પરમ શુદ્ધસ્વભાવવાલા પરમભાવ ત્રિકાલ ઐસા મૈં હૂં. આહાહા! સૂક્ષ્મ બાત હૈ. કભી અનંત કાલમેં સુની નહીં, કિયા નહીં. બહારકા થોથા કિયા. ઉસમેં સંસારકા અંત આનેકી ચીજ હૈ નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં, પરમસ્વભાવભાવ મેરા ત્રિકાલ... એક સમયકી પર્યાય જો નિર્મલ પ્રગટ હુઈ, ત્રિકાલી દ્રવ્યકા સ્વભાવ ધ્રુવ પરમસ્વભાવભાવ ઉસકે આશ્રયસે જો સમ્યક્-પર્યાય જ્ઞાનકી, શ્રદ્ધાકી હુઈ વહ પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં પરમસ્વભાવવાલેકો... મૈં તો પરમસ્વભાવવાલા હૂં. સમકિતકી પર્યાય હૈ વહ પર્યાય ઐસા જાનતી હૈ... ચૌદ માર્ગણામાં સમકિત આવ્યું છેને. સમકિત કિસકો કહના યે સૂક્ષ્મ બાત હૈ. અંદર અખંડ આનંદ પ્રભુ પૂર્ણાનંદકા ધામ સર્વજ્ઞ તીર્થંકરદેવને કહા, ગણધર, સંતોં, ઇન્દ્રોંકે બીચમેં પરમાત્મા તીર્થંકરકી ધ્વનિ આયી. ભગવાન! 'ભગવાન' કહકર હી બુલાયા હૈ. હૈ ન. વહ ૭૨વીં ગાથામેં આતા હૈ. ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનકા શુદ્ધ ધામ ઐસા ભગવાન આત્મા, અપની વર્તમાન પર્યાય જો હૈ ઉસમેં પરમાત્મા પૂર્ણ હૈ ઉસકી પ્રતીતિ અનુભવ કરકે હુઈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. દેવ-ગુરુ-શાસ્ત્રકો માને ને સમ્યગ્દર્શન હૈ—યે જૂઠ બાત હૈ. સમજમેં આયા?

ભગવાન એક સમયમેં પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય... કહા ન. મૈં તો શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલા હૂં. આહાહા! રાગ-દ્વેષ જો વિકલ્પ ઉઠે દયા-દાનકે વહ મૈં નહીં, શરીર ભી મૈં નહીં, કર્મ નહીં, એક સમયકી પર્યાય ભી કહતી હૈ કિ મૈં વહ નહીં. આહાહા! સમકિતકી–સમ્યગ્દર્શનકી પર્યાય જો સ્વકે આશ્રયસે પ્રગટ હુઈ ઔર ઉસમેં સમ્યગ્જ્ઞાનકી પર્યાય–અવસ્થા હુઈ, વહ પર્યાય ઐસે જાનતી હૈ કિ મૈં શુદ્ધનિશ્ચયનયસે પરમભાવ-સ્વભાવવાલા હૂં. આહાહા! આકરી વાત છે ભાઈ! અત્યારે તો બહુ વિપરીત ચાલે છે. એમાં આ વાત કાને પડવી પણ મુશ્કેલ છે. એય સુમનભાઈ! આ બધા તૃષ્ણાવાળા દુઃખી દેખીએ છીએ હોં. આ પૈસાવાળા હોય છેને ત્રણ કરોડ ને ચાર કરોડ. આ બધા પૈસાવાળા કરોડપતિઓ બધા દુઃખી છે. દુઃખી.. તૃષ્ણા હૈ ન. તૃષ્ણા હૈ વહી દુઃખ હૈ. સુરેશભાઈ!

શ્રોતા : અમારા જેવા માટે કહે છે કે સુખી છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય સુખી નથી, મોટો દુઃખી છે. શાસ્ત્રકાર ઐસે કહતે હૈં કિ જિતની તૃષ્ણા ઉતના દુઃખ. સમજાય છે? સમજમેં આયા? ઇસે દો-તીન-ચાર કરોડ હૈ, યે કરોડપતિ હૈ. બહોત હૈ તો ક્યા, સબ દુઃખી હૈ. ભગવાન ત્રિલોકનાથ તો ઐસે કહતે હૈં કિ અપના સ્વરૂપ જો અંદર હૈ વહ અતીન્દ્રિય આનંદ(મય) હૈ, સુખ અંદરમેં હૈ. સુખકી દૃષ્ટિ છોડકર પરપદાર્થકી તૃષ્ણા કરતા હૈ વહ દુઃખી હૈ. પુનમભાઈ! બરાબર હશે? માનતા હશો અંદરથી? લાખો રૂપિયાની મોટરો ઘરે અને એ.. મોટા... મલૂકચંદભાઈ હૈ ન, ઉસકા પુત્ર હૈ. તીન-ચાર કરોડ રૂપિયા ઉસકે પાસ હૈ, એમ કહતે હૈં લોગ ગાંડા–પાગલ. અંદરમેં આનંદ ને જ્ઞાન સ્વભાવકી લક્ષ્મી છોડકર પરલક્ષ્મી મેરી હૈ ઔર લક્ષ્મીકે કારણસે મુજે સુખ હૈ, મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ, જૈનદર્શનકો માનતા નહીં. એ જયંતિભાઈ! સમજાય છે કાંઈ?

ધર્મી તો ઐસે માનતા હૈ કિ મેરેમેં આનંદ હૈ, મૈં અતીન્દ્રિય આનંદકા પિંડ હૂં. ઓહોહો! મૃગકી નાભિમેં કસ્તૂરી હૈ, મૃગકો કસ્તૂરીકી કિંમત નહીં. મૃગ.. મૃગ.. ઉસકી નાભીમેં કસ્તૂરી હૈ, પણ ઉસકો કસ્તૂરીકી કિંમત નહીં. ઐસે ભગવાન આત્મા અંતર સ્વભાવમેં અતીન્દ્રિય આનંદ–સુખ, શાંતિ પડી હૈ. આહાહા! ઐસી ચીજકી દૃષ્ટિ કરે બિના ઔર રાગ મેરા હૈ, દયા, દાન, વ્રતકા પરિણામ મેરા હૈ, વહ મિથ્યાદૃષ્ટિ પરકી તૃષ્ણા કરનેવાલા હૈ, ચાહે તો લક્ષ્મીવાલા બાહ્યસે તૃષ્ણાદિ કરે કિ અંદર રાગ હૈ વહ મેરા હૈ ઐસી તૃષ્ણા કરે, સબ મિથ્યાદૃષ્ટિ દુઃખી હૈ. આહાહા! નંદલાલજી! કહતે હૈં, અરે! મૈં રાગ નહીં, મૈં પુણ્ય ભી નહીં. અરે! રાગ ને પુણ્યકા બંધન હુઆ, કર્મ ને કર્મકા સંયોગ હુઆ વહ મૈં નહીં, મેરેમેં નહીં. મૈં તો ઇતના હૂં કિ પરમસ્વભાવભાવ યે મેરા હૈ. સમ્યગ્દર્શનકી પર્યાય ઐસે કહતી હૈ કિ પર્યાય જિતની મૈં નહીં. એમ કહતે હૈં. આહાહા!

સમ્યગ્દર્શનમેં ત્રિકાલ જ્ઞાયકભાવ, આનંદભાવકી પ્રતીતિ... ચૌદ માર્ગણા(સ્થાન)મેં સમકિત ભી આયા હૈ. સમકિતકી પર્યાય..., નિર્મલ ત્રિકાલ આનંદસ્વરૂપ ઉસકે અવલંબનસે–આશ્રયસે જો અંતર નિર્વિકલ્પ આનંદની ધારા લેકર સમ્યગ્દર્શન હુઆ, વહ સમ્યગ્દર્શનકી પર્યાયકે સાથ સમ્યગ્જ્ઞાન હુઆ, વહ સમ્યગ્જ્ઞાનકી પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં તો નિશ્ચયસે–યથાર્થસે પરમભાવસ્વભાવ હૂં. વહ લક્ષ્મી તો નહીં, શરીર નહીં, દયા-દાનકા વિકલ્પ–રાગ વહ ભી મૈં નહીં, વહ તો વિકાર હૈ. પણ સમકિતકે સાથકી પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં સમકિતકી પર્યાય જિતના નહીં. આહાહા! અનંતકાલમેં (કભી) વિચાર (કિયા નહીં). આત્માકે સમ્યગ્દર્શન બિના બાહ્યસે સાધુ હુઆ, વ્રતધારી હુઆ, વહ સબ એક બિનાકા શૂન્ય હૈ. ઉસમેં કુછ ભવકે અંતકી ચીજ નહીં. આહાહા! આ ભાષા તો જુઓ! આચાર્ય, મુનિની.

શુદ્ધ નિશ્ચયનયસે... ધર્મીકી પર્યાય ઐસા જાનતી હૈ... જો પર્યાય–અવસ્થા નિર્મલ હુઈ, પુણ્ય ને પાપકે રાગસે રહિત અપને પૂર્ણાનંદ સ્વભાવકી દૃષ્ટિ ખિલી, ઉસકે સાથ સમ્યગ્જ્ઞાન ભી ખિલા, વહ સમ્યગ્જ્ઞાનકી પર્યાય... ધર્મીકો સમ્યગ્જ્ઞાનકી પર્યાય હોતી હૈ. રાગમેં રુચિ હૈ, પુણ્યસે ધર્મ હોતા હૈ, રાગ પુણ્ય કરતે-કરતે, દયા દાન કરતે-કરતે ધર્મ હોગા ઔર દયા-દાનકા ભાવ ધર્મ હૈ વહ (માન્યતા) મિથ્યા દૃષ્ટિ હૈ. સમજમેં આયા? પુણ્યમેં ધર્મ માના હૈ તો અજ્ઞાન હૈ. અપના પરમસ્વભાવ ચીજ ક્યા હૈ ઉસકી ખબર–પતા નહીં. આહાહા! જિનેશ્વરદાસજી!

શ્રોતા : જૈનધર્મમેં તો દયામય ધર્મ બતાયા હૈ ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : દયા, યે દયા હૈ. અપને પરમસ્વભાવભાવકો સ્વીકાર કરના ઔર અલ્પજ્ઞ ને રાગાદિ મૈં નહીં ઉસકા નામ આત્માકે સ્વભાવકી દયા હૈ. પરમસ્વભાવભાવ પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકા અનાદર કરકે, દયા, દાન, વ્રત પરિણામ વહ ધર્મ હૈ, ઉસમેં સુખ હૈ (ઐસી માન્યતા) ઉસકા નામ પરમસ્વભાવકી હિંસા હૈ. ક્યોં? કિ પરમસ્વભાવ-ભાવકી મૌજુદગી જો હૈ ઉસ મૌજુદગીકો તો નકાર દિયા ઉસને, વહી હિંસા હૈ. આહાહા! ઝીણી વાત ભાઈ! વીતરાગમાર્ગ છે આ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ લોકના સ્વામી ઇન્દ્રોની સમક્ષમાં સમવસરણમાં કહે છે. સંતો, ગણધરો, સમ્યગ્જ્ઞાન (સહિત) ચાર જ્ઞાનના ધરનાર ઐસે ગણધર–પ્રભુકે વજીર (ઉનકે બીચમેં) યે બાત પરમાત્મા કહતે થે. વહ બાત–સંદેશ લેકર કુંદકુંદાચાર્ય યહાં આયે. યહાં સ્પષ્ટીકરણ હોતા હૈ ઉસકા. શેઠ! આહાહા! ક્યા કહતે હૈં?

મૈં... સમ્યગ્દર્શનકી પર્યાય જો ત્રિકાલી ધ્રુવસ્વભાવકે આશ્રયસે પ્રગટ હોતી હૈ, ઉસકે સાથ સમ્યગ્જ્ઞાન હુઆ, વહ જ્ઞાનકી પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં તો શુદ્ધનિશ્ચયસે એટલે શુદ્ધ સત્યસે... પરમ મેરા સત્યસ્વભાવ પરમસ્વભાવ (ઐસે) મુજે, ઐસા પરમભાવસ્વભાવપનેસે રાગાદિ ને પર્યાયાદિ મેરેમેં નહીં. આહાહા! ઝીણી વાત છે ભગવાન! આહાહા! એક સમયમેં પરમાત્મા સ્વયં પૂર્ણ આનંદકંદ હૈ, વર્તમાનમેં હોં. ઉસકા જીવન અર્થાત્ ઉસકા ટિકના, ઇતના જીવન હૈ ઉસકા. ઐસે જીવનકો નકાર કરકે, પુણ્યપરિણામસે, શરીરસે મુજે લાભ હોગા, યે માન્યતા ત્રિકાલી મૌજૂદ ચીજકી હિંસા કરતી હૈ. જીવતર ઉસકા પરમસ્વભાવભાવ હૈ ઉસકા નકાર કરતા હૈ. સમજમેં આયા? ઉસકા નામ હિંસા હૈ. દુનિયા કહતી હૈ હિંસા (ઐસી) હિંસાકી વ્યાખ્યા હૈ હી નહીં.

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિસને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં કહા હૈ, શુભ કિ અશુભ રાગકી ઉત્પત્તિ હોના વહ હિંસા હૈ. ચાહે તો પરકી દયાકા ભાવ (હો, વહ) રાગ હૈ, યે હિંસા હૈ. આહાહા! રાડ નાખેને માણસ. બિચારાએ કોઈ દિ' સાંભળ્યું ન હોય. ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવકી આજ્ઞા હૈ–હુકમ હૈ કિ તેરા પરમસ્વભાવભાવ... 'પરમભાવસ્વભાવ' ઐસે લિયા હૈ ન. પરમભાવ, એક સમયકી પર્યાય ભી પરમભાવ નહીં. આહાહા! શું કહે છે એ

સમજમાં નથી આવતું. આહાહા! એક સમયકી સમ્યગ્દર્શન-જ્ઞાનકી ધર્મકી પર્યાય ભી પરમભાવ નહીં. યે તો સાધકજીવ હૈ ન. અપનેમેં રાગકી એકતા માનકર રાગસે લાભ માને તો તો મિથ્યાદૃષ્ટિ હૈ, ઉસકો તો ધર્મ હૈ નહીં. ધર્મકી શુરૂઆત ભી નહીં ઉસકો.

ચાહે તો સાધુ નગ્ન મુનિ હો, જંગલમાં વિચરે. સમજમેં આયા? ઔર પંચમહાવ્રતકા રાગ–વિકલ્પ હો વહ ધર્મ હૈ, ઉસસે મુજે ધર્મ હોગા—ઐસે માનનેવાલા પરમભાવસ્વભાવકા અનાદર કરતા હૈ. ઉસકા નામ 'જીવિયા વવરોવિયા' હૈ. ઐસા ચૈતન્યભાવ પરમસ્વભાવભાવ જીવકા જીવન–આત્માકા જીવન હૈ. ઐસી દૃષ્ટિ ન કરકે, એક સમયકી પર્યાય મૈં હૂં, રાગ મૈં હૂં ઔર પરપદાર્થકી મદદસે મેરેમેં લાભ હોગા—ઐસા મિથ્યાત્વભાવ પરમભાવસ્વભાવકે જીવનકા અનાદર કરકે હિંસા કરતા હૈ. (શ્રોતાઃ ઐસા પહલે દિનકા ઉદ્ઘાટન હુઆ). યે હુઆ. નંદકિશોરજી! ઐસા હૈ. આહાહા! ભગવાન! તેરેમેં દો અંશ હૈં. એક અંશ વર્તમાન પર્યાય નામ અવસ્થાકા અને એક અંશ ત્રિકાલી પરમભાવસ્વભાવ ધ્રુવકા. રાગાદિકી બાત યહાં હૈ નહીં. સમજમેં આયા?

પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિ આદિકા વિકલ્પ તો રાગ હૈ, વહ આત્માકી પર્યાયમેં હૈ નહીં. આહાહા! એ પુનમભાઈ! આ સમજવું પડશે હોં. મારી નાખશે આ બધા પૈસાવાળા કરીકરીને. પૈસાવાળા છો માટે આમ કરો. દાન આપે છે એમ ખોસી દેશે. એય! અહીં તમારું પોકળ કાઢ્યું. એની મા માટે લાખ કાઢ્યા એમાંથી પચાસ હજાર આણે આપ્યા. એક જણાએ બે લાભ લીધો. એ વખતે લાખ કાઢ્યા એનો લાભ લીધો અને એમાંથી પચાસ હજાર આની પાસેથી (લીધા). .... એય જયંતિભાઈ! આ બધા પૈસાવાળા આવું કરે અંદરથી.

કહે છે, આહાહા! પૈસા તો અંદર અનંત જ્ઞાન ને આનંદની લક્ષ્મીકા ભંડાર તેરી ચીજ હૈ. જિસમેંસે (ચાહે જિતના) કેવલજ્ઞાન નિકાલે તો ભી ખૂટતા નહીં. કેવલજ્ઞાનકી પર્યાય અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી નિકાલે તો ભી લક્ષ્મી ખૂટતી નહીં. ઐસા તેરા પરમભાવસ્વભાવ ભંડાર હૈ. ...ભાઈ! સંભળાય છે? થોડું થોડું. કહો, સમજાય છે કાંઈ? આ શબ્દોની વ્યાખ્યા આવે છે. ધર્મી જીવકી દૃષ્ટિમેં રાગ તો હૈ નહીં, પરસંયોગમેં દૃષ્ટિ હૈ નહીં, પણ એક સમયકી પ્રગટ પર્યાયમેં ભી દૃષ્ટિ નહીં. બહુ આકરી વાત ભારે! કહે છે... ભારે વાત નાખી અંદર.

**શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો**... આહાહા! ધર્મકી પર્યાય ઐસા માનતી હૈ કિ મૈં તો પરમભાવસ્વભાવવાલા હૂં. આહાહા! એક સમયકી ધર્મપર્યાય પ્રગટ હુઈ વહ અપરમભાવ હૈ. આવી ભાષા ક્યાંથી લાવે? એ આવશે આગળ, અપરમ ને પરમભાવ. ક્ષાયિકભાવ ભી અપરમભાવ હૈ. સમજમેં આયા? આહાહા! કેવલજ્ઞાનકી પર્યાય ભી અપરમભાવ હૈ. ઐસા માર્ગ હૈ, વીતરાગ સર્વજ્ઞકા હૈ. પરમેશ્વર 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં.'

પણ ક્યા ધર્મ હૈ ઉસકી ખબર નહીં. ગિરધરભાઈ! આહાહા! કહે છે કે શુદ્ધનિશ્ચયનયસે ધર્મી... અપના પરમભાવસ્વભાવ ઉસકે સ્વીકારસે, ઉસકી દૃષ્ટિ વહાં હૈ ઉસ કારણસે, સમ્યગ્દૃષ્ટિ જીવ ચાહે તો ગૃહસ્થાશ્રમમેં હો બાહ્યમેં, પણ ધર્મીકી દૃષ્ટિમેં મૈં ગૃહસ્થાશ્રમમેં ભી નહીં, મૈં ગૃહસ્થાશ્રમ સંબંધી આસક્તિમેં નહીં ઔર વ્રતાદિકા વિકલ્પ ઉસમેં ભી નહીં ઔર વર્તમાન એક સમયકી પર્યાય ઉસમેં ભી મૈં નહીં. સમજમેં આયા? ઇસ એક પંક્તિમેં બહોત ડાલા હૈ.

**શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો**... અહો! નિત્યાનંદ પ્રભુ નિત્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ ઐસે પરમસ્વભાવવાલેકો... મૈં તો ઐસા પરમ નિત્ય સ્વભાવવાલા હૂં. પર્યાયકે સ્વભાવવાલા ભી મૈં નહીં. પર્યાય ઐસે કહતી હૈ. નંદકિશોરજી! આહાહા! સમ્યગ્જ્ઞાનકી વર્તમાન પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં તો પરમભાવસ્વભાવવાલા હૂં. યે પર્યાયવાલા હૂં ઐસા ભી નહીં. આહાહા! ગજબ બાત હૈ ન. જાનતી હૈ પર્યાય. વહ કહતી હૈ કિ મૈં તો પરમસ્વભાવવાલા હૂં. આહા! પરમ સ્વભાવ મેરા ધ્રુવ ચૈતન્યપ્રભુ ભગવાન પૂર્ણાનંદકા નાથ પૂર્ણ પડા હૈ ઐસા વાલા (-ઐસે સહિત) મૈં હૂં. આહાહા! યહાં તો કહે, મૈં પુણ્યવાલા હૂં, મૈં પાપવાલા હૂં, પુણ્ય-પાપકે ફલકે સંયોગવાલા હૂં. વહ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ. જૈન ઉસકો કહાંસે કહે? સમજમેં આયા? આહાહા! ભારે વાત.

**(પરમભાવ જિસકા સ્વભાવ હૈ**... ક્યા કહતે હૈં? ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ઉસકે દો અંશ—નિત્યાનંદકા અને એક સમયકી પર્યાયકા. તો દ્રવ્યકા આશ્રય લેકર જો પર્યાય પ્રગટ હુઈ વહ પર્યાય ઐસા જાનતી હૈ કિ મૈં તો પરમભાવસ્વભાવવાલા હૂં. મુજે–મેરેમેં મૈં (-પર્યાય) નહીં, મેરેમેં મૈં નહીં. કહો, હીરાભાઈ! આવો માર્ગ છે ભગવાન! યે સમ્યગ્દર્શન કોઈ સાધારણ ચીજ નહીં હૈ. આહાહા! અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન, વ્રત ને તપ બધા એકડા વિનાના મીંડા છે. રણમાં પોક જેવી વાત છે. પોક કોઈ સુણે નહીં, પોક બંધ થાય નહીં. રણમેં પોક સમજતે હો? અરણ્યરુદન.. અરણ્યરુદન. જંગલમેં રુદન (કરે), કૌન બંધ કરે ઉસકો? કૌન સુને તેરી બાત? ઐસે ભગવાન આત્મા... આહાહા! પ્રભુ! તેરી ઋદ્ધિ, તેરી સમૃદ્ધિ, તેરી સંપદા, પરમભાવસ્વભાવ યે તેરી ઋદ્ધિ ને સંપદા હૈ. અરે! ઉસકા સ્વીકાર વહ ક્યા ચીજ હૈ. સમજમેં આયા?

ઐસે પરમભાવસ્વભાવકે સન્મુખ હુઆ, સ્વીકાર હુઆ તો વહ પર્યાય કહતી હૈ કિ મૈં તો પરમસ્વભાવવાલા હૂં. સમજમેં આયા? ઉસકા નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હૈ અને ઉસ સ્વરૂપમેં લીનતા હોતી હૈ ઉસકા નામ પરમાર્થપ્રતિક્રમણ હૈ. રાગસે હટકર, નિમિત્તસે હટકર, પર્યાયસે હટકર, પરમસ્વભાવભાવમેં લીન હોના ઉસકા નામ ચારિત્ર હૈ. આ ચારિત્ર (એટલે) બહારના ખોખામાં ચારિત્ર, લૂગડાં ફેરવ્યા ને ચારિત્ર, આ ફેરવ્યા, મહાવ્રત લિયા.

ધૂલમેં ભી (ચારિત્ર) નહીં, સુન તો સહી! વ્રત ને તપ બધા એ તારો અજ્ઞાનરૂપી પાડો ખાઈ જાય છે. ભેંસા.. ભેંસા. અજ્ઞાનરૂપી ભેંસા ખા જાતા હૈ. આહાહા! તુજે ખબર નહીં પ્રભુ!

ઓહોહો! ત્રિકાલ પરમસ્વભાવભાવ ઉસકા આશ્રય લેકર, પરમભાવસ્વભાવભાવ ઉસમેં દૃષ્ટિ લગાકર, દૃષ્ટિ પકડકર ધર્મકી પર્યાય પ્રગટ હુઈ, સારે ધર્મભાવસ્વભાવકો કબ્જેમેં લે લિયા હૈ કિ મૈં ઐસા હૂં. આહાહા! વહ ધર્મી ઐસા જાનતા હૈ. ઉસકો ધર્મી કહતે હૈં. જિસકી પર્યાય ધર્મકી (જાનતી હૈ કિ) મૈં તો પરમસ્વભાવવાલા હૂં. આહાહા! એ નંદકિશોરજી! યે નિયમસાર હૈ, કુંદકુંદાચાર્યકા નિયમસાર. લ્યો, યે બાત તો હો ગઈ. કલ ભી એક ઘંટા આયા થા, આજ ભી આધા ઘંટા હો ગયા.

પરમસ્વભાવ... આહાહા! ભાવમેં ભાસન હોના, પરમભાવસ્વભાવકા ભાવભાસન જ્ઞાનમેં હોના, વર્તમાન જ્ઞાનકી દશામેં પરમભાવસ્વભાવકા ભાન હોના વહ (સત્ય) ચીજ હૈ. ઉસકા નામ સમ્યગ્દર્શન ને ઉસકા નામ ધર્મકી શુરૂઆત હૈ. ઉસમેં લીન હોતા હૈ ઉસકા નામ પરમાર્થ પ્રતિક્રમણ હૈ. કહો, સમજાય છે કાંઈ? પુનમભાઈ! આ તો મૂળ કામ આખો દિ'... ઓલું તો પકડાય નહીં... મારી નાખે ઓલા રૂપિયાવાળાને. આવો શેઠસાહેબ, આવો શેઠસાહેબ. એય! આહાહા! ધૂળેય નથી શેઠ. બેસને હેઠ. આત્મા શેઠ એને કહીએ, પરમભાવસ્વભાવકા સ્વીકાર અંદર કરે ઉસકા નામ શેઠ હૈ. શેઠ એટલે શ્રેષ્ઠ, બાકી બધા હેઠ. પુનમભાઈ! આવી વાતું છે અહીં તો. માખણની વાત અહીં નથી. કહો, સમજાણું કાંઈ? .... એના બાપ અહીં રહેતા હોય, ફલાણો રહેતો હોય, કોઈક દિ' તો ચાલો. લ્યો, સ્વીકારે છે.... આહાહા! બહુ .... નથી એમ કીધું હોં. આ આત્મા... આહાહા!

પ્રભુ! તેરી તુજે ખબર નહીં હોં. એક સમયકી વર્તમાન પ્રગટ દશા કેવલજ્ઞાન ઉતના ભી આત્મા નહીં. લોજીકસે બાત હૈ ન. વકીલ હૈ ન. આહાહા! ભગવાન! તેરી ચીજ કિતની હૈ વહ બાત ચલતી હૈ. પ્રભુ! તેરેમેં કિતના ભાવ હૈ, કિતના માલ હૈ, તેરી સંપદા કિતની હૈ, તેરી સમૃદ્ધિ ઋદ્ધિ કિતની હૈ—વહ બાત ચલતી હૈ. અક્ષય ભંડાર.. આહાહા! જેના ઉપર નજર નાખતા ન્યાલ થઈ જાય, ઐસી ચીજ પરમસ્વભાવભાવ... અનંત-અનંત કેવલજ્ઞાન અને અનંત-અનંત આનંદ ઉસસે ભી અનંત-અનંત સમૃદ્ધિવાલા ભગવાન આત્મા હૈ. સમકિતી ધર્મી જીવ દૃષ્ટિમેં, પરમભાવસ્વભાવવાલા મૈં હૂં ઐસે માનતા હૈ. આહાહા! ગજબ કરતે હૈં આચાર્ય મુનિ! કહો, સમજમેં આયા?

ઉસકે સિવા... કહતે હૈં, મૈં તો પરમસ્વભાવભાવવાલા હૂં, ઉસકે સિવા જિતના રાગ દયા-દાન આદિ હોતા હૈ ઉસ પર્યાયકા મૈં કર્તા નહીં. આહાહા! ભેદકા મૈં કર્તા નહીં, કરાનેવાલા નહીં, ઉસકા મૈં અનુમોદન કરનેવાલા નહીં ઔર વહ ભેદ આદિકા મૈં કારણ નહીં. આહાહા! બહોત બાત સમા દી હૈ! કેવળીની વાણી છે, સર્વજ્ઞની વાણી આ તો છે. કહતે હૈં, પરમભાવ-

સ્વભાવવાલેકો પર્યાય જો ભેદરૂપ હૈ ઉસકા ભી મૈં અનુમોદન કરનેવાલા નહીં, મૈં કર્તા નહીં, મૈં કરાનેવાલા નહીં, મૈં અનુમોદક નહીં ઔર પરમસ્વભાવવાલેકો જો ભેદ પડતે હૈં ઉસકા મૈં કારણ નહીં. જિનેશ્વરદાસજી! કહાંસે આયે? સહારનપુરસે આયે હૈં. સહારનપુર. .... હૈ વહાંસે આયા હૈ. આહાહા! સહારનપુર તો હમ આયે થે એકબાર. આહાહા! કલ સુબહમેં થે કિ નહીં? આજ દૂસરી બાત લેની હૈ. લ્યો, એક બાત હુઈ. કલ ભી એક ઘંટા હુઆ થા. આજ દૂસરી... હૈ. આધા ઘંટા હુઆ.

ધર્મી, જિસકો અપના પૂર્ણાનંદ પૂર્ણભાવસ્વભાવ ઉસકે અનુભવમેં પ્રતીત હુઈ હૈ ઐસા ધર્મી ઐસે જાનતા હૈ કિ **મનુષ્ય ઔર તિર્યંચપર્યાયકી કાયા...** દેવકો તો વૃદ્ધાવસ્થાદિ હોતી નહીં. નારકીકો તો સદા વૃદ્ધાવસ્થા જૈસી (અવસ્થા હૈ). ઉસકી બાત યહાં હૈ નહીં. નરકકે જીવ હૈં ન નીચે. જબ લગ મિથ્યાત્વકા નાશ નહીં કરતા, તબ લગ ઉસકે ફલમેં ચાર ગતિ નરક ને નિગોદ, સ્વર્ગ ને મનુષ્ય (હોગી). યે સબ દુઃખદશા હૈ. ચારોં ગતિ દુઃખમેં ડૂબનેવાલી ગતિ હૈ. આહાહા! યે ચાર ગતિમેં મનુષ્ય ને તિર્યંચ—દો લિયે હૈં. નારકીકા શરીર તો પહલેસે જીર્ણ (હોતા હૈ). નારકીકા શરીર તો પહલેસે જીર્ણ (હોતા હૈ). યહાં બડા-બડા ચક્રવર્તી હો ઔર મરકર નરકમેં જાય. બ્રહ્મદત્ત ચક્રવર્તી, સોળ હજાર જેને ઘરે દેવ ખમ્મા.. ખમ્મા ચામર ઢાળે. એ મરીને સાતમી નરકે રવરવ નરકે પોઢે.

નાશવાન ચીજકો અપની માનકર, અવિનાશી પરમભાવસ્વભાવકો ભૂલકર... આહાહા! નાશવાનમાં બધું આવી ગયું. એક સમયકી પર્યાય નાશવાન ઇતનેમેં.... આહાહા! શરીર નાશવાન, લક્ષ્મી નાશવાન, આબરૂ નાશવાન, અંદર પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ સબ નાશવાન, એક સમયકી પર્યાય ભી નાશવાન. ઐસે નાશવંતકો અપના માનકર, અવિનાશી પરમસ્વભાવભાવકા લક્ષ છોડકર, મિથ્યાત્વભાવમેં ઐસા નરકકા આયુષ્ય બંધ ગયા. બ્રહ્મદત્ત ચક્રવર્તી સોળ હજાર દેવ તો સેવા કરતાં. સોળ હજાર દેવ અને રત્નનો ઢોલીયો. ઢોલીયા સમજતે હો? ખાટલા–પલંગ. રત્નકે પલંગ (પર) સોતે થે. સોળ હજાર દેવ. નાશવાન ચીજ... આંખ્યું મીંચાય... સાતમી નરકે અત્યારે છે. સાતમી નરકે–રવરવ નરકે અપરિઠાણે. ઓહોહો!

પહેલે ક્ષણે હીરાના પલંગમાં સૂતો હતો, બીજે ક્ષણે સાતમી નરકે પોઢે. ઇસકો તો થોડે વર્ષ હુએ હૈં. અભી તો અસંખ્ય.. અસંખ્ય.. અસંખ્ય અબજ વર્ષ રહેગા. સમજમેં આયા? યહાં તો સાતસો વર્ષકા આયુષ્ય થા. એક-એક સમયમેં... એક એક મિનિટકા દુઃખ... એક ફેરી ગણ્યું હતું કાંઈક. શ્વાસોચ્છ્વાસ એવું કાંઈ ગણ્યું હતું ખરું. એક શ્વાસમાં, ચક્રવર્તીનું કલ્પનાનું સુખ માનેલું એના એક શ્વાસમાં કેટલા પલ્યોપમનું દુઃખ. સાતમી નરકે. આહાહા! અરે! તેરી ચીજ ક્યા હૈ? તેરી સંપદા ઇતની હૈ કિ જિસે સર્વજ્ઞસ્વભાવ ભી પૂર્ણ કહ સકે નહીં. એક ન્યાયે. સમજમેં આયા? આહાહા! ઐસા સર્વજ્ઞસ્વભાવી ભગવાન ઉસકી દૃષ્ટિ છોડકર, લક્ષ્મી આદિ,

રાગાદિકી તૃષ્ણા ઔર અંદર પુણ્ય-પાપકે ભાવકી તૃષ્ણા (કરના) મિથ્યાત્વભાવ હૈ. મિથ્યાત્વ-ભાવમેં તો અનંત નરક-નિગોદકે ભવ કરનેકી શક્તિ હૈ. આહાહા! સમજમેં આયા?

એ સાતમી નરકમાં અત્યારે છે. વેદના એ ભોગવે ને ભગવાન જાણે. ઐસે ભવ તો હરેક પ્રાણીને અનંત કિયે હૈં. ભૂતકાલમેં–ગયે કાલમેં રુલતે-રુલતે અનંત ભવ કિયે. અરે! અપની દયા અપનેકો નહીં, આહાહા! ઔર પરકી દયા પાલનેકો નિકલ ગયા. પરકી દયા પાલ સકતા નહીં. ઉસકા આયુષ્ય હો તો બચે, ન આયુષ્ય હો તો ન બચે. તેરે પરિણામસે બચતા હૈ વહ? ઐસા પરિણામ અને પરિણામકે (આશ્રયરૂપ) ચીજ ઉસમેં દૃષ્ટિ હોનેસે પરમભાવ-સ્વભાવકા અનાદર કરકે નરકમેં ગયા. કોઈ વહાંસે નિકલકર સ્વર્ગમેં ગયા. સબ ચાર ગતિમેં દુઃખી હૈં. સમજમેં આયા? યહાં કહતે હૈં... મનુષ્ય ને તિર્યંચ પર્યાય દો લી હૈ.

**મનુષ્ય ઔર તિર્યંચપર્યાયકી કાયા**... એનું શરીર–એની કાયા. અનંત રજકણનો સમુહ છેને આ માટી. **કાયાકે, વયકૃત...** આ દેહ માટી. ઉસકી વયકૃત અવસ્થા હોતી હૈ. બાળ, યુવાન, વૃદ્ધ. આહાહા! સમજમેં આયા? યે આત્મકૃત નહીં. યે શરીરકી અવસ્થા મૈં રખું. બિલકુલ રખ શકતા નહીં. યે તો જડ હૈ, માટી હૈ. વયકૃત... મનુષ્ય અને તિર્યંચકી પર્યાયકા શરીર–કાયા ઉસમેં વયકૃત અવસ્થા હોતી હૈ. ક્યા અવસ્થા હોતી હૈ? દેખો! **વયકૃત વિકારસે (પરિવર્તનસે) ઉત્પન્ન હોનેવાલે બાલ...** શરીરની બાળ અવસ્થા એ વયકૃત અવસ્થા છે. આત્માસે કિયા હુઆ નહીં. જડકી બાલ અવસ્થા. **યુવા**વસ્થા–યુવાન અવસ્થા ઔર **સ્થવિર-વૃદ્ધાવસ્થાદિ...** ઉસમેં નિરોગ, સરોગ આદિ અવસ્થાઓં અનેક હોતી હૈં. ક્યા? પીછે (આયેગા), અભી આયા નહીં ન.

**યુવા, સ્થવિર–વૃદ્ધાવસ્થાદિરૂપ અનેક સ્થૂલ-કૃશ...** શરીર જાડા હો. જાડા ક્યા કહતે હૈં? મોટા. પતલા હો. યે સબ વયકૃત અવસ્થા આત્માસે બની નહીં. આહાહા! આત્મા ધ્યાન રખે તો યુવાનવસ્થા રહે અને ધ્યાન ન રખે તો વૃદ્ધાવસ્થા હો જાયે—ઐસા હૈ નહીં. આહાહા! સમજમેં આયા? વહ તો શરીરકી વયકૃત અવસ્થા હૈ. ઐસી-ઐસી અવસ્થા... વય હોતી હૈ ઐસી અવસ્થા ઉસકી હોતી હૈ. પરમાણુકી પર્યાય.., બાલપના, યુવાનપના, વૃદ્ધપના યે શરીરકી દશા હૈ, આત્માકી નહીં. આહાહા! સમજમેં આયા? શરીર અચ્છા–સારા હો તો મૈં ધર્મ કર સકતા હૂં. ધૂલમેં તેરી ચીજ હૈ નહીં. આહાહા! યુવાન શરીર હોય તો ધર્મ હો સકે, વૃદ્ધાવસ્થા હો તો ન હો સકે. જૂઠ બાત હૈ, એમ કહતે હૈં. વહ તો વયકૃત અવસ્થા દેહકી હૈ. આહાહા!

શરીરની પર્યાય–આ કાયા.. એની કાયા અનંત રજકણની બનેલી. એમાં વયકૃત અવસ્થા(રૂપ) પરિવર્તન ઉસમેં હોતા હૈ વહ સબ જડકી અવસ્થા હૈ. આત્માસે હોતી નહીં. આહાહા! વૃદ્ધાવસ્થારૂપ અનેક સ્થૂળ.. સ્થૂળ નામ બડા હોના. જાડા (-મોટા) હોતા હૈ કિ નહીં? બાર-બાર મણકા મનુષ્ય હોતા હૈ. દરબાર હૈ ધ્રોલકા દરબાર. ધ્રોલ હૈ. મોટા, લંબા. છ હાથનો તો લાંબો છે. એક વખત વ્યાખ્યાનમાં આવ્યા હતા ઘણા વર્ષ પહેલા. ૯૧ની વાત છે. એના

બાપ ને બેય હતા, ત્યાં ધ્રોલ. સ્થૂલ શરીર હો કિ કૃશ હો, યે તો શરીરકી અવસ્થા હૈ. શ્રીમદ્‌માં આવે છેને. 'પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ, દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ.' 'પરમ બુદ્ધિ કૃશ દેહમાં..' કૃશ દેહ પાતળું-ઝીર્ણ હો ઔર બુદ્ધિ બહોત હો અંદરમેં. તત્ત્વ ભિન્ન હૈ. કૃશ દેહ હો તો જ્ઞાન ભી ઝીર્ણ હો જાના ચાહિયે, જો એક ચીજ હો તો. સમજમેં આયા?

'પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ..' મોટું શરીર હોય ગધેડા જેવડું અને બુદ્ધિમાં ભાન ન મળે કાંઈ. બુદ્ધિ બારદાન હોય. બારદાન સમજે? કોથળા ખાલી. બુદ્ધિમાં ખાલી કોથળા. શરીર હોય મોટું લઠ્ઠ જેવું. સમજાય છે કાંઈ? આહાહા! 'દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ.' બાપુ! દેહ ને આત્મા બે તદ્દન ભિન્ન છે. દેહની અવસ્થા યુવાન, બાળ, વૃદ્ધાવસ્થા થાય, કહતે હૈં, યે **ભેદ શુદ્ધનિશ્ચયનયકે અભિપ્રાયસે મેરે નહીં હૈં**. આહાહા! અંતર ધર્મદશા પ્રગટ હુઈ, વહ ઐસે કહતા હૈ કિ શરીરકી ચાહે સો દશા હો, વહ મેરેમેં નહીં. રોગ આયા દેહમેં, પણ મેરેમેં નહીં. યુવાની હુઈ, પણ મેરેમેં નહીં. વૃદ્ધાવસ્થા હુઈ, પણ મેરેમેં નહીં. આહાહા!

**વિવિધ ભેદ શુદ્ધ-નિશ્ચયનયકે અભિપ્રાયસે મેરે નહીં હૈં.** દેખો! અભિપ્રાય દિખાયા. આહાહા! અંતરમેં દૃષ્ટિ ભગવાન પરમસ્વભાવકો જહાં (સ્વ) માનતી હૈ તો, કહતે હૈં કિ અભિપ્રાયસે યુવાન-બાલ-વૃદ્ધાવસ્થા સ્થૂલ-કૃશ મેરેમેં નહીં, મેરે અસ્તિત્વમેં નહીં, મેરી મૌજૂદગીમેં યે અવસ્થા નહીં. આહાહા! એ શબ્દે નહીં પાર આવે હોં. મેરી મૌજૂદગીમેં—મૈં જહાં જૈસે હૂં ઉસમેં—શરીરકી ચાહે સો બાલ અવસ્થા, યુવાન, વૃદ્ધ હો, રોગાદિકી અનેક અવસ્થા હો વહ મેરેમેં નહીં.

શ્રોતાઃ મેરેમેં નહીં વહ બાત ઠીક, પણ મેરી મૌજૂદગીમેં નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : 'મેરેમેં નહીં' ઉસકા અર્થ ક્યા હુઆ? મેરી મૌજૂદગી તો પરમસ્વભાવભાવ હૈ. ઉસમેં પર્યાય નહીં, પર્યાય મૌજૂદગીમેં નહીં તો યે તો કહાંસે આયા? યે તો માટી-ધૂલ હૈ. આહાહા!

'શરીરાદ્યં ખલુ ધર્મ સાધનં.' શરીર નિરોગ હો તો મન ઠીક રહે (એમ) વૈદો કહે બહુ. ધૂળેય નથી, સુન તો સહી! વૈદ્યો બહુ કહે, શરીર અચ્છા રહે, મનની સ્ફૂર્તિ રહે, મનની સ્ફૂર્તિ રહે તો ધર્મ હો સકે. ધૂલમેં નહીં. આ ગપ મારે છે. સમજમેં આયા? વહ તો શરીરકી વયકૃત અવસ્થાયેં હૈં. પરિવર્તન હૈ, બદલતી હૈ વહ ઉસકી અવસ્થા બદલતી હૈ. ધ્યાન ન રાખ્યું ખાવા-પીવાનું તો અવસ્થા બદલ ગઈ—ઐસા હૈ નહીં. કહતે હૈં ન, બહુત તેલ લગાયા તો બાલ કાલે હો ગયે. એમ કહે છે, આપણને ક્યાં ખબર છે? ન ચોપડ્યું તો ધોળા વાળ થઈ જાય છે. ધૂલમેં ભી નહીં હોતા, સુન તો સહી! વહ તો વયકૃત અવસ્થા હૈ, પરસે હોતી નહીં, તેરેસે હોતી નહીં.

વહ તો ઠીક, પણ ઇસમેં કહતે હૈં કિ અવસ્થાકા મૈં કર્તા નહીં. શરીર ઐસે ચલે ઉસકા મૈં કર્તા નહીં, વહ જડકી અવસ્થા હૈ ઉસકા મૈં કરાનેવાલા નહીં. આહાહા! જડકી ક્રિયા હૈ.

વયકૃત પરિવર્તન દેહમેં હોતે હૈં ઉસકા મૈં કર્તા નહીં, મૈં કરાનેવાલા નહીં, મૈં અનુમોદક નહીં ઔર વહ વયકૃત અવસ્થાકા મૈં કારણ નહીં. મૈં કારણ નહીં. આહાહા! યે બાત હૈ. પાઠમેં હૈ. શ્લોકમેં ડાલા હૈ. કારણ નહીં. શરીરકી ઐસી અવસ્થા હો ઉસમેં મેરા કુછ કારણ નહીં. મૈં તો જ્ઞાન, દર્શન, આનંદ ઐસા સ્વભાવવાલા હૂં, મેરેમેં વયકૃત અવસ્થા તો નહીં, પણ કર્તા, કરાનેવાલા, અનુમોદક, કારણ ભી મૈં નહીં. પથ્ય આહાર કરે, ઐસા ધ્યાન રાખે તો શરીર ઠીક રહે. સબ જૂઠ બાત હૈ. એ મલૂકચંદભાઈ! કેમ હશે આ? આ હાથ.... બરાબર ખોરાકમાં ધ્યાન રાખવું, ફલાણું ધ્યાન રાખવું. ધૂળેય ધ્યાન રાખે નહીં. સુન તો સહી! શરીરકી અવસ્થા જો સમયમેં જો હોનેવાલી હૈ વહ તો હોગી, હોગી ને હોગી. ઉસમેં તેરા કારણ કુછ હૈ નહીં.

શરીરસે ધર્મ હોગા, પ્રાણીની દયા પળે, આંખ સારી હોય તો દયા પળે, કાન સારા હોય તો સાંભળવા મળે. સબ જૂઠ બાત હૈ. (શ્રોતાઃ નિશ્ચયસે નહીં, વ્યવહારસે કહા હૈ.) વ્યવહારકા અર્થ ક્યા? અપ્રતિક્રમણ. આહાહા! ધર્મી ઐસે જાનતા ને માનતા હૈ કિ મેરા પરમસ્વભાવવાલા તો મૈં હૂં. ઉસમેં વહ ચીજ તો નહીં. પણ પરમસ્વભાવવાલા મેરેમેં, દેહકી કોઈ અવસ્થા બનો ઉસકા કર્તા નહીં, ઉસકા કરાવનેવાલા, અનુમોદક નહીં, કારણ નહીં. આહાહા! અવસ્થા ઐસી, બરાબર ધ્યાન ન રખા તો ઐસી અવસ્થા હો ગઈ, જીર્ણ હો ગઈ. સમજમેં આયા? રોગ હો ગયા. બાપુ! યે અવસ્થા શરીરકી હૈ વહ (હોનેવાલી) હોગી. પ્રભુ! તેરે ધ્યાનસે હો ઔર અધ્યાનસે ન હો ઐસા હૈ નહીં. આહાહા! અરે! મિથ્યાશ્રદ્ધા હૈ, મિથ્યા દૃષ્ટિ હૈ. મેરેસે શરીર રહતા હૈ નહીં. મૈં શરીરકો બરાબર પાલન કર સકતા હૂં. સમજમેં આયા?

એક આદમી થા વૃદ્ધ. બહોત વર્ષકી બાત હૈ, ૭૧કી સાલ. વૃદ્ધ હુઆ તો ચલતા થા ઐસે પગ ધીરે-ધીરે.... રોગ તો હૈ નહીં શરીરમેં. વાત ભી નહી, કફ ભી નહીં તો ઐસે ક્યોં ચલતા હૈ? તો કોઈએ પૂછ્યું એને. કે આમ કેમ ચાલે છે? તો કહે કે ધીમેથી ચાલતા, શ્વાસ બહુ ન (વધે) તો આયુષ્ય વધી જાય ને નિરોગતા રહે. સબ જૂઠ હૈ. સમજમેં આયા? એક આદમી થા, ઠીક થા. અવસ્થા થી ૭૦-૭૫ વર્ષકી, પણ શરીર અચ્છા થા. ધીમે ધીમે ચાલે. ...... કિસીને પૂછા કિ ઐસે ક્યોં ચલતે હો ભૈયા? ધીરે-ધીરે ચલનેસે શ્વાસ બહુત કમ ચલતે હૈં, શરીરમેં નિરોગતા (હોકર) આયુષ્ય બઢ જાતા હૈ. સબ જૂઠ હૈ. આહાહા! અજ્ઞાની મિથ્યાદૃષ્ટિકી માન્યતા ઐસી હૈ. સમજમેં આયા? જૈન પરમેશ્વરકી પદાર્થ વ્યવસ્થા ઉસકી દૃષ્ટિમેં હૈ નહીં.

કહતે હૈં, મેરે અભિપ્રાયસે મેરે નહીં, **શુદ્ધ નિશ્ચયકે અભિપ્રાસે મેરે નહીં હૈં**. આહાહા! પીછે. મેરી **સત્તા**... અંદર ચૈતન્યસત્તા હોવાપણું ત્રિકાલ.. ત્રિકાલ.. ત્રિકાલ ચૈતન્યસત્તા. ઔર **અવબોધ**–જ્ઞાન ઔર **પરમચૈતન્ય...** બે ભેગાં મૂક્યા છે. જ્ઞાન ને દર્શન(રૂપ) પરમચૈતન્ય મેરા સ્વભાવ. ત્રિકાલ મૈં ઐસા હૂં. પરમચૈતન્ય, સત્તા ને અવબોધ **ઔર સુખકી અનુભૂતિમેં લીન**. આહાહા! ક્યા કહતે હૈં? મેરા સ્વભાવ તો આનંદમેં લીન હૈ, ધ્રુવસ્વભાવ હોં. આહાહા! મેરા

સ્વભાવ તો અતીન્દ્રિય આનંદરૂપ સ્વભાવ સુખકી અનુભૂતિ, સુખકા વેદનેવાલા હૂં. આહાહા! યે ત્રિકાલ ઐસા હૈ. મૈં તો મેરે આનંદસ્વભાવકી અનુભૂતિમેં લીન ધ્રુવ આત્મા હૂં. પર્યાયકી બાત નહીં. આહાહા! ક્યા કહતે હૈં?

ભગવાન આત્મા સત્તા–હોવાપણું ઔર અવબોધ–જ્ઞાન ત્રિકાલ ઔર ચૈતન્યમૂર્તિ પરમચૈતન્ય જ્ઞાન ને દર્શનરૂપ ઐસા પૂરા સ્વભાવ આખા–પૂર્ણ **ઔર સુખકી અનુભૂતિમેં લીન...** અતીન્દ્રિય આનંદમેં લીન મેરી ચીજ અંદર હૈ. ધર્મી સમ્યગ્દૃષ્ટિ ઐસે જાનતા, માનતા હૈ. અજ્ઞાનીકો ઉસકા પતા હૈ નહીં. આહાહા! સમજમેં આયા? હૈ ન? પ્રાણ કહા. યે મેરા પ્રાણ હૈ. મેરા ત્રિકાલી હોનાપના વહ મેરા પ્રાણ હૈ. ઉસ પ્રાણસે મેરા જીવન હૈ. દુનિયા કહતી હૈ ન કિ જીને દો, ભગવાનકી વાણી (કહે છે) જીવો ને જીવવા દો. સબ જૂઠ હૈ. યે તો અંગ્રેજકી બાત હૈ. રામજીભાઈ કહેતા હતા. આપણે કાંઈ સાંભળ્યું નથી. ઘણે ઠેકાણે એ નાખી દીધું છે.

યહાં તો યે જીવન અપના હૈ. અપની સત્તા ત્રિકાલ ધ્રુવ, આત્માકી અનાદિ-અનંત જો ધ્રુવ સત્તા હૈ. એક સમયકી પર્યાયકી (સત્તા) નહીં. અવબોધ–ત્રિકાલજ્ઞાન. એ તો હોવાપણું, પણ હોવાપણું શું? જ્ઞાન ત્રિકાલ હોનેરૂપ. અકેલા જ્ઞાન હૈ? ના, દર્શન ને જ્ઞાન પરમચૈતન્યકે સાથમેં હૈ. અકેલા હૈ ઇતના? ના, વહ તો અંદર આનંદમેં લીન હૈ ઐસા સાથમેં હૈ. સમજમેં આયા? ઐસા મેરા આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદમેં લીન હૈ મેરી ચીજ. આહાહા! ભગવાન સર્વજ્ઞદેવ એમ કહતે થે.

ધર્મીને ઐસા સ્વીકાર કિયા, ઓહો! મેરી ચીજ તો આનંદકી લીનતામેં પડી હૈ. સમજમેં આયા? આનંદસે ભરપૂર પડા હૈ, યૂં. અતીન્દ્રિય આનંદસે ભરપૂર આત્મા હૈ (અર્થાત્) લીન હૈ. કમી નહીં, પરમેં આતા નહીં, એક સમયકી પર્યાયમેં પરમભાવ સુખલીન આતા નહીં. આહાહા! પંડિતજી! આહાહા! સુખકી અનુભૂતિકા અર્થ પર્યાય નહીં લેના, ત્રિકાલી લેના. મેરા આત્મા અનંત આનંદમેં લીન હૈ. અંતર ધ્રુવસ્વરૂપ જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, જો સમ્યગ્દર્શનકા ધ્યેય હૈ વહ ચીજ પરમ આનંદમેં લીન હૈ. સમજમેં આયા?

**ઐસે વિશિષ્ટ આત્મતત્ત્વકો...** આહાહા! દેખો તો ખરા! ઐસા ખાસ મેરા આત્મતત્ત્વ... વિશિષ્ટ–ખાસ, ભિન્ન. પરસે ભિન્ન, રાગસે ભિન્ન, એક સમયકી પર્યાયસે ભિન્ન—ઐસા ખાસ મેરા આત્મા. ખાસ સમજતે હોં? વિશિષ્ટ. અપની જુદાઈ. અપની ચૈતન્ય ધ્રુવસત્તા વિશિષ્ટ–ખાસ જુદાઇ રખનેવાલા મૈં હૂં. આહાહા! સમજમેં આયા? સત્તા યે અપના જીવન, ચૈતન્યકા જીવન. ઐસે જીવનસે જીને દો ઔર જીઓ. યે જીવન હૈ તેરા. વહ જીવન દૂસરા હૈ. શરીરકે જીવનસે જીઓ. ક્યા જીયે? યે તો આયુષ્ય હોગા તો શરીર રહેગા, નહીં હોગા તો નહીં રહેગા. ઉસમેં આત્માકો ક્યા હૈ? આહાહા!

આત્મામેં તો, યતિભાવકી ક્રિયા જો બાહ્યકી હૈ ઉસકા ભી અભાવ હૈ આત્મામેં. સમજમેં આયા? સાધુકી જો ક્રિયા હૈ ન, સચ્ચે સાધુકી. સમ્યક્-દ્રષ્ટિ સહિત પંચમહાવ્રતકા વિકલ્પ યે યતિકી બાહ્યક્રિયા હૈ. ઉસકા આત્મામેં અભાવ હૈ. વહ અલિંગગ્રહણમેં આતા હૈ.

અલિંગગ્રહણમેં આતા હૈ, ૧૭૨ ગાથા, પ્રવચનસાર. યતિકી બાહ્યક્રિયાસે અભાવસ્વરૂપ મૈં હૂં. આહાહા! સમજમેં આયા? પંચમહાવ્રતના વિકલ્પ ને રાગ ને દયા-દાન...—યે સબ વિકાર હૈ. ઈસકા મેરે સ્વભાવમેં અભાવ હૈ. આહાહા! સમજમેં આયા?

**ઐસે વિશિષ્ટ આત્મતત્ત્વકો ગ્રહણ કરનેવાલે...** ઐસે વિશિષ્ટ–ખાસ પરમસ્વભાવ ઉસકો ગ્રહણ કરનેવાલે **શુદ્ધદ્રવ્યાર્થિકનય...** શુદ્ધ દ્રવ્યસ્વરૂપ ત્રિકાલ ઉસકો જાનનેવાલી નય, ઉસકો ગ્રહણ કરનેવાલી નય, મૈં ઐસા હૂં ઐસા જાનનેવાલી **નયકે બલસે મેરે સકલ મોહરાગદ્વેષ નહીં હૈં.** આહાહા! સમ્યગ્દૃષ્ટિ ઐસે જાનતા હૈ કિ મૈં ત્રિકાલ ચાર પ્રાણસે જીનેવાલા હૂં, મેરા જીવન સત્તા, અવબોધ, પરમચૈતન્ય ને સુખમેં લીન ઐસી ચીજ યે મેરે પ્રાણ હૈં, યે મેરે જીવનકા જીવન હૈ. આહાહા! કહો, પુનમભાઈ! આ પૈસા-બૈસાનું જીવન ધૂળમાં (જીવન) નથી, એમ કહે છે. ઓલા ફિલમ-બિલમ માટે આવ્યા હશે, નહીં?

કાલ ઓલો આવ્યો હતો તમારો ફિલ્મવાળો એક. .... ફિલ્મ .... ભાવનગરમાં. આ રમેશે બનાવ્યું મોટું. એ આવ્યો હતોને, કાલ આવ્યો હતો મારી પાસે દર્શન કરવા. કે આ બનાવ્યું મોટું. એય! આપણે નામ ન જાણીએ. ..... પણ એ .... આ તો થઈ ગયું. થિયેટર બનાવ્યું, મોટું બનાવ્યું. એ આવ્યો હતો ભાઈ દર્શન કરવા. હતાને ભાઇ તમે, નહીં? આ બધા હેરાન થઈ જાઓ છો, કીધું. ફિલ્મ નવી બનાવે થિયેટર ને વળી એમાં પૈસા પાંચ-પાંચ હજાર પેદા થાય. ધૂળમાં નથી. સુન ન, દુઃખી હૈ. મૂઢ મિથ્યાદૃષ્ટિ રાગકી ચેતનામેં શિક રહા હૈ. આહાહા! પાગલ હો ગયા હૈ, કહતે હૈં. **મેરે સકલ મોહરાગદ્વેષ નહીં હૈં**. મેરેમેં પુણ્યાદિકા પરિણામ હોતા હૈ? કિ મેરેમેં નહીં. પુણ્યકા પરિણામ મૈં કરતા નહીં, આહાહા! પુણ્યપરિણામકા મૈં કરાનેવાલા નહીં, પુણ્યપરિણામકા મૈં અનુમોદક નહીં, પુણ્યપરિણામમેં મૈં કારણ નહીં. એ વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૬, મંગળવાર, તા. ૧૫-૮-૧૯૭૨**
**ગાથા-૭૭-૮૧, પ્રવચન નં. ૭૦ (હિન્દી)**

યહ નિમયસાર, પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર હૈ. સચ્ચા-યથાર્થ-વાસ્તવિક પ્રતિક્રમણ કિસકો કહતે હૈં? ઉસકા નામ ચારિત્ર ઔર ઉસકા નામ ધર્મ હૈ. યહાં (તક) આયા હૈ અપને. ભગવાન આત્મા, અંદર આત્મા હૈ વસ્તુ, ઉસકી **સત્તા**–હોવાપણું... હોવાપણું કહતે હૈં? હોના. હૈ ઉસકી સત્તા. ભગવાન આત્મા આત્મરામ... સત્તા–અપના હોનાપના અનાદિસે હૈ વહ સત્તા ઉસકા સ્વભાવ હૈ. ઔર **અવબોધ**–જ્ઞાન, જાનન, પ્રજ્ઞાબ્રહ્મ ઐસા ઉસકા ત્રિકાલ સ્વભાવ હૈ. ઔર **પરમચૈતન્ય...** પરમચૈતન્ય (અર્થાત્) જાનના-દેખના ઐસા ભાવ પરમચૈતન્ય ઉસકા ત્રિકાલ સ્વભાવ હૈ. જૈસા આત્મા અવિનાશી ત્રિકાલી હૈ ઐસા યે સ્વભાવ ભી અવિનાશી ત્રિકાલી હૈ. જૈસે આત્મા અવિનાશી હૈ તો યે સ્વભાવ ભી ઉસકે સાથ અવિનાશી હૈ.

**ઔર સુખકી અનુભૂતિમેં લીન...** વહ રાત્રિકો પ્રશ્ન હુઆ થા. અનુભૂતિ, યે અનુભૂતિ પર્યાય નહીં. ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અનાદિસે અપને અતીન્દ્રિય આનંદમેં લીન હૈ. આહાહા! ધ્રુવ ભગવાન આત્મા અપના અતીન્દ્રિય આનંદ–સુખ ઉસકી અનુભૂતિ... અનુભૂતિકા અર્થ ઉસમેં લીન હૈ. અપના પૂર્ણ અતીન્દ્રિય આનંદ... આહાહા! જિસમેં રાગ-દ્વેષ તો નહીં, પણ વર્તમાન એક સમયકી પ્રગટ દશા ભી જિસમેં નહીં. આહાહા! બહુત સૂક્ષ્મ બાત હૈ. ભગવાન આત્મા **સુખકી અનુભૂતિમેં લીન ઐસે વિશિષ્ટ**–ખાસ **આત્મતત્ત્વ...** ઐસા ખાસ ભગવાન આત્મતત્ત્વ હૈ. સમજમેં આયા? **વિશિષ્ટ આત્મતત્ત્વ...** ખાસ (અર્થાત્) જગતસે ભિન્ન આત્મતત્ત્વ. સૂક્ષ્મ બાત હૈ ભગવાન!

**વિશિષ્ટ આત્મતત્ત્વકો ગ્રહણ કરનેવાલે...** ચૈતન્ય ત્રિકાલી ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ઉસકો જિસકી દૃષ્ટિ ગ્રહણ કરતી હૈ ઉસ દૃષ્ટિકો દ્રવ્યાર્થિકનય કહતે હૈં. અર્થાત્? શાસ્ત્રભાષાકા અર્થ ક્યા હૈ? જો ત્રિકાલી સત્તા, અવબોધ, પરમચૈતન્ય ઔર સુખમેં લીન ઐસા નિત્યાનંદ પ્રભુ, આદિ નહીં, અંત નહીં—શુરૂઆત નહીં, નાશ નહીં, આહાહા! ઐસા ભગવાન આત્મા, ઐસી ચીજકો જો દૃષ્ટિ ગ્રહણ કરતી હૈ વહ શુદ્ધદ્રવ્યાર્થિક હૈ. શુદ્ધ દ્રવ્ય નામ ત્રિકાલી ધ્રુવ શુદ્ધ પ્રભુ વહ જિસ નયકા પ્રયોજન હૈ, જો જ્ઞાનકી પર્યાયકા શુદ્ધદ્રવ્ય પ્રયોજન હૈ. આહાહા! સમજમેં આયા? શુદ્ધ.. યહી પ્રયોજન હૈ.

શુદ્ધદ્રવ્યાર્થિકનય... શુદ્ધ ધ્રુવ ભગવાન પૂર્ણાનંદ આદિ-અંત બિનાકી ચીજ અવિનાશી ઐસા ઉસકા ગુણ.... રજો, તમો ગુણકી બાત યહાં હૈ નહીં, વહ ગુણ હૈ નહીં. યે તો ઉસકા સ્વભાવ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સત્તા, અતીન્દ્રિય પરમચૈતન્ય સ્વભાવ ઉસકો જો જ્ઞાનકા અંશ ગ્રહણ કરતા હૈ... આહાહા! ઉસ નયકી દૃષ્ટિસે, ઉસ નયકે બલસે ધર્મપર્યાય પ્રગટ

હુઈ હૈ, વહ પર્યાય–અવસ્થા ઐસે કહતી હૈ કિ ઐસે ત્રિકાલી જ્ઞાયકભાવ ભગવાન ઉસકી દૃષ્ટિકે બલસે મુજે સકલ મોહ-રાગ-દ્વેષ નહીં. મેરેમેં કોઈ મોહ-રાગ-દ્વેષ, પુણ્ય-પાપકે વિકલ્પકી વાસના–ગંધ નહીં. આહાહા! મૈં તો પરમાનંદમૂર્તિ નિત્યાનંદ હૂં. આહાહા! જિસકો વર્તમાન પ્રગટ ધર્મપર્યાય ભી સ્પર્શતી નહીં. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! પરમાત્મસ્વરૂપી આત્મા અંદરમેં હૈ, પણ ઉસકા ઉસકો બોધ નહીં–ખબર નહીં. બાહરમેં ભટકતા હૈ. આહાહા! મૃગકી નાભિમેં કસ્તૂરી... મૃગકી નાભિમેં કસ્તૂરી, પણ કસ્તૂરીકી કિંમત ઉસકો નહીં. બાહરમેં ભટકે શોધનેકો.

ઐસા ભગવાન આત્મા વહ તો અનાદિસે પૂર્ણ આનંદમેં લીન ચીજ હૈ. આહાહા! ઐસી દૃષ્ટિસે દેખો તો, કહતે હૈં કિ દૃષ્ટિ અથવા જ્ઞાનકી વર્તમાન પ્રગટ પર્યાય ઐસે કહતી હૈ, મેરેમેં–મેરી ઐસી ચીજમેં મોહ-રાગ-દ્વેષકી ગંધ નહીં. સમજમેં આયા? તો સમ્યગ્દૃષ્ટિ–પ્રથમ દરજ્જેકા ધર્મી.. પ્રથમ દરજ્જેકા ધર્મી ઐસે માનતા હૈ... નંદકિશોરજી! આવી વાત ભારે. સંપ્રદાયમાં એવું કઠણ પડે માણસને. મેરા વર્તમાન ધર્મ... વસ્તુ ત્રિકાલી ઐસે સ્વભાવસે ભરી પડી હૈ, ઐસી અંતરમેં દૃષ્ટિ કરકે જો જ્ઞાન ઔર સમ્યગ્દર્શનકી પર્યાય પ્રગટ હુઈ, વહ પર્યાય ઐસે કહતી હૈ, જાનતી હૈ કિ ઐસે મેરે ત્રિકાલી દ્રવ્યકે જોરસે મેરેમેં મોહ-રાગ-દ્વેષ હૈ નહીં. આહાહા!

શ્રોતા : મહારાજ! યે તો નાસ્તિસે હુઆ. અસ્તિસે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અસ્તિકા પહલે કહા ન. પહલે અસ્તિસે કહા ન. પહલે અસ્તિસે કહા કિ યે મૈં હૂં, યે નહીં. યે તો કહા ન પહલે. પહલે આયા. કહા ન. '**ઐસે વિશિષ્ટ આત્મતત્ત્વકો**' યે અસ્તિસે કહા. આહાહા! યહાં તો પહલે અસ્તિ હૈ ઉસમેં પીછે રાગ-દ્વેષ, અજ્ઞાન, પુણ્ય-પાપ વિકલ્પ હૈ ઉસકી નાસ્તિ હૈ. અજ્ઞાની માનતા હૈ કિ મૈં પુણ્યવાલા હૂં, દયા-દાનકા પરિણામવાલા હૂં. વહ તો ઉસકી માન્યતાકા મિથ્યા જોર હૈ. આહાહા!

યે તો જ્ઞાનકા પુંજ પ્રજ્ઞાબ્રહ્મ આનંદમૂર્તિ પ્રભુ હૈ. ઐસી અસ્તિ તત્ત્વમેં... કહા ન. ઐસા ગ્રહણ કરનેવાલા, ત્રિકાલી દ્રવ્યસ્વભાવકો ગ્રહણ કરનેવાલી નય. વહ નય–વર્તમાન પર્યાયસે ગ્રહણ હોતા હૈ. ઉસકે બલસે મુજે... જાનતી હૈ તો પર્યાય–અવસ્થા. દ્રવ્ય તો ધ્રુવ હૈ ત્રિકાલી. આનંદકંદ ધ્રુવ ઉસમેં મૈં ઐસા હૂં-ફૈસા હૂં ઐસી કોઈ પર્યાય હૈ નહીં. આહાહા! ભારે ભાઈ ધર્મની વાત આ! ઐસા ત્રિકાલી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, પરમસ્વભાવભાવ, સત્‌કા સત્ત્વ, સત્ આત્મા ઉસકા સત્ત્વ અનાદિ-અનંત સ્વભાવ–ગુણ–શક્તિ—ઉસકો દેખનેવાલી, ઉસકો ગ્રહણ કરનેવાલી નયકે બલસે (અથવા) નયસે મેરેમેં સંસાર હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? નંદકિશોરજી! આહાહા!

કૃષ્ણકા ભજન આતા હૈ, વૈષ્ણવમેં ભજન આતા હૈ ગોપીકા. 'નંદલાલ નહીં રે આવું, ઘરે કામ છે.' ઐસા આતા હૈ ન. વહ તો બાહરકી બાત હૈ. નંદલાલ તો આત્મા આનંદકા લાલ હૈ. સમજમેં આયા? હું બહાર નહીં આવું, રાગ ને પુણ્યમાં હું નહીં આવું—મૈં ઐસી ચીજ હૂં.

આહાહા! સમજમેં આયા? 'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ખેલ ભાસે..' અંતર વસ્તુકી દૃષ્ટિસે દેખનેસે મેરેમેં કોઈ જગત હૈ નહીં, પુણ્ય-પાપ હૈ નહીં, સંસાર હૈ નહીં. આહાહા! ધર્મકા પહલે દરજ્જેવાલા, સમજમેં આયા? અપને આત્માકો ઐસા અંતર સ્વીકાર કરતા હૈ. આહાહા!

યહાં તો ચારિત્ર અધિકાર હૈ તો નાસ્તિ કહા ન, તો ઉસસે હટકે લિયા. પ્રતિક્રમણ હૈ ન. પ્રતિક્રમણ નામ પીછે હટ જાના. પુણ્ય-પાપ, મોહાદિ ભાવ હૈ ઉસસે હટ ગયા ઔર અંતર પૂર્ણાનંદ તરફ ઝુક ગયા, ઉસકા નામ પ્રતિક્રમણ હૈ. હા, વાપસ લૌટના. આ તો સાંજ-સવાર પ્રતિક્રમણમાં મિચ્છામિ દુક્કડમ્. કાંઈ ભાન ન મળે. ક્યા પ્રતિક્રમણ હૈ, ક્યા સામાયિક હૈ. સમજમેં આયા? કહતે હૈં... પરમાર્થ પ્રતિક્રમણ હૈ ન. પર તરફકે ઝુકાવકા વિકલ્પ જો હૈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા સબ વિકલ્પ મોહ ને રાગ હૈ. આહાહા! ઉસસે મૈં રહિત હૂં ઐસા અંતર અનુભવ કરના ઉસકા નામ પરમાર્થ પ્રતિક્રમણ હૈ. આહાહા! લોગોંકો પરમ સત્ય ચીજ ક્યા હૈ વહ સુનનેમેં આયી નહીં. બહારમેં ઢસરડા ઐસા કરના, ઐસા કરના ને ઐસા કરના.

મૂલ ચીજ પરમાત્મસ્વરૂપ અપના નિજાનંદ ભગવાન ઐસી ચીજકો ગ્રહણ કરનેવાલા નય નામ જ્ઞાન, ઉસકે બલસે વહ પર્યાય–અવસ્થા પ્રગટ હુઈ જાનતી હૈ... મેરેમેં, ઐસે કહતી હૈ. આહાહા! ઠીક. મૈં તો યે હૂં. યે પર્યાય ભી મૈં નહીં. આહાહા! યે નિર્મલ ધર્મદશા પ્રગટ હુઈ... ત્રિકાલી ભગવાન આનંદમૂર્તિકી પ્રતીત ને જ્ઞાન અંતર્મુખ હોકર હુઆ, વહ પર્યાય–અવસ્થા ઐસા જાનતી હૈ, ત્રિકાલી સ્વભાવકે જોર–બલસે મૈં જાનતી હૂં કિ મેરેમેં મોહ-રાગ-દ્વેષ હૈ નહીં. દ્રવ્યમેં તો હૈ નહીં, ગુણમેં હૈ નહીં, મેરી પર્યાયમેં (નહીં ઔર) પર્યાયમેં મૈં નહીં, એમ કહતે હૈં. આહાહા!

અરે! એવો ત્રણ લોકનો નાથ પરમાત્મા પ્રભુ પોતાના સ્વભાવથી ભરેલો છે, ઉસકી ઉસકો ખબર નહીં. બાહરમેં ખોજે, યહાંસે મિલે, યહાંસે મિલે. સમ્મેદશિખરસે મિલે, શેત્રુંજયસે મિલે. બાહરમેં ઢૂંઢતે હૈં, (પણ) અંદર હૈ ભગવાન. શેઠ! આહાહા! કહતે હૈં, મોહ-રાગ-દ્વેષકા મૈં કર્તા નહીં. મોહ ને રાગ-દ્વેષ પુણ્યકા ભાવ હોતા હૈ દયા, દાન, વ્રત, ભક્તિકા વિકલ્પ, ઉસકા મૈં કર્તા નહીં, મૈં કરાનેવાલા નહીં, મૈં અનુમોદક નહીં (કિ) ઠીક હૈ વ્યવહાર. ભાઈ! વ્યવહાર ઠીક હૈ ઐસા મૈં અનુમોદક નહીં, એમ કહતે હૈં. વ્યવહાર આતા હૈ બીચમેં રાગકી મંદતાકા, દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિકા ભાવ, પણ વહ પર્યાય કહતી હૈ કે મૈં ઉસકો અનુમોદન નહીં દેતા કિ યે ઠીક હૈ. કહો, સમજમેં આયા? આહાહા!

અરે! તેરા ઘર, દરબાર અનંત આનંદસે ભરા હૈ. અનંત-અનંત ગુણકી શક્તિસે ભરા પ્રભુ દરબાર પડા હૈ અંદર. આહાહા! ઉસકી દૃષ્ટિ ઔર ઉસકા જ્ઞાન જો હૈ ઉસકે બલસે જો પર્યાય વર્તમાન પ્રગટ હુઈ, વહ કહતી હૈ કિ દયા. દાન, વ્રત, ભક્તિકા પરિણામ મેરેમેં હૈ નહીં,

મૈં ઉસકા કર્તા નહીં, મૈં પરિણમનેવાલા નહીં. આહાહા! રાગકા પરિણમનેવાલા મૈં નહીં. આહાહા! યે વિકલ્પ જો હૈ ઉસરૂપ પરિણમનેવાલા મૈં નહીં ઔર ઉસકા કરાનેવાલા મૈં નહીં ઔર મૈં ઉસકા અનુમોદક નહીં કિ ઠીક હૈ ઔર રાગ હુઆ ઉસકા મૈં કારણ નહીં. વ્યવહારકા વિકલ્પ જો ઉત્પન્ન હોતા હૈ, હો, પણ ઉસકા મૈં કારણ નહીં. મૈં તો સચ્ચિદાનંદ પ્રભુ હૂં. આહાહા! કહો, સમજમેં આયા? ઉસકા કારણ નહી. હવે લોકો રાડ પાડે છે કે કારણ કોણ છે ત્યારે? કારણ મૈં નહીં, સુન તો સહી! કર્મકે પાકસે વર્તમાનમેં ઐસે વિકલ્પ હો, મૈં ઉસકા અનુમોદક નહીં, મૈં ઉસકા કારણ નહીં. નંદકિશોરજી! યે વકીલાત હૈ. આહાહા! અબ આયા દૂસરા બોલ.

**સહજ નિશ્ચયનયસે...** ભાષા દેખો! સ્વભાવિક નિશ્ચયનયસે... મેરા સ્વભાવ ત્રિકાલી આનંદ ને જ્ઞાન, શાંતિસે ભરા ધ્રુવ પૂર્ણ હૈ ઐસી દૃષ્ટિસે, ઐસે જ્ઞાનસે–સ્વભાવિકજ્ઞાનસે, **(૧) સદા નિરાવરણસ્વરૂપ...** મૈં તો ત્રિકાલ નિરાવરણસ્વરૂપ હૂં, વહ મૈં હૂં. આવરણ-ફાવરણ મેરેમેં હૈ નહીં. આહાહા! હૈ ઔર નહીં હૈ. છે છતાં નથી. મેરા ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવમેં મૈં તો રમનેવાલા હૂં, ઉસકી અનુભૂતિ કરનેવાલા હૂં. આહાહા!

મેરેમેં ત્રિકાલ નિરાવરણસ્વરૂપ... તીનોં કાલ નિરાવરણ. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. ભગવાન વસ્તુ ઉસમેં આવરણ કૈસા? વહ તો વર્તમાન રાગકી પર્યાયમેં આવરણકા નિમિત્ત હૈ, તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધસે આવરણ કહનેમેં આયા હૈ. વસ્તુમેં આવરણ કૈસા? અનંત આનંદ, અનંત શાંતિ... જિસકા તત્ત્વ હૈ સત્... સત્ હૈ ન આત્મા? સત્કા જો સત્ત્વ હૈ, સત્ત્વ હૈ ઉસકી મર્યાદા ક્યા? ક્ષેત્ર શરીરપ્રમાણ હો, (પરંતુ) બેહદ અપરિમિત આનંદ, બેહદ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા—ઐસે સ્વભાવસે ભરા મૈં આત્મા ત્રિકાલ નિરાવરણ હૂં. કૌન કબૂલે? સમજમેં આયા?

**સહજ નિશ્ચયનયસે સદા નિરાવરણસ્વરૂપ...** આહાહા! અરે! આવરણ તો હૈ. પણ આવરણ તો જડ હૈ, રજકણ મેરેમેં હૈ નહીં. ઔર રાગાદિ વહ ભી મેરેમેં હૈ નહીં. આહાહા! પહલે કહા. સમજમેં આયા? ભાવ-આવરણ ને દ્રવ્ય-આવરણ રહિત મૈં ત્રિકાલ હૂં. આહાહા! અરે! એ વાત... યે પરમાર્થ પ્રતિક્રમણકી વ્યાખ્યા ચલતી હૈ.

**(૨) શુદ્ધજ્ઞાનરૂપ...** નિરાવરણસ્વરૂપ તો આવરણ બિનાકી ચીજ હુઈ. પણ (અસ્તિમેં) હૈ ક્યા? **શુદ્ધજ્ઞાનરૂપ**. એકલું જ્ઞાન-પ્રજ્ઞા.. પ્રજ્ઞા.. પ્રજ્ઞા–જ્ઞાન. શુદ્ધજ્ઞાન હોં. પર્યાય ભી નહીં, શુદ્ધજ્ઞાન. આહાહા! એ અપેક્ષાએ તો જ્ઞાનની પાંચ પર્યાયને પણ અહીંયા અશુદ્ધ કહેવામાં આવી છે. આહાહા! મૈં તો ત્રિકાલ શુદ્ધજ્ઞાનમય હૂં. અભી વર્તમાનમેં ઐસા હૂં. આહાહા! અરે!

**(૩) સહજ ચિત્શક્તિમય...** સ્વભાવિક વીર્યકા પિંડ હૂં. ચૈતન્યશક્તિ બલ. સમજમેં આયા? અથવા ચિત્શક્તિ–જ્ઞાનશક્તિ. શુદ્ધજ્ઞાનરૂપ આયા હૈ. પણ વહ જ્ઞાનશક્તિકા સામર્થ્ય(રૂપ) જો વીર્ય હૈ, ઉસ ત્રિકાલી ચિત્શક્તિકા વીર્યમય મૈં હૂં. સમજમેં આયા?

**(૪) સહજદર્શનકે સ્ફુરણસે પરિપૂર્ણ મૂર્તિ...** દેખનેકા મેરા સ્વભાવ... **(જિસકી મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજ દર્શનકે સ્ફુરણસે પરિપૂર્ણ હૈ ઐસે)...** દૃષ્ટા સ્વભાવસે મૈં પરિપૂર્ણ હૂં. સમજમેં આયા? વસ્તુ હૈ જો ત્રિકાલી અવિનાશી ઉસકી ઉત્પત્તિ હૈ? આત્મા હૈ ઉસકી ઉત્પત્તિ હૈ? હૈ ઉસકા નાશ હૈ? હૈ ઉસકા છેદ-ભેદ હોતા હૈ? આહાહા! હૈ તો હૈ હી. ઐસી ચીજમેં.. ઉસ ચીજકો ગ્રહણ કરનેવાલા મૈં, એમ કહતે હૈં. ઐસી ચીજ **સહજદર્શનકે સ્ફૂરણસે...** હૈ ધ્રુવ હોં, સ્ફૂરણ નહીં. સહજદર્શનસ્વરૂપ, દૃષ્ટાસ્વરૂપ, દર્શન નામ જ્ઞાનસે ભિન્ન... જ્ઞાન વિશેષ હૈ, દર્શન સામાન્ય હૈ. પણ ઐસે સામાન્ય સ્વભાવકા સ્ફૂરણ... સામાન્યકા સ્ફૂરણ–પ્રગટ પરિપૂર્ણ મૂર્તિ હૂં. જુઓ! આ પરમાર્થ પ્રતિક્રમણ. મૈં રાગવાલા હૂં, મૈં પુણ્યવાલા હૂં, યે તો મિથ્યાત્વભાવ હૈ કહતે હૈં. સમજમેં આયા?

**સહજદર્શનકે સ્ફુરણસે...** દૃષ્ટા મેરા સ્વભાવ, ઉસકી પૂર્ણ એટલે વ્યક્ત.. વ્યક્ત.. વસ્તુ પૂર્ણ નામ વ્યક્ત હૈ અંદર, એમ કહતે હૈં. દૃષ્ટાસ્વભાવ મેરા પૂર્ણ વ્યક્ત–પ્રગટ હૈ. વસ્તુસે પ્રગટ હૈ. **પરિપૂર્ણમૂર્તિ** હૂં. મૈં તો પરિપૂર્ણસ્વરૂપ હૂં. પંદરમી (ઓગસ્ટ) છેને આ? ....તબ ઉસકે કાલકા ફલ આયા. મૈં તો પરિપૂર્ણ હૂં ઐસા સ્વકાલમેં ભાન હુઆ. સમજમેં આયા? આ તો બધા રખડપટ્ટી... (દેશ) સ્વતંત્ર હુઆ. ધૂલ હુઆ નહીં. સમજમેં આયા? પરતંત્રતા પુષ્ટ હુઈ (ઔર) કહે સ્વતંત્રતા પ્રગટ હુઈ. આહાહા! ઐસા પૂર્ણવાલા મૈં તો ભગવાન આત્મા...

**ઔર (૫) સ્વરૂપમેં અવિચલ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાલે...** દેખો! ત્રિકાલકો યથાખ્યાત ચારિત્ર કહા. જૈસા સ્વરૂપ હૈ ઐસેમેં લીનતા હૈ ઉસમેં. ત્રિકાલ સ્વરૂપમેં લીનતારૂપ યથાખ્યાત ચારિત્ર. **સ્વરૂપમેં અવિચલ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાલે...** દેખો! યથાખ્યાતચારિત્રકે જો પાંચકા ભેદ હૈં ઉસકી યહાં બાત નહીં. ચારિત્રકે પાંચ ભેદ હૈં ન. સામાયિક, છેદોપસ્થાન, પરિહાર, ક્ષયોપશમ ને યથાખ્યાત. વહ બાત યહાં હૈ નહીં. યથા મેરા સ્વરૂપ લીનતા જૈસી અંતરમેં હૈ ઐસી લીનતા(રૂપ) યથાખ્યાત ચારિત્રસે મૈં પરિપૂર્ણ હૂં. **ઐસે મુજે...** યહાં તો કહા ચારિત્રવાલે, ઐસે યથાખ્યાત ચારિત્રવાલે, ઐસે નિરાવરણ સ્વરૂપવાલે.. ઐસે લેના. શુદ્ધજ્ઞાનવાલે, ઐસે સહજ દર્શનાદિ ચિત્શક્તિરૂપવાલે **ઐસે મુજે...** આહાહા!

શ્રોતા : યથાખ્યાત ચારિત્ર વહ ભી ત્રિકાલી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ ત્રિકાલી. આહાહા! એવા ઝંડા ફેરવ્યા અનંત વાર. સ્વતંત્ર હૈ. ધૂળેય નથી. આહાહા! સ્વતંત્ર (અર્થાત્) સ્વ–અપના આત્મા પૂર્ણાનંદકા સ્વભાવ અપને આધીન હૈ ઉસકા નામ સ્વતંત્ર હૈ.

**મુજે સમસ્ત સંસારક્લેશકે હેતુ...** આહાહા! **સંસારક્લેશકે હેતુ ક્રોધ-માન-માયા-લોભ...** ઉસમેં વ્યવહારરત્નત્રયકા લોભ નામ રાગ ભી આ ગયા. યે સબ સંસારક્લેશકે હેતુ હૈં. સમજમેં આયા? દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા અને જો વ્યવહારરત્નત્રય ષટ્ (કર્તવ્ય)—દેવકી શ્રદ્ધા, ગુરુકા વિનય ઔર શાસ્ત્રકા વાંચન-મનન અંદર વિકલ્પ (આદિ) યે તો સબ ક્લેશ હૈ, કહતે હૈં. આહાહા! ભગવાન આનંદમૂર્તિસે વિકલ્પ વિરુદ્ધ હૈ. જગતને સહન કરવું ભારે કઠણ. સમજાય છે કાંઈ? ક્રોધ-માન-માયા ને લોભ... લોભ હૈ ન વહ રાગકા ભાગ હૈ. માયા ને લોભ રાગકા ભાગ હૈ ઔર ક્રોધ ને માન વહ દ્વેષકા ભાગ હૈ. ઉસમેં વ્યવહારરત્નત્રયકા વિકલ્પ હૈ વહ લોભમેં આતા હૈ.

તીન લોકકે નાથ સર્વજ્ઞ પરમેશ્વર ફરમાતે હૈં, મેરે તરફકી તેરી શ્રદ્ધાકા રાગ તુજે ક્લેશકા કારણ હૈ. આહાહા! ગજબ વાત છે! **ઐસે મુજે...** મૈં કૌન હૂં? પર્યાય કહતી હૈ કિ મૈં કૌન હૂં. મૈં તો ત્રિકાલી જ્ઞાયકભાવ હૂં. સદા નિરાવરણસ્વરૂપી મૈં હૂં. આહાહા! ઐસે સ્વભાવવાલે **મુજે સમસ્ત સંસારક્લેશહેતુ...** સ્વર્ગ મિલે ઉસકા કારણ જો રાગ, તીર્થંકરપના મિલે અને બંધ હો ઉસકા જો ભાવ–રાગ યે સંસારક્લેશકે હેતુ હૈં. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધતા હૈ ઉસ ભાવકો સમ્યગ્દૃષ્ટિ ક્લેશકા કારણ માનતે હૈં. આહાહા! ગજબ બાત છે. જિનેશ્વરદાસજી! ધર્મકી કિંમત બડી હૈ. ધર્મ કોઈ સાધારણ પ્રાણી કરતે હૈં, સામાયિક કર્યા, પૌષધ કર્યા ને વ્રત લિયા.—વહ ધર્મ નહીં.

ધર્મ તો (વહ હૈ કિ) ત્રિકાલી ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથકા વર્તમાનમેં સ્વીકાર હુઆ–પર્યાય દ્વારા જિસકા સ્વીકાર હુઆ. વહ પર્યાય ખરેખર તો ઉસસે અભેદ હોતી નહીં–છૂતી નહીં, પણ ઉસ સન્મુખ હુઈ તો ત્રિકાલી જ્ઞાયકભાવમેં અભેદ હુઈ, ભગવાનકા ભેટા પર્યાયકો હુઆ ઐસા કહનેમેં આયા. આહાહા! બહુત અચ્છી બાત હૈ. સમજમેં આતા હૈ? પહલી બાર આયે કિ પહલે આયે થે કભી? આહાહા! સંસાર શબ્દે વિકલ્પમાત્ર પુણ્ય ને પાપના ભાવ. ઓહોહો! યે ક્લેશ હૈ, આત્માકે આનંદસ્વરૂપસે વિપરીતભાવ વહ સબ ક્લેશ હૈ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા નાથ નિરાકુલસ્વરૂપ ઉસસે (વિરુદ્ધ) વિકલ્પમાત્ર શુભ હો કિ અશુભ હો, સબ ક્લેશ હૈ. **સમસ્ત સંસારક્લેશકે હેતુ** રાગાદિ, ક્રોધાદિ મૈં નહીં. આહાહા! સમજમેં આયા?

ધર્મકી પ્રરૂપણાકે કાલમેં યે જૂઠ હૈ–અસત્ય હૈ ઐસા જો વિકલ્પ ઉઠતા હૈ વહ ભી એક દ્વેષકા અંશ હૈ ઔર યે બાત સત્ય હૈ ઐસા વિકલ્પ ઉઠતા હૈ વહ પ્રશસ્ત રાગ હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા ઐસા હૈ, ઐસા નહીં, અન્યમત કહતા હૈ ઐસા હૈ નહીં—ઐસા સ્થાપન જબ છદ્મસ્થ જીવ કરતા હૈ... આહાહા! ગજબ વાત છે. ઉસમેં ક્રોધકા અંશ–દ્વેષકા અંશ આતા હૈ. ઔર ઐસી ચીજ હૈ સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મા પૂર્ણ, અબદ્ધાદિ ઐસે છદ્મસ્થ

સ્થાપન કરતા હૈ તો વિકલ્પકા અંશ આતા હૈ યે રાગ હૈ–ક્લેશ હૈ. સમજમેં આયા? બાત ઐસી હૈ, વસ્તુસ્વરૂપ ઐસા હૈ. કિસીકો સુનનેમેં ન આયા હો ઔર સમજમેં ન આયા હો ઉસસે વસ્તુ ફિર જાય? વસ્તુ તો હૈ ઐસી હૈ. ઓહોહો!

ત્રિકાલી જ્ઞાયકભાવકે આનંદમેં લીન પ્રભુ ઉસકા પર્યાય નામ દશામેં સ્વીકાર હુઆ, વહ પર્યાય કહતી હૈ કિ મેરેમેં ક્લેશ પુણ્ય-પાપ આદિ ત્રિકાલી દ્રવ્યકી દૃષ્ટિસે નહીં. ઉસકા અર્થ હુઆ કિ મેરી પર્યાયમેં ભી વહ નહીં. રાગાદિ, દ્વેષાદિકા અંશ ક્લેશ યે મેરે ત્રિકાલી દ્રવ્યમેં નહીં, ત્રિકાલીસ્વભાવમેં નહીં, તો સ્વીકાર કરનેવાલી પર્યાયમેં ભી વહ નહીં. યે સમ્યગ્દર્શનકા વિષય હૈ. લોકોએ કાંઈકનું કાંઈક માન્યું છેને એટલે લોકોને આ વાત.... ભગવાન શાંતરસ છે. એ નિર્વિકલ્પરસનો કંદ પ્રભુ છે, એકલો નિર્વિકલ્પ છે, વિકલ્પનો અંશ–રાગનો અંશમાત્રની જેની દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ગંધ નથી. આહાહા! એ વિકલ્પમાત્ર ક્લેશનું કારણ છે, એવાથી તો હું નથી. અરે! હું એનો કર્તાય નથી એમ કહે છે. આહાહા!

જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધતા હૈ... ષોડશકારણભાવના આતી હૈ કિ નહીં? 'દરસવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકરપદ પાય, પરમગુરુ હો.' આહાહા! કહતે હૈં કિ વહ કારણભાવના વિકલ્પ હૈ, ક્લેશ હૈ, ઉસકા મૈં કર્તા નહીં, આહાહા! ગજબ વાત છે. ભાઈ! અપૂર્વ વાત છે આ તો. અનંતકાલ અનંત-અનંતકાલ બીતા, પણ પોતાની–અપની નિજ ચીજકા ઉસને પતા લિયા નહીં. આહાહા! કહતે હૈં કિ રાગકા જો અંશ હૈ મહાવ્રતકા ઔર તીર્થંકરગોત્રકા ઔર સર્વાર્થસિદ્ધકા આયુષ્યબંધકા પરિણામ, સમજમેં આયા? યે સમસ્ત સંસારક્લેશ હૈ, ઉસકા હેતુ ક્રોધ, માન, માયા, લોભ મુજે નહીં, મેરેમેં નહીં. મેરેમેં તો, અનંત આનંદાદિ વસ્તુ મેરેમેં હૈ એમ કહતે હૈં. આહાહા! મેરેમેં હૈ ઐસા ઉસકા સ્વીકાર હૈ તો વહ મેરેમેં હૈ. આહાહા! અનંત આનંદ પ્રભુ અનાકુલ શાંતિકા સાગર નાથ યે મેરેમેં હૈ, યે (વિભાવ) મેરેમેં નહીં. સમજમેં આયા? જહાં મેરી પર્યાયમેં ભગવાન બિરાજે વહાં ક્લેશ કહાંસે હો? કહતે હૈં. પંડિતજી! ઐસી બાત હૈ.

આહાહા! અરે! અંતરકી ચીજ જો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માને કહી, વહ સુનનેમેં ન આવે ઔર ઐસે લગે કિ યે ક્યા હૈ. યે તો નિશ્ચય.. નિશ્ચય હૈ. વ્યવહારકા તો લોપ હો જાતા હૈ. પ્રતિષ્ઠા કરના, ધામધૂમ કરાના વહ તો બાહરકી ક્રિયા હૈ ભગવાન! ઉસમેં વિકલ્પ હોતા હૈ શુભરાગ. હોતા હૈ, પણ ઉસકા મૈં કારણ હૂં ઔર વહ મેરેમેં હૈ ઐસા નહીં. આહાહા! મંદિર બનવાનેવાલેને પાંચ-દસ લાખકા મંદિર બનાયા. કૌન બનાવે? પરકી પર્યાય હૈ. યે પરમાગમ બનતા હૈ બારહ લાખકા. કૌન બનાવે? (શ્રોતાઃ વહ તો આપને બનવાયા), બનવાયા હમને નહીં, મુંબઈવાલાને બનાયા હૈ. આ હિંમતભાઈ બધા પડ્યા હતા, પણ પાછા પડ્યા નહીં, અંદર ન આવ્યા. એ હીરાભાઈ!

મુંબઈવાળાએ નક્કી કર્યું છે. ૮૦ વર્ષ હુએ ન શરીરકો, તો ઉસકે ઉપલક્ષમેં કહા, હવે આપણે.. શું કહેવાય? સોનગઢમાં આવું બનાવવું. પાછા ખસી ગયા, સામું જોયું નહીં કોઈએ. મુંબઈવાળા કોઈ એકેય છે? હા, એ તો મુખ્ય છે. એય! આ બધું તમે ત્યાં ૮૦માં નક્કી કર્યું હતું ભેગા થઈને, ૮૦મા જન્મોત્સવમાં. એક અમારે બનાવવું છે આવું. ખબર છે? આહાહા! હિંમતભાઈ, એના કાકા. અહીં મુંબઈવાળા કોણ છે? આ હીરાભાઈ. એના બાપ તો મુંબઈના ન ગણાય. એ ઓલામાં ગણાય દહાગામના. આહાહા! એ તો વિકલ્પ હોય તો બનવાકાળે બને છે. કૌન બનાવે ઉસકો? સમજમેં આયા? ભગવાન! ઉસકી બાત તો યહાં હૈ હી નહીં, પણ ઉસમેં જો વિકલ્પ આયા શુભરાગ, ધર્મી કહતે હૈં કિ યે ક્લેશકો મૈં (અપના) નહીં માનતા હૂં, અનુમોદન નહીં દેતા હૂં. ગજબ વાત છે પ્રભુ! સમજમેં આયા? આહાહા!

આઠ વર્ષકી બાલિકા સમ્યગ્દૃષ્ટિ હો, આઠ વર્ષકી બાલિકા, વહ ઐસે માનતી હૈ કિ રાગ તો ક્લેશ હૈ. જગતકો યે નિશ્ચયકી સત્ય બાત ઐસી કઠિન પડે, (કહે), યે નિશ્ચય હૈ. પણ નિશ્ચયકા અર્થ પરમ સત્ય. વ્યવહારકા અર્થ આરોપિત અને ઉપચારિક બાત હૈ. સમજમેં આયા? કહતે હૈં, ઐસા લોભકા અંશ શાસ્ત્ર બનાના ને શાસ્ત્ર વાંચના.. આહાહા! ગજબ વાત છે. શાસ્ત્ર સુનના. પ્રભુ! યે સબ વિકલ્પ હૈ હોં. વહ વિકલ્પ ક્લેશ હૈ આહાહા! આકરી વાત જગતને જીરવવી. યે ક્લેશકા મૈં કારણ નહીં. આહાહા!

ઉસમેં અકાર્યકારણ શક્તિ હૈ ન ભાઈ! ભગવાન આત્મામેં એક ગુણ હૈ અકાર્યકારણકા. જૈસે જ્ઞાન, દર્શન, આનંદ ઇસમેં ત્રિકાલી પડા હૈ, ઐસા અકાર્યકારણ નામકા ગુણ આત્મામેં ત્રિકાલી પડા હૈ. ઐસે ગુણ-ગુણીકા જબ આશ્રય લિયા, તો પર્યાયમેં ભી રાગકા કર્તા ને રાગ મેરા કાર્ય ને રાગકે કારણસે મેરી પર્યાય હુઈ—યે મેરેમેં હૈ નહીં.

શ્રોતા : ઉન સબકો ક્લેશ નક્કી કરો મહારાજ!

પૂજ્ય ગુરૂદેવશ્રી : ... ક્લેશ. ઠીક લાગે એ ભાષા લગાવો. યે તો હૈ વહ હૈ. નિરાકુલતા નહીં. ભગવાન તો નિરાકુલસ્વરૂપ હૈ, અનાકુલ આનંદકા નાથ હૈ. ઉસમેં જિતને વિકલ્પ ઉત્પન્ન હોતે હૈં... ગિરધરભાઈ! ગિરધરભાઈને હજી હવે કરવું છે. એ મલૂકચંદભાઈ! શું થયું આ તમારું? અમદાવાદમાં અધુરું રહી ગયું તમારે. શું કહેવાય ભાષા? ઓફર. એય ચીમનભાઈ! ચીમનભાઈએ ઓફર આપી છે. અમદાવાદમાં તમે લાખ રૂપિયા ભેગા કરો તો હું લાખ આપું. એ ઓફરનું કે દિ' થાય ઓલા લાખ ભેગા કરતા. (શ્રોતાઃ એને ખબર હોયને.... શેઠીયા.) એ બધી કલ્પનાઓ છે, અહીં તો કહે છે. આહાહા! દેવાની કલ્પના ને લેવાની કલ્પના યે સબ ક્લેશ હૈ. યે બાત વીતરાગ પરમાત્મા સિવા કહીં હૈ નહીં. હવે વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય. વ્યવહાર બતાતે હૈં કિ નહીં?

યહાં તો કહતે હૈં, આત્મામેં એક અકાર્યકારણ નામકા ગુણ પડા હૈ. વહ અકાર્યકારણગુણકા ક્યા સ્વરૂપ હૈ? ભગવાન આનંદ ને જ્ઞાનકી મૂર્તિ જૈસે પરિપૂર્ણ હૈ, ઐસી અકાર્યકારણ શક્તિ–ગુણસે પરિપૂર્ણ ભરા હૈ. અકાર્યકારણ ગુણસે કહો તો યે આત્મા, જ્ઞાનસે કહો તો યે આત્મા. અકાર્યકારણ ગુણ પડા હૈ જિસમેં ઐસે ગુણીકો જબ પ્રતીતમેં લિયા, અંતર દૃષ્ટિમેં ઉસકો ધ્યેય બનાકર ઉસકા અનુભવ હુઆ, તો કહતે હૈં કિ સમ્યગ્દર્શનકી પર્યાય ઔર જ્ઞાનકી પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરેમેં વહ ક્લેશભાવ હૈ હી નહીં. આહાહા! જિસકો દુનિયા નિયતકા હેતુ (કહે). એય પંડિતજી! હેતુ નિયતકો હોઈ. કહે છે કે નિયતકા હેતુ હૈ વહ ક્લેશ હૈ, એમ કહતે હૈં. યે તો ઉસકા જ્ઞાન કરાનેકો બાત કી હૈ ભગવાન! આહાહા! ભારે વાત ભાઈ! આવી વાતેય કાને પડવી એ પણ મહા પુણ્ય–ભાગ્યવાનને પડે એવી છે. એવી ચીજ છે પરમાત્માના ઘરની. સમજમેં આયા?

પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા કહતે થે વહ બાત સંત કહતે હૈં. અપને ત્રિકાલી આનંદમેં અને દર્શનમેં ...વાલા આત્મા પડા હૈ ઉસકા જિસને આશ્રય લિયા, ઉસકા જિસને સ્વીકાર, વિશ્વાસ દૃષ્ટિમેં લિયા, ઐસી દૃષ્ટિ ઔર ઉસ સમયમેં ઉસકા જો જ્ઞાન હુઆ, વહ જ્ઞાનકી પર્યાય ઐસા જાનતી હૈ, દર્શનકી પર્યાય ઐસા શ્રદ્ધતી હૈ સાથમેં. આહાહા! કિ સંસારક્લેશકા હેતુ શુભરાગકા અંશ વહ મેરેમેં નહીં. યહાં તો અભી (કહે), વ્યવહાર કરતે-કરતે નિશ્ચય હોગા. ક્લેશ કરતે-કરતે અક્લેશપર્યાય દશા ઉત્પન્ન હોગી. ભાઈ! તત્ત્વસે વિરુદ્ધ હૈ ભગવાન! તને મીઠી લાગે વર્તમાન અને ઐસી કોઈ પ્રરૂપણા કરે તો (કહે), હા, યે બરાબર હૈ. વ્યવહાર, વ્યવહાર બિના નિશ્ચય હોતા હૈ? પરબારા નિશ્ચય હોતા હૈ? પરબારા ક્યા કહતે હૈં? સીધા. એય પંડિતજી! આહાહા! ભગવાન! તું ઐસા પંગુ નહીં, તું ઐસા નિરાધાર નહીં. જો રાગકી મંદતા હો તો પ્રગટ હો ઐસી ચીજ નહીં. સમજમેં આયા?

જુઓને! ભગવાન યહાં કંદકુંદાચાર્ય કહતે હૈં. ઉસકી ટીકા બનાયી પદ્મપ્રભ-મલધારિદેવને. સંત–મુનિ ભાવલિંગી હતાં. છઠવે-સાતવે ગુણસ્થાનમેં ઝૂલનેવાલે. સમજમેં આયા? યે સંતકી વાણી ભવકે અંતકી વાણી હૈ. જિસસે ભવ મિલે ઐસા રાગ, આહાહા! ક્લેશ હૈ. ઓહોહો! ગજબ વાત છે. શેત્રુંજય પર પાંચ પાંડવ ધ્યાનમેં બૈઠે થે આનંદમેં. દુર્યોધનકે ભાનજેને આકર લોહેકે આભૂષણ... હૈ ન? ઉપર હૈ. ઉપર હૈ. આભૂષણ પહનાયે. તીન મુનિ તો આત્માકે ધ્યાનમેં, આનંદકી લહેરમેં પરમાત્મા હો ગયે. દો ભાઈ સહદેવ ને નકુલ, દો મુનિ ભાવલિંગી આનંદમેં લીન. ભાઈ ભીમ, ધર્મરાજ અને અર્જુન આનંદમેં લીન થે. લોહેકે આભૂષણ પહનાયા તો ઉસકો (સહદેવ, નકુલકો) વિકલ્પ આયા, અરેરે! ઉન મુનિકો ક્યા (હોતા) હોગા? અરે! કહતે હૈં, વિકલ્પ ક્લેશ હુઆ. ઉસકે ફલ(રૂપ) દો ભવ હુએ. સર્વાર્થસિદ્ધ ઔર વહાંસે નિકલકર મનુષ્યભવ હોગા.

ભવ ને ભવકા ભાવવાલા આત્મા હૈ? સમજમેં આયા? બહુ ટૂંકામાં–સંક્ષેપમેં સત્યકો ગુપ્ત કરકે સમા દિયા હૈ. કહતે હૈં શ્રીમદ્દ, શાસ્ત્રમેં ધર્મ હૈ, પણ મર્મ જ્ઞાનીકે જ્ઞાનમેં હૈ. સમજમેં આયા? (ક્યોંકિ) અક્ષર તો કુછ બોલતા નહીં. અક્ષરમેં ક્યા ભાવ હૈ વહ તો જ્ઞાની જાને. સમજમેં આયા? દેવીલાલજી! આવું કઠણ આ બધું, જૈનના સંસ્કાર નહીં રહે. યહાંકે સામને જૈન સંસ્કૃતિમેં પત્ર છપા હૈ. યહાંસે વિરુદ્ધ બાત હૈ. એક પત્ર હૈ. ભગવાન! (તું) તેરા વિરોધ કરતા હૈ ભાઈ! આહાહા! એમ કે યે પૂજા ભક્તિ, દાન, દયા, વ્રત આદિકે પરિણામકો હેય બતાતે હૈં ઔર રાગ કહતે હૈં, તો લોપ હો જાયેગા જૈનસંસ્કૃતિકા. જૈનસંસ્કૃતિ યે હૈ.

યહાં ભગવાન મના કરતે હૈં કિ જૈનસંસ્કૃતિ યે હૈ હી નહીં. આહાહા! હો, બીચમેં અશુભસે બચનેકો ભાવ આતા હૈ, હોતા હૈ, વહ જૈનસંસ્કૃતિ નહીં. જૈનસંસ્કૃતિ તો, ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ 'જિન સો હી આત્મા..' ઉસકા અવલંબન લેકર જો દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન આદિ વીતરાગી પર્યાય હુઈ વહ જૈનસંસ્કૃતિ હૈ. પંદ્રહવી ગાથામેં ઉસકો જૈનશાસન કહા હૈ. અપના આત્મા અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય (અર્થાત્) વિશેષ બિનાકી ચીજ ઉસકી દૃષ્ટિ કરકે જો નિર્મલ જ્ઞાન, શ્રદ્ધા આદિ હુઈ, શુદ્ધોપયોગ હુઆ વહ જૈનશાસન હૈ. શુભરાગાદિ વહ જૈનશાસન નહીં. આહાહા! સમજમેં આયા? બરાબર હૈ? બહુ નાખ્યું છે હોં. વહ કહતે હૈં જુઓ!

**અબ, ઇન (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોંસે (ભેદોંસે) ભરી હુઈ વિભાવપર્યાયોં...** દેખો! **વિવિધ વિકલ્પ**–વૃત્તિયોંસે **ભરી હુઈ વિભાવપર્યાયોંકા નિશ્ચયસે મૈં કર્તા નહીં હૂં...** આહાહા! સમજમેં આયા? હૈ અંદર? હૈ ન, પન્ના સામને હૈ. આહાહા! ૧૫૩ પાને છે. **અબ, ઇન** પૂર્વોક્ત... પૂર્વે કહા ન સબ. **વિવિધ વિકલ્પોં–ભેદોસે ભરી હુઈ વિભાવપર્યાયોં...** યે તો વિભાવપર્યાયસે ભરા હુઆ હૈ ભાવ. શુભ-અશુભભાવ તો વિભાવપર્યાયસે ભરા હુઆ હૈ. આહાહા! નિશ્ચયસે મૈં કર્તા નહીં હૂં. ખરેખર મૈં વહ વિભાવપર્યાયકા કર્તા નહીં. મૈં તો સ્વભાવિક ચીજ હૂં, મૈં તો સચ્ચિદાનંદ પ્રભુ હૂં. આહાહા! ઐસી દૃષ્ટિ હુઈ તો સમ્યગ્દૃષ્ટિ ઐસે કહતા હૈ, જાનતા હૈ, માનતા હૈ કિ વિવિધ વિભાવપર્યાયકા મૈં કર્તા નહીં હૂં. મૈં કર્તા... હૈ પંડિતજી? અંદર હૈ, દેખો!

ભગવાન! તેરી ચીજ ઐસી હૈ પણ ઉસકી ખબર નહીં. ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસમેં આનંદ ભરા હૈ. આહાહા! બર્ફકી શિલા ઠંડી પાચ મણ-દસ મણકી હો, ક્યા ઉસમેં ખૂણેખાંચરે, મધ્ય, બાહર ઉષ્ણતા હૈ કહીં? ઐસે ભગવાન આનંદકી શિલા અંદર હૈ. નિત્યાનંદ ધ્રુવ જ્ઞાયક ને આનંદની શિલા હૈ. કહે છે કે ઉસકે મધ્યમેં, બાહ્યમેં, કિનારે પર્યાયમેં... આહાહા! યે વિભાવપર્યાયકા મૈં કર્તા નહીં. આહાહા!

**કારયિતા નહીં હૂં...** ઓલામાં સામાન્ય વાત કરી હતીને. આ કર્તા નહીં. ખુલાસો પછી કર્યો. કારયિતા નહીં હૂં, બસ. પાઠમાં કર્તા-કર્મની ગાથા.... પણ અહીં પછી કહ્યું. **ઔર**

**પુદ્ગલકર્મરૂપ કર્તાકા...** પર્યાયકે કર્તાકા **અનુમોદક નહીં હૂં...** વહ તો પુદ્ગલકર્મકે વિપાકસે પહપહાટ... જૈસે જમીનમેં.... જમીન નરમ હો જાતી હૈ ન? બહુ ખારેલી જમીન. લોકો ઉસમેંસે ભી .... લેકર કપડા ધોતે થે. ખારીલી જમીન ઐસી. ઐસે અંદરમેં કઠણ જમીન જો ધ્રુવ ભગવાન આત્મા ઉસકા આશ્રય લેકર જો પર્યાય પ્રગટ હુઈ, ઉસમેં પહપહાટકી પર્યાયકા અનુમોદક મૈં નહીં. ભારે વાત ભાઈ! વકીલજી! માર્ગ ઐસા હૈ.

લોકોને ખબર નહીં, કંઈક-કંઈક ચડાવી દીધા માર્ગે. અરે પ્રભુ! ક્યાં માર્ગ રહ્યા ભાઈ? અંતર્મુખ જાના વહ માર્ગ હૈ અને બહિર્મુખકી વૃત્તિમેં માર્ગ ઠહરા દિયા. રેલ... રેલ હોતી હૈ ન. ... ક્યા કહતે હૈં? રેલ નહીં હોતી? એક પાટા હોય... જરીક પાટો આમ ચડાવી દે તો આમ ચાલી જાય. ઐસે ચલે તો ઐસે ચલે. પતલા પટ્ટા હોતા હૈ. હમારે પાલેજમેં દેખા હૈ. હા, વહ સાંધા. સાંધા કરતે હૈં ન. ધંધા કિયા હૈ ન વહાં. હા, એ. ઐસે ઇસ પાટે પર ચડા દે કિ રાગ ઠીક હૈ, પણ મિથ્યાત્વકે પટ્ટે જાનેસે સંસાર બઢાયેગા. રાગરહિત અપના ભગવાન આત્માકે પટ્ટે ચડા દિયા, અલ્પ કાલમેં સિદ્ધ હુએ બિના છૂટકા નહીં.

(પ્રમાણ વચન ગરુદેવ)

**શ્રાવણ સુદ ૭, બુધવાર, તા. ૧૬-૮-૧૯૭૨**
**ગાથા-૭૭-૮૧, પ્રવચન નં. ૭૧ (હિન્દી)**

યે નિયમસાર શાસ્ત્ર સિદ્ધાંત હૈ, ઉસમેં પરમાર્થ પ્રતિક્રમણકા અધિકાર હૈ. સચ્ચા પ્રતિક્રમણ–નિશ્ચય પ્રતિક્રમણ કિસે કહતે હૈં વહ કહતે હૈં. વહ અધિકાર હૈ. યહાં આયા અપને દેખો! નિશ્ચય પ્રતિક્રમણકા અર્થ સંયમ ચારિત્રદશા. આત્મા ત્રિકાલી શુદ્ધ અખંડ-આનંદ હૈ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. ભવ્યોંકો ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન, અનુભવ ને પ્રતીત હોતા હૈ કિ યે આત્મા પૂર્ણ આનંદ ને શુદ્ધ ધ્રુવ હૈ. પીછે સ્વરૂપમેં ઉગ્રપને, ત્રિકાલી આનંદકંદ પ્રભુ ઉસકા ઉગ્રપને આશ્રય લેકર જો ચારિત્રદશામેં વીતરાગી પરિણતિ પ્રગટ હોતી હૈ ઉસકો યહાં ચારિત્ર કહતે હૈં, ઉસ ચારિત્રકે પેટાભેદમેં પરમાર્થ પ્રતિક્રમણ કહતે હૈં. સૂક્ષ્મ બાત હૈ થોડી.

મૈં તો ચૌદહ ભેદવાલા માર્ગણાસ્થાન હૂં નહીં, એમ કહતે હૈં. આહાહા! ક્યા કહતે હૈં? ધર્મી જીવ, જિસકી દૃષ્ટિમેં પૂર્ણ જ્ઞાયક ધ્રુવ ચૈતન્યસ્વરૂપ આયા હૈ, ઐસી વર્તમાન પરિણતિ જિસકી વીતરાગી હુઈ હૈ, વહ ઐસે જાનતા હૈ... 'કહતા હૈ' યે (તો એક) શબ્દ હૈ. વહ ઐસે જાનતા હૈ કિ ચૌદહ ભેદવાલા માર્ગણાસ્થાન—ગતિ, કાય, જોગ, લેશ્યા આદિ જો ભેદ હૈં વહ મૈં નહીં. આહાહા! ધન્નાલાલજી! સમ્યગ્દર્શનમેં ભી યે ચૌદમાર્ગણાસ્થાન ભેદ(રૂપ) મૈં નહીં, પણ યહાં તો ચારિત્રકી વિશેષ દશા હૈ, ઉસકે પેટાભેદમેં પ્રતિક્રમણ લિયા હૈ. આહાહા! ચારિત્ર કિસે કહતે હૈં, ખબર નહીં. આહાહા! બાહ્ય ત્યાગ ભોગવે ઔર ઉસમેં કોઈ મહાવ્રતકા વિકલ્પ કલ્પનાકા હો ઉસકો ચારિત્ર માને, દૃષ્ટિ બડી મિથ્યાત્વ હૈ.

શ્રોતા : ... ત્યાગકો ચારિત્ર કૈસે માને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બાહરકા ત્યાગ હૈ હી કહાં? બાહ્યકા ત્યાગ તો ત્રિકાલ હૈ. ઉસમેં ચીજ હૈ હી નહીં તો કિસકા ત્યાગ કરે? યહાં તો, મૈં રાગકા ત્યાગ કરતા હૂં વહ ભી સ્વરૂપમેં નહીં. પરકી તો બાત હૈ હી નહીં. ઉસકી ચીજમેં પરચીજકા તો નાસ્તિભાવ હૈ. અપના પુણ્ય ને પાપકા ભાવ જો વિકલ્પ–રાગ હૈ ઉસકા મૈં ત્યાગ કરતા હૂં વહ ભી વસ્તુકે સ્વરૂપમેં નહીં. આહાહા!

પરમાર્થસે અશુભ કિ શુભભાવકા ત્યાગકર્તા હૂં ઐસી ચીજ મૈં નહીં. ઉસકા ત્યાગ કરતા હૂં (ઐસા માને) તો ઉસકી દૃષ્ટિ રાગ પર ગઈ. ઔર આત્માકા ઉસકે ત્યાગકા કર્તા હૈ (ઐસા માને) તો ઉસને રાગકો સ્વભાવમેં ગ્રહણ કિયા થા ઐસા હુઆ. આહાહા! ઐસી ... સૂક્ષ્મ હૈ. સમજમેં આયા? વિકલ્પ મંદ રાગાદિ હો, જો ત્રિકાલી ભગવાન સ્વભાવને ગ્રહણ કિયા હો, તો ઉસકા ત્યાગ કરના (સંભવ હૈ). વહ તો હૈ નહીં. બહુત સૂક્ષ્મ બાત હૈ.

સમ્યગ્દર્શન ને ઉસકા વિષય વહ બાત બહુત લુપ્ત હો ગઈ, જો મૂલ ચીજ હૈ. જૈનદર્શનકી અથવા વિશ્વદર્શન, જૈનદર્શન એટલે વિશ્વદર્શન. વિશ્વદર્શન એટલે જૈનદર્શન એમ નહીં.

શ્રોતા : .....દર્શનકી પરિભાષા...

પૂજ્ય ગુરૂદેવશ્રી : જૈન એટલે વસ્તુનું સ્વરૂપ. 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યે હી વચનસે સમજ લે જિનવચનકા મર્મ.' 'જિન સો હી આત્મા..' આત્મા વહ જિનસ્વરૂપ હી હૈ, અકષાયસ્વભાવી પિંડ હૈ. શુદ્ધ જીવાસ્તિકાય અસંખ્યપ્રદેશી ઔર અનંત-અનંત પવિત્ર શક્તિકા પિંડ વહ આત્મા હૈ. વહ તો જિનસ્વરૂપ હુઆ. જિન કોઈ સંપ્રદાય નહીં, વહ તો વસ્તુકા સ્વરૂપ હૈ. ઉસ સ્વરૂપકા આશ્રય લેકર પ્રથમ તો સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસકે સિવા કોઈ કષાયકી મંદતા કરનેસે કિ શાસ્ત્રકે પઢનેસે સમ્યગ્દર્શન હો યે બાત હૈ નહીં. ધન્નાલાલજી! આહાહા! વીતરાગકી વાણીસે ભી સમ્યગ્દર્શન હોતા નહીં. આહાહા! પણ વસ્તુસ્થિતિ... વસ્તુ.... વસ્તુ કહતે હૈં ન. યહાં તો બહોત....

જરી હમણાં બહાર પ્રશ્ન થયો. કે ભઈ, ગાથામાં 'કારણ' શબ્દ છેને? ટીકામાં નથી. ભાઈએ પાછો ખુલાસો કર્યો નથી. (શ્રોતાઃ પંચાસ્તિકાયમાં બધા અર્થ આવી ગયા). આમ તો ..... નથી એમેય કીધું છે. એમ કંઈ ન ચાલે. એ તો પાછળ પોતે કહ્યું છે. (**જિસપ્રકાર ટીકામેં કર્તાકે સમ્બન્ધમેં વર્ણન કિયા, ઉસીપ્રકાર કારયિતા ઔર અનુમંતા–અનુમોદકકે સંબંધમેં ભી સમજ લેના**). ઓલો તો ખ્યાલ ન આવ્યો હોય... બેમાં ... છે. બેમાં શું, પાંચેયમાં છે. બેમાં છે એમાં. બાળ-વૃદ્ધમાં છે અને રાગ-દ્વેષ-મોહમાં છે. મોહમાં જ છેને. રાગદ્વેષ-મોહ તો મૂળ ચીજ છે. એમાં તો બધું આવી ગયું. બધામાં છે ખરેખર તો. પાઠ ભલે બેમાં હોય, એ તો પદની રચના માટે. બધામાં (લેવું કે) કર્તા, કારયિતા, અનુમંતા ને કારણ ચારેય હું નહીં.

ગતિ આદિ ભેદ પડતે હૈં જો જીવમેં, ગતિ, કાય, લેશ્યા, જોગ, અરે! ભવ્ય ને અભવ્ય. આહાહા! ઐસે જો ભેદ હૈં યે મેરેમેં નહીં. ઉસકે અર્થમેં (ઐસે હૈ કિ) ત્રિકાલીમેં નહીં, પણ વહ પરિણતિ કહતી હૈ કિ ત્રિકાલીમેં નહીં તો પરિણતિમેં ભી નહીં. સૂક્ષ્મ બાત હૈ. ધન્નાલાલજી! યે મૈં નહીં હૂં, મુજમેં વહ નહીં. પણ 'મુજમેં નહીં' વહ કૌન કહતા હૈ? ધ્રુવ કહતા હૈ? પર્યાય કહતી હૈ. પર્યાયમેં–શુદ્ધ પરિણતિમેં અનંત ગુણકી નિર્મલ પરિણતિ હુઈ, ઉસમેં જ્ઞાનકી પર્યાય ઐસે કહતી હૈ, ઐસે જાનતી હૈ. જ્ઞાનકી પર્યાય ઐસે જાનતી હૈ કિ ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન મેરેમેં હૈ નહીં. આહાહા! યે પર્યાયદૃષ્ટિવંતકો જાનનેલાયક બાત હુઈ, આદરનેલાયક બાત નહીં. સમજમેં આયા? (શ્રોતાઃ આ વાતને ફરીને લ્યો.) ફરીને કહીશું. એ કંઈ જવા નહીં દઈએ, એક જ વાત બે, ત્રણ, ચાર વાર આવશે. આ તો હજી ઓલું પાનું ૮૮નું છેને. ચૌદ ભેદ છે ૮૮મે પાને.

ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમકિત, સંજ્ઞિત્વ ને આહાર. આહાહા! સમ્યગ્દૃષ્ટિ કહતા હૈ, મૈં તો શુદ્ધ જીવાસ્તિકાય દ્રવ્ય ત્રિકાલ હૂં. ઐસા જબ ઉગ્ર આશ્રય લિયા તો વીતરાગી ચારિત્રકી પર્યાય જો મોક્ષમાર્ગકા મૂલ કારણ હૈ... સમકિતીકો જાનના પડતા હૈ કિ નહીં કિ ચારિત્ર ઉસકો કહતે હૈં? આહાહા! ચારિત્ર, કોઈ મહાવ્રતકા વિકલ્પ વહ ચારિત્ર નહીં. દેહકી નગ્નદશા વહ ચારિત્ર નહીં. આહાહા!

શ્રોતા : પીંછી, કમંડળ તો હૈ ન ચારિત્ર?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એય! પીછી, કમંડળ તો ક્યાંય રહી ગયા. જડ છે. વહ તો ચારિત્ર નહીં, પણ પંચમહાવ્રતકા વિકલ્પ જો હોતા હૈ વહ ભી ચારિત્ર નહીં. વહ તો ચારિત્રમેં દોષ, રાગ હૈ. આહાહા! પંચમહાવ્રતકા પરિણામ યે તો આસ્રવ, દોષ ને રાગ હૈ. યે આત્મામેં નહીં. આહાહા!

ઉસકા અર્થ કિ મેરેમેં માર્ગણા–ગતિ, કાય, લેશ્યા, જોગ (આદિ) નહીં, ઉસમેં મહાવ્રતકા વિકલ્પ આ ગયા. વહ મેરેમેં નહીં ઐસે કહતી હૈ જ્ઞાનપર્યાય ચારિત્રકી પર્યાયકે સાથ. જ્ઞાન ઐસે જાનતા હૈ. વહ જ્ઞાનર્યાય ઐસે જાનતી હૈ કિ મેરે જીવાસ્તિકાયમેં–મેરી ધ્રુવચીજમેં યહ નહીં. ઉસકા અર્થ હુઆ કિ વર્તમાન મેરી પરિણતિ જો હૈ ઉસમેં ભી યહ નહીં. સમજનેકી થોડી સૂક્ષ્મ બાત હૈ. ફરીને. ધન્નાલાલજી!

'મેરેમેં કષાય નહીં' એમાં બધું આવી ગયું. મહાવ્રતના પરિણામ... ૧૪ માર્ગણામાં તો બધું આવી ગયુંને. કષાય, જ્ઞાનના ભેદો, દર્શનના ભેદ, અરે! ભવ્ય-અભવ્યપણું. મેરી ચીજ જો ત્રિકાલી જ્ઞાયક ધ્રુવ વહ મૈં હૂં ઐસે સમકિતકી પર્યાય, જ્ઞાનકી પર્યાય માનતી હૈ કિ યે મૈં હૂં. આહા! સમજમેં આયા? સમ્યગ્દર્શનકી પર્યાયકે સાથ સમ્યગ્જ્ઞાનકી પર્યાય જો હૈ વહ ઐસે માનતી ને જાનતી હૈ કિ મૈં તો ત્રિકાલી શુદ્ધ જીવદ્રવ્ય હૂં. મૈં હોં, પર્યાય ઐસે કહતી હૈ કિ મૈં યે હૂં. આહાહા! સમજાય છે કાંઇ? દિગંબર સત્ય પંથ સિવાય આ વાત ક્યાંય બીજે છે નહીં, ક્યાંય છે નહીં, ક્યાંય છે નહીં.

ભગવાન પરિપૂર્ણ એક સમયનો ત્રિકાલી જીવ જેને શુદ્ધજીવાસ્તિકાય માથે કહ્યું. અસ્તિકાય કહ્યુંને, કેમ જીવ અસ્તિ તો છે પણ એની અંદર, સર્વજ્ઞના શાસનમાં તો અસંખ્ય પ્રદેશી એક જીવ (કહ્યો) છે. એ વાત બીજે ક્યાંય છે જ નહીં. એથી જીવાસ્તિકાય કહ્યું છે માથે પહેલા ભાગમાં. કાલ વંચાઈ ગયું. શુદ્ધ જીવાસ્તિકાય. અસ્તિ તો છે, પણ કાય છે– અસંખ્યપ્રદેશી એ મારે કાય છે. ઝીણી વાત છે. એવો જે જીવાસ્તિકાય શુદ્ધ એ 'હું' એમ પરિણતિ જાણે છે. ધ્રુવ સદૃશ હૈ, ઉસમેં ક્યા હૈ? પરિણતિ વર્તમાન... સૂક્ષ્મ બોલ હૈ ભૈયા! અનંત કાલમેં ઉસકે ખ્યાલમેં, યે ચીજ ક્યા હૈ યે ખ્યાલમેં લિયે બિના, 'યે મેરેમેં નહીં' ઐસે જાનનેકી પર્યાય કહાંસે કહેગી? આહાહા! ક્યા કહા?

દ્રવ્ય જો ત્રિકાલી શુદ્ધ જીવાસ્તિકાય ભગવાન પૂર્ણાનંદ ઉસકા લક્ષ કરકે પરિણતિમેં ભાન ન હુઆ, વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં 'યે દ્રવ્ય શુદ્ધ હૈ, ત્રિકાલ હૈ, અભેદ હૈ'—ઐસા ભાન હુઆ નહીં વહ પર્યાય કૈસે કહેગી કિ મેરેમેં યહ નહીં? મેરેમેં એટલે ત્રિકાલી ધ્રુવમેં. આહાહા! સૂક્ષ્મ છે ભાઈ! અંતર વસ્તુ એવી છે. અત્યારે તો બધી બહારની વાતું મિથ્યાત્વના પોષકની છે. આ કરો ને આ કરો, આ કરો, કર્તા (બનો). રાગના વિકલ્પ ને પુણ્યનો ભાવ એનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાતમાં સમજવું હોય તો આ છે.

કહતે હૈં, મૈં ચૌદહ ભેદવાલા... 'ભેદ' શબ્દ હૈ ન. ગતિ, કષાય, લેશ્યા, વેદ, ભવ્ય-અભવ્ય, જ્ઞાનની પર્યાયના પાંચ ભેદ, દર્શનની પર્યાયના ચાર ભેદ ચક્ષુ-અચક્ષુ-અવધિ આદિ... ઓહોહો! ઐસી માર્ગણા... શુદ્ધ નિશ્ચયનયસે... ધ્યાન રાખો. આ એકેક શબ્દનો અર્થ થાય છેને. **શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો**... એમ ભાષા દેખો! ઓહોહો! મૈં તો પરમભાવ જિસકા સ્વભાવ હૈ વહ મૈં હૂં. આહાહા! સમજમેં આયા?

પરમભાવસ્વભાવવાલેકો.. **શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો...** જિસને પરમસ્વભાવભાવ ગ્રહણ કિયા હૈ, શ્રદ્ધા-જ્ઞાનમેં આયા હૈ ઔર ઉસકે ઉપરાંત ચારિત્રકા અધિકાર હૈ તો વીતરાગીદશા હુઈ હૈ. ઐસે મેરેમેં... 'મેરેમેં' નાખ્યું ત્રિકાલી મૈં. **પરમસ્વભાવ-ભાવવાલેકો (પરમભાવ જિસકા સ્વભાવ હૈ ઐસે મુજે)**.... પર્યાય ઐસે કહતી હૈ કિ મેરા તો પરમસ્વભાવ યે મેરા હૈ. આહાહા! જિનેશ્વરદાસજી! આહાહા! મેરેમેં.. મુજે... મુજે એટલે? મુજે અર્થાત્? મેરા પરમસ્વભાવભાવ. પર્યાય ઐસે કહતી હૈ કિ મુજે એટલે આમાં (-દ્રવ્યમાં), મૈં પરમસ્વભાવવાલા હૂં ઐસે પર્યાયને જાના હૈ. સમજમેં આયા?

શ્રોતા : .... મતલબ જીવાસ્તિકાય...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જીવાસ્તિકાય.

મુજે એટલે મૈં યહ હૂં. મૈં યહ હૂં, ઉસમેં નહીં, ઉસકા અર્થ કિ મેરી પરિણતિમેં નહીં. યહાં તો, ઉસકા સ્વીકાર કરનેવાલી પરિણતિ ઐસે કહતી હૈ કિ ઇસમેં નહીં તો (પર્યાયમેં) ભી નહીં ઐસે આ ગયા. આહાહા! શેઠ! સૂક્ષ્મ બાત હૈ. ઐસે સ્વીકાર કરતી હૈ. આહાહા! વર્તમાનકી પર્યાય જિસને શુદ્ધ દ્રવ્યસ્વભાવકા જ્ઞાન કિયા, દૃષ્ટિ કી, રુચિ કી, વહ ઐસે જાનતી હૈ કિ મેરેમેં ભેદવાલે માર્ગણાસ્થાન શુદ્ધ નિશ્ચયનયસે... શુદ્ધ નિશ્ચયનયસે તો ત્રિકાલી સ્વભાવ કહા. **પરમભાવસ્વભાવવાલેકો**... મૈં તો પરમસ્વભાવવાલા હૂં, પર્યાયવાલા ઈતના ભી નહીં એમ કહતે હૈં. આહાહા! જેઠાભાઈ! પર્યાયવાલા નહીં. 'સમ્યગ્દર્શન પર્યાયવાલેકો' ઐસે ન કહા. પરમસ્વભાવભાવવાલેકો પર્યાય ઐસે જાનતી હૈ કિ પરમસ્વભાવવાલા વહ મૈં હૂં, પરમસ્વભાવવાલા વહ મૈં હૂં. આહાહા! માર્ગ, બાપા! સૂક્ષ્મ છે. જ્ઞાન જાનતા હૈ. શ્રદ્ધા કુછ જાનતી નહીં. શ્રદ્ધા તો અસ્તિ.... આહાહા!

યહાં તો દૂસરી બાત હૈ. કિ મેરી પર્યાયમેં જિતને ભેદ પડતે હૈં વે શુદ્ધ નિશ્ચયનય-બલસે મુજે નહીં, ઉસકા મૈં કર્તા નહીં, આહાહા! મૈં કરાનેવાલા નહીં, ઉસકા મૈં અનુમોદન કરતા નહીં ઔર ઉસમેં મેરા કારણ નહીં. ચાર બોલ લિયે હૈં. આહાહા અરેરે! આવી વાતું ક્યાં.... એના ઘરની વાતું જાણ્યા વિના બહારમાં ફર્યા કરે, આ કર્યા ને આ કર્યા, વ્રત પાળ્યા ને પૂજા કરી ને ભક્તિ કરી, ભગવાનની ભક્તિ, ભગવાનનું નામસ્મરણ—એ તો બધા વિકલ્પ છે, સાંભળ! યે પહલે નંબરકી બાત ધર્મકી હૈ. ધર્મકે પહલે નંબરકી બાત હૈ. ધન્નાલાલજી! આ.... આહાહા! પણ પહલે નક્કી કરના પડે ન ઉસકો. આહાહા!

યહાં તો બહોત સમા દિયા હૈ ઈસમેં. મેરેમેં માર્ગણાસ્થાનકા ભેદ મુજે નહીં. ક્યોં? કિસકે બલસે મુજે નહીં? કિ ત્રિકાલી શુદ્ધનયસે પરમસ્વભાવવાલેકો, જિસને પરમસ્વભાવ નિશ્ચયકા આશ્રય લિયા હૈ ઔર ઉસકે આશ્રયસે પરિણતિ નિર્મલ પ્રગટ હુઈ હૈ, ઉસ પરિણતિમેં જ્ઞાન હૈ વહ કહતા હૈ કિ નિશ્ચયનયસે મેરેમેં વહ ભાવ હૈ હી નહીં. મેરેમેં, મુજે નહીં. પર્યાય કહતી હૈ, મેરેમેં–ત્રિકાલમેં નહીં. ત્રિકાલમેં નહીં તો મેરી પર્યાયમેં ભી નહીં. ઉસકો સ્વીકાર કરનેવાલી પર્યાયમેં ભી યે ભેદ નહીં. આહાહા! આવો માર્ગ છે વીતરાગનો. ભારે સૂક્ષ્મ વાત. આહા! જેના ફળ અનંત આનંદ ને અનંત શાંતિ મળે, ઉસકા ઉપાય ભી બહોત અલૌકિક હોતા હૈ. સમજમેં આયા?

કહતે હૈં, **ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન શુદ્ધનિશ્ચયનયસે પરમસ્વભાવભાવવાલેકો (-પરમભાવસ્વભાવ જિસકા સ્વભાવ હૈ ઐસે મુજે)...** 'ઐસે' લિખા હૈ ન. ... મૈં પરમ-સ્વભાવવાલા મેરેમેં હૂં. ઓહોહો! ઐસી સમ્યગ્જ્ઞાનકી પર્યાય— સમ્યગ્દર્શનકી પર્યાયકે સાથમેં રહનેવાલી પર્યાય—ઐસે કહતી હૈ, ઐસે જાનતી હૈ... 'કહતી હૈ' તો શબ્દ હૈ. આહાહા! પરમસ્વભાવવાલે મુજે, ઐસે પર્યાય જાનતી હૈ. આહાહા! મૈં તો પરમસ્વભાવવાલા હૂં—ઐસે મુજે યે ભેદ નહીં, ગતિ, કષાય, લેશ્યા આદિકે ભેદ નહીં. ભેદકા મૈં કર્તા નહીં, ભેદકા મૈં કરાનેવાલા નહીં, ભેદકા મૈં અનુમોદક નહીં, ભેદકા મૈં કારણ નહીં. આહાહા! સમજમેં આયા?

બે ગાથામાં ભલે કારણ કહ્યું હોય, પણ બધામાં–સબમેં લેવું. મૈં.. મુજે... મુજે એટલે? પરમસ્વભાવભાવવાલેકો. જિસને અંદરમેં, સમ્યગ્દર્શનકા વિષય પરમસ્વભાવભાવ હૈ ઐસા જિસને ગ્રહણ કિયા હૈ ઐસી પર્યાય જાનતી હૈ કિ મુજે—મૈં પરમસ્વભાવભાવ ગ્રહણ કરનેવાલા મુજે... મેરી પર્યાય ગ્રહણ કરનેવાલા મુજે, ઐસે નહીં. આહાહા! સમજમેં આયા? સમજાય એટલું સમજો. આ તો વીતરાગની વાણી છે ભાઈ! અત્યારે તો ચાલતી નથી એટલે લોકોને એમ લાગે કે આ શું આવ્યું. ચલતી નહીં ક્યા, તેરી પરિણતિમેં માર્ગ પ્રગટ કર તો ચલતા હી (રહેગા). ઐસે કહે કિ નયા ધર્મ નિકાલા હૈ. ભગવાન! કિસકા લિખા હૈ? યે દેખો ન,

યે ક્યા હૈ? શાસ્ત્રમેં ક્યા પડા હૈ? બાત નયી આયી વહ તો દૂસરી બાત હૈ. વહ બરાબર હૈ, પણ વસ્તુ તો અનાદિકી હૈ. શાસ્ત્ર આ ક્યા કહતે હૈં? યે ક્યા કહતે હૈં? દેખો!

ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન મુજે શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વવાલેકો (નહીં હૈં). મૈં તો પરમસ્વભાવવાલા હૂં ઐસે મેરેકો—શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો—યે ભેદ ભી નહીં. યે ભેદ તો નહીં, પણ ભેદકા કરનેવાલા મૈં નહીં. આહાહા! કરાનેવાલા મૈં નહીં, ભેદકા અનુમોદક મૈં નહીં, ભેદકા મૈં કારણ નહીં. મૈં તો અભેદ ત્રિકાલી હૂં. આહાહા! જેઠાભાઈ! આવી વાણી હતી તમારે શ્વેતામ્બરમાં ક્યાંય? હોય નહીં તો ક્યાંથી આવે? આહા! દિગંબર સંતોને બહોત સ્પષ્ટ કર દિયા હૈ. સમજમેં આયા?

ઐસી ચીજ હૈ, અંતરમેં અનુભવમેં લે તો ચીજ હી ઐસી હૈ. આહાહા! બહોત સૂક્ષ્મ બાત હૈ. માર્ગણાકે ભેદ, જ્ઞાનકી પર્યાયકે પાંચ ભેદ, દર્શનકે પાંચ ભેદ, ભવ્ય-અભવ્યકે ભેદ—યે મેરેમેં શુદ્ધનિશ્ચયનયકે બલસે... શુદ્ધનિશ્ચયનું બળ, પરમસ્વભાવભાવ એ નિશ્ચય છે, એ નિશ્ચયનય છે. પરમસ્વભાવભાવ જો ત્રિકાલ વહી શુદ્ધનિશ્ચયનય હૈ. નય ને નયકા વિષય ઐસે અધ્યાત્મમેં ભેદ નહીં. યહાં કહા ન, દેખો ન.

શુદ્ધનિશ્ચયનયકે બલસે પરમસ્વભાવાલા મૈં તો હૂં. આહાહા! સમજમેં આયા? ઐસે મુજે... મૈં પરમસ્વભાવવાલા હૂં. મૈં પર્યાયવાલા નહીં એમ કહતે હૈં. પંડિતજી! હૈ ઉસમેં? દેખો! પહલા વ્યાખ્યાન સૂક્ષ્મ આયા. આહાહા! ઐસે મુજે... મૈં કૌન? મૈં તો પરમસ્વભાવભાવ ત્રિકાલી શુદ્ધનિશ્ચયકા સ્વભાવવાલા ઐસે મુજે, માર્ગણાકે ભેદ મેરેમેં નહીં, મુજે નહીં. મુજે નહીં તો મેરેમેં નહીં, તો મેરી પર્યાયમેં ભી નહીં. આહાહા! મૈં ... સત્ય યે હૈ. આહાહા! સમજમેં આયા? અનંત-અનંત જીવ ..... ઇસે પાયે હૈં. યે ચીજ ઐસી નહીં કિ ન પ્રાપ્ત હો. અપની ચીજ હૈ ઔર પ્રાપ્ત ન હો—ઐસા ક્યોં હો? આહાહા! એક વાર હઠ છોડ પ્રભુ! આયા થા ન કાલ. કોલાહલ છોડ, હઠ છોડ. તેરી ચીજ તો અંદર અખંડાનંદ પ્રભુ અભેદ પૂર્ણાનંદ પરમસ્વભાવભાવ શુદ્ધનિશ્ચયકે બલસે પરમસ્વભાવવાલા મૈં તો હૂં, મૈં પર્યાયવાલા નહીં. આહાહા! ગજબ વાત કરે છે. પર્યાય ઐસે કહતી હૈ કિ મૈં તો પરમસ્વભાવવાલા હૂં. આહાહા!

શ્રોતા : પર્યાય હૈ ને પર્યાયવાલા નહીં. .......

પૂજ્ય ગુરૂદેવશ્રી : દિશા બદલ ગઈ ન. પર્યાયદૃષ્ટિમેં ભેદ થા વહ તો મિથ્યાત્વભાવ થા. ઇતના મૈં હૂં વહ તો મિથ્યાત્વભાવ થા. વહ પર્યાયબુદ્ધિ હૈ, પર્યાયબુદ્ધિ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! જેઠાભાઈ!

ઐસે ચૌદહ ભેદવાલા... આહાહા! કેટલું સમાડ્યું છે! આચાર્યદેવને કિતના સમા દિયા હૈ! ઇસકા વિસ્તાર એકેક ગતિ, કાય, લેશ્યા, જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર—સબકા ભેદ .... તુમ ભવ્ય-અભવ્ય નહીં હો. ધર્મી જીવકી પર્યાય ઐસે જાનતી હૈ, મેરે ત્રિકાલીમેં ભવ્ય-અભવ્ય મૈં

નહીં. આહા! ઉસકા અર્થ હુઆ કિ મૈં ભવ્ય ... હો ગયા. 'મૈં ભવ્ય હૂં' વહ તો પર્યાયમેં હૈ. સમજમેં આયા? ઐસા જિસકો નિર્ણય હુઆ ઉસકો શંકા નહીં રહતી કિ મૈં ભવિ હૂં કિ અભવિ. આહાહા! અબ મેરી મુક્તિ કબ હોગી ઐસી શંકા હી નહીં વહાં.

અરે! મુક્તસ્વરૂપ મૈં હૂં, મુક્તસ્વરૂપ શુદ્ધ મૈં હૂં. પર્યાયમેં મુક્તિ હોગી વહ પ્રશ્ન હી યહાં નહીં. આહાહા! જુઓ! તો, સર્વજ્ઞ હૈં ઐસા આત્મસ્વભાવ હૈ, સર્વજ્ઞસ્વભાવી પ્રભુ છે. ભગવાન આત્મા અપના સર્વજ્ઞસ્વભાવ રખતા હૈ. ભગવાનકી બાત યહાં નહીં સર્વજ્ઞ-પર્યાયકી. યે તો સર્વજ્ઞસ્વભાવી આત્મા, પરમસ્વભાવવાલા આત્મા. કબૂલ કરનેવાલા કહતા હૈ કિ પરમસ્વભાવવાલા મૈં આત્મા મુજે વે ભેદ નહીં હૈં. આહાહા! ઉસ ભેદકા કર્તા મૈં નહીં ઔર કરાનેવાલા નહીં, અનુમોદક મૈં નહીં કરતા, આહાહા! ભેદકા મૈં કારણ નહીં. કારણપરમાત્મા વહ મૈં હૂં. ભેદકા કારણ મૈં નહીં. આહાહા! સમજમેં આયા? આજ તો હિન્દી હૈ. ભાષા તો સાદી આતી હૈ. આતી હૈ ભાષા સાદી. સમજમેં આયા? અરે! ઐસા ચૈતન્યપ્રભુ...

ચૌદહ ભેદવાલે જીવસ્થાન. ત્રીજો બોલ. પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી ને અસંજ્ઞી, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય (આદિ) જીવકે ચૌદહ ભેદ હૈં ન? યે ભેદ મુજે નહીં. આહાહા! તીસરે બોલમેં હૈ ઉસમેં. **ચૌદહ ભેદવાલે માર્ગણાસ્થાન, ઉતને ભેદવાલે જીવસ્થાન**... ચૌદ ભેદવાલે જીવસ્થાન... અચ્છા આ ગયા આજ. સમજમેં આયા? જિતને ભેદ માર્ગણાકે હૈં, ઉતને ભેદ જીવસ્થાનકે હૈં. જીવસ્થાન.. જીવસ્થાન. આહાહા! જીવમેં ભેદ પડે કિ યે પર્યાપ્ત હૈ, અપર્યાપ્ત, સંજ્ઞી હૈ, અસંજ્ઞી હૈ, પંચેન્દ્રિય સંજ્ઞી હૈ, પંચેન્દ્રિય અસંજ્ઞી હૈ, પર્યાપ્ત-અપર્યાપ્ત... **ઉતને ભેદવાલે જીવસ્થાન** શુદ્ધનિશ્ચયનયકે બલસે... ત્રિકાલી જીવસ્વભાવ ધ્રુવસ્વભાવકે બલસે... જિસ બલને આશ્રય કિયા ઉસ બલસે કહનેમેં આયા. બલ તો અંદરમેં હૈ, પણ યહાં પર્યાયમેં આયે બિના 'બલસે' જાના કિસને? સમજમેં આયા?

અનંત-અનંત શુદ્ધનિશ્ચયકે બલસે, એમ શબ્દ છે. યે કિસને કહા? પર્યાયને. શુદ્ધ-નિશ્ચયકે બલસે પરમસ્વભાવભાવ ઐસે મુજે ચૌદહ જીવસ્થાન હૈં હી નહીં. પર્યાય ઐસે કહતી હૈ કિ મુજે યે હૈ નહીં, મેરી પર્યાયમેં હૈ નહીં. આહાહા! આવો ત્રણ લોકનો નાથ ચૈતન્યરત્ન હીરો, આહાહા! ઉસકી જહાં દૃષ્ટિ હુઈ ઔર ઉસકા જ્ઞાન ભી સાથમેં હુઆ, જ્ઞાનમેં વહ ચીજ આયી. 'ચીજ જ્ઞાનમેં આયી' અર્થાત્ ક્યા? જ્ઞાનકી પર્યાયમેં વહ ચીજ આતી હૈ? જ્ઞાનકી પર્યાયમેં 'યે હૈ' ઐસા જ્ઞાન હોતા હૈ. આહાહા!

આ માર્ગ તો, ઇન્દ્રો લોકના સ્વામી, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર અને ગણધર–તીર્થંકરના વજીર–દિવાન ઉનકે સમીપમેં યે વાણી આતી થી. સમજમેં આયા? યહ વાણી સુનકર કુંદકુંદાચાર્યને અંતરમેં અભેદ દૃષ્ટિ કરકે... અભેદ (દૃષ્ટિ) પહલેસે તો થી, વિશેષ સ્પષ્ટ હુઆ. યહાં આકર દુનિયાકે પાસ સંદેશ દિખાતે હૈં. ભગવાનકા સંદેશ યે હૈ. સમજમેં

આયા? ઇન્દ્રો અર્ધલોકના સ્વામી અંદર બેઠા હોય શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર અને ચાર-ચાર જ્ઞાનના ધરનારા એવા ગણધર–સંતો એમના સમીપમાં આ વાત આવી હતી. સમજમેં આયા? ભગવાન...

શ્રોતા : ક્યા સંદેશ આતા હોગા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે સંદેશ દિયા કિ તેરી ચીજમેં ભેદ નહીં. આહાહા! ઐસી તેરી દૃષ્ટિ હોની ચાહિયે. સુજાનમલજી! આમાં તકરાર કરે સામસામા. ભાઈ! તકરાર રહેવા દે પ્રભુ! તેરી ચીજ ઐસી હૈ. ભેદસે પ્રાપ્ત હો (વહ) કલંક હૈ અભેદકો. રાગકી મંદતાસે આત્માકી પ્રાપ્તિ હો, શુભરાગ ક્રિયા કરતે-કરતે વ્યવહારસે નિશ્ચય (હોગા). વ્યવહાર મંદરાગ હૈ, કલંક હૈ. ઐસા આત્મા હૈ હી નહીં. સમજમેં આયા? આત્મા ઐસા હૈ નહીં. આહાહા! કિસકો? જિસને સ્વીકાર કિયા ઉસકો. સ્વીકાર બિના... યે હૈ, હૈ તો હૈ, પણ જ્ઞાનમેં આયે બિના 'હૈ' ઉસકી કબૂલાત કિસને કી? જિનેશ્વરદાસજી!

શ્રોતા : આજ બહોત વિશેષ બાત આયી. સ્વીકાર કિયા તો...

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે 'હૈ'. હૈ વહ જાના કિસને? જાને બિના 'હૈ' કહાંસે આયા? કૌન કહે? યે તો વાણી હૈ. વાણીકી વાણી હૈ. વાણી તો ઐસે બતાતી હૈ કિ તેરી પર્યાય ઐસી કબૂલાત કરતી હૈ. વાણી ઐસે કહતી હૈ. તેરી પર્યાય ઐસે કબૂલાત કરતી હૈ કિ મૈં પરમસ્વભાવવાલા હૂં. યે ભેદસે મેરી પ્રાપ્તિ હો ઐસા મૈં હૂં નહીં. રાગકી મંદતાસે પ્રાપ્ત હો, કષાયકી મંદતા કરતે-કરતે દૃષ્ટિ હો જાય—ઐસા મૈં હૂં નહીં. મૈં ઐસા હૂં નહીં, તું કલંક ન લગા. આહાહા! સમજમેં આયા?

ઇતને ભેદવાલા જીવસ્થાન મૈં નહીં. અરે! સંજ્ઞીપનેકી પર્યાય પ્રગટ હુઈ, નિશ્ચયનયસે મુજે સંજ્ઞીપના હૈ ન? સુનનેમેં મિલા તો કુછ લાભ હુઆ. સંજ્ઞીપને બિના, સુને બિના લાભ કહાંસે હોતા હૈ? અરે! સુન તો સહી પ્રભુ! સંજ્ઞીપનેકી પર્યાયકે ભેદમેં મૈં નહીં, મેરેમેં યે નહીં. આહાહા! સંજ્ઞીપનેકી પર્યાય મેરેમેં નહીં, ફિર ઉસકો સુનનેસે લાભ હુઆ યે પ્રશ્ન હી નહીં હૈ. સુનનેસે લાભ હોતા હી નહીં. આરે, ગજબ વાત છે. નહીં હોતા હૈ, વીતરાગીકી વાણીસે લાભ નહીં હોતા. વાણી ઐસે કહતી હૈ. ગજબ છે! સમજમેં આયા?

વાણી તો જડ હૈ, પર હૈ. યહાં તો ભેદકા મૈં કરનેવાલા નહીં, ભેદસે મૈં પ્રાપ્ત નહીં હોતા, તો ફિર વાણીસે પ્રાપ્ત હોઉં ઐસા તો મૈં હૂં નહીં. યે તો પરમ સત્ય અમૃત હૈ ભગવાનકા. કઠણ લાગે. કઠણ-બઠણ નથી ભાઈ! એ તો પકડાઈ શકે એવી ચીજ છે. એનો સ્વભાવ જ એવો છે. આહાહા! એવા સ્વભાવનો જ્યાં અંદર સ્વીકાર આવ્યો, ખલાસ થઈ ગઈ વાત. સ્વીકારકી પર્યાય ઐસે કહતી હૈ, જાનતી હૈ, મૈં પરમ સ્વભાવવાલા હૂં, ઉસમેં યે ભેદ હૈં નહીં. તો જાનનેવાલી પર્યાય કહતી હૈ કિ મેરી પર્યાયમેં યે ભેદ નહીં. આહાહા! સમજમેં

આયા? ઐસા વીતરાગમાર્ગ, સમ્યગ્દર્શનકી શુરૂઆત હોતી હૈ ઐસા માર્ગ હૈ. સમજમેં આયા? અને સમ્યગ્દર્શન વિના બધી વાતું કરે થોથા. ઐસા વ્રત પાલના, ઐસી તપસ્યા કરના, ઐસા કરના. કુછ તો લાભ હોગા ન? ધૂલમેં ભી નહીં લાભ, સુન તો સહી!

શ્રોતા : અભ્યાસ તો કરના ચાહિયે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અભ્યાસ ક્યા કરે કિસકા? યહાં તો કહતે હૈં. દેખો! આયેગા. લ્યો, બાદકી ગાથા હૈ ન ૮૨. ... ભેદ-અભ્યાસ હૈ. દેખો! **एरिस भेदब्भासे...** યે ભેદ-અભ્યાસ હૈ. વહ અભ્યાસ નહીં. જ્યાં જોઈએ ત્યાં પઢ્યા-પઢ્યા..... **एरिस भेदब्भासे...** મૈં જીવસ્થાનમેં (નહીં), જીવસ્થાન મેરેમેં નહીં ઐસા અભ્યાસ કર. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેને નિમિત્ત કહેવાય એમાં (વાણીમાં). વાણી સ્વતંત્ર છે. વાણીમાં એટલી તાકાત છે, સ્વ-પર કહનેકી શક્તિ ઉસમેં હૈ. જાનનેકી શક્તિ ભગવાન આત્મામેં હૈ. પરમાણુમેં ભી સ્વ-પર કહનેકી સ્વતઃશક્તિ હૈ. કેવલજ્ઞાન નિમિત્ત હૈ ઇસલિયે વહાં પરમાણુમેં ઐસી શક્તિ આયી, ઐસા ભી નહીં. આહાહા! સમજમેં આયા?

વાણી જો દિવ્યધ્વનિ નિકલતી હૈ ઉસ વાણીમેં સ્વ-પર બતાનેકી શક્તિ હૈ. વહ શક્તિ, કેવલજ્ઞાન નિમિત્ત હૈ તો વાણીમેં ઐસી શક્તિ આયી ઐસા નહીં. આહાહા! વહ તો પરમાણુકી પર્યાય હૈ. ઉસમેં ઇતની તાકાત હૈ કિ અપની પરમાણુકી પર્યાયકી બાત કરે ઔર દૂસરેકી ભી કરે. પણ જાને બિના કરે ઐસી શક્તિ ઉસમેં હૈ. ઉસમેં કેવલજ્ઞાનકા નિમિત્ત હૈ ન? ઐસા એકાંત હૈ નહીં. બિલકુલ નહીં. ભાષાવર્ગણાકી એક સમયકી પર્યાયમેં ઇતની તાકાત અપનેસે હૈ. આહાહા! તો આત્માકે જ્ઞાનસ્વભાવકી પર્યાયકી તાકાતકી તો ક્યા બાત કરના ઔર ઉસકે ત્રિકાલી સ્વભાવકી બાત તો ક્યા કરના? ..... નિમિત્તકા અર્થ ક્યા? દૂસરી ચીજ હૈ. ક્યા નિમિત્તકા સંસ્કાર પડતા હૈ ઉસમેં? ભાષામેં પડતા હૈ સંસ્કાર? ભાષા છૂતી નહીં, કેવલજ્ઞાનકી પર્યાયકો છૂતી નહીં. આહાહા!

શ્રોતા : યહ તો એકાંત કથન હો ગયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : સમ્યક્ એકાંત હી હૈ. સમ્યક્ એકાંત સત્ય હૈ. વહી સત્યકા ચમત્કાર, ઢિંઢેરા હૈ. આહાહા!

બહુ સમાડ્યું છે 'માર્ગણા' શબ્દમાં. ૪૬ બોલ કીધા. ચૌદ આ, હવે ચૌદના પેટા ભેદ કેટલા? ગતિ,કાયના ભેદો બધા અને જીવસ્થાનના ચૌદ ભેદ. ચૌદહ ભેદ જીવસ્થાનકે ઉસકા મૈં કર્તા નહીં, કરાનેવાલા નહીં, અનુમોદક નહીં, ઉસકા કારણ નહીં. આહાહા! વર્તમાન પ્રગટ પર્યાય હુઈ, દ્રવ્યકે આશ્રયસે પ્રગટ હુઈ પર્યાય, ઉસ પર્યાયકા ઐસા ભણકાર હૈ, વહ પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરેમેં ભેદ, વિકાર નહીં. કહતી હૈ પર્યાય. મૈં યે હૂં, ઉસમેં નહીં. યે હૂં તો ઉસકા અર્થ પર્યાયમેં ભી નહીં. સમજમેં આયા? જેઠાભાઈ! આજ આવી ગયું બરાબર ઠીક

પહેલું, મકાન બદલાવ્યું એનું. ..... હિન્દી. હિન્દી લોકો સમજતા નહોતા. સહારનપુરસે બહોત દૂરસે આયે હૈં. કલ સમજતે નહીં થે ઐસા થોડા ખ્યાલમેં થા, કીધું, કલસે હોગા. કલ તક ગુજરાતી થા, અબ હિન્દી હોગા. બીસ દિન હિન્દી સુબહ-દોપહર. યે જિનેશ્વરદાસ આયે, હિન્દી હો ગઈ. 'હિન્દી હુઈ' એમ કહ્યુંને. આહાહા! ગજબ વાત છે. અજબ ચૈતન્યસ્વરૂપ એની વાત તો ગજબ જ હોયને.

ચૈતન્યચમત્કાર ભગવાન... યે ચમત્કારકા ચમત્કાર જિસકી પર્યાયમેં હુઆ, જિસકી પર્યાયમેં ચૈતન્યચમત્કારકા દર્શ્ય ... હુઆ, વહ નિર્મલ પર્યાય ઐસે જાનતી હૈ કિ મૈં પરમ-સ્વભાવવાલા, આહાહા! મેરેમેં જીવકે ચૌદહ ભેદ નહીં. જીવકે ભેદ નહીં. જીવકે ભેદ ચૌદહ, જીવકે ભેદ મેરેમેં નહીં. એવા જીવના ચૌદ ભેદ અને એ જીવમાં નથી. આહાહા! સમજમેં આયા? ઔર ઉતને હી ગુણસ્થાન... ચૌદ ગુણસ્થાન... ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન.

મૈં પરમસ્વભાવ ગ્રહણ કરનેવાલા... મેરી મૌજૂદગી પરમસ્વભાવવાલી હૈ. મેરી મૌજૂદગીકા સ્વીકાર જિસને કિયા વહ પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરી મૌજૂદગીમેં ચૌદહ ગુણસ્થાનકે ભાવ હૈં હી નહીં. આહાહા! જીવકે સ્થાન નિકાલ કરકે ગુણસ્થાનકે સ્થાન નિકાલ દિયે. ગુણસ્થાનકે ભેદ, ચૌદહવાં ગુણસ્થાનકા ભેદ... મેરા પરમસ્વભાવગ્રાહક શુદ્ધ નિશ્ચયકે બલસે... ઉસકા બલ ઐસા હૈ ઐસા મૈંને સ્વીકાર કિયા હૈ. મૈં નામ પર્યાય. આહાહા!

અરે! ઐસી મૂલ સ્વરૂપકી સ્થિતિ બિના ઉપરમેં (-પર્યાયમેં) તો અનંતબૈર (રાગ) કિયા ઉસને, પણ જન્મ-મરણકા અંત નહીં આયા ઔર જન્મ-મરણકા અંત બિના જો કિયા વહ વસ્તુ નહીં. આહાહા! ચાહે તો સ્વર્ગમેં જાઓ શુભભાવસે, તો કહતે હૈં કિ યે શુભભાવ ઔર શુભભાવકા ફલ મેરી ચીજમેં નહીં હૈ. એ જેઠાભાઈ! આહાહા! એ પ્રકાશચંદજી! લ્યો, આ સાધુ થવાના હતા સ્થાનકવાસીમાં કબીરના સાધુ. કબીર હૈ ન પંથ. સ્થાનકવાસી સાધુ હોનેવાલા થા. ..... ઓય માળે! યે ચીજ દૂસરી હૈ. યહાંકા આત્મધર્મ દેખા. યે તો આત્મધર્મકી બાત હૈ પ્રભુ! પુણ્યધર્મ ને વ્યવહારધર્મ ને અન્યધર્મ ને....

ભગવાન આત્મા પરમસ્વભાવભાવકી મૂર્તિ હૈ. નિશ્ચયકે સ્વભાવસે અંતર જ્ઞાનકી પર્યાયને જાના, વહ જ્ઞાનકી પર્યાયકે સાથ વિશેષ ઉગ્રતા–આશ્રય લેકર ચારિત્રપર્યાય હુઈ. વહ અધિકાર હૈ ન. સમ્યગ્દર્શનમેં ભી ઐસા હી હૈ. યહાં તો ઉગ્ર આશ્રય લેકર જો ચારિત્ર.... ચારિત્રકી પર્યાય ઐસે નહીં હુઈ હૈ કિ રાગકી મંદકી ક્રિયા હૈ તો ઉસસે ચારિત્રકી પર્યાય ઉત્પન્ન હુઈ હૈ. ચારિત્રકી પર્યાય ઐસે ઉત્પન્ન નહીં હોગી કિ ભેદકે લક્ષસે ઉત્પન્ન હો. આહાહા! ચારિત્રકે ભેદ હૈં ન પર્યાયમેં. ઉસકે લક્ષસે ભી ચારિત્રકી પર્યાય ઉત્પન્ન નહીં હોતી હૈ. સમજમેં આયા?

ત્રિકાલ શુદ્ધ પરમસ્વભાવવાલા મૈં, એમ કહ્યું. પરમસ્વભાવવાલેકો... પરમભાવ-સ્વભાવવાલેકો.. ઓહોહો! એક પર્યાયકે ભાવવાલેકો... યે ક્યા હૈ? પરમભાવસ્વભાવવાલેકો... સમજમેં આયા? ગુણસ્થાનકે ભેદ શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલેકો... પરમ-સ્વભાવવાલા વહી મૈં હૂં, વહી મેરી હયાતી હૈ, વહી મેરી મૌજૂદગી હૈ, વહી મૈં હૂં. સમજમેં આયા? ઐસા જહાં સ્વીકાર કિયા, વહ પર્યાય કહતી હૈ કિ ... મુજે નહીં, મેરેમેં નહીં. આહા! ભેદ હૈં ન? વહ તો ઐસે પરમસ્વભાવવાલેકો ભાન હોતે, ભેદ હૈં ઉસકા જ્ઞાન ઉસમેં આ જાતા હૈ. સ્વ-પરપ્રકાશકજ્ઞાન પ્રગટ હોતા હૈ તો (ઉસકા) જ્ઞાન હો જાતા હૈ. યે હૈ ઐસા જ્ઞાન હોતા હૈ, અપના હૈ ઐસા નહીં.

... ચારિત્રકી પાંચ પર્યાય ભી મૈં નહીં. ઐસી બાત હૈ ન. જ્ઞાનકે પાંચ ભેદ હૈં.... પરમસ્વભાવવાલા મૈં ઐસે મેરેમેં, જ્ઞાનકી પર્યાયકે ભેદ મેરેમેં કહાં હૈ? પ્રગટ હુઈ ચારિત્રકી, જ્ઞાનકી પર્યાય, તો વહ કહતી હૈ કિ યે મેરેમેં નહીં, યે મૈં નહીં. ક્યા કહા? વર્તમાન જ્ઞાનકી પર્યાય જો સ્વદ્રવ્યકે આશ્રયસે પ્રગટ હુઈ, વહ પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરેમેં યે (ત્રિકાલી) હૈ, મેરેમેં યે (પર્યાય) નહીં. મેરેમેં મૈં નહીં, મેરેમેં તો યે હૈ, ઉસસે મૈં હૂં. આહાહા! અમૃતનો સાગર છેને મહાપ્રભુ. સુન તો સહી પ્રભુ! તેરે ઘરકી બાત તો સુન. તુજે બડી નહીં લગેગી. ઘરકી ચીજ હૈ તેરે ઘરમેં.

ભજનમેં નહીં આતા? 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પરઘર ભમત નામ અનેક ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે.' નિજઘર, પરમસ્વભાવભાવ વહ નિજઘર હૈ. એ હીરાભાઈ! સમજમેં આયે ઐસી બાત હૈ. સમજમેં ન આયે ઐસી બાત હૈ નહીં. ગુરુદેવ કુંદકુંદાચાર્યને સમજાકર કહા. તો કિસકો કહા? આત્માકો કહા. ......... કહા. તું ઐસા હૈ ઐસે સમજ. આહાહા! સમજમેં આયા? શુદ્ધનિશ્ચયનયસે પરમભાવસ્વભાવવાલે ઐસે મુજે નહીં હૈ. ઐસે મુજે... પરમસ્વભાવવાલા મૈં, મુજે યે નહીં. ચૌદહ ગુણસ્થાનકા કરનેવાલા નહીં, કરાનેવાલા નહીં, અનુમોદક નહીં, કારણ નહીં.

ટીકામાં 'કારણ'નો અર્થ નથી કર્યો. ....... ટીકામાં કરણ, કરાવણ, અનુમોદન એટલું નાખ્યું છે. કહો, સમજાય છે કાંઇ? 'સમજાય છે કાંઈ'કા અર્થ 'સમજમેં આતા હૈ કુછ' ઐસા સમજના. ગુજરાતી ભાષા આવેને થોડી. એક બોલ હુઆ. લ્યો, એક બોલ હુઆ. સવા દો લીટી હુઈ. ઉસમેં ક્યા...? ભગવાન! એક જગત કહનેસે સારી દુનિયા આ જાતી હૈ અને મોક્ષમાર્ગ કહનેસે સારા ધર્મમાર્ગ આ જાતા હૈ. આહાહા! એક સમ્યગ્દર્શન કહનેસે સારી ચીજ પૂર્ણાનંદકા નાથ આ જાતા હૈ. સમજમેં આયા? અરે! ઘરકી ચીજ તો સુને નહીં, સુનનેમેં મિલે નહીં, વહ રુચિ કહાંસે કરે, સમજમેં કહાંસે લે ઔર પરિણમન તો કહાંસે કરે? આહાહા! એક બોલ હુઆ. દૂસરા બોલ આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૮, શુક્રવાર, તા. ૧૮-૮-૧૯૭૨
## ગાથા-૭૭-૮૧, પ્રવચન નં. ૭૨ (હિન્દી)

યે નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર ચલતા હૈ. યહાં આયા હૈ આખિરમેં. ૧૫૩ પાનું. નિશ્ચય પ્રતિક્રમણ–સચ્ચા ચારિત્ર કિસકો કહતે હૈં? કિ જિસકો અપના આત્મા અનંત ગુણસે ભરા હૈ... અનંત-અનંત ગુણ. ઇસ અનંત ગુણકી સંખ્યા, આકાશકે પ્રદેશકા અંત નહીં ઉસસે અનંતગુની સંખ્યા હૈ. સમજમેં આયા? આત્મા એક વસ્તુ હૈ વસ્તુ. આકાશ, ચારોં ઓર દેખો તો ઉસકા અંત નહીં. આહા! ઐસે આકાશકે ક્ષેત્રકે પ્રદેશ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. ઉસકો–નાસ્તિકકો ભી માનના પડે. ક્યા ચીજ હૈ આકાશ અથવા ક્ષેત્ર ઐસા? કહાં ચલા જાતા હૈ કહાં. કહાં ઉસકા અંત હૈ? ઐસે આકાશકે દસે બાજુ–દસોં દિશા, અંત બિનાકી અનંત.. અનંત.. એક પરમાણુ જિતને ક્ષેત્રકો પ્રદેશ કહતે હૈં. યે તો અમાપ.. દસોં દિશામેં અનંત-અનંત પ્રદેશકી સંખ્યા જિસકા અંત નહીં, ઓહોહો! ઐસા ક્ષેત્રકા સ્વભાવ પ્રદેશકા, ઉસસે અનંતગુને એક જીવમેં ગુણ હૈં, ઉસ ગુણકા ઐસા સ્વભાવ હૈ. સમજમેં આયા?

મૈં... આયા ન પહલે શબ્દ? મૈં કૌન હૂં? મૈં તો અસંખ્ય(પ્રદેશી), અનંત-અનંત (આકાશકે) પ્રદેશ જિસકા અંત નહીં ઉસસે (અનંતગુને ગુણ, ઐસા) મૈં તો અનંત ગુણસ્વરૂપ હૂં. ઓહોહો! જિસકે ગુણકી સંખ્યાકા અંત નહીં, આકાશકે ક્ષેત્રકા અંત નહીં, તીન કાલકે સમયસે ભી અનંતગુને આકાશકે પ્રદેશ હૈં. અકેલી ગિનતી કરનેસે પતા નહીં લગેગા. ઉસમેં શક્તિ ક્યા હૈ ઔર અનંત-અનંત આકાશકો જાનનેવાલી એક જ્ઞાનકી પર્યાય... જિસકા અંત નહીં ઐસા આકાશ એક (દ્રવ્ય), ઐસે (સહિત) છ દ્રવ્યકો આત્માકી એક સમયકી પર્યાય જાન લેતી હૈ. આહાહા! ઐસી અનંતી પર્યાયકા પિંડ જો એક જ્ઞાનગુણ હૈ ઉસકી શક્તિ અમાપ હૈ. ભલે યહાં ક્ષેત્રસે અંત આયા ઈતનેમેં. ક્યા કહા? જ્ઞાનગુણકા ક્ષેત્રકા અંત ઈતનેમેં હૈ, પણ ઉસકા ભાવ–શક્તિકા અંત નહીં. આહાહા! સમજમેં આયા?

ઇસકા વિશ્વાસ કરના યે અલૌકિક બાત હૈ. ઉસકી દૃષ્ટિ અંતર્મુખ હોતી હૈ... ક્યોંકિ આત્મા અનંત-અનંત ગુણ(વંત હૈ)... જિસકે ગુણકી સંખ્યા આકાશકા પ્રદેશસે ભી (અનંત). આકાશકે પ્રદેશકા માપ નહીં–અંત નહીં, ઉસસે અનંતગુને ગુણ ઉસકા અંત નહીં. ઐસે એક-એક ગુણમેં અનંતી શક્તિ, ઐસા મૈં આત્મા. સમજમેં આયા? જ્ઞાનકી પર્યાયમેં ઐસે આત્માકો જિસને જ્ઞેય બનાયા, સમજમેં આયા? શ્રદ્ધાકી પર્યાયમેં ઈતને જ્ઞેયકી પ્રતીત જિસને લી, ઓહો! અનંત-અનંત આકાશ.... અનંત જીવસે અનંતગુને પરમાણુ, ઉસસે અનંતગુને કાલ (-સમય), ઉસસે અનંતગુને આકાશકે પ્રદેશ. કાલકા ભી અંત નહીં, આદિ નહીં-અંત નહીં. ઐસી કાલકી–સમયકી સંખ્યા ઉસસે અનંતગુને તો આકાશકે ક્ષેત્ર. ઓહોહો! કાલકા ભવિષ્યમેં અંત

નહીં, ભૂતમેં આદિ નહીં—ઇતને કાલકે સમય–દશા ઉસસે ભી ક્ષેત્રકે પ્રદેશ અનંતગુને ઔર ઉસસે ભી આત્મામેં અનંતગુને (ગુણ). ધ્યાન રખો, યે વસ્તુ તો અલૌકિક હૈ. સમજમેં આયા?

મૈં ઐસા આત્મા **ચૌદહ માર્ગણાસ્થાનકે ભેદોંકો નહીં કરતા**... આહાહા! મૈં ઐસા આત્મા, જિસકી અંતર્મુખ દૃષ્ટિ બિના ઐસા અનંત–અમાપ ગુણરૂપ એક દ્રવ્ય દૃષ્ટિમેં નહીં આતા. જિનેશ્વરદાસજી! આહાહા! અલૌકિક બાત હૈ ભાઈ! અંતર્મુખ.. અંતર્મુખ દેખના. વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં ઐસા અમાપ.. અમાપ.. ક્ષેત્રસે અમાપ પ્રદેશ, ઉસસે અમાપ અનંતગુને ગુણકા પિંડરૂપ ગુણભાવ અનંત, ઉસકા એકરૂપ.. ઉસકા એકરૂપ ઐસા દ્રવ્ય ઐસા મૈં. આહાહા! સમજમેં આયા? **મૈં ચૌદહ માર્ગણાસ્થાનકે ભેદોંકો નહીં કરતા**... મૈં યે ગતિકે ચાર બોલ–ચાર ગતિ યે ભેદ મૈં નહીં કરતા. ગતિ, ઇન્દ્રિય... પાંચ ઇન્દ્રિય ઇસકા ભેદ મૈં નહીં કરતા. મૈં અંતર્મુખ દેખનેવાલા આત્મા, મેરા સ્વભાવ અનંત–અમાપ હૈ ઉસકા જિસને દૃષ્ટિમેં, જ્ઞાનમેં પતા લિયા, આહાહા! તો કહતે હૈં કિ મૈં ઐસા સ્વભાવવંત ભગવાન આત્મા... યે તો અપના આત્મા ચૈતન્યવિલાસમેં રમતા હૈ. ત્રિકાલીકી બાત હૈ હોં. આહાહા!

શ્રોતા : દ્રવ્ય વાચક શબ્દકા ઈતના વાચ્ય બતાયા!

પૂજ્ય ગુરૂદેવશ્રી : મૈં ગતિ, ચાર ભેદ ગતિકે નહીં કરતા, મૈં તો અભેદ ત્રિકાલી સ્વભાવ, અનંત ગુણ જો આકાશકે માપસે અનંતગુને હૈં ઐસે ગુણરૂપ એક દ્રવ્ય હૂં. ઓહોહો! ઉસકો મૈં જ્ઞેય બનાનેવાલા, ઉસકી મૈં શ્રદ્ધા કરનેવાલા... આહાહા! સમજમેં આયા? કિતના પુરુષાર્થ હૈ! અમાપ.. અમાપ ગુણરૂપ એક દ્રવ્ય, ઉસકી પ્રતીતિ, ઉસકા જ્ઞાન... જ્ઞાનકી પર્યાયમેં કિતના બલ હૈ ઔર શ્રદ્ધાકી પર્યાયમેં કિતના સામર્થ્ય હૈ! સમજમેં આયા? કિતના સામર્થ્ય! ભાઈ! તેરા ભગવાન અંતર્મુખમેં ઈતના પડા હૈ, ક્ષેત્રસે લંબા જૈસે આકાશ હૈ, ઐસે ભાવસે લંબી તેરી શક્તિ હૈ. આહાહા!

ઐસા મૈં, મેરા ઐસા અનંત-અનંત ગુણકા સ્વભાવ–શક્તિ (ઔર) એક-એક શક્તિકા અનંત સામર્થ્ય, ઐસી-ઐસી અનંત શક્તિરૂપ એક મૈં. મેરી દૃષ્ટિ ઔર જ્ઞાનકી પર્યાય ઉસકો કબૂલાત કરનેમેં ગઈ. આહાહા! તો કહતે હૈં, ગતિકે ભેદ મૈં નહીં કરતા, કાયકે ભેદ મૈં નહીં કરતા. કાયા હૈ ન ઔદારિક ને ફલાણા, ઐસા. ઇન્દ્રિયકા ભેદ નહીં, અંદરમેં કષાયકા ભેદ નહીં, જ્ઞાનકી પાંચ પર્યાય ઉસકે ભેદ મૈં નહીં કરતા. આહાહા! મૈં તો પૂર્ણાનંદ અનંતગુણકા પિંડ પ્રભુ હૂં. અરે! ઉસને સુના નહીં. ઔર અપરિમિત–મર્યાદા રહિત ઈતની સંખ્યા.. આહાહા! આ તે કાંઈ વાત છે! એ વાતે કાંઈ પત્તો ખાય એવો છે? આહાહા!

ઐસા મૈં, જ્ઞાનકી પાંચ પર્યાય હોતી હૈ વહ ભેદ મૈં નહીં કરતા. આહાહા! ક્યોંકિ મેરી દૃષ્ટિમેં તો પૂરા ભગવાન વર્તતા હૈ. સમજમેં આયા? મેરી દૃષ્ટિમેં ઔર મેરી પર્યાયમેં તો પૂર્ણ દ્રવ્ય ભગવાન રમતા હૈ. નંદકિશોરજી! આહાહા! ઐસા મૈં, જ્ઞાનકી પાંચ પર્યાયકે ભેદ નહીં

કરતા. મૈં તો ચૈતન્યવિલાસસ્વરૂપ ભગવાન, ઐસા અનંત ગુણકા વિલાસસ્વરૂપ ભગવાન, જ્ઞાનકા સુખ, આનંદકા સુખ, અનંત ગુણકા સુખ ઐસે સુખમેં વિલાસ (કરનેવાલા)–રમનેવાલા ત્રિકાલી, સમજમેં આયા? ઐસા ત્રિકાલી ભગવાન આત્મા મૈં સમકિતકે ભેદ નહીં કરતા. યે ક્ષાયિક સમકિત હૈ ને યે ઉપશમ હૈ, ક્ષયોપશમ હૈ (ઐસે) ભેદ નહીં કરતા. આહાહા! મહા ભગવાન અમાપ ગુણકા એકરૂપ દૃષ્ટિમેં આયા ઔર પીછે ઉસમેં લીનતા કરતા હૈ, ઉસકા નામ ચારિત્ર હૈ ન યહાં. ચારિત્રકા ભેદ યહ હૈ. ચારિત્ર વહ કોઈ ઐસી ચીજ નહીં ભૈયા!

એક સમયમેં ભગવાન પૂર્ણાનંદ અનંત ગુણ અમાપ.. અમાપ. અરે! કોઈ વિચાર તો કરે. કાલકા અંત નહીં, ઉસસે અનંતગુના ક્ષેત્રકા અંત નહીં, ઉસસે અનંતગુને ભાવ–ગુણકા અંત નહીં. ઐસા એકરૂપ દ્રવ્ય. સમજમેં આયા? અરે! મુજે સુખકી કમી કહાં હૈ? મુજે તો, અમાપ–અનંત ગુણકા સુખ મુજે હૈ. આહાહા! સમજમેં આયા? ઐસે મેરા સુખસ્વરૂપ ભગવાન આત્મા ઉસકો જિસને દૃષ્ટિ ઔર જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેય બનાયા, શ્રદ્ધામેં ધ્યેય બનાયા, ઉસમેં અંદર લીનતા કરતા હૈ ઉસકા નામ ચારિત્ર કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ચારિત્ર કહો કિ નિશ્ચય પ્રતિક્રમણ કહો. મૈં યહાંસે હટ ગયા હૂં, ભેદસે હટ ગયા હૂં. જ્ઞાનકી પાંચ પર્યાય, સમકિતકે ભેદ, ચારિત્રકે ભેદ, કષાયકે ભેદ, લેશ્યાકે ભેદ, જોગકે ભેદ (આદિ) ચૌદહ ભેદ હૈં ન. ઉસ ભેદકે સ્થાનસે તો મૈં હટ ગયા હૂં.

ઐસી ચીજ જો એક સમયમેં અભેદ ભગવાન હૈ, જિસમેં અંતર્મુખ (હોનેસે) પતા લગે, ઐસા અમાપ.. અમાપ.. અમાપ.. ગુણકી સંખ્યા અમાપ ઔર ગુણકી શક્તિ અમાપ. આહાહા! ઐસા મૈં યે ભેદ નહીં કરતા. ક્યોં? મૈં તો **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્માકો હી ભાતા હૂં**... આહાહા! એક-એક પંક્તિમેં સૂત્રકર્તા ભગવાન કુંદકુંદાચાર્યકા અભિપ્રાય.. એક-એક પંક્તિમેં સૂત્રકર્તા ભગવાન કુંદકુંદાચાર્યકા અભિપ્રાય અનંત હૈ. સમજમેં આયા? અલૌકિક બાત હૈ ભગવાન! કહતે હૈં, મૈં ચૌદહ માર્ગણાસ્થાનકે ભેદોંકો નહીં કરતા, મૈં કરાતા ભી નહીં, આહાહા! હોતા હૈ ઉસકા અનુમોદક નહીં ઔર ચૌદહ ભેદ ઉસકા મૈં કારણ નહીં. આહાહા! સમજમેં આયા?

ઐસા મૈં સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ... યે ત્રિકાલીકી બાત હૈ યહાં. સ્વભાવિક ચૈતન્યવિલાસ અનંત ગુણસ્વરૂપ સ્વભાવિક વસ્તુ, સત્ વસ્તુ ઐસા સહજ ચૈતન્યસ્વરૂપ આત્મા ઉસકા વિલાસ કરનેવાલા ત્રિકાલ હોં, ઉસકી પર્યાયમેં વિલાસ કરનેવાલા મૈં. સમજમેં આયા? મૈં હટ ગયા હૂં ભેદસે, કહતે હૈં, ઔર અભેદમેં મૈં એકાકાર હૂં. ઉસ કારણસે ભેદકા કરનેવાલા, કરાનેવાલા, અનુમોદનેવાલા, કારણ મૈં નહીં. આહાહા! આ તે કાંઈ વાત છે! દલદલ પર્યાયમેંસે ઉડા દિયા. આહાહા! ભગવાન! એક બાર સુન તો સહી! તેરેમેં સુખ પડા હૈ ઉસ

સુખકા માપ ક્યા? આહાહા! અનંત.. અનંતગુની જિસકી શક્તિ, ઐસા અનંત ગુણકા સુખરૂપ ચૈતન્યવિલાસ રમનેવાલા આત્મા ત્રિકાલ હોં. અભી તો ત્રિકાલીકી બાત ચલતી હૈ.

સહજ ચૈતન્યવિલાસસ્વરૂપ ભગવાન મૈં ઐસા આત્મા, એમ. સહજ–સ્વભાવિક ચૈતન્યકે સાથ અનંત ગુણ ઉસકા વિલાસસ્વરૂપ આત્મા વહી ભાતા હૂં, મૈં ઉસમેં એકાગ્ર હોતા હૂં. આહાહા! જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. શેઠ! આહાહા! ભગવાન આત્માકા ચારિત્ર. આહાહા! સમજમેં આયા? યે (બાહ્યચારિત્ર) વહ ચારિત્ર નહીં ભગવાન! આહાહા! યે ચારિત્રકા ઉપદેશ નહીં, પ્રભુ! ચારિત્ર, લોગ માને વહ કોઈ ચારિત્ર નહીં. સમજમેં આયા? ભગવાન અનંત આનંદ ને અતીન્દ્રિય સુખકા ભંડાર, ઐસી અનંતી ચૈતન્યશક્તિકે વિલાસમેં રહનેવાલા વિલાસસ્વરૂપ આત્મા, એમ. ઐસા હૈ ન? 'વિલાસસ્વરૂપ આત્મા' ઐસા હૈ. **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્મા**... આહાહા! **આત્માકો હી ભાતા હૂં**. ...શબ્દ લિયા. આહાહા! સમજમેં આયા?

મૈં સહજ ચૈતન્યવિલાસસ્વરૂપ ભગવાન, ઐસે આત્માકો મૈં ભાતા હૂં. ઓહોહો! ભગવાન આત્મા અનંત-અનંત સિદ્ધ ભગવાન જિસકે ગર્ભમેં પડે હૈં ઔર અનંતા-અનંતા સિદ્ધકી એક સમયકી પર્યાય જ્ઞાનમેં પડી હૈ. ઐસી એક-એક પર્યાયસે અનંતગુની અન્ય પર્યાય, ઉસસે ભી અનંતગુની શક્તિરૂપ જ્ઞાન, ઐસા અનંત ગુણ–અમાપ ગુણ ઉસકા એકરૂપ દ્રવ્ય વહ મૈં, મેરી અભેદભાવનામેં ભેદભાવના નહીં કરતા. આહાહા! જુઓ તો ખરા! વીતરાગકી વિલાસતા. સમજમેં આયા? **મૈં સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્માકો હી**... આત્માકો હી... ઐસા અનંત ગુણરૂપ એક દ્રવ્ય ઉસમેં એકાગ્રતા મેરી હૈ. આહાહા! એ કંઈ વાતે પૂરું થાય છે? શબ્દે મળે એવું છે? વિકલ્પસે પ્રાપ્ત હોતા હૈ? આહાહા! અનંત–બેહદ ગુણકી સંખ્યાકા એકરૂપ ઐસા મૈં, ઐસા ચૈતન્યવિલાસસ્વરૂપ આત્મા ત્રિકાલી મૈં ઉસકો ભાતા હૂં, ઉસકી મૈં ભાવના કરતા હૂં, ઉસમેં મૈં એકાગ્ર હોતા હૂં, ઉસકા નામ નિશ્ચય પ્રતિક્રમણ હૈ.

ઓહો! ભેદસે ભી હટ ગયા. જ્ઞાનકી પાંચ પર્યાય, દર્શનકી પર્યાય, સમકિતકી પર્યાય, અરે! ચારિત્ર પર્યાયકી પર્યાય—સબસે મૈં તો હટ ગયા. યે પ્રતિક્રમણકા અર્થ હૈ ન. પ્રતિ–પીછે, ક્રમણ–ઘૂમના. આહાહા! પાછા પગલા ભરવા. લ્યો, વળી પગ આવ્યા. વહ ક્રમ આતા હૈ ન ક્રમ. ભાઈ! ક્રમકો ભી પગ કહતે હૈં. (શ્રોતાઃ મહારાજ! ક્રમ ધાતુ હૈ ન. ક્રમપાદવિક્ષેપ). પાદવિક્ષેપ. પ્રતિ–પીછે મેરા પગ હટતા હૈ, પરસે પીછે હટતા હૂં. 'હટતા' ક્યા કહતે હૈં? (વાપસ). એક.... એક બાતમેં કેવલજ્ઞાન ખડા હોતા હૈ.

શ્રોતા : કૌન લૌટા–કૌન વાપિસ આયા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાપિસ આયા, અપને અભેદમેં દૃષ્ટિ હુઈ તો ભેદસે વાપિસ આયા. આહાહા! પણ યે અભેદ આયા કિસપ્રકાર? ઓહો! અમાપ-અમાપ ગુણ ઉસકી જહાં દૃષ્ટિ હુઈ

તો વિકલ્પકા તો ભૂકા હો ગયા. નિર્વિકલ્પ દૃષ્ટિ ને નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાનમેં જો ભાસ હુઆ... આહાહા!

આકાશકે પ્રદેશ નાસ્તિકકો ભી માનના પડે. પીછે ક્યા હૈ? પીછે ક્યા હૈ? અનંત જોજન.. અનંત જોજન.. અનંતગુના.. અનંતકા અનંત વર્ગ કરો, અનંતકા અનંત વર્ગકા અર્થ અનંતકો અનંતસે ગુનો. અનંતકો એકબાર ગુને, ઐસા અનંતબાર, ઐસા-ઐસા અનંત બાર ગુનના. ઉસકો અનંતવર્ગ કહતે હૈં. અનંતકી સંખ્યા... જૈસે પાંચ, તો પાંચકો પાંચસે પાંચ બાર (ગુને). પાંચકો પાંચસે પાંચ બાર, તો એક પાંચ, પાંચ દો દસ, પાંચ તેરી પંદર, પાંચ ચોક વીસ. ઐસે પાંચ બાર ગુનનેસે જો સંખ્યા આતી હૈ ઉસકો વર્ગ કહતે હૈં. અનંતકો એક, ઐસે અનંતકો એકબાર ગુનો, એક (બાર ગુનના) હુઆ, ઐસી અનંતી સંખ્યા ઇતની સંખ્યામેં ફિર-ફિરસે ગુનો. આહાહા! (શ્રોતાઃ અનંતાનંત હો જાય.) અનંતા.. અનંતકા અપાર. આહાહા! સમજમેં આયા?

યહાં તો કહતે હૈં કિ ઈતની તો તેરે ગુણકી સંખ્યા હૈ ભગવાન! ક્યા કહેં તુજે? આહાહા! અરે! તુજે માહાત્મ્ય આયે તો પરસે સુખબુદ્ધિ ઉઠ જાયેગી. પૂરા ભગવાન આત્મા ઐસા ગુણસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એક સમયમેં ઐસી સંખ્યા ધરનેવાલા, ઐસે ચૈતન્યરસમેં વિલાસ કરનેવાલા–ઉસમેં રહનેવાલા, કભી રાગમેં, પુણ્યમેં, ગતિમેં આનેવાલા નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? ઐસા મેરા આત્મા ભેદ નહીં કરતા. મેરી દૃષ્ટિ તો અંતર્મુખ અનંતગુણકે એકરૂપમેં પડી હૈ ઔર મુજે ઉસકે સન્મુખ હોકર એકાગ્રતા હુઈ. આહાહા! સમજમેં આયા? ઐસા મૈં ભગવાન સહજ ચૈતન્યવિલાસસ્વરૂપ આત્મા... ઐસા ચૈતન્ય-વિલાસસ્વરૂપ આત્મા ઉસકો મૈં ભાતા હૂં. ઐસી ચીજમેં મૈં એકાગ્ર હોતા હૂં. આહાહા! જ્ઞાનમેં જ્ઞેય બનાયા થા, શ્રદ્ધામેં ધ્યેય બનાયા થા, અબ અંદરમેં ધ્યેયમેં એકાગ્ર હોતા હૈ. જેઠાભાઈ! આવું સ્વરૂપ છે ભાઈ! એ વસ્તુની સ્થિતિ જ એવી છે, વસ્તુકા સ્વભાવ હી ઐસા હૈ.

કહતે હૈં કિ પર્યાયબુદ્ધિ ઉઠ ગઈ. આહાહા! સમજમેં આયા? બસ, એકમેં ઈતના ખુલાસા કિયા તો સબમેં લે લેના. મૈં ચૌદહ માર્ગણા(સ્થાન)કે ભેદકો કરતા નહીં. મૈં કરતા નહીં, મૈં કરાતા નહીં. ઓહોહો! મૈં તો ઐસા અભેદ સ્વભાવ અનંત ગુણકે પિંડમેં એકાગ્ર હૂં. ભેદ કરે કૌન, કરાવે કૌન, અનુમોદે કૌન ને કારણ હોવે કૌન? ઐસે ભગવાનકો જિસને દૃષ્ટિમેં લિયા... કૃષ્ણ–ગિરધરને બડી શીલા ઉઠાઈ થી, ઐસે કહતે હૈં ન. (ઉસસે) ગિરધર નામ પડા ન. ગિરિ–બડા પર્વત અંગુલીસે (ઉઠાયા). યહાં કહતે હૈં, શ્રદ્ધારૂપી પર્યાયને પૂરા ડુંગર ઉઠાયા હૈ. યે ગિરધર ભગવાન આત્મા હૈ. સમજમેં આયા? આહાહા!

જિસકે આનંદ(કી પર્યાય)કી સંખ્યા તો ભલે એક હો, પણ અનંતગુના આનંદ. ઐસા અનંતગુના આનંદ. યે ભી અનંત.. અનંતમેં અભેદ હોકર મૈં અનુભવ કરતા હૂં. ઐસે

ચૈતન્યવિલાસ સહજસ્વરૂપ ભગવાન ઉસકો મૈં ભાતા હૂં, ઓહોહો! તેરી પર્યાય કિતની બડી! સમજમેં આયા? નિર્વિકલ્પ હોકર મૈં સમા જાતા હૂં, એમ કહતે હૈં. ઉસકા નામ સચ્ચા પ્રતિક્રમણ ને ચારિત્ર હૈ. ચારિત્રકા વહ ભેદ હૈ. દુનિયા ક્યા કહતી હૈ (ઉસકા) તુજે ક્યા કામ હૈ? દુનિયાકે સાથ તુજે ક્યા સમ્બન્ધ હૈ? તેરા સંબંધ લગા દે આત્મા પ્રતિ. સંબંધ તોડા હૈ તો જોડ દે અબ, એમ કહતે હૈં. ઐસા અનંત ગુણકા પિંડ પ્રભુ સહજ ચૈતન્યવિલાસ આત્મરામ ઉસસે તુને સંબંધ તોડ દિયા હૈ અનાદિસે, આહાહા! ઔર રાગકે સાથ સંબંધ જોડ દિયા હૈ. યે રાગકા સંબંધ તોડ, સ્વભાવકા સંબંધ જોડ. આહાહા! ઉસકા નામ ભગવાન ચારિત્ર અને સચ્ચા પ્રતિક્રમણ કહતે હૈં. દૂસરા બોલ.

**મૈં**... મૈં કૌન? કિ સહજ ચૈતન્યવિલાસસ્વરૂપ આત્માકો ભાનેવાલા. **મૈં મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાન ભેદોંકો નહીં કરતા**... આહાહા! યે મિથ્યાદૃષ્ટિ હૈ, સમકિતી હૈ, કેવલી હૈ, યે અયોગીકેવલી હૈ, યે ચરિત્રવંત હૈ—ઐસે ચૌદહ ગુણસ્થાનકે ભેદ, અનંત-અનંત ગુણકા આત્મરામ ઉસમેં રમનેવાલા મૈં ગુણસ્થાનકે ભેદ નહીં કરતા. આહાહા! સયોગી ગુણસ્થાન તેરા નહીં. અમારે ગાતા હતા એક તલકચંદભાઈ લાઠીવાળા. તેરહવાં ગુણસ્થાન તેરા નહીં. યહાં તો ચૌદહ ગુણસ્થાન તેરે નહીં. ભેદ(રૂપ) નહીં મૈં. અનંત-અનંત અભેદગુણકી રાશિ ભગવાન ઉસમેં રહનેવાલા–વિલાસ કરનેવાલા પ્રભુ ઉસકો દૃષ્ટિમેં મૈંનેં ઉપાદેય કિયા હૈ, જ્ઞાનકી પર્યાયમેં મૈંનેં ઉસકો કબૂલ કર દિયા હૈ, ઉસમેં મૈં રમતા હૂં. કહો, પંડિતજી! આહાહા! ચારિત્ર કિસકો કહતે હૈં વહ વ્યાખ્યા ભી સુની નહીં ઔર માને કિ હમારે ચારિત્ર હો ગયા. ભગવાન! ઠગા જાતા હૈ હોં. આહાહા! ઠગાઈ જાય છે. આત્માકો ઠગનેસે, પ્રભુ! તુજે લાભ નહીં હોગા. આહાહા!

ઐસા ભગવાન આત્મરામ જિસકી જ્ઞાન, શ્રદ્ધા પર્યાયમેં આયા નહીં તો આત્મરામમેં રમે કહાંસે? સમજમેં આયા? આહાહા! દુનિયા ક્યા કહતી હૈ, ક્યા માનતી હૈ, ઉસકે ઘર રહી. તેરે ઘરમેં તો કુછ હૈ નહીં. એકાંત કહો, કોઈ કહે કિ યે તો એકાંત હો જાતા હૈ. ભગવાન અનંત ગુણકી રાશિ ઐસે પ્રભુમેં એકાગ્ર હોના વહ ચારિત્ર હી એકાંત સમ્યક્ હૈ. સમજમેં આયા? યે સમ્યક્-એકાંત ચારિત્ર હૈ, સમ્યક્ હૈ. સમજમેં આયા? આહાહા! **મૈં મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનભેદોંકો નહીં કરતા**... સમજાનેકો ક્યા સમજાવે? મૈં ઐસા નહીં કરતા, નહીં કરતા—યે ભી વિકલ્પ હૈ. સમજાનેકો ક્યા સમજાવે? આહાહા! મૈં મિથ્યાદૃષ્ટિ, સાસાદન, મિશ્ર, (અવિરત)સમકિત, પંચમ ગુણસ્થાન, છઠવાં ગુણસ્થાન, મુનિ સપ્તમ અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સાંપરાય, ઉપશમ, ક્ષાયિક, સયોગકેવલી, અયોગકેવલી... આહાહા! મેરી ચીજ જહાં અનંતાનંતા ગુણ તરફ ઝુકી હૈ, અનંતાનંત જિસકા માપ નહીં ઉસકા માપ લે લિયા. આહાહા!

લોગ કહતે હૈં ન કિ કેવલીને લોકકો દેખ લિયા, અલોકકો દેખ લિયા તો અંત આ ગયા. અનંતકો દેખા તો અંત આયા કહાં? અરે ભગવાન! ક્યા કહતે હો પ્રભુ? અનંતકો દેખા, યે અનંત હૈ ઐસા દેખા ઉસમેં અનંતકા અંત કહાં આયા? યે તો જ્ઞાનકી મહિમા હૈ. અલોક આદિકે પ્રદેશ ને અનંતગુણ(વાન) એક દ્રવ્ય ઐસા અનંતાનંત દ્રવ્ય ને ઐસી અનંતી પર્યાય. ઓહોહો! કેવલજ્ઞાની દેવકી ઐસી પર્યાય જિસને કબૂલ કર લી ઔર પીછે ઉસે કબૂલ કરનેસે હટકર... આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન હૈ ઐસે કહા ન? યહાં કહતે હૈં કિ દેવ-ગુરુ પરમાર્થસે આયતન નહીં. આયતન તો તુમ હો, યે તો અનાયતન હૈ. તેરા સ્થાન હી આયતન હૈ. અનંત ગુણકા એકરૂપ પ્રભુ તેરા આયતન તો યે હૈ. આહાહા! નિશ્ચય–સત્ય દૃષ્ટિસે દેવ-ગુરુ ભી અનાયતન હૈં. અરે! ભગવાન આત્માકી બાત ક્યા કરે. ગજબ કહો કિ અચિંત્ય કહો કિ તર્ક બિનાકી (કહો). ઐસી ચીજ... કમાલ કર દિયા હૈ ઇસમેં.

ઇસ ચીજકો મૈં ભાતા હૂં. ઐસી ચીજ મેરે ધ્યેયમેં હૈ, દૃષ્ટિમેં હૈ, મેરી જ્ઞાનકી પર્યાયમેં ઉસકો મૈંને લે લિયા હૈ, ઉસમેં મૈં એકાગ્ર હોતા હૂં. અરે! અનંત-અનંત અમાપ ગુણ ઉસકી શ્રદ્ધાકા સામર્થ્ય કિતના! ઇસકા જ્ઞાન કરનેકી પર્યાયકા (સામર્થ્ય) કિતના! ઔર ઉસમેં રમણ કરનેકી ચારિત્રકી પર્યાયકા (સામર્થ્ય) કિતના! ક્યા કહા સમજમેં આયા? કિસીને કભી સુના નહીં હો ઐસા કોઈ અનજાન હો વહ પહલી બાર સુનતા હૈ. અનજાન હી હૈં સબ. આહાહા! ઐસા અભિપ્રાય કુંદકુંદાચાર્યકા હૈ. વહ આયા ન, પહલે આ ગયા. એ ચૌદ બોલ છેને ૮૮ પાને. ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, સંજ્ઞિત્વ (આદિ). **યહ સબ, ઉન ભગવાન પરમાત્માકો શુદ્ધનિશ્ચયનયકે બલસે નહીં હૈં**... ૮૮ પાને. **ઐસા ભગવાન સૂત્રકર્તાકા અભિપ્રાય હૈ**. આહાહા! સમજમેં આયા?

(કુંદકુંદાચાર્ય) ભગવાન પાસે ગયે થે, આઠ દિન રહે, સુના ઔર અંતર્મુખમેં બહોત નિર્મલ (પરિણતિ) હો ગઈ થી. ઐસે ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯મેં ભરતક્ષેત્રમેં મૌજૂદ થે. ભગવાન જો વર્તમાનમેં મૌજૂદ હૈં, સીમંધર ભગવાન મૌજૂદ હૈં. ઉનકે પાસ ગયે થે. આઠ દિન રહે. યહ બનાયા હૈ. પદ્મપ્રભમલધારિદેવ કહતે હૈં, ઓહો! યે ચૌદહ ગુણસ્થાનકે ભેદ ને ચૌદહ માર્ગણા(સ્થાન)કે ભેદ ઉસકા મૈં કર્તા નહીં, કરાતા નહીં, અનુમોદતા નહીં. ઐસા ભગવાન કુંદકુંદાચાર્યકા અભિપ્રાય હૈ. સમજમેં આયા? અજાણ્યાને તો એવું લાગે, આ શું કહે છે? યે ક્યા કહતે હૈં? ભગવાન! તેરે ઘરકી બાત હૈ. આહાહા! ઉસને સુની નહીં કભી. બાહરમેં ઐસા કરના ને ઐસા કરના, દયા પાલો ને વ્રત કરો ને તપ કરો. બાપુ! યે તો વિકલ્પ હૈ. જો કર્તા હોતા હૈ તો આત્માકા અનંત–અમાપ ગુણકા અનાદર હોતા હૈ. યે બાત હૈ ભગવાન! ઐસી બાત હૈ.

ઓહોહો! ત્રણ લોકનો નાથ, અરે! તું પોતે અને તારે ભિખારાવેડા–ભિખારીપના ન ટળે. અહીંથી સુખ મળશે, અહીંથી મળશે, બાયડીમાં, પૈસામાં. અરે ભિખારી! ચક્રવર્તી થઈને હાથમાં પાત્ર લઈને માંગે, એક પૈસા દો, એક પૈસા દો. આહાહા! ઐસા તીન લોકકા નાથ જિસકે પેટમેં–ગર્ભમેં અનંત આનંદ પડા હૈ. યે અનંત ગુણકા આનંદ. ગુણ અનંત ને અનંત ગુણકા આનંદ ઐસે ચૈતન્યવિલાસમેં આત્મામેં ત્રિકાલ લીનતા હૈ. વહ આયા હૈ, પહલે આયા હૈ. સુખમેં લીન હૈ, ઐસી ત્રિકાલકી બાત પહલે આ ગઈ હૈ. સમજમેં આયા? કહાં આયા હૈ? કહીં આયા થા પહલે.

**સુખકી અનુભૂતિમેં લીન...** દેખો! ઈસમેં હી હૈ. ભગવાન આત્મા ત્રિકાલી તો અપને સુખકી અનુભૂતિમેં લીન હૈ. સમજમેં આયા? ભવિ હો, અભવિ કિ એકાવતારી હો કિ સિદ્ધ હોનેકી તૈયારીવાલા હો. **સત્તા, અવબોધ, પરમચૈતન્ય ઔર સુખકી અનુભૂતિમેં લીન**... પર્યાયકી બાત નહીં હૈ વહ. **ઐસે વિશિષ્ટ આત્મતત્ત્વકો**... ઓહોહો! ઐસી ખાસ કોઈ ચીજ આત્મા... **ગ્રહણ કરનેવાલે (શુદ્ધદ્રવ્યાર્થિકનયકે) બલસે મેરે સકલ મોહ-રાગ-દ્વેષ નહીં હૈં**. મેરેમેં વહ હૈ હી નહીં. આહાહા! વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ભી મેરેમેં હૈ નહીં. આહાહા! યે દુનિયા કહે કિ વ્યવહારસે નિશ્ચય હોગા. અરે ભગવાન! યહાં તો કહતે હૈં કિ વ્યવહાર રત્નત્રયકા જો વિકલ્પ હૈ ઉસકો મૈં કરતા નહીં, કરાતા નહીં, અનુમોદક નહીં, મૈં કારણ નહીં. અમરચંદભાઈ! આહાહા! પ્રભુ! તેરી લીલા તો દેખ. દૂસરેકો દેખતા હૈ, પણ તેરેકો દેખ. આહાહા! દૂસરેકો દેખનેકો લિયે આંખ બંધ કર લે, અંધા હો જા. અપનેકો દેખનેકો સહસ્ર આંખકી ખિલવટ કર દે. આહાહા! હિન્દીમેં સમજતે હો ન ભૈયા? હિન્દી ચલતી હૈ. આહાહા!

ભગવાન છે બધા. પરિપૂર્ણ ચૈતન્યવિલાસમેં રમનેવાલા ત્રિકાલ આત્મા સબ હૈં. પર્યાયકી ભૂલ હૈ, તો પર્યાયકી ભૂલ આત્મા હૈ વહ તો માનતા નહીં, પર્યાય મૈં હૂં હી નહીં. આહાહા! સમજમેં આયા? સુખમેં લીન ભગવાન હૈ. આહાહા! તુજે પરમેં સુખકા, ઉત્સાહકા વિકલ્પ આવે કહાંસે? શરીરકી સુંદરતા, પૈસેકી બહુલતા, આબરૂકી અમાપતા, ભગવાન! ઉસમેં તુજે સુખબુદ્ધિ કહાંસે આતી હૈ? અમાપ પરમાત્મા હૈ ન અંદર. અરેરે! ગુણકી સંખ્યા કહી વહ બાત તો અલૌકિક હૈ. ઐસે ને ઐસે માન લે વહ બાત દૂસરી હૈ. બાકી અમાપ ગુણકી સંખ્યાવાલા આત્મા વહ તો ક્યા ચીજ હૈ! ઉસે અંતરમેં જ્ઞેય બનાકર જબ પરજ્ઞેયકો છોડ દેતા હૈ, આહાહા! તબ અપના ભગવાન જ્ઞેય જ્ઞાનકી પર્યાયમેં વિલય હોતા હૈ. કહો, સમજમેં આયા?

**મૈં મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાન ભેદોંકો નહીં કરતા...** ઓહોહો! **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્માકો હી ભાતા હૂં.** મૈં તો સહજ ચૈતન્યવિલાસમેં રમનેવાલા ત્રિકાલ.. ત્રિકાલ ચૈતન્યકી ઋદ્ધિ જો અનંત ગુણકી હૈ ઉસમેં રમનેવાલા–વિલાસ (કરને)વાલા ભગવાન

ઉસકો મૈં ભાતા હૂં. 'ભાતા હૂં' વહ પર્યાય હુઈ. યે નિશ્ચય પ્રતિક્રમણ હુઆ. 'ભાતા હૂં' યે નિશ્ચય પ્રતિક્રમણ (ઔર) વહી આત્મા હુઆ. આહાહા! સમજમેં આયા? આ તો સત્પદ પ્રરૂપણા છે. ભાઈ આવે છેને? સત્પદ પ્રરૂપણા. આહાહા! ભગવાનની વાણી તો જુઓ! ષટ્ખંડાગમમેં આતા હૈ. સત્ હૈ ઉસકી પ્રરૂપણા ચલતી હૈ. ઐસા આત્મા હૈ ઉસકા કથન ચલતા હૈ. ઐસા બોલ ધવલમેં આતા હૈ. શ્વેતામ્બરમેં આતા હૈ. શ્વેતાંબરમાં.....

શ્રોતા : યે પ્રતિક્રમણ દિગમ્બર આમ્નાયકા હૈ કિ શ્વેતામ્બર આમ્નાયકા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : દિગમ્બર આમ્નાય. શ્વેતામ્બર આમ્નાયમેં વહ ચીજ નહીં, ભગવાન! વહ ચીજ ઉસમેં હૈ નહીં. સંપ્રદાય.... યે સંપ્રદાય નહીં, યે તો વસ્તુકા સ્વરૂપ હૈ, ઉસકા નામ દિગમ્બર ધર્મ હૈ. દિગંબર અર્થાત્ દિક્ નામ વિકલ્પ, અંબર નામ આકાશ. વિકલ્પકા કપડા નહીં જિસમેં, જિસમેં ભેદકા કપડા નહીં. આહાહા! સમજમેં આયા? બાહ્યમેં દ્રવ્યલિંગ મુનિકો કપડા નહીં વહ પીછે. યે તો અંદરમેં ભેદકા કપડા નહીં. આહાહા! વિકલ્પ ને રાગકા તો હૈ નહીં, ઉસકા નામ દિગંબર ધર્મ હૈ. યે તો વસ્તુકા સ્વરૂપ હૈ. આહાહા! સમજાય છે કાંઈ? એક બાર તો ઐસા આના ચાહિયે. ભગવાન! વૈકુંઠમેં તુજે જાના હૈ ન. પરમાત્મા અનંત ગુણકા પિંડ યે વૈકુંઠ તેરા મોક્ષધામ હૈ. શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાલ હૈ. અનંત ગુણ હૈં યે શક્તિરૂપ મોક્ષ હૈ. ઉસમેં તુજે જાના હૈ ન. નિર્વાણનગર. આહાહા!

છેને, સજ્જાય આવતી હતી. ભાઈ! દુકાન પર વાંચતા હતા ૬૪-૬૫માં. 'સહજાનંદી આતમા, સૂતો તું નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે..' મોહરૂપી ચોર. વહ સજ્જાય આતી હૈ. ચાર સજ્ઝાયમાલા હૈ શ્વેતાંબરમેં. હમ તો દુકાન પર પઢતે થે, બહોત પઢતે થે. નિવૃત્તિ થી ન. પિતાજીકી દુકાન થી ઘરકી. ઉસમેં યે આયા હૈ. 'સહજાનંદી આતમા, સૂતો તું નિશ્ચિંત રે..' ભાઈ! તું તો કેમ સૂતો નિશ્ચિંત? તને ઊંઘ કેમ આવે છે? 'મોહ તણા રે રણિયા ભમે..' વિપરીત મોહ(રૂપી) ચોર આત્માકે સ્વભાવ પર–તેરે ઉપર ફિરતા હૈ. 'જાગ જાગ મતિવંત રે, જાગ જાગ મતિવંત રે, એ લૂંટે જગતના જંત રે.' જગતના જન તને લૂંટે છે.

હું તારી પત્ની છું, તેં મારો હાથ પકડ્યો માટે નભાવવું પડશે, અમે તમારા દીકરા છીએ, તમારે આમ કરવું. આ જગતના જન તને લૂંટે છે, પ્રભુ! એ ધૂતારાની ટોળી તને ધૂતે છે. 'મોહ તણા રે રણિયા ભમે, જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે, વિરલા કોઈ ઉર અંત રે.' કોઈ વિરલા પ્રાણી એમાંથી ઉગરે. સમજમેં આયા? એ વખતે વાંચતા હતા. એ વખતે તો ક્યાં...? 'જાગ જાગ મતિવંત રે..' એ મતિવંત પ્રભુ! 'જાગીને જોઉં તો જગત દિસે નહીં..' વેદાંતમાં આવે છે. પણ એ જગત.. જગત આત્મામાં દિસે નહીં, જગત જગતમેં હૈ. આહાહા! સમજાય છે કાંઈ?

એવો ભગવાન આત્મા.. ઓહોહો! સંતોએ ગજબ કામ કર્યાં છે! દિગંબર મુનિઓએ તો કેવળજ્ઞાન ને મોક્ષનો માર્ગ હથેળીમાં બતાવ્યો છે. હથેળી કહતે હૈં? આમળા હોતા હૈ ન કિ બોર... આમળા દેખે આમ લાગે... હથેળીમેં બોર હોય, કેમ ન દેખે? આહાહા! બોર સમજતે હો ન? હથેળીમેં આમલા કહતે હૈં. આમલા તો બોરકો કહતે હૈં. હસ્તામલવત્.. ઐસે ભગવાન આત્મા... વિકાર કૈસા હૈ? માર્ગ કૈસા હૈ? હસ્તામલકી તરહ સ્પષ્ટ કર દિયા હૈ. કુછ સંદેહકા સ્થાન હૈ નહીં. આહાહા! પણ પક્ષપાત ને આગ્રહને લઈને ન સૂઝે તો એનો દોષ છે.

મૈં યે ભેદકો નહીં કરતા. **મૈં એકેન્દ્રિયાદિ...** ચૌદ ભેદ હૈં. ચૌદ તેરી બેતાળીસ. ચૌદ માર્ગણા(સ્થાન) ઉસકે પેટાભેદ બહોત હૈં. ચૌદ ગુણસ્થાન ઉસકે ભી પેટાભેદ બહોત હૈં. ચૌથે ગુણસ્થાનમેં નિર્મલતાકે અનંત પ્રકાર પડતે હૈં, પણ સામાન્યરૂપસે ચૌદહ ગુણસ્થાન કહે હૈં. **મૈં એકેન્દ્રિયાદિ જીવસ્થાનભેદોકો નહીં કરતા...** મૈં–હું... અનંત-અનંત સ્વભાવિક માપ બિનાકી સંખ્યાવાલે ગુણકો ધરનેવાલા, ઐસી ચૈતન્યકી રમતમેં રમનેવાલા, મૈં રાગકી રમતમેં નહીં રમનેવાલા... આહાહા! સમજમેં આયા? આહા! રાગની રમતું એ નહીં, કહે છે. આહાહા! મૈં તો એકેન્દ્રિયાદિ જીવસ્થાન... પંચેન્દ્રિય આવી ગયાને એમાં? કહતે હૈં ન કિ પંચેન્દ્રિય હો તો લાભ હોતા હૈ, ઢીંકણા હોતા હૈ. આહાહા! પંચેન્દ્રિયપના મિલા તો સુનને મિલા તો લાભ (હોતા હૈ). અરે ભગવાન! સુન તો સહી! આહાહા! પંચેન્દ્રિયકે ભેદ મેરેમેં હૈં નહીં. પંચેન્દ્રિય કૈસા? આહાહા!

મૈં તો અનંત ગુણકા પિંડ અણીન્દ્રિય આત્મા હૂં. આત્મા કૈસા હૈ યે સમજનેમેં અનંત પુરુષાર્થ હૈ. આહાહા! સમજમેં આયા? એકેન્દ્રિય, દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, મનવાળા, મન વિનાના અને... દ્વિઇન્દ્રિય આવી ગયા. અપર્યાપ્ત-પર્યાપ્ત... મુજે પર્યાપ્તપના હુઆ હૈ. અરે! પર્યાપ્તિ હોતી હૈ ન આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. છ પર્યાપ્તિ. છહોં પર્યાપ્તિકે ભેદ મેરેમેં નહીં. આહાહા! પર્યાપ્તિ મિલી તો મનકી, ભાષાકી તો સમજમેં આતા હૈ—ઐસા નહીં. અરે! શોભાલાલજી કહાં બેઠે બહોત દૂર. પંડિતજી! બહુત વૃદ્ધ હૈં. શોભાલાલ.... સમજમેં આયા? વૃદ્ધ હૈં ન તો સુનનેમેં... **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્માકો હી ભાતા હૂં.** આહાહા! કુંદકુંદાચાર્યને જબ યે શ્લોક (લિખા હોગા) તબ જો વિકલ્પ હૈ ઉસકી રમતમેં 'આત્મા કૈસા હૈ' વહ વિકલ્પકે પીછે (બતાયા હૈ).

શ્રોતાઃ ભાવકા સ્પષ્ટીકરણ આપ કર રહે હો મહારાજ!

પૂજ્ય ગુરૂદેવશ્રી : **મૈં શરીરસમ્બન્ધી બાલાદિ અવસ્થાભેદોંકો નહીં કરતા...** શરીરની બાળ અવસ્થા, અંગ-ઉપાંગ કોમળ, યુવાન અવસ્થા... માંસની કઠણ (અવસ્થા) એ યુવાવસ્થા. યે તો જડકી અવસ્થા હૈ. અંગ-ઉપાંગકી કોમલ અવસ્થા વહ બાલ અવસ્થા, કઠણ અવસ્થા વહ યૌવનવસ્થા, જીર્ણ અવસ્થા વહ વૃદ્ધાવસ્થા—યે સબ જડકી અવસ્થા મૈં નહીં કરતા. આહાહા!

વહ ચીજ મેરી નહીં, મેરેમેં હૈ નહીં. સમજમેં આયા? બરાબર ધ્યાન રખે તો શરીર પુષ્ટ રહે, ધ્યાન રખે તો યુવાની રહે, તેલ ઐસા લગાવે તો બાલ સફેદ ન હો જાય. ઐસે તો કાલે બાલ સફેદ હો જાતે હૈં. યે સબ મેરી ચીજ નહીં. આહાહા! મૈં તો અશરીરી ભગવાન આત્મા હૂં. આહાહા!

કહતે હૈં, **મૈં શરીરસમ્બન્ધી બાલાદિ...** બાલ, યુવાન ને વૃદ્ધ અને સ્થવિરના અનેક પ્રકાર રોગાદિ, નિરોગાદિ **અવસ્થાભેદોંકો નહીં કરતા**... મૈં શરીરકો નિરોગ રખું વહ મૈં નહીં. એમ કહે છેને કેટલાક કે આપણે પથ્ય આહાર કરીએ તો શરીર નિરોગ રહે? આહા! અરે ભગવાન! સુન તો સહી પ્રભુ! યે બાલ, યુવાન, ને વૃદ્ધ ને સ્થવિર અવસ્થા, રોગ-સરોગ અવસ્થા યે સબ જડકી અવસ્થાકે કાલમેં જડમેં હોતા હૈ. કહતે હૈં, ઉન અવસ્થાકો મૈં નહીં કરતા. એમાં આવ્યું છે 'કારણ'. ભાઈ! ગાથામાં એમાં જ 'કારણ' આવ્યું છે આ પદમાં. 'કારણ નહીં' એ આમાં આવ્યું છે. બીજા પદમાં 'કારણ નહીં' નથી આવ્યું. સમજમેં આયા? આહાહા! આવ્યું છેને કારણ. 'બાળાદિ' જુઓને! **णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं**.. એ ને પછી રાગ-દ્વેષમાં કારણ નાખ્યું, બસ. બેમાં આવ્યું છે, પણ બધામાં લઈ લેવું. પદની રચના છે. આહાહા!

યુવાન અવસ્થા મૈં હૂં. અરે પ્રભુ! યુવાન અવસ્થા જડકી તુજે કહાંસે આયી? મુજે વૃદ્ધાવસ્થા હો ગઈ. અરે ભગવાન! વૃદ્ધાવસ્થા તો જડકી હૈ. તેરેમેં કહાં આ ગઈ? મેરી આંખ કમજોર હૈ ગઈ, મેરે કાન ઐસે હો ગયે, મેરા મસ્તક ઐસા હો ગયા, મેરી યહાં નસ તુટ ગઈ, શું કહેવાય? રગ. રગ તુટ ગઈ મેરેમેં. રગ-ફગ તેરેમેં હૈ નહીં, તૂટે કહાં? આહાહા! યહાં તો કહતે હૈં, બાલ, યુવાન, વૃદ્ધ, નિરોગ, સરોગ (આદિ) અવસ્થા તો જડકી સ્વતંત્ર હોતી હૈ. ઉસકા મૈં કરનેવાલા નહીં, ઉસકા મૈં કારણ નહીં, આહાહા! પ્રવચનસારમાં આવે છેને. મૈં કારણ નહીં ઉસકા. પુદ્‌ગલપર્યાય જડકી હોતી હૈ ઉસકા મૈં કારણ નહીં. કોઈ કહે કિ વ્યવહારકારણ હોતા હૈ કિ નહીં? વળી એમ માને છે. વ્યવહારકારણ વહ કારણ નહીં. આહાહા! સમજમેં આયા? શરીરકી અવસ્થા ઉસકે કારણસે સ્વયંસિદ્ધ પરિણમતી હૈ ઉસકો નિમિત્ત ક્યા....? મેરા મુખ પલટ ગયા હૈ. (શ્રોતાઃ આજ તો આનંદ વર્તતા હૈ.) આહાહા! **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્માકો હી ભાતા હૂં.** વિશેષ આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૧૦, શનિવાર, તા. ૧૯-૮-૧૯૭૨
## ગાથા-૭૭-૮૨, શ્લોક-૧૦૯, પ્રવચન નં. ૭૩ (હિન્દી)

પરમાર્થ પ્રતિક્રમણકા અધિકાર હૈ ન. પરમાર્થ પ્રતિક્રમણમેં પહલે તો મિથ્યાત્વકા પ્રતિક્રમણ હોતા હૈ. બંધકે કારણ પાંચ હૈં ન—મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ. ખરેખર તો પ્રથમ સમ્યગ્દર્શનમેં મિથ્યાત્વસે હટ ગયા, તો સમ્યગ્દર્શનમેં—પૂર્ણ આનંદસ્વરૂપ ઐસી દૃષ્ટિમેં—પાંચોં બંધકે કારણ ઉસમેંસે છૂટ ગયા નિશ્ચયસે. સમજમેં આયા? પૂર્ણ પરમાત્મા અનંત આનંદ ને અનંત જ્ઞાન ઐસા ગુણકા ભંડાર ભગવાન, ઉસ સન્મુખ હોકર અંતરકી દૃષ્ટિ પ્રગટ કી–સમ્યગ્દર્શન, જો પ્રથમ ભૂમિકા હૈ, ઉસ ભૂમિકામેં મિથ્યાત્વકા તો સર્વથા અભાવ હુઆ, (ઉસકે ઉપરાંત) અવ્રત, પ્રમાદ, કષાય, યોગાદિ મેરી ચીજમેં નહીં ઐસી દૃષ્ટિ હોતી હૈ. આહાહા! ભારે વાત ભાઈ! સમજમેં આયા? પ્રથમ મિથ્યાત્વકા પ્રતિ(ક્રમણ)–પીછે હટના. ભગવાન આત્મા ગહન–ગંભીર અનંત-અનંત ગુણકે સ્વભાવવાલા સાગર પ્રભુ હૈ ઐસી જહાં દૃષ્ટિ અંતરમેં હુઈ, દૃષ્ટિ જહાં સ્વભાવમેં પ્રસર ગઈ, ઉસ ક્ષણમેં હી મિથ્યાત્વકા તો મૂલસે નાશ હુઆ, અવ્રત, પ્રમાદ, કષાય આદિ બંધકે પરિણામ હૈં વે મેરેમેં નહીં. સમજમેં આયા?

વહ ... જો હોતે હૈં અવ્રત, પ્રમાદાદિ પરિણામ, ઉસકા ધર્મી જ્ઞાતા હો જાતા હૈ, પહલે સમ્યગ્દર્શનમેં. સમજમેં આયા? અપના આત્મા અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદસ્વભાવ–સ્વરૂપકા સ્વાદ આયા સમ્યગ્દર્શનમેં. સમજમેં આયા? મૈં પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદ હૂં ઐસી અંતરમેં દૃષ્ટિ હોકર, દૃષ્ટિ પસરી પૂર્ણ આનંદમેં, ઉસ સમયમેં સમ્યગ્દર્શન જો હુઆ ઉસમેં–પ્રતીતિમેં મિથ્યાત્વકા તો અભાવ હુઆ, અવ્રત ને પ્રમાદ, કષાય આદિ જો કુછ રાગ-દ્વેષ હૈ થોડા.. થોડા વહ ભી દૃષ્ટિમેંસે તો હટ ગયા હૈ. સમજમેં આયા? અવ્રત, પ્રમાદ, કષાયકે પરિણામ મેરેમેં હૈં નહીં. આહાહા! ઐસી ચીજ હૈ ભાઈ! ચૈતન્યસ્વભાવ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપકા અનુભવમેં ભાન હોકર, પૂર્ણ સ્વભાવકો જ્ઞેય બનાકર, અનુભવમેં જબ પ્રતીતિ હુઈ, તબસે આત્મા પ્રત્યેક વિકારકે ભાવસે પૃથક્ હો ગયા. સમજમેં આયા? વિભાવસે હટ ગયા ઔર પૂર્ણાનંદ પ્રભુ આત્મા નિર્વિકારી ચીજમેં જબ અંદર પસર ગયા, મિથ્યાત્વકા પ્રતિક્રમણ તબ હુઆ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

અવ્રત આદિસે હટ ગયા હૈ, પણ અભી ભાવ હૈ, દૃષ્ટિકી અપેક્ષાસે હટ ગયા હૈ. દૃષ્ટિ, સંપૂર્ણ પ્રભુ ઉસકા જ્ઞાન (હોતે) અવિરત, પ્રમાદ હોતા હૈ ઉસકો સ્વીકારતી નહીં, અપનેમેં હૈ ઐસા સ્વીકાર નહીં કરતી. આહાહા! પ્રથમ તો યે પ્રતિક્રમણ હોના ચાહિયે. પંડિતજી! આહાહા! સમ્યગ્દર્શનકી બાત હૈ ન ભગવાન! યે તો ચૌથે ગુણસ્થાનકી બાત હૈ. નારકી, સાતવેં રવ-રવ નરકમેં પડા નારકી ભી કર સકતા હૈ ઔર પશુ હજાર યોજનકા મચ્છ–મગરમચ્છ... હજાર-

હજાર યોજન શરીરકા લંબા. યે તો શરીર હૈ. ..... ઐસે અસંખ્ય પડે હૈં. સ્વયંભૂરમણ સમુદ્ર આદિમેં અસંખ્ય પશુ ચૌથે ગુણસ્થાનવાલે પડે હૈં ઔર અસંખ્ય પશુ પંચમ (ગુણસ્થાન)વાલે હૈં.

'પશ્યતે બધ્યતે ઇતિ પશુ' એમ આવે છેને. પંડિતજી! 'પશ્યતે બધ્યતે ઇતિ..' ચૌદ બોલ આવે છેને છેલ્લે. એમાં પશુનો અર્થ સંસ્કૃતમાં કર્યો છે 'પશ્યતે બધ્યતિ ઇતિ પશુ.' વહ પશુ નહીં. આહાહા! ચૌદ બોલ હૈં પીછે. સમયસારમેં અનેકાંતકે ચૌદહ બોલ નહીં આતે? ઉસમેં હરેકમેં પશુ કહા હૈ. મિથ્યાત્વમેં પડા હૈ, પૂર્ણાનંદ સ્વભાવકા જહાં આદર નહીં, વહાં રાગ ને એક સમયકી પર્યાયકા આદર હૈ, તો ઉસકો મિથ્યાદૃષ્ટિકો ... કહકર પશુ કહા હૈ. આહાહા! ઉસકા અર્થ ઐસા હૈ કિ 'પશ્યતે બધ્યતે ઇતિ પશુ.' મિથ્યાત્વાદિ સ્થાનસે બંધતા હૈ. સમજમેં આયા? માર્ગ ભગવાનકા ઐસા હૈ. ભગવાન કહો કિ આત્મા કહો. બહોત સૂક્ષ્મ હૈ. લોગોંકો રાગકી ગતિ ક્યા હૈ, દૂસરી ગતિ ક્યા હૈ (ઉસકી) ખબર નહીં. સમજમેં આયા?

એક સમયમેં પૂર્ણ જ્ઞાન, આનંદકી સ્વચ્છતા હોનેવાલા સ્વભાવ, ઉસકી જહાં અંતર્મુખ હોકર પ્રતીતિ હુઈ, તો મિથ્યાત્વસે તો હટ ગયા. અવ્રત, પ્રમાદ, કષાયસે ભી નિશ્ચયસે અંદરસે હટ ગયા હૈ. આહાહા! આવી વાત છે. ...... અબંધસ્વભાવી ભગવાન... અબદ્ધસ્પૃષ્ટ આતા હૈ ન, ૧૪-૧૫વીં ગાથામેં આતા હૈ. અબદ્ધસ્પૃષ્ટ પ્રભુ... વસ્તુ અબદ્ધસ્પૃષ્ટ હૈ. ઐસી અબદ્ધસ્પૃષ્ટ નામ પર્યાયમેં મોહ, રાગકા બંધ હૈ, પણ વસ્તુમેં બંધ નહીં. પર્યાયમેં રાગ હો, પર્યાયમેં નિમિત્ત-નૈમિત્તિક સંબંધસે ભલે રાગબદ્ધ હો, પણ વસ્તુદૃષ્ટિમેં બંધ નહીં, યે તો અબદ્ધ હૈ, આહાહા! યે મુનિકી બાત હૈ કિ કિસકી બાત હૈ?

શ્રોતા : પ્રતિક્રમણ તો મુનિ કરતે હૈં ઇસલિયે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : પ્રતિક્રમણ તો સમકિતી દેડકા ભી કરતે હૈ. દેડકા સમજે? મંડૂક–મેંઢક. .... ઉસમેં ક્યા હૈ? (મેઢક ઔર) હજાર જોજનકા મચ્છ—દોનોં અંદર મિથ્યાત્વકા પ્રતિક્રમણ કરતે હૈં. કબ? હર સમય–ચોબીસોં ઘંટે.

શ્રોતા : મહારાજ! મિથ્યાત્વકા પ્રતિક્રમણ તો શ્રાવક ભી કર સકતા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, શ્રાવકકી બાત તો ચલતી હૈ. ચારિત્રકી બાત હૈ, પણ ઉસમેં પહલે યે ચીજ હૈ ઇસલિયે તો બાત આઈ. સમજમેં આયા?

શ્રાવક ક્યા, શ્રાવક હુએ પહલે સમકિતીકી બાત હૈ યહાં. જિસકો અંતરમેં પરમાનંદસ્વરૂપ પૂર્ણ જ્ઞાનસ્વભાવકા ભાસ હુઆ, જ્ઞાનમેં ભાસ હુઆ, ઉસકા બોધ હો ગયા (કિ) મૈં તો અનંત આનંદ ને જ્ઞાન હૂં, તો પીછે ઉસકો અવ્રત, પ્રમાદકી પર્યાયમેં રુચિ કહાં રહી? કારણ કે વિકારી પર્યાય હૈ. જિનેશ્વરદાસજી! આહાહા! સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ હૈ. વહ કોઈ સાધારણ ચીજ નહીં. ઐસે માન બૈઠે કિ સમકિત હૈ.. સમકિત હૈ. ભાઈ! સમકિત

હોતે આત્મા મુક્ત હો ગયા. સમજમેં આયા? અબદ્ધસ્પૃષ્ટકા ભાન હુઆ ન. અબદ્ધસ્પૃષ્ટ કહો કિ મુક્ત કહો—એક હી બાત હૈ.

**जो पस्सदि अप्पाणं...** (સમયસાર) ૧૪વીં ગાથા. **जो पस्सदि अप्पाणं अबद्धपुट्टं..** કર્મ ને રાગથી બંધા હી નહીં. (કર્મકા) પરમાણુ પડા હૈ ઉસકા સ્પર્શ નહીં, સ્પર્શ નહીં. ઔર અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત. અનન્ય નામ એકરૂપ જિસકા સ્વભાવ હૈ અને સામાન્ય જિસકા સ્વભાવ હૈ, વિશેષ નહીં. ઔર અસંયુક્ત. શુભ-અશુભ, સુખ-દુઃખકી કલ્પના ઇસસે અસંયુક્ત હૈ, ઇસસે સહિત આત્મા હૈ નહીં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં હી ઐસા ભાન હોતા હૈ, ઉસકે ઉપરાંત યહાં ચારિત્રકી બાત ચલતી હૈ. ... સમ્યગ્દર્શનકા પ્રતિક્રમણ (અર્થાત્) મિથ્યાત્વસે હટ જાના ઔર સબ વિકારકી પર્યાયસે હટ જાના વહ ... કહા. ક્યોંકિ દૃષ્ટિ તો પૂર્ણાનંદ સ્વભાવકા સ્વીકાર કરતી હૈ. સમજમેં આયા? એક સમયકી પર્યાયકા ભી સ્વીકાર નહીં કરતી. મૈં ઇતના નહીં. પીછે અવ્રત અને પ્રમાદ આદિ થોડા રહા યે અપને સ્વભાવમેં નહીં. આહાહા! ગજબ વાત છેને!

એક ઐસી ચીજ ચૈતન્યબિંબ ભગવાન... અંતરમેં પહલે હી જબ મિથ્યાત્વકા પ્રતિક્રમણ હોકર સમ્યગ્દર્શનકી દશા પ્રગટ હુઈ, ઉસી સમય અવ્રત, પ્રમાદ, કષાય, યોગકે પરિણામ જો બંધરૂપ હૈં... બંધકા કારણ કહા ન. બંધકે કારણસે ભી મૈં તો રહિત હૂં. આહાહા! સમજમેં આયા? ક્યોંકિ બંધકે કારણ ને બંધ દોનોંસે આત્મા ભિન્ન હૈ. એક સમયમેં પોતે–નિજ પરમાત્મા. પરમાત્મા પરમાત્માકે પાસ રહા, વહ અપના પરમાત્મા નહીં. સર્વજ્ઞદેવ આદિ સિદ્ધ .... પરમાત્મા. ..... સમજમેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્રકો અનાયતન કહા હૈ. યે આત્માકા સ્થાન નહીં. આત્માકે આયતન–સ્થાન–ઘરમેં નહીં. આહાહા! સમજમેં આયા? વહ ... ગાથા હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર ....... ઉસકા આયતન તો સ્વ હૈ. ... ભગવાન! વહ તો વ્યવહારસે કહા હૈ નાથ! તુજે કલંક હૈ. તેરા સ્થાન–આયતન... આહાહા!

અનંત.. અનંત.. એક-એક શક્તિ અનંત સામર્થ્યવંત, ઐસી અનંત શક્તિકા એકરૂપ ભગવાનમેં રાગ કૈસા? ઉસમેં પાંચ પર્યાય બંધકી કૈસી? આહાહા! ગજબ વાત છે. ઉસ અપેક્ષાસે તો **मुक्त एव...** ઐસા આતા હૈ સમયસારકે કલશમેં. **मुक्त एव..** સમયસારકે કલશ (૧૯૮)મેં આતા હૈ. ભાઈ! તેરી ચીજ તો **मुक्त एव**. આ કાંઈ વાતની વાત નથી. ઐસા સ્વરૂપ હૈ. ઐસા અંતર દૃષ્ટિમેં આયા, છૂટ ગયા સંસાર છૂટ ગયા. સંસારકી ઉદયકી પર્યાય ભી મેરેમેં નહીં. આહાહા! ઐસા પહલે સમ્યગ્દર્શન પ્રગટ કરકે, મિથ્યાત્વ આદિ બંધપર્યાયસે રહિત (ઐસા) પ્રતિક્રમણ કરકે, પીછેકી બાત યહાં ચલતી હૈ. પીછે સ્વરૂપમેં ઠરતે હૈં ચારિત્ર. પ્રગટરૂપ દોષ અવ્રત આદિકા પરિણામ થા, ઉસકા થોડા અભાવ હોકર સ્વરૂપમેં લીન હોતે હૈં, ઉસકા

નામ ચારિત્રકા સચ્ચા પરસે હટના–પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? બહુ ઝીણું પડે માણસને. .....

ભગવાનને તો પુણ્યપરિણામ, જિસ ભાવસે તીર્થંકર બંધે ઐસે પુણ્યપરિણામકો સ્થૂલ કહા હૈ. લિખા હૈ સમયસારમેં, પુણ્ય-પાપ અધિકારમેં હૈ. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ પરિણામ સ્થૂલ હૈ, કષાયકા અંશ સ્થૂલ હૈ. ભગવાન તો ઉસસે ભી સૂક્ષ્મ હૈ. સમજમેં આયા? ઉસકી પર્યાય સૂક્ષ્મ, ગુણ સૂક્ષ્મ, દ્રવ્ય સૂક્ષ્મ. સૂક્ષ્મ ગુણ તીનોંમેં વ્યાપતા હૈ. ... ગુણ હૈ વહ તીનોંમેં વ્યાપ્ત હૈ. દ્રવ્ય-ગુણ ને અપની પર્યાય તીનોંમેં વ્યાપ્ત હૈ. સમજમેં આયા? સૂક્ષ્મગુણ રાગમેં વ્યાપક નહીં. આહાહા! ૪૭ શક્તિ હૈ ન. ઐસા સૂક્ષ્મ ગુણ હૈ. સમજમેં આયા? ......

જીવશક્તિ હૈ ન. જીવત્વશક્તિ હૈ ન પહલી. જીવના ...... જ્ઞાન, આનંદ ને સત્તા, સુખકા પ્રાણ જો ત્રિકાલ ઉસકો સ્વીકારા હૈ દૃષ્ટિમેં, હૈ તો ખરા, પણ હૈ ઐસા શ્રદ્ધામેં આયા, તબ ઉસકા જીવન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાયસે ઉસકા જીવન ... હોતા હૈ. ઉસકા જીવન રાગસે, નિમિત્તસે, શરીરકે આયુષ્યસે નહીં. શરીરકે આયુષ્યસે ઉસકા જીવન નહીં. સમજમેં આયા? ....... જીવત્વશક્તિ આતી હૈ ન પહલી. શક્તિમેં આયા હૈ ન.

... કહતે હૈં, મહાવીરકા સંદેશ, જીવો ને જીવવા દો. યે ભગવાનકી વાણી હૈ નહીં, યે અંગ્રેજકા (નારા) હૈ. સમજાય છે કાંઈ? તમારા જેવાને ક્યાં ખબર છે? પણ ન્યાયકી બાતમેં ભી યે નહીં હૈ. શરીરસે જીવો ને જીવવા દો વહ તેરી ચીજ હૈ? બોલતે હૈં ન વહ. ચાકળા લખ્યા હોય. નીકળીએ ત્યારે જુવાનિયા બોલે જોરથી, જુવાનિયા જોરસે. 'યહ મહાવીરકા સંદેશ' એમ બોલે. વહાં દૂસરા કહે 'જીવો ને જીવવા દો.' અહીં તો ના પાડે છે. એની ટીકા કરે. અરે ભગવાન! તુજે ખબર નહીં નાથ! તેરે જીવનકા જીના વહ તો, અનંત આનંદાદિ પ્રાણ હૈં ઉસકા સ્વીકાર કરે ઉસકા આત્મા જીતા હૈ, ઉસકા નામ જીના કહનેમેં આતા હૈ. ઉસકો 'જીવો ને જીવવા દો.' પંડિતજી! ઐસી બાત હૈ.

ભગવાન! તેરી ચીજ હી ઐસી હૈ. ક્યા કહે, કિસકો ક્યા કહે, કિસકો કહે, નામ બિના... ઐસા આનંદઘનજીમેં આતા હૈ, 'કહા કહૂં, કિસકો કહૂં, જ્ઞાનકા ખિલાડી ભગવાન તેરેકો ક્યા કહે.' સમજમેં આયા? રાગ કિ પુણ્યકે પરિણામકા ખિલાડી રમત રમે વહ આત્મા નહીં. આહાહા! ઐસા આતા હૈ? સમજમેં આયા? આહા! એ દેવીલાલજી! દેવીલાલ કુછ બોલતે નહીં. આહાહા! બોલે કોણ? 'બોલે એ બે ખાય' ઐસા આતા હૈ. વિકલ્પ કરે વહ તો રાગ હૈ. આહાહા! ગજબ વાત છે. 'બોલે એ બે ખાય' સુના હૈ?

એક કાકો-ભતીજો હતા બે બ્રાહ્મણ. પાંચ લડ્ડુ બનાયે, ચૂરમાકે પાંચ. પાંચ લાડવા બે જણમાં ખાવા શી રીતે? પછી એમાં કોઈ કહે, બોલે એ બે ખાય, ન બોલે એ ત્રણ ખાય. બોલના બંધ હો ગયા. કોઈ કહે, આ તો મરી ગયા લાગે છે. લઈ ગયા સ્મશાનમાં. પાંચ જણા

આવ્યા હતા એને ઉપાડીને. એમાં ભત્રીજો હતો એ મુંજાણો ને બોલ્યો, કાકા! તું ત્રણ ખા ને હું બે ખાઉં. ઓલા પાંચ (લાડવા) હતાને. પછી એમાં..... શું થયું આ? આ લાડવામાંથી થયું. એક બ્રાહ્મણ .........

ઐસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકો અપને તરફ ખિંચતા હૈ વહ આત્માકા અનુભવ કરતા હૈ. બે નામ બોલે ઉસમેં વિકલ્પ આતા હૈ વહ વ્યવહાર હૈ. સમજમેં આયા? આહા! વાણી જડ, અરે! વિકલ્પ ક્યા કરે, વાણી .... જડ. આહાહા! ભગવાન! તેરી ચૈતન્યમૂર્તિ ... મિથ્યાત્વસે પ્રતિક્રમણ કરના વહ તેરી ચીજ હૈ. સમજમેં આયા? યહાં ચારિત્રકી રમણતા અંતરમેં હોતી હૈ તબ અવ્રત ને પ્રમાદસે હટ જાતા હૈ, ઉસકા નામ નિશ્ચય ચારિત્રવંતકા પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. યહાં આયા દેખો! યે શરીર સંબંધી પીછે આયા.

**મૈં...** ધર્માત્મા અપનેકો મૈં... આહાહા! **રાગાદિભેદરૂપ ભાવકર્મકે ભેદોંકો નહીં કરતા...** અસ્થિરતાકા રાગ હૈ ઉસકો ભી નહીં કરતા, યૂં આયા. રાગાદિ ભેદ મેરા હૈ વહ છૂટ ગયા, પણ જો થોડા અસ્થિરતાકા રાગાદિ થા ઉસે મૈં... આહાહા! અમૃત હૈ. અમૃતસાગર ભગવાન ઉસમેં મૈં હૂં. મૈં તો અમૃતકા સાગર અમૃતસ્વરૂપમેં હૂં. ઐસી જહાં અંતરમેં દૃષ્ટિ,રમણતા હુઈ તો, કહતે હૈં... સમજાનેકો ક્યા કહે? કિ **રાગાદિભેદરૂપ ભાવકર્મ**... દેખો! વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ભાવકર્મ હૈ. ઉસકો ભી મૈં નહીં કરતા. સમજમેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા વહ વિકલ્પ હૈ–રાગ હૈ. સમજમેં આયા? નવ તત્ત્વકી પૃથક્-પૃથક્ શ્રદ્ધા વહ રાગ હૈ.

વહ આયા થા ન, નવ તત્ત્વ.... એ પરિપાટી છે. આ જીવ ને આ અજીવ (ઐસા) ભેદરૂપ ભાવ વિકલ્પ હૈ, રાગ હૈ. ઉસસે હટકર અપને નિજાનંદ ભગવાનમેં આ જાના ઉસકા નામ નિશ્ચય પ્રતિક્રમણ હૈ. અસ્થિરતાકે રાગસે ભી છૂટ જાના.. છૂટ જાના નામ અંદર સ્થિરતા હોતી હૈ તબ રાગ છૂટ જાતા હૈ, ઉસકા નામ ચારિત્રકી ભૂમિકાકા સચ્ચા પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. આહાહા! તેરી ચીજ સુનનેમેં નહીં આયી. તેરા પરમાત્મા તેરેમેં હૈ ભાઈ! તેરેમેં ડોલે... એ આવે છેને, તેરેમેં ડોલતા હૈ... હૈ ઉસમેં? 'તેરા પ્રભુ તુજમેં બોલે ને તુજમેં ડોલે.' તેરા પરમાત્મા અપને નિજસ્વરૂપસે પૂર્ણ હૈ. ઉસ તરફકે વિશેષ આશ્રય કરકે ઝૂકનેસે રાગાદિભેદોંકો મૈં કરતા નહીં, ભાવકર્મ–રાગાદિકો મૈં કરતા નહીં, મૈં કરાતા નહીં, મૈં અનુમોદક નહીં. ઓહોહો!

સમ્યગ્દર્શન હુઆ ઉસમેં ભાવકર્મકા અનુમોદન (અર્થાત્) ભાવકર્મ હો તો ઠીક હૈ— ઐસા હૈ નહીં. આતા હૈ. ભાવકર્મ સમ્યગ્દર્શન પીછે ભી આતા હૈ, પણ મૈં કરતા હૂં, મૈં કરાતા હૂં, મૈંને અનુમોદન (અર્થાત્) ઠીક કિયા રાગ વ્યવહાર–વહ મેરેમેં નહીં. દેખો! વીતરાગ માર્ગ. વ્યવહાર રત્નત્રયકા ભી અનુમોદક નહીં ઔર વ્યવહાર રત્નત્રયકા મૈં કારણ નહીં. આહાહા! અંતર દૃષ્ટિ જહાં જ્ઞાયકમૂર્તિ પ્રભુ સન્મુખ હુઈ, પરસે વિમુક્ત હો ગયા, વિમુક્ત હુઆ તો વ્યવહાર રત્નત્રય આયા ઉસસે ભી વિમુખ હૈ ભગવાન. સમ્યગ્દૃષ્ટિ વિમુખ હૈ. શોભાલાલજી!

આહા! આ તકરાર મોટી. વ્યવહાર સચ્ચા હૈ, વ્યવહાર... વ્યવહાર કરનેકી હોંશ ક્યોં આતી હૈ? વહ તો રાગ હૈ. તુજે હોંશ આતી હૈ તો રાગકા તુજે સ્વીકાર હૈ. કહતે હૈં, ઐસા રાગ હો, (પર) અનુમોદન મેરા નહીં. આહાહા! યે વાસ્તવ નિશ્ચય સમ્યગ્દર્શનકી ચીજ હૈ. મૈં સમ્યગ્દૃષ્ટિ જીવ કિ મૈં ચારિત્રવંત જીવ રાગકા મૈં કારણ નહીં. ઉપરસે ઉત્પન્ન હોતા હૈ ઉસકા મૈં જાનનેવાલા હૂં. આહાહા! સમજમેં આયા?

મૈં તો **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ...** મૈં તો સહજ ચૈતન્ય-સ્વભાવિક ચૈતન્ય.. સ્વભાવિક ચૈતન્ય.. પર્યાય પ્રગટ હો યે સ્વભાવિક ચૈતન્ય નહીં. સ્વભાવિક ચૈતન્ય સ્વભાવ ઉસકે વિલાસસ્વરૂપ.. વિલાસસ્વરૂપ.. ભગવાન આત્માકી અપને ચૈતન્યસ્વભાવમેં વિલાસરૂપ મૌજૂદગી... ત્રિકાલ સહજ ચૈતન્ય વિલાસસ્વરૂપ મૈં હૂં. સમજમેં આયા? ઐસે **આત્માકો હી...** મૈં ઐસે આત્માકો હી **ભાતા હૂં.** મૈં વ્યવહારકી ભાવના નહીં કરતા કિ વ્યવહાર ઐસા હો, કરનેલાયક હૈ. ઐસી મેરી ... નહીં. સમજમેં આયા? મૈં તો પરમાનંદ પ્રભુ, મેરા સ્વભાવ ચૈતન્યવિલાસ આત્મા ઉસમેં એકાગ્ર હોતા હૂં, ઉસકી મૈં ભાવના કરતા હૂં નામ એકાગ્રતા. મૈં ભાવના વ્યવહારરત્નત્રકી ભી કરતા નહીં. ભારે કઠણ વાત ભાઈ! આ તો. સમજમેં આયા? ઐસા માર્ગ હૈ વીતરાગકા. સર્વજ્ઞકે મુખસે ઐસા પંથ નિકલા. સમજમેં આયા? .... ઊંચી બાત હૈ. ઊંચી ખરી, મિથ્યાત્વ ને અજ્ઞાનસે ઊંચી રીત, એમ.

**મૈં ભાવકર્માત્મક ચાર કષાયોંકો નહીં કરતા...** વિશેષ સ્પષ્ટ કિયા. મૈં ભાવકર્મસ્વરૂપ... દેખો! ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષના અંશો બધા એ તો ભાવકર્મસ્વરૂપ છે. ઇચ્છા હો વહ ભી ભાવકર્મસ્વરૂપ હૈ. મોક્ષકી ઇચ્છા .... ભાવકર્મ કહતે હૈં. .... ઇચ્છાસે મોક્ષ હોતા નહીં. ઇચ્છાસે મુક્ત હોગા તો મુક્ત હોગા. ઇચ્છાસે મુક્તિ હોગી ઐસા નહીં. ભારે વાત. એટલે એમ લાગે કે આ સોનગઢવાળા તો ક્યાંના ક્યાંય નિશ્ચયની વાત કરીને વ્યવહારનો લોપ કરી નાખે છે. એ સોનગઢવાળાની રહેવા દે પ્રભુ! ભગવાનકી વાણી ઐસી હૈ, ભગવાન કહતે હૈં ઐસે કહ ન. નંદકિશોરજી! આહાહા! ... પણ ખબર નહીં. યે તો ભગવાનકા શાસ્ત્ર હૈ કિ નહીં? કુંદકુંદાચાર્યકા દો હજાર વર્ષ પહલેકા શાસ્ત્ર હૈ. કોઈ નયા હૈ? દો હજાર વર્ષ પહલેકા.

શ્રોતા : મહારાજ! યે ખબર સોનગઢવાલેને ચલાયી ઇસલિયે કહતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ વે નિંદાકે લિયે કહતે હૈં. ભાઈ! .... નાથ! તેરી ભૂલ તો પર્યાયમેં હૈ, વસ્તુમેં ભૂલ નહીં. વસ્તુ તો ભગવાન પરિપૂર્ણસ્વરૂપ હૈ. ઓહોહો!

શ્રીમદ્દને એક બાર કહા. શ્રીમદ્ રાજચંદ્ર. 'પ્રભુ સર્વગુણસંપન્ન હોવા છતાં એમાં અપલખણનો પાર નથી'. ઐસા શબ્દ લિખા હૈ પત્રમેં. શ્રીમદ્ રાજચંદ્ર. પ્રભુ સર્વગુણસંપન્ન હોને પર ભી ઉસમેં અપલક્ષણકા પાર નહીં. ઐસા લિખા તો લોગોંને ટીકા કી. અરે! પ્રભુમેં ભી અપલક્ષણ કહતે હૈં. યે તો કહતે હૈં, પ્રભુ! ભગવાન આત્મા પરિપૂર્ણ ગુણલક્ષણસે સહિત

પરમાત્મા હૈ, ઐસા હોને પર ભી પર્યાયમેં અપલક્ષણકા પાર નહીં. યે ભગવાનકી બાત હૈ. ..... સમજમેં આયા? પ્રભુ પૂર્ણ લક્ષણસે પરિપૂર્ણ ચીજ હૈ. પૂર્ણ ગુણસહિત પરિપૂર્ણ ગુણસંપન્ન હૈ. ઉસકા અપલક્ષણ... અપલક્ષણ સમજે? દોષ. અપલક્ષણ કહતે હૈં ન? પર્યાયમેં દોષ હૈ વહ યહાં નિકાલ દેતે હૈં. ઐસા પર્યાયદોષવાલા મૈં નહીં, મૈં તો અનંતગુણવાલા હૂં. આહાહા! મૈં તો ભાવકર્મસ્વરૂપ ચાર કષાયોં... ચાહે તો ઇચ્છા હો, રાગાદિ હો, હો, ભાવકર્મસ્વરૂપ ચાર કષાયોંકો મૈં નહીં કરતા. ઇચ્છાકો મૈં કરતા નહીં. આહાહા!

શ્રોતા : ભાવકર્મ પહલે ભી લિયા થા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ ભાવકર્મ સામાન્ય લિયા થા રાગાદિ. યે તો ક્રોધ, માન, માયા, લોભ ઉસમેં સબ આ ગયા. .... સામાન્ય ..., રાગકે દો ભેદ માયા, લોભ, દ્વેષકે દો ભેદ ક્રોધ, માન. ઐસે ભેદ કર દિયે. અરે! ઉસકા મૈં કારણ નહીં. પરમાત્મા કહતે હૈં કિ કમજોરીસે ઉત્પન્ન હોનેવાલા રાગાદિ વ્યવહાર ઉસકા મૈં કારણ નહીં. આહાહા! ભારે કઠણ છે. **(યહાં ટીકામેં જિસપ્રકાર કર્તાકે સમ્બન્ધમેં વર્ણન કિયા, ઉસીપ્રકાર કારયિતા ઔર અનુમન્તાકે– અનુમોદકકે સમ્બન્ધમેં ભી સમજ લેના).** હમ તો પ્રત્યેકકા અર્થ કરતે આયે હૈં.

**ઇસપ્રકાર પાંચ રત્નોંકે શોભિત...** પાંચ રતન ગાથા. **કથનવિસ્તાર દ્વારા સકલ વિભાવપર્યાયોંકે સન્યાસકા...** છેને. ‘કર્મ’ શબ્દ હૈ. સંન્યાસ... વિભાવપર્યાયસે સંન્યાસમેં...... **સંન્યાસકા (ત્યાગકા) વિધાન કહા હૈ.** લ્યો, આ ત્યાગ. ... લીધી હતી... ત્યાગકા વિધાન એટલે રીત. વ્યવહારુ વિકલ્પ કષાયકે ત્યાગકી વિધિ યે હૈ. અંતર સ્વરૂપમેં એકાગ્ર હોના, (વિકારસે) પીછે હટના, સ્વભાવમેં એકાગ્ર હોના વહ ઉસકે ત્યાગકી વિધિ હૈ. સમજમેં આયા? બાહ્ય પદાર્થ ઘટાઓ તો રાગ ઘટ જાયેગા. ઐસી વિધિ હૈ નહીં. બાહ્ય ત્યાગ કરો તો અંતર રાગકા ત્યાગ હોગા ઐસી વિધિ હૈ નહીં. અંતર ભગવાનમેં પ્રવેશસે રાગ ઉત્પન્ન હોતા નહીં ઉસે ‘રાગકા ત્યાગ કિયા’ ઐસા કહનેમેં આતા હૈ.

**અબ ઇન પાંચ ગાથાઓંકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહતે હૈં :**

**भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः**
**स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।**
**मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात् ॥१०९॥**

લ્યો, પાંચ રત્ન સમજે એને, કહે છે કે અલ્પકાળમાં મુક્તિ થઈ જાય.

**શ્લોકાર્થ : ઇસપ્રકાર પંચરત્નોં દ્વારા...** પાંચ ગાથા. **જિસને સમસ્ત વિષયોંકે ગ્રહણકી ચિંતાકો છોડા હૈ...** પર તરફકે વિષયકી ચિંતા છૂટ ગઈ. અપને ભગવાનકો જ્ઞાનમેં, શ્રદ્ધામેં વિષય બનાયા, અપને શ્રદ્ધા-જ્ઞાનમેં અપને આત્માકો વિષય બનાયા તો પરકે વિષયકી ચિંતા છૂટ ગઈ. સમજમેં આયા? **જિસને સમસ્ત વિષયોંકી ગ્રહણકી ચિંતાકો છોડા હૈ**... ઐસા હૈ ન. રાગાદિકા ગ્રહણ ભી નહીં. સ્વભાવકો ગ્રહણ કરકે રહા તો પરકે લક્ષસે જો રાગ થા વહ રાગ ભી છૂટ ગયા. **ઔર નિજ દ્રવ્યગુણપર્યાયકે સ્વરૂપમેં ચિત્ત એકાગ્ર કિયા હૈ...** દેખો! ભગવાન આત્મા નિજ દ્રવ્ય–અપના દ્રવ્ય... 'નિજ' શબ્દ પડા હૈ. પરદ્રવ્ય પરમાત્મા સિદ્ધ આદિ નહીં. નિજ દ્રવ્ય અપના.. નિજ દ્રવ્ય અનંતગુણકા પિંડ દ્રવ્ય શક્તિવાન. ગુણકો શક્તિ કહે, પર્યાયકો પ્રગટદશા કહે. અપને નિજદ્રવ્યકી પર્યાય સ્વરૂપમેં એકાગ્ર હૈ. રાગાદિ વહ નિજપર્યાય નહીં. દયા-દાનકે વિકલ્પ ઉઠતે હૈં, પણ વહ નિજપર્યાય નહીં. આહાહા! સમજમેં આયા?

**નિજ દ્રવ્ય-ગુણ-પર્યાયકે સ્વરૂપમેં ચિત્ત એકાગ્ર કિયા હૈ**... બસ વહ પ્રતિક્રમણ. અપના દ્રવ્ય ત્રિકાલી, ત્રિકાલી ગુણ ને ત્રિકાલી ગુણકે અવલંબનસે પ્રગટ હુઈ પર્યાય ઉસમેં લીન હુઆ... યહાં પર્યાયમેં એકાગ્રતા હુઈ એમ કહતે હૈં. કાર્ય તો પર્યાયમેં હોતા હૈ કિ નહીં? પરદ્રવ્યમેં ક્યા હોતા હૈ? દ્રવ્ય ત્રિકાલી, ગુણ ત્રિકાલી... દ્રવ્ય–વસ્તુ ત્રિકાલી હૈ ઐસે ઉસકે ગુણ–શક્તિયાં ભી ત્રિકાલી હૈ. ઔર ઉસમેંસે નિકલી પર્યાય વર્તમાન હૈ. તીનોંમેં લીન હોનેવાલા ધર્માત્મા **વહ ભવ્ય જીવ...** વહ ભવ્યજીવ હૈ. આહાહા! **નિજ ભાવસે ભિન્ન...** અપને દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ... દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય શુદ્ધ—ઐસે તીનસે જો ભિન્ન... પરદ્રવ્યકે આશ્રયસે–લક્ષસે ઉત્પન્ન હોનેવાલા વિકલ્પાદિ... ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો વહ પરદ્રવ્ય હૈ. સમજમેં આયા?

'**परदव्वादो दुग्गई सदव्वादो हु सुग्गई**..' (મોક્ષપાહુડ ગાથા ૧૬). ઐસા શ્લોક આયા હૈ અષ્ટપાહુડમેં. કુંદકુંદાચાર્યકા. '**परदव्वादो दुग्गई**..' પરદ્રવ્ય હૈ ઉસકા આશ્રય લેતા હૈ તો દુર્ગતિ હોતી હૈ, યે આત્માકી ગતિ નહીં. સમજમેં આયા? કુંદકુંદાચાર્ય ઐસા કહતે હૈં. કહતે હૈં ન, અપને નિજ સ્વભાવસે **सुग्गई**. **ચિત્ત એકાગ્ર કિયા હૈ, વહ ભવ્ય જીવ નિજભાવસે ભિન્ન**... પરદ્રવ્ય હૈ દેવ-ગુરુ-શાસ્ત્ર કિ સ્ત્રી-કુટુંબ-પરિવાર, સમ્મેદશિખર... ઉસ તરફકે લક્ષસે રાગ હોતા હૈ. રાગ પરદ્રવ્ય હૈ. અપને દ્રવ્ય-ગુણમેં તો નહીં, ધર્મીકો રાગ અપની પર્યાયમેં (ભી) નહીં એમ કહતે હૈં. ભારે આકરી વાત ભાઈ! નંદકિશોરજી! ...... આત્મા શુદ્ધ તો હૈ પણ અબ હમારે કરના ક્યા? આત્મા શુદ્ધ હૈ વહ હમ સબ જાનતે હૈં, અબ કરના હૈ ક્યા? કોઈએ પૂછ્યું. ... ભાવ હૈ ઉસકો છોડો, ..કા નિમિત્ત હૈ ઉસકો છોડો. આહા! .... ઐસી ચીજ હૈ નહીં, યે વિધિ નહીં. સમજમેં આયા? નિજ શુદ્ધ હૈ ઉસકા જહાં અંદર સ્વીકાર હુઆ અને ઉસમેં લીન હોતે રાગ હૈ નહીં. કિસકો છોડના હૈ? સમજમેં આયા?

યહ **નિજભાવસે**... દેખો! **ભવ્ય જીવ નિજભાવસે**... ભવ્ય જીવ લિયા, પીછે ઉસકા નિજભાવ લિયા. જ્ઞાનાનંદ આદિ વર્તમાન નિર્મળ પર્યાય હોં. **ભિન્ન ઐસે સકલ વિભાવકો છોડકર**... વિકલ્પકી વૃત્તિ ઉઠે, ચાહે તો મહાવ્રતકી, ચાહે તો ભગવાનકી ભક્તિકી, ચાહે તો સિદ્ધકે સ્મરણકી વિકલ્પવૃતિ યે સબ વિભાવ હૈં. આહાહા! **(સકલ વિભાવકો) છોડકર અલ્પ કાલમેં મુક્તિકો પ્રાપ્ત કરતા હૈ.** વર્તમાનમેં મુક્તસ્વરૂપકો અનુભવમેં લિયા, નિજભાવસે ભિન્ન (રાગાદિ), રાગાદિસે ભિન્ન... નિજભાવસે ભિન્ન રાગાદિ, ઉસસે ભિન્ન અપના નિજ (આત્મા). આહાહા!

શ્રોતા : ... નિજભાવસે ભિન્ન..

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિજભાવસે ભિન્ન (રાગાદિ), આત્માસે પરભાવ ભિન્ન, એમ. આત્મા–નિજભાવસે વિકલ્પ ભિન્ન ઔર વિકલ્પ અપને નિજભાવસે ભિન્ન. અસ્તિ-નાસ્તિ કી. આહાહા! સમજમેં આયા?

કેટલાક કહે, આ ચિત્ત ચોંટતું નથી. ઐસે કહતે હૈં. આવી વાતમાં ચિત્ત ચોંટતું નથી. ભાઈ! ચિત્ત .... વહ તો કહ દિયા ઇસમેં. અનાદિસે પરમેં લગા હૈ. આહાહા! યે ચીજ ક્યા હૈ વહ કહતે હૈં, પણ હમારા ચિત્ત ચોંટતા નહીં ઐસે કહતે હૈં. આહાહા! જિસકા ચિત્ત અપને સ્વભાવ પર ચોંટ ગયા, પરમેં ચિત્ત લગતા હી નહીં. સમજમેં આયા? ઔર પરમેં ચિત્ત લગાયા હૈ તો ઉસકા નિજસ્વરૂપમેં ચિત્ત લગતા નહીં. યે કારણ હૈ. બાત બડી-બડી હૈ ઇસલિયે હમારા ચિત્ત (લગતા નહીં). ભગવાન! તેરા ચિત્ત ક્યોં ન લગે? નાથ! તેરી બડી ચીજ હૈ ઐસા જહાં સ્વીકાર હો, યે ચિત્ત ક્યોં ન લગે? મેરી ચીજ બડી હૈ, મેરેસે બડા કોઈ જગતમેં હૈ હી નહીં. તીર્થંકર કેવલી ભી મેરેસે બડે નહીં. મેરે લિયે મેરી ચીજ હી બડી હૈ. સમજમેં આયા?

બહોત સૂક્ષ્મ બાત, અપૂર્વ બાત હૈ. યે બાત બૈઠ જાય, કહતે હૈં, અલ્પ વિભાવકો અલ્પકાલમેં... ઉસકે ક્રમમેં મુક્તિકે લિયે અલ્પકાલ રહેગા. મુક્તિ હોતી હૈ તો ક્રમસર–ક્રમબદ્ધ–નિયમિત, પણ ઐસી જિસકી લગની લગી અંદરમેં, તો ઉસકી અલ્પકાલમેં કેવલજ્ઞાન હોનેકી તૈયારી હૈ. સમજમેં આયા? ક્રમબદ્ધ કહતે હૈં ન, ક્રમનિયમિત. ક્રમબદ્ધ હોતા હૈ વહ કહાં ગયા? અલ્પકાલ કહાંસે આયા? એમ તો કહતે હૈં કિ જિસ કાલમેં મુક્તિ હોગી ઉસ સમયમેં હોગી, તો અલ્પકાલ કહાંસે આયા? અલ્પકાલ ક્યા? જિસ કાલમેં હોગી વહી કાલમેં હોગી, પણ જિસકા અપને દ્રવ્ય-ગુણ-પર્યાયમેં ચિત્ત આયા હૈ ઉસકો અલ્પકાલમેં કેવલજ્ઞાન હોનેકા ક્રમ આનેવાલા હૈ. સમજમેં આયા? આહાહા!

અલ્પકાલમેં મુક્તિ... યે અલ્પકાલ કહતે હૈં ન, અલ્પકાલ. અલ્પકાલ તો થોડા કાલ... હૈ. થોડા કાલ ક્યા? ..... જો સમયમેં હોનેવાલી હૈ ઉસ સમયમેં હોગી. શાસ્ત્ર કહતા હૈ, આઘી-પાછી નહીં હોગી. 'આઘી-પાછી' ક્યા તુમ્હારા શબ્દ હૈ? આગે-પીછે. જિસ સમય હોનેવાલી

હોગી વહી સમય હોગી. પણ ઉસકા અર્થ કિ જિસકો અપને દ્રવ્ય-ગુણ-પર્યાયમેં લીનતા હુઈ હૈ ઉસકો અલ્પકાલમેં કેવલજ્ઞાન હોનેકા ક્રમ હૈ. સમજમેં આયા? ઐસા જીવ અસંખ્ય સમયમેં મુક્તિ પાયેગા, પાયેગા ને પાયેગા. અસંખ્ય સમય. અનંત સમય નહીં. સમજમેં આયા? અસંખ્ય સમય કહતે ઉસમેં દો-ચાર ભવ વહ ભી અસંખ્ય સમય હૈ. તો કહેને, અનંત સમય નહીં ચાહિયે. અપને સ્વરૂપકી દૃષ્ટિ-જ્ઞાન-રમણતા પ્રગટ હુઈ ઉસકો અનંત સમય ન ચાહિયે કેવલજ્ઞાન હોનેમેં. અસંખ્ય સમય (ચાહિયે). યે તો જઘન્ય અસંખ્ય સમય હો કિ બહોત અસંખ્ય, પણ અસંખ્ય સમયમેં મુક્તિ હોગી, હોગી ને હોગી. સમજમેં આયા?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હુઆ ઉસકો અનંત સમય લગે મુક્તિકે લિયે? ગિર જાતે હૈં ન. ગિર જાતા હૈ વહ રાગકા સાધક. સાધકપને જબ તક રહતા હૈ, ઉસકો તો અસંખ્ય સમયમેં મુક્તિ હોગી, હોગી. સમજમેં આયા? **અલ્પ કાલમેં મુક્તિકો પ્રાપ્ત કરતા હૈ**. આહાહા! ધન્ય સમય, ધન્ય કાલ, ધન્ય ભાવ, અમૃતકી ઝડી બરસી હૈ! સમજમેં આયા? જિસકી દૃષ્ટિમેં અમૃતસાગર ભગવાન આયા, પર્યાયમેં અમૃતકી ઝડી બરસતી હૈ. વહ અલ્પ કાલમેં અમૃત(સ્વરૂપ) મુક્તિકો પાતા હૈ. દુનિયા ચાહે તો ભલે વિરોધ કરે, પણ માર્ગ તો યહ હૈ. સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માકે આગમમેં યે ભાવ નિકલા હૈ. ૮૧ ગાથા પૂરી હુઈ. ૮૨. **एरिसभेदब्भासे**... દેખો! યે અભ્યાસ. દુનિયા કહતી હૈ ન કિ ક્યા હમારે કરના? કિ રાગસે ભિન્નકા અભ્યાસ કરના. સમજમેં આયા? શાસ્ત્રકા અભ્યાસ કરના? શાસ્ત્રમેં કહા હૈ ઉસકા અભ્યાસ કર ન. યહાં તો કહતે હૈં,

**एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं ।**
**तं दिठकरणणिमित्तं पडिक्कमणादी पवक्खामि ॥ ८२॥**
**ઇસ ભેદકે અભ્યાસસે માધ્યસ્થ હો ચારિત લહે;**
**ચારિત્રદૃઢતા હેતુ હમ પ્રતિક્રમણ આદિક અબ કહે. ૮૨.**

**मज्झत्थो** નામ વીતરાગભાવે.

**ટીકા : યહાં, ભેદવિજ્ઞાન દ્વારા...** પહેલું કહ્યું. **ક્રમસે નિશ્ચય-ચારિત્ર હોતા હૈ ઐસા કહા હૈ.** દેખો! પહલે ભેદજ્ઞાન દ્વારા સમકિત હોતા હૈ, પીછે ભેદજ્ઞાન દ્વારા ચારિત્ર હોતા હૈ. સમજમેં આયા? આગે શ્લોક આયેગા. આધાર આપ્યો છેને. 'भेदविज्ञानतः सिद्धाः..' અમૃતચાદ્રચાર્યનો આધાર. પદ્મપ્રભમલધારિદેવ કહતે હૈં, **યહાં ભેદવિજ્ઞાન દ્વારા**... દેખો! **ક્રમસે નિશ્ચય ચારિત્ર હોતા હૈ**... ઉસકા અર્થ કિ પહલે ભેદજ્ઞાન દ્વારા સમકિત હોતા હૈ.... પરસે ભેદજ્ઞાન ઉસકા નામ સ્વસે અભેદજ્ઞાન હુઆ. સ્વકી અપેક્ષા લેકર, સ્વ-પરકી અપેક્ષા લેકર, પરસે ભિન્ન, અપનેમેં અભિન્ન. ઐસે શાંત.. શાંત.. શાંત ચિત્તસે અપને આત્મામેં પરસે

ભેદજ્ઞાન કરકે સમ્યગ્દર્શન હોતા હૈ ઔર ક્રમસે રાગ અસ્થિરતા હૈ ઉસસે ભી ભેદ કરકે, સ્વરૂપમેં સ્થિરતા કરકે નિશ્ચય ચારિત્ર હોતા હૈ.

ઐસા યહાં નહીં કહા કિ પાંચ મહાવ્રત લે તો તુજે નિશ્ચય ચારિત્ર હોતા હૈ. લ્યો, આતા હૈ કિ નહીં દ્રવ્યચારિત્રમેં? પંચમ ગુણસ્થાનવાલા જીવ ... હૈ. વિકલ્પ ..... મૈં પંચમહાવ્રત લૂં. પંચમહાવ્રતકા વિકલ્પ આયા તો તુજે નિશ્ચય ચારિત્ર હોતા હૈ, ઐસા નહીં કહા યહાં. આધાર છેને દ્રવ્યનો. પહેલું દ્રવ્યવિશુદ્ધિ એ ભાવ. પણ ભાવ કબ હોતા હૈ? અંતરસે વિકલ્પ ભી છૂટતે હૈં... આહા! બડી ચર્ચા એકેક બોલકી. યહાં તો, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમસે, એમ. મહાવ્રત પહલે આયા, પીછે ચારિત્ર હોતા હૈ—ઐસી બાત હી નહીં, એમ કહતે હૈં. હોતા હૈ મહાવ્રતાદિ પહલે. સમ્યગ્દર્શન હુઆ, અપને અનુભવમેં સમ્યક્ .... પંચમ ગુણસ્થાન હો. જબ મુનિપના લેતા હૈ તબ પહલે વિકલ્પ પંચમહાવ્રતકે આતે હૈં, ઐસા કહા. આહાહા! ભાવેન્દ્રિય ને દ્રવ્યેન્દ્રિય—દોનોં. લીનતા ઉસકો કહતે હૈં.

પ્રવચનસારમેં ઐસા આતા હૈ. શિષ્ય ગુરુકે પાસ જાતા હૈ, વે ભાવલિંગ ને દ્રવ્યલિંગ દોનોં અંગીકાર કરાવે આચાર્ય. ચરણાનુયોગકા અધિકાર હૈ ન વ્યવહારકા, તો ઉસમેં ઐસા આવે. પીછે બાધા દેતે હૈં કિ તુજે સાવદ્યયોગકા ત્યાગ. પીછે સ્વરૂપમેં અંતર લીન હોતે હૈં તો ચારિત્ર હોતા હૈ. ચારિત્ર હોતા હૈ તો પંચમહાવ્રતકો વિકલ્પ ને વ્યવહાર કહનેમેં આતા હૈ. ભારે વાત ભાઈ! એકેક બાતમેં વિપરીતતા ક્યા હૈ ને ... ક્યા હૈ....

શ્રોતા : દ્રવ્ય(ચારિત્ર) પહેલા આવે કે વિકલ્પ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઇસમેં કહા ન. પણ દ્રવ્ય(ચારિત્રકો ચારિત્ર) કબ કહનેમેં આતા હૈ? ચૌથે-પાંચવેમેં વિકલ્પ આયા, પણ ઉસકો દ્રવ્ય(ચારિત્ર) કબ કહનેમેં આતા હૈ? ભાવમેં એકાગ્ર હો તબ ઉસકો દ્રવ્ય(ચારિત્ર) કહનેમેં આતા હૈ. ભાવલિંગ હૈ તો પીછે દ્રવ્યલિંગકો નિમિત્ત કહનેમેં આતા હૈ. નહીં તો અકેલા દ્રવ્યલિંગ તો હૈ, ભાવ તો હૈ નહીં અંદરમેં. આહાહા! અરે! તકરાર.... યહાં તો વહ છોડ દિયા. યહાં તો ઇસકી બાત ભી નહીં.

**ભેદવિજ્ઞાન દ્વારા**... પ્રથમ રાગસે ભિન્ન ભેદજ્ઞાનકે દ્વારા સમકિત હુઆ, પીછે રાગસે ભિન્ન હોકર સ્વરૂપમેં સ્થિરતા(રૂપ) ચારિત્ર હોતા હૈ. ભેદજ્ઞાનસે ક્રમસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ, દૂસરા કોઈ ઉપાય નહીં. **ભેદવિજ્ઞાન દ્વારા ક્રમસે**.. ભાષા દેખો ન! **નિશ્ચય ચારિત્ર હોતા હૈ ઐસા કહા હૈ. પૂર્વોક્ત પંચરત્નોસે શોભિત...** પાંચ ગાથા હૈં ન, ઉસકા ભાવ લેના હોં. **અર્થપરિજ્ઞાન (પદાર્થોંકે જ્ઞાન) દ્વારા...** દેખો! ભાષા. પાંચ રત્નો દ્વારા–પદાર્થકે પરિજ્ઞાન દ્વારા... પદાર્થ તો અપના દ્રવ્ય-ગુણ-પર્યાય ભી પદાર્થ, પર ભી પદાર્થ—ઉસકા સબકા જ્ઞાન ઐસે કહનેમેં આતા હૈ. અપના હુઆ તો પરકા ભી જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? પદ્મપ્રભમલધારિદેવ ઐસા કહતે હૈં દેખો!

**પંચરત્નોસે શોભિત અર્થપરિજ્ઞાન દ્વારા**... પાંચ રત્નોંમે જો કહા, ઉસમેં સ્વપદાર્થકા જ્ઞાન હોતા હૈ અને પરકા ભી જ્ઞાન આ જાતા હૈ. આહાહા! ઇસલિયે કહતે હૈં કિ અપને સ્વભાવમેં લીનતા હોતી હૈ તો અપના જ્ઞાન હુઆ, તો આસ્રવ-બંધ ઉસમેં નહીં ઉસકા ભી જ્ઞાન હોતા હૈ. 'ઉસમેં નહીં' ઐસા જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? ખરેખર તો સંવર-નિર્જરા-મોક્ષ દ્રવ્યમેં હૈ નહીં. ત્રિકાલીકા ભાન હુઆ તો યે પર્યાય ઉસમેં નહીં હૈ ઐસા જ્ઞાન હો જાતા હૈ. ભારે! સમજમેં આયા? જ્ઞાયકભાવ ભગવાન પરિપૂર્ણ જહાં હૈ.... ભેદજ્ઞાન કહા ન. પરસે ભેદ કરકે યહાં આયા ઉસકો નિશ્ચય-ચારિત્ર હોતા હૈ. સમજમેં આયા?

ઇસમેં પરપદાર્થકા ભી જ્ઞાન આ ગયા. જો ...વાલી ચીજ હૈ ઉસકા ભી જ્ઞાન હૈ ઉસકો અથવા અપનેમેં નહીં, પર હૈ ઉસકા ભી જ્ઞાન હૈ એમ કહતે હૈં. અરિહંત, સિદ્ધકા ભી જ્ઞાન ઉસમેં હો ગયા એમ કહતે હૈં. સમજમેં આયા? અપના ભગવાન આત્મા... **પંચરત્નોસે શોભિત અર્થપરિજ્ઞાન દ્વારા**–પદાર્થકે જ્ઞાન દ્વારા... આહાહા! અપના જ્ઞાન હુઆ તો પરકા સાથમેં જ્ઞાન હો ગયા. ભેદ કૈસા હૈ, અભેદ કૈસા હૈ, અભવિ કૈસા હૈ, દૂસરા જીવ કૈસા હૈ—ઉસકા જ્ઞાન (ઔર) સ્વકા જ્ઞાન હુઆ ઉસકો અર્થપરિજ્ઞાન કહનેમેં આયા. સબ પદાર્થકા જ્ઞાન હો ગયા.

તિર્યંચકો સમ્યગ્દર્શન હોતા હૈ તો ઉસકો પદાર્થકા વિશેષ જ્ઞાન ઐસા તો હૈ નહીં. અપના અનુભવ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા ઉસકા જહાં ભાન હુઆ વહ આત્માકા જ્ઞાન હૈ. આનંદથી વિપરીત કે વિકલ્પના ભલે નામ ન આવડતા હોય. આસ્રવ દુઃખ હૈ ઉસકા જ્ઞાન હુઆ યે આસ્રવ-બંધકા જ્ઞાન હુઆ ઔર અપના શુદ્ધસ્વભાવ આનંદમેં લીન હોનેકા પ્રયત્ન હૈ તો મુક્તિ તરફ જાતે હૈં તો મુક્તિકા જ્ઞાન ભી હો ગયા. સમજમેં આયા? આહાહા! **પંચમ ગતિકી પ્રાપ્તિકે હેતુભૂત ઐસા જીવકા ઔર કર્મપુદ્ગલકા ભેદ-અભ્યાસ હોને પર**... દેખો! એક હી બાત ... કી. સ્વભાવમેં રાગ છૂટ ગયા હૈ પહલેસે... દોનોંકા **ભેદ-અભ્યાસ હોને પર ઉસીમેં જો મુમુક્ષુ સર્વદા સંસ્થિત રહતે હૈં....**

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૧૧, રવિવાર, તા. ૨૦-૮-૧૯૭૨
## ગાથા-૮૨, પ્રવચન નં. ૭૪ (હિન્દી)

નિયમસાર, નિશ્ચય પ્રતિક્રમણ અધિકાર. યહાં મુક્તિકા મૂલ કારણ ચારિત્રકી વ્યાખ્યા હૈ. ચારિત્રકો હી નિશ્ચય પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. યહાં આયા ન. ફરીને લઈએ ૮૨.

**ટીકા : યહાં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમસે નિશ્ચય-ચારિત્ર હોતા હૈ ઐસા કહા હૈ.** આ ગાથામાં. **પૂર્વોક્ત પંચરત્નોસે શોભિત અર્થપરિજ્ઞાન (પદાર્થોંકે જ્ઞાન) દ્વારા પંચમ ગતિકી પ્રાપ્તિકે હેતુભૂત ઐસા જીવકા ઔર કર્મપુદ્ગલકા ભેદ-અભ્યાસ હોને પર...** પહલે કહા પંચરત્ન ગાથામેં. કહતે હૈં, મૈં તો સંસારી જીવ હી નહીં. ભગવાનજીભાઈ! આહાહા! સંસારી જીવકો, ચાર ગતિકે કારણકે ભાવ ને ગતિ સંસારી જીવકો હોતી હૈ. આહાહા! પંચરત્નમેં આયા ન ઉસકે સાથ યે. સમજમેં આયા? ધર્મી જીવ જિસકો સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ધર્મ પ્રગટ હુઆ, વે કહતે હૈં, સંસારી જીવકો, ચાર ગતિ ને ચાર ગતિકા ભાવ સંસારીજીવકો હોતા હૈ, મુજે નહીં. આહાહા! મૈં તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન પૂર્ણાનંદ હૂં, ઉસમેં સંસારકા ઉદયભાવ કૈસા? કહો, પંડિતજી! ઉદયભાવ ઉડા દિયા. ઉદયભાવ મેરેમેં નહીં, સંસારીજીવમેં હો. આહાહા! પંચરત્નકી શુરૂઆત કરકે ચારિત્રકી વિશેષ વ્યાખ્યા કરતે હૈં.

પ્રથમમેં પ્રથમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનઘન હૈ ઐસે દૃષ્ટિવંત... ઐસે દૃષ્ટિવંતકો–ઉસ પ્રાણીકો–જીવકો (પ્રતીત હૈ કિ) મૈં સંસારી નહીં. આહાહા! સમજમેં આયા? સંસારી તો, ચાર ગતિકા ભાવ ઉત્પન્ન હોતા હૈ યે હમારા હૈ (ઐસા) માનનેવાલા સંસારી હૈ. આહાહા! સમજમેં આયા? વહ આ ગયા હૈ પહલે પંચરત્નમેં. સંસારીજીવકો મહા-આરંભ મહાપરિગ્રહ ઉસકે હેતુભૂત રાગ-દ્વેષ, માયા મિશ્રિત પરિણામ વિગેરે તિર્યંચ, મનુષ્ય ને દેવ... ઓહો! ચારોં ગતિ ઔર ચારોં ગતિકે ભાવ મેરેમેં નહીં. સમ્યગ્દર્શન પ્રાપ્તિકાલમેં ઐસી દૃષ્ટિ હોતી હૈ. સમજમેં આયા? આહાહા! મૈં સ્વર્ગમેં જાઉંગા, સ્વર્ગ મુજે મિલેગા—યે સમ્યગ્દૃષ્ટિકો હૈ નહીં. આહાહા! ગજબ વાત છે. પંચમકાલમેં મુનિ છઠવેં ગુણસ્થાનવાલે સ્વર્ગમેં જાતે હૈં. કહીં જાતે નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? તો હમારા...

યે શબ્દ આ ગયા 'દેવાધિદેવ'. મૈં તો દેવાધિદેવ પૂર્ણાનંદસ્વરૂપ, અખંડ જ્ઞાનઘન ઔર ભવકે અંતવાલી ચીજ વહ મૈં હૂં. સમજમેં આયા? જિસમેં ભવ નહીં. આહાહા! પહલે અંદર સમ્યગ્દર્શન હોતે હી ઉસે ઐસા હૈ નહીં કિ મૈં કહાં જાઉંગા, મુજે કિતને ભવ હોંગે. ભવ હી ઉસકા નહીં, ભવકા કારણ ઉસકા નહીં, તો કૈસે ભવ હોંગે (ઐસી ચિંતા નહીં) દૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિકો. આહાહા! અપને પૂર્ણ સ્વભાવભાવમેં જહાં કેવલજ્ઞાનકી પર્યાય ભી અંદરમેં નહીં, વહાં સંસાર ને સંસારકે ભાવકી બાત ક્યા કરના? સમજમેં આયા?

યે તો અંતરકી બાત હૈ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, મોક્ષસ્વરૂપી આત્મા. સમજમેં આયા? શ્રીમદ્ કહે છેને કે દિગંબરના આચાર્યોએ (પ્રસિદ્ધ કર્યું છે કે) મોક્ષ સમજાય છે, મોક્ષ થતો નથી. મોક્ષસ્વરૂપ છે એમ સમજાય છે. માન્યું હતું... આહાહા! મોક્ષસે વિરુદ્ધ ચાર ગતિકા ભાવ ને ભવ (અપના) માના થા, માન્યતા થી, વહ માન્યતા જ્ઞાન દ્વારા નાશ હો ગઈ, તો મૈં મોક્ષસ્વરૂપ હી હૂં. આહાહા! સમજમેં આયા? મોક્ષ હોતા નહીં. મોક્ષ હૈ મેરી ચીજ. સંસારકે ભાવસે રહિત મેરી ચીજ યે હૈ. ઉસ ચીજકા ભાન હુઆ, મોક્ષ હી હૈ. આહાહા! સમજમેં આયા?

વહ બતાયા થા ન તત્ત્વાર્થસારમેં. 'સંસારી મૈં નહીં' ઉસકા અર્થ? મૈં તો ઈષત્ સિદ્ધ હૂં. ઈષત્ સિદ્ધ. આહાહા! આ તે કાંઈ પુરુષાર્થ! ઉસ પુરુષાર્થકી ગતિ કિતની હૈ! સમજમેં આયા? મેરા સ્વભાવ સંસારકે ભાવસે રહિત હૈ, તો મૈં ભી સંસારકે ભાવસે રહિત હૂં. સમજમેં આયા? યે તો અંતરકી ચીજ હૈ ભગવાન! વસ્તુ ભગવાન અનંત જ્ઞાન-આનંદ ઉસમેં અલ્પજ્ઞ-પના નહીં, તો સંસારકા ભાવ કહાંસે આયા? સમજમેં આયા? સંસારકા ભાવ સંસારી પ્રાણીકો હો, આહાહા! સમજમેં આયા? મેરેમેં નહીં. ક્યોંકિ સંસાર અર્થાત્ ઉદયભાવ. પરમસ્વભાવ પારિણામિકભાવકા જહાં આશ્રય લિયા, તો ઉસમેં ઉદયભાવ તો હૈ હી નહીં. આહાહા! ગજબ વાત છે. સમજમેં આયા? વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ મેરેમેં નહીં એમ કહતે હૈં. સમજમેં આયા?

મોક્ષસ્વરૂપ ભગવાન.. ત્રિકાલ મોક્ષસ્વરૂપ ભગવાન ઉસકો દૃષ્ટિમેં જહાં લિયા, દૃષ્ટિ મોક્ષસ્વરૂપ ભગવાન ઉપર પસર ગઈ, હમારેમેં સંસારકા ભાવ હી નહીં. ઓહોહો! સિદ્ધ હો ગયા? સિદ્ધ હુઆ.... સમજમેં આયા? ઇષત્ સિદ્ધ હુઆ. પૂર્ણ શક્તિકી વ્યક્તિ હોગી તબ પૂર્ણ સિદ્ધ હોગા. વહ હોગી હી મુજે. સમજમેં આયા? ઐસે પૂર્ણાનંદકો પકડના ઔર દૃષ્ટિમેં ઐસી ચીજકો લેના વહ અનંત પ્રયત્ન–અનંત પુરુષાર્થ હૈ. સમજમેં આયા?

દૂસરી લાખ બાત અનેક હો, પણ યહાં તો કહતે હૈં કિ સંસારકે વિકલ્પ આદિ ભાવ મેરેમેં નહીં, તો મૈં કર્તા, કરાનેવાલા, અનુમોદક, કારણ નહીં. એમ કહ્યુંને ભાઈ? આહાહા! ઉસકા અર્થ કિ મૈં ચિદાનંદ ભગવાન પૂર્ણ જ્ઞાન આનંદકંદ હૂં. એક મોક્ષકી પર્યાય નહીં, પણ ઐસી અનંતી મોક્ષકી પર્યાયકા પિંડ મૈં હૂં. તો મેરેમેં સંસારકા પરિણમન હો ઐસા મૈં નહીં, એમ કહતે હૈં. કર્તાકી નાસ્તિ કી ન. કર્તા નહીં. ઉસકા અર્થ કિ સંસારકા પરિભ્રમણ મેરેમેં નહીં. આહાહા! જિનેશ્વરદાસજી! યે માર્ગ હૈ. આહાહા!

ઓહો! કહે છે, **પૂર્વોક્ત પંચરત્નોસે શોભિત પદાર્થજ્ઞાન**... એમ કહ્યુંને પહેલી લીટીમાં? મૈં તો સંસારકા ભાવ (નહીં). અરે! આ તે કાંઈ વાત છે! ઉદયભાવકો ઓલંગકર પરમપારિણામિક-સ્વભાવભાવ મુક્તસ્વભાવમેં દૃષ્ટિ પડતે હી મૈં સંસારી પ્રાણી નહીં. અરે

ભગવાન! સંસાર તો અસિદ્ધ ચૌદહવેં ગુણસ્થાન તક ગિના હૈ. સંસારકી દશા ઔર અસિદ્ધકી દશા ચૌદહવેં તક ગિની હૈ ઔર તું સંસારી નહીં? અરે! સુન તો સહી! ઉદયભાવ ભલે ગિનનેમેં આયા હો, પણ મેરેમેં નહીં. સમજમેં આયા? આહાહા! પર્યાયમેં હો, ઉસકા તો મૈં જ્ઞાતા હૂં. આહાહા! જુઓ! એક કથની તો જુઓ. એ ભગવાન સ્વરૂપનું કથન. ઐસા ભગવાન... મેરી ચીજમેં સંસારકી ગંધ નહીં. સારા સર્વાર્થસિદ્ધકા કારણરૂપભાવ ઉસકી મેંરેમેં ગંધ નહીં. સમજમેં આયા? જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ મેરેમેં નહીં. ઓહોહો! વસ્તુ એક જ રહી ગઈ છે, જુદી રહી ગઈ છે. આ ભેદજ્ઞાન છેને ભાઈ! ભેદ કીધું છેને.

**પંચમ ગતિકી પ્રાપ્તિકે હેતુભૂત ઐસા જીવકા ને કર્મપુદ્ગલકા ભેદ-અભ્યાસ હોને પર**... સમજમેં આયા? યે સબ રાગાદિ કર્મ-પુદ્ગલ હૈં, આત્મદ્રવ્ય નહીં. આહાહા! પરમેશ્વરકા માર્ગ પરમેશ્વર હોનેકે લિયે હૈ. ચાર ગતિમેં રહના, સાધક(દશા)મેં રહના ઈતના ભી નહીં, એમ કહતે હૈ. મૈં ભગવાન પૂર્ણાનંદપ્રભુ હૂં, મેરી દૃષ્ટિ જિસે સ્વીકાર કરતી હૈ ઐસા પરમાત્મા અપના–નિજસ્વરૂપ હૂં. મેરેમેં સંસારકે ભાવકી, તીર્થંકરગોત્ર બંધે ઉસ ભાવકી મેરેમેં ગંધ નહીં. ક્યોંકિ વહ ભાવ તો વિકાર હૈ ઔર મેરેમેં તો હૈ હી નહીં. આહાહા! શોભાલાલજી! બહોત ગંભીર, ગૂઢ અર્થ હૈ. સંસારકી પરિપાટીકા જો વિકલ્પ મેરી ચીજસે ભિન્ન હૈ. હો, પણ મેરી ચીજમેં નહીં. આહાહા! યહાં તો વહાં તક કહા ન કિ ચૌદ ગુણસ્થાનકે ભેદ, માર્ગણાભેદ મેરેમેં નહીં. સમજમેં આયા? ઐસી ચીજ જિસને દૃષ્ટિમેં પકડી, કબૂલ કી, અપના પૂર્ણાનંદકે નાથકો કબજે કિયા દૃષ્ટિમેં. સમજમેં આયા? ઔર રાગાદિકા કબ્જા છોડ દિયા, પકડ છૂટ ગઈ. સમજમેં આયા?

ઓહોહો! પાંચ રત્નને ગજબ કિયા હૈ! ઉસ દ્વારા અર્થજ્ઞાન, ઐસે કહા ન. **પંચરત્નોંસે શોભિત અર્થપરિજ્ઞાન દ્વારા**, ઐસે કહા ન? ઉસકા અર્થ પહલેસે લિયા હૈ ઉસકી યહાં સંધિ કી હૈ. મેરેમેં, ચૌદહ ગુણસ્થાન, ચૌદહ માર્ગણાસ્થાન, જ્ઞાનકી પાંચ પર્યાયકે ભેદ મેરેમેં નહીં. ઓહોહો! અભી તો લોગોંકો, દયા-દાનકે મંદકષાયકે પરિણામસે કલ્યાણ નહીં હોતા, યહ બાત કબૂલ કરનેમેં પસીના ઉતરતા હૈ. અરે! કુછ વ્યવહાર હૈ કિ નહીં? વ્યવહાર હૈ કિ નહીં? હૈ, પણ વ્યવહાર વહ આત્મા નહીં. વ્યવહાર હૈ, રાગભાવ વિકલ્પ (હૈ, પર) વહ આત્મા નહીં. વ્યવહારકા વિકલ્પ ભગવાન આત્મામેં હૈ નહીં ત્રિકાલ. સમજમેં આયા? ઓહો! શરીર અને રાગમેં દિખતે હૈં છતાં... 'છતાં' કહતે હૈં, ક્યા કહતે હૈં? હોતે હુએ. સબ તુમ્હારી હિન્દી આતી નહીં. આહાહા!

(અબ તો) બીસ સાલ હો ગયે. પહલે આયે થે તબ શુરુ કિયા થા વાંચનકે વક્ત. જિનેશ્વરદાસજી આયે તો કિયા, નહીં તો હિન્દી નહીં ચલતી. ઉસ વક્ત કિયા થા. ૯કી સાલ. ૧૯ વર્ષ હુએ. આત્મા હિન્દી હૈ નહીં, આત્મા કાઠિયાવાડી હૈ નહીં, આત્મા હિન્દીકી ભાષાવાલા

હૈ નહીં. આહાહા! હિન્દી ભાષા પરમાણુસે હોતી હૈ, ઉસમેં વિકલ્પ નિમિત્ત હૈ વહ વિકલ્પ આત્મામેં હૈ નહીં. આહાહા! ચૈતન્ય ઈશ્વર ભગવાન... એ ધવલમાં આવે છે, પૂર્વના પુણ્યને લઈને ગણધર થાય, સમવસરણ થાય, પણ એ પરમેશ્વર થાય એવું આવ્યું છે. ધવલમાં આવે છે. તીર્થંકર થાય, ગણધર થાય એમ બધું આપ્યું, છેલ્લે 'પરમેશ્વર' એમ લીધું છે હોં. પરમેશ્વર.. આહા! વળી ક્યા પરમેશ્વર? એ ધવલમાં આવે છે, જ્યાં પુણ્યનું ફળ વર્ણવ્યું છે. દિવ્ય પુરુષ પરમેશ્વર.. દિવ્ય પુરુષ પરમેશ્વર.. અપના સ્વભાવ હી પરમેશ્વર દિવ્યપુરુષ હૈ.

પુરુષાર્થસિદ્ધિમેં કહતે હૈં ન. પુરુષ નામ આત્મા, ઉસકે અર્થ નામ પ્રયોજનકી સિદ્ધિ હો ઉસકા નામ પુરુષાર્થસિદ્ધિ. પુરુષ તો ભગવાન આત્મા હૈ. પુરુષ શબ્દે યે પુરુષ નહીં. અપને ચૈતન્યમેં સોતા હૈ ઐસે આત્માકો પુરુષ કહતે હૈ. જગતકા પ્રાણી સ્ત્રીકે સંગમેં સોતા હૈ. ભગવાન આત્મા અપની આનંદચેતના, જ્ઞાનચેતના ઉસકે સમીપમેં ઉસમેં સોતા હૈ. સમજમેં આયા? યે પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમેં હૈ, અમૃતચંદ્રાચાર્ય. 'પુરુષ્યતિ ઇતિ પુરુષાર્થ.' ઓહો! ભગવાન રાગમેં, સંસારકી પર્યાયમેં સોતે હી નહીં. કોઈ ત્રિકાલ ઉસકા હૈ હી નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જહાં ઉસકી દૃષ્ટિ પસરી સ્વભાવ ઉપર, તો શુદ્ધચેતનામેં હી સોતે હૈં, ચેતનામેં પ્રેમ કરતે હૈં ને ચેતનામેં લીન હોતે હૈં. રાગ ને સંસારકે પરિણામમેં લીન અને પ્રેમ હૈ નહીં. આહાહા! ચૈતન્યવિલાસ... વહ આયા ન, પહલે આ ગયા હૈ. **સહજ ચૈતન્યકે વિલાસસ્વરૂપ આત્માકો હી ભાતા હૂં.** મૈં વ્યવહારકા વિકલ્પ જો હૈ, ભગવાનને કહા વ્યવહાર ઐસા, ઉસકો ભી મૈં નહીં ભાતા. સમજમેં આયા? ભાઈ! તેરી ચીજ બડી હૈ. સમજમેં આયા? મહાપ્રભુ પૂરા ભગવાન ચૈતન્ય દેહસે નિરાલા બિરાજતા હૈ પ્રભુ! ઐસી પ્રભુત્વશક્તિવંત પરમાત્મા ઉસમેં કમજોરીકે ઉદયભાવકા અભાવ હૈ. આહાહા! સમજમેં આયા? શોભાલાલજી! આ વાત છે. **પૂર્વોક્ત પંચરત્નોસે શોભિત અર્થપરિજ્ઞાન**–પદાર્થકા પરિજ્ઞાન... સ્વપદાર્થ ઐસા હૈ, ઐસા હૈ (ઐસા) જ્ઞાન હુઆ. મેરી ચીજમેં, વાણી-વિકલ્પ મેરેમેં હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? કરે કબ? અભી. આહાહા!

જબસે પરમાત્માકી પિછાન હુઈ અંદરમેં, તબસે મેરેમેં વિકલ્પ, વાણી, સંસારકા ભી ભાવ (નહીં), મૈં સંસારી નહીં. આહાહા! ગજબ વાત છે. એક બાજુ ચૌદહવે ગુણસ્થાનકો અસિદ્ધ કહતે હૈં ઔર સિદ્ધ.. સિદ્ધકો સિદ્ધ કહતે હૈ. જહાં તક સિદ્ધ નહીં હુઆ તબ તક ચૌદહવે ગુણસ્થાનમેં અસિદ્ધ કહનેમેં આતા હૈ ન. ઉદયભાવ નહીં આતા? અસિદ્ધભાવ. અસિદ્ધભાવ ચૌદહવે તક હૈ. વહ તો પર્યાયકા જ્ઞાન કરાયા હૈ. સમજમેં આયા? ભૈયા! સમજમેં આતા હૈ કિ નહીં? ભગવાન હોનેકી બાત હૈ. ભગવાન હૈ હી. આહાહા! ઉસે પામર ન માનો, ઉસકો રાગકા પરિણમનવાલા ન માનો. ઐસે કહા ન પહલે. કર્તા નહીં, કારયિતા નહીં,

અનુમોદક નહીં. આહાહા! રાગકા પરિણમન થોડા હૈ વહ મેરેમેં નહીં, મૈં ઉસકા અનુમોદક નહીં, મેરી પર્યાય ઉસકા કારણ નહીં. આહાહા! સમજમેં આયા? ધર્મી ઐસે અપનેકો જાનતા હૈ કિ મેરા દ્રવ્ય-ગુણ તો પૂર્ણ શુદ્ધ અખંડ આનંદ હૈ, પણ મેરી પર્યાય રાગકા કારણ નહીં. મેરેમેં રાગ નહીં તો રાગકા કારણ મૈં કહાંસે આયા? સમજમેં આયા? આહાહા! (શ્રોતાઃ તો ક્યા હૈ મેરેમેં?) મેરેમેં તો અનંત આનંદ ને જ્ઞાન હૈ. જુઓ! યહાં આયા.

**જીવકા ઔર કર્મપુદ્ગલકા ભેદ-અભ્યાસ હોને પર, ઉસીમેં જો મુમુક્ષુ...** ઓહોહો! મુમુક્ષુ એટલે પૂર્ણ આનંદના અભિલાષવંત, પૂર્ણ આનંદકે અભિલાષવંત, અભિપ્રાયવંત. શું છે? આ કુંદકુંદાચાર્યના શાસ્ત્રો તો ગંભીર બહુ, બહુ ગુઢ. એક-એક કડીમેં સારા સાર ભર દિયા હૈ. ઐસી કોઈ કથની ઉનકી હૈ. ઓહો! કહતે હૈં કિ **મુમુક્ષુ સર્વદા સંસ્થિત રહતે હૈં...** ક્યા કહતે હૈં? મોક્ષકા અભિલાષી પ્રાણી અપને રાગરહિત સ્વભાવમેં સદા સંસ્થિત રહતા હૈ, રાગમેં નહીં. આહાહા! ચારિત્ર કહના હૈ ન યહાં. સમ્યગ્દષ્ટિ અપનેમેં હી હૈ, પણ યે તો સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપકી રમણતાકી ચારિત્રદશા... **મુમુક્ષુ સર્વદા...** કોઈ સમયમેં વહ રાગમેં આતા નહીં. આહાહા! સમજમેં આયા? વે તો **સર્વદા સંસ્થિત રહતે હૈં**... 'સર્વદા ને સંસ્થિત' ઐસે શબ્દ પડે હૈં. ત્રિકાલ અને સમ્યક્-પ્રકારસે સ્થિત.

અક્રિય જો ભગવાન આત્મા રાગકી ક્રિયા બિનાકા, સંસારકે ભાવ બિનાકા હૈ, ઐસી ચીજમેં ધર્માત્મા સર્વદા સમ્યક્-પ્રકારસે સ્થિત રહતે હૈં. ઉસકો ચારિત્ર હોતા હૈ, ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા! કહો, જેઠાભાઈ! મને રાત્રે ઉંઘ ઓછી આવે છે તો ઝોલા આવે છે, એ કહેતા હતા. રાત્રે ઉંઘ બહુ ઓછી આવે, પછી અહીં આવે. અહીં નિરાંત ખરીને. કહો, સમજાણું કાંઈ? આહાહા! મૈં તો જાગ્રત હુઆ વહ હુઆ, મુજે નીંદ નહીં કભી. મેરેમેં નીંદ કભી તીન કાલમેં નહીં. આહાહા! સમજમેં આયા? વાત તો બડી ગંભીર ને ઉપશમ ને તળિયા તપાસે એવી છે. આત્માકા તલ અંદર ક્યા ચીજ હૈ યે તપાસનેકી ચીજ હૈ. આહાહા! ઉડ ગઈ? નિદ્રા હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? છેને, પિછલી રાત્રિ?

(શ્રોતા : પિછલી રૈનમેં કછુ...) છઢાળામેં હૈ. વહ ભી વ્યવહાર હૈ. ઉસકા જાનનેવાલા હૈ. આહાહા! સમજમેં આયા? અનંત-અનંત–બેહદ જિસકા દલ પડા હૈ, ઉસ દલકા જહાં નિશ્ચય હુઆ, રાગસે પૃથક્ હોકર. અપને સ્વભાવકી કબૂલાત હુઈ તો (રાગકા) ઉચ્છેદ હો અંદર. ઓહો! મૈં તો યહ હૂં. યે દૃષ્ટિકી કિંમત હૈ. લોગ દૃષ્ટિકી કિંમત ગિનતે નહીં અને બાહરકા ત્યાગ કરે ઉસકી કિંમત ગિને, ઉસકો ખબર નહીં પડતી. શું કરે? અરે! માળા પાછા એમ કહે, લ્યો, જ્યાં-જ્યાં વ્રત .. છે, ફલાણું થાય છે.... અરે ભગવાન! વ્રત હતા કે દિ' એને? અને કદાચિત્ વ્રતકે શુભપરિણામ કુછ હો તો વહ છૂટકર દૂસરા શુભપરિણામ ઉસસે અધિક હોતા હૈ. સમજમેં આયા?

(શ્રોતાઃ અધિક શુભ આતા હૈ.) પણ યે ભી આત્મામેં નહીં. આહાહા! યે તો પર્યાયકે વિવેકકે અંદર યે આતા હૈ. સમજમેં આયા? અજ્ઞાનસે પંચમહાવ્રત લે લિયે હો, ફિર જાના કિ યે સબ જૂઠ હૈ. સમજમેં આયા? તો પીછે દૃષ્ટિ પલટ ગઈ, જો પરિણામ થે ઉસસે ભી (અધિક) શુભપરિણામ ઉસ જાતિકે બહોત આતે હૈં, ગુણ-ગુણીકે ભેદકા, સમજમેં આયા? સર્વજ્ઞ પરમાત્માકે બહુમાનકા. તો વહ શુભ વિકલ્પકી કિંમત કુછ નહીં ઉસકે આગે? સમજમેં આયા? યહાં તો ઉસકી કિંમત ઉડા દી હૈ. યે તો દોકે બીચકી અપેક્ષા હૈ. આહાહા! ચૈતન્ય હિરલો અંદર જેણે જોયો–દેખ્યો... અરે! ઝવેરી હીરેકી પરીક્ષા કરતે હૈં, સમ્યગ્દૃષ્ટિ આત્માકી પરીક્ષા કરતે હૈં. મેરા હીરા–ચૈતન્ય હીરેમેં સંસાર નહીં, સંસારકી ગંધ નહીં. સંસાર ઉત્પન્ન હો ને મૈં નાશ કરૂં વહ મેરી ચીજ હી નહીં. સમજમેં આયા? આહાહા! સંસારકી પર્યાયકો ભી જાનતે હૈં, થોડી (નાશ) હોતી હૈ ઉસે ભી જાનતે હૈં. આહા! ઐસી બાત હૈ. સમજમેં આયા?

ઉત્પાદ-વ્યય તો સંસાર હૈ, વ્યવહાર હૈ. ઉસકો સમ્યગ્દૃષ્ટિ જાનતે હૈં. જાનતે હૈં, ઇતના. જ્ઞાનમેં જાનતે હૈં કિ યે હૈ, બસ ઇતના, પણ મેરેમેં હૈ નહીં. આહાહા! યે અભ્યાસ હૈ ભાઈ! શાસ્ત્રકા અભ્યાસ કરતા હૈ (તો) યે અભ્યાસ કર ન નાથ! તેરી ચીજ જિસસે પ્રાપ્ત હો ઔર પ્રાપ્ત હુએ પીછે જાય નહીં ઔર પૂર્ણ પ્રાપ્તિ હુએ બિના રહે નહીં, ઉસકા નામ યહાં નાથ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! **જીવકા અને કર્મ-પુદ્ગલકા ભેદ-અભ્યાસ હોને પર, ઉસીમેં જો મુમુક્ષુ સર્વદા...** આહાહા! સમ્યગ્દૃષ્ટિ અપની આત્માકી નિર્મલ પર્યાયમેં હી હૈ, વહ રાગમેં હૈ નહીં. વિશેષ ચારિત્રકી બાત હૈ ન, વિશેષ સ્થિરતા અંદરમેં હો ગઈ હૈ. રાગકા ભેદ કરકે 'મેરેમેં રાગ નહીં હૈ' ઐસા ભાન હુઆ ઉસમેં થા અને પણ પીછે થોડી જો અસ્થિરતા પર્યાયમેં થી ઉસકા ભી ભેદ કરકે, પહલે સર્વ પરસે ભેદ કિયા, પીછે થોડી અસ્થિરતાકા ભેદ કરકે, સ્વભાવમેં સ્થિર હોતે હૈં ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? આહા!

શ્રોતા : ક્યા કરે, લિખ લે મહારાજ? કૈસે યાદ રહેગી સબ બાત?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યાદ ક્યા કરના હૈ? લિખના-ફિકના ક્યા હૈ અંદર? આહાહા! 'લખને'કા અર્થ જાનના હૈ, ઐસા આતા હૈ. અલખકો ક્યા લખના? 'લખના'કા અર્થ જાનના. 'લખને'કા અર્થ જાનના હૈ. આહા! અપને આતા હૈ, ગીતમેં આતા હૈ. આહા! જાનકર.. 'લક્ષ'કા અર્થ જાનના. લક્ષ કરના ઉસકા (અર્થ) ભી જાનના હૈ. ભગવાન આત્મા ચૈતન્યકા સાગર અતીન્દ્રિય આનંદકા ભરપૂર જિસકી પર્યાયમેં આનંદકી બાઢ આતી હૈ. બાઢ ક્યા? જ્વાર. જ્વાર કહતે હૈં? ભરતી કહો. ... સમજમેં આયા?

ઐસા સંસ્થિત **(સતત ભેદાભ્યાસ) દ્વારા...** દેખો! પહલે ઐસા ભાન હુઆ, પણ પીછે ભી પર્યાયમેં જરી રાગ દિખતા હૈ પર તરીકે, આહાહા! ઉસસે ભી ભેદ કરતે, જુદા પડતે સ્વરૂપમેં સ્થિર રહતે હૈં. ભેદ-અભ્યાસ હૈ ન પાઠમેં? **एरिसभेदब्भासे**.. યે અભ્યાસ કરના હૈ.

બાકી તો સબ ઠીક હૈ. સમજમેં આયા? લાખ શાસ્ત્રકા અભ્યાસ કિયા, ક્રિયાકાંડ, નવવી ગ્રૈવેયક ગયા શુક્લલેશ્યા (કરકે), ઐસી શુક્લલેશ્યા કિ અભી ઐસી શુક્લલેશ્યા હોતી નહીં. નવવી ગ્રૈવેયક જાય ઐસી શુક્લલેશ્યા (અભી) નહીં હોતી. ઐસી શુક્લલેશ્યામેં ભી આત્મા નહીં થા. ઉસને માના થા કિ મૈં કુછ કરતા હૂં, પરમાણુકા કર્તા હૂં, યે વિકલ્પ કરતા હૂં, ઐસા એક ભાવ હૈ મેરા, વહી મિથ્યાત્વભાવ થા. સમજમેં આયા?

**વે ઉસ (સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ હોતે હૈં...** મધ્યસ્થ નામ રાગસે ભિન્ન હોકર વીતરાગભાવમેં રહતે હૈ. આહાહા! ચારિત્રકી યહ વ્યાખ્યા. સમ્યગ્દર્શન ઉપરાંત સ્થિરતા વહ ચારિત્રકી વ્યાખ્યા. અભી તો આત્મા ક્યા ઉસકી ખબર નહીં અને વ્રત ને ચારિત્ર ને વ્રતધારી ને ચારિત્રવંત હો ગયા. તુજે લાભ નહીં હોગા હોં. સમજમેં આયા? લાભકી બાત તો યહ હૈ. ઐસે પહલા ખ્યાલમેં, સમજમેં તો લે (કિ) માર્ગ યહ હૈ, દૂસરા કોઈ માર્ગ હૈ નહીં. આહાહા! **મધ્યસ્થ હોતે હૈં**... મધ્ય-સ્થ... એક ઓર વીતરાગભાવ, એક ઓર ઉદયભાવ. મધ્યસ્થ રહી ગયા, એમને એમ ઠરી ગયા. રાગસે ભિન્ન હોકર અપની ચીજમેં ઠહર ગયા ઉસકા નામ મધ્યસ્થ હૈ. **ઔર ઉસ કારણસે...**

શ્રોતા : .....એનો તો પક્ષ કર્યો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પક્ષ નથી કર્યો. મધ્યસ્થ રહા, ઐસે કહા. આહાહા! પક્ષ નહીં કિ મૈં ઐસા વીતરાગ હૂં, મૈં શુદ્ધ, અબદ્ધ હૂં. યે પક્ષ તો વિકલ્પ હૈ. યહાં તો (ઐસી) વસ્તુકી સ્થિતિ હો ગઈ. આહાહા! સમજે વહ અંદર સમા ગયે. આહાહા! સમજમેં આયા?

**ઔર ઉસ કારણસે**... મધ્યસ્થતાકે કારણસે **ઉન પરમ સંયમીયોંકો વાસ્તવિક ચારિત્ર હોતા હૈ.** આહાહા! ઐસા પરમ સંયમી... દરેકને 'પરમ' શબ્દ વાપરશે. વાસ્તવિક ચારિત્ર હોતા હૈ. સંસારમેં મૈં નહીં, સંસારકી પર્યાયમેં મૈં નહીં. ઐસા અનુભવ કરકે દૃષ્ટિ કી, પીછે ભી રાગ રહતા હૈ ઉસસે ભેદ કરકે સ્વરૂપમેં સ્થિર રહા, ઉસકા નામ પરમચારિત્ર કહનેમેં આતા હૈ. સમજમેં આયા? એક તો વાત એવી ગૂઢ. .... ઐસા ચારિત્ર (હૈ વહ) સમકિતીકો નક્કી તો કરના ચાહિયે કિ નહીં? ઐસા ચારિત્રવંત હો... સમકિતીકો નવ તત્ત્વમેં સંવર-નિર્જરાકી શ્રદ્ધા આતી હૈ કિ નહીં? સંવર-નિર્જરા ચારિત્રવંતકો કૈસે હોતે હૈં ઉસકી શ્રદ્ધા કરાતે હૈં. સમજમેં આયા? સમકિતીકો ઐસી શ્રદ્ધા હૈ. મેરેમેં રાગાદિ તો નહીં, પણ રાગાદિ રહિત સ્થિર વિશેષ હોતા હૈ વહ ચારિત્રવંત ઐસા હોતા હૈ ઐસા ખ્યાલ હૈ ઉસકો. સમજમેં આયા?

કાલ આવ્યું હતુંને બપોરે, ભાઈ! એમાં વિચાર એ આવ્યો હતો. ઓલા તિર્યંચને, એમ કે દેવ-ગુરુ તો નથી. એ તો બધું વાંચેલું છે, ઘણીવાર વાંચ્યું છે. દેવ, ગુરુ ને ધર્મ તો નથી તો એની શ્રદ્ધા? ઉસે મોક્ષકી શ્રદ્ધા હુઈ ઉસમેં દેવકી શ્રદ્ધા આ ગઈ. વિકલ્પકી જરૂર નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! એ પંડિતજી! આ તો શુભ-અશુભ યોગના.... એની

વિચારણા ચાલતા એ વાત આવી હતી... દેવ-ગુરુ-શાસ્ત્રકી અન્વય શ્રદ્ધા વિકલ્પકે સાથ રહતી હૈ વહ તો રહા નહીં. નવ તત્ત્વકી શ્રદ્ધામેં અભેદ કરકે મોક્ષકી શ્રદ્ધા હુઈ ઉસમેં દેવકી શ્રદ્ધા આ ગઈ, સંવર-નિર્જરાકી શ્રદ્ધા હુઈ ઉસમેં ગુરુકી શ્રદ્ધા આ ગઈ ઔર સંવર-નિર્જરાકી શ્રદ્ધા હુઈ તો ધર્મકી શ્રદ્ધા હો ગઈ. સમજમેં આયા? વહાં વિકલ્પ ન આયા ઐસા મુજે કહના હૈ. આહાહા! અંદર નવ તત્ત્વકે એકરૂપ વસ્તુકી શ્રદ્ધા જહાં હુઈ, આત્માકી શ્રદ્ધા જહાં હુઈ, તો નવોં તત્ત્વકી શ્રદ્ધા આ ગઈ ઉસમેં, વહ નિર્વિકલ્પ શ્રદ્ધા હૈ. સમજમેં આયા? ભારે ભાઈ!

શ્રોતા : વહ તો વિકલ્પકી બાત હુઇ યે મતલબ હૈ. અંતરગર્ભિત....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, મોક્ષ સંબંધીકી શ્રદ્ધા ઉસમેં વિકલ્પ હૈ? અપના નિજસ્વરૂપ પૂર્ણ હૈ ઉસકા શ્રદ્ધા-ભાન હુઆ ને જો પર્યાય પ્રગટ હુઈ ઉસકી ભી શ્રદ્ધા ઉસમેં હૈ. વહ સંવર-નિર્જરાકી શ્રદ્ધા હુઈ. સમજમેં આયા? આ તો દેવ-ગુરુની અપેક્ષાએ વાત હોં, ઓલા આસ્રવ-બંધની શ્રદ્ધા અત્યારે નથી. આ તો દેવ-ગુરુ ને ધર્મની શ્રદ્ધા તિર્યંચ ને સાધારણ નારકીને છેને? વહાં તો દેવ-ગુરુ હૈં નહીં. ભાઈ! આત્મા હૈ ન. ભગવાન આત્મા હૈ વહાં મોક્ષકી શ્રદ્ધા ભી સાથમેં હૈ. આત્માકા ભાન હુઆ, તો સંવર-નિર્જરા કૈસી હો ઉસકી શ્રદ્ધા ઉસમેં આ જાતી હૈ. સમજમેં આયા? ધર્મ કૈસા હૈ ઉસકી શ્રદ્ધા ભી આ જાતી હૈ. આસ્રવ, બંધ, પુણ્ય-પાપકો છોડ દો, વહ તો પર હૈ. આહાહા! ઉસમેં (-આત્મામેં) નહીં હૈ ઐસી શ્રદ્ધા આ જાતી હૈ. પર્યાયમેં, આસ્રવ-બંધ આદિ નહીં ઐસી શ્રદ્ધા આ જાતી હૈ. આહાહા!

મધ્યસ્થ હોકર વાસ્તવિક ચારિત્ર... યે તો પંડિતજી કહા ન કિ યે તો પરમસંયમીકી બાત હૈ. પણ પરમ સંયમીકી દશા કૈસી હૈ ઐસા સમ્યગ્દૃષ્ટિકો ખ્યાલમેં હૈ. સાધારણ તરહસે માન લે કિ બાહ્યત્યાગ કિયા ને ફલાણા કિયા ઇસલિયે ચારિત્ર હૈ—ઐસા નહીં. સમ્યગ્દૃષ્ટિ ઐસેકો ચારિત્રવંત માનતા નહીં. આહાહા!

શ્રોતા : પરમસંયમીકા અર્થ યહ હૈ કિ દો-તીન પ્રકાર હો સકતે હૈં. પરમસંયમી, અધૂરા સંયમી, જઘન્ય સંયમી, મધ્યમ સંયમી..

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, થોડા સંયમી પાંચવેમેં, ચૌથાવાલા ઉસસે થોડા. રાગવાલા સંયમી હૈ ઐસા નહીં હૈ યહાં. સમ્યગ્દર્શન હુઆ, ઉસમેં લિયા હૈ કિ જહાં શ્રદ્ધા અનુભવ હુઆ ઉસમેં મોક્ષમાર્ગ કહતે હોં તુમ? કિ હા. તીનોં આ ગયે, દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં આ ગયે. કલશટીકામેં હૈ. દો-તીન જગહ હૈ. વહ કલશટીકા હૈ ન, રાજમલજીકી કલશટીકા ઉસમેં હૈ. ખ્યાલ કહાં હૈ હમકો? ખ્યાલ હૈ તો..... પહલે હૈ કિ બીચમેં હૈ? છે ખરા, પણ શી ખબર પડે. યહાં હૈ મેરે ખ્યાલસે. કોણ જાણે ક્યાં હશે? એમ કે આ પ્રમાણે... હૈ કિ નહીં? હૈ, તીનોં હૈં—ઐસે લિયા હૈ. લખ્યું છે? લિખા નહીં હૈ. ક્યાંક હશે. દો-તીન જગહ હૈ.

કોઈ કહતે હૈં, સમ્યગ્દર્શનમેં મોક્ષમાર્ગ... તીન કહાં આયે? મોક્ષમાર્ગ તો તીન દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એક દશા હૈ. તો સમ્યકમેં કૈસે લિયા કિ સમ્યગ્દર્શન અનુભવ હુઆ તીનોં આ ગયે? ભગવાન આત્મા ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ જહાં હુઆ, તીનોં આ ગયે. .... સ્વરૂપાચરણ ચારિત્ર હૈ વહ ચારિત્રકા અંશ હૈ ન. ઓહોહો! અપની ચીજ ક્યા હૈ ઉસકી મહત્તાકી ખબર નહીં. પામરકી તરહ બાહરસે મિલેગા, વિકલ્પસે મિલેગા, વ્યવહારસે મિલેગા, દેવ-ગુરુકી કૃપા હો તો મિલેગા. કુછ હૈ નહીં ઉસમેં. તેરી કૃપા હો તો મિલેગા ઐસી બાત હૈ. નંદકિશોરજી!

કહતે હૈં, **ચારિત્રકી અવિચલ સ્થિતિકે હેતુસે...** હવે પોતે આચાર્ય કહે છે. ચારિત્રકી અવિચલ સ્થિતિ (અર્થાત્) જૈસા ચારિત્ર ઐસા રહે. ઐસે હેતુસે **પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહી જાતી હૈ...** દેખો! યે ક્રિયા. યે ક્રિયા નહીં હૈ? રાગસે હટકર સ્થિરતા કરના વહ ક્રિયા નહીં હૈ? વહી ક્રિયા હૈ. આહાહા! દેખો! 'નિશ્ચયક્રિયા' કહા ન. 'ક્રિયા પર્યાયકી ફેરની' વહ નહીં આતા હૈ? 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયકી ફેરની, વસ્તુ એક ત્રય નામ.' (નાટક સમયસાર, કર્તા-કર્મ-ક્રિયા દ્વાર, પદ ૭) આતા હૈ ન? રાગસે રહિત અંદર પરિણતિ હોતી હૈ વહ ક્રિયા. યે ક્રિયા મુક્તિકા કારણ હૈ. બીચમેં રાગાદિ આતા હૈ વહ મુક્તિકા–મોક્ષકા કારણ નહીં, વહ ધર્મ નહીં. આહાહા! સમજમેં આયા?

વ્યવહારરત્નત્રયકા પરિણામ ભી બંધકા કારણ હૈ, મોક્ષકા કારણ નહીં, બંધમાર્ગ હૈ. વ્યવહાર મોક્ષમાર્ગ જિસકો કહો વહ બંધમાર્ગ હૈ. આહાહા! ઐસા હૈ. વહ નિશ્ચયમોક્ષમાર્ગકે સાથમેં હૈ, સહચર હૈ–સાથમેં હૈ, (ઇસલિયે) મોક્ષમાર્ગ કહા, બાકી હૈ યે બંધમાર્ગ. આહાહા! સમજમેં આયા? કહતે હૈં, ચારિત્રની સ્થિતિ એટલે? ઐસા કહેંગે. 'નિશ્ચયક્રિયા આદિ' હૈ ન શબ્દ? પ્રતિક્રમણ આદિ સબ. આલોચના, કાયક્લેશ, સમાધિ, ભક્તિ આદિ આયેગા સબ ક્રિયા. યે નિશ્ચયક્રિયા હૈ સબ. **અતીત (ભૂતકાલકે) દોષોંકે પરિહાર હેતુ જો પ્રાયશ્ચિત્ત કિયા જાતા હૈ વહ પ્રતિક્રમણ હૈ.** અંતરમેં એકાગ્ર હોકર ભૂતકાલકે રાગકા અભાવ હો જાય વહ ગયે કાલકા પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિક્રમણ હૈ. **'આદિ' શબ્દસે પ્રત્યાખ્યાનાદિકા સંભવ કહા જાતા હૈ...** પીછે કહા ન, પ્રત્યાખ્યાન, આલોચના સબ ક્રિયા ઉસમેં આ જાતી હૈ. **(અર્થાત્ પ્રતિક્રમણાદિમેં જો 'આદિ' શબ્દ હૈ વહ પ્રત્યાખ્યાન આદિકા ભી સમાવેશ કરનેકે લિયે હૈ).** લ્યો.

**ઇસીપ્રકાર (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિને (શ્રી સમયસારકી આત્મખ્યાતિ નામક ટીકામેં ૧૩૧વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ...** આધાર દેતે હૈં.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**

**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥**

આહાહા! એક ગાથાને તો ગજબ કિયા હૈ! **શ્લોકાર્થ : જો કોઈ સિદ્ધ હુએ હૈં...** અભી તક જો કોઈ પરમાત્મા–સિદ્ધ–મુક્તદશાકો પ્રાપ્ત હુએ, યે ભેદજ્ઞાનસે સિદ્ધ હુએ હૈં. વ્યવહારસે

હુએ ઐસે ન કહા. વ્યવહારકે વિકલ્પસે ભી ભેદ કરતે-કરતે મુક્તિ હુઈ હૈ. આહાહા! કહતે હૈં, નિશ્ચય ભી મોક્ષમાર્ગ હૈ ને વ્યવહાર ભી મોક્ષમાર્ગ હૈ. યહાં તો કહતે હૈં, વ્યવહારકા ભેદ કરતે ભેદજ્ઞાનસે સિદ્ધિ હુઈ હૈ. ભેદ બિના વ્યવહાર સાથમેં લેકર મુક્તિ હોતી હૈ. પણ આત્મામેં હૈ નહીં વ્યવહાર, પીછે પ્રશ્ન ક્યા? યે તો પહલા કહા. વિકાર નહીં, વિકલ્પ નહીં, યે ચીજમેં હૈ નહીં ઉસસે મુક્તિ કહાંસે હો?

**જો કોઈ સિદ્ધ હુએ હૈં વે ભેદવિજ્ઞાનસે સિદ્ધ હુએ હૈ.** ભેદવિજ્ઞાનકા અર્થ કિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (સહિત), પરસે ભિન્ન હુઆ, (સાથમેં) અપની પ્રતીત, જ્ઞાન, રમણતા વહ ભેદજ્ઞાન કહા. પરસે ભેદકી અપેક્ષા કી ને અપનેસે અભેદ હૈ. સમજમેં આયા? રાગસે ભેદ કિયા ઔર અપનેસે અભેદ હુઆ. અભી તક જિતને અનંત સિદ્ધ હુએ, ચાહે તો મેરુ પર્વત ઉપર પછાડકર કેવલજ્ઞાન હુઆ, ઉસકો ભી ભેદ કરકે હુઆ. સમજમેં આયા? વ્યવહારકા વિકલ્પ, ઉસસે ભી ભેદ કરકે સિદ્ધ હુએ. એક હી ઉપાય. **જો કોઈ સિદ્ધ હુએ હૈં વે ભેદજ્ઞાનસે સિદ્ધ હુએ હૈં.** અભી તક સિદ્ધ હુએ હૈં (ઉનકો) વ્યવહારસે ભી મુક્તિ હુઈ હૈ ઔર નિશ્ચયસે મુક્તિ હુઈ હૈ—ઐસા નહીં, એમ કહતે હૈં.

યહાં તો કહતે હૈં કિ વ્યવહારસે ભેદ કરતે-કરતે મુક્તિ હોતી હૈ. અપનેમેં અભેદ હોતે મુક્તિ હોતી હૈ. સમજમેં આયા? આહાહા! બહોત ગૂઢ શબ્દમેં બહોત ગંભીરતા હૈ. જો કોઈ અનંત સિદ્ધ હુએ હૈં અનંતકાલમેં, અનંતકાલ પીછે (હોંગે) ઔર વર્તમાનમેં હોતે હૈં, જો સિદ્ધ હુએ હૈં વે ભેદવિજ્ઞાનસે સિદ્ધ હુએ હૈં. વર્તમાનમેં સિદ્ધ હોતે હૈં વે ભી ભેદવિજ્ઞાનસે હોતે હૈં. ભવિષ્યમેં હો ગયે વે ભી ભેદવિજ્ઞાનસે હોંગે. એક બાત હૈ. સમજમેં આયા? 'એક હો તીન કાલમેં પરમારથકા પંથ..' અપને સ્વભાવકા આશ્રય કરકે રાગસે ભિન્ન કિયા, ઐસે ભેદજ્ઞાનસે મુક્તિ હૈ. ભેદજ્ઞાનસે મુક્તિકા માર્ગ હૈ. સમજમેં આયા? આહાહા! (શ્રોતાઃ ....) બરાબર સમજાતું નથી. ચાલવા દ્યો. એ રાત્રે વાત, અત્યારે નહીં. કહો, સમજાય છે કાંઈ? અત્યારે અંદર ધૂન ચાલતી હોય એમાં ક્યાં, શું કહે ને ક્યાં રોકાવું. આહાહા!

**જો કોઈ સિદ્ધ હુએ હૈં વે ભેદવિજ્ઞાનસે સિદ્ધ હુએ હૈં.** એક વાત. 'એક હો તીન કાલમેં પરમારથકા પંથ.' વહ તો ... તો નિમિત્ત હોતા હૈ વ્યવહાર. ઉસકે કારણસે મુક્તિ હોતી હૈ નિમિત્તસે કિ વ્યવહારસે—ઐસા હૈ નહીં. ખરેખર તો વ્યવહાર ભી નિમિત્ત હૈ. બાહરકી ચીજ નિમિત્તસે યહાં કાર્ય નહીં હોતા, વૈસે વ્યવહારસે યહાં કાર્ય નહીં હોતા. વહ નિમિત્ત હૈ ન. ઉપાદાનકી (દલીલમેં) લિયા હૈ ન. તુમ કહતે હો કિ મોક્ષ હોતા હૈ, પણ પીછે પંચમહાવ્રત આતા હૈ. અરે! પંચમહાવ્રત ભી નિમિત્ત હૈ, છોડ દે. કિ ધ્યાન આતા હૈ, ધ્યાન કરું.. ધ્યાન કરું.. ઐસી કલ્પના કરું. ઐસે મોડ ને આ જા અંદર. આહાહા! ઉપાદાન-નિમિત્તમેં બહોત સ્પષ્ટીકરણ હૈ બહોત સ્પષ્ટીકરણ. ઉસકી ભી ભૂલ નિકાલતે હૈં વર્તમાન પંડિત. અજિતસાગર.. શું કહેવાય? અજિતકુમાર એની ભૂલ કાઢે છે. ગુજરી ગયા. આહાહા! સ્વપ્ન જૈસા સંસાર, અરે! ..... ક્યા કરે? આહાહા!

ઓલામાં આવે છેને. ગાથા ૨૦૩. રહનેકા સ્થાન તેરા યે હૈ, રહનેવાલેકા રહેઠાણ.. એમ આવે છેને? રહનેવાલેકા રહેઠાણ સ્થાન તો આત્મા હૈ. ૨૦૩ ગાથા, નિર્જરા (અધિકાર). સ્થાતાકા સ્થાન. જિસકો રહના હૈ, યે રહનેકા સ્થાન તો ભગવાન આત્મા હૈ. સ્થાતાકા સ્થાન.... રહનેવાલેકા રહેઠાણ-સ્થાન, રહના હો તો ઉસમેં રહના, વહ સ્થાન હૈ તેરા. આહાહા! વિકલ્પમેં ઔર પરમેં રહના વહ તેરા સ્થાન નહીં. ઔર **જો કોઈ બંધે હૈં...** ભૂતકાલમેં, અભી ને ભવિષ્યકે—સબ ભેદજ્ઞાનસે સિદ્ધ હોતા હૈ. એક હી બાત. કહો, સમજમેં આયા?

ઔર દૂસરી બાત. જો કોઈ બંધે હૈં **વે ઉસીકે (ભેદવિજ્ઞાનકે હી) અભાવસે બંધે હૈં.** ઐસા નહીં કહા કિ કર્મકે કારણસે બંધે હૈં. ઐસા હૈ હી નહીં. હૈ હી નહીં કર્મ. વે તો ભેદજ્ઞાનકે અભાવસે બંધે હૈ. ભેદજ્ઞાનકે ભાવસે છૂટતે હૈં, ભેદજ્ઞાનકે અભાવસે બંધે હૈં. ભેદજ્ઞાનકે અભાવસે બંધ હોતા હૈ. કર્મકે કારણસે બંધ હોતા હૈ, દર્શનમોહકે કારણસે હોતા હૈ—ઐસા નહીં. રાગસે ભિન્ન કરતે નહીં તો બંધ હોતા હૈ, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? વિકલ્પસે ભિન્ન કરકે ભેદજ્ઞાનસે મોક્ષમાર્ગ હોતા હૈ ને મુક્તિ હોતી હૈ ઔર ભેદજ્ઞાનકા અભાવ અર્થાત્ રાગસે જુદાપના નહીં કરતા, ઉસકો બંધ હોતા હૈ. કર્મસે બંધ હોતા હૈ ને દ્રવ્યકર્મકા ઉદય આત્મામેં આવે તો ભાવબંધ હોતા હૈ—યે બાત યહાં કી હી નહીં. સમજમેં આયા?

રાગાદિસે ભેદ નહીં કરતે... ઉસકે પુરુષાર્થ પર બાત લી હૈ. ભેદજ્ઞાનકે પુરુષાર્થસે મુક્તિ હોતી હૈ, ભેદજ્ઞાનકે અભાવસે બંધ હોતા હૈ. ભેદજ્ઞાનકે અભાવસે સંસાર હૈ. સમજમેં આયા? ઓહોહો! એક ગાથામેં કિતના ભરા હૈ દેખો! **જો કોઈ સિદ્ધ હુએ હૈં વે** ભેદજ્ઞાનસે સિદ્ધ હુએ હૈં.. **ભેદવિજ્ઞાનસે સિદ્ધ હુએ હૈં**. ઔર જો કોઈ બંધે હૈં... નરકકા જીવ ને નિગોદકા જીવ સબ આયે કિ નહીં ઉસમેં? નિગોદકા જીવકો ભી કર્મકા જોર હૈ તો ઉસસે સંસાર હોતા હૈ ને બંધતા હૈ—ઐસા કહા નહીં. નંદકિશોરજી! જો કોઈ બંધે હૈં વે સબ—નિગોદસે લેકર પંચેન્દ્રિય, મિથ્યાદૃષ્ટિ દિગંબર સાધુ દ્રવ્યલિંગી, પંચમહાવ્રત.... ઉસને ભેદજ્ઞાન કિયા નહીં તો બંધતા હૈ. કહે, પંડિતજી! યે બાત ઐસી હૈ. આહાહા! જો કોઈ બંધે હૈં, સારે સંસારસે રહિત હોના અને સંસારકા બંધન એક..... નિગોદકા જીવ ભી બંધા હૈ તો ભેદજ્ઞાનકે અભાવસે બંધા હૈ. આહાહા! રાગસે એકત્વ માનતે હૈં તો બંધે હૈં. સમજમેં આયા? આહાહા!

કહતે હૈં ન, સંજ્ઞી પંચેન્દ્રિય હો તબ તો ઉસકા પુરુષાર્થ કામ કરતા હૈ, જબ લગ એકેન્દ્રિય હૈ તબ તો કર્મકા જોર હૈ. બિલકુલ જૂઠ બાત હૈ. નિગોદમેં ભી રાગકી એકતાકે ભાવસે બંધન હૈ. તેથી ગોમ્મટસારમેં કહ્યુંને, પ્રચુર ભાવકલંક. 'ભાવકલંક પહુરા.' પ્રચુર ભાવકલંકસે વહાં રહા હૈ. કર્મકે જોરસે રહા હૈ ઐસા હૈ નહીં. ગોમ્મટસારમેં હૈ. **भावकलंक पहुरा...** પહુરા એટલે પ્રચુર. (શ્રોતાઃ નિગોદવાસનં મુચંતિ).. નિગોદવાસનં મુચંતિ. કર્મકે કારણસે નિગોદવાસનં મુચંતિ ઐસા હૈ નહીં. આહાહા! ભેદવિજ્ઞાનકે અભાવસે બંધે હૈં. ઓહોહો! (પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૧૨, સોમવાર, તા. ૨૧-૮-૧૯૭૨
## શ્લોક-૧૧૦, ગાથા-૮૩, પ્રવચન નં. ૭૫ (હિન્દી)

૮૨ ગાથાનો કળશ છે. પરમાર્થ પ્રતિક્રમણ (અધિકાર).

**इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे**
**स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः ।**
**शमजलनिधिपूरक्षालितांहःकलंकः**
**स खलु समयसारस्यास्य भेदः क एषः ॥११०॥**

**શ્લોકાર્થ : ઇસ પ્રકાર જબ મુનિનાથકો અત્યંત ભેદભાવ (ભેદવિજ્ઞાન-પરિણામ)...** ક્યા કહતે હૈં? સમ્યગ્દૃષ્ટિજીવકો તો ભેદજ્ઞાન હૈ હી, ધર્મી જીવકો પ્રથમસે રાગસે ભિન્ન ભાવ હૈ, પણ મુનિનાથ મુનિ... મુનિ અને મુનિના નાથ, અહીં તો કહે છે. આહાહા! ઉન્હેં તો અત્યંત ભેદભાવ હૈ. રાગકા કણ ભી અસ્થિરતાકા થા ઉસસે હટકર, અપને સ્વભાવમેં મુનિનાથ– અપની સ્વરૂપકી રક્ષા કરનેવાલે ઐસે મુનિનાથકો ભેદવિજ્ઞાન હોતા હૈ. આહાહા! સમજમેં આયા? ભેદ-અભ્યાસ થા ન મૂલ શ્લોકમેં? તો કલશ ભી ઐસા લિયા. અપના શુદ્ધસ્વરૂપ પૂર્ણકે સન્મુખ હોકર, રાગકે કણસે ભી વિમુખ હોકર, અપને સ્વરૂપકી શુદ્ધતાકા પ્રગટ કરના (ઐસી) રક્ષા કરનેવાલે મુનિનાથ... આહાહા! સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ રાગસે તો મુક્ત હૈ અને સ્વભાવમેં એકત્વ હૈ. સમજમેં આયા? પ્રથમ દરજ્જેકા ધર્મ, પ્રથમ દરજ્જેકી બાત (હૈ). વિકલ્પસે તો મુક્ત હૈ ઔર સ્વભાવમેં એકત્વ હૈ. આહાહા! ઉસકો સાધકજીવ કહનેમેં આતા હૈ.

યહાં તો મુનિનાથ અત્યંત ભેદ-અભ્યાસ... ઓહોહો! મુનિનો નાથ... અપને મુનિપનાકા નાથ. સમજમેં આયા? વિશેષે અત્યંત ભેદભાવ, રાગકી અસ્થિરતાસે ભી અત્યંત ભેદ કરકે અપની શુદ્ધિકો રખનેવાલા, રક્ષા કરનેવાલા. આહાહા! ઔર ઉસમેં શુદ્ધિકી વૃદ્ધિ કરનેવાલા, ઐસે મુનિનાથકો અત્યંત ભેદભાવ હોતા હૈ. ઐસા ભાવ હોતા હૈ. સમજમેં આયા? **તબ યહ (સમયસાર) સ્વયં ઉપયોગ હોનેસે...** ક્યા કહતે હૈં? જબ રાગસે અત્યંત ભેદ હુઆ... ભગવાન આત્મા તો સ્વયં ઉપયોગ(રૂપ) હૈ, વહ તો જાનન-દેખનરૂપ ભાવરૂપ હૈ, ઐસે કહતે હૈં. સમજમેં આયા? યે તો એકદમ અધ્યાત્મકી બાત હૈ. કહતે હૈં, **(સમયસાર) સ્વયં ઉપયોગ હોનેસે...** ભગવાન આત્મા જાનન-દેખનકા ઉપયોગરૂપ વ્યાપારવાલા હી આત્મા હૈ. વહ રાગ ને પુણ્યવાલા આત્મા નહીં થા ને નહીં હૈ. આહાહા!

ઐસે **સ્વયં ઉપયોગ હોનેસે...** ભગવાન આત્મા જાનન-દેખનરૂપ ઉપયોગવાલા હોનેસે... સ્વયં ઉપયોગવાલા ભી નહીં, સ્વયં ઉપયોગ હોનેસે... સ્વયં ઉપયોગવાલા તો ફિર

ભેદ હો ગયા. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં ભી વિકલ્પસે ભિન્ન હોતા હૈ, તો ભગવાન સ્વયં ઉપયોગ હૈ તો ઉપયોગરૂપ પરિણમન કરતા હૈ. સમજમેં આયા? પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ—સત્+ચિદ્+આનંદ ઐસા ત્રિકાલી જિસકા સ્વભાવ હૈ, વહ જ્ઞાન-દર્શનવાલા ઉપયોગસ્વરૂપ હૈ. ઉસમેં કોઈ રાગાદિ હૈ નહીં. રાગસે જબ ભેદજ્ઞાન કિયા તો સ્વયં ઉપયોગરૂપ હી ઐસા રહા. સમજમેં આયા?

ધર્મીકા આત્મા પ્રથમસે, રાગાદિ વ્યવહાર રત્નત્રયકે વિકલ્પસે ભેદ કિયા તો સ્વયં ઉપયોગરૂપ રહા. મુનિકો તો વિશેષ ભેદ કરતે, અસ્થિરતાકે રાગસે ભી હટકર સ્વભાવમેં વિશેષ એકતા હુઈ તો વે તો સ્વયં ઉપયોગરૂપ હૈં. જાનન-દેખનભાવવાલા આત્મા હૈ, ઐસા સ્વરૂપ હી હૈ, જાનન-દેખન સ્વરૂપ હી હૈ. **સ્વયં ઉપયોગ હોનેસે**... આહાહા! આત્માકી વ્યાખ્યા કી. કૈસા હૈ આત્મા? **સ્વયં ઉપયોગ હોનેસે**...

શ્રોતા : ઐસા સ્વરૂપ કૈસે બનાતે હોંગે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બનાતે હૈં, પરસે ભિન્ન કરકે બનાતે હૈં. અમૃતકા સાગર ભગવાન... નીચે કહેંગે. વહ સ્વયં જાનન-દેખન ઉપયોગસ્વરૂપ હી હૈ. ઐસે હોનેસે **મુક્તમોહ (મોહરહિત) હોતા હુઆ**... રાગકે મોહભાવસે મુક્ત હોતા હુઆ, આહાહા! અપના નિજાનંદઘરમેં રહતા હુઆ... ભારે માર્ગ ભાઈ! કહતે હૈં, ભગવાન મુનિનાથ રાગસે અત્યંત ભેદ કરકે રહા તો ઉસમેં સ્વયં ઉપયોગ રહ ગયા, ઐસા હુઆ તો મુક્તમોહ હો ગયા. સ્વયં ઉપયોગ રહા, મોહસે મુક્ત હો ગયા. અસ્તિ-નાસ્તિ કી. સમજમેં આયા? માર્ગ ઐસા હૈ ભાઈ! સૂક્ષ્મ હૈ. સમજમેં આયા?

યે વ્યવહાર પ્રતિક્રમણકી ક્રિયા અને ઐસા વિકલ્પ... વહ પીછે કહેંગે ૮૩મેં. યે તો સબ છોડનેલાયક હૈ. આહાહા! સમજમેં આયા? મુનિકો અંદરમેં આત્માકા ઉઠાવ હુઆ, ધર્મીકા ધ્યેય જો ભગવાન આત્મા હૈ, ઉસકે ધ્યેયમેં જબ પરસે ભિન્ન હો ગયા, અકેલા ચૈતન્ય ધ્રુવ જાનન-દેખન રહા. ઐસે હોનેસે મોહસે મુક્ત હુઆ. સમજમેં આયા? મિથ્યાત્વકા તો મોહ નહીં થા, પણ અસાવધાનીકા–અસ્થિરતાકા જો રાગ થા ઉસકો યહાં મોહ કહનેમેં આતા હૈ. મોહ શબ્દસે યહાં મિથ્યાત્વ નહી હૈ. **(મોહ રહિત) હોતા હુઆ શમજલનિધિકે પૂરસે (ઉપશમસમુદ્રકે જ્વારસે)**... આહાહા! રાગસે ભિન્ન હોકર સ્વયં ઉપયોગરૂપ રહા તો ઉસમેં શમજલનિધિકા પૂર (અર્થાત્) સમતારૂપી–વીતરાગભાવરૂપી સમુદ્ર ઉસકા જ્વાર આયા. જ્વાર કહતે હૈં? ભરતી કહતે હૈં હમારે. દરિયામેંસે... ભરતી કહતે હૈં કાઠિયાવાડમેં. ભરતી આયી, જ્વાર આયા.

ઐસે ભગવાન આત્મા અપને સ્વભાવમેં જો પરિપૂર્ણતા પડી હૈ ઉસમેં એકતા કરનેસે ઔર મોહસે મુક્ત હોનેસે પર્યાયમેં જ્વાર આયા. આહાહા! શમજલનિધિ ઉછલા. સમતારૂપી જલકા નિધિ–સમુદ્રમેં જ્વાર આયા–ઉછલા. પર્યાયમેં જ્વાર શાંતિ.. શાંતિ.. શાંતિ.. ઉસકા નામ નિશ્ચય પ્રતિક્રમણ હૈ, સચ્ચા પ્રતિક્રમણ યે હૈ. દૂસરા સબ વિકલ્પકી જાલ હૈ. આહા! સમજમેં

આયા? **શમજલનિધિકે પૂર**... પૂરનો અર્થ કર્યો જ્વાર. જૈસે દરિયાકે કિનારે-સાગરને કાંઠે જ્વાર આતી હૈ પાનીકી, ઐસે ભગવાનકી પર્યાયરૂપી કિનારે, સમુદ્રકે મધ્યમેંસે પર્યાયરૂપી કિનારે પર પૂર આતા હૈ-જ્વાર આતી હૈ. આરે આ વાત. સમજમેં આયા? ઉસકો સચ્ચા પ્રતિક્રમણ કરનેવાલા, પરમાર્થપ્રતિક્રમણ-યથાર્થ પ્રતિક્રમણ કરનેવાલા કહનેમેં આતા હૈ.

વ્યવહારમેં તો અશુભસે બચનેકો શુભવિકલ્પ આતા હૈ, મિચ્છામિ દુક્કડમ્ ને ઐસા. વહ સબ વિકલ્પકી જાલ હૈ, વહ પ્રતિક્રમણ નહીં. આહાહા! સમજમેં આયા? યે પંચમ આરાકે મુનિ કહતે હૈં. કોઈ કહતે હૈં, યે બાત ચૌથે આરાકી હૈ, ચૌથે આરાકે લિયે હૈ.—ઐસા હૈ નહીં. સમજમેં આયા? આહાહા! આ નયનસાગર ગુજરી ગયા કાલ મુંબઈમાં. માંદા હતાને. ..... ગુજરી ગયા. યહાં તો કહતે હૈં, ઉપશમરસકા સમુદ્ર ભગવાન આત્મા... વીતરાગીભાવસે ... કરના હૈ. વીતરાગભાવસ્વરૂપ આત્મા સમુદ્ર ઉસમેં બાઢ આયી. બાઢ.... અજ્ઞાન ને અસ્થિરતા ને વિકારકી બાઢ આતી થી. નિશ્ચય-સત્ય પ્રતિક્રમણ કરનેવાલે સંત.... સમ્યગ્દૃષ્ટિકો પર્યાયમેં બાઢ આતી હૈ (વહ) થોડી આતી હૈ. સમજમેં આયા? થોડી શાંતિ, થોડી સ્થિરતા, આનંદ આદિ સર્વ ગુણકે અંશરૂપ થોડી બાઢ આતી હૈ, પંચમ ગુણસ્થાનમેં ઇસસે વિશેષ બાઢ આતી હૈ, મુનિકો તો (ઉસસે) વિશેષ બાઢ આતી હૈ. આહાહા!

**પાપકલંકકો ધોકર...** ભગવાન આત્મા સમરસ આનંદરસ, વીતરાગરસ, આતમરસ ઉસસે ભરા હૈ, પરસે હટકર ઉસમેં એકત્વ હુઆ તો ઐસે શમજલરસકી ભરતીસે-બાઢસે-જ્વારસે પાપરૂપી કલંકકો ધો ડાલતા હૈ. યહાં તો ઉસકા પુણ્યભાવ હૈ (ઉસે) ભી પાપ (કહા) હૈ. ભાઈ! મુનિકો તો અશુભભાવ હોતા નહીં. શુભભાવ હૈ ઉસકો યહાં પાપ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? 'પાપ પાપકો સબ કહે, પણ અનુભવીજન પુણ્યકો ભી પાપ કહે.' સમજમેં આયા? ઐસા તેરા સ્વરૂપ...

યહાં કહતે હૈં કિ **પાપકલંકકો ધોકર**... પાપકા અર્થ વ્યવહાર પ્રતિક્રમણકા શુભભાવ હૈ ઉસ પાપકલંકકો ધોકર... આહાહા! ઉસકે ઘરકી બાત ઉસને સુની નહીં હોં, પ્રેમસે સુની નહીં. પ્રેમસે સુની નહીં. પ્રભુ ઉપશાંતરસકા સમુદ્ર તેરી ચીજ હૈ. 'જિન સો હી આત્મા..' વીતરાગીસ્વરૂપ હી પ્રભુ હૈ. વીતરાગસ્વરૂપ કહો કિ ઉપશમરસ જલનિધિ કહો. ઉસમેં એકત્વ હોનેસે ઉપશમરસકે નિધિ દ્વારા પુણ્યભાવરૂપી પાપ ઉસકો ધો ડાલા હૈ. આહાહા! ઉસકા નામ સચ્ચા પ્રતિક્રમણ હૈ. આહા! સાંભળતા લોકોને એવું લાગે કે આ તે શું હશે? ભાઈ! યે તેરી ચીજ ઐસી હૈ.

ઓહો! **પાપકલંકકો ધોકર (શોભતા) હૈ**... એમ છેને? **વિરાજતા (શોભતા) હૈ...** અપના આનંદ સિંહાસનમેં બિરાજતા હૈ. સમરસરૂપી જલમેં-વીતરાગભાવમેં આત્મા પાપ નામ પુણ્યભાવરૂપી પાપકો ધોકર અપનેમેં શોભિત નામ બિરાજતા હૈ, ઉસકા નામ સચ્ચા

પ્રતિક્રમણ હૈ. એ પંડિતજી! સુની હી નહીં કભી ઐસી બાત. આહાહા! બહારથી લોકો ઢસરડા કરે, ઐસા વ્યવહાર.. વ્યવહાર.. નિશ્ચય બિના વ્યવહાર કૈસા? યે તો નિશ્ચયવાલેકો કહતે હૈં કિ વ્યવહારપુણ્ય હૈ વહ પાપ હૈ, આહાહા! ભવકા કારણ હૈ. નિશ્ચયવાલેકો શુભભાવ જો હૈ વહ ભી ભવકા કારણ હૈ. સમજમેં આયા? કેટલા પડિકમણા કર્યા હશે, નહીં? તમારા ઘરથી બહુ સવાર-સાંજ કરતા. એવી વસ્તુ... ક્યા ચીજ હૈ ઉસમેં આયે બિના પરસે હટ સકતા હી નહીં અને પરસે હટે બિના અંતરમેં આ સકતા નહીં. આહાહા!

યહ પાપમલકો ધોકર વિરાજતા હૈ-શોભતા હૈ. 'વિરાજતે શોભતે ઇતિ રાજા.' આતમરાજા ભગવાન અપની વર્તમાન પર્યાયમેં નિર્મલતાકી બાઢ-જ્વાર આનેસે મોહસે મુક્ત હોકર બિરાજતા હૈ. આહાહા! સમજમેં આયા? 'અલખ નામ ધૂની લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી, અલખ નામ ધૂની લગી લગનમેં..' અલખ નામ વિકલ્પસે ન જાનનેમેં આયે ઐસા આત્મ અલખ. 'અલખ નામ ધૂની લગી ગગનમેં..' નિરાલંબી પ્રભુ. 'મગન ભયા મન મેરા જી, આસન મારી સૂરત દૃઢ ધારી, લિયા અગમ ઘર ડેરા જી..' વિકલ્પસે ગમ્ય ન આવે ઐસા ભગવાન આત્મા.. આહાહા! 'આસન મારી..' ત્યાં આસન માર્યું સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગમાં સ્થિર થઈને. 'સૂરત દૃઢ ધારી..' વૃત્તિ અંદરમાં દૃઢ કરી એકાકાર. 'લિયા અગમ ઘર ડેરા જી.' અગમ ચીજમેં ડેરા લગા દિયા. આહાહા! મુનિકી બાત હૈ ન.... સમકિતી ભી ઐસા હી હૈ, રાગસે મુક્ત હૈ, વ્યવહારસે મુક્ત હૈ. યે તો આયા થા પહલે અપને. સંસારકી દશાસે મુક્ત હૈ.

સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર નહીં. સમજમેં આયા? સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, ધંધા વહ સંસાર નહીં, વહ તો પરચીજ હૈ. સંસાર તો ઉસકો કહતે હૈં, જો રાગ ને વિકલ્પ ઉઠતે હૈ વહ સંસાર. સંસાર ઉસકી પર્યાયમેં ઉત્પન્ન હોતા હૈ. સંસાર બાહરમેં નહીં રહતા. યે વિકલ્પ વહી સંસાર હૈ.

શ્રોતા : વિકલ્પ નહીં ઉઠાના ચાહિયે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિકલ્પ નહીં ઉઠાના ચાહિયે નહીં, અંદરમેં જાના ચાહિયે, ઉસસે વિકલ્પ નહીં ઉઠતે. સમજમેં આયા? વિકલ્પ નહીં ઉઠતે... વિકલ્પકો ઉપશમ કરો.. ઉપશમ કરો ઐસા બહુ કહતે હૈં. વહ હૈ ન અભી. હમારે શોભાલાલજીકા નાચના...... રજનીશ. યે રજનીશ હૈ ન. તારણપંથમેં જન્મા હૈ રજનીશ. સારા બદલ દિયા. વહ કહતે હૈં કિ વિકલ્પકો શૂન્ય કરો. પણ કિસ વિકલ્પકો શૂન્ય કરે? અસ્તિ તત્ત્વ કિતના હૈ ઉસકા જ્ઞાન કિયે બિના, ઉસકી દૃષ્ટિ હુએ બિના, ઉસકો ધ્યેય બનાયે બિના વિકલ્પસે શૂન્ય હોવે કહાંસે? કહો, શેઠ!

શ્રોતા : તારણસ્વામીમેં....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એને ખબર નથી. તારણસ્વામીને બહોત અચ્છા કિયા હૈ. ઉસે ખબર નહીં હૈ. તારણસ્વામીમેં જન્મ તો થા ન. શેઠકે ....મેં થા વો. શોભાલાલ તારણસ્વામીમેં જન્મે, પણ કુછ રખા નહીં. તારણસ્વામી ક્યા કહતે હૈં ઉસે જાના હી નહીં. તારણસ્વામી તો સબ જગહ જૈન.. જૈન.. જૈન.. જૈન.. જૈન.. જૈન કરતે થે. હમ તો વીતરાગ હૈં.. વીતરાગ હૈં.. વીતરાગ હૈં. ઉસકે સિવા દૂસરી ચીજ નહીં. બહુત થોડેમેં ... બાત આતી હૈ, (પણ) લોકો ખ્યાલ લઈ ન શકે એટલો. અહીં તો એક-એક ગાથા દીઠ, એક-એક શ્લોકમાં ભાવ ગંભીર.. ગંભીર.. જુઓને! એક કલશ કિતના હૈ!

અરે! **વહ સચમુચ, ઇસ સમયસારકા કૈસા ભેદ હૈ!** યે આત્માકી દશા કૈસી હૈ! આહાહા! એમ કહતે હૈં. રાગસે હટકર, સ્વભાવમેં એકત્વ હોકર, શાંતરસકે જલસે પુણ્ય ધો ડાલા હૈ વહ સમયસારકી દશા કૈસી હૈ! ભેદ હૈ ન. સમયસારકા કૈસા ભેદ હૈ, સમયસારકી કૈસી દશા હૈ! આહાહા! સમજમેં આયા? સંતોએ ગજબ કામ કર્યાં છે! દિગંબર સંત હો કિ આચાર્ય હો કિ ઉપાધ્યાય હો, અલૌકિક બાત હૈ. વસ્તુ હી ઐસી હૈ. ઉન્હેં વિશેષ સ્થિરતા હુઈ એકદમ, સમયસારકી દશા કૈસી હૈ! કહતે હૈં. ભગવાન આત્મા ઉસકી દશા ઉપયોગમય હો ગઈ, મોહસે મુક્ત હો ગઈ, સમરસકા જ્વાર આયા, યે સમયસારકી દશા ક્યા હૈ! વહ દશા સમયસારકી અલૌકીક હૈ. સમજમેં આયા? આહાહા! એ ૮૨ ગાથા થઈ. ૮૨ ગાથાકા શ્લોક.

શ્રોતા : ભેદકા.... રહસ્ય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સમયસારકી દશા. ભેદ.. ભેદ. સમયસારકા ભેદ ને સમયસારકી યે દશા કૌનસી હૈ! હાલમેં ઐસી દશા... ઓહોહો! નિશ્ચય પ્રતિક્રમણરૂપદશા, યે સમયસારકી ક્યા દશા હૈ! સમજમેં આયા? આનંદનિધિ ભગવાન આત્મા.. આહાહા! વહ રાગાદિ દુઃખરૂપદશાસે હટકર, અપને સમરસરૂપી આનંદકા સ્થાન ઉસમેં જબ એકતા હુઈ તો, કહતે હૈં, આ તે કઈ દશા થઈ! આહાહા! યે સમયસારકી અલૌકિક દશા હૈ! કહો, નંદકિશોરજી! ૮૩ ગાથા ૮૩.

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा ।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं ॥८३॥**
**રે વચન રચના છોડ રાગદ્વેષકા પરિત્યાગ કર,**
**ધ્યાતા નિજાત્મા જીવ તો હોતા ઉસીકો પ્રતિક્રમણ. ૮૩.**

આહાહા! ચારિત્રકી દશા ક્યા હૈ, નિશ્ચય પ્રતિક્રમણદશા ક્યા હૈ વહ વર્ણન કરતે હૈં. સમજમેં આયા? સંવર-નિર્જરાકી દશા ઉત્કૃષ્ટ હોકર જો ચારિત્ર હોતા હૈ, જો સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ, વહ દશા કૈસી હૈ, એમ આનું વર્ણન કરે છે.

**ટીકા : પ્રતિદિન મુમુક્ષુ જનોં દ્વારા ઉચ્ચારણ કિયા જાનેવાલા...** વ્યવહાર પ્રતિક્રમણકી બાત કરતે હૈં પહલે. વિકલ્પસે વાણી કરતે હૈં, જો ઉચ્ચારણ કિયા જાતા હૈ... દેખો! એક ઓર

કહે કિ ઉચ્ચારણ આત્મા કર સકતા નહીં. સમજમેં આયા? પણ વહ તો વિકલ્પ આતા હૈ ન, ઉસકા આરોપ કરકે વાણી ઉચ્ચારણ કરતે હૈં ઐસા કહતે હૈં. વિકલ્પ વહી ઉચ્ચારણ હૈ ખરેખર તો. સમજમેં આયા? **મુમુક્ષુ જનોં દ્વારા ઉચ્ચારણ કિયા જાનેવાલા જો વચનમય...** વચનકો... ભાષા તો ઐસી આતી હૈ ન ઉસ વક્ત. ઐસા પ્રતિક્રમણ, મિચ્છામિ દુક્કડમ્ ઐસા હૈ...... તો ઐસા ઉચ્ચારણ કિયા જાતા હૈ, લ્યો. એક ઓર કહે કિ આત્મા વાણી કર સકતા નહીં, આત્મા વાણીકો સ્પર્શતા નહીં. વ્યવહારકા કથન સમજાના હો તો ક્યા સમજાવે? જ્ઞાની ભી વિકલ્પસે જબ વ્યવહાર પડિકમણા કરતે હૈં, તો વાણીકા ઉચ્ચાર ઐસા.. ઐસા.. મિચ્છામિ દુક્કડમ્...

**વચનમય પ્રતિક્રમણ નામક સમસ્ત પાપક્ષયકે હેતુભૂત...** લ્યો ઠીક! એ શુભભાવ(રૂપ) પ્રતિક્રમણ પણ પાપના ક્ષયનો હેતુ છે. પુણ્ય ને પાપ બેયના ક્ષયનો હેતુ નથી. સમજમેં આયા? ધર્માત્માકો અપને સ્વભાવકે આશ્રયસે જિતની શુદ્ધિ ઉત્પન્ન હુઈ વહ તો સંવર ને નિર્જરારૂપ હુઈ, પણ ઉસમેં વ્યવહાર પ્રતિક્રમણકા વિકલ્પ ઉઠતા હૈ વહ પુણ્ય હૈ, વહ પાપકા ક્ષય કરનેવાલા હૈ. કહો, પંડિતજી! શુભભાવમેં અશુભભાવકા નાશ કરાનેકી બાત હૈ. દ્રવ્ય પ્રતિક્રમણ આવે છેને ત્યાં મોક્ષ અધિકારમાં? હળવે.. હળવે આગળ વધે. રાગ શુભભાવમાં, સમ્યગ્દર્શન સહિત છે, સ્વરૂપની લીનતા આચરણ સહિત છે, ઉસકો શુભભાવમેં અશુભ ઘટતા હૈ. અજ્ઞાનીકો શુભભાવમેં અશુભ ઘટતા હૈ ઐસા નહીં. સમજમેં આયા? અકેલા વીતરાગસ્વભાવ આત્માકા હૈ ઉસકો પકડકર જિસકી પરિણતિ હુઈ, વહ અંતરમેં ન રહ સકે તબ વ્યવહાર પ્રતિક્રમણ(રૂપ) શુભભાવ આતા હૈ. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં કિ ધર્માત્મા, જિસકો અપના સ્વભાવ પરિપૂર્ણ આનંદ અનુભવમેં આયા હૈ, પણ અભી રાગ સર્વથા ગયા નહીં, સમજમેં આયા? દૃષ્ટિમેંસે સર્વથા ગયા હૈ, પણ સ્થિરતા હોકર અસ્થિરતા સર્વથા ગઈ નહીં. દૃષ્ટિ તો સ્વીકાર કરતી હૈ કિ રાગ મેરેમેં હૈ હી નહીં. સમજમેં આયા? વહ તો પહલે કહા ન કિ દૃષ્ટિ ..... મેરેમેં નહીં. મેરેમેં તો પૂર્ણ આનંદ હૈ, આનંદઘન મૈં ચિદાનંદ હૂં—ઐસા દૃષ્ટિમેં સ્વીકાર હૈ. ઐસા સ્વીકાર હુએ ઉપરાંત રાગ બાકી રહતા હૈ ઉસમેં–રાગમેં શુભભાવ જબ આતા હૈ તો પાપકા ક્ષય કરતા હૈ, ઇતની બાત. (શુભરાગ) સ્વયં પુણ્ય હૈ, તો પુણ્ય પુણ્યક્ષય કૈસે કરે? સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકી બાત હોં. અકેલા શુભ કરનેવાલા મિથ્યાદૃષ્ટિ (જિસે) આત્માકા ભાન નહીં ઉસકા તો શુભભાવ પાપ હી હૈ. ક્યોંકિ ઉસે અપના માનતા હૈ ઔર વહ ચીજ મૈં હૂં ઐસા માનનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! ભારે વાતું ભાઈ!

કહતે હૈં કિ મુનિ... **મુમુક્ષુ જનોં દ્વારા ઉચ્ચારણ કિયા જાનેવાલા વચનમય પ્રતિક્રમણ...** વાણીસે કહના હૈ, પણ વાણી આતી હૈ વહ વિકલ્પસે આતી હૈ તો 'વાણી કી' ઐસા કહનેમેં આતા હૈ. **પાપક્ષયકે હેતુભૂત સૂત્રસમુદાય...** ભગવાનને બનાયા, સંતોને બનાયા સૂત્રસમુદાય.

વાણીમેં આતા હૈ ઉસકે પીછે વિકલ્પ હૈ, એમ કહતે હૈં, શુભરાગ હૈ. સમજમેં આયા? વ્યવહાર પ્રતિક્રમણ વાણીમેં બોલતે હૈં તબ રાગ-શુભરાગ હૈ. આહાહા!

**વચનમય પ્રતિક્રમણ નામક સમસ્ત પાપક્ષયકે હેતુભૂત સૂત્રસમુદાય ઉસકા યહ નિરાસ હૈ...** દેખો! સૂત્રસમુદાય ઉસકા નિરાસ હૈ. ઉસકા અર્થ કિ સૂત્ર બોલનેમેં જો ભાષા આતી હૈ, (ઉસકે) પીછે જો રાગ હૈ ઉસકા નિરાસ, ઐસા અર્થ હૈ યહાં. વ્યવહાર પ્રતિક્રમણ રાગ આતા હૈ ઉસકા નિરાકરણ કરતે હૈં કિ તેરી ચીજ નહીં. આહાહા! સમજમેં આયા? આહાહા! ઉસને, અપની નિજ બાત ક્યા હૈ વહ સુની નહીં. નિરર્થક જિંદગી હૈ સારી. સમજમેં આયા? સાધુ હુઆ તો ક્યા હુઆ? સમજમેં આયા? અપને નિજરસ આત્મા જાના નહીં તો સાધુ હુઆ તો ક્યા હુઆ? વહ સાધુ નહીં. સમજમેં આયા?

યહાં કહતે હૈં, સૂત્રસમુદાય જો ભગવાનને કહે, વહ મુનિકી વાણીમેં આતા હૈ ઔર ઉસકે પીછે રાગ હૈ.—સબકો નિરાસ કરતા હૈ. છોડ યે પુણ્યકા પરિણામ ને વચનવર્ગણા. **(અર્થાત્ ઉસકા ઉસમેં નિરાકરણ-ખંડન કિયા હૈ).** દેખો! 'નિરાસ'કી વ્યાખ્યા કી. આહાહા! **પરમ તપશ્ચરણકે કારણભૂત...** કહતે હૈં, પરમ સાધુપદ જો ચારિત્રપદ, રમણતા, આનંદપદ, અંતરમેં ચારિત્ર નામ સ્વરૂપકી રમણતાકા પદ ઐસા સહજ પરમ તપશ્ચરણ... વહ સહજ તપસ્યાકા મુનિપના હૈ. યે સ્વભાવિક મુનિપના હૈ, તપશ્ચરણ શબ્દે મુનિ. આહાહા!

સ્વભાવિક **પરમ તપશ્ચરણકે કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગરકે લિયે...** ઓહોહો! સ્વભાવિક વૈરાગ્યરૂપી અમૃતકા સાગર.. ભગવાન આત્મા સ્વભાવિક વૈરાગ્ય—રાગસે રહિત, વિકલ્પસે રહિત, પુણ્ય-પાપકે ભાવસે રહિત ભગવાન... આહાહા! આ તો કરો ભક્તિ ભગવાનની, મુક્તિ થશે. ધૂલમેં નહીં હોગી, સુન તો સહી! ભગવાનકી ભક્તિ ને દેવ-ગુરુકી ભક્તિ વહ રાગ હૈ, ધર્મ નહીં. એ જુગરાજજી! રાગ તો રાગ હૈ, વિકલ્પ હૈ. પરદ્રવ્યકી ભક્તિ કરે, ધૂની લગાવે, ઐસા લગાવે—વહ સબ રાગ હૈ. રાગમેં એકતા હો ને કર્તાબુદ્ધિ હો તો મિથ્યાત્વકા પોષણ હોતા હૈ.

શ્રોતા : જાણ્યા વિના એવું જ થાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એવું થાય છે માટે કહે છે. માટે જાણવાનું કહે છેને. આહાહા!

શ્રોતા : યહ બાત તો હમકો કઠિન લગતી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કઠિન ક્યા હૈ? નિજઘરકી બાત કઠિન હૈ? કઠિન માની હૈ. હૈ નહીં. અભ્યાસ નહીં ઇસલિયે કઠિન માનનેમેં આયા હૈ.

ભગવાન આત્મા... સત્ સરલ હૈ, સત્ સર્વત્ર હૈ, સત્‌કી પ્રાપ્તિ સર્વત્ર હોતી હૈ. સમજમેં આયા? સત્ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઐસા પરમમુનિ, જિસકી દશામેં પરમ ચારિત્રદશા-આત્મામેં રમણતાકી ચારિત્રદશા, રમણતા ઉત્પન્ન હુઈ ઉસકે **કારણભૂત**

**સહજવૈરાગ્ય સુધાસાગરકે લિયે**... 'પરસે હટકર' (વહ) પ્રતિક્રમણકી વ્યાખ્યા હૈ ન. રાગકે અભાવરૂપ સહજ વૈરાગ્ય, સુધાસાગર–અમૃતકા સાગર ભગવાન, પર્યાયમેં રાગસે હટકર સહજ વૈરાગ્ય સુધાસાગરકા ઉઠાનેવાલા... આહાહા! **પૂર્ણિમાકા ચંદ્ર...**

જૈસે સાગરમેં ચંદ્ર આતા હૈ તો પાણી ઉછલતા હૈ. ચંદ્ર, પૂનમકા ચંદ્ર હો તો સમુદ્રમેં બાઢ આતી હૈ જ્વાર. ઐસા સંબંધ હૈ નિમિત્ત-નૈમિત્તિક. ચંદ્રમા પૂર્ણ હો તો બહુત ઉછલતા હૈ દરિયા કિનારે પર. ઐસે મુનિ પરમ આનંદસ્વરૂપ ભગવાન ચારિત્રકી દશામેં... કારણરૂપ સહજવૈરાગ્ય સુધાસાગર ચંદ્રમા સમાન જીવ હૈ. યે જીવ ચંદ્રમા સમાન હૈ. જૈસે ચંદ્ર ખીલતા હૈ તો સાગર ઉછલતા હૈ, વૈસે મુનિ પરસે સહજવૈરાગ્યરૂપી સુધાસાગરકો ઉછાલનેમેં ચંદ્ર સમાન આત્મા હૈ. આહાહા!

એક-એક નિશ્ચયની વાણી. હવે કઠણ પડે છે. અભ્યાસ નહીં, યે બાત સુનનેમેં આયી હૈ. અરેરે! જિંદગી ચાલી જાય નિરર્થક. સમજમેં આયા? કલ કહી થી એક બાત, પ્રવચનસારમેં. યહાંસે આત્મા નિકલેગા તો અનંત કાલ રહેગા. નાશ હોગા ઇસકા? કહાં રહેગા? જિસકી દૃષ્ટિમેં રાગ ને પુણ્ય મેરા હૈ, વહ મિથ્યાદૃષ્ટિ રાગમેં રહેગા. આહાહા! અરેરે! અનંતકાળ રહ્યો. ભવિષ્ય કાલમેં... વર્તમાન રાગમેં રહનેવાલા, રાગકી રુચિ કરનેવાલા, રાગકા પ્રેમ કરનેવાલા રાગમેં હી રહતા હૈ (ઔર) ભવિષ્યમેં રાગમેં રહેગા ચાર ગતિમેં, એમ કહતે હૈં છે. આહાહા!

શ્રોતા : રાગ તો આગ હૈ, જલતા રહેગા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : જલતા રહે ચાર ગતિમેં. ચાહે તો શેઠાઈમેં જાય ને ચાહે તો સ્વર્ગમેં જાય, રાગસે જલતા રહેગા. કહો, શેઠ! આ બધા શેઠિયા તમે બળતા રહેશો ઓલા પૈસા લઈને, એમ કહે છે. આહાહા!

તેરા સ્વભાવ–તેરી ચીજમેં કષાય-અગ્નિકા કણ નહીં અને શાંતિકા પૂર હૈ. રાગકા કણ નહીં, શાંતિકા પૂર હૈ. આહાહા! ઐસા શાંતિકા પૂર ઉસકા સહજ વૈરાગ્યસુધાસાગર પૂનમકા ચંદ્રમા હૈ. પર્યાયમેં આત્મા પરમ ચારિત્રવંત આનંદમેં રમનેવાલા ચંદ્રમા, સહજ વૈરાગ્યરૂપી સુધાજલકે પ્રગટ કરનેમેં ચંદ્ર સમાન હૈ. આહાહા! પ્રભુ! ઐસી સમ્યક્-દ્રષ્ટિમેં ભી, ચંદ્રમા ઐસા હૈ કિ રાગસે હટકર અપની દૃષ્ટિમેં રહે, સ્થિરતામેં રહે ઐસા હી ચંદ્ર હૈ. મુનિપનેમેં તો આનંદકી દશામેં રહનેવાલા વહ ચંદ્ર હૈ. આહાહા! સમજમેં આયા? કિસે ચારિત્ર કહના, કિસે સમકિત કહના, ચારિત્ર ને સમકિતકા ધ્યેય કહાં રહતા હૈ—ખબર નહીં, જિંદગી ચાલી જાય એની. વ્યર્થ હૈ. કીડા, કાગડા જેમ મરે છે, ઐસા વહ ભી મર જાતા હૈ. જાગૃત હોકર જો દૃષ્ટિકા વિષય પલટા નહીં, વહ ભી ઐસા હી મર જાયેગા, કુત્તેકે તરહ મરતા હૈ. સમજમેં આયા? આહાહા!

કહતે હૈં, **પરમતપકા કારણ...** તપ એટલે મુનિપણું, ચારિત્ર. **ઐસા જો સહજ વૈરાગ્યરૂપી અમૃતકા સાગર ઉસે ઉછાલનેકે લિયે અર્થાત્ ઉસમેં જ્વાર લાનેકે લિયે...** લ્યો,

તમારી ભાષા આવી. **જો પૂર્ણ ચંદ્ર સમાન હૈ ઐસા જો જીવ...** ધર્મીને ધ્યેય બનાકર, આત્માકો ધ્યેય બનાકર લીન હુઆ, વહ તો અપનેમેં સહજવૈરાગ્યકો ઉછાલનેમેં ચંદ્ર સમાન હૈ. આહાહા! આવી વાત. પહલે સમજ તો કરે કિ ઐસી ચીજ હૈ. સમજમેં આયા? ઐસી શ્રદ્ધા તો કરે કિ દ્રવ્યપ્રતિક્રમણ ઔર સબ ક્રિયાકાંડકા ભાવ વહ સબ રાગ ને દુઃખ હૈ. સમજમેં આયા? પંચમહાવ્રતકા પરિણામ, ભક્તિ, પૂજા, દાન, દયા—સબ રાગ-અગ્નિ કષાય-અગ્નિ હૈ. ભારે વાત ભાઈ! જો મુનિ કષાય-અગ્નિસે હટ ગયા હૈ ઉસકો યહાં સહજ વૈરાગ્યસુધારસકા ચંદ્રમા કહનેમેં આયા હૈ.

ઐસા જો જીવ **અપ્રશસ્ત વચનરચનાસે પરિમુક્ત...** લ્યો, જિસમેં વિષયકષાયકા પોષણ હો, વિષયકષાય(રૂપ) ભાષા ઉસસે તો પરિમુક્ત હૈ. અપ્રશસ્ત વચનરચના... મૂળ વચનરચનાથી ઉપાડ્યું છે, બાકી તો અંદર રાગ–અશુભરાગ હૈ ન, ઉસસે તો પરિમુક્ત હૈ. સમજમેં આયા? મુનિ આત્મધ્યાનમેં મસ્ત રહનેવાલે અશુભરાગસે તો મુક્ત હૈં, સર્વ ઓરસે મુક્ત હૈં. ઐસા હૈ ન, 'પરિમુક્ત' હૈ ન. આહાહા! અપને સ્વરૂપમેં ઇતની એકતા હૈ કિ રાગસે સર્વપ્રકારસે મુક્ત હૈ. સમજમેં આયા?

વહ ભી **પ્રતિક્રમણસૂત્રકી વિવિધ**–ભિન્ન-ભિન્ન **વચનરચનાકો છોડકર...** સમજમેં આયા? અપ્રશસ્ત શબ્દોસે તો વહ નિવૃત્ત હૈ, પણ ભગવાનકા કહા પ્રતિક્રમણ આદિ સૂત્રકી વિષમ વચનરચના–વિવિધરચના... આહાહા! શબ્દોમેં લિખતે હૈં, ઐસા હૈ, ઐસા હૈ, કહતે હૈં, વહ તો રાગ હૈ. સમજમેં આયા? ભિન્ન-ભિન્ન શબ્દોમેં ઐસા.. ઐસા.. ઐસા.. ઐસા.. (કહા), ઐસી વચનરચનાકો યહાં વિષમ નામ વિવિધ કહનેમેં આયી. આહાહા! ભગવાન આત્મામેં વાણી નહીં ને...... વિષમરચનામેં જો રહતા હૈ વહ શુભરાગમેં આયા હૈ. વીતરાગને કહા પ્રતિક્રમણમેં ઐસે બોલતા હૈ વહ શુભરાગમેં આયા હૈ. એય! આહાહા! ભારે ભાઈ! સમ્યક્-દ્રષ્ટિ સહિત....... સમજમેં આયા? આત્માકે ભાન, અનુભવ સહિત હૈ, ઉસકો જો શુભભાવ હૈ વહ પાપક્ષયકા હેતુ હૈ, સંસારકે નાશકા હેતુ નહીં. આહાહા!

**પ્રતિક્રમણસૂત્રકી વિષમરચનાકો છોડકર સંસારલતાકે મૂલ...** સંસારરૂપી લતાકા મૂલ–કંદ... **કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોંકા નિવારણ કરકે...** ઓહોહો! શુભરાગ ભી સંસારલતાકા મૂલ–કંદભૂત હૈ, ઉસકા કારણ હૈ. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રકે સન્મુખ હોના વહ ભી રાગ હૈ. ગજબ વાત છે! ઇનકા વિનય કરના વહ ભી રાગ હૈ. આતા હૈ, પણ હૈ રાગ, પર હૈ. 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' હીજડા જેવા–પાવૈયા જેવા–રાગકી રચના કરનેવાલા, અપને સ્વરૂપરચનાકી ખબર નહીં ઉસકો વીતરાગકા વચન પ્રતિકૂલ લગેગા. આહા! સમજમેં આયા?

ભાઈ! તેરે ઘરમેં સંસારકી મુક્તિ કૈસે હોતી હૈ યહ તુજે બાત કહતે હૈં. સંસાર શબ્દે રાગ. શુભરાગ હો વહી સંસાર હૈ. આહાહા! ધર્મી જીવ–સમ્યગ્દૃષ્ટિ શુભરાગસે ભી દૃષ્ટિકી અપેક્ષાસે મુક્ત હૈ, પણ ચારિત્રકી અપેક્ષા મુક્ત નહીં થા, ઉસે મુક્ત કર, રાગસે હટ જા ઔર સ્વરૂપમેં લીનતા કર. વ્યવહાર પ્રતિક્રમણકે રાગસે ભી હટ જા, એમ કહતે હૈં. એવું લાગેને માણસને કે આ તો એક નિશ્ચયની જ વાત, સાચી જ વાત કહે છે. નિશ્ચય... નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ખોટું–જૂઠું. આહાહા! સંસારનો મિથ્યાત્વભાવ અને પાપ–અશુભરાગ તો મહા-અગ્નિ હૈ, સારી ભઠ્ઠી હૈ. પણ આત્માકે ભાન સહિતમેં જો શુભરાગ હોતા હૈ વહ ભી અગ્નિ હૈ, કષાય હૈ. ઉસસે હટકર, સંસારલતાકે મૂલ–કંદભૂત મોહ-રાગ ઉસકા નિવારણ કરકે... હટકર (અર્થાત્) નિવારણ કરકે.

શુભરાગસે ભી હટકર, અપને સ્વરૂપમેં સ્થિરતા કરકે **અખંડ-આનંદમય નિજ કારણ-પરમાત્માકો ધ્યાતા હૈ...** દેખો! ભગવાન અંદરમેં **અખંડ-આનંદમય નિજ કારણપરમાત્મા...** ભાષા દેખો! નિજ કારણપરમાત્મા ત્રિકાળી, અખંડ-આનંદમય નિજ કારણપરમાત્મા અપના સ્વરૂપ... અખંડ-આનંદમય... આનંદવાલા ભી નહીં કહા. અખંડ આનંદમય, અતીન્દ્રિય આનંદમય... અખંડ નામ પૂર્ણ, અખંડ નામ એકરૂપ. આહાહા! ઐસા ભગવાન આત્મા અખંડ-આનંદમય, અપના–નિજ કારણપરમાત્મા આનંદમય હૈ. ત્રિકાલી વસ્તુ કારણપરમાત્માકો ધ્યાતા હૈ. ઉસકો ધ્યાતા હૈ, ધ્યેય બનાકર ધ્યાતા હૈ, ઉસકો સચ્ચા પ્રતિક્રમણ હોતા હૈ. ઓલા દેવ-ગુરુ-શાસ્ત્ર..... એમ કહતે હૈં. ...... ધ્યાતા હૈ ઉસકો નિશ્ચય પ્રતિક્રમણ કહતે હૈં. દેવ-ગુરુ-શાસ્ત્રકા લક્ષ કરકે ... હોતા હૈ વહ શુભરાગ હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા અખંડ-આનંદમય નિજ કારણપરમાત્મા ત્રિકાલી વસ્તુ અખંડ નિજ આનંદમય હૈ. કેવલીકો પર્યાયમેં અનંત આનંદ આતા હૈ ઇસસે ભી અનંતગુના આનંદ ઉસમેં હૈ. અખંડ-આનંદમય કારણપરમાત્મા, જિસમેંસે કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટ હો ઐસા ભગવાન નિજનિધાન, ઐસે કારણપરમાત્માકો ધ્યેય બનાકર, પર્યાયમેં ઉસકો વિષય બનાકર ધ્યાતા હૈ. જો વ્યવહારપ્રતિક્રમણ હૈ વહ પરવિષયમેં જાતા હૈ. શુભરાગ હૈ ન, (ઉસમેં) પર વિષય ચલતા હૈ. ઉસે છોડકર નિજ વિષયકો (ધ્યેય) બનાકર, ધ્યાનમેં ધ્યેય બનાકર ઉસે ધ્યાતા હૈ વહ સચ્ચા પ્રતિક્રમણ ને મુનિપના કહનેમેં આતા હૈ. આહાહા!

**ઉસ જીવકો—કિ જો વાસ્તવમેં** કારણપરમાત્મા અખંડ આનંદમયકો ધ્યાતા હૈ ઉસકો—**વાસ્તવમેં પરમતત્ત્વકે શ્રદ્ધાન...** વહાં કારણપરમાત્મા કહા થા ન, ઉસે યહાં પરમતત્ત્વ કહા. **પરમતત્ત્વકે શ્રદ્ધાન...** આહા! પર્યાય ભી પરમતત્ત્વ નહીં, કેવલજ્ઞાન ભી પરમતત્ત્વ નહીં. પર્યાય હૈ એક સમયકી. પરમતત્ત્વ ત્રિકાલ અખંડ-આનંદમય પરમતત્ત્વ કિ જિસકો યહાં નિજ કારણપરમાત્મા કહા. આહાહા! અરે! અનંત કાલમેં યે બાત સુનનેમેં દુર્લભ હૈ. સમજમેં

આયા? પ્રગટ કરનેમેં અનંત કાલકી અપેક્ષાસે દુર્લભ હૈ. સહજ સ્વભાવકી અપેક્ષાસે સુલભ હૈ. સમજમેં આયા? જો કોઈ નિજ કારણપરમાત્મા ત્રિકાલી અખંડ-આનંદમય ઉસકો ધ્યાતા હૈ ઉસ જીવકો વાસ્તવમેં પરમતત્ત્વકા શ્રદ્ધાન હૈ. આહાહા!

**પરમતત્ત્વકે શ્રદ્ધાન...** ભાષા ઐસી લી હૈ 'સન્મુખ', ઉસકો હી પરમ શ્રદ્ધાન (કહા). સ્વભાવકે સન્મુખ હૈ વહ પરમશ્રદ્ધાનકે સન્મુખ હૈ, ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ભાષા તો ઐસી હૈ. **જ્ઞાન ઔર અનુષ્ઠાનકે સન્મુખ હૈ...** ઉસકા અર્થ કિ યહાંસે સન્મુખતા હટાકર, ધ્યાતાકે સન્મુખ હુઆ તો 'પર્યાયકે સન્મુખ હૈ' ઐસા કહનેમેં આતા હૈ. ક્યા કહતે હૈં? દેખો! **વાસ્તવમેં પરમતત્ત્વકે શ્રદ્ધાન...** ભગવાન પૂર્ણાનંદ પરમસ્વરૂપ ધ્રુવ ઉસકો ધ્યેય બનાકર શ્રદ્ધાન... નિજ કારણપરમાત્માકે ધ્યાતા જીવકો ધ્યેય બનાકર જો પર્યાય પ્રગટ હુઈ વહ પરમતત્ત્વકી શ્રદ્ધા. ઉસકા **જ્ઞાન**–વાસ્તવમેં પરમતત્ત્વકા જ્ઞાન. આહાહા! શાસ્ત્રકા જ્ઞાન નહીં, દૂસરા જ્ઞાન વહ જ્ઞાન નહીં. પરમતત્ત્વ ભગવાન પૂર્ણ ઉસકે સન્મુખ હોકર જો જ્ઞાન હુઆ, વહ જ્ઞાનકે સન્મુખ હૈ, પણ રાગકે સન્મુખ નહીં.

**ઔર અનુષ્ઠાન...** નિજ કારણપરમાત્મા ઐસા જો પરમતત્ત્વ ઉસકા અનુષ્ઠાન નામ ચારિત્ર, ઉસકા આચરણ. **અનુષ્ઠાનકે સન્મુખ હૈ...** આહાહા! ભાષા 'પર્યાય સન્મુખ હૈ' ઉસકા અર્થ કિ રાગકી સન્મુખતા ગઈ હૈ, નિર્મલ પર્યાયકે સન્મુખ હૈ, ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? પરમ તત્ત્વ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ નિજ કારણપરમાત્માકો યહાં પરમતત્ત્વ કહનેમેં આતા હૈ. ઉસકે સિવા સબ નિર્મલ પર્યાયેં વે અપરમતત્ત્વ હૈં. ક્ષાયિક સમકિત, કેવળજ્ઞાન ભી અપરમતત્ત્વ હૈ. સમજમેં આયા? પરમપારિણામિક નિજ કારણપરમાત્મા પરમતત્ત્વ હૈ. પરમભાવ-સ્વભાવરૂપી પરમતત્ત્વ ઉસકે સન્મુખ હોકર શ્રદ્ધા (હુઈ), તો વહ શ્રદ્ધાકે સન્મુખ હૈ, ઉસકે સન્મુખ જ્ઞાન હૈ તો જ્ઞાનકે સન્મુખ હૈ, ઉસકે સન્મુખ હોકર સ્થિર હોના વહ અનુષ્ઠાનકે સન્મુખ હૈ. સમજમેં આયા? વિભાવસે વિમુખ હૈ, યૂં. વિભાવસે વિમુખ હૈ ઔર મોક્ષમાર્ગસે સન્મુખ હૈ.

**ઉસે વચનસમ્બન્ધી સર્વ વ્યાપાર રહિત...** આહાહા! ઉસકો વચનસંબંધી... વચન હી નહીં. વચનસે મૌન હૈ. વચન નહીં ને વિકલ્પ નહીં. ઐસે નિજસ્વરૂપમેં રમણતા ઉસકા નામ સચ્ચા પ્રતિક્રમણ હૈ. સંવત્સરીનું પ્રતિક્રમણ કરે આ બધા, સ્થાનકવાસી ને દેરાવાસી કરેને બાર મહિનાનું. દિવસનું પ્રતિક્રમણ, રાત્રિનું પ્રતિક્રમણ, પાક્ષિક પ્રતિક્રમણ, ચોમાસાનું પ્રતિક્રમણ, વર્ષનું પ્રતિક્રમણ અને આખી જિંદગીનું પ્રતિક્રમણ. ભવકે અંતમેં પ્રતિક્રમણ કરતે હૈં વ્યવહારસે, વહ કોઈ યથાર્થ નહીં હૈ. દૈનિક પ્રતિક્રમણ કરતે હૈં અનુષ્ઠાન, રાત્રિકો કરે. પાક્ષિક પ્રતિક્રમણ પંદર દિવસનું, ચૌમાસ પ્રતિક્રમણ ચાર માસનું. બાર માસ પ્રતિક્રમણ સંવત્સરી, જિંદગી

પ્રતિક્રમણ–ભવકે અંતમેં. વહ બાહરકા પ્રતિક્રમણ કરતા હૈ, પણ અંદરકા કરતા નહીં. આહાહા! સમજમેં આયા? બબ્બે મહિનાના સંથારા કરે, પણ લક્ષ છે શુભરાગ ઉપર.

યહાં તો સ્વભાવ સન્મુખ હોકર, જો અપની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રદશાકે સન્મુખ હુઆ, વહ વચનરચનાકે સન્મુખ નહીં, ઐસે કહના હૈ બસ. **વચનસંબંધી સર્વ વ્યાપાર રહિત નિશ્ચયપ્રતિક્રમણ હોતા હૈ.** આહાહા! અપના નિજ કારણપરમાત્મા પરમતત્ત્વકા ધ્યાન કરતા હૈ વહ અપની પર્યાયમેં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રકે સન્મુખ હૈ, વિભાવસે વિમુખ હૈ, બસ ઈતની બાત હૈ. કહો, ધન્નાલાલજી! ભારે વાત ભાઈ આવી. આવી તો સાંભળી નથી ક્યાંય. આહાહા! આત્મા હોય એને માટે છે. આત્મા થાવું હોય–હોના હૈ ઉસકે લિયે હૈ. રાગ ને પુણ્યકે પરિણામ, ઉસકે ફલમેં રુકા હૈ વહ આત્મા નહીં, યે તો અણાત્મા, જડ હૈ. આહાહા! રાગસે હટકર અપની પર્યાયમેં પરમતત્ત્વકે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમેં રહતા હૈ, ઉસકો આત્મા કહતે હૈં. ઇસકા નામ મોક્ષમાર્ગ હૈ એમ કહતે હૈં. ક્રિયાકાંડ બીચમેં આતા હૈ વહ મોક્ષમાર્ગ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૩, મંગળવાર, તા. ૨૨-૮-૧૯૭૨**
**શ્લોક-૧૧૧, ગાથા-૮૪, પ્રવચન નં. ૭૬ (હિન્દી)**

નિયમસાર, ૮૩ ગાથામાં આધાર આપે છે. સમયસારનો શ્લોક છે.

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः ।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति ॥**

પદ્મપ્રભમલધારિદેવ ૮૩મી ગાથાની ટીકા કરતા અમૃતચંદ્રાચાર્યનો આધાર આપે છે. **શ્લોકાર્થ : અધિક કહનેસે...** ક્યા વિશેષ કહના? **તથા અધિક દુર્વિકલ્પોંસે...** વિકલ્પ (એટલે) અનેક પ્રકારના ભેદની વાત કરવી આદિ. દુર્વિકલ્પસે ભી **અલમ્..** બસ થાઓ.. બસ થાઓ. **અધિક કહનેસે તથા અધિક દુર્વિકલ્પોંસે બસ હોઓ...** વિમુખ હો. ઇતના વાણીકા વિલાસ હોના ઔર વિકલ્પસે અનેક પ્રકાર જાનના ઔર વિકલ્પસે કહના—વહ સબ દુર્વિકલ્પ હૈ. આહાહા! ઇસસે બસ હોઓ. ...મેં પૂર્ણ હો ઔર વિકલ્પસે અબ બંધ હોઓ, ઐસા કહતે હૈં. **યહાં ઇતના હી કહના હૈ...** સારા બાર અંગ ને ચૌદ પૂર્વકા સાર યહાં ઇતના હી કહના હૈ **કિ ઇસ પરમ અર્થકા એકકા હી નિરંતર અનુભવન કરો...** લ્યો. પરમ અર્થ નામ પદાર્થ, ભગવાન પરમ અર્થ–પદાર્થ, પૂર્ણાનંદ, અનંત બેહદ જ્ઞાનપુંજ પ્રભુ ઐસા જો અપના અર્થ, અર્થ નામ પદાર્થ.

**પરમ અર્થકા એકકા હી...** પરમ પદાર્થ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ઐસા અપના **પરમ અર્થ એકકા હી...** લો, યે તો એકાંત હો જાતા હૈ. 'હી' આતા હૈ ન? જૈનદર્શનમેં 'હી' તો નહીં હૈ, ઐસે કહતે હૈં કિતને. યે તો 'હી'. ભગવાન પૂર્ણસ્વરૂપ શાશ્વત તેરી ચીજ હૈ ઉસકા **એકકા હી નિરંતર...** આહાહા! ભાષા તો દેખો! અંતર પડે બિના નિરંતર ભગવાનસ્વરૂપ પરમાત્મા અપના નિજસ્વરૂપકા હી અનુભવ કરો. સમજમેં આયા? અપની નિજ ચીજ અખંડ પૂર્ણ આનંદ ધ્રુવ ચીજ ઐસે પરમ પદાર્થકા એકકા હી... એકકા હી, દૂસરા નહીં. સમજમેં આયા? **અનુભવન કરો.** ભગવાન આનંદસ્વરૂપકા અનુભવ કરો યે માર્ગ હૈ. સમજમેં આયા? બાકી બીચમેં ઐસા વિકલ્પ ક્રિયાકાંડ આદિકા હો વહ માર્ગ નહીં. આહાહા! પ્રભુ ચૈતન્યસ્વરૂપ અનંત-અનંત શાંતરસ આદિ ગુણકી ખાનિ ઐસે ભગવાન સન્મુખ હોકર, એકકે હી સન્મુખ હોકર નિરંતર... આહાહા! (એક) સમયકા અંતર–વિઘ્ન પડે બિના નિરંતર અનુભવન કરો. લ્યો યે મોક્ષમાર્ગ હૈ.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

.... શરીરકી ક્રિયા કે દેવ-ગુરુકી તરફકે વિકલ્પકી શ્રદ્ધા કિ શાસ્ત્રકા પઢના–ભણતરકી શ્રદ્ધા—વહ સબ મોક્ષમાર્ગ નહીં, યે ક્રિયાજાલ રાગકી જાલ હૈ. ભગવાન અપના નિજસ્વરૂપ વીતરાગબિંબ જિનસ્વરૂપ... બિંબ જિનસ્વરૂપ હી અપના સ્વરૂપ હૈ. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ..' રાગાદિ વિકલ્પ યે તો કર્મ હૈ, આત્મા નહીં. આહાહા! સમજમેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ, શ્રદ્ધા, પંચમહાવ્રતકે પરિણામ—યે સબ રાગ હૈ. યે આત્મા નહીં, યે તો અણાત્મા હૈ. બહિરાત્મા ઇસકો ધર્મ માનતા હૈ. અપનેમેં નહીં ઐસી ચીજકો અપના ધર્મ માનના વહી બહિરાત્મબુદ્ધિ હૈ, અંતર બુદ્ધિ નહીં ભગવાન! આહાહા! અપના સ્વભાવ જ્ઞાયક ને આનંદ ઉસમેં તો વિકલ્પકા અવકાશ હી નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, પંચમહાવ્રત, ક્રિયાકાંડ, વ્રત ને તપ—ઐસે વિકલ્પ વહ તો અપનેમેં હૈં હી નહીં. એક હી ભગવાન આત્મા એક સિવા દૂસરે વિકલ્પ હૈં વે સબ નિરર્થક હૈં. કહતે હૈં ન કિ વ્યવહારસે નિશ્ચય હોતા હૈ, વ્યવહાર લાભદાયક હૈ. યહાં તો ઉડા દિયા વ્યવહાર. લાભદાયી નહીં, નિરર્થક હૈ. આહા! અપને નિજ પ્રયોજનકે કારણમેં વ્યવહારકા વિકલ્પ બિલકુલ નિરર્થક હૈ. સમજમેં આયા?

**પરમ અર્થકા**... અપના પરમ અર્થ હોં. પરમ પદાર્થ ભગવાન પૂર્ણાનંદકા નાથ, અતીન્દ્રિય આનંદકા નાથ આત્મા ઉસકા એકકા હી... અનેરે પરદ્રવ્યકો છોડ દે. આહાહા! શ્રીમદ્મેં ભી આતા હૈ, 'સ્વદ્રવ્યકી રક્ષા ત્વરાસે કરો.' ઐસા શ્રીમદ્મેં આતા હૈ. 'સ્વદ્રવ્યકી રક્ષા ત્વરાસે કરો, સ્વદ્રવ્યમેં વ્યાપક ત્વરાસે હો.' અપની ચીજ..... વહાં તો, દેવ-ગુરુકી ભક્તિસે તુજે કલ્યાણ હોગા ઐસા તો આયા નહીં. સમજમેં આયા? આ વાત અંતરમાં બેસવી (કઠણ). પહલે તો યે બાત શ્રદ્ધામેં જચના (કઠિન). ચીજ અખંડપ્રભુ હૈ ઉસકે આશ્રયસે જો ધર્મ હોતા હૈ ઉસકા નામ અનુભવ ને કલ્યાણકા માર્ગ કહનેમેં આતા હૈ. આહાહા! બાકી સબ પઢના ને લિખના ને ક્રિયાકાંડમેં રૂકના વહ સબ ક્રિયા વ્યર્થ હૈ. આહાહા! સમજમેં આયા? પઢના, પઢાના, સુનના ને સુનાના.. (શ્રોતાઃ કથંચિત સત્યાર્થ હૈ). નહીં. વહ વિકલ્પ બિલકુલ દુર્વિકલ્પ હૈ, નિરર્થક હૈ. ઐસા હૈ. આહાહા!

ઐસા **એકકા હી**... દેખો! **નિરંતર**... બીચમેં પરકા આશ્રય બિલકુલ નહીં. વ્યવહારકા બીચમેં થોડા વિશ્રામ આ જાયે, પીછે નિશ્ચયમેં સ્થિર હોતા હૈ ઐસી ચીજ હૈ નહીં. આહાહા! ભારે કામ આકરું. કિતને કહતે હૈં, નિશ્ચયમેં જાતે હૈં, પણ ઉસમેં ન રહ સકે તો વિકલ્પમેં આનેસે ઉસસે વિશ્રામ મિલતા હૈ થોડા. વ્યવહારમેં રહનેસે શક્તિ મિલે તો અંતર ઘૂસ જાના. ઐસા કહતે હૈં. 'લાખ બાતકી બાત, નિશ્ચય ઉર આણો..' ભગવાન! ઐસા વિશ્વાસ તો પહલે કરે પર લક્ષ છોડકર. મૈં પરિપૂર્ણ પરમાત્મા હૂં, મેરેમેં કમી ... નહીં, વિપરીતતા બિલકુલ નહીં, કમી બિલકુલ નહીં. સમજમેં આયા? અહો! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસે ઉલ્લસિત–સ્ફૂરાયમાન તત્ત્વ અંદર પડા હૈ. ઉસકા નિરંતર–અંતર પડે બિના... આહાહા! ક્યા કહતે હૈં?

**અનુભવન કરો**. ભગવાન આત્મા પૂર્ણાનંદ તરફકા ઝુકાવ કરકે ઉસકા અનુભવ કરો. દૂસરા ઝુકાવ છોડ દે પ્રભુ! એમ કહતે હૈં. દૂસરે તરફકા ઝુકાવ વહ તેરે હિતમેં નહીં. સમજમેં આયા?

ચાહે તો પંચમહાવ્રતકી ક્રિયા, ભક્તિ, પૂજા ને પ્રતિષ્ઠા ને પાઠ બોલનેકા વિકલ્પ—સબ તેરે હિતમેં સહાયક નહીં, એમ કહતે હૈ. આહાહા! ભગવાન... ભગવાન કહકર બુલાયા હૈં ૭૨ ગાથામેં. ૭૨ ગાથા હૈ ન ઇસમેં–સમયસારમેં. પુણ્ય-પાપકા ભાવ અશુચિ હૈ, મૈલ હૈ, અપવિત્ર હૈ. 'ભગવાન આત્મા' ઐસે કહા હૈ અશુચિકે સામને. મહાવ્રતકા પરિણામ, ભગવાનકી ભક્તિકા ભાવ અશુચિ હૈ, મૈલ હૈ ઔર ભગવાન આત્મા ઉસસે ભિન્ન હૈ, ઐસા કહા હૈ ટીકામેં હોં. 'ભગવાન આત્મા' અમૃતચંદ્રાચાર્યકે કરુણાકા શબ્દ તો જુઓ! ભગવાન આત્મા સદા અતિ નિર્મલ હોનેસે અતિ ઉજ્જ્વલ હૈ. સમજમેં આયા? કેમ વાત બેસે? નંદકિશોરજી! આહાહા! ભગવાન આત્મા અતિ સદા.. સદા અતિ નિર્મલ ઐસા... નિર્મલ હૈ, અતિ નિર્મલાનંદ ભગવાન હૈ. નિર્મલ આનંદાદિ ગુણસે ભરા પડા હૈ. આહાહા! પ્રભુ! ઉસકે સન્મુખ હોકર અનુભવ કર. કરના હો તો યે હૈ. બાકી સબ છોડના. આહાહા! સમજમેં આયા?

**ક્યોંકિ નિજ રસકે વિસ્તારસે પૂર્ણ જો જ્ઞાન...** આહાહા! અંતરમેં પૂર્ણ જ્ઞાન જો નિજરસકી શક્તિસે ભરા હૈ **ઉસકે સ્ફુરાયમાન હોનેમાત્ર...** અંતરમેં–પૂર્ણાનંદમેં એકાગ્ર હોનેસે જ્ઞાનકા પૂર્ણ ભાવ પ્રગટ હોતા હૈ. શાંતિ ને આનંદકી સ્ફુરણા હોતી હૈ. ઐસી સ્ફૂરણામેં સ્નાન કરો કિ જિસસે સારા સંસાર ધોઈ... ક્યા કહતે હૈં? ધો ડાલે. વહ આયા થા ન? 'શમજલમેં' નહીં આયા થા? **શમજલનિધિપૂરસે પાપકલંકકો ધો કર...** આહાહા! **નિજ રસકે વિસ્તારસે**... ભગવાન અપની નિજ શક્તિ... અપને નિજ રસકી શક્તિકે વિસ્તારસે પૂર્ણ હૈ ઐસા જ્ઞાન, **ઉસકે સ્ફુરાયમાન હોનેમાત્ર**... સમયસાર પરમાત્મા પૂર્ણ પરમાત્મા ધ્યેય ઐસા આત્મા અથવા ઐસે આત્માકે અનુભવમેં જો જ્ઞાનકી સ્ફુરણા હોતી હૈ, આનંદકી સ્ફુરણા હોતી હૈ... આહાહા! સમજમેં આયા?

**ઉસસે ઊંચા વાસ્તવમેં અન્ય કુછ ભી નહીં હૈ**... ચાહે તો ભગવાનકી ભક્તિ, તીન લોકકે નાથકા સ્મરણ હો, પણ યે ચીજસે કોઈ ઊંચી ચીજ નહીં. સમજમેં આયા? અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત થે, વનવાસી થે. મુનિયોં તો વનમેં રહતે થે. સિદ્ધમેં અકેલે રહના હૈ ન. અકેલે સિદ્ધમેં રહના હૈ. સાથમેં દૂસરા સિદ્ધ હો (તો ભી) ઉસકે સાથ સંબંધ નહીં. સિદ્ધ ભગવાન વહાં અકેલે બિરાજતે હૈં ન. એકલા સિદ્ધ... અરે! સિદ્ધ જહાં રહતે હૈં વહાં એક ક્ષેત્રમેં અનંત દૂસરેં સિદ્ધ હૈં. ફિર ભી એકસે દૂસરેકા કોઈ સંબંધ નહીં. અકેલા રહના હૈ તો અભી અકેલે(પન)કા અભ્યાસ કર ન! સમજમેં આયા?

ભગવાન! તું અકેલા હૈ વનવાસમેં. સંતો અકેલે આત્મામેં મોજ કરતે થે. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચૌથે ને પાંચવેંમેં ભી ગૃહસ્થાશ્રમમેં હોતે (હુએ ભી)... આતા હૈ

ઉસમેં યોગસાર. યોગસાર હૈ ન, અમિતગતિ આચાર્ય. અપને સ્વાધ્યાયમેં આયા થા. ૧૮ ગાથા ને ૬૫ ગાથા—દોનોં ગાથામેં. ગૃહસ્થાશ્રમમેં ગૃહસ્થકે કામ કરતે (હુએ ભી અર્થાત્) વિકલ્પ આતે (હુએ ભી) અંતરમેં મગ્ન ઉદાસીન હૈ. સમજમેં આયા? યોગસારમેં હૈ. હેયાહેયનું જ્ઞાન, એ અઢારમી ગાથા. ગૃહકામ કરતા છતાં હેયાહેયનું જ્ઞાન છે. બધું યાદ રહે છે કાંઈ? ..... સમજમેં આયા? ઔર ૬૫ ગાથામેં હૈ. કહતે હૈં કિ ગૃહસ્થાશ્રમમેં ઐસા ધર્મ નહીં હોતા, મુનિકો હોતા હૈ. શુદ્ધોપયોગ ને શુદ્ધકા ધ્યાન ગૃહસ્થાશ્રમમેં નહીં હોતા, એમ કહતે હૈં.

યહાં કહતે હૈં કિ ગૃહસ્થાશ્રમ કહાં અંદરમેં ઘુસ ગયા હૈ? વિકલ્પ ગૃહસ્થાશ્રમકા ઔર વેષ દેહકા ઉસને કહાં અંદરમેં પ્રવેશ કિયા હૈ? સમજમેં આયા? ઐસા પૂર્ણાનંદકા નાથ પરસે તદ્દન નિરાલા હૈ, ગૃહસ્થાશ્રમમેં હોતે (હુએ ભી) ગૃહસ્થાશ્રમમેં હી નહીં. (શ્રોતાઃ સમંતભદ્રાચાર્યને ભી કહા હૈ, ગૃહસ્થો મોક્ષમાર્ગ.....) .... ભલે પૂર્ણ ચારિત્રકી દશા ન હો, (ફિર ભી) વહ મોક્ષમાર્ગમેં હૈ. અણગારો મોહો .... નિર્મોહો મોહી મુનિ... રાગસે કલ્યાણ માનનેવાલા, મુજે દૂસરેકી કુછ સહાય હો તો મૈં કામ કર સકૂં, અકેલા ઉપાદાન તો નપુંસક હૈ—ઐસા માનનેવાલા.... ભગવાન! નપુંસક તો ભગવાન ઇસકો કહતે હૈ કિ વ્યવહારકે રાગકી રચના કરે વહ નપુંસક હૈ. વ્યવહાર વિકલ્પ હૈ ન શુભ. ઉસકી રચના કરે વહ નપુંસક હૈ ઔર વહ મેરી ચીજ હૈ ઐસા માનતા હૈ તો નપુંસકમેં નપુંસક હૈ. આહાહા! સમજમેં આયા? યે દૃષ્ટિમેં લિખા હૈ–સોગાનીજીકે દ્રવ્યદૃષ્ટિમેં આયા હૈ..

રાગાદિકા ઉત્પન્ન હોના વહ નપુંસકતા હૈ. ક્યોંકિ અપના સ્વરૂપ જો શુદ્ધ આનંદકંદ હૈ ઉસમેં જો વીર્ય પડા હૈ અનંત બલ, ઉસ વીર્યકા કાર્ય તો સ્વરૂપકી રચના કરના વહ વીર્યકા કાર્ય હૈ. ૪૭ શક્તિયાં હૈં ન. જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દૃશિ, જ્ઞાન, સુખ ને વીર્ય. છઠવાં બોલ હૈ. વીર્ય નામ અનંત આત્મામેં જો શક્તિ વીર્ય નામ બલ હૈ, વહ બલ ગુણ હૈ તો ગુણકા કાર્ય હોના ચાહિયે ન. ગુણકા કાર્ય તો અપની શુદ્ધ આનંદકંદાદિકી રચના કરે વહ વીર્ય કહનેમેં આતા હૈ. આહાહા! ભગવાન.. ભગવાન.. શરીર, મકાન આદિકી પરકી તો રચના કર સકે નહીં. અંદરમેં શુભરાગકી રચના કરે યે સ્વવીર્ય નહીં. સમજમેં આયા? ઔર રચના કરકે અપના માનના, આહાહા! વહ તો મિથ્યાત્વભાવરૂપી નપુંસક હૈ. સમજમેં આયા?

ધર્મીજીવકો ભી શુભ આતા હૈ ઇતની નપુંસકતા હૈ. સમજમેં આયા? પણ રાગકી રચના મેરે કલ્યાણકા કારણ હૈ ઐસી માન્યતા નપુંસકમેં નપુંસક મિથ્યાદૃષ્ટિકી હૈ. આહાહા! ભગવાનકા ભેટા કરનેકી બાત હૈ ભગવાન! સમજમેં આયા? યે ભાવ ભી નપુંસકતા હૈ. આહાહા! સંતોની વાણી.... પંચમહાવ્રતકે રાગકી રચના નપુંસકતા હૈ. ગજબ બાત હૈ! ઔર પીછે ઉસકો સાધન કહના. સમજમેં આયા? યહાં તો, સમયસાર અપને રસકે વિસ્તારસે પૂર્ણ જ્ઞાન.. ઓહો! **ઉસકે સ્ફૂરાયમાન હોનેમાત્ર**... ત્રિકાલી સ્ફુરાયમાન હૈ ઉસકા આશ્રય લેતા હૈ,

અનુભવ કરતા હૈ, (તો) પર્યાયમેં ભી સ્ફુરાયમાન આત્મા હૈ. રાગકી ઉત્પત્તિમેં જો સ્ફુરાયમાન થા ઉસસે છૂટકર આનંદકી ઉત્પત્તિમેં સ્ફુરાયમાન હૈ. ઇસકા નામ યહાં મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ... મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા?

**ઉસસે ઊંચા વાસ્તવમેં...** ઉસસે ઊંચા ખરેખર **અન્ય કુછ ભી નહીં હૈ. (સમયસારકે અતિરિક્ત અન્ય કુછ ભી સારભૂત નહીં હૈ).** કોઈ ઉસસે ઊંચા નહીં. જિસસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી સ્વભાવકે અનુભવસે ઊંચા નહીં. આહાહા! ભારે માર્ગ ભાઈ વીતરાગનો! વળી બીજે ઠેકાણે એવું આવે કે તીર્થંકરપ્રકૃતિ બંધે, પરંપરા મોક્ષ હોગા. લ્યો, ઐસા ભી આયા હૈ. ટીકામેં ઐસા આતા હૈ. વહ તો (જો રાગ) હૈ વહ છૂટ જાયેગા સ્વભાવકી સ્થિરતામેં, ઉસ અપેક્ષાસે પરંપરા કહનેમેં આતા હૈ. તીર્થંકરપ્રકૃતિસે મુક્તિ હોતી હૈ? વહ તો જડ હૈ, નામકર્મકા પ્રકૃત્તિ ભાગ હૈ. ઉસસે તો સંયોગ મિલતા હૈ સમવસરણાદિ. યે કહાં આત્માકી ચીજ હૈ? સમજમેં આયા?

યહાં તો કહતે હૈં, અપના નિજાનંદ પ્રભુ ઉસકે ધ્યેય સિવા દૂસરા (કુછ) ઊંચા નહીં ઔર ઉસકે ધ્યેયમેં જો અનુભવ હુઆ ઉસસે દૂસરી કોઈ ઊંચી ચીજ હૈ નહીં. આહાહા! અન્ય કુછ ભી નહીં ઐસા લેતે હૈં, દેખો! યે સાર હૈ અને અન્ય કુછ ભી સાર નહીં, એમ કહતે હૈં. આહાહા! કહો, મનુભાઇ! આ બધા રાડ્યું પાડે છે કે સોનગઢ લોપ કરતા હૈ. સોનગઢકી કહાં બાત હૈ? ભગવાનકી બાત હૈ કિ સોનગઢકી? આહાહા! તુજે ખબર નહીં પ્રભુ! તેરા ઊંચા ઘર હૈ. સમજમેં આયા? સંસારમેં ઊંચા ઘર હો બડે ગૃહસ્થકા, કરોડપતિ દો કરોડ, પાંચ કરોડકા ઊંચા, બડા ઘર હો. ...નીચા ઘર હૈ, હમારા બડા ઘર હૈ. હમારા ... બડા ઘર હૈ એમ કહતે હૈં ન? અનંતી-અનંતી નિર્મલ પર્યાયમેં બડા ઘર હૈ તો હમારી ધ્રુવ ચીજ હૈ. ઔર ઉસસે આગે જાઓ તો ઉસકા અનુભવ કરના, રાગાદિમેં કુછ ભી નહીં, યે અનુભવ હી મોક્ષમાર્ગ હૈ. દૂસરા કોઈ મોક્ષમાર્ગ હૈ નહીં. આહાહા!

**(સમયસારસે અતિરિક્ત અન્ય કુછ ભી સારભૂત નહીં).** આહાહા! ભારે કામ ભાઈ! એવી વાત સાંભળીને (એક જણે) આગ્રામાં કહ્યું. એક પંડિત થા. ખડા હો ગયા. ખડે હોકર બોલા, બડી આનંદકી બાત હૈ, કરના-ધરના કુછ નહીં. ભગવાન! તુજે ક્યા કરના હૈ? ક્યા દેહકી ક્રિયા, જડકી ક્રિયા, પરકી ક્રિયા કર સકતા હૈ? રાગકી ક્રિયા વહ તો નપુંસકતા હૈ. આહાહા! વીતરાગમાર્ગમેં રાગકી ક્રિયાકી કોઈ કિંમત હૈ નહીં. સમજમેં આયા? અશુભસે બચનેકો વહ ભાવ આવે, હો, (પણ) કિંમત કુછ નહીં. સમજમેં આયા? ભગવાન એમ કહતે હૈં, હમારી ભક્તિમેં જો તુજે ભાવ આતા હૈ, ઉસકી કોઈ કિંમત નહીં. ધર્મમેં કોઈ કિંમત નહીં એમ કહતે હૈં. ભગવાન એમ કહતે હૈં. નંદકિશોરજી! આહાહા!

**ઔર (ઇસ ૮૩વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં) :** વહ તો સમયસારકે શ્લોકકા આધાર દિયા.

**अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य ।**
**आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन् ॥ १११ ॥**

આહાહા! **શ્લોકાર્થ : અતિ તીવ્ર મોહકી ઉત્પત્તિસે જો પૂર્વમેં ઉપાર્જિત (કર્મ)...** રાગાદિભાવસે ઉત્પન્ન હુએ જો કર્મ, ઉસકા પ્રતિક્રમણ કરકે... વે મેરેમેં હૈ નહીં, મૈંને કિયે હી નહીં. આહાહા! ઐસા આત્મા હલકા.. હલકા.. રાગકે બોજસે ભિન્ન... રાગકા બોજ હૈ. કહતે હૈં, ઉસકા પ્રતિક્રમણ કરકે મૈં બોજસે નિકલ ગયા હૂં. સમજમેં આયા? **અતિ તીવ્ર મોહકી ઉત્પત્તિસે...** ભગવાન આત્માકે સ્વભાવસે નહીં. મોહકી ઉત્પત્તિસે **જો પૂર્વમેં ઉપાર્જિત કર્મ ઉસકા પ્રતિક્રમણ કરકે** (અર્થાત્) ઉસસે મૈં હટ જાતા હૂં, મૈં ઉસસે હટ ગયા હૂં, શુભ-અશુભભાવસે મૈં હટ ગયા હૂં. આહાહા! મેરા નિજાનંદ ઘર ઉસમેં મૈં આ ગયા હૂં ઔર વિકલ્પસે મૈં હટ ગયા હૂં, એમ કહતે હૈં. સમજમેં આયા? ઉસકા નામ પ્રતિક્રમણ હૈ.

તેરી ચીજકી મહિમાકી ખબર નહીં. મૃગકી નાભિમેં કસ્તૂરી હૈ, (પર) કિંમત નહીં, મૃગકો કિંમત નહીં. ઐસે ભગવાન આત્માકે અંદરમેં પૂર્ણાનંદ(રૂપ) અપની કસ્તૂરી ભરી હૈ. પણ રાગકી મહિમા કરનેવાલેકો વહ કસ્તૂરીકી ખબર પડતી નહીં. સમજમેં આયા? નિર્જરા અધિકાર (ગાથઆ ૨૦૯)મેં તો ઐસા આતા હૈ, સંયોગી ચીજ ચાહે તો બંગલા ને સ્ત્રી-કુટુંબ-પૈસાકી પેટી ભરી હો, સમકિતી કહતે હૈં, छिज्जदु, भिज्जदु—ચાહે તો છેદાઈ જાઓ, ભેદાઈ જાઓ અથવા કોઈ લઈ જાઓ, મેરા ઉસકે સાથ કોઈ સંબંધ હૈ નહીં. સમજમેં આયા? મેરી ચીજકો છેદનેવાલા કોઈ દૂસરા હૈ નહીં. મૈં રાગ કરકે છેદતા થા અપની ચીજકો, વહ મૈંને છોડ દિયા. જુગરાજજી! લ્યો, આ પ્રતિક્રમણ. આ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ બહોત કિયા હોગા. .... (શ્રોતાઃ રાગસે વાપસ લૌટના..) વાપસ લૌટતા હૈ. આહાહા! પરકે લક્ષસે ઉત્પન્ન હોનેવાલા વિકાર થા, સ્વભાવકા આશ્રય મૈંને લિયા તો ઉસસે મૈં હટ ગયા, વહ મિટ ગયા. આહાહા! યે મેરા પ્રતિક્રમણ હૈ. સમજમેં આયા? વહી મોક્ષકા માર્ગ હૈ.

**મૈં સદ્‌બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ)...** અબ જો ગાથા હૈ ન. પૂર્વોપાર્જિત શુભાશુભ વિકલ્પ આદિ હો, ઐસા કર્મ ઉસસે હટકર **મૈં સદ્‌બોધાત્મક...** કૈસા હૂં મૈં? સદ્‌બોધાત્મક–સદ્જ્ઞાનસ્વરૂપ... આહાહા! સમ્યગ્જ્ઞાનસ્વરૂપ... મૈં તો સત્ સમ્યગ્જ્ઞાનસ્વરૂપ હી હૂં. ત્રિકાલ સમ્યગ્જ્ઞાનકા ઢેર, સમ્યગ્જ્ઞાનકા દલ, સમ્યગ્જ્ઞાનકા પૂંજ મૈં તો હૂં. ઐસે પ્રભુકો પામર .... કલંક લગતા હૈ, કહતે હૈં. સમજમેં આયા? શુભભાવમેં આત્માકો રાજી કર દે, (વહ) નપુંસકતા હૈ, યે આત્મતા નહીં. આહાહા! તેરી ચીજમેં સદ્‌બોધસ્વરૂપ તુમ હો. સદ્‌બોધસ્વરૂપ–સમ્યગ્જ્ઞાન-સ્વરૂપ, ત્રિકાલ સમ્યગ્જ્ઞાનપુંજ.. ઐસા આત્મા... ઐસા યહ આત્મા... અકેલા સદ્‌બોધસ્વરૂપ–

સમ્યગ્જ્ઞાનસ્વરૂપ, ત્રિકાલસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ ઐસા યહ આત્મા. **ઐસે ઉસ આત્મામેં આત્માસે નિત્ય વર્તતા હૂં.** ઐસે આત્મામેં આત્માસે (અર્થાત્) વીતરાગી પર્યાયસે, યૂં. ઐસે આત્મામેં વીતરાગી પર્યાયસે... આત્માસે અર્થાત્ વહ (પર્યાય). નિત્ય વર્તતા હૂં. મૈં મેરે સ્વરૂપમેં નિત્ય વર્તતા હૂં. આહાહા! વહી પ્રતિક્રમણ હૈ.

નિશ્ચયકી બાત લોગોંકો ઐસી લગે કિ યે તો નિશ્ચયકી બાત હૈ, વહ તો ઉપર(કે ગુણસ્થાનમેં) હો, તેરહવેં ગુણસ્થાનમેં હો, કેવલી ભગવાનકો હો. આહાહા! ભગવાન! કેવલી પર્યાય તો કહાં રહી. ઐસી અનંત પર્યાયકા પિંડ તેરા પ્રભુ હૈ ન. તેરેમેં ક્યા કમી હૈ, ક્યા કચાશ હૈ, ક્યા અપૂર્ણતા હૈ, ક્યા વિપરીતતા હૈ? ઐસી ચીજ ભગવાન આનંદકા નાથ અતીન્દ્રિય આનંદસે ઝૂલ રહા હૈ અંદરમેં. ઉસ તરફ ઝુકનેસે મૈં મેરી પર્યાયસે આત્મામેં રહતા હૂં, એમ કહતે હૈં. રાગસે રહતા હૂં, પુણ્યસે રહતા હૂં વહ છૂટ જાતા હૈ. આહાહા! સમજમેં આયા? દો શબ્દ હૈ ન. આત્મામેં, આત્માસે. સદ્બોધસ્વરૂપ–સમ્યગ્જ્ઞાનસ્વરૂપ ઐસા મેરા આત્મા હૈ. તો આત્માસે–વીતરાગીપર્યાયસે મૈં ઉસમેં નિત્ય વર્તતા હૂં. લ્યો, યે ચોબીસોં ઘંટેકા પ્રતિક્રમણ. યે સાંજ-સવાર કરતે હૈ ન? વહ વ્યવહાર વિકલ્પ હૈ.

યે તો 'નિત્ય વર્તતા હૂં'. ઓહોહો! મેરી ચીજ સમ્યગ્બોધસ્વરૂપ ઉસમેં મૈં અપની વીતરાગી નિર્મલ પર્યાય જો સ્વદ્રવ્યકે આશ્રયસે હુઈ, ઐસે નિત્યમેં વર્તતા હૂં. યે પરમાર્થ પ્રતિક્રમણ હૈ. યે સંસારકા સચ્ચા પ્રતિક્રમણ કિયા. સંસારકા પ્રતિક્રમણ કિયા. સમજમેં આયા? સંસાર જો ઉદયભાવ ઉસસે હટ ગયા, વહ સંસારકા પ્રતિક્રમણ કર દિયા. ઉસને સંસાર છોડ દિયા, ઉસકા નામ સંસાર છોડ દિયા હોં. બાયડી-છોકરા છોડીને દીક્ષા લે એ સંસાર છોડ્યો (કહેવાય). એ સંસાર નહીં. સમજમેં આયા? તેરા સંસાર તેરી પર્યાયમેં રહતા હૈ, તેરા સંસાર બાહરમેં નહીં. ઇસ સંસારકા મૈંને પ્રતિક્રમણ કિયા, કહતે હૈં. આહાહા! મેરા સિદ્ધસ્વરૂપ આત્મા ઉસમેં મેરી વીતરાગપર્યાયસે વર્તનેવાલા મુજે સંસારકા પ્રતિક્રમણ હૈ. સમજમેં આયા?

ઐસે જીવકો શંકા પડતી હૈ કિ મુજે ભવ હોંગે, કહાં જાઉંગા? ભવ હૈ નહીં, ભવકા ભાવ મેરેમેં હૈ નહીં. મેરેમેં હૈ તો ભવકે અભાવ રહિત સ્વભાવભાવ હૈ. આહાહા! સમજમેં આયા? ભવકી શંકા હૈ કિ કહાં અવતાર હોગા, કિતને ભવ હોંગે, કહાં જાયે? દેખે અંદરમેં, વહાં ભવ નહીં. કહાં જાય ને કહાંસે હટે? હટ ગયા વિકલ્પસે. સમજમેં આયા? માર્ગ બહુ આકરો છે, ભાઈ! અભ્યાસ બિના. અભ્યાસસે સરલ અને સહજ હૈ. સમજમેં આયા? કઠિન પડતા હૈ, ભાઈ કહતે થે. નિર્મલકુમારજી! બાત મીઠી લગતી હૈ નિર્મલકુમારકો. એ નિર્મલજી! બાત સુનકર મીઠી લગતી હૈ. જરી અંદરમાં બેસવી કઠણ છે. યે તો અભ્યાસ કરે તો સબ બૈઠ જાય ભાઈ! કઠિન હૈ. અંતરકી ચીજ હૈ. હમકો ... હૈ, મીઠી લગતી હૈ, એમ કહતે હૈં. આ નિર્મળભાઈ છેને. આવ્યા છેને ખેરાગઢથી. જોડે એના પિતાજી, દાદા આવ્યા છે. આહાહા!

નિર્મળાનંદ પ્રભુ ઉસમેં લગની લગી, ક્યોં ન રહે ઉસમેં? ભલે ગૃહસ્થાશ્રમ બાહરમેં દિખે. અંદરમેં ભગવાન આત્મા તો આત્મામેં હૈ, રાગમેં નહીં, પરમેં તો હૈ નહીં. આહાહા! ભગવાન! યે ચીજ ઐસી હૈ ન. વસ્તુ ઐસી હૈ ન પ્રભુ! દેખો! ન્યાયસે, લોજીકસે, યુક્તિસે, શાસ્ત્રસે, પીછે અનુભવસે... જો કુછ વિકલ્પ ને રાગ હો વહ તો સંસાર હૈ, વહ ભવકા કારણ હૈ. વહ પ્રતિક્રમણ હૈ? જિસમેં ભવ નહીં, ભવકા ભાવ જિસમેં નહીં—ઐસી ચીજમેં જબ આ ગયા તો સંસારસે હટ ગયા, તો પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. આહાહા! હમ સંસારીજીવકો ક્યા કરના, એમ કહતે હૈં. હમ તો સંસારી... ભગવાન! સંસારી તુમ હો હી નહીં. હમ સંસારી હૈં, હમારે ક્યા કરના? મુનિકો તો .... કહતે હૈં. યહાં તો પરમાત્મા કહતે હૈં ઔર ઐસા હી હૈ. સંસાર શબ્દે વિકલ્પ-રાગ વહ તેરા નહીં ને રાગમેં આત્મા નહીં. તો આત્મા સંસારી હૈ યે બાત સચ્ચી નહીં. સમજમેં આયા? આહાહા!

**આત્માસે નિત્ય વર્તતા હૂં.** લ્યો. ૮૩. નિત્ય વર્તતા હૂં, દેખો! પુરુષાર્થસે હોં. કર્મ મંદ હો તો મૈં વર્તતા હૂં ઐસા નહીં. મૈં તો મેરે પુરુષાર્થસે મેરે ભગવાનમેં અપનેસે વર્તતા હૂં. આહાહા! સંતોકી કથની બાત બતાનેકા વાચક... વાચક હૈં ન શબ્દ? અંદરકે ભાવ બતાનેકી બાત હૈ, વાચક વાચ્યકો બતાતા હૈ. સમજમેં આયા? આહાહા! આઠ વર્ષની બાલિકા હો, લગ્ન હજી થયા ન હો, પણ રાગસે હટકર સમ્યગ્દર્શનમેં આયી, અંતર સ્વભાવમેં આયી તો ઉસકો ભી નિત્ય સચ્ચા પ્રતિક્રમણ હો ગયા. મિથ્યાત્વકા પ્રતિક્રમણ હો ગયા. સમજમેં આયા? વાત તે કાંઈ વાત! પીછે કદાચિત્ લગ્ન ભી કરે, તો ભી લગ્નકે વિકલ્પસે ભી અંતર દૂર હૈ. સમજમેં આયા? આહાહા! ત્રણ લોકના નાથના જ્યાં ઘરે આવ્યા, ઉસકો ક્યા કમી હો? વિકલ્પ હો તો ભી સમકિતી તો ઉસસે ભિન્ન વર્તતા હૈ. સમજમેં આયા? વિકલ્પ હો, પણ ભગવાન નિર્વિકલ્પ આનંદકે આશ્રયમેં પડા હૈ, તો પરસે ભિન્ન હી વર્તતા હૈ. વિકલ્પમેં આતા હી નહીં આત્મા. અણાત્મામેં આત્મા આવે? આહાહા! સમજમેં આયા? ૮૩ ગાથા હુઈ. હવે ૮૪.

**आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८४॥**
**છોડે સમસ્ત વિરાધના આરાધનારત જો રહે,**
**પ્રતિક્રમણમયતા હેતુસે પ્રતિક્રમણ ઉસકો હી કહેં. ૮૪.**

પરમાર્થકે જાનનેવાલે સંત ઉસકો પ્રતિક્રમણ કહતે હૈં. **ટીકા : યહાં આત્માકી આરાધનામેં વર્તતે હુએ...** લ્યો, આત્માકી આરાધના... આગે આયેગા ટીકામેં. વર્તતે હુએ, અપના શુદ્ધ આનંદસ્વરૂપમેં વર્તતે હુએ... આરાધના–અપની પ્રસન્નતા. આત્માકા આનંદ પ્રગટ હુઆ તો અપની પ્રસન્નતા પ્રગટ હુઈ. યે અપની પ્રસન્નતા હૈ. નીચે હૈ. **રાધ–આરાધના...** વહ સમયસારકી ગાથા હૈ. નીચે આયેગા. **આત્માકી આરાધનામેં વર્તતે હુએ**... આત્મા શુદ્ધ

આનંદમેં પ્રસન્નતાસે વર્તતે હુએ... વહાં કુછ ખેદ હૈ? આત્મામેં વર્તના વહાં પ્રસન્નતા–આનંદ હૈ, ખેદ નહીં. આહાહા! કોઈ કહે છે કે આહા... ચારિત્ર તો વેળુના કોળિયા છે ભાઈ! વેળુ. વેળુ કહતે હૈં? બાલુ. અરે ભગવાન! ક્યા કહતે હો તુમ? ચારિત્રકો તુમ ઇતના કષ્ટદાયક તુમ માનતે હો? આનંદકા નૂર, પૂર ઉસકો તુમ કષ્ટદાયક કહતે હો? આહાહા! સમજમેં આયા? માણસ કહે છે, ચારિત્ર તો વેળુના કોળિયા છે. મીણના દાંતે લોઢાના ચાવવા એવું ચારિત્ર છે.

શ્રોતા : હૈ હી કષ્ટદાયક, હર કોઈ નહીં કર સકતા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કષ્ટ-બષ્ટ હૈ નહીં બિલકુલ. કષ્ટ હૈ વહ ચારિત્ર નહીં, વહ દુઃખ હૈ, વિકાર હૈ. વહ કહતે હૈં ન યહાં. 'પ્રસન્નતા' શબ્દ પડા હૈ ન, દેખો ન! આત્માકી આરાધનામેં વર્તનેવાલેકો પ્રસન્નતા–અંદરમેં આનંદ હૈ. દર્શન, જ્ઞાન, ચારિત્ર—તીનકી આરાધનામેં પ્રસન્નતા–આનંદ હૈ. આહાહા! સમજમેં આયા? મુનિકો સિંહ, વાઘ... સુકૌશલ મુનિ, એની મા... સુકોશલજી! ..... એની માતા. દુનિયા (ઐસે) દેખતી હૈ કિ દુઃખ હૈ. વસ્તુદૃષ્ટિસે દેખતે હૈં તો અંતરમેં આનંદ પડા હૈ. આહાહા! જાનનેમેં આયા, વિકલ્પ હૈ તો જાનનેમેં આતા હૈ. .....

શ્રોતા : પરિષહજય કહા ન.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કહા ન, 'પરિષહજય' ઉસકા અર્થ હુઆ કિ આનંદમેં રહા તો પરિષહજય હો ગયા. નહીં તો પરિષહમેં આયા તો દુઃખ હુઆ.

શ્રોતા : મહારાજ! શ્રેણીમેં હો તો દ્રષ્ટિ કહાં પડી હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : શ્રેણીમેં હોં તો.... અંદર દ્રષ્ટિ હૈ. ..... ચૌથે, પાંચવે, છઠવેં... છઠવેમેં ઉપસર્ગ હો મુનિકો, વિકલ્પમેં આવે તો ખ્યાલમેં આવે. નિર્વિકલ્પમેં હો તો ખ્યાલમેં ભી ન આવે.

પાંચ પાંડવ—ધર્મરાજ, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. રાજકુમાર, સુકોમલ શરીર, જિસકો ધૂપ જરી લગે તો લાલ ચમડી હો જાય. લોહેકે જેવર પહનાયે... દાગીના કહતે હૈં? આભૂષણ. વે તો અપને નિર્વિકલ્પ આનંદકી ભૂમિકામેં રમતે હૈં. સમજમેં આયા? ઉસ વક્ત તો કોઈ મહાવ્રતાદિકા ભી વિકલ્પ હૈ નહીં. અતીન્દ્રિય આનંદમેં મીઠાશ, અંદર મધુર ચૈતન્યકે સ્વાદમેં પડે હૈં. દુનિયા માને કિ અરેરે! ઉનકો દુઃખ હૈં ઐસે કરુણા કરતે હૈં. હમ કહતે હૈં, ઉસમેં આનંદ હૈ ભગવાન! કરુણાલાયક હમ હૈં કિ હમ આનંદલાયક હૈં? આહાહા! કહતે હૈં, **પ્રસન્નતા, કૃપા**... આરાધનામેં આત્માકી કૃપા હુઈ, યે કૃપા. અપના અખંડાનંદ પૂર્ણ પ્રભુ રાગસે હટકર જબ આરાધનામેં આયા, આત્માકી કૃપા હો ગઈ. કહો, સમજમેં આયા? યે આત્માકી કૃપા શેઠ! શેઠ કૃપા કરે તો પૈસા મળે, રોટલા મળે. ધૂળમાંય કાંઈ નથી.

કૃપા, મોક્ષમાર્ગકી આરાધના જો હૈ અંદરમેં ઉસકો યહાં કૃપા કહતે હૈં. આહાહા! કૃપાના સાગર ભગવાન કૃપાનાથ. સમજમેં આયા? પૂર્ણ ગુણકા નાથ કૃપાનાથ ઉસકા જહાં આરાધન

હુઆ તો પર્યાયમેં કૃપા હો ગઈ. આનંદ ને શાંતિકી કૃપા ઉસ કૃપાકો આરાધના કહતે હૈં, નિશ્ચય હી પ્રતિક્રમણ કહતે હૈં. આહાહા! કૃપાનાથ યે આત્મા હૈ.

શ્રોતા : આત્માને આત્માકી પૂજા કી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, દૂસરેકી કર સકતા હૈ કૌન? અપરાધ કરતે થે તો આત્માકી અકૃપા થી. આહાહા! રાગ યે અકૃપા હૈ. ભગવાન આત્મા... યે તો વીતરાગમાર્ગ હૈ ન પ્રભુ! થોડા ભી વીતરાગતાકા અંશ શુરુ હો તબ ધર્મ કહનેમેં આતા હૈ. રાગસે ધર્મ હોતા નહીં. પહલે શુરૂઆતમેં તો હોતા હૈ? શુરૂઆતમેં ભી નહીં. આહાહા! ભગવાનકી કૃપા.. 'કરૂણા હમ પાવત..' કરુણા આવે છે. શ્રીમદ્‌માં આવે છેને. 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરૂગમકી, કરુણા હમ પાવત હૈ તુમકી..' ભગવાન આત્માકી કરુણા-કૃપા હુઈ. યે તો કૃપાકા સાગર હૈ.

'કૃપાનાથ' કહતે હૈં કિ નહીં? ભગવાનકો કહતે હૈં, હે કૃપાનાથ! યે નહીં. (સામનેસે) અવાજ આતી હૈ, કૃપાનાથ તુમ હો. (સમયસાર) પહલી ગાથામેં આતા હૈ ન સિદ્ધાંતમેં, નહીં? પ્રતિચ્છંદ. સિદ્ધ પ્રતિચ્છંદકે સ્થાનમેં હૈં. નહીં આતા હૈ? પડઘા હોતા હૈ ન પડઘા. પડઘા સમજતે હો? પ્રતિધ્વનિ. બડે મકાનમેં અવાજ હોતા હૈ ન. પ્રતિધ્વનિ હોતી હૈ. પહલી ગાથામેં હૈ. હે ભગવાન! આપ સિદ્ધ હો. પ્રતિધ્વનિ હોતી હૈ કિ હે ભગવાન! આપ સિદ્ધ હો. સમજમેં આયા? પહલી ગાથામેં આતા હૈ. 'પડઘા' શબ્દ હૈ હમારી ગુજરાતી ભાષામેં. તુમ્હારી (ભાષામેં) 'પ્રતિધ્વનિ'. હે પરમાત્મા! કૃપાનાથ! કૃપા કરો. યહાં (કહતે હૈં), હે કૃપાનાથ આત્મા! પર્યાયમેં કૃપા કરો. આહાહા! દુનિયાસે નિરાલી બાત હૈ. દુનિયાકે પંથકે સાથ મિલાન હોતા નહીં. વહ રાગકા પંથ હૈ, યે વીતરાગપંથ હૈ. કૃપા, ઓહોહો! આરાધનાકા નામ કૃપા.

**સિદ્ધિ...** સ્વરૂપકી સિદ્ધદશા અંદર પ્રગટી હો તો સિદ્ધિ હો ગઈ. સ્વરૂપકી આરાધના ઉસકો યહાં સિદ્ધિ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? **પૂર્ણતા...** આરાધનાકો હી પૂર્ણતા કહતે હૈં. આહાહા! સમજમેં આયા? પૂર્ણતા ઉસ કારણસે પ્રાપ્ત હોગી તો ઉસકો હી પૂર્ણતા કહતે હૈં. આહાહા! અરે! તેરા ગાના સુનનેમેં ભી બડા અચરજ હૈ. સમજમેં આયા? **સિદ્ધિ...** આત્માકા સેવન, રાગસે હટકર સ્વભાવમેં એકાગ્રતા-લીનતા ઉસકો યહાં સિદ્ધિ કહતે હૈં. વહ સિદ્ધિ હૈ. સિદ્ધિ પ્રગટી હૈ ઉસકો. એય! ઓલા વચનની સિદ્ધિ કહે છેને? એ નહીં. ઉસમેં ક્યા હુઆ? ધૂલ. ભઈ! વચન દેતા હૂં, તુજે લડકા હોગા. વચનસિદ્ધિ હૈ ઉસકો. અરે! ઉસમેં હૈ ક્યા? ધૂલ. આહાહા! યહાં તો સિદ્ધિ પ્રગટી, અપને પૂર્ણાનંદકા નાથકા અવલંબન લેકર, રાગસે હટકર જો નિર્મલ પરિણતિ-પર્યાય હુઈ ઉસકો યહાં 'સિદ્ધિ પ્રગટી' એમ કહતે હૈ. 'રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા..' આતા હૈ ન. બનારસીદાસ.

સિદ્ધિ, રિદ્ધિ, વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટે સદા,
અંતરકી લચ્છિસો અજાચિ લચ્છપતિ હૈ, અજાચિ લચ્છપતિ હૈ,
દાસ ભગવંતકે ઉદાસ રહૈ જગતસૌં,
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.' (પદ ૭, મંગલાચરણ).

સમજમેં આયા? આતા હૈ ન. ક્યા કહા પહલે? 'સિદ્ધિ, રિદ્ધિ..' સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવકો ઋદ્ધિ અપનેમેં દિખતી હૈ. 'સિદ્ધિ, રિદ્ધિ..' આત્મામેં સિદ્ધિ હૈ. વાણીમેં સિદ્ધિ હૈ, ઐસા બ્રહ્મચર્ય પાલા ઈસલિયે વાણીમેં ઐસી સિદ્ધિ હો ગઈ કિ બાંજકો પુત્ર હો જાય, જિસકી હવા લગતે હી રોગ મિટ જાય. વહ સિદ્ધિ ક્યા કામકી હૈ? બહારની સિદ્ધિ શેની? અસિદ્ધિ હૈ. સમજમેં આયા? જિસમેં આત્માકી સિદ્ધિ પ્રગટ હો અંદરમેંસે—વીતરાગીદર્શન, વીતરાગીજ્ઞાન, વીતરાગી ચારિત્ર(રૂપ) નિશ્ચય પ્રતિક્રમણ, ઉસકો યહાં સિદ્ધિ કહનેમેં આયા હૈ. વહ પૂર્ણતા હૈ. જાઓ. આહાહા! પ્રવચનસારમેં કહ્યુંને ભાઈ! મોક્ષકે માર્ગકો સાધનેવાલે સંતકો મોક્ષતત્ત્વ કહતે હૈં. આહાહા!

નિકાલ દે, થોડા વિકલ્પ હૈ ઉસકો છોડ દે. યે તેરી ચીજ નહીં. અપને નિજાનંદ પ્રભુકો ધ્યેય બનાકર સ્થિરતા કી ઉસમેં તો પૂર્ણ હુઆ, કહતે હૈં. આરાધનાકો પૂર્ણ કહતે હૈં. 'પૂર્ણ ઇદમ્.' પૂર્ણ સ્વયં ભગવાન હૈ, આરાધનાકી પર્યાયકો પૂર્ણ કહનેમેં આતા હૈ. આહાહા! સમયસારમેં આતા હૈ, આજ આયેગા.... **સિદ્ધ કરના વહ...** સિદ્ધ કરના–સાબિત કરના કિ મૈં વીતરાગી પર્યાયવાલા હૂં. ઐસી વીતરાગી પર્યાય આત્માકો સાબિત કરતી હૈ કિ મૈં વીતરાગ હૂં. આરાધનાકી પર્યાય સાબિત કરતી હૈ કિ મૈં વીતરાગ પૂર્ણ હૂં. આહાહા! સમજમેં આયા? એકવાર ડૂબી તો જા અંદર, હલી તો જા, હલ તો ખરો થોડો અંદર. રાગની સાથે એકતા કરી છે તો થોડો હલ તો ખરો. વાહ રે વાહ!

ભગવાન! તેરી ચીજમેં તો રાગકી ગંધ નહીં ન. ઐસા 'ગંધ' પાઠ હૈ અષ્ટપાહુડમેં. બંધકી બાત હૈ વાસના. ગંધ નહીં. આહાહા! તેરેમેં તો આનંદકી ગંધ હૈ. યે કેરી આદિ સુંઘતે હૈં ન. બહુ ફોરમ છે એમ કહે છે. સુગંધ.. સુગંધ.. સુગંધ.. ભગવાન! તુજે સુંઘનેસે તેરી સુગંધ મધુર આતી હૈ તેરેમેં. સમજમેં આયા? ઐસા ભગવાન આત્મા પૂર્ણ... **સિદ્ધ કરના વહ અથવા પૂર્ણ કરના વહ.** પૂર્ણસ્વરૂપ તરફકી પરિણતિ વહ પૂર્ણ કરના હુઆ. સમજમેં આયા? પૂર્ણ સ્વભાવ ભગવાન આત્મા ઉસકે આશ્રયમેં જો દશા પ્રગટ હુઈ વહ પૂર્ણ કરના, પૂર્ણ હો ગયા. આહાહા! સમજમેં આયા? ઐસે **વર્તતે હુએ જીવકો હી પ્રતિક્રમણસ્વરૂપ કહા હૈ.** ઐસે દશાવંતકો પરમાત્મા, સચ્ચે સંત.. જુઓ! 'જીવકો હી' ઐસા શબ્દ હૈ ન. યે તો એકાંત કર દિયા. **આરાધનામેં વર્તતે હુએ જીવકો હી**... વ્યવહારમેં વર્તતે હૈં વહ કથંચિત્ આરાધનામેં વર્તતે હૈં—ઐસા હૈ હી નહીં. અનેકાંત ઉસકા નામ હૈ. અપને આરાધનામેં વર્તતે જીવકો હી... વ્યવહારમેં વર્તતે નહીં ઉસકા નામ અનેકાંત હૈ. (પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૫, ગુરુવાર, તા. ૨૪-૮-૧૯૭૨**
**ગાથા-૮૪, પ્રવચન નં. ૭૭ (હિન્દી)**

શ્રોતા : આપ કહો વિકલ્પ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિકલ્પ (અર્થાત્) રાગ.. રાગ લ્યોને ભૈયા! રાગ હોતા હૈ ન રાગ. યે દયા, દાન, ભક્તિકા જો રાગ હૈ, રાગકો ભગવાનને આત્મા નહીં દેખા હૈ. આહાહા!

શ્રોતા : રાગકો ક્યોં જાનના?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આસ્રવ હૈ વહ તો.

શ્રોતા : લકડેકો હોતા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : લકડેકો હોતા નહીં, હોતા હૈ આત્માકી પર્યાયમેં, પણ વહ વિભાવ હૈ. વિ-કાર, વિ-ભાવ–સ્વભાવસે વિપરીત ભાવ. ધન્નાલાલજી! આહાહા!

પ્રભુ! આપ સર્વજ્ઞ હો ઔર સર્વજ્ઞતામેં સારા જગત દેખતે હો, નાથ! આપ સર્વજ્ઞ(પને)મેં હમારા આત્મા સત્તાસે–હોનેપને શુદ્ધ હૈ ઐસા આપ દેખતે હો. આહાહા! સમજમેં આયા? 'નિજસત્તાએ શુદ્ધ..' અપના નિજ હોવાપણે–હોનેપને શુદ્ધ હૈ, પવિત્ર હૈ, પૂર્ણ હૈ. ઐસા આપને કેવલજ્ઞાનમેં હમારે આત્માકો દેખા હૈ. ઐસા અપને દેખનેમેં આયે તબ આત્મજ્ઞાન કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહાહા! શુદ્ધ પરમબ્રહ્મ આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞને કહા... ઐસા **પરમતત્ત્વજ્ઞાની...** ઐસા પરમતત્ત્વકા જ્ઞાન કરનેવાલા... અપને સ્વભાવસે અભિમુખપને–અભિમુખરૂપસે નિરંતર... આહાહા! એક તો **નિરંતર અભિમુખ...** અને **અટૂટ (ધારાવાહી) પરિણામસંતતિ દ્વારા...** આહાહા! ગજબ વાત છે! મુનિયોં કરુણાસે જગતકો કહતે હૈં ભાઈ! કરુણાસે કહતે હૈં ભાઈ! તેરી ચીજ તો અંદર પૂર્ણ આનંદ હૈ પ્રભુ! હમને ઐસા દેખા હૈ, તુમ દેખ લો, એક બાર દેખ લો. આહાહા! નંદકિશોરજી!

અંદર મહાપ્રભુ બિરાજતા હૈ, ઇસે દેહસે ભિન્ન જાનના? અભી તો દેહસે ભિન્ન માનનેમેં પસીના ઉતરે. એને ઠેકાણે વળી પૂર્ણાનંદ પૂર્ણ પરમાત્મા. આહાહા! જમીન-આસમાનકા ફર્ક. પરમાત્માકે આરાધક સંત ઐસે કહતે હૈં, ભવકા અંત કૈસે હો વહ બાત કરતે હૈ. આહાહા! ભવ મિલના વહ તો દુઃખ, ક્લેશ હૈ, કલંક હૈ. આત્મા ઉપર યે ભવ વહ તો કલંક હૈ. સમજમેં આયા? જૈસે પાંચ અંગુલી હો, ઉસસે (અલાવા) છઠવીં હો લટકી હુઈ. હોતી હૈ ન? છ અંગુલીવાલા. વહ અંગુલી રખનેકી ચીજ નહીં. કોઈ ચીજ ઉસ અંગુલીસે પકડનેમેં નહીં આતી હૈ, વહ તો નિકમ્મી હૈ. ઐસે યે ભવ આત્માકે લિયે નિકમ્મે હૈં. આત્માકો ફિરસે ભવ મિલે વહ તો કલંક હૈ. સુન પ્રભુ! જિસસે આત્માકી પૂર્ણદશા પ્રાપ્ત હો, પૂર્ણ હૈ સ્વભાવસે

ઐસી પૂર્ણદશા પ્રાપ્ત હો, ઉસકી આરાધનામેં જો વર્તતા હૈ ઉસકો ધર્મી ને મોક્ષમાર્ગી કહનેમેં આતા હૈ. સમજાણું કાંઈ?

**પરમતત્ત્વજ્ઞાની જીવ**... જ્ઞાનીકા અર્થ ઐસા નહીં કિ શાસ્ત્ર બહુ પઢા હો ને પંડિતાઈ બહોત હો, જગતકો–લાખો આદમીકો સમજાવે. ઐસી બાત નહીં. યહાં તો પરમતત્ત્વજ્ઞાની, બસ એટલી વાત. દૂસરા જાનપના હો-ન હો, પરમતત્ત્વ ભગવાન પૂર્ણાનંદ અસ્તિ–સત્તા–હોનેવાલા પદાર્થ ઉસકા જિસને જ્ઞાન કિયા, ઉસકે સન્મુખ હોકર સ્વસંવેદનજ્ઞાનમેં આત્માકો જાના, ઐસા **પરમતત્ત્વજ્ઞાની જીવ નિરંતર અભિમુખરૂપસે**... સ્વભાવસે નિરંતર અભિમુખ. આહાહા! સમ્યગ્દૃષ્ટિકો આત્મદ્રવ્ય સન્મુખકી દૃષ્ટિ કભી છૂટતી નહીં. સમજમેં આયા? આહાહા! ભગવાન આત્મા... કહતે હૈં કિ આત્માભિમુખસે **અતૂટ પરિણામસંતતિ દ્વારા**... અંતરકી સ્વભાવસન્મુખકી પરિણામધારા ભી અતૂટ હોની ચાહિયે, એમ કહતે હૈં. ભગવાન જૈસે અતૂટ, અભેદ, અખંડાનંદ હૈ, તો ઉસકા પરિણામ–સાધનેવાલેકા પરિણામ અતૂટ ધારાવાહી (હોતા) હૈ. આહાહા! બાત પકડનેમેં કઠિન પડે. અભ્યાસ નહીં, કભી અભ્યાસ નહીં.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણકે બીચમેં યે બાત કહતે થે. વહ બાત યહાં કુંદકુંદાચાર્ય અંતરમેંસે લાયે હૈં. આહાહા! સમજમેં આયા? વહી ભગવાન બિરાજતે હૈં અભી. કુંદકુંદાચાર્ય તો સ્વર્ગમેં ગયે, અભી તો સ્વર્ગમેં હૈં. (તબ) ભગવાન બિરાજતે થે વહી હૈં અભી. સંવત ૪૯મેં ગયે થે વે હી પરમાત્મા અભી બિરાજતે હૈં. ઐસા અતૂટ પરિણામ દ્વારા નિરંતર દ્રવ્યસન્મુખ–અભિમુખ પરિણામ રખતે હુએ... ઓહોહો! નવરંગભાઈ! **પરિણામસંતતિ**... **અતૂટ પરિણામસંતતિ**, એમ ભાષા છે. આહાહા! અંતર સ્વભાવ આનંદકંદ પ્રભુ સન્મુખકી ધારાવાહી પરિણામસંતતિ (અર્થાત્) એક પીછે એક, એક પીછે એક, પણ વહ અભિમુખ પરિણામકી સંતતિ હો. આહાહા!

**સાક્ષાત્ સ્વભાવસ્થિતિમેં**... સાક્ષાત્ સ્વભાવસ્થિતિમેં... વહ આયા. પરમતત્ત્વ, ઉસમેં અતૂટધારા પરિણામ વહ સ્વભાવસ્થિતિ હુઈ. ત્રિકાલી ભગવાન આત્મામેં સ્થિર વિશ્રામ લિયા. આહાહા! ઉસકા નામ પ્રતિક્રમણ ને ઉસકા નામ સચ્ચી સામાયિક કહનેમેં આતા હૈ. સામાયિક તો બહુ કરી હશે ઓલી... આહાહા! આ સામાયિક. એક સમયકી સામાયિક જન્મ-મરણકા અંત લાતી હૈ. સ્વભાવ.. **સાક્ષાત્ સ્વભાવસ્થિતિ**... યૂં ક્યોં કહા? સ્વભાવ તો હૈ, પણ પર્યાયમેં સાક્ષાત્ કિયા (તો) સાક્ષાત્ સ્વભાવસ્થિતિ હુઈ. ઓહોહો! ઐસી **આત્માકી આરાધનામેં**... ઐસી આત્માકી આરાધનામેં... આ દેવી ને દેવ આરાધતા નથી અજ્ઞાની જ્યાં-ત્યાં? એ દેવી-દેવ નહીં પ્રભુ! તેરે દેવકા આરાધના કર. આતમદેવ.. વહ આતા હૈ ન? શ્લોકમેં આતા હૈ. સૂરજકો જૈસે દેવ કહતે હૈં, ઐસે ભગવાન (આત્મા) દેવ હૈ. સૂરજમેં તાપ હૈ, પ્રકાશ હૈ, ઐસે ભગવાન

આત્મામેં જ્ઞાન-દર્શન-શાંતિ હૈ. ઐસા આત્મા હી આત્મદેવ હૈ. વહ કલશમેં આતા હૈ. સમયસાર.

**સ્વભાવસ્થિતિમેં—આત્માકી આરાધનામેં**... સ્વભાવસ્થિતિની વ્યાખ્યા કરી. સ્વભાવસ્થિતિ અર્થાત્ આત્માકી આરાધના. સ્વભાવ વહ આત્મા, ઉસમેં સ્થિતિ વહ આરાધના. આહાહા! સમજમેં આયા? **વર્તતા હૈ...** ઉસમેં વર્તતા હૈ, નિજ અખંડતત્ત્વ સ્વભાવમેં ધારાવાહી પરિણામસે અતૂટ વર્તતા હૈ, વહ સ્વભાવમેં સ્થિતિવાલા હૈ, વહ આત્માકી આરાધનામેં વર્તતા હૈ. આહાહા! સમજમેં આયા? ઐસી ધારા, સમ્યગ્દર્શન સહિત ચારિત્રમેં જો અખંડધારા વહે તો અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન હો જાય. સમજમેં આયા? આહાહા! લોગોંકો અંતર આત્મા ને આત્માકી ચીજકા માહાત્મ્ય આયે બિના સારા થોથા ઐસા કરો ને ઐસા કરો. ઉસે ઐસા લગતા હૈ કિ યે તો વ્યવહારકા નાશ હો જાતા હૈ. સોનગઢવાલે વ્યવહારકા તો નાશ કર દેતે હૈં. ભગવાન! તુજે ભી વ્યવહારકા નાશ કિયે બિના સ્વભાવકી પ્રાપ્તિ નહીં હોગી. સમજમેં આયા?

અહીંયા તો ભગવાન આત્મા આબાળ-ગોપાળ દેહમાં બિરાજમાન પ્રભુ છે. બાહરસે ન દેખો, સ્ત્રીકા શરીર, પુરુષકા શરીર, નપુંસકશરીર, તિર્યંચશરીર, દેવશરીર, નારકશરીર વહ ન દેખો. ઉસમેં ભગવાન બિરાજતા હૈ પૂરા પરમાત્મા ઉસકી આરાધના તુમ કરો અને દૂસરેકો આરાધના કરનેકો કહો. સમજમેં આયા? એ ગુણુભાઈ! આવું છે આ. લોકો તો વિચાર કરે નહીં. ભાઈ! હોય વચમાં વ્યવહાર આવે છે, પણ વહ બંધકા કારણ હૈ. સમજમેં આયા? અશુભસે બચનેકો શુભભાવ આતા હૈ, આયે, પણ ઉસકા ઉત્સાહ (કરે) ઔર વીર્યકા ખંડ હુઆ ઉસકા ઉત્સાહ કરે તો મિથ્યાત્વ હો જાતા હૈ.

**વહ નિરપરાધ હૈ**. આહાહા! રાગમેં વર્તના વહ સાપરાધ હૈ. વ્યવહારમેં વર્તના વહી સાપરાધ હૈ, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? રાગ હૈ ન. સ્વભાવસે વિપરીતભાવ હૈ ન. ઉસમેં વર્તે વહ સ્વભાવકા અનારાધક હૈ, સ્વભાવકા સેવન કરનેવાલા નહીં. વહ તો રાગકી સેવા કરતા હૈ. સમજમેં આયા? પહલે ગયે થે ન જબ ગિરનાર (સંવત) ૯૬કી સાલમેં. શ્વેતામ્બરકી ધર્મશાલામેં ઉતરે થે. વહાં એક નેમચંદભાઈ થે. વે તો આયે થે.... ભગવાનકી સેવા વહ તો વીતરાગભાવ હૈ. કીધું, ભઈ! ભગવાનકી સેવા વહ રાગભાવ હૈ. તબ વહ કહે, હમેં રાગ કહાં ચાહિયે? હમ તો ભગવાનકી સ્તુતિ કરતે હૈં, સેવા કરતે હૈં, હમારે વીતરાગતા ચાહિયે. વીતરાગતા ચાહિયે તો પરકે લક્ષસે વીતરાગતા કહાંસે આયેગી? હુશિયાર કહેવાતા ગિરનારમાં તમારા શ્વેતામ્બરમાં. ક્યાંક વાંચન કરતા. નેમચંદભાઈ હતા, ઓલા ડોક્ટરના ભાઈ. ક્યા ડોક્ટર? વીરચંદ ડોક્ટરના ભાઈ હતા.

ભાઈ! ભગવાનકે સામને દેખના ઔર ભક્તિ-પૂજાકા ભાવ વહ રાગ હૈ. અશુભસે બચનેકો હો, પણ યે વીતરાગભાવ નહીં, યે ધર્મ નહીં. આહાહા! સાંભળ્યું હોય નહીં. પછી

ભડકે હો. કાંઈ દરકાર નથી આત્માની. અરેરે! મારું શું થશે? હું ક્યાં જઈશ, ક્યાં રહીશ? અહીંથી નીકળીને ક્યાં જઈશ, હું ક્યાં રહીશ? હું તો અનાદિ-અનંત છું. અનાદિ-અનંત ભવિષ્યમાં અનંતકાળ રહેવાનો છું. ક્યાં રહીશ ભગવાન? જો રાગ ને પુણ્ય ને વિકારકી રુચિમેં રહા, પરમેં સુખ હૈ ઐસી બુદ્ધિમેં રહા, તો વિકારમેં, ચાર ગતિમેં રહેગા. આહાહા! સમજમેં આયા? ભવિષ્યમેં અનંત કાલ રહના હૈ, તો અપને પરમતત્ત્વકા બોધ કરકે ઉસમેં આરાધન કર. ભવિષ્યમેં ભી તુમ વહીં રહોગે. થોડે એક-દો ભવ હો, પણ આત્મામેં હી રહોગે, પીછે સબ છૂટકર કેવલજ્ઞાન હો જાયેગા. પીછે ભવિષ્યકાલમેં અનંત કેવલજ્ઞાન સહિત રહોગે. આહાહા! સમજમેં આયા?

**આત્માકી આરાધનામેં વર્તતા હૈ વહ નિરપરાધ હૈ**... લ્યો, ઉસકા નામ નિરપરાધ કહા. વિધિસે કરો, વિધિસે નહીં હો તો મિચ્છામિ દુક્કડં. એય ચેતનજી! ક્યાં ગયા? અવિધિ થઈ હોય તો પાપ. આહાહા! અહીં તો વિધિના વિકલ્પ એ પણ અનારાધક છે. ભારે માર્ગ બાપા! ઓહો! પૂર્ણાનંદનો નાથ એની સેવામાં જવું એ નિરપરાધ છે. ભગવાનકી સેવા, ભક્તિ આદિ ભી અપરાધ હૈ. વહ કહા ન. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં નહીં કહા? અમૃતચંદ્રાચાર્યને પ્રશ્ન કિયા કિ જબ સમ્યગ્દૃષ્ટિ આત્માકા સાધન કરનેવાલા ઉસકો તીર્થંકરપ્રકૃતિ બંધતી હૈ, કિસીકો આહારકશરીર ભી હોતા હૈ, તો વહ ભાવ ક્યા હૈ? અપરાધ હૈ. શુભોપયોગરૂપ અપરાધ હૈ, ઐસા લિયા હૈ. આહાહા!

શુભોપયોગ, જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે... આહાહા! એ તો મશગુલ જાણે આહા.. તીર્થંકર... પરમગુરુ.. પરમગુરુ હો. પરમગુરુ હો... 'દરસવિશુદ્ધિ ભાવના ભાય... પરમગુરુ હોય.' ભાઈ! તીર્થંકરપ્રકૃતિસે પરમગુરુ નહીં હોતે ઔર જિસ ભાવસે તીર્થંકરપ્રકૃતિ બંધી ઉસ ભાવસે ભી પરમગુરુ નહીં હોતે. આહાહા! યે ભાવ તો અપરાધ હૈ. યહાં કહા ન. અંતરમેં વર્તના વહ નિરપરાધ હૈ. આહાહા! આ માર્ગ સાંભળે નહીં–સુનતે નહીં. ક્યા...? સોનગઢકા નયા પંથ હૈ? વળી એમ કહે છે કેટલાક. નયા પંથ હૈ, એમ કહતે હૈં. નવીન પંથ હૈ, એમ હમણાં આવ્યું. કોટડિયા.. કેવું કહેવાય? કપિલ કોટડિયા. એ એમ લખે છે, નવીન પંથી.

અરે ભગવાન! પ્રભુ! એમ ન કહે, એમ ન કહે નાથ! તને ખબર નથી તારી. આહાહા! નવીનપંથ નહીં, યે તો અનાદિકા સર્વજ્ઞકા પંથ હૈ, સમજમેં આયા? દેખોને! ઐસા સદાચરણ કરો, સદાચરણ કરો, સદાચરણ કરો. સદાચરણ એટલે આ વ્રત ને તપ. સદાચરણસે તપ હોગા, પણ સદાચરણ કિસકો કહના પ્રભુ? સત્-આચરણ. સદાચરણમાં 'દ' નો 'ત' થાય. પંડિતજી! સદાચરણ તો સત્-આચરણ હૈ. સત્-આચરણ, ત્રિકાલી જ્ઞાયકભાવ પ્રભુ ઉસમેં એકાગ્ર હોના વહ સત્-આચરણ હૈ. સમજમેં આયા? અને ઉસકો સત્‌જન કહતે હૈં. સજ્જન. સજ્જન. 'જ'

ડબલ હૈ ન, તો 'ત્' હોતા હૈ. સત્જન. પરમતત્ત્વજ્ઞાની જીવ અપના આરાધન કરતે ઉસકો સત્જન કહતે હૈં. આહાહા! નંદકિશોરજી!

યે તો ભગવાનકી વકીલાત કુંદકુંદાચાર્ય કરતે હૈં કિ ભગવાન તો ઐસે કહતે હૈં ભાઈ! આહાહા! તુમ્હારે વહાં ભોજન કિયા થા એક બાર, નહીં? પહલે ગયે થે ન (તબ) ભોજન કિયા થા તુમ્હારી મેડી પર. મેડી કહતે હૈં ન? આહાહા! ભગવાન! શાંતિસે સુન પ્રભુ! તારા શાંતરસનો કુંડ આત્મા, આહાહા! એમાં સ્નાન કર. તેરે સંસારકા મેલ સબ ધુલ જાયેગા. 'વાદવિવાદ કરે સો અંધા, સદ્ગુરુ કહે સહજકા ધંધા.'

શ્રોતા : ધીરે ધીરે શ્વેતામ્બર પ્રચાર તો નહીં હો જાયેગા?

પૂજ્ય ગુરુદેવશ્રી : તો ક્યા હમ મુનિ હૈં? વસ્ત્ર સહિત મુનિ માને... મુનિ હમ હૈં હી નહીં. સમજમેં આયા? શ્વેતામ્બર વસ્ત્રકા ટુકડા રખકર મુનિ માને તો નિગોદગામી હૈ. સમજમેં આયા? યે તો વસ્ત્રરહિતકો મુનિ માનો. વસ્ત્ર સહિતકો તુમ ધર્મ માનતે હો તો નિર્ગ્રંથકા પંથ લૂટા દેતે હો, એમ કહતે હૈં. ભગવાન! નિર્ગ્રંથ ચારિત્રદશા તો અલૌકિક હૈ. એ તો વાત ચાલે છે. ધન્ય અવતાર! જિસકી ચારિત્રદશા–સ્વરૂપમેં રમણતા ઉસકો તો વસ્ત્રકા ટુકડા ભી નહીં હોતા. સમજમેં આયા? પાત્ર ભી નહીં હોતા. સર્વ આત્મા આનંદમેં મસ્ત.

ભગવાનને તો ઐસા કહા, પરમશુદ્ધ ઉપયોગરૂપી મુનિપના ઉસકો કહા હૈ. પ્રવચનસાર, પહલી પાંચ ગાથા. મુનિ, આચાર્ય, ઉપાધ્યાય કિસકો કહતે હૈં? ઓહો! પરમશુદ્ધોપયોગ. શુભોપયોગ, ૨૮ મૂળગુણ વહ નહીં. ઇતના શુદ્ધોપયોગ ભી નહીં. ક્યોંકિ શુદ્ધોપયોગ ચૌથે-પાંચવેમેં ભી હોતા હૈ. 'પરમશુદ્ધોપયોગ' પાઠ હૈ. ધન્ય અવતાર! જિસને શુદ્ધોપયોગરૂપી મુનિપના પ્રગટ કિયા વહ સાક્ષાત્ મોક્ષકા આરાધક હૈ. પણ વહ દશા ન હો ઔર માનના... (શ્રોતા: વ્યવહાર હૈ.) વ્યવહાર કહાંસે આયા?

અંતરમેં શુદ્ધોપયોગકા આરાધન કરતે... શુદ્ધ-ઉપયોગ.. પરમશુદ્ધોપયોગ.. આહાહા! ...મેં રહતે હૈં ઉસમેં ન રહ સકે તો વિકલ્પ આતા હૈ ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. નિશ્ચય વસ્તુ હો ઉસકો (જો) વિકલ્પ આતા હૈં ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. અજ્ઞાની જિસકો દૃષ્ટિકી ખબર નહીં, અનુભવકી ખબર નહીં ઔર વિકલ્પકી ક્રિયાકો વ્યવહાર માને, વ્યવહારાભાસકો વ્યવહાર માને વહ મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? અરે! દુનિયા દુનિયા પાસે રહી. તુજે ક્યા કામ હૈ? તેરી ચીજ તેરે પાસ હૈ. ભગવાન કહતે હૈં કિ તેરે ...કે લિયે મેરી ચીજકી તુજે જરૂર નહીં. આહાહા!

બનારસીદાસ કહતે હૈં ન. મેરો ધણી... ક્યા કહતે હૈં? 'મેરો ધણી નહીં દૂર દેશાંતર, મોહીમેં હૈ મોહે સૂજત નીકે.' આહાહા! 'મોહીમેં હૈ મોહે સૂજતે નીકે..' બનારસીદાસ ગૃહસ્થાશ્રમમેં થે. ઉસમેં ક્યા હૈ? ગૃહસ્થાશ્રમ તો ઉસસે ભિન્ન રહા. આહાહા! સમજમેં

આયા? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આદિ ગૃહસ્થાશ્રમમેં હો તો ભી મોક્ષકે આધારક હૈં ઔર રાગસે લાભ માનનેવાલા દિગંબર મુનિ હો તો ભી મિથ્યાદૃષ્ટિ અનારાધક હૈ. ઐસી બાત હૈ. સમજમેં આયા?

ઓહો! **જો આત્માકે આરાધન રહિત હૈ વહ સાપરાધ હૈ...** ઐસા પરમતત્ત્વ ભગવાન ઉસમેં સાવધાન હોકર અતુટ ધારામેં વર્તતા હૈ વહ આત્મા નિરાપરાધ હૈ. ઉસસે હટકર રાગમેં આતા હૈ અકેલે રાગમેં, વહ અપરાધ હૈ. આહાહા! અરે! અકેલા (અજ્ઞાની) ક્યા, શુભરાગમેં આતા હૈ સમકિતી જ્ઞાની તો ભી ઇતના અપરાધ હૈ. આહાહા! પંચમહાવ્રતકા વિકલ્પ ભી અપરાધ હૈ. ગજબ વાત! આ વાત બેસવી જગતને (કઠણ). સાંભળવું નહીં, વિચારવું નહીં, અપની કલ્પનાસે મહાપ્રભુકે પંથકી મર્યાદા સમજે નહીં ઔર માપ કરને જાય, નહીં હો સકે, તુજસે માપ નહીં હો સકે ભગવાન! માર્ગ યે વીતરાગકા હૈ. પાંચ-પચાસ માણસ, લાખ-બે લાખ માન લે ઐસા માર્ગ નહીં, યે અલૌકિક માર્ગ હૈ. જિસને ઇન્દ્રોંને સ્વીકારા, ગણધરોંને અનુભવમેં લેકર સ્થિરતા પ્રગટ કી.. સમજમેં આયા?

ઐસે આત્માકે આરાધન સહિત વહ નિરપરાધ હૈ. આરાધના રહિત વહ સાપરાધ હૈ. એક ને (એક) બે જેવી વાત છે. સમજમેં આયા? જ્ઞાનીકો રાગ હોતા હૈ, પણ ઉસકો ધર્મ માનતે નહીં, અપરાધરૂપ માનતે હૈં, ગુનાહ હૈ. મેરી ચીજમેં કલંક રાગ આયા. આહાહા! હેયબુદ્ધિ હૈ. અજ્ઞાનીકો રાગ ઉપાધિબુદ્ધિમેં આતા હૈ. ક્યોંકિ ત્રિકાલી ચીજ તો ઉપાદેયમેં આયી નહીં, તો કહીં અપનાપના, ઉપાદેયપના તો માનના પડેગા. ત્રિકાલી ભગવાન પૂર્ણાનંદકા નાથ મેરુપર્વત જૈસી, વજ્રકે બિંબ જૈસી ચીજ પડી હૈ અંદરમેં. ચૈતન્યબિંબ, જિનબિંબ. યે જિનબિંબ હોં.

કહતે હૈં ન, જિનબિંબકે દર્શનસે નિધ્ધત-નિકાચિત કર્મ છૂટ જાતે હૈં. પૂરણચંદજી કહતે હૈં, ધવલમેં પાઠ હૈ. વહ જિનબિંબ તો પર હૈ, ઉસકા લક્ષ છોડકર અંતર જિનબિંબકા દર્શન કરે ઉસકા નિધ્ધત-નિકાચિત કર્મ નાશ હોતા હૈ. આહાહા! સમજમેં આયા? વહ જિનબિંબ તો પર હૈ. જિનબિંબકા આરાધન કરને જાયે તો શુભરાગ આયેગા, પણ વહ તો અપરાધ હૈ. ગજબ બાત હૈ! આહાહા!

શ્રોતા : કર્મ બંધેંગે....

પૂજ્ય ગુરુદેવશ્રી : બંધેંગેં, વહ કર્મધારા હૈ. શુભપરિણામ તો કર્મધારા હૈ અને સ્વભાવકી આરાધના વહ તો જ્ઞાનધારા હૈ, આત્મધારા હૈ. દો ધારા ભિન્ન હૈ. આહાહા! સમજમેં આયા?

**સાપરાધ હૈ, ઇસલિયે, નિરવશેષરૂપસે વિરાધન છોડકર...** આહાહા! છેને? **विराहणं विसेसेण** છેને પાઠ. મૂળ પાઠમાં છે. **विराहणं विसेसेण... मोत्तूण...** પહલી કડીમેં. તો ઉસકા

અર્થ કિયા કે **નિરવિશેષરૂપસે વિરાધન છોડકર**... યૂં. **विराहणं विसेसेण**... સર્વથા પ્રકારસે વિરાધન છોડકર, ઐસા કહા હૈ. આહાહા! શુભવિકલ્પકો ભી છોડ દે, અપરાધ હૈ. આહાહા! માર્ગકા ખ્યાલ તો કર પ્રભુ! તેરા સુખ ને શાંતિકા પંથ યહ હૈ ઐસા નિર્ણય તો કર. દૂસરા કોઈ પંથ હૈ નહીં. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માકે પંથમેં યે બાત હૈ. ઐસી બાત દૂસરે (કહીં) નહીં. દ્રવ્ય પૂર્ણ, ગુણ પૂર્ણ, પર્યાયકા આરાધન સ્વ તરફ લેના, પરકી તરફ જાતા હૈ તો વિરાધના હૈ. યે ક્યા બાત હૈ, દેખો તો ખરા! સમજમેં આયા? જિસે દ્રવ્ય ક્યા, ગુણ ક્યા, પર્યાય ક્યા—ઇસકી ખબર નહીં. આહાહા!

શ્રોતા : દ્રવ્ય, ગુણ, પર્યાયકી ક્યા બાત હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે વસ્તુ હૈ... તીનોંમેં લક્ષ કરના વહ વિકલ્પ હૈ, પણ પહલે જાનના હોતા હૈ કિ નહીં? સમજમેં આયા? નિયમસારમેં આગે કહતે હૈં, અપના દ્રવ્ય, ગુણ, પર્યાયમેં ભેદમેં વિકલ્પ કરના વહ ભી રાગ હૈ. સમજમેં આયા? વહ ભી આરાધકપના નહીં. આહાહા! પણ પહલે જ્ઞાન તો કરે કિ દ્રવ્ય ક્યા હૈ, ગુણ ક્યા હૈ. દ્રવ્ય અનંત ગુણકા પિંડ પ્રભુ હૈ. આહાહા!

અનંત ગુણ યાની ક્યા? તીન કાલકે સમયસે અનંતગુને ગુણ ઓહોહો! તીન કાલકા તો કહીં અંત નહીં, ભવિષ્યકા. યહાં તો અનંતગુણ... અનંત (સમય)સે અનંતગુને અંદર ગુણ સંખ્યાસે હોં. ગુણ ત્રિકાલ રહતે હૈં વહ દૂસરી બાત હૈ. પણ ગુણ સંખ્યાસે તીન કાલકે સમયસે અનંતગુને હૈં. એક સેકંડમેં અસંખ્ય સમય જાય, ઐસા ત્રિકાલ ઉસકે સમયકી જો સંખ્યા હૈ, ઉસસે અનંતગુને એક આત્મામેં ગુણ હૈં. કભી માપ કિયા હૈ કહાં?

ઘરની ખબર હોય. કેટલા ઇંચવાળા સરિયા લાગ્યા છે. બાહરકે સરિયે ઐસે પક્કે હૈં. અંદરમેં પતલે હૈં, ફલાણા હૈ, ફલાણા હૈ. કરતે હૈં ન. બાહરમેં જરી (મોટે) રખે. કોઈ ચોર આવી ન જાય. દોઢ ઇંચના, બે ઇંચના એમ કાંઈક કહે છે, આપણે ક્યાં કર્યું છે? સાંભળ્યું હોય બધું. અંદરમાં નાના પાતળા રાખે. આહાહા! નાની બારી કરે, એમાં પાતળા નાખે. કારણકે ખુલે નહીં (તો તોડવું પડે). નહીં તો ગરી સકે નહીં. મોટી બારી હોય તો પાકા રાખે. એની બધી ખબરું એને હોય. પણ આ તારામાં કેટલા–કિતના ગુણ છે? આહાહા! કેટલી સંખ્યા? તીન કાલસે અનંતગુને ગુણ. આહાહા! સમજમેં આયા?

ઐસા આત્માકા વિરાધન છોડકર... સ્વરૂપ તરફકી આરાધનામેં વર્તનેવાલા... સર્વ વિરાધના... વિકલ્પકી વિરાધના છોડકર, ઐસા કહા હૈ. ભગવાન કુંદકુંદાચાર્યને વિરાધના છોડકર.., (ઐસા) કહા હૈ. ઉસકા અર્થ કિ વ્યવહારકા વિકલ્પ છોડ. સમજમેં આયા? ઔર ત્રિકાલી ભગવાન પૂર્ણાનંદકે અંદરમેં જા. અતૂટધારા પરિણામસે અંદરમેં રહે. આહાહા! અપને

દેવકા ઉસને આરાધન કિયા. ઉસ આરાધનકે ફલમેં ઉસકો કેવલજ્ઞાન હોગા, દેવ પ્રસન્ન હુઆ. અહીંની વાત છે. આહાહા!

'પ્રસન્ન' શબ્દ અપને આયા થા ન? પરસો આયા થા. નીચે નહીં? રાધ, આરાધના, પ્રસન્નતા. બીજો શબ્દ છે નીચે, પ્રસન્નતા. અસંખ્ય પ્રદેશમેં આરાધના વહ પ્રસન્નતા. આયા થા ન અપને સમયસારમેં. અંદરમેં પ્રવેશ કરકે બાહર નિકલનેમેં ઉદ્યમરહિત હો ગયા હૈ– અનુદ્યમી હો ગયા હૈ. આહાહા! અપના શાંત.. શાંતરસ આત્મા ઉસમેં લીન હોતા હૈ, બાહર નિકલનેમેં અનુદ્યમી હુઆ, પ્રમાદી હુઆ, આલસી હુઆ. ...ચંદજી! ઐસી બાત હૈ.

**જો પરિણામ 'વિગતરાધ' અર્થાત્ રાધ રહિત હૈ...** જો પરિણામ વિગતરાધ (અર્થાત્) રાધ રહિત હૈ (અર્થાત્) આરાધના રહિત–પ્રસન્નતા રહિત–કૃપા રહિત હૈ, આહાહા! સિદ્ધિ રહિત, પૂર્ણતા રહિત, સિદ્ધ કરના અને પૂર્ણ કરનેસે રહિત હૈ. આહાહા! દિગંબર સંતોને તો પરમાત્માકો નીચે ઉતારા હૈ. સિદ્ધ ભગવાન! અભી આયેંગેં હમ. પહલે હમારે પાસ આઓ નીચે. હમ આપકે સાથ બાતચીત કરતે હૈં. સમજમેં આયા? 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' એમ છેને. 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' ઉસકે સાથ એકાગ્રતા વહ સિદ્ધકે સાથ બાતચીત હૈ. થોડે વક્તમેં, પ્રભુ! તેરે સ્થાનમેં આનેવાલે હૈં હમ. રાધસે હમ આરાધન કરતે હૈં કિ અલ્પકાલમેં આપ જહાં બિરાજતે હો વહાં હમ આનેવાલે હૈં. આહાહા!

જો પરિણામ વિગતરાધ–રાધ રહિત હૈ (અર્થાત્) જો પરિણામમેં પ્રસન્નતા નહીં આનંદકી, આહાહા! જો પરિણામમેં શુદ્ધતા નહીં, સમજમેં આયા? **વહ વિરાધન હૈ. વહ (વિરાધન રહિત-નિરપરાધ) જીવ...** વિરાધન રહિત (અર્થાત્) વિકલ્પસે રહિત, વિરાધનાસે રહિત નિરપરાધ જીવ **નિશ્ચયપ્રતિક્રમણમય હૈ...** ઉસકી વીતરાગી પર્યાય નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ હી હૈ. કાયરને તો કાળજા કંપી જાય એવું છે. 'વચનામૃતના વીતરાગના, પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' કાયરકો લગે કિ યે ક્યા બાત કરતે હૈં? ઐસા ધર્મ?

ઐમાં કાંઈ ... કરના, શાંતિયજ્ઞ કરના, પુસ્તક કરના એવું તો કાંઈ આવતું નથી. પણ આવે ત્યારે એ ભાવને શુભ કહેવામાં આવે છે, એને અપરમ કરે છે. વહાં ઉસકો જાના હૈ? નહીં. આહાહા! નિંદા કરનેલાયક ચીજ હૈ ઉસમેં કરે ઉત્સાહ, (તો) મિથ્યાત્વભાવ હૈ. ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસ તરફ ઝુકનેસે **ઉસે પ્રતિક્રમણસ્વરૂપ કહા જાતા હૈ.** લ્યો, નિશ્ચયપ્રતિક્રમણમય હોનેસે ઉસ જીવકો હી પ્રતિક્રમણસ્વરૂપ કહા હૈ. વીતરાગી પરિણતિરૂપ પ્રતિક્રમણસ્વરૂપ ઉસકો હોતા હૈ. આહાહા! સમજમેં આયા? હવે સમયસારની ૩૦૪મી ગાથાનો (આધાર આપે છે).

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧, શુક્રવાર, તા. ૨૫-૮-૧૯૭૨**
**ગાથા-૮૪-૮૫, શ્લોક-૧૧૨, પ્રવચન નં. ૭૮ (હિન્દી)**

આ નિયમસાર, ૮૪ ગાથા. એના આધાર(રૂપે) સમયસારની (ગાથા) આપે છે.

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं ।**
**अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो॥**

આત્માનું પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપ જે રાગથી, વિકલ્પથી (ભિન્ન છે). રાગથી એટલે સ્થૂળ રાગ, વિકલ્પ એટલે ગુણ-ગુણીના ભેદ આદિ સૂક્ષ્મ વિકલ્પ. એનાથી જે ભિન્ન ચીજ છે એની, **ગાથાર્થ : સંસિદ્ધિ...** એની આરાધનાનો અર્થ સંસિદ્ધિ. આત્મા સમ્યક્ પ્રકારે સ્વભાવની શક્તિમાંથી વીતરાગી વ્યક્તતા પ્રગટ કરે એને સંસિદ્ધિ કહે છે. આહાહા! એનું નામ આરાધન. એણે આત્માને આરાધ્યો છે. સંસારનું આરાધન અનાદિનું હતું, એ આરાધન પરનું હતું, હવે સ્વનું છે. ભગવાન પૂર્ણ જ્ઞાન, શાંતરસ, શાંતકંદ એવો જે આત્મા તેની સમ્યક્ સિદ્ધિ, શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રમાં એની સમ્યક્ સિદ્ધિ થાય એને અહીંયા આરાધન ને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે. **રાધ...** એવો ભગવાન આત્મા પરમદેવ, પરમ દિવ્યશક્તિવંત દેવ એનું આરાધન–આરાધના. રાધ એટલે સેવન, **આરાધના**, એની **કૃપા, પ્રસન્નતા, સિદ્ધિ, પૂર્ણતા, સિદ્ધ કરના, પૂર્ણ કરના**. આહાહા!

પૂર્ણાનંદથી ભરેલો ભગવાન આત્મા એનું આનંદના વેદન દ્વારા આરાધન કરવું, એમ કહે છે. કેમકે એ પૂર્ણ આનંદસ્વરૂપ છે. રાગરહિત આનંદની દશા દ્વારા, શુદ્ધ પવિત્ર દશા દ્વારા એનું આરાધન કરવું, આહાહા! એને રાધ કહેવામાં આવે છે. એણે આત્માને સેવ્યો. રાગ ને વિકલ્પની અનાદિની સેવના એ તો સંસાર, ઝેરની સેવના છે. એના ફળમાં ચોર્યાસી લાખના અવતાર દુઃખદાયક.... આ આત્મા આનંદકંદ પ્રભુ એની અંદર રાધ–સેવન.. આહાહા! એ ભગવાનની સેવા. આ ભગવાનની સેવા એ તો (અપરાધ છે), પર-ભગવાનની સેવા એ રાધ નથી, રાગ છે. સમજાણું કાંઈ? પોતાનું નિજસ્વરૂપ પરમાત્મસ્વભાવ એની સેવા એનું નામ અહીં રાધ કહેવામાં આવે છે. આહાહા! ભારે ઝીણી વાતું. અંતર ભગવાનની સાથે ભેટા કરવા... પર્યાયને અંતરમાં વાળી એટલે એની સેવા કરી એમ કહેવામાં આવે છે.

**રાધ, સિદ્ધ...** એણે આત્માનું કાર્ય સિદ્ધ કર્યું. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની સન્મુખ થઈને જેણે સિદ્ધપદનું સાધન કર્યું એ સિદ્ધ છે, અથવા સિદ્ધ કર્યું. પોતાના સ્વરૂપનું સાધન કર્યું એણે સિદ્ધ કામ કર્યું. સમજાણું કાંઈ? **સાધિત...** એણે બધું સાધ્યું. ભગવાન પૂર્ણાનંદ પ્રત્યે સાવધાન થઈને જેણે નિર્વિકલ્પ વેદન દ્વારા આત્માને જાણ્યો, આહાહા! ભારે આકરૂં કામ ભાઈ!

એણે સાધિત બધું સાધ્યું. જે સાધવાનું હતું સાધવાનું-કરવાનું, એ સાધ્યું. અને **આરાધિત...** એણે આત્માને આરાધ્યો. આહાહા! **યહ શબ્દ એકાર્થ હૈં...** બધા શબ્દો સામાન્ય છે એટલે એકાર્થ છે. **જો આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધસે રહિત હૈ...** આહાહા! ભગવાન આનંદસ્વરૂપના સેવન રહિત છે એ રાગનું સેવન કરનાર અપરાધી છે. આહાહા! સમજાણું કાંઈ? છેને?

**વહ આત્મા અપરાધ હૈ.** પૂર્ણાનંદ પ્રભુ... જે જ્ઞાન (ત્રણ) લોક, ત્રણ કાળને જાણે એવી તો એક સમયની પર્યાય છે. એવી તો અનંતી-અનંતી પર્યાય જેના ગર્ભમાં પડી છે, દ્રવ્યરૂપે હોં. એવો જે મહાપ્રભુ એનું આરાધન છોડી દઈને, એના તરફની સેવના છોડી દઈને, જેણે એને મૂકીને રાગને સેવ્યો. (શ્રોતાઃ મહારાજ સાહેબ! હિન્દી ચાલે છેને?) હિન્દી ચાલે છે એ ખબર નથી. ઉસકા આરાધન કિયા... સમજમેં આયા? આહાહા! અપના આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ઉસકી સેવા રહિત જિસને રાગકા આરાધન કિયા, આહાહા! ચાહે તો એકલો પ્રશસ્તરાગ દેવ-ગુરુ-શાસ્ત્રનો હો, પણ એનું આરાધન એ અપરાધ છે. આહાહા! પ્રભુ! એ તો કહ્યુંને તત્ત્વાર્થસારમાં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, પ્રભુ! એ અપરાધ છે–અપરાધ હૈ. આહાહા! સમજમેં આયા? અપને આનંદસ્વભાવકી સેવના, સન્મુખતા છોડકર જો રાગસન્મુખ હુઆ, સ્વભાવસે વિમુખ હુઆ, વહ અપરાધી હૈ. વહ અપરાધી જીવ હૈ. સમજમેં આયા? કળશ. સમયસારનો કળશ છે. ૧૮૭ કળશ.

**अनवरतमनंतैर्बध्यते सापराधः**
**स्पृशति निरपराधो बंधनं नैव जातु ।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरापराधः साधु शुद्धात्मसेवी ॥**

આહાહા! એકલા અમૃતના વરસાદ વરસ્યા છે. ભગવાન આત્મા અમૃતના સ્વભાવથી સાગર ભરેલો છે—ભરા હુઆ હૈ. આહાહા! છે કળશ? **શ્લોકાર્થ : સાપરાધ આત્મા...** આહાહા! ઐસા પૂર્ણાનંદ જ્ઞાનકા સાગર પ્રભુ ઉસકા **નિરંતર...** અપરાધ સહિત આત્મા... મૈં (શુદ્ધ) નહીં, મૈં તો રાગ હૂં, મૈં તો પરકા ભલા કરનેવાલા હૂં, પરકા બૂરા કરનેવાલા હૂં. આહાહા! વહ સાપરાધ આત્મા હૈ. વહ **નિરંતર અનંત (પુદ્ગલપરમાણુરૂપ) કર્મોંસે બંધતા હૈ...** ભવ ને ભવકે ભાવરહિત ભગવાન ઉસકી આરાધના ન કરકે, ભવ ને ભવકે ભાવકી આરાધના કરતા હૈ, વહ અનંત પુદ્ગલપરાવર્તનમેં કર્મસે બંધતા હૈ. સમજમેં આયા? ચાહે તો ગૃહસ્થાશ્રમકા ત્યાગ કિયા હો બાહ્યસે, મુનિ હુઆ હો, પણ જિસને પંચમહાવ્રતકે પરિણામ જો રાગ હૈ ઉસકી સેવા કી, વહ અપરાધી જીવ હૈ. આહાહા! ગજબ બાત હૈ. ભાઈ! તારો નાથ ખોવાઈ ગયો એમાં. રાગની આડમાં ચિદાનંદ ભગવાનનો અનાદર તેં કર્યો. સમજાય છે કાંઈ?

**સાપરાધ આત્મા**... વળી આત્મા સાપરાધ (હોય)? આત્મા તો નિર્દોષ શુદ્ધ હૈ. પાઠ તો ઐસા લિયા હૈ, આત્મા સાપરાધ હૈ. ઐસા શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાન ઉસકા જિસકો અંતરમેં સ્વીકાર ને સન્મુખતા નહીં, સ્વીકારસે સન્મુખતા નહીં, ઉસકી સન્મુખતા રાગ ઉપર સ્વીકારમેં ગઈ. સમજમેં આયા? તો કહતે હૈં કિ વહ સાપરાધ આત્મા હૈ. અરે! કોઈની હિંસા કરી નથી, પૂર્વે કોઈની કરી નથી, બ્રહ્મચર્ય પાલતા હો... પણ 'બ્રહ્મચર્ય પાલતા હૂં' વહ સબ વિકલ્પ–રાગ હૈ. સમજમેં આયા? પંચમહાવ્રતકા પરિણામ ભી વિકલ્પ–રાગ હૈ. ઉસકી સેવા કરનેવાલા સાપરાધી આત્મા હૈ. ઓહોહો! દિશા જેની ફરી ગઈ છે.. સમજાય છે કાંઈ? એ દિશામૂઢ થઈ ગયો. અપની ચિદાનંદદશાકો છોડકર રાગકે અપરાધમેં ગયા. આહાહા! લોકોને આકરું લાગે. ભાઈ! અહીં તો, સ્વના સેવનને છોડી દઈને વ્યવહારરત્નત્રયના રાગનું સેવન (કરે એ) સાપરાધી આત્મા છે–સાપરાધી આત્મા હૈ. અનંત પુદ્ગલકર્મસે બંધતા હૈ.

**નિરપરાધ આત્મા**... એક જ વાત. ભગવાન આત્મા નિરપરાધ અપની સેવામેં તત્પર હૈ, રાગકી સેવા રહિત હૈ. આહાહા! સમજમેં આયા? **નિરપરાધ આત્મા બંધનકો કદાપિ સ્પર્શ હી નહીં કરતા.** આહાહા! અબંધસ્વરૂપી ભગવાન આત્મા ઉસકી સેવા–આરાધના કરનેવાલા બંધનકો સ્પર્શતા નહીં. કિંચિત્ બંધ હોતા નહીં, એમ કહતે હૈં. એક ન્યાયસે તો, સમ્યગ્દર્શનમેં આત્માકા સ્પર્શ હુઆ વહ નિરપરાધી આત્મા હુઆ. આહાહા! સમજમેં આયા? નિરપરાધી ભગવાનકો રાગકા સ્પર્શ નહીં તો બંધનકા સ્પર્શ ભી નહીં. બહુ ઝીણી અધ્યાત્મની વાત એવી લાગે. સ્થૂળ.. સ્થૂળ વાત ચાલે એમાં આ શું કહે છે?

પ્રભુ! તેરી ઘરકી ચીજ કહતે હૈં. સમજમેં આયા? તેરી પ્રભુતાકા પાર નહીં. તેરેમેં એક પ્રભુતાશક્તિ હૈ (જિસને) અનંત શક્તિકો પ્રભુતાપને બનાયા હૈ. સમજમેં આયા? પ્રભુતા તેરી શક્તિ-ગુણ આત્મામેં હૈ (ઉસને) અનંત ગુણકો હી પ્રભુતારૂપ બના દિયા હૈ. એકેક ગુણ જ્ઞાન, દર્શન, આનંદ વહ સબ પ્રભુ હૈ. અનંત પ્રભુ(રૂપ શક્તિ)કા ધણી આત્મા હૈ. અપને આત્માકી અનંત-અનંત પ્રભુતાકે સન્મુખ હોકર સ્વીકાર કિયા ઉસને આરાધન કિયા. વહ કર્મબંધનસે નહીં બંધતા. સમજમેં આયા? સાપરાધ આત્મા બંધતા હૈ, નિરપરાધ આત્મા બંધતા નહીં. એ ટૂંકી વાત છે. આહાહા!

**જો સાપરાધ આત્મા હૈ વહ તો નિયમસે અપનેકો અશુદ્ધ સેવન કરતા હુઆ...** ખુલાસા કિયા, અપરાધકી વ્યાખ્યા કી. અપને આત્મામેં અશુદ્ધકી સેવના કરતા હૈ. રાગ હી મૈં હૂં, રાગકી સેવના કરતા હૈ... આહાહા! ચાહે તો પંચપરમેષ્ઠી પ્રતિકા રાગ હો, આગમ પ્રતિકા રાગ હો, કહતે હૈં, રાગકો ભી સેવન કરતા હુઆ અશુદ્ધકો સેવન કરતા હૈ. આહાહા! ભારે ભાઈ! આ નીચલા દરજ્જામાં આવી વાત ચાલે? ઉપર જાય તો તો થાય, નીચે નહીં. નીચે ઔર ઉપર દોનોં એક બી બાત હૈ. સમજમેં આયા? શ્રદ્ધાના જ્ઞાનને નિર્મળ તો કર. વહ ચીજ નિરપરાધી

ભગવાન આત્મા હૈ ઐસા જહાં સ્વીકાર હુઆ વહાં કર્મબંધન નહીં. હૈ ઐસા સ્વીકાર નહીં તો કોઈ ચીજકા સ્વીકાર તો કરના પડેગા. પૂર્ણ શુદ્ધસ્વરૂપકા જહાં સ્વીકાર નહીં શ્રદ્ધામેં-જ્ઞાનમેં, વહ ચીજ બૈઠી નહીં તો અશુદ્ધકા સેવન તો હૈ. આહાહા! ભારે વાત ભાઈ!

વહ અશુદ્ધ સેવન કરતા હુઆ સાપરાધ હી હૈ. રાગકા સેવન કરતા... પહલે આયા થા ન 'સમગ્ર રાગ'? નહોતું આવ્યું? સમયસાર, ૪૭-૪૮ ગાથા. 'સમગ્ર રાગ' નહોતું? સારા–સમગ્ર રાગમેં આત્માકો ... નહીં એમ કહતે હૈ. દ્વેષને બતાવવા આટલો ટૂંકો એક રાગ જ લીધો છે ત્યાં. ૪૭-૪૮માં આવી ગયું છે આપણે. આ તો નિયમસાર છે. સમજમેં આયા? 'આ જીવ સમગ્ર રાગગ્રામમાં..' ઐસા હૈ. 'આ જીવ સમગ્ર રાગગ્રામમાં..' એક જ વાત લીધી. રાગગ્રામ એ જ લીધું. દ્વેષ હો, વિષયવાસના કે ગમે તે હો, શુભ હો કે અશુભ હો, અસંખ્ય પ્રકારકા શુભ-અશુભ સબ રાગગ્રામ... સમગ્ર રાગગ્રામમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું એ જૂઠું છે. અસંખ્ય પ્રકારના રાગમાં એકરૂપ ભગવાન કેમ આવે? સમજમાં આવે છે?

એકરૂપ ભગવાન આત્મા, રાગકી લીલા જો અસંખ્ય પ્રકારકી હૈ ઉસમેં કૈસે આવે? આહાહા! ઉસમેં વ્યાપતા હૈ ઐસા માનના વહ સાપરાધ જીવ હૈ. આહાહા! ગુનહગાર હૈ. અપના દરબારકા અનાદર કિયા ઉસને. ... ભાષા સમજે? 'સમગ્ર' ઐસા લિયા હૈ. 'આ જીવ સમગ્ર રાગગ્રામ..' ગ્રામ શબ્દસે સ્થાન લિયા. રાગગ્રામ (એટલે) સ્થાનોમાં એમ લીધું. **વ્યાપીને પ્રવર્તી રહ્યો એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી**.. એ વ્યવહારીજીવોનો અધ્યવસાય–અજ્ઞાન છે. જો આત્મા નિયમસે અપનેકો અશુદ્ધ સેવન કરતા હૈ વહ સાપરાધ આત્મા હૈ. આહાહા! બહુ ટૂંકી વાત. થોડી બાતમેં સારા સંસાર ભર દિયા હૈ. થોડી વાત–અલ્પ બાતમેં સારા મોક્ષ ભર દિયા. એક રાગકા સૂક્ષ્મ કણ—ગુણ-ગુણીકા ભેદરૂપ વિકલ્પ ઉસકી સેવા કરનેવાલા અશુદ્ધકી સેવા કરતા હૈ. આહાહા! ભારે વાત ભાઈ! ધર્મ આવો.

**सुद्धं चेवप्पयं लहदि जीवो**... આવે છે. (સંવર) અધિકાર (ગાથા ૧૮૬). **सुद्धं चेवप्पयं लहदि जीवो**... શુદ્ધાત્માને સેવતો શુદ્ધાત્મા પામે, અશુદ્ધાત્માને સેવતો અશુદ્ધ.. અશુદ્ધ.. અશુદ્ધ.. અશુદ્ધ.. અશુદ્ધ.. રાગ હૈ, અપરાધ હૈ. અપરાધ.... ઉસકી તુજે સેવના કરની હૈ? આહાહા! સમજમેં આયા? તો કહતે હૈં, **સાપરાધ હૈ; નિરપરાધ આત્મા તો ભલીભાંતિ શુદ્ધ આત્માકા સેવન કરનેવાલા હોતા હૈ.** નિરપરાધ આત્મા, રાગસે રહિત અપની ચીજકી સેવના કરનેવાલા નિરપરાધ કહનેમેં (આતા હૈ). વહ ગુનહગાર નહીં. આહાહા! વહ ગુનહગાર નહીં તો ઉસકો ચોરાશીકા અવતાર નહીં. રાગકો સેવનેવાલા ગુનહગાર–અપરાધ કરનેવાલા ચોરાશીમેં જન્મેગા, ઉસકો ચોરાશીકા અવતાર હોગા અનંત-અનંત. આહાહા!

યહાંસે નિકલકર અનંતકાલ તો આત્માકો રહના હૈ. તો જિસને રાગ અપના માનકર સેવન કિયા, વહ અનંત કાલ જગતમેં પરિભ્રમણ કરેગા. વહ અપરાધી પ્રાણી હૈ. યહાં રાગસે

રહિત ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન આત્મા ઉસકી આરાધના-સેવા કી, ભવિષ્યકાલમેં અનંતકાલ પવિત્રતામેં રહેગા. સમજમેં આયા? ભલે થોડો રાગાદિ હો, પણ એ રાગનો જ્ઞાતા છે. યે તો જબસે આત્માકા આરાધન હુઆ, તબસે નિરપરાધી ઔર તબસે ભવરહિત હો ગયા. સમજમેં આયા? કહા ન યહાં તો કિ ઉસકો કર્મબંધન થોડા ભી નહીં. ભલે સમકિત લો કિ ચારિત્રસે રહિત લો—બધી એક જ વાત. સમજમેં આયા?

આત્માકા સેવન કરનેવાલા ભલીભાંતિ નિરપરાધી હૈ. 'મૈં શુદ્ધ હૂં' ઐસે યાદ કરના નહીં, મૈં શુદ્ધ હૂં, શુદ્ધ હૂં, શુદ્ધ હૂં—ઐસા (રટન) નહીં. શુદ્ધ હૈ ઐસા પરિણમન હોના. સમજમેં આયા? પવિત્રધામ ત્રિકાલ ઉસકી પર્યાયમેં પવિત્રતા પ્રગટ હુઈ, તબ વહ શુદ્ધ ત્રિકાલી પવિત્ર હૈ ઐસા સ્વીકાર હુઆ. પર્યાયમેં પવિત્રતા પ્રગટ હુએ બિના પવિત્ર ત્રિકાલી જીવ હૈ ઐસા કિસને સ્વીકાર કિયા? કિસ માપસે દ્રવ્યકા માપ કિયા? સમજમેં આયા? આહાહા! **નિરપરાધ આત્મા તો ભલીભાંતિ શુદ્ધ આત્માકા સેવન કરનેવાલા હોતા હૈ**. ચાહે તો મુનિપનેમેં હો, ચાહે તો સમકિતમેં હો, વહ તો શુદ્ધકા હી આરાધક હૈ. શુદ્ધકા હી સેવન કરનેવાલા હૈ. આહાહા! મુનિકી દશા ... હૈ ઉસકો શુદ્ધતા હૈ. સમકિત હી હૈ, રાગસે ભિન્ન હૈ. સમજમેં આયા? શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ વૈકુંઠધામ પરમાત્મા, ઉસ ધામમેં ગયા, ભલે યહાં હો, વહ નિરપરાધી આત્મા હૈ.

વૈકુંઠ-બૈકુંઠ બાહર કહતે હૈં ન, ભગવાન બિરાજતે હૈં, (મૃત્યુકે બાદ) વૈકુંઠમેં જાયેગા, ઉસકે સાધુકો લડ્ડુ ખિલાયે તો વહાં લડ્ડુ મિલેગા. આહાહા! હજી ત્યાં સુધી લાડવા રાખવા છે, પાછું શરીર રાખવું છે. વૈકુંઠમાં શરીર, એને વળી ભગવાન ન્યાં દેખાય, એના સાધુને આહારમાં ચૂરમા આપ્યા હોય તો ત્યાં ચૂરમા મળે, આહાર ન આપ્યો હોય તો રોટલી સૂકી મળે, એ વૈકુંઠની દશા. સમજમેં આયા? વ્યંતરમાં ભૂતડા થઈને આવ્યા હોય ને ભૂત વ્યંતરમેં જાના હો તો વૈકુંઠ દેખા ઐસે લાગે. સમજમેં આયા? વ્યંતરકા સ્થાન હૈ ન બડા, બહોત ઊંચા હૈ. સ્ફટિક જૈસા હો હીરા-માણેક રહનેકા સ્થાન, વ્યંતરદેવ વહાંસે આયા હો, ખ્યાલમેં આ ગયા કોઈ, ઓહો.. એ જાણે વૈકુંઠ છે. ઔર જાના હો ફિર વહીં. બ્રહ્મચર્યકા પરિણામ હો તો ઉસે લગે કિ હમ વૈકુઠમેં જાતે હૈં. યે વૈકુંઠ તેરા નહીં, યે તો સંસાર હૈ. સમજમેં આયા? જિસમેં રાગકા અંશ નહીં ઐસે અપને સ્થાનમેં જાના વહ મોક્ષ-વૈકુંઠસ્થાન હૈ. સમજમેં આયા? અને રાગમેં રહના, અકેલા રાગકા સેવન નરક-નિગોદકી સેવના હૈ. સમજમેં આયા?

**ઔર (ઇસ ૮૪વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાહ શ્લોક કહેતે હૈ) :** વહ તો આધારકા શ્લોક થા.

अपगतपरमात्मध्यानसंभावनात्मा
नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।
अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो
भवति निरपराधः कर्मसंन्यासदक्षः ॥ ११२ ॥

**શ્લોકાર્થ : ઇસ લોકમેં જો જીવ પરમાત્મધ્યાનકી સંભાવના રહિત હૈ...** ભાષા કૈસી કી હૈ, દેખો! ઇસ લોકમેં જો જીવ પરમાત્મધ્યાનકી સંભાવના રહિત હૈ... પરમાત્મા, અપના પરમાત્મા હોં, દેખો! યહાં શબ્દ લિયા મુનિને, અપના પરમાત્મા-પરમ આત્મા, પરમ આત્મા ધ્રુવસ્વરૂપ, પરમ આનંદકી ગાંઠ. ઐસા અપના પરમાત્મસ્વરૂપ... ઉસકી સંભાવના રહિત (અર્થાત્) ઐસે પરમાત્મા પ્રતિકે આદર રહિત, ઉસકી ભાવના-એકાગ્રતા રહિત. આહાહા! **(અર્થાત્ જો જીવ પરમાત્માકે ધ્યાનરૂપ પરિણમનસે રહિત હૈ...** પરિણમનસે રહિત હોં. પૂર્ણસ્વરૂપ ભગવાન વહ તો ધ્રુવ, ઉસકી એકાગ્રતામેં જો પરિણમન શુદ્ધ હોતા હૈ, શુદ્ધ પરિણમનમેં 'યે પરમાત્મા' ઐસા ભાન હોતા હૈ ઐસે શુદ્ધ પરિણમન સહિત હૈ. રહિત હૈ વહ **પરમાત્મધ્યાનરૂપ પરિણમિત નહીં હુઆ હૈ)...** આહાહા! પૂર્ણાનંદ સ્વભાવ સન્મુખ હોકર વીતરાગી પરિણતિ જિસકો નહીં હુઈ વહ ભવાર્ત જીવ હૈ. આહાહા! ક્યા કહા સમજમેં આયા?

ભગવાન આત્મા પૂર્ણ પરમાત્મા 'અપ્પા સો પરમ અપ્પા' ઐસા વર્તમાન પરમાત્મા-સ્વરૂપ ઉસકી આરાધના રહિત-સમભાવના રહિત... હૈ ન. સમ્યક્ પ્રકાર ઉસ ઓરકી એકાગ્ર પરિણતિ રહિત. આહાહા! ત્રિકાલી શુદ્ધ ભગવાનકી પરિણતિ, પરિણતિ-પર્યાય રહિત **વહ ભવાર્ત જીવ નિયમસે સાપરાધ માના ગયા હૈ...** ભવાર્ત જીવ હૈ. આહાહા! પરમાત્માકે સેવન બિનાકા પ્રાણી ભવાર્ત હૈ-ભવમેં રખડનેવાલા હૈ. ઓહોહો! સમજમેં આયા? પરમાત્મા-અપના નિજ પૂર્ણસ્વરૂપ પરમાત્મા ઉસકી આરાધના રહિત હૈ. ઉસકી પરિણતિ.. પરિણતિમેં આના ચાહિયે ન. નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિકી પરિણતિમેં ભાસ હુઆ પૂર્ણ પરમાત્માકા. પૂર્ણ પરમાત્માકી સેવના, સમ્યગ્દર્શન-જ્ઞાન શુદ્ધપરિણતિ હૈ, ઉસસે રહિત જો આત્મા હૈ... યે તો દિગંબર મુનિ હૈં. નાગા બાદશાહથી આઘા. આતા હૈ કિ નહીં? નાગા એ બાદશાહથી આઘા.

આ કહે છે, ભવાર્ત છે. ભગવાન નિરપરાધી આનંદકંદ પ્રભુ ઉસકી સેવનારહિત, રાગકી આરાધના કરનેવાલા ભવાર્ત પ્રાણી હૈ. આહા! ભવમેં પીડા પાતા હુઆ પ્રાણી હૈ. ઘાનીમેં જૈસે તલ પિલાતે હૈં, ઐસે ભવરૂપી ઘાનીમેં પિલાયા જાયેગા. આહાહા! ઐસી વાણી... ઓલા કહે કે વ્યવહાર કરો, વ્યવહાર કરતે-કરતે નિશ્ચય હોગા. યે વાણી વીતરાગકી નહીં. સમજમેં આયા? પરમાત્માકે શ્રીમુખકી દિવ્યધ્વનિ વહ નહીં. દિવ્યધ્વનિ તો ઇસે કહતે હૈં. જો પ્રાણી અપની પ્રભુતાકો ભૂલકર કોઈ ભી રાગકે કણમેં પ્રભુતાકા સ્વીકાર કર, નિરપરાધ(પના)

છોડકર સાપરાધ હુઆ, પરિણતિમેં સાપરાધ હુઆ, આહાહા! વહ ભવાર્ત પ્રાણી હૈ. ચોરાસી લાખમેં ધક્કા ખાકર રખડ મરેગા. આહાહા!

અરે! કાળ ચાલ્યો જાય છે. દેહની સ્થિતિ લઈને આવ્યો એમાં કાંઈ એક સમય વધે એવો નથી. વધે? ચાલ્યો જાય છે સન્મુખ.. સન્મુખ.. સન્મુખ. મૃત્યુકે સન્મુખ જાતા હૈ. જિસને અંદર અમૃત્યુ હૈ ઐસા ચૈતન્યસ્વભાવ ઉસકા આરાધન ન કિયા, વહ મૃત્યુ નામ ભવાર્તમેં રખડેગા. મૃત્યુકે કાલમેં ત્રાસ હો જાયેગા. આહાહા! સમજમેં આયા? અજ્ઞાનીકો મરણકી બીક હૈ, જ્ઞાનીકો આનંદકી લહેર હૈ. દેહ છૂટનેકે કાલમેં વિકલ્પરહિત અનુભવ કિયા હૈ... સમજમેં આયા? કેમ થયું વળી? સરખું બેસવાનું હવે કરવું છે. અત્યાર સુધી કર્યું નથી? અહીં ધ્યાન રાખવું જોઈએ કે પાના ફેરવવાનું? એનો અર્થ.... એનો અર્થ. આહાહા! સમજાય છે કાંઈ?

એવો શ્લોક.... ઓહોહો! મુનિરાજે. ગજબ કામ! એક ઘાએ બે કટકા. બે જ કટકા થાયને. ઘા પડે તો એક કટકો થાય? લાકડી પર ઘા પડે તો બે કટકા થઈ જાય. એક ઘામાં બે કટકા થાય. એમ એક જ ભાવમાં બે કટકા, રાગ ને આત્મા જુદા. ભેદજ્ઞાનરૂપી તલવાર મારકર, છીણી–પ્રજ્ઞાછીણીરૂપી ભેદજ્ઞાન મારકર ભગવાન ઔર રાગકો ભિન્ન કિયા, નિરપરાધી પ્રાણી હૈ ઔર જિસને રાગ ને ભગવાન આત્માકો એક માના વહ ભવાર્ત પ્રાણી હૈ. 'ભવાર્ત' શબ્દ વાપર્યો છેને. આહાહા! ભવાર્ત જીવ.. ભવાર્ત જીવ આહાહા! અરે! સર્વજ્ઞ પરમાત્મા એની વાણીમાં આ આવ્યું, વહી વાણી સંત કહતે હૈં. ભવકા અંત (કરનેવાલી) વાણી ભગવાનકી હોતી હૈ. આત્માકા આરાધન કરના ઐસી વાણી ભવકા અંત કરનેવાલી હૈ ઔર રાગ કરો વહ વાણી ભવ, અનંત ભવકો બનાનેવાલી હૈ, અનંત ભવકો વૃદ્ધિ કરકે પીડા કરનેવાલી હૈ. ભવાર્ત હૈ ન. આર્ત–ભવમેં પીડા.

અપને સ્વરૂપકી આરાધનામેં પરિણતિમેં અનંત આનંદ આયેગા. આ ભવાર્ત... એથી આ વ્યાખ્યાન બહુ ઝીણું પડે હોં. નિશ્ચયપ્રતિક્રમણ નિશ્ચય... ઓલા કહે, નિશ્ચયની જ વાતું કરે છે. વ્યવહારની વાતું કરોને. પણ વ્યવહારની શું કરે? આહાહા! વચ્ચે વ્યવહાર આવે, પણ એની હોંશ શી? એકલું વ્યવહારનું આરાધન કરવું, એ તો ભવાર્ત પ્રાણી છે. આહાહા! છઠવેં ગુણસ્થાનમેં પ્રમાદ હોતા હૈ કિ નહીં? ઉસકો ભવકા કારણ કહા હૈ, સમકિતીકો હોં. આહાહા! અસ્થિરતા હૈ ન ઉતની.... યે અસ્થિરતા હૈ... અસ્થિરતાકે સાથ એકત્વ નહીં. એકત્વ નહીં ઉસ અપેક્ષાસે અબંધ હૈ, પણ અસ્થિરતામેં હૈ ઇતની પર્યાય, તો કહતે હૈં કિ વહ ભવકા કારણ હૈ. સમકિતીકો હોં. આહાહા! જો અકેલા રાગ ને પુણ્ય ને પાપમેં રુકા હૈ વહ તો ભવાર્ત પ્રાણી હૈ હી. થોડા પણ સત્ય હોના ચાહિયે. સમજમેં આયા? પરમસત્ય તો યહ હૈ.

**પરમાત્મધ્યાનરૂપ પરિણમિત નહીં હુઆ હૈ**... આહાહા! પરમાત્માનું ધ્યાન... અપના પૂર્ણ ભગવાન પરમાત્મા અપના નિજ પરમાત્મા હોં, ઉસકા ધ્યાન કરકે પરિણમિત નહીં હુઆ

વહ ભવાર્ત પ્રાણી હૈ. સમજમેં આયા? **જો જીવ નિરંતર અખંડ-અદ્વૈત**... હવે લીધું થોડું. આહાહા! **જો જીવ નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યભાવસે યુક્ત હૈ**... એક સમયમાત્રકા અંતર પડે બિના સમકિતી તો નિરંતર અખંડ અદ્વૈત **ચૈતન્યભાવસે યુક્ત હૈ**... રાગસે યુક્ત હૈ નહીં. આહાહા! જો પ્રાણી **નિરંતર અખંડ અદ્વૈત**... અખંડ, અદ્વૈત... ખંડ બિનાકી એકરૂપ ચીજ અંદર... ઉસસે યુક્ત હૈ, નિર્મળ પરિણતિ સહિત હૈ. લ્યો, ભગવાન આત્માકી લક્ષ્મી યહાં હૈ. ભગવાનજીભાઈ! બાહરકી લક્ષ્મી-લક્ષ્મી ધૂલ હૈ. પચાસ લાખ હો, પાંચ કરોડ હો, દો અબજ હો. એ લક્ષ્મી નથી, એ તો ધૂળ છે. સ્વરૂપકી લક્ષ્મીકા જહાં સમ્યગ્દર્શનમેં ભાસ હુઆ વહ લક્ષ્મીવંત હૈ. કહો, ચીમનભાઈ! માળા રૂપિયા બહુ રોકે હોં બહાર. રાગ રોકે. આહાહા!

અરે! એક સમય એવો આવશે.. 'એક રે દિવસ એવો આવશે, ..... જી, એક રે દિવસ એવો આવશે, ..... સગી નારી રે તારી કામિની, ઊભી ટગટગ જુએ જી, આ રે કાયામાં હવે કાંઈ નથી, એમ ધ્રુસકે ધ્રુસકે રોવે જી, એક રે દિવસ એવો આવશે.' એ સજ્જાય આવે છે. હમ તો પહલેસે સજ્જાય બહુત વાંચતે થે ન. સંવત ૬૪કી સાલસે, ૬૪કી સાલ. બહોત વર્ષ હુએ. ૬૪ હુએ ન. એ સજ્જાયમાળા છે ચાર. એ દુકાન ઉપર વાંચતા. એમાં આવતું... વ્યવહારની વાતું, દેશ-દેશની વાતું. ભાઈ! તારી વહાલી સ્ત્રી આમ ટગટગ જોશે. હવે કાંઈ નથી, શરીર છૂટી જશે હમણાં, રાખ્યું નહીં રહે. ધ્રુસકે ધ્રુસકે રોવે. રો કે ન રો, એ શરીરની સ્થિતિ તો પૂરી થશે. ઉસસે પહલે જિસને આત્માકા કાર્ય કિયા નહીં... સમજમેં આયા? આહાહા!

દેહ તો છૂટા હી પડા હૈ. વહ તો ક્ષેત્રસે જરી દૂર હો જાયેગા. અભી ભી ક્ષેત્રસે દૂર હૈ યહાં ભી. આત્માકા ક્ષેત્ર ને શરીરકા ક્ષેત્ર દોનોં ભિન્ન હૈ યહાં. આહાહા! ભગવાન આત્માકા ભાવ અને શરીરકા ભાવ તો ભિન્ન હૈ હી, પણ દોનોંકા ક્ષેત્ર ભિન્ન હૈ. હમારે ક્ષેત્રમેં શરીર નહીં, શરીરકે ક્ષેત્રમેં હમ નહીં. સમજમેં આયા? જિસને જીવનમેં મરણ દેખા હૈ, મરણ ને જીવન દોનોં એકરૂપ દેખે હૈં જિસને, જીવનમેં પ્રેમ નહીં ને મરણમેં દ્વેષ નહીં. ઐસી આત્માકી આરાધના કી ઉસકે મરણમેં શાંત.. શાંત.. શાંત.. નિરપરાધી અખંડ, નિરંતર અદ્વૈત, એમ પાછું. **ચૈતન્યભાવસે યુક્ત હૈ**. આહાહા! લગની લાગી એને. ચૈતન્યભાવસે યુક્ત હૈ.... ત્રિકાલી તો હૈ, પણ ઉસકે સાથ વર્તમાન પર્યાય સહિત નિર્મલ હુઈ.

**વહ કર્મસંન્યાસદક્ષ** હૈ. કર્મસંન્યાસ એટલે કર્મના ત્યાગમાં ડહાપણવાળો છે. ડહાપણ સમજતે હૈં ન? નિપુણ. **કર્મસંન્યાસ**, દેખો! (**કર્મત્યાગમેં નિપુણ હૈ**). અંદર હૈ, હિન્દીમેં હૈ. કર્મત્યાગમેં દક્ષ નામ નિપુણ હૈ. આહાહા! ઉસને સંન્યાસ લિયા. સમજમેં આયા? અપને સ્વભાવકા આદર કરકે રહે ઉસને સંન્યાસ લિયા. અપને સ્વભાવકા આદર કિયે બિના બાહરકે રાગાદિકા ભાવકો અપના માનકર બાહરકા ત્યાગ (કરે) વહ ધર્મકા ત્યાગી હૈ, ધર્મકા સંન્યાસી

હૈ. આહાહા! નિપુણ હૈ ન. **જીવ નિરપરાધ હૈ.** દક્ષ.... 'ડહાપણવાળા' હમારી ભાષા કાઠીયાવાડીમેં. યહાં 'નિપુણ' હૈ. ૮૪ હુઈ. આહાહા! ૮૫.

**मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**

**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८५॥**

કુંદકુંદાચાર્ય કહતે હૈં, યે જો હમને શ્લોક બનાયે હૈં વહ મેરી ભાવનાકે લિયે બનાયે હૈં. ઐસા દૂસરા ગ્રંથમેં નહીં આયા. યહાં તો, મેરી ભાવનાકે લિયે મૈંને નિયમસાર બનાયા હૈ. આહાહા! સમજમેં આયા? ઐસી ભાવનામેં ભાગ લ્યો તુમ, એમ કહતે હૈં. તુમ ભી મેરી ભાવનામેં આઓ. આહાહા! સાધર્મી બનો. સમજમેં આયા? આમંત્રણ દેતે હૈં.

**જો જીવ ત્યાગ અનાચરણ આચારમેં સ્થિરતા કરે,**

**પ્રતિક્રમણમયતા હેતુસે પ્રતિક્રમણ કહતે હૈં ઉસે. ૮૫.**

**ટીકા : યહાં (ઇસ ગાથામેં) નિશ્ચયચરણાત્મક પરમોપેક્ષાસંયમકો ધરનેવાલેકો નિશ્ચયપ્રતિક્રમણકા સ્વરૂપ હોતા હૈ ઐસા કહા હૈ.** પહલે સમજમેં તો લે ક્યા ચીજ હૈ. નિશ્ચય પ્રતિક્રમણ કિસકો કહતે હૈં? નિશ્ચયચરણસ્વરૂપ, ઐસે હૈ ન? નિશ્ચયચારિત્ર, આનંદસ્વરૂપકી રમણતાસ્વરૂપ પરમ-ઉપેક્ષા સંયમ... રાગ ઔર પરકી બિલકુલ ઉપેક્ષા. ... સર્વકી ઉપેક્ષા ધારણ કરનેવાલા... આહા! ભગવાન આત્મા અપને સ્વરૂપકે ચારિત્ર સહિત ઔર પરસે ઉપેક્ષા સહિત, યૂં. સમજમેં આયા? ઐસા ધારણ કરનેવાલા ભગવાન આત્મા... **નિશ્ચયપ્રતિક્રમણકા સ્વરૂપ**... વહ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ હૈ. આહાહા! ઐસા કહા હૈ. મિચ્છામિ દુક્કમ્ આવે છેને પડિકમણામાં બહારમાં. એ તો બધો વિકલ્પ છે, રાગ છે. મૈંને પાપ કિયા, કરનેવાલા ઔર મૈં છોડતા હૂં—ઐસી દૃષ્ટિ સહિત મિચ્છામિ દુક્કડમ્ ભી પાપ હૈ. (ક્યોંકિ) મિથ્યાત્વકો બાંધતા હૈ. કહો, સમજમેં આયા? આહા! ભારે આકરું કામ.

ઓલા કહે, સદાચરણ સેવો પહેલા. હા, એમ આવે છે. કાલ આવ્યું છેને જૈનશાસન. એવું આવે છે. ખૂબ લખે છે. એને બેઠું હોયને. બાપુ! સદાચરણ તો એને કહીએ કે સત્ એવો ભગવાન નિર્વિકલ્પ આનંદનું ધામ તેમાં રમણતા એનું નામ સદાચરણ છે. સમજમેં આયા? કોઈ કહતે હૈં કિ રાગકી ક્રિયામેં રમતે-રમતે યે સબ પ્રાપ્ત હો જાયેગા. આહા! સદાચરણ શુભરાગ... ભાઈ! બડા શલ્ય હૈ, મિથ્યાત્વકા બડા શલ્ય હૈ ભાઈ! તુજે ખબર નહીં. નુકશાન હોગા, બડા નુકશાન હોગા. અભી સત્યકા અનાદર કરનેમેં હોંશ આતી હૈ. ઐસા નહીં, યે માર્ગ ચ્યુત કરતે હૈં. સાધારણ પ્રાણીકો (કહે), બસ ઐસા નિશ્ચય કરો તો તુમ્હારા કલ્યાણ હો જાયેગા. ઐસા કહકર સબકો રાજી રખતે હૈં. એય! વકીલ છેને એ, કોટડિયા વકીલ છે. આહાહા!

જો ધર્મકા આરાધનવાલા હૈ ઉસકે તો શુભભાવ બહોત હોતા હૈ. સમજમેં આયા? ફિર ભી વહ શુભભાવકી કોઈ કિંમત નહીં. ક્યા હોતા હૈ? દેખો! યહાં ભક્તિ નહીં હોતી હૈ? શાસ્ત્રકા આદર હોતા હૈ, ઐસા પરમાગમ (મંદિર) બનતા હૈ, વાંચન-શ્રવણ પૂરા દિન ચલતા હૈ. વહ સબ શુભભાવ નહીં? ભાવ હો ફિર ભી નિષેધ અંદરમેં આવે ઉસકા નામ ધર્મ હૈ. એટલી વાત. ઓલો કહે, નહીં, યે ભાવ હૈ વહી ધર્મ હૈ, કરતે-કરતે કલ્યાણ હોગા. ભગવાન! ઐસા ભવકે અભાવકા કાલ હૈ, જો ઇસમેં ભૂલા તો કહીં ભવભ્રમણકા આરા નહીં મિલેગા. ભૂલ ભાંગવાને કાળે–ટાળવાને કાળે ભૂલ કરી, આરા નહીં આવે. આચાર્ય યહ કહતે હૈ દેખો! આહાહા!

**નિયમસે પરમોપેક્ષાસંયમવાલેકો...** પરકી ઉપેક્ષા. એકદમ રાગાદિ સબકી ઉપેક્ષા, ભગવાન પૂર્ણાનંદકી અપેક્ષા. **શુદ્ધ આત્માકી આરાધનાકે (અતિરિક્ત)...** ઐસા શુદ્ધ આત્માકી સેવનાસે જુદા **સબ અનાચાર હૈ.** લ્યો, યહાં તો વ્યવહારરત્નત્રયકો અનાચાર કહા. ધન્નાલાલજી! હૈ? (શ્રોતાઃ જરા કમ જચા.) ફરીને. ભગવાન આત્મા આનંદસ્વરૂપ ઉસમેં પરકી ઉપેક્ષા છોડકર, (પરકી) અપેક્ષા છોડકર ઉપેક્ષા કરના અને સ્વભાવકી દૃષ્ટિ આદિ કરના વહી આચાર હૈ. ઉસકે સિવા શુભરાગાદિ સબ અનાચાર હૈ. કહો, નંદકિશોરજી!

આ ગાય છેને એ લોકો. 'નંદલાલ નહીં રે આવું, કે ઘરે કામ છે..' નાના હતાને કૃષ્ણ ત્યારે ગોપીઓ સાથે રમતા. બહુ પુણ્યશાળી હતા. ભલે ભરવાડને ત્યાં મૂક્યા હતા, ભરવાડ. ક્યા? ગોવાળિયા. ત્યાં મૂક્યા હતા, પણ પુણ્યશાળી પ્રાણી કંઈ અછતાં રહે? ત્યાં મૂક્યા... ચમક.. ચમક એની પુણ્યની અને વિચિક્ષણ વીર્યવાન. ગોપીઓ સાથે રમતા. ગોપીઓને કહે, ચલો અભી. ગોપીઓ કહે નંદલાલને, 'નંદલાલ નહીં રે આવું..' હમણા નહીં હોં, મારે ઘરે રાંધવું છે. અહીં કહે છે કે નંદના આત્માના આનંદમાં ચાલ. તો કહે, ના, ના, કામ છે. એ ચંદુભાઈ!

ઓલામાં આવ્યું છેને હમણા. મીરાંબાઈ.. મીરાબાઈમાં આવ્યું છે. એના પિતાજીએ મીરાંબાઈના રાણાની સાથે લગ્ન કર્યા. પણ એને પૂર્વનું સ્મરણ અંદર આવી ગયું, પૂર્વના સંસ્કાર. એ પૂર્વે હતી ગોપી શ્રીકૃષ્ણ પાસે ગોકુળમાં.. શું કહેવાય? આ ગોવાળણ. ગોવાળણ હતી અને કૃષ્ણ સાથે રમતું કરતા હતા. એ મરીને અહીંયા મીરાંબાઈ થઈ રાજાને ઘરે. રાણાને પરણી, કહે છે કે રાણા હું અહીંયાની નથી, હું તો વ્રજની ગોપી હતી. અહીં તો ભૂલથી આવી ગઈ છું. એય! સમજમેં આયા? મૈંને તો ગિરધરસે લગ્ન લિયા હૈ. મેરા સ્વામી તો ગિરધર હૈ, પરમાત્મા હૈ. મેરે સ્વામી તુમ નહીં. સમજમેં આયા? ઐસે સમકિતી કહતા હૈ, આહાહા! મેરા સ્વામી તો ભગવાન ત્રિલોકનાથ હૈ. ઉસકા મૈં સ્વામી હૂં, મૈં રાગાદિકા સ્વામી નહીં. આહાહા!

ભૂલ હોકર મૈં યહાં આ ગયા હૂં. સમજમેં આયા? સંસારમેં કોઈ ભૂલ કી તો મૈં અવતારમેં ગયા, એમ કહતે હૈં. સમજમેં આયા? અમે અહીંના નહીં હો, આ દેશના નહીં.

હમ પરદેશી પંખી સાધુ, હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશના નાહીં રે,

હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશ કે નાહીં રે.

સ્વરૂપનું સાધન, આરાધન કરી જાશું સ્વરૂપ સ્વદેશ જો, હમ પરદેશી પંખી સાધુ.

એ શ્રીમદ્‌માં આવે છે. પરદેશી હમ તો કહાંસે નિકલે ને કહાં આ ગયે હૈં? હમ ઇસ દેશકે નહીં નાથ! આહાહા! રાગમેં રહનેવાલે હમ નહીં. સમજમેં આયા? આહાહા! રાવણ રામનું રૂપ લે ત્યાં સીતા માતા દેખાય છે. સીતાજી પ્રસન્ન થતાં નથી, રાવણ કહે છે. ભાઈ! આ સીતાજીને હું લાવ્યો છું, પણ પ્રસન્ન થતાં નથી. ક્યા કરના? તુમ રામકા રૂપ ધારણ કરો તો સીતાજી રાજી હોગી, પ્રસન્ન હોગી. રાવણ કહતે હૈં, મૈં રામકા રૂપ ધારણ કરતા હૂં તો સીતાજી માતા દિખતી હૈ. આહાહા! ઐસે આત્મા જહાં જ્ઞાનસ્વરૂપકો ધારણ, આરાધન કરતા હૈ, સારા સંસાર સીતા દિખતી હૈ. સમજમેં આયા? રામ હો જાય પરમાત્મા ઉસ સમયકી તો ક્યા બાત કરના? પણ આત્મરામ સાધકકા રૂપ જહાં ધારણ કરતા હૈ, સબ મૈં નહીં, મેરેમેં યે નહીં. આહાહા! સમજમેં આયા? યે રાવણકી કથામેં આતા હૈ. મૈં રામકા રૂપ ધારણ કરતા હૂં તો સીતાજી માતા દિખતી હૈ, મૈં રામ હો જાઉં તો ક્યા હો? આહાહા!

ઐસે ભગવાન આત્માકા રૂપ જહાં દૃષ્ટિમેં આયા, સારા સંસાર નિકલ ગયા. મૈં રામ પૂર્ણ હો જાઉં આત્મામેં, ઉસકી તો બાત ક્યા કરના? સમજમેં આયા? ક્યા કહતે હૈં? દેખો! **શુદ્ધ આત્માકી આરાધનાકે અતિરિક્ત સબ અનાચાર હૈ**.... આહાહા! ગજબ બાત કરતે હૈં ન! દાંડી પીટીને કહે છેને! અપના ભગવાન શુદ્ધ પ્રભુ ઉસકો છોડકર કોઈ ભી વિકલ્પમેં આના વહ આચાર નહીં, અનાચાર હૈ. આહાહા! કહો, સમજમેં આયા? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર, તપ ને વીર્ય—પાંચ આચાર આતે હૈં ન. યે તો સ્વરૂપકે પંચાચાર હોં. ઉસકે સિવા વિકલ્પમેં આના વહ અનાચાર હૈ. અરે! શુભરાગ, વ્યવહાર રત્નત્રય વહ ભી અનાચાર હૈ, આચાર નહીં. આહા! ગજબ વાત છે! નંદકિશોરજી! સમજમેં આયા? ભાઈએ લખ્યું છેને નિહાલચંદભાઈએ. દેવ, ગુરુ ને શાસ્ત્ર એ આયતન નહીં, અનાયતન છે. રાડ નાખે માળા. નવરંગભાઈ ગયા? છે. કહો, સમજમેં આયા? ક્યા કહા?

આચાર તો સ્વરૂપમેં શ્રદ્ધા, જ્ઞાનમેં રમના વહ આચાર હૈ, બાકી સબ આચાર–આથણા હૈ. આચાર કહતે હૈં ન આથણા? ક્યા કહતે હૈં? અથાણું. અથાણું ક્યા કહતે? અચાર. અચાર ને ઓલો આચાર એટલો ફેર થોડો છે. કહતે હૈં, આરાધના રહિત સબ અનાચાર... ઓહોહો! અકેલે પંચમહાવ્રતકો પાલના યે અનાચાર હૈ. આહાહા! આ તે વાત. યે પંચમહાવ્રતકો પાલતે-પાલતે ચારિત્ર હોગા ને સમકિત હોગા. અરે ભગવાન! ભૂલતા હૈ હોં. રસ્તા નહીં મિલેગા. યહાં

પરમાત્મા ફરમાતે હૈં, અનાચાર છોડકર આચારસ્વરૂપમેં આ જા. ઉસકે સિવા સબ વિકલ્પ આદિ... વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૨, શનિવાર, તા. ૨૬-૮-૧૯૭૨**
**ગાથા-૮૫, શ્લોક-૧૧૩, પ્રવચન નં. ૭૯ (હિન્દી)**

યે નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર હૈ. ૮૫ ગાથા ચલતી હૈ ન. સૂક્ષ્મ અધિકાર હૈ. ગાથા ફિરસે લેતે હૈં.

**मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८५॥**
**જો જીવ ત્યાગ અનાચરણ આચારમેં સ્થિરતા કરે,**
**પ્રતિક્રમણમયતા હેતુસે પ્રતિક્રમણ કહતે હૈં ઉસે. ૮૫.**

નિશ્ચય પ્રતિક્રમણ કહો કિ નિશ્ચય ધર્મ કહો કિ નિશ્ચય મોક્ષકા માર્ગ કહો—સબ એક હી બાત હૈ. યહાં પ્રતિક્રમણમેં તો 'પીછે હટના' ઐસા ... હૈ ન. તો કહતે હૈં, **યહાં (ઇસ ગાથામેં) નિશ્ચયચરણાત્મક...** જુઓ! નિશ્ચયચારિત્રસ્વરૂપ **પરમોપેક્ષાસંયમ...** પરમ-ઉપેક્ષા... વિકલ્પસે ભી ઉપેક્ષા. જ્ઞાન, દર્શન, આચારકે વિકલ્પ જો હૈં ન વ્યવહાર ઉસસે ભી ઉપેક્ષા. આહાહા! ઐસા **ધારણ કરનેવાલેકો નિશ્ચયપ્રતિક્રમણકા સ્વરૂપ હોતા હૈ ઐસા કહા હૈ. નિયમસે પરમોપેક્ષાસંયમવાલેકો...** નિશ્ચયસે પરમ-ઉપેક્ષા સંયમ... જિસમેં વિકલ્પકા વ્યવહારકા આદર નહીં... આહાહા! ચાહે તો જ્ઞાનાચારકા... આઠ આચાર હૈં ન વ્યવહાર. આઠ વ્યવહાર ઉસકો ભી યહાં...

**શુદ્ધ આત્માકી આરાધનાકે અતિરિક્ત સબ...** દેખો! નિશ્ચયચરણસ્વરૂપ પરમ ઉપેક્ષા... આહાહા! આત્મામેં–અપને જ્ઞાનસ્વભાવમેં સ્થિર રહકર જ્ઞાનાચારકે આઠ પ્રકાર... કાલ, વિનયાદિ હૈ ન, યે ભી અનાચાર હૈ. આહાહા! અપને સ્વરૂપકે જ્ઞાન-આચારકી અપેક્ષાસે જ્ઞાનકા આઠ પ્રકારકા જો વ્યવહારાચાર હૈ વહ ભી અનાચાર હૈ. આહાહા! સમજમેં આયા? કહતે હૈં, નિશ્ચય પરમ-ઉપેક્ષાવાલેકો **શુદ્ધ આત્માકી આરાધનાકે...** પરમ ભગવાન નિર્મળાનંદ ચિદ્દ્ઘન પરમાત્મા પોતે–નિજ ઉસકી આરાધનાકે અતિરિક્ત, ઉસકી સેવાકે અતિરિક્ત અનેરે ભાવ સબ અનાચાર હૈં. આહાહા!

ભાઈ! એક બોલ સોગાનીમાં આવ્યો હતોને. ભડકે થે ન. દેવ-ગુરુ-શાસ્ત્ર અનાયતન હૈ. ક્યાં ગયા અમારા નવરંગભાઈ? નવરંગભાઈ બેઠા હતા. રાત્રે આપણે વંચાતુ હતુંને ત્યારે. દેવ, ગુરુ અને શાસ્ત્ર જે વ્યવહારે આયતન કહ્યા છે સમકિતીને, વહ અનાયતન હૈ નિશ્ચયસે. આહાહા! ઉસમેં આયા થા. ભડકે છે લોકો. અરર! હો ઉસકે સ્થાનમેં, પણ વહ આચાર નહીં. આચાર તો ભગવાન આત્મા નિર્મલાનંદમેં રહકર સ્થિરતા કરતા હૈ વહી આચાર હૈ. ઉસકે

સિવા યે વ્યવહાર આઠ જ્ઞાનાચાર વહ ભી અનાચાર હૈ. કરણાનુયોગમેં આયા ન—જ્ઞાનાચાર, દર્શનાચારકે આઠ (ભેદ). હે જ્ઞાનાચાર! તેરે પ્રસાદસે જબ લગ પૂર્ણતા ન પાઉં તબ તક તુજે મૈં આરાધતા હૂં. ચરણાનુયોગ વ્યવહારનયકે ગ્રંથમેં ઐસા આયા હૈ. કુંદકુંદાચાર્યકે શાસ્ત્રમેં આયા હૈ. ઉસી બોલકો યહાં અનાચાર કહતે હૈં. સમજમેં આયા?

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર—યે પાંચ બોલ હૈં ચરણાનુયોગમેં. વહાં ઐસા લિયા હૈ, હે પંચાચાર! તેરે પ્રસાદસે જબ લગ મૈં પૂર્ણતા ન પાઉં તબ તક તેરા ભાવ મુજે હૈ. યહાં તો કહતે હૈં, આહાહા! વહ ભી વિકલ્પ હૈ. સમકિતકે આઠ આચાર વ્યવહાર.. નિઃશંક, નિકાંક્ષ આતા હૈ ન. અપની નિશ્ચય સ્થિરતામેં વહ ભી અનાચાર હૈ. આહાહા! આવું સ્વરૂપ છે. વ્યવહાર ચારિત્રાચાર તેરહ પ્રકાર આતે હૈં ન—પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ. વહ ભી નિશ્ચયસે તો અનાચાર હૈ. આહાહા! વ્યવહારસે આચાર કહા. ક્યોં કહા? કિ નિશ્ચય આચારકે સ્થાનમેં ઐસા વિકલ્પ આતા હૈ તો ઉસકો આરોપસે (આચાર) કહા. યથાર્થમેં તો યહ આચાર હૈ નહીં.

આ સમકિતની વ્યાખ્યા આવી છેને કાલ બપોરે, એમાંથી બે વિચાર આવ્યા હતા. કે આ વ્યવહાર સમકિત કેમ કહ્યું અને એને સરાગ સમકિત કેમ કહ્યું? સમજાય છે કાંઇ? એક તો સ્વરૂપકી અંતર નિશ્ચય-દૃષ્ટિ, અનુભવમેં પ્રગટ ચીજ હૈ ઉસકો સહચર દેખકર વ્યવહાર શ્રદ્ધા આદિ... હૈ તો રાગ, યે કોઈ શ્રદ્ધાકી પર્યાય નહીં, પણ સહચર દેખકર, નિમિત્ત દેખકર વ્યવહાર કહા ઔર ઉસી ભાવકો સરાગ સમકિત કહા. યે દૂસરી અપેક્ષા હૈ. સમજમેં આયા? સરાગ સમકિત કહા વહ ચારિત્રકી અપેક્ષાસે કહા હૈ. યે સહચરકી અપેક્ષાસે વ્યવહાર કહા.

શ્રોતા : સહચરકી અપેક્ષાસે વ્યવહાર કહા, ચારિત્રકી અપેક્ષાસે સરાગ..

પૂજ્ય ગુરૂદેવશ્રી : સરાગ. ચારિત્રકે સાથમેં રાગાદિ ભાગ હૈ. આહાહા! સમજમેં આયા? યહાં ભી કહતે હૈં કિ નિશ્ચય જ્ઞાનાચાર અપના જહાં હૈ, વહાં પાંચ પ્રકારકે વિકલ્પ જો હૈં ઉસકો વ્યવહાર આચાર કહનેમેં આતા હૈ, પણ અપની સ્થિરતાકી અપેક્ષાસે. સમજમેં આયા? કથનની પદ્ધતિ તો સિદ્ધાંત... સમજમેં આયા? આહાહા!

ઐસે સમ્યગ્દર્શન. અપના ભગવાન આત્મા ઉસકી પ્રતીતમેં આચરણરૂપ સ્થિરતા હોતી હૈ ઉસે નિશ્ચય સમકિતકા આરાધન કહનેમેં આતા હૈ. વ્યવહાર જો વિકલ્પ ઉઠતે હૈં વે સહચર દિખનેસે ઉસકો વ્યવહાર કહનેમેં (આતા હૈ), પણ યથાર્થ સ્થિરતાકી અપેક્ષાસે ઉસકો તો અનાચાર કહતે હૈં. સમજાણું આમાં? ઓલો વ્યવહાર ને સરાગ એમ ફેર છે. વ્યવહાર સહચરની અપેક્ષાએ કહ્યું, સરાગ (નિશ્ચય) ચારિત્રની અપેક્ષાએ દોષને કહ્યું. આહાહા! એમ અહીંયા ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ પરમાત્મા ઉસકી દૃષ્ટિ અનુભવમેં હુઈ, વહી યથાર્થ સમકિતકે આચરણમેં આચાર હૈ. સાથમેં નિઃશંક, નિઃકાંક્ષિત, પ્રભાવના, વાત્સલ્ય આદિ આતે

હૈં ન, વહ વિકલ્પ વ્યવહાર સાથમેં હૈ તો નિમિત્ત દેખકર, સહચર દેખકર વ્યવહાર કહનેમેં આતા હૈ, નિશ્ચયકી સ્થિરતાકી અપેક્ષાસે વહ અનાચાર હૈ. સમજમેં આયા? આહાહા!

ઐસે ચારિત્ર. અપને શુદ્ધ સ્વરૂપકી રમણતા–વીતરાગી રમણતા અંદર હૈ, વહ તો અપના આરાધન ને વાસ્તવિક આચાર હૈ, પણ પાંચ સમિતિ, તીન ગુપ્તિ, પાંચ મહાવ્રત કહે ન—તેરહ પ્રકારકા વ્યવહાર ચારિત્ર હૈ વહ વિકલ્પ હૈ, યહાં સ્થિરતા નિશ્ચય હૈ ઉસ અપેક્ષાસે વહાં સહચર દેખકર વ્યવહાર આચાર કહનેમેં આતા હૈ. પણ યહાં (નિશ્ચય) સ્થિરતાકી અપેક્ષાસે દોનોં હી અનાચાર હૈં. આહાહા! સોમચંદભાઈ! આવી વાત! કડક પડે એ? હવે તમને પડે કાંઈ? નવા માણસને પડે, એ વાત સાચી. માર્ગ હી ઐસા હૈ. સમજમેં આયા? વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. લોગ ઐસે કહતે હૈં, વ્યવહાર હૈ ન? હૈ તો કૌન મના કરતા હૈ? પણ વ્યવહાર હૈ વહ ખરેખર નિશ્ચયકી અપેક્ષાસે અનાચાર હૈ. ઉસે સહચર દેખકર વ્યવહારકા આરોપ કહનેમેં આયા હૈ. આહાહા! કહો, સમજમેં આયા?

ઐસે તપ. અંદરમેં ઉગ્ર પુરુષાર્થસે પૂરે ભગવાન આત્મામેં 'પ્રતપન ઇતિ તપઃ' ઉગ્રપનેકી શોભા. આહાહા! સોનેકો જૈસે ગેરુ લગાનેસે ઓપિત–શોભાયમાન હોતા હૈ, ઓપિત–શોભિત, ઐસે ભગવાન આત્મા અપની નિર્મલ પરિણતિ–શુદ્ધ વીતરાગી પરિણતિ દ્વારા શોભિત હોતા હૈ વહી તપાચાર કહનેમેં આતા હૈ. સમજમેં આયા? સાથમેં જો બારહ પ્રકારકા વ્યવહાર વિકલ્પ તપ કહનેમેં આયા... 'તપસા ચ નિર્જરા' વહાં લિયા હૈ ન, યે તો નિમિત્તકા કથન હૈ, બારહ પ્રકારકા તપ વહ તો વિકલ્પ હૈ. વિકલ્પકો તપ કહા, વહ તો નિશ્ચયસે અપની શક્તિકી વ્યક્તતા પ્રગટ હોતી હૈ સાથમેં ઐસા વિકલ્પ હૈ તો સહચર (દેખકર) વ્યવહાર તપ કહનેમેં આતા હૈ. સ્વરૂપકી અપની રમણતાકી અપેક્ષાસે યે સબ અનાચાર હૈ. આહાહા! સમજમેં આયા?

ઐસે વીર્યાચાર. અપને સ્વરૂપમેં પુરુષાર્થકી જાગૃતિસે અનેક ગુણકી–શુદ્ધ સ્વભાવકી નિર્મલ રચના કરતા હૈ ઉસકો નિશ્ચય વીર્યાચાર કહનેમેં આતા હૈ. સાથમેં વ્યવહાર વીર્યાચાર જો આતા હૈ વિકલ્પ, સમજમેં આયા? ઉસકો સહચર દેખકર વ્યવહાર વીર્યાચાર કહા. નિશ્ચયસે તો વહ અનાચાર હૈ. નિશ્ચયસે તો વ્યવહારકી રચના નપુંસકતા હૈ. સમજમેં આયા? આહાહા! (શ્રોતાઃ બાત તો ઠીક હૈ મહારાજ! પર કઠિન હૈ). અમારે સોમચંદભાઈએ એમ કહ્યું, કડક છે. બાત તો ઐસી હૈ, કડક કહો, કઠણ કહો, મુશ્કેલવાલી કહો, પણ વસ્તુ તો યહ હૈ. ઉસકી શ્રદ્ધામેં યે બાત પહલી લેની પડેગી, ઉસકે સિવા સમ્યગ્દર્શન હોગા નહીં.

શ્રોતા : ઇતની કઠિન બાત આચાર્ય કભી નહીં કહતે, હિન્દી બનાનેવાલાને કહી હોગી. આચાર્ય ઐસી કઠિન...

પૂજ્ય ગુરૂદેવશ્રી : આચાર્યને કહા હૈ. યે ક્યા કહતે હૈં? યે પદ્મપ્રભમલધારી આચાર્ય કહતે હૈં. પાઠમેં ક્યા હૈ? **मोत्तूण अणायारं**... કુંદકુંદાચાર્ય. **आयारे जो दु कुणदि थिरभावं । सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा । मोत्तूण अणायारं**... વિકલ્પ માત્ર અનાચાર હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય ધર્મકે સ્તંભ, જિન્હોંને પરમાત્માકા દર્શન કિયા અને સાક્ષાત્ જાત્રા કી. આહાહા! વે આકર કહતે હૈં, અરે ભગવાન! **मोत्तूण अणायारं आयारे**... યે અનાચાર વિકલ્પ હૈ ઉસકો છોડ દે. **आयारे जो दु कुणदि थिरभावं**... જુઓ! સ્થિરતાકી અપેક્ષા આયી ન. સ્થિરતા, અંદર રમણતા.. રમણતા.. વીતરાગી રમણતા. આહાહા! વહી આચાર હૈ, વહી નિશ્ચયપ્રતિક્રમણ સ્વરૂપ પરિણતિ હૈ. સમજમેં આયા? પહલે સમજ તો લે. સમજે બિના થોથા. કહાં જાયેગા? આહાહા! સમજમેં આયા?

વ્યવહાર વિકલ્પ ઉઠતે હૈં ઉસે વ્યવહાર કહા વહ નિશ્ચયકા સહચર દેખકર. મોક્ષમાર્ગ પ્રકાશક. નિશ્ચય-વ્યવહારનું આલંબન. સહચર, નિમિત્ત, વ્યવહાર દેખકર ઉપચારસે બાત કહી. વાસ્તવિક રીતસે તો પાંચોં વ્યવહાર આચારાદિ ઝેર હૈ, દુઃખકા કારણ હૈ. આહાહા! ગજબ વાત છે. સમજમેં આયા? અપને નિજાનંદસ્વરૂપકે આચરણકી અપેક્ષાસે, સ્થિરતાકી અપેક્ષાસે ઉસકો અનાચાર કહનેમેં આયા હૈ. આચાર નહીં કહા. હૈ ન? **कुणदि थिरभावं**... આહાહા! પહલે જો ભગવાન આત્મામેં સ્થિરતા.. સ્થિરતા–જમ જાતે હૈં, નિર્વિકલ્પ ચોંટ (-ચિટક) જાતે હૈં ઉસ અપેક્ષાએ તો સબ આચાર અનાચાર હૈ, **मोत्तूण**–(છોડ દે). આહાહા!

યે પંચમ આરેકે મુનિ હૈં કિ નહીં? પંચમ આરેકે જીવકો કહતે હૈં કિ કોઈ ચૌથે આરેકે જીવકો કહતે હૈં? જિનેશ્વરદાસજી! આહાહા! યે પંચમ આરેકે.... આહાહા! ભગવાન! તું ઐસા ન માન. હમ પંચમ આરેમેં હૈં, કઠિન કાલમેં હૈં ઐસા ન માન. તું ઉસમેં હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? તું તો તેરે અપને નિજાનંદસ્વભાવમેં શ્રદ્ધા-જ્ઞાનસે રમણતા કરનેવાલા હૈ. આહાહા! પંચમ કાલ ને ચૌથા કાલ, કોઈ કાલ હી ઉસમેં હૈ નહીં. સમજમેં આયા? ઐસી ચીજ જો ભગવાન... ઐસે કહતે થે સુબહમેં નિર્મલભાઈ. નિર્મલકુમાર. આ ઘણા ઘણા પંથમાં હવે મગજ મુંજાય છે. ક્યાં ગયા નિર્મલભાઈ? કહતે થે સુબહમેં આયે થે ન નિર્મલભાઈ. આ ઘણા પંથ–બહુ પંથ છે. ઉસમેંસે લેના કિસકા? વાત સાચી હોં એની. બાળક છે, પણ હૈ બહોત અચ્છા. બહુ મીઠાશથી કીધું. કે આટલા બધા પંથમાં મગજ મુંઝાઈ જાય છે. સત્ય ગ્રહણ કૈસે કરે? આહાહા! સમજમેં આયા?

વહ નિર્ણય હો સકે ભગવાન! આ તો બે ને બે ચાર જેવી વાત છે. આમાં બે ને બે કોઈ અઢી કહે, ત્રણ કહે, સાડા ત્રણ કહે—એવી ચીજ નથી. સમજમેં આયા? અરે! શ્રદ્ધામેં બાત લો પ્રભુ! ઐસા હૈ આત્મા. પૂર્ણાનંદકા નાથ જિસકી રમણતામેં, વીતરાગ કહતે હૈં કિ જિતના હમારી ભક્તિકા ભાવ, હમારી શ્રદ્ધાકા તેરા ભાવ હૈ, આહાહા! અનાચાર હૈ, કહતે હૈં.

સમજમેં આયા? પ્રભુ! ઐસી ચીજ મિલની મુશ્કેલ હૈ. સમજમેં આયા? અનંત કાલમેં ઐસી ચીજ રુચિસે સુનનેમેં નહીં આયી. આહાહા! ભગવાન આત્માકી **આરાધનાકે અતિરિક્ત**... લ્યો. ઇતને શબ્દ હૈં. ભગવાન આત્મા પૂર્ણાનંદ... ગૃહસ્થાશ્રમમેં ભી સમ્યગ્દર્શન-જ્ઞાન હો સકતા હૈ. ઐસા નહીં કિ યે ગૃહસ્થાશ્રમમેં ઐસા ક્યા? સમજમેં આયા?

કહતે હૈં, આત્મા હૈ કિ નહીં? પ્રભુ! તો આત્મા હૈ તો ઉસકા આરાધન ક્યોં ન હો? ગૃહસ્થાશ્રમ હો કિ મુનિપના હો કિ ચાહે સો સ્થિતિ હો, પણ ઉસકી દૃષ્ટિમેં ઐસા તો નક્કી કરના ચાહિયે કિ મેરે સ્વરૂપમેં જિતની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા હો વહી આચાર હૈ. ઉસકે સિવા સારે વિકલ્પ... વીતરાગને કહી આજ્ઞા... વીતરાગને કહા, જિનેશ્વરને કહા ઐસા વ્યવહાર હૈ ન. જિનેશ્વરને કહા... આત હૈ ન બંધ અધિકારમેં. જિનવરે કહેલા વ્રત, તપ આદિ અભવિ પણ કરે છે. આહાહા! 'જિનેશ્વરને કહા' ઐસા કહા ભાઈ! ઉસે વ્યવહાર કહા ન શાસ્ત્રમેં. જિનેશ્વરને કહા ઐસા વ્યવહાર અભવિ ભી કરતા હૈ. પણ અંતર સ્વભાવકે અનુભવકે આશ્રય બિના સબ નિરર્થક.. નિરર્થક હૈ, સંસારપક્ષમેં હૈ. આહાહા! ભવકે પક્ષમેં વહ ભાવ હૈ. સમજમેં આયા?

શ્રોતા : બુદ્ધિપૂર્વક નહીં આતે હૈં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બુદ્ધિપૂર્વક વિકલ્પ આતે હૈં ન. જ્ઞાન, દર્શન, ચારિત્રકે વિકલ્પ બુદ્ધિપૂર્વક હૈં.

શ્રોતા : બુદ્ધિપૂર્વક....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના, બુદ્ધિપૂર્વક હૈ, રુચિપૂર્વક નહીં. યે દૂસરી બાત હૈ. રુચિ કરનેલાયક હૈ ઐસા નહીં. પણ બુદ્ધિમેં ખ્યાલમેં આવે ઐસા આતા હૈ, જ્ઞાનીકો ભી.

શ્રોતા : અનાચાર વીર્યાચાર અબુદ્ધિપૂર્વક હોતા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, અનાચાર હૈ, વહ તો સ્થિરતા હુઈ ઉસ અપેક્ષાસે અનાચાર કહા. સ્થિરતા ન કરે ઔર જબ વિકલ્પમેં હૈ તો વ્યવહાર આચાર કહનેમેં આતા હૈ. નિશ્ચયસે વહ અનાચાર હૈ. અબુદ્ધિપૂર્વકકા પ્રશ્ન યહાં નહીં હૈ, યહાં તો બુદ્ધિપૂર્વક.. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર બુદ્ધિપૂર્વક જો વિકલ્પ ઉઠતે હૈં ઔર આતે હૈં, સમકિતીકો. મુનિકો–ભાવલિંગી સંતકો ભી નિશ્ચય આરાધનામેં સ્થિર ન હો તો ઐસા ભાવ આતા હૈ, પણ યે વિકલ્પ અનાચાર હૈ. એ દેવીલાલજી! ભારે કામ ભાઈ!

શ્રોતા : ઐસી શ્રદ્ધા ન હો તો સમ્યક્ત્વ નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઐસી શ્રદ્ધા ન હો તો ઉસકી શ્રદ્ધાકા ઠિકાના નહીં. સમજમેં આયા?

નિયમસે, નિશ્ચયસે પરમ-ઉપેક્ષા સંયમવાલેકો અપનેમેં જબ સ્થિરતા હૈ... વહ સ્થિરતા ન હો તબ વિકલ્પકો વ્યવહાર આચાર કહા, પણ અંદરકી સ્થિરતાવાલેકો અનાચાર કહા. ઉસકા

અર્થ યહ હૈ કિ યે વિકલ્પ અનાચાર હૈ નિશ્ચયસે, પણ સ્થિરતાવાલા હુઆ તો અનાચાર છૂટ ગયા ઉસ અપેક્ષાસે ઉસકો અનાચાર કહનેમેં આયા હૈ. એ શું કહ્યું–ક્યા કહા સમજમેં આયા? છૂટ(કર) અંદર ગયા તો અનાચાર કહનેમેં આયા, અંદર પરિણમન હુઆ ન ઐસા. યે બાત લી હૈ. નહીંતર તો વ્યવહારસે આચાર કહતે હૈં. આહાહા!

ભગવાન આત્મા... વ્યવહારકા વિકલ્પ અનાચાર હૈ ઉસે આચાર માનતે થે, વ્યવહાર છૂટ ગયા, છૂટકર સ્વરૂપકી આરાધનામેં રહે તબ ઉસકો અનાચાર કહનેમેં આતા હૈ. જબ વ્યવહારમેં થે, સ્થિર નહીં થે, તબ ઉસકો વ્યવહાર આચાર કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ભારે વાત ભાઈ! આવો માર્ગ. લ્યો, આ મોટા મોટા જિનેશ્વરદાસજી, સોમચંદભાઈ. એક હિન્દી ને એક ગુજરાતી. માર્ગ તો ઐસા હૈ ભગવાન! આહાહા! ત્રણ લોકનો નાથ જાણવાની અપેક્ષાએ હોં, સ્વભાવ અપેક્ષાએ, ભાનની અપેક્ષાએ નહીં. ઐસા ભગવાન આત્મા અપની ચીજમેં દૃષ્ટિ કરકે જબ સ્થિર હોતા હૈ તો ઉસ અપેક્ષાસે તો ભગવાનકી આજ્ઞામેં વ્યવહાર આયા ઉસકો ભી, યહાં કહતે હૈં કિ જબ સ્થિરતા કરતે હૈં તબ અનાચાર હો ગયા ઇસલિયે છૂટ ગયા એમ કહતે હૈં. સમજમેં આયા?

આચાર્ય કહતે હૈં, જબ વિકલ્પ થા–નિર્વિકલ્પ ભૂમિકામેં (નહીં) થા તબ આચાર કહા વ્યવહારસે. પણ છૂટકર અંદરમેં ગયા તો ઉસી આચારકો અનાચાર કહનેમેં આયા. વહ અનાચારકા ફલ યહાં આયા હૈ. (વ્યવહાર) આચારમેંસે નિકલકર સ્વરૂપમેં સ્થિરતા હુઈ. આહાહા! ઐસે કહતે હૈં યહાં દેખો! (શ્રોતાઃ વ્યવહાર આચારમેંસે નિકલકર સ્વરૂપમેં ગયા,) તબ ઉસકો અનાચાર કહનેમેં આયા). આહાહા! વસ્તુસ્થિતિ ઐસી હૈ. ભગવાનકે ઘરમેં ઘૂસે, તબ બાહરકા જો વિકલ્પ થા વહ અનાચાર હોકર છૂટ ગયા ઇસલિયે આચાર ઉસકો કહનેમેં આયા હૈ. યે નિશ્ચયકો આચાર કહનેમેં આયા. આહાહા!

જૈનદર્શનમેં જિતના વ્યવહાર આજ્ઞાકા કથન હૈ, ચરણાનુયોગમેં જિતના કથન હૈ, સબ વ્યવહાર હૈ. નિશ્ચયસે સ્થિરતાકી અપેક્ષાસે યે સબ અનાચાર હૈ. ગજબ વાત છે. અનાચાર હૈ તો વીતરાગને કહા ક્યોં? ફિર ઐસે કહના કિ મહાવ્રતમેં, સમિતિમેં, ગુપ્તિમેં જિનાજ્ઞાકે પ્રમાણસે વ્યવહાર હૈ વહ અભવિ ભી કરતા હૈ, પણ સમ્યગ્દર્શન ને જ્ઞાન બિના વહ થોથા નિકલા ઉસકો. આહાહા! સમજમેં આયા? ચારિત્રકા કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? હૈ તો ગુણ સ્વતંત્ર, હૈ તો પ્રત્યેક ગુણ સ્વતંત્ર, પણ અપેક્ષા ડાલી બંધ અધિકારમેં. ચારિત્રકા મૂલ કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન બિના ઇન વ્રતાદિકો ચારિત્ર કહતે નહીં, બાલ વ્રત ને મૂર્ખામી ભરે હુએ વ્રત હૈં.

કિતને કહતે હૈં કિ ઐસા વ્યવહાર વ્રત ને જ્ઞાન પહલે કરના, પીછે કરતે-કરતે નિશ્ચય હોગા. આહાહા! કાળા કેર કરે છેને. વીતરાગમાર્ગ ઉપર કુહાડા મારતે હૈં. (શ્રોતાઃ કુહાડા

માને?) કુઠાર. કુઠારાઘાત. યે તો હમારે શેઠ સ્પષ્ટ કરાતે હૈં. કહો, સમજમેં આયા? આહાહા! કુઠારાઘાત કહતે હૈં. માર્ગ તો ઐસા હૈ. આહાહા! ઓહોહો! તીન લોકકે નાથ સર્વજ્ઞ પરમાત્મા ઉનકે મુખસે નિકલા વ્યવહાર. ભગવાનને ક્યોં કહા? એમ કહતે હૈં.

ભાઈ! ભગવાનને ઐસા કહા કિ જબ નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રમેં હૈ તો વહાં ઐસા વિકલ્પ ઉસકો આતા હૈ ઐસા જ્ઞાન કરાયા હૈ, ચરણાનુયોગમેં ઉસકા ખ્યાલ-જ્ઞાન કરાયા હૈ. સમજમેં આયા? અને વ્યવહારનયસે ઐસે ભી કહો કિ પાલતે હૈં, રખતે હૈં, કરતે હૈં. ઐસા ભી કહતે હૈં. ઉસમેં ક્યા હૈ? વહ તો જ્ઞાન કરાનેકી બાત હૈ. જ્ઞાન કરાનેકી બાત વ્યવહાર જિનેશ્વરકે મુખમેંસે નિકલા વહ ભી સ્વરૂપકી દૃષ્ટિ ને જ્ઞાન, સ્થિરતાકી અપેક્ષાસે અનાચાર હૈ. ચરણાનુયોગકા કથન જિતના હૈ (ઉસે) વ્યવહાર કહા. આહાહા! ગજબ વાત છે. ભૈયા! હો, જબ તક સ્થિરતા ન હો (તબ તક) હો, ઉસકો સહચર દેખકર વ્યવહારકા આરોપ કિયા. સમજમેં આયા? પણ સ્વરૂપકી સ્થિરતા(રૂપ) જબ પરિણતિ હુઈ તો વ્યવહાર આચાર, કહતે હૈં, વહ અનાચાર હૈ, જાઓ. આહાહા! સમજમેં આયા?

**નિયમસે પરમોપેક્ષાસંયમવાલેકો શુદ્ધ આત્માકી આરાધનાકે અતિરિક્ત**... ભગવાન આત્માકી સેવા, સેવા અર્થાત્ સ્વ-એવ પરમાત્મા પૂર્ણાનંદકી દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાસે અતિરિક્ત જિતના વ્યવહાર વીતરાગને કહા... આહાહા! ગજબ વાત છે. વીતરાગને કહા વ્યવહાર ભી અનાચાર. લે! સાચી વાત. રાગ હૈ ન. રાગકો આચાર કહા વહ તો સહચર દેખકર વ્યવહારસે કહા હૈ, પણ સ્વરૂપકી દૃષ્ટિ ને સ્થિરતાકી અપેક્ષાસે અનાચાર હૈ, આચરણ કરનેલાયક નહીં આહાહા!

શ્રોતા : અનાચાર ચરણાનુયોગ હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ચરણાનુયોગમેં અનાચાર નિશ્ચયસે કહા હૈ, નિશ્ચયસે. વ્યવહારસે આચાર કહા હૈ. બાત હી ઐસી હૈ. છોડનેલાયક હૈ. છોડનેલાયક હૈ, છૂટનેલાયક હૈ, રખનેલાયક નહીં. ચરણાનુયોગકા રાગ રખનેલાયક નહીં, પણ ઉસ ભૂમિકામેં આતા હૈ તો જ્ઞાન કરાયા ભગવાનને કિ કોઈ છઠવેં ગુણસ્થાનકે ભાવલિંગી હૈ વહાં ઉનકો પંચમહાવ્રતકા, ૨૮ મૂલગુણકા હી વિકલ્પ હોતા હૈ, બસ. વહ તો નિમિત્તકા જ્ઞાન કરાયા. વહાં કોઈ ઐસે માને કિ હમ ભાવલિંગી મુનિ હૈં ઔર હમેં વસ્ત્ર, પાત્ર, ચાહે સો હો, તો ભી હમારા મુનિપના રહતા હૈ—ઐસી બાત હૈ નહીં. ભાવલિંગમેં દ્રવ્યલિંગ ભી ઐસા હોતા હૈ ઉસકા જ્ઞાન કરાનેકો કહા હૈ. આહાહા!

ભાવલિંગી આત્માકી ચારિત્રદશા અંતરકી રમણતામેં રમે આત્મરામ ઔર ઉસે કપડા-વસ્ત્રકા ટુકડા રહે યે બને નહીં. યે વસ્તુકી મર્યાદા હૈ. યે કોઈ સંપ્રદાયકી ચીજ નહીં. અંતરમેં રમણતા, આત્મરામ પ્રભુ સ્વયં રમે વહાં વસ્ત્રકા ટુકડા લેના-રખના ઐસા વિકલ્પ ભી હૈ નહીં.

તો વહાં વિકલ્પ હૈ કૈસા? ૨૮ મૂળગુણ આદિકા ઉસકો ભગવાનને જનાયા, પણ હૈ વહ દોષરૂપ. પંચમહાવ્રતાદિ વિકલ્પ ચારિત્રમેં દોષરૂપ હૈ. જિસકો સાધક કહા નિમિત્ત જાનકર, ભાઈ! નિમિત્ત જાનકર સાધક કહા ઉસકો, (પણ) હૈ દોષ. ઉસ ભૂમિકામેં ઐસી હી હોતી હૈ કષાયકી મંદતા (તબ) નિમિત્ત સહચર દેખકર (કહા). આહાહા! પંચમ ગુણસ્થાનમેં બારહ વ્રતાદિકા વિકલ્પ, છઠવે ગુણસ્થાનમેં પંચમહાવ્રત, ૨૮ મૂળગુણકા વિકલ્પ—યે વસ્તુકી મર્યાદા ઐસી હૈ. ઐસા દેખકર ઉસકો વ્યવહાર કહા, આહાહા! પણ સ્વરૂપકી સ્થિરતા કરનેવાલેને દૃષ્ટિમેં પહલેસે લિયા હૈ કિ મૈં સ્થિરતા કરૂંગા તબ યે આચાર છૂટ જાયેગા. નિશ્ચયસે યે આચાર હૈ નહીં. આહાહા!

**અતિરિક્ત સબ અનાચાર હૈ, ઇસીલિયે...** 'સર્વ' શબ્દ પડા હૈ ન. ચરણાનુયોગમેં જિતના વ્યવહારકા કથન હૈ વહ સબ આત્માકી આરાધનાકે સામને સબ અતિરિક્ત આચાર અનાચાર હૈ. ઐસે લિયા. નંદકિશોરજી! કઠણ લાગે. આ સોનગઢવાળા કહે... સોનગઢનું છે કે આ ભગવાન કહે છે? ભગવાનકી વાણી હૈ. ગાથાનો પોકાર છે. સોમચંદભાઈ! આચાર્ય ભગવાનને ઐસા ક્યોં કહા? અનાચાર કહા. આહાહા! વસ્તુસ્થિતિ ઐસી હૈ. (શ્રોતાઃ **थिरभावं** કહા ન). સ્થિરભાવકી અપેક્ષાસે. જબ સ્થિર નહીં હૈ, તબ વિકલ્પ આતા હૈ તો ઉસે વ્યવહાર કહો. એ વખતે પણ ખરેખર દૃષ્ટિની અપેક્ષાએ તો અનાચારરૂપ છે. પણ સ્થિરતાની, રમણતાની અપેક્ષાએ ત્યાં છૂટી ગયું ત્યારે એને અનાચાર કહેવામાં આવે છે. આહાહા! **मोत्तूण अणायारं**.. આહાહા! કુંદકુંદાચાર્યનો પોકાર છે, હૃદયના પોકાર છે. સમજમેં આયા?

પુકાર કરકે ઉઠતે હૈં, અરે! **मोत्तूण अणायारं**... નાથ! તેરી આરાધનાકે સિવા જિતને વિકલ્પ સબ અનાચાર હૈં, છોડ, છોડ પ્રભુ! આહાહા! લખતા વખતે વિકલ્પ છે? હૈ કિ નહીં? શાસ્ત્ર બનતા હૈ તબ વિકલ્પ હૈ. (પૂર્ણ) વીતરાગ નહીં, સરાગી પ્રાણી હૈં. એ તો છે, કહે છે. **मोत्तूण अणायारं**... આહાહા! ભગવાનસ્વરૂપ પરમાત્મા ઉસકા આચરણ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ ચારિત્ર, નિર્વિકલ્પ તપ ને નિર્વિકલ્પ વીર્ય હૈ. જિસમેં વિકલ્પકી ગંધ નહીં, જિસમેં વિકલ્પકા આશ્રય નહીં ઔર (વિકલ્પ) થા ઉસ વજહસે છૂટકર સ્થિર હુઆ ઐસા ભી નહીં. વ્યવહાર વિકલ્પ થા તો નિશ્ચયમેં અધૂરીદશા થી, વહ થા તો સ્થિરતા હુઈ ઐસા ભી નહીં. અપને આરાધનમેં જબ પરમાત્મા પ્રતિ ઘોલનમેં ગયે, અનાચાર છૂટ ગયા. ઐસી દશા કિયે બિના કભી મુક્તિ નહીં હોગી. આહાહા! મોક્ષાર્થીકો તો ઐસા પહલે નિર્ણય કરના ચાહિયે. આહાહા!

(શ્રોતાઃ શબ્દ કઠિન માલૂમ હોતા હૈ, મહારાજ! લેકિન આચાર નહીં હુઆ ન ઐસે. સીધીસી બાત હૈ). ધર્મ નહીં, અધર્મ હૈ. કહા થા ન પહલે ૮૫કી સાલમેં સંપ્રદાયમેં. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ધર્મ નહીં. હજારો આદમી થે બોટાદમેં. ૯૧મેં યહાં પરિવર્તન

હુઆ, ઉસસે પહલે ૮૫મેં વહાં થે. સભા મોટી, દસ-દસ હજાર માણસોની. બોટાદમેં ૩૦૦ ઘર થે. સભામેં બહોત આતે થે. ઉસ વક્ત ૮૫મેં કહા. ૧૫+૨૮= ૪૩ વર્ષ હુએ. ભાઈ! જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ધર્મ નહીં. ધર્મસે બંધ નહીં ને બંધકે ભાવસે ધર્મ નહીં. આહાહા! 'ધર્મ નહીં' વહ તો ધીરેસે કહા થા. ધર્મ નહીં, તો અધર્મ હૈ. સમજમેં આયા? ઔર પંચમહાવ્રતકા પરિણામ વહ આસ્રવતત્ત્વ હૈ. દો બાત કહી થી. સંપ્રદાયમેં કહા થા. પંચમહાવ્રતકા પરિણામ વહ આસ્રવ હૈ. તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ધર્મ નહીં. ઉસકા અર્થ હુઆ કિ અધર્મ હૈ. કડક ભાષામેં કહો તો અધર્મ હૈ. મીઠી ભાષામેં કહો તો યે પુણ્ય હૈ. સમજમેં આયા? આહાહા!

રામેની રમતુંને, આહાહા! તે લૂંટે... આવે છેને ઓલામાં. કંચન ને કામિની ... આદિ કામની, રામની રમતુંને તે લૂંટે. વહ ગુજરાતીમેં આતા હૈ. એમ અહીં, વિકલ્પ આત્માની રમતુંને લૂંટનારા છે. આત્મરામ ભગવાન અપનેમેં રમતા હૈ ઉસમેં વિકલ્પ નુકશાનકારક હૈં. ભારે વાત ભાઈ! યે ગુપ્ત રખનેકો કહા હૈ કિ યે બાત ગુપ્ત રખના? યે તો ખુલ્લા બતાયા હૈ. અપ્રતિબુદ્ધકો તો બતાતે હૈં. આહાહા! ભાઈ! તેરી ચીજકે આરાધનકાલમેં સ્થિરતામેં રહના યે મોક્ષકા માર્ગ હૈ. ઉસ અપેક્ષાસે વિકલ્પ હૈ વહ સબ આચરણીય હૈ નહીં. જબ વિકલ્પ થા તબ વ્યવહારસે આચરણ કહનેમેં આતા હૈ. આહાહા! કહો, જાનો ઔર અપની સ્થિરતા કરે તો વિકલ્પકો અનાચાર (જાન)કર આગે બઢ ગયા હૈ. સ્વરૂપકી રમણતામેં આગે બઢ ગયા હૈ. છોડે ક્યોં?

છઠવેં ગુણસ્થાનમેં પંચમહાવ્રતાદિ હૈ યે પ્રમાદ હૈ. ક્યા કહા? પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ વહ પ્રમાદકા ભાવ હૈ. યે છૂટ જાતા હૈ તો અપ્રમત્ત હોતા હૈ. રહનેસે પ્રમાદ હૈ, છૂટનેસે અપ્રમત્ત હો જાતા હૈ. ઐસી બાત હૈ. છઠવેં ગુણસ્થાનમેં અપને દર્શન-જ્ઞાન-ચારિત્રમેં રમણતા હોને પર ભી પ્રમાદકા ભાવ હૈ તો ૨૮ મૂળગુણકા, પંચમહાવ્રતકા વિકલ્પ આતા હૈ, તો પ્રમત્ત ગુણસ્થાન કહા. પ્ર-મત્ત (અર્થાત્) અભી રાગમેં હૈ. આહાહા! પ્રમત્ત કહા હૈ નિર્જરા અધિકારમેં. રાગ પ્રમત્તભાવ હૈ. ઉસે છોડ તો અપ્રમત્તદશા–સપ્તમ ગુણસ્થાન હોગા. ઉસસે હોગા નહીં. આહાહા! સમજમેં આયા? વહી તો કહતે હૈં. ચારોં બાજુસે દેખો તો દિગંબર સંતોકી એક હી શૈલી ને ધારણા હૈ. ચાહે તો દિગંબર સંત... છોટેમેં છોટા (શાસ્ત્ર લો), નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી ઐસા કહતે હૈં, ઇષ્ટોપદેશમેં (પૂજ્યપાદસ્વામી) ઐસા કહતે હૈં—સબમેં એક હી પ્રકાર હૈ. સમજમેં આયા?

**ઇસલિયે સર્વ અનાચાર છોડકર...** પ્રતીતિમેં તો લે, શ્રદ્ધામેં તો લે કિ યહ સબ અનાચાર હૈ. **સહજચિદ્વિલાસલક્ષણ...** દેખો! સ્વભાવિક જ્ઞાનવિલાસલક્ષણવાલા **નિરંજન નિજ પરમાત્મતત્ત્વકી ભાવનાસ્વરૂપ...** દેખો! આરાધનાકી વ્યાખ્યા કી. કિસકો આરાધના હૈ, કૌનસી

દશા હૈ વહ? **સહજચિદ્વિલાસલક્ષણ**... સ્વભાવિક જ્ઞાનના વિલાસના લક્ષણવાળું જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વની ભાવના. આહાહા! નિજ પરમાત્મતત્ત્વ ત્રિકાલી ભગવાન ઉસકી ભાવના વહ આરાધના. ઓલા કહે છેને, ભાઈ! ભાવના એ તો રાગ છે. આવે છેને પ્રવચનસારમાં. પ્રવચનસારમેં આતા હૈ કિ સામાયિકકે કાલમેં કિસીકો શુદ્ધોપયોગકી ભાવના આતી હૈ. ઐસા પાઠ હૈ. પ્રવચનસાર. તો ઉસકા રતનચંદજીને અર્થ કિયા કિ ભાવના અર્થાત્ ભાતે હૈં કિ ઐસા હોગા, ઐસા હોગા. સામાયિક કાલમેં શુદ્ધોપયોગરૂપી ભાવના પરિણતિ હોતી હૈ એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? વહ યહાં કહતે હૈં દેખો!

**ભાવનાસ્વરૂપ**... ક્યા ભાવના વિકલ્પ હૈ? ચિંતવના હૈ? વહ તો કહતે હૈં. **સહજચિદ્વિલાસલક્ષણ**... ઉસમેં લાગુ પડતા હૈ ભાવનાસ્વરૂપ. ભાવના ક્યા? નિરંજન નિજ પરમાત્મતત્ત્વકી ભાવના. યે ભાવના કૈસી? સહજચિદ્વિલાસલક્ષણ. આહાહા! ચિદ્વિલાસલક્ષણ. આનંદમેં મોજ કરના ઐસા લક્ષણ આરાધનાકા ભાવનાકા હૈ. (શ્રોતાઃ ભાવનાસે મતલબ લીનતા?) યે હૈ. લીનતા. ભાવનાકા અર્થ, વિકલ્પ કિ ચિંતવના કરતે હૈં ઐસા નહીં. આહાહા! કાયરના તો આમ કાળજા કંપી જાય. વીતરાગમાર્ગ હૈ સમજમેં આયા? 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' આહાહા! વીર્યની મૂર્તિ પ્રભુ આત્મા, એકલા પુરુષાર્થનો પિંડ પ્રભુ. ઉસમેંસે અનંત પુરુષાર્થ પ્રગટ હો તો ભી અનંતવે ભાગમેં હૈ. કેવલજ્ઞાનીકો અનંત વીર્ય પ્રગટ હુઆ વહ ભી અનંતવીર્યકી મૂર્તિ પ્રભુ ઉસકે અનંતવે ભાગમેં પ્રગટ હુઆ હૈ. સમજમેં આયા?

ઐસા નિરંજન નિજ પરમાત્મા... ઐસા નિરંજન પરમાત્મતત્ત્વ, બસ ઇતના. ઉસકી ભાવના વહ આરાધના. આહાહા! **ભાવનાસ્વરૂપ આચારમેં**... દેખો! ઐસે **ભાવનાસ્વરૂપ આચારમેં જો (પરમ તપોધન)**... નીચે અર્થ છે. **સહજચૈતન્યવિલાસાત્મક નિર્મલ નિજ પરમાત્મતત્ત્વકો ભાના**... સહજચૈતન્ય-વિલાસસ્વરૂપ નિર્મલ નિજપરમાત્મતત્ત્વકો ભાના, **અનુભવન કરના વહી આચારકા સ્વરૂપ હૈ**... ભગવાન આત્માકે આચારકા યહ સ્વરૂપ હૈ. આહાહા! સમજમેં આયા? **ઐસે આચારમેં જો પરમ તપોધન સ્થિરતા કરતા હૈ વહ સ્વયં હી પ્રતિક્રમણ હૈ.** પ્રતિક્રમણ(મય) હી આત્મા હો ગયા. પ્રતિક્રમણકી પરિણતિમય હો ગયા વહ આત્મા હી પ્રતિક્રમણ હૈ. સમજમેં આયા? નિશ્ચયસ્વરૂપકી રમણતા(રૂપ) પ્રતિક્રમણ વહ આત્મા. ક્યોંકિ ઉસકી પર્યાય અભેદ હો ગઈ. વ્યવહાર આચારકા વિકલ્પ આદિ આત્મા નહીં. આહાહા! પંચમહાવ્રતકા પરિણામ વહ આત્મા નહીં.

જ્ઞાનાચાર, દર્શનાચાર, તપાચાર, ચારિત્રાચાર આદિકે આઠ-આઠ બોલ હૈં ન, યે આત્મા નહીં. આહાહા! વહ તો ઉસમેં રાગ આયા હૈ, રાગ વહ અનાત્મા હૈ. ઉસકો છોડકર જિસે આત્મામેં લીનતા, જમાવટ જમી હૈ. આહાહા! મોંઘા મૂલનો ભગવાન આત્મા. જિસકી કિંમત ન

હો ઐસી ચીજમેં દૃષ્ટિ જમી, સાથમેં સ્થિરતા જમી વહ પ્રતિક્રમણ હૈ, લ્યો. **(પરમ તપોધન) સહજવૈરાગ્યભાવનારૂપસે**... સહજ વૈરાગ્યકા ભાવ. યે ક્યા કહા? જો વિકલ્પ ને વ્યવહાર આચાર થા ઉસસે સહજપને હટ ગયા હૈ. સમજમેં આયા? હઠસે નહીં. રાગ છોડું ઐસે ભી નહીં. **સહજવૈરાગ્યભાવનારૂપસે...** આહાહા! અંદર રાગરહિત વીતરાગી ભાવનારૂપસે **પરિણમિત હુઆ સ્થિરભાવ કરતા હૈ...** પરિણમિત હુઆ સ્થિરભાવ કરતા હૈ. આહાહા! સમજમેં આયા?

**વહ પરમ તપોધન હી પ્રતિક્રમણસ્વરૂપ કહલાતા હૈ...** વહ પ્રતિક્રમણસ્વરૂપ હૈ. **કારણ કિ વહ પરમ સમરસીભાવના...** કેટલા શબ્દો વાપરે છે! આહાહા! **પરમસમરસીભાવનારૂપે પરિણમિત હુઆ...** સમ.. સમતા, વીતરાગ, શાંતરસ, અકષાયરસ પરિણતિમેં પરિણમતા હુઆ. આહાહા! સમજમેં આયા? જિનશાસન બઢે, મૈં ઐસી પ્રરૂપણા કરૂં—ઐસે વિકલ્પસે ભી હટ ગયા, એમ કહતે હૈં. વહ વિકલ્પ નિશ્ચયસે આચરણ નહીં. કહો! જૈનદર્શનકી પ્રભાવનામેં જો શુભવિકલ્પ ઉઠતે હૈં વહ ભી નિશ્ચયસે તો (આચાર) નહીં. ઐસા પરમ... શું કહ્યું? પરમ (સમ)રસીભાવના... પરમસમરસીભાવના... વિકલ્પ થા વહ વિષમભાવ થા. હટકર અંદર પરમ સમરસીભાવના–વીતરાગ પરિણતિરૂપી પર્યાય પ્રગટી. આહાહા! **હુઆ સહજ નિશ્ચય-પ્રતિક્રમણમય હૈ.** આવી વ્યાખ્યા પણ સાંભળવામાં ન આવે તો કે દિ' સમજે? વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. ભાઈ! વ્યવહાર હૈ તો ક્યા હૈ તુજે? વ્યવહાર હૈ વહ દોષ હૈ, કલંક હૈ. મનુભાઈ! કલશ હૈ ન ઇસકા.

**અબ ઇસ ૮૫વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ દો શ્લોક કહતે હૈં:**

**अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं**
**स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा ।**
**निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या**
**स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः ॥११३॥**

આહાહા! શબ્દોય ટૂંકા પડે છે. આનંદભક્તિ. અરે! **શ્લોકાર્થ : આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતસે ગાઢ ભરે હુએ...** ભગવાન આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃત–અજોડ અમૃત... ઐસા અમૃત કહીં હૈ નહીં. આહાહા! **આત્મા નિજ પરમાનંદ-રૂપી અદ્વિતીય અમૃતસે ગાઢ ભરે હુએ...** જેમાં કોઈ વિકલ્પનો પ્રવેશ કરવાનો અવકાશ નથી. અલ્પ આનંદકા પ્રવેશ જિસમેં નહીં. આહાહા! કૈસા હૈ આત્મા? યે આત્મા કૈસા હૈ ઉસકી બાત ચલતી હૈ. **નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતસે ગાઢ ભરે હુએ** હૈ. 'લબાલબ' એમ કહતે હૈં ન.

શ્રોતા : ઐસા આત્મા તો સર્વજ્ઞકા હોગા ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અભવિકા ભી ઐસા હૈ. કહો, સમજમેં આયા? લ્યો, અબ અભવિ લિયા. આત્મા હૈ ન, આત્મા ઐસા હી હૈ. 'સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતા ધાર.' સામાયિકમાં આવે છે. બધા ભગવાન આત્મા... આહાહા! સ્ત્રીકા લિબાસ, પુરુષકા લિબાસ ન દેખ. ઉસમેં ભગવાન જ્ઞાનસે, અતીન્દ્રિય આનંદસે લબાલબ ભરા હૈ ઐસા દેખ. સમજમેં આયા? આહાહા! ભગવાન આત્મા **નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃત**, એમ. અપને પરમાનંદરૂપી અજોડ અમૃતસે ગાઢ ભરે હુએ હૈ.

**સ્ફુરિત-સહજ- જ્ઞાનસ્વરૂપ આત્માકો...** સ્ફુરિત નામ અંદર પ્રગટ (સ્વભાવ). પર્યાયકી બાત નહીં. ભરે હુએ પ્રગટ સહજ જ્ઞાનસ્વરૂપ આત્મા... દેખો! આનંદ અમૃતકે સાથ સહજજ્ઞાનસ્વરૂપ આત્મા (લિયા). દોનોં લેના હૈ ન. આનંદ ને જ્ઞાન દોનોં લેને હૈં. **નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતસે ગાઢ ભરે હુએ સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માકો નિર્ભર (ભરપૂર) આનંદ-ભક્તિપૂર્વક...** આહાહા! હવે પર્યાય આવી. વહ દ્રવ્ય–વસ્તુ થી. કહતે હૈં, ઐસે **આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જલ દ્વારા સ્નાન કરાઓ...** આહાહા! અરે ભગવાન! તેરા અમૃતસે ભરા ગાઢ ભરપૂર અંદર આત્મા ઉસકો આનંદ-ભક્તિપૂર્વક... આહાહા! આનંદકી પર્યાય પ્રગટ કરકે આનંદકી ભક્તિ કી ઉસને. આહાહા! સમજમેં આયા?

આનંદકા નાથ, અમૃતકા નાથ પ્રભુકી ભક્તિ કી ઉસને. જિસને આનંદપર્યાય પ્રગટ કી, આનંદ-ભક્તિસે ભક્તિ કી. આહાહા! વાત સાંભળવામાં જરી (કઠણ લાગે). ક્યા હૈ ઐસા? અરે! વાણીમેં ન આવે ઐસી યહ બાત હૈ. સમજમેં આયા? (શ્રોતાઃ ...દેવકે ઉપર બરોબર આયા હૈ). વાત સાચી છે. બેનનો તો આત્મા મંગલમય આત્મા છે, ધર્મરત્ન હૈ. હિન્દુસ્તાનમેં બહન જૈસી અજોડ સ્ત્રી કોઈ હૈ નહીં. ઐસી બાત હૈ. અજોડ રત્ન હૈ. બાઈયોંના તો ભાગ્ય છે કે ઐસે સ્ત્રીદેહમેં આયે. કહો, સમજમેં આયા? યે તો વસ્તુસ્થિતિ ઐસી હૈ. આહાહા! નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતસે ભરે હુએ પ્રગટ સહજજ્ઞાનસ્વરૂપ... યે ત્રિકાલીકી બાત હૈ. ઐસે આત્મામેં ભરપૂર આનંદ-ભક્તિ... વહ પર્યાય આયી. આહાહા!

ઐસે પરમાનંદસે ભરા ભગવાન જ્ઞાનસે પ્રગટ, ઉસકી વર્તમાન આનંદ ને જ્ઞાનકી પર્યાયસે ભક્તિ કર. સમજમેં આયા? નિજ શમમય જલધારા... નિજ શમમય જલધારા સમતા.. સમતા.. સમતા.. જિસમેંસે વીતરાગબિંદુ ઝરતે હૈં ઉસસે ભગવાનકો સ્નાન કરાઓ. રાગ ચલા જાતા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? **સ્નાન કરાઓ. બહુત લૌકિક આલાપજાલોંસે ક્યા પ્રયોજન હૈ...** આહાહા! **અર્થાત્ અન્ય અનેક લૌકિક કથનસમૂહોંસે...** વ્યવહારકી ક્રિયાકો લૌકિક વ્યવહાર કહા. દ્રવ્યસંગ્રહમાં આવે છેને. ભગવાનને કહા વ્યવહાર વહ સબ લૌકિક વ્યવહારકી બાત હૈ એમ કહતે હૈં. આહાહા! ઐસે લૌકિક (કથન)સમૂહસે **ક્યા કાર્ય સિદ્ધ હો સકતા હૈ?** આહાહા! તેરે સ્વરૂપકા આરાધન (કિયા), સારા અમૃતકા ચિંતન કિયા તુને. લ્યો, યે ગાથા સમાપ્ત હુઈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૩, રવિવાર, તા. ૨૭-૮-૧૯૭૨**
**શ્લોક-૧૧૪, ગાથા-૮૬, પ્રવચન નં. ૮૦ (હિન્દી)**

૧૧૪ કળશ, નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર.

**मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं**
**स्थित्वात्मन्यात्मनात्मा निरुपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ ।**
**बाह्याचारप्रमुक्तः शमजलनिधिवार्बिन्दुसंदोहपूतः**
**सोऽयं पुण्यः पुराणः क्षपितमलकलिर्भाति लोकोद्घसाक्षी ॥ ११४ ॥**

કેટલા કઠણ શબ્દ છે. **શ્લોકાર્થ : જો આત્મા...** આ ૮૫ ગાથાનો કળશ છે. ૮૫ છેને? **જો આત્મા જન્મ-મરણકે કરનેવાલે, સર્વ દોષોંકે પ્રસંગવાલે...** સર્વ દોષોના સંબંધવાળો... રાગ-દ્વેષાદિ સર્વ દોષ. મિથ્યા-શ્રદ્ધા, રાગ-દ્વેષ, પુણ્યપરિણામ આદિ એ બધા દોષ છે. સમજમેં આયા? દોષોંકે પ્રસંગવાલે, જન્મ-મરણકે કરનેવાલે... દોષોનો જે સંબંધ ને પ્રસંગ... પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગાદિ દોષો એનો જે સંબંધ, એનો સહવાસ, સંગ ને સહિતપણું... .... **અનાચારકો અત્યન્ત છોડકર...** એ બધા વિકલ્પની જાળ, ચાહે તો જિનેન્દ્રે કહેલો વ્યવહાર (હોય), એ પણ અનાચાર છે–અનાચાર હૈ. સમજમેં આયા? જિનેન્દ્ર સિવાય .... કહેશે, ક્યાંય એ માર્ગ છે નહીં. જિનેન્દ્રને કહા હુઆ વ્યવહાર આચાર, ઉસકા ભી સંબંધ–સહવાસ–સંગસહિતપનેકા ભાવ છોડ દે. આહાહા! **અનાચારકો અત્યંત છોડકર**, એમ છેને પાછું? ચાહે તો પરમાત્મા પ્રત્યેની ભક્તિ કે પંચ મહાવ્રતનો વિકલ્પ હો, એ અનાચાર છે. ભગવાન આત્માનો એ આચાર નહીં. આહાહા! સમજમેં આયા?

**સર્વ દોષોંકે...** ... એના દોષ? જન્મ-મરણના કરવાવાળા. ઉસે અત્યંત છોડકર... યે પ્રતિક્રમણ કહા. અબ કિસમેં રહના? સમજમેં આયા? ઉસસે તો હટના કહા. હટના, પણ રહના કિસમેં? **નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાલે આત્મામેં...** કૈસા હૈ ભગવાન આત્મા? નિરુપમ–જિસકે ગુણકી કોઈ ઉપમા નહીં. ઐસા પરમાત્મા અપના સ્વરૂપ, અપના નિજસ્વરૂપ પરમાત્મા. કૈસા? નિરુપમ સહજ આનંદ... અનંત ચતુષ્ટય લિયે હૈં. ભાષા ભલે આડીઅવળી કરી, પણ મૂળ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય ને અનંત સુખ. ભગવાન આત્મા સ્વભાવિક, ઉપમા વિનાનું સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ, સ્વભાવિક દર્શન ત્રિકાળ દર્શનોપયોગ, સ્વભાવિક સુખ ત્રિકાળ અને સ્વભાવિક વીર્ય ત્રિકાળ એવો આત્મા. આહાહા! સમજમેં આયા?

શરીરાદિસે તો ભિન્ન હૈ. યે તો માટી હૈ, પુદ્‌ગલ જડ હૈ. હૈ ખરી ચીજ, પણ ઉસકે અસ્તિત્વસે ભગવાન આત્માકા અસ્તિત્વ જુદા હૈ. પાપકે પરિણામસે ભી ભગવાન આત્મા જુદા હૈ ઔર પુણ્યકે વિકલ્પસે ભી આત્મા–પરમાત્મા જુદા હૈ. ઐસા સાક્ષાત્ પ્રભુ સહજ નિરુપમ અનંત જ્ઞાન... આહાહા! ઉસકે જ્ઞાનસ્વભાવકો ઉપમા કિસકી? સહજ નિરુપમદર્શન, સહજ નિરુપમ-આનંદ, સહજ નિરુપમવીર્ય એવા... છે? વીર્યવાલા આત્મા ઉસકો આત્મા કહીએ. આહાહા! સમજમેં આયા? પુણ્ય-પાપ તો નહીં, યે જડ શરીરાદિ તો ઉસમેં હૈ નહીં, પણ એક સમયકી પર્યાય ભી નહીં એમ કહતે હૈં. સ્વભાવિક ત્રિકાળ નિરુપમ સહભાવી આનંદ, જ્ઞાન, દર્શન ને વીર્ય એવો આત્મા–અનંત ચતુષ્ટયવાળો આત્મા. સમજમેં આયા? આહાહા!

પૂર્ણાનંદનો નાથ એની શું કિંમત! એના શું મૂલ્યાંકન–મૂલ્ય કરવા! ઐસા પ્રભુ નિરુપમ સહજ આનંદ, દર્શન, જ્ઞાન, વીર્યવાલે આત્મામેં... આહાહા! સ્વભાવિક આનંદવાળો આત્મા, સ્વભાવિક જ્ઞાન, દર્શનવાળો. કૃત્રિમ પરિણતિ એ અહીંયા નહીં. પર્યાય જો ઉત્પન્ન હો વહ નહીં. ત્રિકાલ ધ્રુવ ભગવાન આત્મા ઐસા અનંત સહજ નિરુપમ ગુણવાલા આત્મા, ઐસા લિયા હૈ યહાં. ઐસે **આત્મામેં આત્માસે**... ઐસે આત્મામેં... હવે આવી પર્યાય. **આત્માસે**... ઐસી નિર્મલ વીતરાગી પર્યાય ઉસે 'આત્માસે' કહનેમેં આતા હૈ. નિર્મલ વીતરાગી પર્યાય... ઐસે આત્મામેં નિર્વિકલ્પ વીતરાગી પર્યાયસે... નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એવો આત્મા (એટલે) પર્યાયરૂપ આત્મા. વહ ધ્રુવરૂપ આત્મા, સમજમેં આયા?

**આત્મામેં આત્માસે સ્થિત હોકર...** અંતર નિર્વિકલ્પ સ્વરૂપમેં સ્થિર હોકર. આહાહા! યે નિશ્ચયપ્રતિક્રમણ. યે સમ્યક્ મોક્ષકા માર્ગ. સમજમેં આયા? અરે! જન્મ-મરણકા કરનેવાલા ઐસા દોષ... **मुच्चै** શબ્દ પડ્યો છેને? **जनन मृत...** મૃત એટલે મૃત્યુ? **जनन** ને **मृत...** આહા! જન્મ ને મરણના કરવાવાળા સર્વ દોષ... જિસ ભાવસે ગતિ મિલે વહ ભાવ ભી દોષ હૈ. ચાહે તો સ્વર્ગકી ગતિ મિલે, સર્વાર્થસિદ્ધિકા ભવ મિલે, વહ ભાવ ભી દોષ હૈ. સમજમેં આયા? સર્વ દોષોસે રહિત... અત્યંત છોડકર, એમ. આવા આત્મામાં આત્માથી સ્થિત થઈને **બાહ્ય આચારસે મુક્ત હોતા હુઆ...** સર્વજ્ઞને કહા બાહ્યાચાર ઉસસે ભી મુક્ત હોતા હુઆ. સમજમેં આયા?

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર એવા પાંચ પ્રકારના આચારની વિકલ્પવાળી વૃત્તિઓ—જે ભગવાને વ્યવહાર કહ્યો, ઉસે ભી છોડકર... **શમરૂપી સમુદ્રકે જલબિંદુઓંકે...** આહાહા! સમતારૂપી સમુદ્રકે જલબિંદુસે... આહાહા! સમતારૂપી સમુદ્ર તો આત્મા ત્રિકાલી, સમતારૂપી જલસે–વીતરાગભાવસે ભરા હુઆ પ્રભુ. ઉસકે સમુદ્રકે જલબિંદુઓંસે... ઐસે સમુદ્રકે જલબિંદુ... આહા! વીતરાગી પવિત્ર પરિણતિ પ્રગટ કર **સમૂહસે પવિત્ર હોતા હૈ...** સ્નાન કિયા, પવિત્ર પરિણતિ દ્વારા સ્નાન હુઆ. અરે! વાત કેવી આ તો!

શ્રોતા : જલબિન્દુમેં ક્યા લેના?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પવિત્ર પરિણતિ.

**સમુદ્રકે જલબિંદુઓંકે સમૂહસે પવિત્ર હોતા** હુઆ... સમતા... સમતાકા પિંડ પ્રભુ, વીતરાગસ્વભાવી પ્રભુ આત્મા, ઉસકે આશ્રયસે જો પવિત્ર પરિણતિ નિર્મલધારા, શાંતજલ ઉપશમરસ પરિણતિ (હોતી હૈ) ઉસકે દ્વારા પવિત્ર હોતા હુઆ... કોઈ કહતે હૈં ન કિ પુણ્ય પવિત્ર હૈ. એમ આવે છેને 'પુણ્ય' શબ્દમાં? પુણ્ય પવિત્ર છે, આમ છે, તેમ છે. સમજમેં આયા? એવો અર્થ કરે છે, તુમ્હારે રતનચંદજી. પુણ્ય શબ્દમાં... ઇસકે ગામકા હૈ કિ નહીં?

શ્રોતા : એવો અર્થ થાય છે એમ તો કરે છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના, થાતો નથી. એ કહે છે. પુણ્યના પરિણામમાં વ્યવહાર પવિત્રતા (અર્થાત્) પાપનું ઘટવું એ. નિશ્ચય પવિત્રતા નહીં. વહ તો અપવિત્ર હૈ. શુભભાવ અપવિત્ર હૈ, કલંક હૈ, મલ હૈ, મૈલ હૈ. આહાહા!

એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ એને નિર્મળ પર્યાય દ્વારા અભિષેક કર. આહાહા! ઐસા દ્રવ્ય ને ઐસા ગુણ, ઐસા આશ્રય લેકર ઐસી નિર્મલ પર્યાય દ્વારા પવિત્ર હોતા હુઆ... આહાહા! એ વાત વીતરાગ સિવાય કોઈ માર્ગમાં ક્યાંય છે નહીં. દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું? આહાહા! અદ્ધર ને અદ્ધર વાતું કરે ને લોકો બિચારા સાધારણ બુદ્ધિવાળા એમાં ઝંપલાવી જાય. જિંદગી ચાલી જશે. આહાહા! તેથી હમણાં કહેશે. વીતરાગમાર્ગનું આ સ્વરૂપ વર્ણવ્યું. ૮૬માં કહેશે. એ બધા ઉન્માર્ગ છે. સર્વજ્ઞે કહેલો આત્મા, નિરુપમ સહજ ગુણવાળો આત્મા એની અંતરની નિર્મળ પવિત્રતા દ્વારા પવિત્ર હોતા હુઆ... આહાહા! સમજમેં આયા? પર્યાય, અહીં પર્યાયની વાત કરી.

ભગવાન પૂર્ણ આનંદરૂપી સમુદ્ર ઉસકે જલબિંદુ... વીતરાગ સમરસ પરિણામ. શુભ-અશુભભાવ તો વિકાર હૈ, ઉસસે હટકર સમરસપરિણામમેં તરબોળ હો. તરબોળ સમજતે હો? વહ પૂરણપોળી નહીં હોતી હૈ? પૂરણપોળી હોતી હૈ, સુના હૈ? પુરણપોળી નહીં સમજતે? આહા! તુવેરની દાળ ને... આ પૂરણપોળી રોટી નહીં હોતી હૈ? મીઠી રોટી લ્યો તુમ્હારી ભાષામેં. મીઠી રોટી ઉતરે તવેમેંસે ઔર ઘીકા બર્તન હો ઉસમેં ડુબોએ. ઐસે ભગવાન આનંદકા સરોવર ઉસમેં ડૂબકી મારકર શમજલ બિંદુઓંસે પવિત્ર હો. વીતરાગભાવની વાત કરવી છેને! વીતરાગભાવ સ્વભાવ હૈ ઔર વીતરાગભાવ પરિણતિ દ્વારા પવિત્ર હોતા હૈ. બાકી કોઈ ક્રિયાકાંડ ને ઉસમેં સ્નાન ને જાત્રા કરે (ઉસસે પવિત્ર હોતા નહીં). સમજમેં આયા? આહાહા!

યોગસારમેં તો વહાં તક કહા હૈ, 'તનમંદિરમેં જીવ જિન..' તનમંદિરમાં જીવ જિન ભગવાન આત્મા તીર્થ હૈ, વહ તીર્થંકર હૈ. આહાહા! લોકો બહારમાં ભમે છે... આવે છેને ક્યાંક? 'દેરે દેખન..' ન્યાં ક્યાં ભગવાન હતા? એ તો વ્યવહારની વાત છે. શુભભાવ હોય ત્યારે એ (હોય છે). વસ્તુ ભગવાન જો બિરાજતા હૈ વહ તો અંદરમેં બિરાજતા હૈ. આ બીજું

કાંઈક કહે છેને? ત્યાં આવ્યું છેને. બહાર ભ્રમણ... લૌકિકમાં એમ આવે છેને. ગાથા બધી યાદ રહે કાંઈ? એ લોકો એમ કહે કે લૌકિક..... લોક કહે કે ત્યાં ભગવાન છે. વ્યવહારનયવાળા લૌકિકવાળા એમ કહે કે ત્યાં ભગવાન છે, એમ કહે છે. સમજમેં આયા? પરમાત્મા ત્રિલોકનાથ બિરાજતા હૈ તેરે તનમંદિરમેં ભિન્ન. ઐસા ભગવાનમેંસે (પ્રગટ હોતી) નિર્મલ પરિણતિ–વીતરાગકી નિર્વિકલ્પ પરિણતિકે સમૂહસે પવિત્ર હોતા હૈ.

**ઐસા વહ પવિત્ર પુરાણ (સનાતન) આત્મા...** ઐસા પવિત્ર પુરાણ આત્મા... પવિત્ર, પુરાણ નામ અનાદિકા, સનાતન. અનાદિ–જિસકી આદિ નહીં. હૈ.. હૈ.. હૈ.. હૈ.. અનાદિ સનાતન પવિત્ર... અનાદિ સનાતન પવિત્ર પુરાણ આત્મા **મલરૂપી ક્લેશકા ક્ષય કરકે...** શુભ ને અશુભ રાગાદિ મલકા ક્ષય કરકે... યહાં (કહા) ક્ષય કરકે અથવા નાશ કરકે. **લોકકા ઉત્કૃષ્ટ સાક્ષી હોતા હૈ.** છેને **लोकोद्घसाक्षी...** લોકકા ઉત્કૃષ્ટ સાક્ષી હોતા હૈ. આહાહા! પરમાત્મા સિદ્ધપદમેં આતા હૈ આત્મા, ઉત્કૃષ્ટ સાક્ષી જગતકા હૈ. યે તેરા સ્વભાવ ને તેરા સામર્થ્ય હૈ. સિદ્ધ હોનેકા તેરેમેં સામર્થ્ય હૈ. સંસારમેં રહનેકી ચીજ તેરેમેં નહીં. અરે! અપૂર્ણભાવમેં રહનેકા તેરા સ્વભાવ નહીં. સમજમેં આયા? પૂર્ણાનંદકા નાથ પ્રભુ પૂર્ણ હોકર ઉત્કૃષ્ટ જગતકા સાક્ષી હોતા હૈ. ઓહોહો! એક શ્લોકમેં કિતના ભર દિયા હૈ દેખો! હવે ૮૬.

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ॥८६॥**
**ઉન્માર્ગકા કર પરિત્યજન જિનમાર્ગમેં સ્થિરતા કરે,**
**પ્રતિક્રમણમયતા હેતુસે પ્રતિક્રમણ કહતે હૈં ઉસે. ૮૬.**

**ટીકા : યહાં ઉન્માર્ગકે પરિત્યાગ ઔર સર્વજ્ઞવીતરાગ-માર્ગકે સ્વીકારકા...** આહાહા! જિસને, સર્વજ્ઞસ્વભાવી આત્મા હૈ અને સર્વજ્ઞ હો સકતા હૈ ઐસા નહીં માના ઉસને જીવ ભી નહીં માના. સમજમેં આયા? એક આત્મા સર્વજ્ઞસ્વભાવી વહ જૈનમાર્ગ. સમજમેં આયા? સર્વજ્ઞ પૂર્ણ સ્વભાવી ઐસે અનંત આત્મા હૈં... સર્વજ્ઞસ્વભાવકા આશ્રય લેકર પર્યાયમેં સર્વજ્ઞપદ પ્રાપ્ત કિયા ઉસકો આત્મા કહતે હૈં, ઉસકો જિનમાર્ગ કહતે હૈં, ઉસકો જિન કહતે હૈં. આહાહા! એ વાત વીતરાગ સિવાય ક્યાંય (નથી). ગપ્પેગપ્પ છે, પણ આ બિચારાને ખબર ન મળે (એટલે) ક્યાંકના ક્યાંક આથડે. આહાહા! સમજમેં આયા? **સર્વજ્ઞવીતરાગ-માર્ગકે સ્વીકારકા...** આહાહા! ભાષા તો જુઓ! સર્વજ્ઞ પરમાત્મા અપના સ્વરૂપ હૈ ઐસા જિસને પ્રગટ કિયા ઉસને સર્વજ્ઞવીતરાગમાર્ગ બતાયા. અંતરમેં જાકર સર્વજ્ઞ વીતરાગ હો ઐસા માર્ગ બતાયા. સર્વજ્ઞ વીતરાગને ઐસા બતાયા કિ તુમ સર્વજ્ઞ વીતરાગસ્વરૂપી હો. આહા! અનાદિ સનાતન સત્‌પને હૈ તો તું ઐસા હૈ. આહાહા! એ કઈ દૃષ્ટિ કબૂલે?

સર્વજ્ઞ વીતરાગસ્વભાવ મેરા હૈ ઉસકા આશ્રય કરકે, સર્વજ્ઞ વીતરાગકે કારણરૂપ માર્ગ સ્વભાવકે આશ્રયસે પ્રગટ હોતા હૈ ઔર ઉસસે પૂર્ણતા સર્વજ્ઞ વીતરાગકી આતી હૈ. આહાહા! યહાં આચાર્ય કુંદકુંદાચાર્ય મહારાજ જગતકો પોકાર કરકે કહતે હૈં, ઉન્માર્ગકો છોડ દે, એક સર્વજ્ઞ વીતરાગમાર્ગકા સ્વીકાર કર. ઉસકે સિવા ઇસને ઐસા કહા ને ઇસને ઐસા કહા... અત્યારે ચાલે છેને જુઓને આ ગપ્પેગપ્પ. એ શોભાલાલજી! એ તમારો રજનીશ. તમારો રજનીશ નાનો હતોને તે દિ'. એક રજનીશ હૈ ન. રજનીશ હૈ, બહોત ભાષણ કરતા હૈ. બ્રહ્માનંદ.. ભોગાનંદમેં બ્રહ્માનંદ હૈ ઐસા કહતા હૈ. અરર! લોકોને કાંઈ ભાન ન મળે. લોકો ઉપલી વાતને સાંભળે ને ભ્રષ્ટ થઈ જાય છે. કપડા બદલ દે. ઉસકા કપડા હૈ જુદી જાતકા. કેટલા ... કપડા છોડ દિયા. ભ્રમણામેં પડ ગયે લોગ.

સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ... સર્વજ્ઞ વીતરાગીસ્વભાવમેંસે સર્વજ્ઞ વીતરાગ-પર્યાય પ્રગટ હોતી હૈ ઉસકા માર્ગ... ઉસકા માર્ગ કહતે હૈં ન યહાં. સર્વજ્ઞ વીતરાગસ્વભાવકા સ્વીકાર... સર્વજ્ઞ વીતરાગસ્વભાવકા સ્વીકાર, ઉસકી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા યે સર્વજ્ઞકા માર્ગ હૈ. સમજમેં આયા? અનાદિસે અલ્પજ્ઞ દિખતા હૈ ન, તો ઉસકો અલ્પજ્ઞતાકી બાત કરે તો ઠીક પડે. યે પ્રભુ સર્વજ્ઞસ્વભાવી, તીનોં કાલ સનાતન સર્વજ્ઞસ્વભાવ રખા પડા હૈ. સર્વજ્ઞ વીતરાગ-સ્વરૂપી હી આત્મા હૈ. ઇતના પૂર્ણ સ્વરૂપકો કબૂલ કરે તો જીવકો કબૂલ કિયા, તબ જીવકો સ્વીકારા. સર્વજ્ઞ વીતરાગસ્વભાવી આત્માકા સ્વીકાર હો તો જીવકા સ્વીકાર હૈ. ઉસકે સિવા, રાગવાલા હૈ ને ઉસસે લાભ હોતા હૈ, પુણ્યસે હોતા હૈ, વ્યવહારસે નિશ્ચય હોતા હૈ—યે સબ આત્માકી પૂર્ણતા માનનેવાલા નહીં.

શ્રોતા : ક્યા નુકશાન હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : નુકશાન કુછ નહીં, નિગોદમેં રહતા હૈ વહ. આહાહા! નિગોદમેં.. અરેરે! આહાહા! અરે! પરમાત્મા નિગોદમેં રહે! આહાહા! જન્મ લેના વહ કલંક હૈ. ચાહે તો દેવકા ભવ કરો, કલંક હૈ. સુંદર શરીર, દેવકા નિરોગ શરીર, પણ યે ભવ હૈ ન ભગવાન? ભવ બિનાકે ભગવાનમેં ભવ કૈસા? સમજમેં આયા? ઐસા ભવ બિનાકા અને ભવકે કારણ બિનાકા સ્વભાવ અપના હૈ, ઉસ પૂર્ણ સ્વભાવકા સ્વીકાર શ્રદ્ધા-જ્ઞાનમેં આયા ઉસકા નામ સર્વજ્ઞકા માર્ગ હૈ. આહાહા! કહો, નંદકિશોરજી! છે ક્યાંય બીજે? આ રજનીશ ને ફલાણા ને. આ બિચારા વાણિયાને ભાન ન મળે. ઓલા સાંઈબાબા. શિરડી છેને શિરડી. શું કહેવાય? (શ્રોતાઃ ટોળાના ટોળા જાય છે). કીડીયું બહુ હોય. કીડીઓના નગરા બહુ હોય, કીડી નગરા ઝાઝા તેથી શું માણસ થઈ ગયા? મૂઢ જીવોની સંખ્યા ઘણી હોય છે. આહાહા! સમજમેં આયા?

યહાં કુંદકુંદાચાર્યદેવ.. આહાહા! ઉલ્લસિત વીર્યસે પરિણતિ કરનેવાલે કહતે હૈં.. આહાહા! **સર્વજ્ઞ વીતરાગમાર્ગકે સ્વીકાર**... 'માર્ગકા સ્વીકાર' ઐસા કહા ન? ઉસકા વર્ણન કિયા ગયા હૈ. ત્રિકાલ સર્વજ્ઞસ્વરૂપ, ત્રિકાલ સમરસી વીતરાગતા પરિપૂર્ણસ્વરૂપ, ઉસકા સ્વીકાર કરકે જો શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ હુઈ ઉસકા સ્વીકાર. સમજમેં આયા? એમ કહ્યુંને? **સર્વજ્ઞ વીતરાગમાર્ગકે સ્વીકારકા**... માર્ગનો સ્વીકાર. સમજમેં આયા? માર્ગકે સ્વીકારકા અર્થ? આહાહા! દેખો! યે ઐસા હૈ. **જો શંકા**... શંકા છોડ દે. સર્વજ્ઞ વીતરાગમાર્ગ જો પરમાત્માને કહા ઉસસે વિરુદ્ધ શંકા છોડ દે. **કાંક્ષા**... અન્ય પંથમેં કુછ હોગા, કોઈ બડા-બડા મહાત્મા હોતા હૈ, બડા બડા કરોડપતિ માનતે હૈં તો કુછ હોગા? છોડ દે ઇચ્છા. મૂઢ લોગોંકી સંખ્યા તો બહોત હોતી હૈ. સમજમેં આયા? કાંક્ષા છોડ દે. આહાહા! વિમુક્ત છેને અહીંયા.

**વિચિકિત્સા**... સંદેહ છોડ દે. ઉસકા ફલ પૂર્ણ હોગા કિ નહીં, ઐસા પૂર્ણ દૂસરેમેં હોગા કિ નહીં? યે સંદેહ–વિચિકિત્સા છોડ દે. આહાહા! **અન્યદૃષ્ટિપ્રશંસા**... વીતરાગ સર્વજ્ઞમાર્ગકે સિવા જિતને પંથ હૈં ઉસ પંથકી દૃષ્ટિકી પ્રશંસા. આહાહા! સમજમેં આયા? **મનસે મિથ્યાદૃષ્ટિકી મહિમા કરના વહ અન્યદૃષ્ટિપ્રશંસા હૈ.** નીચે હૈ ઉસકા અર્થ. નીચે ખુલાસા હૈ. અન્યદૃષ્ટિપ્રશંસા. આહાહા! સર્વજ્ઞ વીતરાગીસ્વરૂપ ભગવાન આત્મા ઔર ઐસી દશા જિસને પ્રગટ કી, ઉસને માર્ગ ઐસા બતાયા કિ સર્વજ્ઞસ્વભાવી વીતરાગ ઉસકા અવલંબન લે. ઉસસે તેરી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ હોગી, તુજે સમ્યગ્દર્શન ઉસસે હોગા. આહાહા! વીતરાગમાર્ગકા સ્વીકાર, અન્ય માર્ગકા તિરસ્કાર. છોડ દે યે માર્ગ. ચાહે તો બડે અબજો આદમી માનનેવાલે હો. વહ તો જગતમેં અનાદિસે ચલતા હૈ. અન્યદૃષ્ટિપ્રશંસા.

**ઔર અન્યદૃષ્ટિસંસ્તવરૂપ મલકલંકપંકસે વિમુક્ત (મલકલંકરૂપી કીચડસે રહિત)**... નીચે અર્થ કિયા હૈ. **અન્યદૃષ્ટિસંસ્તવ = (૧) મિથ્યાદૃષ્ટિકા પરિચય**... કુછ તો હોગા, ચલો સુનને તો જાયેં. યે મિથ્યાદૃષ્ટિકા પરિચય મિથ્યાત્વકો પ્રાપ્ત કરાનેવાલા હૈ. સમજમેં આયા? આભાસ લાગે, આમ માણસોની સભા બહુ ભરાઈ હોય, ભાષાની ચતુરાઈ હોય અને બરાબર એવી રમઝટ બોલાવે. ઓહોહો! અરે ભાઈ! યે ચીજ ક્યા હૈ? કાંઈ હશે કાંઈક નવું, ચાલો ભાઈ જોવા. એણે કીધું હતું. ન્યાં ઓલો જતી આવ્યો હતોને તમારે ત્યાં. હેમચંદ્ર. ક્યાં? મોમ્બાસા? યે માર્ગ હૈ. ડુંગરા કર્યા હતા ગપ્પના. ઘરે પગલા કરાવ્યા, ૧૫૦ રૂપિયા મૂક્યા. એક લાખ રૂપિયા થયા. આહાહા! દુનિયા તો ગાંડી છેને પાગલ. પાગલને શોધીને મહિમા કરે છે એની. આહાહા!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિસકા પવિત્ર ઉજ્જ્વલમાર્ગ... આહાહા! જિસકી પૂર્ણ પવિત્રતા અંદર પડી હૈ ઉસકા આશ્રય લે. યે વીતરાગકા માર્ગ હૈ. ઉસકે સિવા અજ્ઞાનીને કહા માર્ગ, ઉસકા પરિચય, સમજમેં આયા? છોડ દે. કલંક, મેલ હૈ. હૈ ન ઉસમેં? **મલકલંકરૂપી**

**કીચડ**... અન્યદૃષ્ટિકા, મિથ્યાદૃષ્ટિકા પરિચય કરના... સમજમેં આયા? એ ચેતનજી! ક્યા હૈ? એને બાધા અપાવી રામજીભાઈએ. જ્યાં-ત્યાં જાય સાંભળવા, કંઈક હશે હોં. ધૂળેય નથી ક્યાંય. આહાહા! સમજમેં આયા? પૂર્ણ પરમાત્મા ઐસા જીવ–આત્મા, ઉસને જો પૂર્ણ પર્યાય પ્રગટ કી, ઉસને પૂર્ણપર્યાય પ્રગટ કરનેકા ઉપાય પૂર્ણકા આશ્રય કરના વહ બતાયા હૈ. સમજમેં આયા? ઐસી માર્ગકી સ્થિતિ કહીં તીન કાલ, તીન લોકમેં હૈ નહીં. સર્વજ્ઞ વીતરાગ જૈન પરમેશ્વર સિવા યે કહીં હૈ નહીં. આહાહા! તો તો પક્ષ હો ગયા તુમ્હારા? પક્ષ હૈ કિ વાસ્તવિક સ્વરૂપ હૈ? યે તો કહતે હૈં. પહલે કહ દિયા, અનંત સહજાનંદાદિ વીર્યવાલા આત્મા, ઉસ આત્માકા પક્ષ કરના વહ આત્માકા સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? વસ્તુ હી ઐસી હૈ.

**(૨) મિથ્યાદૃષ્ટિકી સ્તુતિ મનસે મિથ્યાદૃષ્ટિકી મહિમા...** કુછ-કુછ હોગા અંદર હોં. લાખોં આદમી માનતે હૈં, કરોડો રૂપિયેકી તો ઉપજ હોતી હૈ ઉસકો, ભારી ક્ષયોપશમ હૈ બડા, દરિયા જૈસી બુદ્ધિ હૈ, મૂર્ખ લોગ વહાં બહોત જાતે હૈં. દલીચંદભાઈ! કહે છે, પણ નક્કી કર્યા પછી ક્યાં જવાનું છે? નક્કી કર્યું હોય પછી જોવા જવાનું છે જ ક્યાં? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માકા માર્ગ મિલા, પીછે હૈ ક્યા દૂસરે કહીં? આહાહા! સમજમેં આયા? જુઓ! યે નિશ્ચય પ્રતિક્રમણ કહતે હૈં. ઐસે અજ્ઞાનીયોં સંગ છોડના વહ પ્રતિક્રમણ હૈ, એમ કહતે હૈં. આહાહા! બધે ભમે. ક્યાંય મળે એવું (લાગે તો) ત્યાં પણ જાય. દરબાર જાય છે કે નહીં? ફલાણે ગયા હતા, ન્યાંય ગયા હતા ક્યાંક વઢવાણ. જાઈએ, મળે તો કાંઈ. આહાહા! ઘોડાની લાદ–ઘોડાના લીંડા હોય ને ઉપર પછી સાકર ચોપડે, મળે સોંઘું. ઘોડા.. ઘોડા સમજે? અશ્વ. અશ્વકા લીંડા હોતા હૈ ન. ઉપર સાકર.. સાકર. સક્કરકે રસમેં ડુબોયે, યહ લો સોંઘા હૈ. મરી જઈશ. સમજમેં આયા? આહાહા!

યહાં તો કહતે હૈં... આહાહા! ઓહો! 'સર્વજ્ઞ વીતરાગ'.. શબ્દેય (ઊંચા)! આહાહા! એક તો સર્વજ્ઞ વીતરાગસ્વરૂપ આત્મા ઔર ઐસી પર્યાય જિસકો પ્રગટ હુઈ, ઉસકા કહા હુઆ માર્ગ... પૂર્ણ સ્વભાવ પડા હૈ ઉસકા આશ્રય લેકર જો પર્યાય પ્રગટ હોતી હૈ વહ સર્વજ્ઞકે માર્ગકા સ્વીકાર હૈ. (શ્રોતાઃ પૂર્ણ સ્વભાવકે આશ્રયસે પર્યાય પ્રગટ હોતી હૈ). હા. આહાહા! સમજમેં આયા? લાખ-લાખ હોય દુનિયામાં કરોડો, અબજો (માનવાવાળા), સબ મિથ્યાત્વી હૈ. ઐસે માર્ગ સિવા દૂસરા કોઈ માર્ગ હોતા નહીં. આહાહા! શેઠ! આહાહા! દૂસરા હો સકતા નહીં. યે ચીજ હી હૈ ઐસી. પ્રત્યક્ષ હૈ કિ યે ચીજ હૈ.

જો ચીજ હૈ ઉસમેં પરિપૂર્ણ જ્ઞાન-દર્શન ન હો તો વહ ચીજ કૈસી? વસ્તુ હૈ ઔર વસ્તુકા સ્વભાવ પરિપૂર્ણ ન હો તો ઉસકા અર્થ ક્યા? સર્વજ્ઞસ્વભાવ, સર્વદર્શીસ્વભાવ, અનંત બલસ્વભાવ, અનંત આનંદસ્વભાવ. આહાહા! ઐસા સ્વભાવ અસ્તિપને હૈ. કિસકો? અનંત ચતુષ્ટય શક્તિરૂપ થા ઉસકા આશ્રય લેકર ઉસકી પર્યાયમેં પ્રગટ વ્યક્તરૂપ હુઆ, ઉસકી

વાણીમેં ઐસા આયા કિ શક્તિરૂપ તેરા સ્વભાવ હૈ ઉસકા આશ્રય કર. પર્યાયકા આશ્રય નહીં, હમારા આશ્રય નહીં. આહાહા! સમજમેં આયા? અમારી સામું ન જો. તું પૂરો ભગવાન છો અંદર. હમારી વાણી ઐસા કહતી હૈ. અમારી સામું જોવાને વાણી નિષેધ કરે છે. આહાહા! સમજમેં આયા?

ઓહો! ઐસા **મલકલંકસે રહિત શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ**... જુઓ! અહીંયા. શુદ્ધનિશ્ચય-સમ્યગ્દૃષ્ટિ... ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં એકાકાર હોકર દૃષ્ટિ–સમ્યગ્દર્શન જિસને પ્રગટ કિયા હૈ, યે નિશ્ચય સમ્યગ્દર્શન. નિશ્ચય સમ્યગ્દર્શન ચૌથે ગુણસ્થાનમેં ઉત્પન્ન હોતા હૈ. યે સબ ગરબડ કરતે હૈં કિ નિશ્ચય સમ્યગ્દર્શન સાતવે હોતા હૈ, વીતરાગતા હોય ત્યારે સમકિત આવે. એવા દાખલા બહુ આપે. આ જૈનસમાચારમાં આવે છેને લખાણ. વીતરાગતા હોય ત્યાં સમકિત હોય, એના વિના સરાગ સમકિત હોય. અરે ભગવાન! સુન તો સહી! સમકિતીને વળી સરાગ-ફરાગ કેવા? એ તો ચારિત્રદોષની સાથે સમકિત એવું હતું એ બતાવવું છે. વહ દોષ નિકાલ દેગા તો વીતરાગ હોગા વહ બતાના હૈ. સમકિત સરાગ-ફરાગ હોતા નહીં. સમજમેં આયા?

જુઓ! **શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ**... અપના પૂર્ણસ્વરૂપ બેહદ સ્વભાવ... ક્ષેત્ર ભલે અસંખ્ય-પ્રદેશી અલ્પ હો. જિસમેં પ્રદેશ-પ્રદેશમેં અનંતગુણ ભરે પડે હૈં. જિસકા ક્ષેત્ર આનંદકી ઉત્પત્તિકા હી ક્ષેત્ર હૈ. હમારા ક્ષેત્ર આનંદકા પાક કરે ઐસી આત્મભૂમી હૈ, કહતે હૈં. સમજમેં આયા? ઐસી આત્મભૂમિ, અસંખ્યપ્રદેશભૂમિ–ક્ષેત્ર, ઉસમેં જો અનંતગુણ હૈં ઉસકા જો આશ્રય કરે ઉસકો અનંત આનંદ પકતા હૈ. ઉસ ક્ષેત્રમેં તો આનંદ પકનેકી હી યોગ્યતા હૈ. દુઃખ, સુખ પકનેકી (યોગ્યતા) સ્વભાવમેં હૈ નહીં. આહાહા! **શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ (જીવ) બુદ્ધાદિપ્રણીત...** લ્યો, બૌદ્ધ, વેદાંત, અન્ય આદિ માર્ગ.. વીતરાગ સિવાય જેટલા કહેનારા હોય. અપની અલ્પબુદ્ધિસે (માને કિ) હમ ક્રાંતિકારી હૈં. મૂઢ જીવો પણ એને ક્રાંતિકાર માને. સમજમેં આયા? **બુદ્ધાદિપ્રણીત**... દેખો! બુદ્ધ આદિમાં બધું આવી ગયું.

**મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ...** મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગાચરણ વહ માર્ગાભાસ હૈ. માર્ગ નહીં, પણ માર્ગ જૈસા દિખાવ હૈ. લિબાસ શાહુકારકા પહને, ઐસા શાહુકારકા લિબાસ હૈ. ક્યા કહતે હૈં? સમજમેં આયા? સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ઉસકી દિવ્યધ્વનિમેં (આયા કિ) તેરા સર્વજ્ઞ વીતરાગીસ્વભાવ ત્રિકાલ સનાતન પૂર્ણ ઉસકા સ્વીકાર કર, સમજમેં આયા? ઉસકા જ્ઞાન કર. શ્રદ્ધામેં સ્વીકાર, જ્ઞાનમેં જ્ઞેય બના ઔર ઉસમેં સ્થિરતા કર, વહી મોક્ષમાર્ગ એક વીતરાગમાર્ગમેં હૈ. ઐસા માર્ગ તીન કાલ, તીન લોકમેં (કહીં નહીં). બુદ્ધિના બળ–ક્ષયોપશમને કારણે કોઈ લાખ-અનંત વાત કરે, સબ અજ્ઞાન હૈ. આહાહા!

**શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શન**... બધા ધર્મ સરખા છે એમ માને છે અજ્ઞાની. ઉસમેં ભી કુછ હૈ ન. મહાપુરુષ થઈ ગયા. કોણ મહાપુરુષ? કિસકો કહીએ?

યહાં તો, **બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શન**... મિથ્યાશ્રદ્ધાકી બાત પહલે કી હૈ. વેદાંતવાલે એક હી આત્મા માનતે હૈં વહ ભી મિથ્યાદર્શન હૈ, બુદ્ધવાલેને ક્ષણિક માને વહ ભી મિથ્યાદર્શન હૈ ઔર પુણ્યસે આત્માકો લાભ હોગા વહ ભી મિથ્યાદર્શન હૈ. યે સબ અન્યમતકા કથન હૈ, જૈનકા નહીં. વીતરાગ મહાપ્રભુકા યે નહીં. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : જૈનમતમેં તો કથંચિત્ ચલે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કથંચિત્ ચાલેને. યે સત્ય હૈ, દૂસરા સત્ય નહીં, ઐસા. દૂસરા ભી સત્ય હૈ ને યે ભી સત્ય હૈ ઐસા નહીં.

શ્રોતા : વહ અસત્ય તરીકેસે સત્ય હૈ ન.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હૈ ન. અસત્ય તરીકે સત્ય–સાચું છે એ. જૂઠા તરીકે સાચું છે એ. આહાહા! અરે! વીતરાગમાર્ગ સુનને મિલે નહીં. અત્યારના જુવાનિયાઓ જ્યાં-ત્યાં ભટકે. સમજમેં આયા? ભાન ન મળે. અરે! વીતરાગના વાડે જન્મ્યા.. સમજમેં આયા? સર્વજ્ઞ વીતરાગના સંપ્રદાયના કુળમાં જન્મ્યા એને ખબર નથી અને જ્યાં-ત્યાં ભટક્યાભટક કરે. (શ્રોતા : ખબર નહીંકા અર્થ ક્યા?) ખબર નહીં નામ મૂઢ હૈ, ભાન નહીં.

યહાં તો કહતે હૈં, સર્વજ્ઞ પરમાત્મા(રૂપ) અપને નિજરૂપકા આશ્રય કરના, ઉસકે સિવાકી દૂસરી કોઈ ભી બાત કરતા હો, વહ સબ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાનકા કથન હૈ. માર્ગાભાસ હૈ. દિખે માર્ગ જૈસા, (પણ) **ઉન્માર્ગ** હૈ. **પરિત્યાગ કરકે...** આહાહા! ઐસે માર્ગકો છોડ દે પ્રભુ! જિસકા ઇન્દ્ર આદર કરતે હૈં, ગણધરોં અનુભવ કરતે હૈં, અરે! વાઘ, સિંહ જહાં ભગવાનકે સમવસરણમેં આયે. ઐસી મહાપ્રભુ ચીજ ઉસકા માર્ગ છોડકર, ઐસે માર્ગકો અંગીકાર કરે (વહ) મૂઢ હૈ. ઉસકો છોડકર ભગવાનકા માર્ગકા સ્વીકાર કર. સમજમેં આયા? શંકાને સ્થાન નહીં. સંદેહને સ્થાન નહીં, ઇચ્છાને અવકાશ નહીં કે બીજામાં કાંઈક હશે? આહાહા! સમજમેં આયા? ઐસા **ઉન્માર્ગકા પરિત્યાગ**... ભાષા કૈસી હૈ? પરિત્યાગ–સમસ્ત પ્રકારે ત્યાગ, એમ. '**પરિત્યાગ**' એમ છેને? ઉન્માર્ગકા સર્વથા ત્યાગ કરકે... હવે વ્યવહાર ને નિશ્ચય નાખશે વીતરાગમાર્ગના. આહા!

અબ કહતે હૈં, સર્વજ્ઞ પરમાત્મા જિસને એક સમયમેં તીન કાલ, તીન લોક દેખે ઔર ઉસને જો વ્યવહાર મહાવ્રત કહા... પંચ મહાવ્રત, દેખો! **વ્યવહારસે પાંચ મહાવ્રત...** કોઈ ભી પ્રાણીકો દુઃખ દેના નહીં, સત્ય બોલના, જૂઠા (બોલના) નહીં, ચોરીકા ત્યાગ, અબ્રહ્મકા ત્યાગ, પરિગ્રહકા ત્યાગ—ઐસા વિકલ્પ હૈ વહ શુભરાગ હૈ. શુભરાગકો યહાં વ્યવહાર મહાવ્રત કહનેમેં આયા હૈ. આહાહા! સમજમેં આયા? ઐસા પંચમહાવ્રત વહ વ્યવહાર હૈ, શુભરાગ હૈ,

આત્માકા નિશ્ચય સ્વરૂપ નહીં. આહાહા! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, રાગસે ભિન્ન નિષ્ક્રિય પ્રભુ.. સમજમેં આયા? રાગકી ક્રિયાસે રહિત ઐસા આત્મા વીતરાગમૂર્તિ અંદર ચિદાનંદ પ્રભુ હૈ, ઉસકા આશ્રય કરકે જો વીતરાગતા હો, ઉસ ભૂમિકામેં ઐસા વ્યવહાર પંચમહાવ્રતકા હોતા હૈ. આહાહા! જિસકો આત્માકા ભાન નહીં, સમ્યગ્દર્શન નહીં, ઉસકો મહાવ્રત-બહાવ્રત હૈ નહીં. બેવકૂફી(વાલી બાત) હૈ. મહાવ્રત હૈ નહીં, વ્યવહાર હૈ નહીં. સમજમેં આયા?

**પાંચ સમિતિ...** દેખકર ચલના, ભિક્ષા નિર્દોષ લેના, વિચાર કરકે બોલના—ઐસી પાંચ સમિતિ હૈ ન. વહ પણ વિકલ્પ હૈ, રાગ હૈ. આત્મા પૂર્ણાનંદ પ્રભુકા આશ્રય લેકર જહાં આત્માકી પવિત્ર નિશ્ચયદશા પ્રગટ કી હૈ, ઉસ ભૂમિકામેં ઐસી વિકલ્પકી દશા હોતી હૈ ઉસકો વ્યવહાર કહતે હૈં. હૈ તો વહ ભી બંધકા કારણ, પણ અપને નિજસ્વરૂપમેં જબ પૂર્ણ (લીનતા) ન હો, તબ લગ આત્મામેં અંતર જ્ઞાન-દર્શન ભાન હોતે પર ભી ઐસા વ્યવહાર વિકલ્પકા ભાવ આયે બિના રહતા નહીં, ઉસકો—જ્ઞાનીકો વ્યવહાર કહતે હૈં. અજ્ઞાનીકો તો વ્યવહાર હોતા નહીં. ભારે ઝીણું ભાઈ! ધર્મ માર્ગ એવો ઝીણો. પ્રભુ! અંદર જ્ઞાનાનંદસે ભરા પ્રભુ હૈ, સહજાનંદકા સ્વરૂપ જિસકા હૈ ઐસા આનંદ સનાતન પૂર્ણ હૈ, આહાહા!

ઐસા આત્માકા અંતર અનુભવ કરકે જો સ્થિરતા, શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ કિયા, વહ તો યથાર્થ હૈ, યે તો મોક્ષકા માર્ગ યથાર્થ હૈ. સાથમેં ઐસા વિકલ્પ આતા હૈ વહ વ્યવહાર હૈ ઐસે કહનેમેં આતા હૈ. આહાહા! ભારે વાતું ભાઈ! સાધારણ પ્રાણીને બિચારાને મોં-માથું સૂઝે નહીં. એમને એમ.... નવરાશ ન મળે પાપ આડે, જગતને આડે. યે વસ્તુ ક્યા હૈ ચીજ? સચ્ચિદાનંદ પ્રભુ સહજસ્વભાવી સત્–શાશ્વત જ્ઞાન આનંદાદિસે પરિપૂર્ણ પ્રભુ આત્મા હૈ. ઇસકો શરીર પ્રમાણ મત ગિનો. ભાવસે અનંત-અનંત આનંદસે ભરપૂર પડા હૈ. ઐસી ચીજકા અવલંબન કરકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરના વહ તો વાસ્તવિક મોક્ષકા માર્ગ હૈ, વાસ્તવિક બંધસે છૂટનેકા ઉપાય હૈ, પણ ઉસ સમયમેં, ભૂમિકામેં વ્યવહાર કૈસા હોતા હૈ વહ જનાતે હૈં.

સમિતિ, **તીન ગુપ્તિ...** મન, વચન ને કાયા. અશુભસે રુકના–અશુભસે હટના, શુભમેં રહના યે ભી પુણ્યભાવ હૈ. ઐસા વ્યવહાર આતા હૈ. યે ધર્મ નહીં, પણ વ્યવહારધર્મ તરીકેસે, ઉપચાર તરીકેસે કહનેમેં આયા. **પાંચ ઇન્દ્રિયોકા નિરોધ...** પાંચોં ઇન્દ્રિય જડ ઔર ભાવેન્દ્રિય. રુક જાના–નિરોધ કરના. વહ વિકલ્પ હૈ જરી. અને **છહ આવશ્યક...** ૨૮ મૂળગુણ લેવા છેને! સામાયિક, ભગવાનકી સ્તુતિ આદિ કરના યે સબ શુભરાગ હૈ. નિશ્ચયદૃષ્ટિવંતકો ઐસા વિકલ્પ હોતા હૈ ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. જિસકો આત્માકા ભાન ભી નહીં કિ આત્મા ક્યા હૈ, ઐસે અજ્ઞાનીકો વ્યવહાર કહનેમેં આતા નહીં. **ઇત્યાદિ અઠ્ઠાઇસ મૂલગુણસ્વરૂપ...** આહાહા! ૨૮ મૂલગુણ હૈં ન મુનિકો. એકબાર ભોજન, અચૈલ, અસ્નાન, અદંતધોવન આદિ. માર્ગમેં જો વ્યવહાર વિકલ્પ આતા હૈ...

વહ કહતે હૈં, **મહાદેવાધિદેવ...** ૨૮ મૂલગુણસ્વરૂપ કહા ન. વ્યવહાર મૂલગુણ હોં. **મહાદેવાધિદેવ પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગકે માર્ગમેં સ્થિર પરિણામ કરતા હૈ...** અશુભસે હટકર ઐસે વ્યવહારમેં સ્થિર પરિણામ કરતા... આહાહા! કહો, સમજમેં આયા? ભારે આકરું બાપા! ઉસને અનંતકાલમેં આત્માકો જાને બિના સબ કિયા થોથા. ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને વ્રત ને તપ. મરી ગયો સૂકાઈને. પણ જેને જાણવો જોઈએ એને જાણ્યો નહીં. 'જબ લગ એક ન જાન્યો, સબ જાન્યો સો ફોક' ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ નિર્વિકલ્પ આનંદકા ભંડાર ઉસકે જ્ઞાન ને શ્રદ્ધા બિના સારા વ્રત ને નિયમ કરે, સબ નિરર્થક, ચાર ગતિમેં રુલનેકા (કારણ) હૈ. સમજમેં આયા? પણ જબ નિશ્ચયકા સત્યકા અનુભવ હોતા હૈ, તબ સત્યકી પરિપૂર્ણતા પ્રાપ્ત ન હો ઉસ કાલમેં વ્યવહારકા ઐસા વિકલ્પ ઉસકો હોતા હૈ. નંદકિશોરજી! ગ્રીક-લેટિન જેવું લાગે નવાને તો. આહાહા!

**વીતરાગકે માર્ગમેં સ્થિર પરિણામ કરતા હૈ...** યે વ્યવહાર. **ઔર શુદ્ધનિશ્ચયનયસે સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોસે અલંકૃત...** કૈસા હૈ ભગવાન આત્મા અંદર? શુદ્ધનિશ્ચયસે સહજજ્ઞાનાદિ... સ્વભાવિક જ્ઞાન ભરા હૈ અંદરમેં. વસ્તુ જ્ઞાનમય હૈ, આનંદમય હૈ, અતીન્દ્રિય આનંદમય પ્રભુ આત્મા હૈ. અરે! એ આત્માને એક બીડીમાં વેંચી નાખે. એક બીડી જરી મળે સરખાઈની આહાહા... પાયખાનામાં જાય ને બે બીડી પીવે ત્યારે તો ઝાડો ઉતરે. મૂર્ખાઈના કાંઈ આંક હશે જુદા? ગામ જુદા હશે કંઈ એના? બે બીડી પીવે ત્યારે તો એને ઝાડો ઉતરે. આહાહા! અરેરે! ત્રણ લોકનો નાથ ચૈતન્યપ્રભુ તેં સંતાડી દીધો–ઢાંકી દીધો. તને તારા સ્વભાવના સામર્થ્યની ખબર નથી પ્રભુ! આહાહા!

કહે છે કે એ તો સ્વભાવિક જ્ઞાનાદિ શુદ્ધગુણો... આહાહા! અંતરમેં સ્વભાવિક જ્ઞાન, આનંદ, શાંતિ આદિ શુદ્ધ ગુણોંસે અલંકૃત હૈ. ભગવાનકી શોભા ઉન શુદ્ધગુણોંસે હૈ, એમ કહતે હૈં. ભગવાન કૌન? આત્મા. **સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોંસે અલંકૃત...** ભાષા તો દેખો! આહાહા! યે શરીર પર જેવર પહનતે હૈં ન? અહીં લટકાવે ને અહીં લટકાવે. આ મડદાને. ઓલું જીવતું જ્યોત ચૈતન્યભગવાન અંદરમેં આનંદ શુદ્ધગુણોંસે અલંકૃત હૈ. એનો અલંકાર તો એ છે. આહાહા! સમજમેં આયા? વસ્તુ આત્મા, ઉસકે સ્વભાવિક જ્ઞાનાદિ ગુણોં, પ્રભુ આત્મા (ઉસસે) અલંકૃત હૈ. સમજમેં આયા? ઐસા **સહજ પરમ ચૈતન્યસામાન્ય...** આહાહા! ત્રિકાલી ધ્રુવસ્વરૂપ સામાન્ય વહ નિશ્ચય હૈ. ઉસકા આશ્રય કરકે સમ્યગ્દર્શન હો વહ નિશ્ચય હૈ. સમજમેં આયા? ઉસકે સિવા નિશ્ચય હોતા નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૪, સોમવાર, તા. ૨૮-૮-૧૯૭૨**
**ગાથા-૮૬, શ્લોક-૧૧૫, પ્રવચન નં. ૮૧ (હિન્દી)**

નિયમસાર, ગાથા ૮૬. યહાં (તક) આયા હૈ દેખો! **અઠ્ઠાઈસ મૂલગુણસ્વરૂપ મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગકે માર્ગમેં પરિણામ સ્થિર કરતા હૈ...** વ્યવહાર લિયા હૈ પહલે. મુનિકે માર્ગમેં... નિશ્ચય પ્રતિક્રમણ હૈ ન. ચારિત્રકા અધિકાર હૈ. તો પહલે વસ્તુકી સ્થિતિ ક્યા હૈ ઉસકો સમજના પડેગા ન. કહતે હૈં કિ વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવકે માર્ગમેં વ્યવહારસે ૨૮ મૂલગુણકે પરિણામ સ્થિર કરે. ઉસે વ્યવહારચારિત્ર કહનેમેં આયા ઉપચારસે. ઉસકે સાથમેં નિશ્ચય હોતા હૈ યહ બાત કહતે હૈં. **ઔર શુદ્ધનિશ્ચયનયસે સહજજ્ઞાનાદિ...** ભગવાન આત્મામેં ત્રિકાલ શુદ્ધગુણ જ્ઞાન, આનંદાદિ **શુદ્ધગુણોંસે અલંકૃત...** ઐસા આત્મા સ્વભાવિક જ્ઞાન, આનંદ (આદિ) અનંત ગુણોંસે અલંકૃત હૈ. યહાં તક તો આયા થા.

**સહજ પરમ ચૈતન્યસામાન્ય...** યે પ્રશ્ન થા ન રાતકો? આત્મામેં સ્વભાવિક પરમ ચૈતન્યદર્શન... સામાન્ય એટલે દર્શન. ત્રિકાલી સ્વભાવિક દર્શન ઉસકો યહાં સામાન્ય કહતે હૈં. **તથા (સહજ પરમ) ચૈતન્યવિશેષરૂપ...** દર્શન–દૃષ્ટા ને જ્ઞાન–જ્ઞાતા ઐસા જો ઉસકા સ્વભાવ **જિસકા પ્રકાશ હૈ**... ભગવાન આત્માકા દૃષ્ટાપ્રકાશ અને જ્ઞાનપ્રકાશ, દૃષ્ટા–દર્શન, જ્ઞાન–વિશેષજ્ઞાન (ઐસે) દો જિસકે પ્રકાશ હૈ. ઉસમેં દૃષ્ટિ લગાના. દૃષ્ટિ, પ્રકાશસ્વરૂપ ભગવાન ઉસમેં દૃષ્ટિ જોડના યે પ્રથમ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? **ઐસે નિજ પરમાત્મદ્રવ્યમેં...** ઐસા સામાન્ય જો ત્રિકાલ દર્શન... દર્શન એટલે સમકિત નહીં. દર્શન-ઉપયોગ ત્રિકાળ, સહજ સામાન્યસ્વભાવ. સહજ વિશેષસ્વભાવ જ્ઞાન. દર્શન ઔર જ્ઞાન સામાન્ય-વિશેષ સ્વરૂપ વહ ભગવાન આત્માકા પ્રકાશ હૈ.

**ઐસે નિજ પરમાત્મદ્રવ્યમેં**... ઐસા અપના–નિજ પરમાત્મપદાર્થ ભગવાન. આહાહા! **શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરતા હૈ** નિજ પરમાત્મદ્રવ્યમેં... પહલે સમ્યગ્દૃષ્ટિ કહા. યે તો પહલે કહા ન. '**શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ**' પહલે આ ગયા દૂસરી પંક્તિમેં. **શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ...** અપના ત્રિકાલી સામાન્ય ને વિશેષ ચૈતન્યપ્રકાશકા નૂર ઉસમેં જિસને અંદર દૃષ્ટિ લગાયી હૈ, ઉસકો સમ્યગ્દૃષ્ટિ કહતે હૈં. સમ્યગ્દૃષ્ટિકો ચારિત્રકા વ્યવહાર કૈસા હૈ વહ યહાં કહતે હૈં. સમજમેં આયા? સ્વરૂપમેં, નિશ્ચયસે તો સામાન્ય ને વિશેષ ઐસા પ્રકાશ ઉસમેં સ્થિર હોતા હૈ વહ ચારિત્ર હૈ. દોનોં દર્શન ને જ્ઞાન હૈં ન ત્રિકાલી. ત્રિકાલી દર્શન ને ત્રિકાલી જ્ઞાન. દર્શનકો સામાન્ય કહતે હૈં, જ્ઞાનકો વિશેષ કહતે હૈં. ક્યોંકિ દર્શન અભેદ દેખતા હૈ, જ્ઞાન ભિન્ન-ભિન્ન (-ભેદ) કરકે પદાર્થકો જાનતા હૈ. તો ઉસકો વિશેષ જ્ઞાન કહતે હૈં ઔર સામાન્યકો દર્શન કહતે હૈં. ભગવાન આત્મા, સામાન્ય અને જ્ઞાન વિશેષ વહ જિસકા પ્રકાશ હૈ. કહો, સમજમેં આયા?

જૈસે સૂર્યમેં પ્રકાશ હૈ, ઐસે ચૈતન્યસૂર્યમેં દૃષ્ટા ને જ્ઞાતા—સામાન્ય ને વિશેષકા પ્રકાશ હૈ. સામાન્ય-વિશેષ યહાં ત્રિકાલ.. ત્રિકાલ ગુણકી બાતમેં આતા હૈ. રાતકો પ્રશ્ન થા ન વહ?.....

શ્રોતા : સહજ દર્શન, સહજ જ્ઞાનકી દશા...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સહજ ત્રિકાલી. 'સહજ' શબ્દ પડા હૈ ન.

'**સહજ પરમ ચૈતન્ય-સામાન્ય**' ઐસે લિયા ન. સ્વભાવિક પરમ ચૈતન્યસામાન્ય. ત્રિકાલ સહજ પરમ ચૈતન્ય- સામાન્ય અને સહજ પરમ ચૈતન્યવિશેષ. આહાહા! મેરે ઘરકી પુંજી. પરમાત્મા, અપના આત્મા પરમાત્મા હૈ, કહતે હૈ યહાં. ઐસા નિજ પરમાત્મા ઉસમેં સ્થિત હોતા હૈ સમ્યગ્દૃષ્ટિ. સમ્યગ્દર્શન તો હૈ, સ્વભાવકા અનુભવ, સ્વભાવ સન્મુખમેં દૃષ્ટિકા પ્રસાર, આશ્રય, અવલંબન, અંતર્મુખ પર્યાયકા હોના ઐસા સમ્યગ્દર્શન તો હૈ, યે નિશ્ચય સમ્યગ્દર્શન–સચ્ચા સમ્યગ્દર્શન હૈ. ઉસકે ઉપરાંત અપને સામાન્ય-વિશેષમેં સ્થિર રહતા હૈ–સ્થિતિ કરતા હૈ વહ નિશ્ચય ચારિત્ર. ઔર ઉસ ભૂમિકામેં ૨૮ મૂલગુણકા વિકલ્પ હૈ વહ વ્યવહાર ચારિત્ર. દોનોંકી સંધિ સાથમેં લી હૈ. સમજમેં આયા? વીતરાગમાર્ગમેં યે હૈ. ઇસસે વિરુદ્ધ હો વહ વીતરાગમાર્ગ નહીં. સમજમેં આયા?

પહલે આ ગયા ન. અન્યદૃષ્ટિસંસ્તવ–મિથ્યાદ્રષ્ટિકા પરિચય કરના છોડ દેના. મિથ્યાદ્રષ્ટિકી સ્તુતિ–મનસે ભી મહિમા કરના યે અન્યદૃષ્ટિ પ્રશંસા હૈ. વીતરાગમાર્ગ સિવા (કહીં) હૈ નહીં. સર્વજ્ઞને કહા ઐસા આત્મા દૂસરે કહીં હૈ નહીં. ભલે આત્મા-આત્મા નામ દે, બહોત નામ દે. બૌદ્ધમેં આત્મા, સમાધિ, બોધિ ઐસે નામ આતે હૈં. બુદ્ધ ફલાણે ઝાડ નીચે સમાધિ પાયા, બોધિ પાયા ઐસા કહતે હૈં. અજ્ઞાન હૈ સબ. સમજમેં આયા? બૌદ્ધ ભી અજ્ઞાન ને વેદાંત ભી અજ્ઞાન. સમજમેં આયા?

સર્વજ્ઞ પરમાત્માને જો આત્મા દેખા, ઐસે (આત્મામેં) અંતરમેં સન્મુખ હોકર પ્રથમ અનુભવ હુઆ વહ નિશ્ચય સમ્યગ્દર્શન. ધર્મકી શુરૂઆત વહાંસે હોતી હૈ. ઔર ઉસકે ઉપરાંત યહાં તો... પહેલી વ્યવહારની વાત કરી. ઉસકા વ્યવહાર કૈસા હોતા હૈ? ૨૮ મૂલગુણકા વિકલ્પ મુનિકો (હોતા હૈ). નિશ્ચય કૈસા હોતા હૈ? કિ સામાન્ય ને વિશેષ ઐસા ચૈતન્યસ્વરૂપકા પ્રકાશ ઉસમેં સ્થિરતા–જમવટ હો ગઈ અંદર. આહાહા! અંતરકા માર્ગ હૈ યે તો. યે કોઈ બાહ્યક્રિયાસે પ્રાપ્ત હોતા નહીં. એ વાત છે.

અંતરસ્વરૂપ ભગવાન સામાન્ય ને વિશેષ સ્વરૂપ—દર્શન ને જ્ઞાન સ્વરૂપ ઉસમેં સ્થિર હોતા હૈ વહ સચ્ચા ચારિત્ર હૈ. શરીરકી ક્રિયા ને નગ્નપના વહ તો ચારિત્ર નહીં, પણ ૨૮ મૂલગુણ કહે વહ ભી સચ્ચા ચારિત્ર નહીં. વ્યવહારચારિત્ર આતા હૈ બીચમેં (ઉસકો) જનાયા કિ વીતરાગમાર્ગકે વિષે યે વ્યવહાર હોતા હૈ. કોઈ કહતે હૈં ન કિ શ્વેતામ્બરમેં સાધુકે ૨૭ ગુણ હૈં. ઉસમેં વસ્ત્ર ને સબ આતા હૈ. યે માર્ગ વીતરાગકા વ્યવહારમાર્ગ ભી નહીં. દેવીલાલજી!

આહા! ૨૭ ગુણ આતે હૈં ન. બહોત ફેરફાર આતા હૈ, સારા ફેરફાર હૈ. ઉસકી પદ્ધતિ હી પૂરી ભિન્ન હૈ. એ વાત આકરી છે ભાઈ! યે તો સર્વજ્ઞ પરમાત્મા ઉસને જો કહા, ઉસને જો જાના. અંતરમેં સામાન્ય-વિશેષ સ્વરૂપમેં સ્થિરતા હોતી હૈ, બાહ્યમેં ઉસકો પંચમહાવ્રત, ૨૮ મૂલગુણકા વિકલ્પ હોતા હૈ. વહ નિશ્ચય ને વ્યવહારકી સંધિ કી. કહો સમજમેં આયા? ક્યા કહતે હૈં?

શ્રોતા : અરિહંતકે બારહ ગુણ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરિહંતકા...? એ વાત અહીંયા નથી. યે યહાંકી બાત નહીં હૈ. અરિહંતને બાર ગુણમાં કેટલાક બાહ્ય ને કેટલાક અભ્યંતર, એમ. એ અહીં વાત નથી. યહાં તો સાધુપદમેં–સંતપદમેં–મોક્ષકે માર્ગકી સાધકદશામેં સર્વજ્ઞ વીતરાગમાર્ગકી વિધિસે કૈસી સ્થિતિ હોતી હૈ વહ કહનેમેં આતા હૈ. અરિહંત સર્વજ્ઞ ભી એક સમયમેં જ્ઞાન-દર્શન દોનોં ઉપયોગકે સાથ ઉત્પન્ન હુએ. શ્વેતામ્બરમેં ઐસા હૈ નહીં. (વે કહતે હૈં), પહલે સમયમેં દર્શન, દૂસરે સમયે જ્ઞાન.—ઐસા હૈ નહીં. છદ્મસ્થકો ઐસા હોતા હૈ. ઉસકો (-કેવલીકો) એક સમયમેં એક ઉપયોગ નહીં. .... એક કહતે હૈં, શ્વેતામ્બર ક્રમ-ક્રમસે દો કહતે હૈં.

યહાં કહતે હૈં, એક સમયમેં દો (ઉપયોગ) હોતા હૈ વહ વીતરાગકા માર્ગ હૈ. સમજમેં આયા? ઇસલિયે સામાન્ય-વિશેષ સ્વભાવ લિયા ન. ઉપયોગ ભી સામાન્યવિશેષ એક સાથમેં હોતા હૈ. ક્યોંકિ દોનોંકા આવરણ ગયા, અબ જહાં પૂર્ણ પર્યાય પ્રગટ હુઈ ઉસમેં પહલે દર્શન ને પીછે જ્ઞાન ઐસા કૈસે હો? ઔર દોનોંમેં ... હૈ ઐસે કૈસા હો? ઇસલિયે દોનોં કહે હૈં. સમજમેં આયા? ભારે ઝઘડા. ઓલા બિચારા કહતા હતા, આમાં કેટલા માર્ગ? મુંઝવણ થાય છે. નિર્મલભાઈ અહીં આવ્યા હતાને ખેરાગઢથી. ગયા અત્યારે પાલિતાણે. જવાના હતા. આ આટલા-આટલા પંથ...?

બુદ્ધિજીવી લોગ બહોત તો રજનીશમેં ચલે જાતે હૈં, કુબુદ્ધિજીવી. જૈનમાં આટલા ફાંટા. દિગંબર ને એમાં વળી વીસપંથી ને તેરાપંથી. (શ્રોતાઃ સાડા સોળપંથી છે). સાડા સોળપંથી છે? વહ તો... ચલતા નહીં. એક મંદિર વહાં હૈ ન જયપુરમેં. શ્વેતામ્બર પંથ, એમાં કેટલા ભેદ? તપગચ્છ ને ખરતરગચ્છ, આટલા ત્રણ થોઈ, ચાર થોઈ. આહાહા! બિચારા સાધારણ માણસને તો... એમાં વળી સ્થાનકવાસી, ઉસમેં ભી બહોત પંથ. પેટા ભેદનો પાર નહીં. આહા! બાવીસ... દરિયાપરી. ગોંડલ એ તો વળી આપણે પેટાભેદમાં. આવો માર્ગ પરમાત્માનો જે છે, એક જ માર્ગ છે. ઇસમેં દો પંથ હૈ નહીં. ભગવાન આત્મા સામાન્ય ને વિશેષ સ્વરૂપ ત્રિકાળ ગુણનો પ્રકાશ, ઉસપર જિસને દૃષ્ટિ લગાયી ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસમેં બહોત સ્થિરતા કરતા હૈ તો ચારિત્ર હોતા હૈ ઓર બહોત આશ્રય લેનેસે કેવલજ્ઞાન હોતા હૈ. વહ ચીજ હૈ ઐસી. એક સમયમેં દો ઉપયોગ હોતા હૈ. સમજમેં આયા? પહલે દર્શન ને પીછે જ્ઞાન ઐસા હૈ નહીં.

(શ્રોતાઃ .....) અંશમેં ચારિત્ર હુઆ. અંશમેં હૈ–સ્વરૂપાચરણ. યે તો વિશેષ ચારિત્રકી બાત હૈ. યે તો મુનિકા ચારિત્ર હુઆ. આહાહા! એ તો આયા ન. છઢાળામેં આતા હૈ ન. 'ચારિત્રમોહ વશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજે હૈં..' સમ્યગ્દૃષ્ટિ.. ઓહો! અનુભૂતિ અંદરમેં ભગવાન આત્માકો અનુસરે. વહ પ્રશ્ન કિસીને કિયા થા, નહીં? આ ભાઈ અમારે જામનગર ...ભાઈના દીકરાનો દીકરો. સમજમેં આયા? અનુભૂતિ એટલે આત્માનો અનુભવ. ભગવાન પૂર્ણ આનંદકા નાથ ઉસમેં દૃષ્ટિ લગાયી, ઉસકે સ્વભાવકા અનુભવ, વિકલ્પરહિત, રાગરહિત અનુસરકે, ત્રિકાલીસ્વભાવકો અનુસરકે પર્યાયકા હોના યે અનુભવ કહો, અનુભૂતિ કહો, ઉપયોગ અંદરમેં લગ ગયા ભેદ છોડકર અભેદ. યે ધ્યાતા હૈ ને ધ્યાન હૈ, ધ્યેય હૈ—સબ ભેદ છૂટ ગયે. વહ છઢાળામેં આતા હૈ. (શ્રોતાઃ જહાં ધ્યાન ધ્યાતા ધ્યેયકો ન વિકલ્પ...) વિકલ્પકી બાત કી નહીં. સમજમેં આયા?

યહાં તો અંતરમેં સમાનેકી બાત હૈ ભાઈ! બાહર વિકલ્પમેં નિકલના વહ ભી દુઃખ હૈ. મુનિ (નિર્વિકલ્પ હુએ) નહીં તો ઐસી ભૂમિકામેં ૨૮ મૂલગુણ(કા વિકલ્પ) આતા હૈ. અચેલ, અદંતધોવન, એકબાર આહાર, ખડે-ખડે આહાર, .... ખડે હો તો લે સકે, ... ન લે સકે. ઓહોહો! ઐસી તો સહજ વિકલ્પદશા હોતી હૈ. હઠ નહીં. સમજમેં આયા? જહાં અંદર સ્વરૂપમેં લીનતા, સ્થિરતા હૈ, સમ્યગ્દૃષ્ટિસે ઔર પંચમગુણસ્થાન(વર્તી) શ્રાવકસે જિસકો વિશેષ સ્થિરતા જમ ગઈ હૈ અંદરમેં. ઓહોહો! ઐસી સ્થિરતાકો વીતરાગી ચારિત્ર કહનેમેં આતા હૈ. મુનિકો ઐસી દશા હોતી હૈ. આહાહા! જેણે જિંદગી–મનુષ્યના અવતાર સફળ કર્યા.

લોગ કહતે હૈં, મનુષ્યપનેમેં ચારિત્ર હૈ, દૂસરેમેં નહીં. ઇસલિયે કરો વ્રત ને તપ. યે નહીં ભાઈ! વ્રત, તપ તો અજ્ઞાન હૈ. સ્વરૂપકા ભાન હુઆ, ચૈતન્યપ્રકાશકા ભાન અંદર અનુભવમેં હુઆ, ઉસમેં અંદરમેં લીન હોના વહ ચારિત્ર હૈ. અજ્ઞાનપને વ્રત લે લો. ચારોં ગતિમેંસે મનુષ્યમેં (ચારિત્ર) હૈ. કૌનસા વ્રત ભૈયા? વહ કહતે હૈં દેખો ન! પંચમહાવ્રતાદિ (હો), પણ જિસકો નિશ્ચય ચારિત્ર હૈ, અનુભવ હૈ, આત્માકા પતા લિયા હૈ અંદરમેં, પરમાત્મા–નિજ પરમાત્મા ઉસકી મહિમા અનુભવમેં આયી હૈ. સમજમેં આયા? ઉસકે ઉપરાંત સ્વરૂપમેં સ્થિરતા કરતે હૈં. જમવટ જમ જાય અંદરમેં સ્થિર.. સ્થિરબિંબ. ઐસે વીતરાગકે માર્ગમેં.... ઐસે લિયા ન અંદર. મહાદેવાધિદેવ પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગકે માર્ગમેં પંચ મહાવ્રતાદિકા વ્યવહાર પરિણામ હોતા હૈ ઔર નિશ્ચય સ્થિરતા વીતરાગમાર્ગમેં હોતી હૈ. દૂસરે માર્ગમેં ઐસી ચીજ હૈ નહીં. આવ્યુંને એ.

**નિશ્ચયસે શુદ્ધ ગુણોંસે શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમેં સ્થિર ભાવ કરતા હૈ, વહ મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહલાતા હૈ...** વે તો પ્રતિક્રમણસ્વરૂપ હો ગયે. પ્રતિક્રમણકી પર્યાય ભિન્ન રહ ગઈ, ઐસા નહીં. ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસમેં ભાવ જમ ગયા તો વહ

આત્મા પ્રતિક્રમણસ્વરૂપ હો ગયા. આહાહા! સારે સંસારસે તો હટ ગયા થા સમ્યગ્દર્શનમેં, અસ્થિરતા જિતની બાકી થી ઉસસે હટ ગયા. જહાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. સમયસાર નાટકમેં તો યે કહા હૈ, મુનિ ભાવલિંગી હોતે હૈં ઉનકે મુખમેંસે સુગંધ નિકલતી હૈ ભાઈ! સમયસાર નાટકમેં. આહાહા! (મુખ) ધોવે નહીં તોય. ઉદાસીન.... સમજમેં આયા? સમયસાર નાટકમેં હૈ. જિસકે મુખમેંસે સુગંધ નિકલે. દાંત ધોવે નહીં. ઇતની સ્થિરતા(રૂપ) દશા પ્રગટી હૈ તો પુણ્ય ભી વહાં ઐસા હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

અહીં તો એક દિવસ દાંત ન ધોવે, ઉલ ઉતારે નહીં.. ક્યા કહતે હૈં? જીભ ઉપરથી ઉતારે છે કે નહીં? ઉલિયું. એ કાંઈ નથી, ઉલિયું પણ નથી ને આંગળાય નથી. આહાહા! અનંત-અનંત આનંદનો, શાંતિનો સાગર જ્યાં પ્રગટ્યો, વહાં ઉસકે શરીરમેં સુગંધ હો ગઈ, કહતે હૈં. ભગવાનજીભાઈ! આ બધા પૈસાવાળાને એવું હોય, ગંધ મારતું હોય મોઢું આમ. પાવડર નાખે, પણ એ કાંઈ સદાય રહે છે? ગંધ મારે. એ તો અમારે નાક ચોખ્ખા હોયને, નજીક આવે તો ગંધ મારતી હોય. આહાહા! જેની સુગંધ આત્માની તો આવી, પણ જિસકે શરીરમેં–રજકણમેં સુગંધ હો ગઈ.

શ્રોતા : પરસેવો પણ હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પસીનો હોય... આ તો એક..... વાયુ નહીં નિકલતા હૈ તીવ્ર વાસ? ગંધ મારે. આપણે કહે છેને ...વા. કેટલાકના મોઢા આમ ગંધાય. એને ન ગંધાય હોં, એને ખબર ન પડે. બીજા પાસે આવે તો ગંધાય. અહીંયા તો આ દશા પ્રગટતાં શરીરના રજકણો પલટી જાય. અરે! સમીપ રહેનારા રજકણમાં ગંધ આવે–સુગંધ. સમજમેં આયા? (શ્રોતાઃ સનતકુમાર મુનિ....) સનતકુમારનો ખ્યાલ છે. શરીરમેં.... વહ કોઢ રોગ થા. કોઢ રોગ થા. મુખ્ય સ્થિતિમેં તો સુગંધિત (હોતા હૈ). આહાહા! અરે! એ પરમાત્માને પહોંચી ગયો, કહે છે. 'પહુંચ ગયા' કહતે હૈં?

**'પરમતત્ત્વગત'** છેને? પરમતત્ત્વ ભગવાનકે સાથ સબંધ કર દિયા. પહોંચ ગયા ભગવાનમેં. આહાહા! સમ્યગ્દૃષ્ટિ ભી પહોંચ ગયા હૈ, પણ થોડી સ્થિતિ હૈ–સ્થિરતા થોડી હૈ. ... તો હૈ. ચારિત્રવંત મુનિ ધન્ય અવતાર હૈં ન. કોઈ કહતે હૈં કિ સોનગઢવાલે ચારિત્ર માનતે નહીં, મુનિપના માનતે નહીં. એય ...જી! સુના હૈ કિ નહીં તુમને? એમ નહીં, ભગવાન! તમે કહો છો એમ નથી. આગમ પ્રમાણસે હોના ચાહિયે ન? સર્વજ્ઞકી આજ્ઞા પ્રમાણસે હોના ચાહિયે. ઐસા તો એક ભી દિખતા નહીં. વ્યવહાર ભી દિખતા નહીં. વ્યક્તિ પ્રતિ, પ્રભુ! અનાદર નહીં કરના. વહ ભી આત્મા હૈ. પણ વસ્તુ જો વીતરાગ કહતે હૈં ઐસી દૃષ્ટિ ને ઐસી સ્થિરતા, ઉસ સ્થિરતામેં પંચમહાવ્રતકા પરિણામ ચોખ્ખા (હોના ચાહિયે). ઓહોહો! અહીં તો

૨૮ મૂલગુણના ઠેકાણા નહીં ને કહો કે તમે સાધુ માનો. એ કેવી રીતે (થાય)? નંદકિશોરજી! બાપુ! એ ભગવાન છે. પર્યાયમેં ભૂલ હૈ તો કૈસે માનનેમેં આવે? ઐસી ચીજ હૈ.

ચારિત્ર તો ધન્ય અવતાર હૈ, જિસે ચારિત્ર પ્રગટ હુઆ ઉસે તો કુંદકુંદાચાર્ય નમસ્કાર કરે. આહાહા! ગણધર જિસકો નસ્કાર કરે. 'ણમો લોએ સવ્વ સાહૂણં.' આહાહા! ગણધરકા નમસ્કાર... સીમંધર પરમાત્મા તીર્થંકર બિરાજતે હૈં ઉસકા વજીર-દિવાન ગણધર. વે ગણધર ભી ઐસે કહે, 'ણમો લોએ સવ્વ સાહૂણં.' અઢી દ્વીપમેં જો સાધુ હૈં, સ્વરૂપમેં આનંદકા સાધન કરતે હૈં ઉસકો નમસ્કાર કિયા ન. પંચમહાવ્રતકે વિકલ્પકો નહીં. આહાહા! સમજમેં આયા? **પરમાત્મતત્ત્વકે સાથ સંબંધવાલા...** આહા! ક્યા કહતે હૈં? મુનિ પંચમહાવ્રતકે વિકલ્પકા સંબંધવાલા નહીં, એમ કહે છે ભાઈ! વાત કરી, હોય છે... આહાહા! સંબંધ તો પરમાત્મતત્ત્વમેં લગા દિયા હૈ. ઉસસે તો વિરક્ત હૈ, ધર્મી તો રાગસે વિરક્ત નામ ભિન્ન હૈ. આહાહા! મુક્ત હૈ વ્યવહારસે. ચૌથે ગુણસ્થાનસે વ્યવહારસે મુક્ત હૈ તો મુનિકી ક્યા દશા! ઓહો! જિસકા ગુણગ્રામ અંદર સમજમેં આવે તો કલ્યાણ હો જાય. સમજમેં આયા? એ દશા.. એ દશા.

કહતે હૈં, **પરમતત્ત્વગત...** પરમતત્ત્વ નામ પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકે સાથ જિસને સંબંધ લગા દિયા હૈ. સમજમેં આયા? અપની પર્યાયકા સંબંધ ત્રિકાલીમેં લગા દિયા હૈ. ક્યા કહતે હૈં સમજે? વ્યવહાર પ્રતિક્રમણ આદિ આતા હૈ, કહા સહી વ્યવહાર તરીકેસે, પણ ઉસકે સાથ સંબંધ નહીં. નિમિત્ત સંબંધ હૈ, યે તો ઉપાદાન સંબંધ. આહાહા! અરે! થોડી ભી સત્ય બાત જન્મ-મરણકા અંત લાનેવાલી બાત હૈ. બાકી બધા થોથા. કહતે હૈં, **ઇસીલિયે વહ તપોધન સદા શુદ્ધ હૈ.** લ્યો, પરમતત્ત્વગત સ્વભાવ ઉસકો તપોધન (કહે), ઉસકે પાસ તપરૂપી ધન હૈ. ભગવાનજીભાઈ! આપણા પૈસાવાળાને ગણ્યા નહીં કાંઈ. એ જુગરાજજી! તપોધન, આહાહા! જિસે અતીન્દ્રિય આનંદ સ્વભાવકા ઉભરા-બાઢ આ ગઈ પર્યાયમેં, વહ તપોધન હૈ. તપરૂપી લક્ષ્મી-વીતરાગ પર્યાય જિસે પ્રગટ હુઈ હૈ, વહ લક્ષ્મી હૈ. બાકી તો બીજાને બતાવે કે આની પાસે આ છે... સાધારણ માણસને અભિમાન ઉતરે એ માટે. પૈસાવાલા કહાં પૈસામેં હૈ? આહાહા! સમજમેં આયા?

**ઇસીલિયે વહ તપોધન સદા શુદ્ધ હૈ**. સદા શુદ્ધ હૈ. મહાવ્રતકે પરિણામ ગિને તો ભી શુદ્ધ હૈ વહ આત્મા હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! પરમતત્ત્વકે સાથ સંબંધ લગા દિયા હૈ, પરમાત્માકે સાથ સગાઈ કર લી. લગની લગી ગઈ, સગાઈ તો સમ્યગ્દર્શનમેં કી થી. પરમતત્ત્વકે સંબંધ-સગાઈ તો સમ્યગ્દર્શનમેં કિયા થા, યે તો લગન લગી-લગન કર લિયા. આહાહા! સગાઈ તો સમ્યગ્દર્શનમેં હો ગઈ થી. આહાહા! સમજમેં આયા? જુઓને! યે કૈસી ટીકા હૈ! **પરમતત્ત્વગત નિશ્ચયપ્રતિક્રમણ હૈ ઇસીલિયે**-આ કારણે **વહ તપોધન સદા શુદ્ધ હૈ.** પૂર્ણાનંદકા નાથ પરમાત્મામેં જિસકી લગન લગી હૈ, ઉસ કારણસે પરમાત્માકા સાધક શુદ્ધ હૈ,

સદા શુદ્ધ હૈ, પર્યાયમેં હો. ત્રિકાલ શુદ્ધ હૈ... સદા શુદ્ધ હી હૈ મુનિ તો, એમ કહતે હૈં. પંચમહાવ્રતાદિ વ્યવહાર બતાયા, પણ ઉસકે સાથ સંબંધ નહીં, વહ તો ભિન્ન રહા. યહાં પરમાત્મતત્ત્વકે સાથ સંબંધ કિયા ઉસ કારણસે સદા શુદ્ધ હૈ.

**ઇસીપ્રકાર શ્રી પ્રવચનસારકી (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામક) ટીકામેં (૧૫વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :** આધાર દેતે હૈં.

**इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-**
**रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः।**
**आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-**
**श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम्॥**

પદ્મપ્રભમલધારિદેવ ટીકા કરનારા આધાર આપે છે. જૈસા યહાં હૈ વૈસી બાત વહાં પ્રવચનસારમેં ભી અમૃતચંદ્રાચાર્યને કી હૈ. **શ્લોકાર્થ : ઇસપ્રકાર વિશિષ્ટ આદરવાલે પુરાણ પુરુષો...** અપને સ્વરૂપમેં ખાસ પ્રયત્નવાન હૈં, બહુમાન, સાવધાની કી હૈ જિસને. વાહ! સમજમેં આયા? 'વિશેષ આદરવાલા' કહા ન. સમકિતીકો આદર હૈ, પણ વિશેષ આદર જો લીનતા હોની (ચાહિયે) વહ હૈ નહીં. યે તો **વિશિષ્ટ આદરવાલે પુરાણ પુરુષોં દ્વારા...** ઓહો! જૂના પુરુષો, સનાતન, અનાદિ. ઉસકે **દ્વારા સેવન કિયા ગયા...** ક્યા? **ઉત્સર્ગ ઔર અપવાદ...** નિશ્ચય મોક્ષમાર્ગ ને વ્યવહાર. ઉત્સર્ગ નામ નિશ્ચય, અપવાદ નામ વ્યવહાર. દો આયે થે ન અંદરમેં. જિસને અંતર સ્વરૂપમેં રમણતાકા નિશ્ચયમાર્ગ આદરા હૈ ઔર અપવાદ વ્યવહારકા વિકલ્પ આતા હૈ વહ ભી ઉસમેં આયા હૈ.

**અનેક પૃથક્-પૃથક્ ભૂમિકાઓમેં વ્યાપ્ત...** ભિન્ન-ભિન્ન પ્રકારકી ભૂમિકા હૈ ન. શુદ્ધતા બઢતી જાતી હૈ, અશુદ્ધતા ઘટતી જાતી હૈ. આહાહા! અમૃતકા ડકાર જહાં આતા હૈ, એમ કહે છે. આહા! સમજમેં આયા? અતીન્દ્રિય અમૃતકા રસ પીતે હૈં. આહાહા! અતીન્દ્રિય અમૃતકા સાગર ભગવાન ઉસમેં એકાગ્ર હોકર અમૃત પીતે હૈં, જિસસે સંસારકા મૃત્યુભાવ ટાલ દિયા હૈ. જીવન સંબુટી... શું કહે છે? સંજીવની જડીબુટી.. સંજીવની જડીબુટી. આહાહા! અપના પરમાનંદ પ્રભુ પૂર્ણ સામાન્યદર્શન ને વિશેષજ્ઞાન ઉસકા પરમ આદરવાલે પુરાણ પુરુષોંને સેવન કિયા, **ઐસા ઉત્સર્ગ-અપવાદ દ્વારા અનેક પૃથક્-પૃથક્ ભૂમિકાઓમેં વ્યાપ્ત જો ચરણ (ચારિત્ર)** હૈ. ચારિત્રકી નિર્મલતા તો બઢતી હૈ ન ઔર ઉસકા પંચમહાવ્રતકા વિકલ્પ જો હૈ વહ રાગ ભી ઘટતા જાતા હૈ. આહાહા! સમય-સમયકી સંભાલ લી હૈ.

**(ચારિત્ર) ઉસે યતિ પ્રાપ્ત કરકે...** જુઓ! આ યતિ. અપને સ્વરૂપકી યત્ના કરે વહ યતિ. આહાહા! અપના સ્વરૂપ પૂર્ણાનંદકી રક્ષા કરે વહ યતિ. આહાહા! શ્રીમદ્‌માં આવે છે વાક્ય. ક્યાં ગયા પ્રેમચંદભાઈ ગયા? 'પરમતત્ત્વની શીઘ્રપણે રક્ષા કરો.' પરમતત્ત્વ નામ દ્રવ્ય.

'સ્વદ્રવ્યની તીવ્રતાથી રક્ષા કરો' ઐસા હૈ. શ્રીમદ્દમેં ઐસા હૈ. ભક્તિ-બક્તિની વાત ત્યાં લીધી નથી. 'સ્વદ્રવ્યની રક્ષા ત્વરાથી કરો.' આહાહા! 'સ્વદ્રવ્યમાં વ્યાપક ત્વરાથી થાઓ.' પહલી રક્ષા લી, પીછે વ્યાપક (અર્થાત્) પ્રસરો ઉસમેં. 'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.' ઉસે ધારો અંદર. આહા! હમેં દેવ-ગુરુ-શાસ્ત્ર(કો) ધારો વહ ભી છોડ દિયા. 'સ્વદ્રવ્યને તીવ્રતાથી ધારણ કરો, સ્વદ્રવ્યમાં તીવ્રતાથી રમણ કરો.' દેખો! યે ૧૭વેં વર્ષમેં આયા હૈ. શ્રીમદ્દને ૧૭વેં વર્ષમેં યે બાત કહીં હૈ. ૧૭ સમજે? ૧૦ ને ૭. ૩૩ વર્ષે દેહ છૂટ ગયા. આહાહા!

એની ખબર નહીં ને ઓલી 'ભક્તિમાં મોક્ષ છે' એમ ત્યાં વળગે માળા બધા. સહેલું શું? ધૂળેય સહેલું નથી, સહેલું તો આ છે. રાગ ... ને એમાં રહેવા. આહાહા! 'સ્વદ્રવ્યમાં તીવ્રતાથી રમણ કરો' પછી 'સ્વદ્રવ્યને ત્વરાથી ગ્રહણ કરો' ઐસા બોલ હૈ. ગ્રાહક થાઓ. 'સ્વદ્રવ્યના ગ્રાહક (થાઓ)'–પકડ કરો. એક બોલ બીચમેં હૈ, એક બોલ દૂસરા હૈ. 'પરદ્રવ્યની ધારકતા ત્વરાથી ત્યજો.' એમ કે મને પણ અંદર ધારવાનું છોડી દે, એમ કહે છે. આહાહા! એ આવ્યું છે. આહાહા! થોડું કહ્યું હતું, નહીં? થોડું આવ્યું હતું. 'પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.' આહાહા! ભાઈ! વિલંબ ન કર એમ કહે છે. અંતર સ્વદ્રવ્યની ધારકતા, એમાં પરદ્રવ્યની ધારકતા છોડી દે. ત્રણ લોકના નાથને પણ વ્યવહારે ધારવા છોડી જે. પરદ્રવ્યની રમણતા ત્વરાથી (તજ). એ સ્વદ્રવ્યની રમણતા ત્વરાથી કર, ત્યારે પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજ. ત્વરાથી તજ. આહાહા!

૧૭ વર્ષે કેટલા પૂર્વના સંસ્કાર (હતા)! (ગૂઢ) શબ્દ આયે હૈં બહોત. લોકો એ પકડે નહીં ને ઓલી વ્યવહારે ભક્તિ એવા બોલ આવેને (એને પકડી લે). સ્વદ્રવ્યને ત્વરાથી ગ્રહણ કરો, ત્યારે પરદ્રવ્યનું ત્વરાથી ગ્રહણ છોડી દે. સમજમેં આયા? ત્વરા સમજતે હો? શીઘ્ર. શીઘ્રપને. સમયમાત્રકા પ્રમાદ છોડકર. આ સમયમાં–પંચમ આરામાં આ કાળે અત્યારે. આહાહા! સમજમેં આયા? પરદ્રવ્યની ધારકતા, રમણતા અને ગ્રાહકતા—ત્રણે ત્વરાથી છોડ. ઉતાવળ કર, શીઘ્ર કર. સ્વને પકડવામાં શીઘ્રતા કર. આહાહા! સમજમેં આયા? પૂર્વકે સંસ્કાર બહોત થે. ક્ષયોપશમી પુરુષ તો એ વખતે એના જેવો કોઈ હતો નહીં ભારતમાં. સમજમેં આયા? જરી શ્વેતામ્બર ને દિગંબરની ભિન્નતા થઈ નથી, એથી લોકો જરી મુંજાણા છે. ઐસી ધ્વનિ તો કહાં હૈ દિગંબર સિવા? દેખો! એ સોમચંદભાઈ!

સ્વદ્રવ્યની.. આહાહા! રક્ષા ત્વરાથી કરો. એની રક્ષા. પરદ્રવ્યની રક્ષા ને ઐસે... કોણ કરે? રક્ષક, વ્યાપક, રમક, ધારક, ગ્રાહક ઐસે બોલ હૈં. પરદ્રવ્યકે લિયે તીન બોલ હૈં. 'પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો, પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો, પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો' બસ ઇતને બોલ હૈં. પછી 'પરભાવ છોડો' એ તો બીજે સમયે છે. દસ બોલ નાખ્યા છેને એમાં. એ તો બીજે સમયે છે. અહીં તો આટલું કહ્યું છે. સમજમેં આયા? ક્યા કહતે

હૈં? (શ્રોતાઃ આત્મધ્યાન તો ૨૪વે વર્ષમેં હુઆ થા.) હા, પણ સંસ્કાર થે ન બહોત. પૂર્વકે સંસ્કાર થે. દસ ને સાત વર્ષે ભણકાર વાગ્યા છે. એમને કોઈ ગુરુ-બુરુ નહીં હતા. અંતરસે ભણકાર... સમ્યગ્દર્શન તો પીછે હુઆ, પણ (ઉસસે) પહલે યે બાત કરતે હૈં. સમજમેં આયા?

ઓહો! પુરાણ પુરુષોએ જે માર્ગ કહ્યો એ પ્રમાણે તું પણ **પૃથક્ ભૂમિકાઓંમેં વ્યાપ્ત જો ચરણ, ઉસે યતિ પ્રાપ્ત કરકે, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરકે...** ક્રમ-ક્રમમેં અતુલ–જિસકી ઉપમા નહીં ઐસી નિવૃત્તિ કરકે... સમજમેં આયા? **ચૈતન્યસામાન્ય ઔર ચૈતન્યવિશેષરૂપ...** લ્યો, આમાં આવ્યું. ટીકામાં હતું ખરુંને. સામાન્ય નામ દર્શન, વિશેષ નામ જ્ઞાન. **જિસકા પ્રકાશ હૈ ઐસે નિજદ્રવ્યમેં...** પરમાત્મા અપના નિજસ્વરૂપ ત્રિકાલી પરમાત્મસ્વરૂપ પોતે પરમાત્મા, પોતે પરમેશ્વર, પોતે દેવાધિદેવ, આત્મા દેવાધિદેવ હૈ.. આત્મા દેવાધિદેવ હૈ.. **ઐસે નિજદ્રવ્યમેં સર્વતઃ...** ક્યા કહતે હૈં? ચારોં બાજુસે સ્થિરતા કરો. **સ્થિતિ કરો.**

અરે! ઉસકી શ્રદ્ધા તો કરે કિ યે ચીજ ઐસી હૈ. સમજમેં આયા? અંતર સ્વરૂપકી દૃષ્ટિ, અનુભવ ઔર સ્થિરતા બિના કભી ઉસકો ધર્મ હોતા નહીં. આહાહા! લાખ જાત્રા કરે, લાખ મંદિર બનાવે. બનાવે કૌન? વહ તો હોતા હૈ, પણ ઉસકા વિકલ્પ કરે. લાખ-કરોડ તારા વિકલ્પ હો જાત્રાના ને ભક્તિના, આહાહા! નિશ્ચય બિના તો ઉસે વ્યવહાર ભી કહનેમેં નહીં આતા. વ્યવહાર આયા તો નિશ્ચયમેં ક્રમ-ક્રમસે અંદરમેં લીન–સ્થિર હો. ભગવાનકે અંદરમેં જા, ભગવાન પાસે જાને ભાઈ! આહાહા! ત્રણ લોકનો નાથ બિરાજે છે એના ગુણની શોભાથી અલંકૃત અંદર છે. એવા પ્રભુની દૃષ્ટિ ઉપરાંત સ્થિરતામાં જા. આહાહા! એને ચારિત્ર કહેવામાં આવે છે.

નવ તત્ત્વમેં સંવર-નિર્જરાકી શ્રદ્ધા આતી હૈ કિ નહીં? સંવર-નિર્જરામેં મુનિકા ચારિત્ર કૈસા હૈ ઉસકી શ્રદ્ધા કરના ચાહિયે ઉસકો. સમજમેં આયા? નવ તત્ત્વમેં મોક્ષતત્ત્વ આતા હૈ વહ દેવકી શ્રદ્ધા હૈ, સંવર-નિર્જરા યે ગુરુકી શ્રદ્ધા હૈ અને સંવર-નિર્જરા ખાસ હૈ વહ ધર્મકી શ્રદ્ધા હૈ. સંવર-નિર્જરાકે ધારક તો મુનિ વિશેષ હૈં. તો નવ તત્ત્વકી શ્રદ્ધામેં યે આતા હૈ કિ ચારિત્ર ઐસા હૈ, કેવલજ્ઞાન ઐસા હૈ યે નવ તત્ત્વમેં આતા હૈ. ભલે સ્વસન્મુખકી બાત કી, પણ સબ ભેદકા જ્ઞાન હૈ. સમજમેં આયા? .....અંદરમેં ગયા... પર્યાય નાશવાન હૈ ઐસે જાનકર અવિનાશીકા આશ્રય લિયા. પર્યાયસે જ્ઞાન નહીં ઐસા નહીં. દૃષ્ટિ તો નિર્વિકલ્પ હૈ તો ઉસે અભેદ કિયા, આશ્રય બઢાયા, સાથમેં જ્ઞાન હૈ વહ સબકો જાનતા હૈ. પર્યાયકો જાને, સંવર-નિર્જરાકો જાને, આસ્રવકો જાને, બંધકો જાને, અજીવકો જાને.

**ઔર ઇસ ૮૬વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં** : સ્વયં પદ્મપ્રભમલધારિદેવ. **विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः..** એક-એક પદમાં બેનો મેળ.

**विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः**
**तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः ।**
**गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः**
**कथममृतवधूटीवल्लभा न स्युरेते॥ ११५॥**

**શ્લોકાર્થ : જો વિષયસુખસે વિરક્ત હૈં...** આહાહા! સમ્યગ્દૃષ્ટિ વિષયસુખસે વિરક્ત હૈ, ચૌથે ગુણસ્થાનસે. પરમેં સુખબુદ્ધિકા નાશ હો ગયા હૈ. આહાહા! ચાહે તો ઇન્દ્રકા ઇન્દ્રાસન હો, ચક્રવર્તી હો, એની પટરાણી જેની એક હજાર દેવ સેવા કરે, સમજમેં આયા? ઉસકે સાથ વિષયકી વાસના ઐસી સુખબુદ્ધિ જ્ઞાનીકી નાશ હો ગઈ હૈ. પહેલું એ લક્ષણ એનું. પરમેં સુખબુદ્ધિ, પુણ્યમેં-પાપમેં સુખ, વિષયમેં સુખ, પૈસામેં સુખ, આબરૂમેં (સુખ)—ઐસી બુદ્ધિ નાશ હો ગઈ હૈ. આહાહા! આ પૈસાવાળાને સુખી કહે છેને લોકો? આહાહા! આ શું કરશે બહારમાં..? ચિંતા. એ ચિંતા પૈસાને કારણે નથી, મમતાને કારણે છે. આહાહા! મમ્.. આ મમ્ જોઈએ એને ઠેકાણે આ મમ્ કર્યું. બાળકને મમ્ નથી આપતા. મમ્.. મમ્.. લે મમ્ લે.. મમ્ આતા હૈ. ઐસે ભગવાન આત્માકે આનંદકા મમ્ નહીં લેતે, પરકે મમમેં ભોક્તા(પના) લેતે હૈં. આહાહા!

આ બાગ ને બગીચા... એ મલુકચંદભાઈ છે કે નહીં, કે ગયા? છે. એના છોકરાને ન્યાં જુઓ તો સ્વિત્ઝરલેન્ડમાં એ મોટા બાગ-બગીચા. રાજા.. ન્યાલભાઈ છેને મોટો એનો. ત્રણ-ચાર કરોડ. અને દીકરો નથી પછી આમાં મોટો બાગ-બગીચા ને મોટો... કો'ક કહેતું હતું. એનો વૈભવ તો... પૂનમચંદનો એક માણસ ત્યાં ગયો હતો. અરે! પૂનચંદના વૈભવનું આમાં કાંઈ ઠેકાણું નહીં એવો વૈભવ છે. એમ કહેતો હતો કોઈક. ..... મોટા બંગલા, બાગ-બગીચા. હુતો ને હુતી બે. હુતો-હુતી સમજે? બે જણા પતિ-પત્ની. ત્રણ-ચાર કરોડ. હુતો એટલે આ હું ને હુતી એટલે એ, એમ. પતિ-પત્ની. ઘરે પૂજા દરરોજ કરે હોં. ફોટો રાખે. હંમેશા ભગવાનના ફોટાની પૂજા કરે બધા ભેગા થઈને. કેમ મલુકચંદભાઈ ભક્તિ કરો છોને? કરે છે? .... ભક્તિ કરે હોં. એટલો વૈભવ, પણ ભક્તિ-પૂજા કરે.

(નિજ) ભગવાનની ભક્તિ વિના બહારની ભક્તિએ શું વળે? ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે ગુણના અલંકારે શોભિત પ્રભુ. જેના ઝવેરાત.. ઝવેરાત કહતે હૈં? જેવર. ગુણરૂપી જેવર અનંતે પડે હૈં જેવર. આહાહા! કહતે હૈં, ધર્મીજીવ ગુણાનંદ પરમાત્મા ઉસકે પ્રેમમેં વિષયસુખસે વિરક્ત હૈ. ઇન્દ્રાણી કરોડો હોય... ઇન્દ્ર સમકિતી છે એને વિષયસુખની રુચિ ઉડી ગઈ છે. આહાહા! વિષયનો વિકલ્પ ઉઠતા ઝેર લાગે. સમજમેં આયા? **વિષયસુખસે વિરક્ત હૈં, શુદ્ધ તત્ત્વમેં અનુરક્ત હૈં...** ભગવાન આત્મા આનંદસ્વરૂપમેં અનુરક્ત હૈ. સમજમેં આયા? વિરક્ત ને અનુરક્ત અંદર છેને. **विरक्ताः.. अनुरक्ताः..** સંધિ કરી છે. **તપમેં લીન જિનકા ચિત્ત**

**હૈ...** ઓહો! ઇચ્છાનિરોધ આનંદસ્વરૂપ ભગવાન ઉસમેં જિસકા ચિત્ત લીન હૈ, અમૃતકે સરોવરમેં ડૂબકી મારતે હૈં.

**શાસ્ત્રસમૂહમેં જો મત્ત હૈં...** દેખો! શાસ્ત્રસમૂહમેં મત્ત... શાસ્ત્રસમુદ્રમેં મસ્ત. વિકલ્પ ઉઠતે હૈં તો શાસ્ત્ર બનાવે. પાગલ હો ગયા હૈ ઐસા લગે. એય! ખાવું નહીં, પીવું નહીં, સૂવું નહીં, બેસવું નહીં, આખો દિ' શાસ્ત્ર.. શાસ્ત્ર.. શાસ્ત્ર. પાગલ થઈ ગયો છે? કે હા, પાગલ-ગાંડો છે. હૈ ન. નીચે હૈ. શાસ્ત્રસમુદ્રમેં મસ્ત હો ગયા હૈ. સારી વિચારધારા શાસ્ત્રકી અનેક પ્રકારકી ગહન... શુદ્ધ ગુફામેં અંદરમેં જાતે હો, અનેક વિચારધારા પ્રસરતી હૈ. પાગલ હો ગયા હૈ શાસ્ત્રમેં, કહતે હૈં. યે દુનિયા પૈસામેં પાગલ હો ગઈ હૈ. એ જુગરાજજી! મસ્ત હો ગયા. યે જુગરાજજીકો જાનતે હો? પીછે બેઠે હૈં. એ દેખાય નહીં એવા છે. બહોત પૈસાકી મમતા રખતે હૈં. પૈસા બહોત હૈ. આત્માકી લક્ષ્મી બિના સબ ભિખારી હૈં. આહાહા! સમજમેં આયા?

**શાસ્ત્રસમૂહમેં મત્ત હૈં...** શાંત.. શાંતસ્વરૂપ ઉસમેં શાસ્ત્રકા ગહન.. ગહન વિચાર. ગંભીર.. ગંભીર.. ગુફામેં જૈસે ઘૂસતે હૈં, ઐસે વિચારમેં મગ્ન હૈં. પાગલ હો ગયા હૈ ઐસા લગે દુનિયાકો. પ્રયોજન કુછ હૈ નહીં. મોક્ષમાર્ગ પ્રકાશક ટોડરમલજીને છહ મહિના બનાયા. માતાને લવણ ન ડાલા શાકમેં ઉસકી ખબર નહીં પડી. નમક. શાક.. શાક સમજતે હો? (નમક) નહીં ડાલા, ખબર નહીં પડી. છ મહિના ધૂનમેં, મોક્ષમાર્ગ પ્રકાશક બનાનેકી ધૂનમેં થે. જહાં પૂરા હુઆ, અરે! મા! યે શાક ઐસા ક્યોં? બેટા! છ માહસે મૈં ઐસા કરતી હૂં. આજ તુજે ખબર પડી? મતિ ધૂનમેંસે બાહર આ ગઈ. યે શાક તો ફિક્કા હૈ, લવણ બિનાકા હૈ. લવણ બિનાકા તો છ માસ પહલેસે બનાતી હૂં. આહાહા! ઐસી ધૂન થી.. ઐસી ધૂન થી. સમજમેં આયા?

'અતિ પ્રીતિવંત' એમ અર્થ કર્યોને મત્તનો. અતિ પ્રીતિવંત. અશુભ વિકલ્પ છોડીને શાસ્ત્રના અધ્યયનમાં અતિ પ્રીતિવંત, અતિ આનંદિત. શાસ્ત્રકે સ્વાધ્યાયમેં અંતરમેં સન્મુખ હોકર અતીન્દ્રિય આનંદ હોતા હૈ. ભલે વિકલ્પ હૈ, પણ અંદરમેં ઘોલનમેં અતીન્દ્રિય આનંદ આતા હૈ. સમજમેં આયા? ઐસે શાસ્ત્રમેં મત્ત હૈં. આહાહા! હૈ ન. **ગુણરૂપી મણિયોંકે સમુદાયસે યુક્ત હૈં...** ગુણરૂપી મણિયોંકે સમુદાયસે યુક્ત-ગુણરૂપી મણિયોંસે યુક્ત હૈં **ઔર સર્વ સંકલ્પોંસે મુક્ત હૈં, વે મુક્તિસુંદરીકે વલ્લભ ક્યોં ન હોંગે? (અવશ્ય હી હોંગે).** આહાહા! એને કેવળજ્ઞાન કેમ ન થાય? મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? મુક્તિસુંદરી ઉસકો વરેગી (બાદમેં) એક સમય ભી વિરહ હોગા નહીં, ઉસકો મુનિ કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૫, મંગળવાર, તા. ૨૯-૮-૧૯૭૨**
**ગાથા-૮૭, શ્લોક-૧૧૬-૧૧૭, પ્રવચન નં. ૮૨ (હિન્દી)**

નિયમસાર, પરમાર્થ–સચ્ચા પ્રતિક્રમણ કહતે હૈં. ૮૭ ગાથા.

**मोत्तूणं सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ॥८७॥**
**કર શલ્યકા પરિત્યાગ મુનિ નિઃશલ્ય જો વર્તન કરે,**
**પ્રતિક્રમણમયતા હેતુસે પ્રતિક્રમણ કહતે હૈં ઉસે. ૮૭.**

**ટીકા : યહાં નિઃશલ્યભાવસે પરિણત...** પરિણત... નિઃશલ્યભાવ તો આત્માકા ત્રિકાલ સ્વભાવ હૈ. સમજમેં આયા? માયા, નિદાન ને મિથ્યાત્વ—તીન શલ્ય રહિત હી આત્માકા ત્રિકાલ સ્વરૂપ હૈ. યહાં કહતે હૈં, **નિઃશલ્યભાવસે પરિણત...** પર્યાયમેં જિસકો નિઃશલ્યભાવ પરિણત હુઆ. સમજમેં આયા? વહ આતા હૈ ન 'નિઃશલ્યોવૃત્તિ' તત્ત્વાર્થસૂત્રમેં. નિઃશલ્યોવૃત્તિ (અર્થાત્) શલ્ય નહીં હૈ યે તો પરિણતિકી અપેક્ષાસે કહા, પણ વસ્તુ તો ત્રિકાલ નિઃશલ્ય હૈ. કરવટ બદલના હૈ. રાગ ઔર પર્યાય ઉસ તરફ જો ઝુકાવ હૈ (ઉસસે) કરવટ બદલતા હૈ. હૈ તો ત્રિકાલ નિઃશલ્ય, પણ યે ત્રિકાલ નિઃશલ્યભાવમેં જિસકી પરિણતિ હૈ, ઐસે કહતે હૈં ન. સમજમેં આયા? નિઃશલ્યભાવસે પરિણત (અર્થાત્) જિસકી વર્તમાન પર્યાયમેં નિઃશલ્ય-ભાવરૂપી પરિણતિ–દશા હો ગઈ. સમજમેં આયા?

**મહાતપોધનકો હી...** અંદર નિઃશલ્યભાવસે પરિણત અવસ્થાવંત તપોધનકો હી **નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહા હૈ.** આહા! ઉસકો હી સચ્ચા પ્રતિક્રમણ હૈ. પહલે તો મિથ્યાત્વકા પ્રતિક્રમણ હોતા હૈ. સમજમેં આયા? એક સમયકી પર્યાય, રાગ ઔર નિમિત્ત ઉસ પર જિસકી રુચિ, દૃષ્ટિ હૈ વહ મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? મિથ્યાત્વકી દિશા પર્યાય, રાગ ને નિમિત્ત ઉપર હૈ. ભગવાન આત્મા, મિથ્યાત્વરહિત હી ઉસકા ત્રિકાલી સ્વભાવ હૈ. સમજમેં આયા? વસ્તુ ત્રિકાલ મિથ્યાત્વરહિત હૈ. વસ્તુ મિથ્યાત્વશલ્ય રહિત હૈ, પણ જો પ્રાણી મિથ્યાત્વશલ્ય રહિત ઐસા જો ભગવાન આત્મા ઉસ તરફકા ઝુકાવ કરકે ઉસકા આશ્રય કરતા હૈ, ઉસકો સમ્યક્-પરિણતિ હોતી હૈ. સમજમેં આયા? યે તો અભી પ્રથમ બાત હૈ. ભગવાન આત્માકો નિઃશલ્ય કહતે હૈં ન. જુઓ!

**પ્રથમ તો, નિશ્ચયસે નિઃશલ્યરૂપ પરમાત્મા...** ભગવાન પરમાત્મા અપના સ્વરૂપ હોં, ત્રિકાલ આનંદ ને જ્ઞાનકા પરિપૂર્ણ ભંડાર હૈ. અજ્ઞાનીકા યે ભંડાર બંધ હૈ, તાલા હૈ, તાલા લગા હૈ. પર્યાયકા એક અંશ, રાગ મેરા હૈ—ઐસી બુદ્ધિસે નિઃશલ્ય પરમાત્મામેં ઉસને તાલા દિયા

હૈ. ખોલનેકી કૂંચીકી ખબર નહીં. આહાહા! જિસને અપના ભગવાન પરમાત્મા નિજસ્વરૂપ 'અપ્પા સો પરમાત્મા' ઐસે પરમાત્મામેં પરકી દૃષ્ટિ છોડકર ત્રિકાલીકી દૃષ્ટિ કરનેસે મિથ્યાત્વરૂપી શલ્યકા નાશ હોતા હૈ, સમ્યગ્દર્શનકી પરિણતિ હોતી હૈ. કહો, સમજમેં આયા?

શ્રોતા : દ્રવ્યસ્વભાવ તો નિઃશલ્ય હૈ તો પર્યાયમેં શલ્ય કહાંસે આયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય....? પર્યાયમેં બનાયા હૈ ઇસને. અંદરમેં હૈ નહીં. પર્યાયમેં શલ્ય બનાયા હૈ. મૈં રાગ હૂં, એક સમયકી પર્યાય જિતના હૂં—ઐસા મિથ્યાત્વશલ્ય નયા રચા હૈ. આહાહા! સમજમેં આયા? પ્રથમ તો, નિશ્ચયસે તો–વસ્તુસ્થિતિસે તો ભગવાન આત્મા અનંત આત્મા, અભવિ કિ ભવિ સબ આત્મા. નિગોદસે લેકર... નિત્યનિગોદ... નિશ્ચયસે તો નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા હૈ. આહાહા! આત્મા હૈ વહ તો નિઃશલ્યસ્વરૂપ હી પરમાત્મા હૈ. સમજમેં આયા? ઉસમેં, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, નિદાન કિ માયા વસ્તુમેં તો હૈ નહીં. વસ્તુ જો શલ્યરહિત ન હો તો નિઃશલ્યપના પરિણમનમેં કહાંસે આયેગા? સમજમેં આયા? વસ્તુ નિઃશલ્યસ્વરૂપ હૈ. કહા ન. પહલે યે લિયા.

**પ્રથમ તો, નિશ્ચયસે** નામ યથાર્થપને–વાસ્તવિક દૃષ્ટિસે **નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા** હૈ. યે તો નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા હૈ. પૂર્ણ સ્વરૂપમેં–એકરૂપ સ્વભાવમેં–દ્રવ્યસ્વભાવમેં–સદૃશ કારણપરમાત્મસ્વભાવમેં–કારણજીવમેં શલ્ય હૈ નહીં. સમજમેં આયા? નિઃશલ્યસ્વરૂપ હૈ તો તીનોં શલ્ય રહિત હો ગયા. પણ પહલે મિથ્યાત્વશલ્ય હૈ... જૈસે કાંટા હોતા હૈ ન લોહેકા, અંદર ચૂભતા હૈ અંદર. સમજમેં આયા? દુઃખ હોતા હૈ. ઉપર ચામડી આ ગઈ હો ઔર અંદરમેં કાંટા હો. કલ-પરસોં એક લડકા આયા થા જુવાન. એ કાંટો તો....... ...... કલ-પરસો એક જુવાન આયા થા. લડકા જુવાન થા ૨૫ વર્ષકા. વહ કહતા થા, મેરે પૈરમેં અકસ્માત હો ગયા થા. શું કહેવાય આ તમારે? એક્સીડન્ટ હો ગયા થા. મહારાજ! ઉપર તો સબ (ઠીક) હૈ, પણ અંદરમેંસે રસી નિકલતી હૈ. પગકા અઠારહ ટુકડા હો ગયા થા, પગના અઢાર ટુકડા. દેખા તો..... અંદર જરીક રસી હૈ. આપકી સલાહ લેને આયા હૂં કિ પરદેશ જાઉં કિ નહીં? આવે તે ઘણા આવેને. મારો આ વિષય નથી.

મિથ્યાત્વશલ્ય નિકાલના હો તો હમ કહે–તો હમ સલાહ દેં. આમ પ્રેમ ખરોને મારા ઉપર. લોકોને બહારથી બહુ પ્રેમ છે. મહારાજનો પ્રભાવ ઘણો, પુણ્યશાળી છે. અન્યમતિમેં ભી પ્રેમ હૈ યહાંકા. શરીરમેં રોગાદિ હો તો હમારી બાધા લેતે હૈં. અભી ભી લેતે હૈં. ભલે મહારાજના શરીરમાં રોગ હોય, પણ રોગ (માટે) બાધા લે છે. હમારા લડકા..... તો મહારાજકા દર્શન કરકે ઇતના રૂપિયા ખરચેંગેં. ઐસા ૭૫કી સાલસે ચલતા હૈ. ૨૫ ને ૨૮ = ૫૩ વર્ષ હુએ. પહલેસે પ્રભાવ હૈ ન પુણ્યકા. ઐસા દિખાવ હો... વહ બિચારા આયા થા. મૈં તો..... ત્યારે તમે હતા ભાઈ? હા, એ ચાર જણા હતા. જુવાન માણસો હોં વીર્યવાળા. મહારાજ! હમ સલાહ

લેનેકો આયે હૈં. મેરે પૈરકા ૧૮ ટુકડા હો ગયા થા. અંદર અભી રસી આતી હૈ. અંદર સડા હોગા. પરદેશ જાનેકી ઇચ્છા કરતા હૂં. સલાહ લેનેકો આયા હૂં. ભાઈ! યે હમારા કામ હૈ? ......

ભગવાન આત્મા જિસકો પર્યાયમેં શલ્ય ખૂંચતા હો, આહાહા! ઉસકો નિકાલમેં હમારી સલાહ હૈ. સમજમેં આયા? ભલે શરીરમેં રોગ આઓ. શરીરમેં રોગ હો, ન હો, ઉસમેં આત્મામેં ક્યા આયા? સમજમેં આયા? સનતકુમાર ચક્રવર્તી, છ ખંડના ધણી, ૯૬ હજાર સ્ત્રી. સાધુ હુઆ ને ગલત કોઢ હો ગયા. સાધુ હુએ. વહ તો શરીરકી જડકી દશા હૈ ઉસમેં ક્યા... મુનિ હૈં, તીન કષાયકા અભાવ હૈ, પંચમહાવ્રતધારી હૈં. ઉસમેં ક્યા હૈ? વહ તો અઘાતિકા યોગ હો તો હોતા હૈ, ઉસમેં ક્યા હૈ? સમજમેં આયા?

યે જો શલ્ય હૈ કિ ત્રિકાલી અખંડ આનંદ પૂર્ણ ધ્રુવ ચૈતન્યસામાન્ય એકરૂપ વહ મૈં નહીં, મૈં તો એક સમયકી પર્યાય ને રાગ જિતના હૂં—(વહ) બડા મિથ્યાત્વશલ્ય હૈ. સમજમેં આયા? યે શલ્ય નિકાલનેમેં મિથ્યાત્વ રહિત અપના ભગવાન ત્રિકાલ નિઃશલ્ય હૈ, કરવટ બદલકર ઉપર દૃષ્ટિ ડાલે (તો) સમ્યગ્દર્શનકી પરિણતિ હોતી હૈ. મિથ્યાત્વરૂપી શલ્યકા વહાં નાશ હોતા હૈ. સમજમેં આયા? પહલે તો મિથ્યાત્વકા પ્રતિક્રમણ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શનપરિણત જીવ મિથ્યાત્વશલ્યસે રહિત હૈ. સમજમેં આયા? યહાં તો તપોધનકી ઊંચી બાત લી હૈ ન.

**નિશ્ચયસે નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા**... અપના આત્મા નિઃશલ્યસ્વરૂપ ભગવાન હૈ. 'અપ્પા સો પરમપ્પા'. શેઠ! આતા હૈ કિ નહીં? તારણસ્વામીમેં બહોત આતા હૈ. તારણસ્વામીને બહોત ગાયા હૈ 'અપ્પા સો પરમપ્પા'. તુમ પરમાત્મા હી હો. આહાહા! પરમાત્માકો વ્યવહારનયસે... નિશ્ચયસે નિઃશલ્યસ્વરૂપ હૈ. નિશ્ચય ને વ્યવહાર દોનોં લગાતે હૈં. ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ નિઃશલ્ય હી હૈ. વસ્તુ તો નિઃશલ્ય હૈ. વ્યવહારનયસે... પણ પર્યાયદૃષ્ટિમેં, ઐસે કહતે હૈં. જુઓ! અહીં વ્યવહારને ઉપચાર લગાવશે.

વ્યવહારનયસે ઉસકો... **વ્યવહારનયકે બલસે...** પર્યાયદૃષ્ટિસે–વ્યવહારનયસે દેખો તો **કર્મપંક-યુક્તપના હોનેકે કારણ...** કર્મકે કાદવસે સહિત દિખતા હૈ. આહાહા! નિઃશલ્ય ભગવાન પરમાત્મા, જ્ઞાનમેં જ્ઞેય કરનેલાયક જો અપના પરમાત્મા હૈ વહ નિશ્ચયસે તો નિઃશલ્ય હી હૈ. વ્યવહારસે–પર્યાયદૃષ્ટિસે પર્યાયમેં **વ્યવહારનયકે બલસે કર્મપંક-યુક્તપના**... આહાહા! રહિત હૈ વહી સહિત હૈ. અહીં ભાષા તો જુઓ! વસ્તુ હૈ વહ રહિત હૈ–શલ્ય રહિત હૈ. વહી (વસ્તુ) પર્યાયમેં વ્યવહારનયસે શલ્ય સહિત હૈ. આહાહા! સમજમેં આયા? કર્મપંક–કર્મરૂપી કાદવસે **યુક્તપના હોનેકે કારણ**... ઐસે કારણસે–પર્યાયમેં શલ્ય હોનેકે કારણ... શલ્યકા અર્થ યહાં કર્મપંક કિયા. આહાહા!

**વ્યવહારનયસે કર્મરૂપી કીચડકે સાથ સંબંધ હોનેકે કારણ...** કર્મ(રૂપી) કીચડસે સંબંધ કિયા હૈ. ભગવાન અસંગસ્વભાવકો દૃષ્ટિમેં છોડ દિયા. અપના પ્રભુ અસંગ ઉસકો છોડકર જિસને જડ દ્રવ્યકર્મકા સંગ કિયા... આહાહા! **ઉસે નિદાન, માયા ઔર મિથ્યાત્વરૂપી તીન શલ્ય વર્તતે હૈં...** આહાહા! ભાષા તો જુઓ! નિશ્ચયસે પરમાત્મા નિઃશલ્ય હૈ ઉસકો વ્યવહારનયસે કર્મપંકસે યુક્ત-સહિત હોનેસે ઉસકો નિદાન-ક્રિયામેં ફલ માંગના, રાગ હૈ તો મૈં સ્વર્ગમેં જાઉંગા, રાગ હૈ તો મૈં ઐસા... નિદાન... માયા (અર્થાત્) કુટિલતા-વક્રતા-દંભ યે શલ્ય હૈ. **ઔર મિથ્યાત્વરૂપી તીન શલ્ય**... ઉલટી-વિપરીત માન્યતારૂપી શલ્ય વર્તતે હૈં, એમ કહતે હૈં. દેખો! નિશ્ચયસે ત્રિકાલી નિઃશલ્ય હૈ, પણ વ્યવહારનયસે તીન શલ્ય વર્તતે હૈં. સમજમેં આયા?

**તીન શલ્ય વર્તતે હૈં**, આહાહા! **ઐસા ઉપચારસે કહા જાતા હૈ.** વ્યવહારસે કહા વહી ઉપચાર હૈ, લોગ કહતે હૈં ન, વ્યવહારકોમેં ઉપચાર ક્યોં કહતે હૈ? ઉસમેં બહુત તકરાર હૈ ખાણિયાચર્ચામેં. વ્યવહારને ઉપચાર કહ્યો છેને ફૂલચંદજીએ. તુમ ઉપચાર કહાંસે લાયે? વ્યવહાર ને ઉપચાર દોનોં એક હી હૈ. સમજમેં આયા? વ્યવહારનયસે ભગવાન આત્મા તીન શલ્ય સહિત વર્તતા હૈ. વસ્તુમેં નહીં હોને પર ભી, ઉપચારસે 'ઉસમેં હૈ' ઐસા કહનેમેં આતા હૈ. આહાહા! ઉસકી પર્યાયમેં હૈ, એમ કહતે હૈં. શરીર, વાણી, કર્મ યે દૂસરી ચીજ હૈ, પણ ઇસકા સંગ કિયા તો પર્યાયમેં તીનોં શલ્ય હૈં. કર્મરૂપી પંક-કાદવકા સંગ કિયા, અપના સંગ અંદરસે છોડ દિયા અનાદિસે. સમજમેં આયા? આહાહા! **ઉપચારસે કહા જાતા હૈ**. જુઓ! પહલે વ્યવહાર કહા થા ન ઉસકો હી ઉપચાર કહા.

**ઐસા હોનેસે હી...** આહાહા! **તીન શલ્યોકા પરિત્યાગ કરકે...** ઐસે પર્યાયમેં તીન શલ્ય વર્તતે હૈં ઉસ કારણસે... ત્રિકાલીમેં નિઃશલ્ય(પના) હોને પર ભી પર્યાય નામ વર્તમાન હાલત નામ દશામેં વ્યવહારનયસે-ઉપચારસે જો તીનોં શલ્ય વર્તતે હૈં... આહાહા! ઐસા કહા જાતા હૈ ઉપચારસે. ખરેખર વસ્તુમેં નહીં, પણ પર્યાયમેં તીન શલ્યકા પરિણમન હૈ. વહ કોઈ કર્મકે કારણસે હૈ ઐસા નહીં. આહાહા! **ઐસા હોનેસે હી તીન શલ્યોંકા પરિત્યાગ કરકે**... પર્યાયમેં તીન પ્રકારકા પરિણમન-અવસ્થા-હાલત હોનેસે હી તીન શલ્યોંકા પરિત્યાગ કરકે... ઇન તીન શલ્યોંકે ભાવકી રુચિ આદિ છોડ કરકે... ભગવાન પરમાત્મા સ્વયં નિજસ્વરૂપ ઉસકા અંદર પ્રત્યક્ષ દર્શન કરકે, અંદરમેં સ્થિરતા કરકે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પરિણતિ પ્રગટ કરકે **જો પરમ યોગી...** આહાહા! પરિત્યાગ-રાગકા ત્યાગ કર પરમયોગી. અપના નિઃશલ્ય ભગવાનકે સાથ ઉસકા યોગ જમ ગયા હૈ. યોગકો સ્વભાવ તરફ જોડા તો યોગી કહનેમેં આતા હૈ. સમ્યગ્દૃષ્ટિ ભી એક અંશસે યોગી હૈ. સમજમેં આયા? ક્યોંકિ અપને દ્રવ્યસ્વભાવમેં સમ્યગ્દર્શનસે જુડાન-યોગ કર દિયા હૈ.

શ્રોતા : મુનિકી બાત હૈ, યોગીકી બાત હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, પણ યોગી ચૌથે (ગુણસ્થાનમેં) કહા ન. વે બડે યોગી હૈં, મુનિ બડે યોગી હૈં, યે જઘન્યયોગી હૈ, પંચમ ગુણસ્થાનવર્તી મધ્યમયોગી હૈ. આહાહા!

શ્રોતા : મુનિકી બાત હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, પહલે સમકિતીકી તો બાત કહતે હૈ ન. પીછે યે બાત કરતે હૈં ન. સમજમેં આયા? જિસકો નિઃશલ્ય ભગવાન આત્મા ઉસમેં રુચિ જમ ગઈ, જોગ જોડ દિયા, યોગ નામ એકાગ્ર હુઆ વહ યોગી હૈ. યે (સમકિતી) સમકિતરૂપી દશાવંત યોગી હૈ. મુનિ સર્વવિરતીકે પરિણામ સહિત હૈં તો પરમયોગી હૈં. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : ક્રિયાકી.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્રિયા-ક્રિયાની અહીં કાંઈ વાત જ નથી. ક્રિયા અંદરમેં હૈ નહીં.

શ્રોતા : શરીરના યોગ કરે છેને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ બધા વિકલ્પ થોથા. જૈનદર્શન સિવા યોગ કરતે હૈં વહ થોથા હૈ. વસ્તુ ક્યા હૈ ઉસકી ખબર નહીં ઉસકે બિના યોગ કિસકા કરે? જુડાન કિસમેં કરે? પતા હી નહીં કિ યે ચીજ ક્યા હૈ. સર્વજ્ઞ પરમેશ્વર સિવા કિસીને આત્મા ક્યા હૈ વહ જાના હી નહીં.

ભગવાનને કહા ઐસા આત્મામેં જુડાન... નાગા બાવા ઐસા કરે ને ઐસા કરે, (વહ) સબ મિથ્યાભ્રમ હૈ, મિથ્યાત્વકા પોષણ હોતા હૈ. ઐસી બાત હૈ. ભારે વાત ભાઇ! વસ્તુસ્થિતિ ભગવાનને દેખી હૈ. ઐસી ચીજ અપની દૃષ્ટિમેં દેખે ઔર અપની જ્ઞાનપર્યાયમેં ઉસકો જ્ઞેય બનાયે પરમાત્માકો, નિજ પરમાત્માકો હોં, (બાહ્ય) પરમાત્મા નહીં. વહ ઇતને દરજ્જેકા યોગી કહનેમેં આતા હૈ, ઇતને દરજ્જેકા મહાત્મા કહનેમેં આતા હૈ. આહાહા! મહા-આત્મા અંતરાત્મા હુઆ ન. બહિરાત્માકો તો યોગી નહીં કહા. અંતરાત્મા ભગવાન... બહિરાત્મા અર્થાત્ વસ્તુમેં નહીં ઐસી એક સમયકી પર્યાય, એક સમયકા રાગ ઉસકો અપના માને વહ બહિરાત્મા હૈ. બહિર્ભાવકો અપના માનતા હૈ તો બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા!

અંતરમેં પૂર્ણ પરમાત્મા નિઃશલ્યસ્વરૂપ ભગવાન જબ દૃષ્ટિમેં આયા તો સમ્યગ્દર્શનરૂપી પરિણમન હુઆ, વહી અપને સ્વરૂપમેં યોગ કિયા હૈ. વહ (યોગ) તો નિરંતર રહતા હૈ. સમજમેં આયા? યહાં બાત મુનિકી લી હૈ. ઉત્કૃષ્ટ બાત હૈ ન! ઓહોહો! ઐસી બાત. પરમયોગી... **તીન શલ્યોંકા પરિત્યાગ**... પરિત્યાગ અર્થાત્ સમસ્ત પ્રકારસે ત્યાગ, એમ. સ્વભાવ.. સ્વભાવ.. પરમાત્મા.. પરમાત્મા.. પરમાત્મા.. ઐસી જિસકો અંતરમેં ધૂન લગી, તીનોં શલ્યકા સર્વથા પરિત્યાગ કિયા ઉસને. પણ પહલે મિથ્યાત્વકો ત્યાગે બિના અવ્રત ને કષાયકા ત્યાગ હોતા નહીં. અપને લે લો સાધુપના. ક્યા સાધુપના લે? બાહરમેં સાધુપના હૈ? આહાહા! અંતર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકી અંતરદૃષ્ટિમેં કરવટ દિશા બદલકર, જિસને દિશાવાન ભગવાન આત્મા પૂર્ણ.... સમજમેં આયા?

મોક્ષ હોતા હૈ તો સીધી .... આદિમેં જાતા હૈ. સિદ્ધ હોતા હૈ ન યહાંસે. (તીરછા) નહીં જાતા. સીધા જાતા હૈ. વહ આતા હૈ ન.... સંસારીકો વક્ર ગતિ હૈ. પૂર્ણ નિઃશલ્ય પરિણતિ હોકર પરમાત્મા હુઆ. મુનિ ભી પરમાત્મા (હોને)કે લાયક હો ગયા. આહાહા! પરમાત્મા ને મુનિમેં ફેર માને વહ જડ હૈ એમ કહતે હૈં. કલશ હૈ... દો દિન પહલે બતાયા થા. પરમાત્મામેં જમ ગયા હૈ. યે તો પ્રવચનસારમેં ભી લિયા હૈ. મુનિ ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાન, ચારિત્રમેં પરિણત હો વહ મોક્ષતત્ત્વ હૈ, મોક્ષતત્ત્વ હૈ. આહાહા! યહાં કહતે હૈં, **તીન શલ્યોંકા પરિત્યાગ કરકે જો પરમયોગી**... ભાષા હૈ ન. સમ્યગ્દૃષ્ટિ આદિ યોગી હૈ, પણ પરમયોગી નહીં. પરમયોગી.. યે યોગી હોં. ઓલા બાવા-બાવાને યોગી કહે છે, ધૂન લગાવે છે એ નહીં.

ભગવાન પરમાત્મા પૂર્ણ સ્વરૂપ અપના ઉસમેં જિસને યોગ લગાયા–ધૂન લગ ગઈ ઐસા પરમયોગી, આહાહા! **પરમ નિઃશલ્ય સ્વરૂપમેં રહતા હૈ...** નિઃશલ્યસે રહતા હૈ ઇતના નહીં, પરમ નિઃશલ્યસે. આહાહા! તીનોં શલ્ય રહિત. માયા નહીં, નિદાન નહીં, યે ક્યા...? ઔર 'નિઃશલ્યોવૃત્તિ' આતા હૈ કિ નહીં? મિથ્યાત્વ હૈ ઔર વ્રત કહાંસે આયા? સમજમેં આયા? વહાં તો નિઃશલ્યવૃત્તિ કહા. વસ્તુમેં તો શલ્ય હોતા નહીં. શલ્ય, મિથ્યાત્વ શલ્ય તો હૈ કિ રાગસે લાભ હોગા, પુણ્યસે ધર્મ હોગા, રાગ મૈં હૂં, રાગ મેરી ચીજમેં હૈ. ઐસી દૃષ્ટિ મિથ્યાત્વકી તો પડી હૈ. સમજમેં આયા? કહાંસે આયા મુનિપના?

શ્રોતા : ગૃહીત મિથ્યાત્વકા તો અભાવ હો જાતા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગૃહીત મિથ્યાત્વકા અભાવ હુઆ વહ ભી નિશ્ચય નિઃશલ્ય નહીં. નવમી ગ્રૈવેયક જાતા હૈ (તહ ભી) ઉતના ત્યાગ હોતા હૈ. અભી તો સમજનેકી ચીજ હૈ. સમજમેં આયા? યે વસ્તુકી સ્થિતિ હૈ, કોઈ વ્યક્તિકી (બાત) નહીં. વ્યક્તિકી જવાબદારી વ્યક્તિકો હૈ. ભવભ્રમણ, ચોરાશીકા ભવભ્રમણ... માથે ભવોદધિ–ભવરૂપી ઉદધિ... રાગકી એકતામેં બડા ભવોદધિ પડા હૈ. ચાહે તો દયા, દાન, વ્રતકા વિકલ્પ હો, યે વિકલ્પ સહિત મૈં હૂં (ઐસી માન્યતા હૈ તો) બડે ભવ ઉદધિ–સમુદ્રમેં ડૂબા હૈ. આહા! બાહરસે ઉસકા પ્રમાણ નહીં હોતા. ઉસકા માપ તો અંતરંગસે હોતા હૈ.

કહતે હૈં, **પરમયોગી પરમ નિઃશલ્ય-સ્વરૂપમેં રહતા હૈ**... આહાહા! મુનિ હૈ ન, અપની બાત ભી કરતે હૈં. કુંદકુંદાચાર્ય ભી મુનિ હૈં ન, વે અપની કહતે હૈં. નિઃશલ્ય પરિણતિ હમારી હૈ. આહાહા! **मोत्तूणं सल्ल** હૈ ન. **मोत्तूणं सल्लभावं**... પાછો શલ્યભાવ લીધો છે. **णिस्सल्ले जो दु साहु परिणमदि**... આહાહા! ધન્ય અવતાર, જિસને મનુષ્યપના સફલ કિયા! સમજમેં આયા? ભવરહિત બનાનેકો ભવ કિયા.. ભવરહિત બનાનેકો ભવ કિયા. આહાહા! સમજમેં આયા? **પરમ નિઃશલ્ય-સ્વરૂપમેં રહતા હૈ**... પરમ નિઃશલ્ય-સ્વરૂપ પરિણતિ ઉસમેં રહતા હૈ **ઉસે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહા જાતા હૈ.** યથાર્થ પ્રતિક્રમણસ્વરૂપ... જૈસી વસ્તુ અંદર નિઃશલ્ય હૈ

ઐસી પરિણતિ જહાં હો ગઈ તો નિશ્ચયપ્રતિક્રમણમય હો ગયા, વીતરાગીપર્યાયમય હો ગયા. આહાહા! પહલે સ્વરૂપ જાને તો સહી કિ કૈસી ચીજ હૈ. સમજમેં આયા?

રાત્રે ભાઈ ...... સાંભળ્યુંને ભોગભૂમિનું. અસંખ્ય દ્વીપ. જઘન્ય ભોગભૂમિ અઢીદ્વીપ બાહર. અસંખ્ય વર્ષનું આયુષ્ય. અસંખ્ય ક્ષાયિક સમકિતી પશુમેં પડે હૈં. આહાહા! અઢીદ્વીપ બાહર અસંખ્ય દ્વીપમેં અસંખ્ય તિર્યંચ ક્ષાયિક સમકિતી હૈં. ભોગભૂમિ. ભોગભૂમિ હોતી હૈ (ઐસા) બહુત સુના થા. પણ યે બાહરકી ભોગભૂમિ ખ્યાલમેં આયી નહીં. કર્મભૂમિ.. કર્મભૂમિ કહતે થે. કર્મભૂમિ હૈ.. કર્મભૂમિ હૈ. .... પણ દૂસરી ક્યા હૈ? દૂસરી સબ ભોગભૂમિ હો ગઈ. આહાહા!

અરે! તિર્યંચકો તિરછા શરીર મિલા, ઉસમેં ક્ષાયિક સમકિત. આહાહા! પહલે તિર્યંચકા આયુષ્ય બંધ ગયા હો, પીછે ક્ષાયિક સમકિત હુઆ હો, તો ભોગભૂમિમેં જાતે હૈં. ઐસે તો અસંખ્ય ક્ષાયિક સમકિતી બિરાજતે હૈં. અરે! પશુકે શરીરમેં. શરીરમેં કહાં હૈ? વે તો આત્મામેં હૈં. સમજમેં આયા? વિજ્ઞાનઘન હોકર રહતે હૈં. અરેરે! વિશ્વાસ કહાંસે હો કિ ઐસી ચીજ હૈ. સ્વકે અસ્તિત્વકી પ્રતીત. ઐસે સંવર-નિર્જરાવંત ક્ષાયિક સમકિતીકો નવ તત્ત્વ પ્રતીતમેં આ જાતે હૈં. સમજમેં આયા? સિદ્ધ ક્ષાયિક સમકિતી હૈં ન. સિદ્ધ ક્ષાયિક સમકિતી અનંત, તિર્યંચ ક્ષાયિક સમકિતી અસંખ્ય, મનુષ્ય ક્ષાયિક સમકિતી સંખ્ય–સંખ્યાત. આહાહા! સમજમેં આયા? કોલકરાર... ક્ષાયિક સમકિત હુઆ, કેવળજ્ઞાન અલ્પકાલમેં (લેગા). વહાંસે નિકલકર–તિર્યંચમેંસે મનુષ્ય હોકર કેવલ પાયેગા. અસંખ્ય ક્રમ-ક્રમસે આયેગેં. સમાન સ્થિતિમેં તો આ સકે નહીં. સમજમેં આયા? ક્યા કહતે હૈં?

યે તો હમારા પહલા પ્રશ્ન થા ૭૯કી સાલમેં. ૭૯. એક આયા થા ભાઈ ઓલા..... શું નામ સાધુ સ્થાનકવાસી? ..... તો ઉસકો પ્રશ્ન કિયા થા કિ તિર્યંચ આરાધક હોકર એક સમયમેં અસંખ્ય દેવલોકમેં સમાન સ્થિતિમેં (-આયુમેં) જાતે હૈં? ઐસા પ્રશ્ન કિયા થા. ક્યા કહા? મનુષ્ય તો સંખ્યાત હૈં. અસંખ્ય તિર્યંચ આરાધક હોકર સ્વર્ગમેં સમાન સ્થિતિમેં (-આયુમેં) જા સકતે હૈં? કાંઈ ખબર નથી. ક્યોંકિ (અગર) સમાન સ્થિતિમેં જાય તો વહાંસે તો મનુષ્ય હોના હૈ ઔર મનુષ્ય તો સંખ્યાત હૈં. ક્યાંથી અસંખ્ય આવે? સમજમેં આયા? ક્યા સમજમેં આયા? બીડી પીતે હૈં યે ખબર હૈ ન. આ પંદર દિ'એ આવ્યા.

ઐસા કહા થા ૭૯મેં. કિતને વર્ષ હુએ? ૨૧ ને ૨૮ = ૪૯. વહ આયા થા બહોત..... સમકિતી તો બહોત હૈં, પણ ચારિત્રવંત કૌન હૈ દેખનેકો આયે હૈં હમ તો. અરે! પછી એવા પ્રશ્ન તો બહુ કર્યા હતા. યે એક પ્રશ્ન કિયા થા. સમજમેં આયા? કિ પશુ અસંખ્ય હૈં ન. સમકિતી હૈં અસંખ્ય. આરાધક હોકર અસંખ્ય તિર્યંચ... સિદ્ધાંતમેં પાઠ હૈ. આઠવેં દેવલોકમેં એક સમયમેં અસંખ્ય તિર્યંચ સમકિતી ઉપજતે હૈં, આઠવેં દેવલોકમેં. છે એવો પાઠ. અસંખ્ય

તિર્યંચ સમકિતી એક સમયમેં ઉપજતે હૈં ઐસા પાઠ હૈ. તો પ્રશ્ન કિયા કિ સમાન સ્થિતિમેં અસંખ્ય ઉપજે? ન ઉપજે. સમાન સ્થિતિમેં ઉપજે તો નિકલકર મનુષ્યમેં આના હૈ. મનુષ્ય તો સંખ્યાતા હૈં. મનુષ્ય સંખ્યાતા હૈં. સમાન સ્થિતિમેં જો વહાં ઉપજે તો સમાન સ્થિતિમેં છૂટના ભી હોગા, તો અસંખ્ય કહાં ઉપજે? એક સમયમેં અસંખ્ય આરાધક હોકર જાતે હૈં, પણ સમાન સ્થિતિ હોવે નહીં. સમજમેં આયા કિ નહીં? નંદકિશોરજી! સમાન સ્થિતિવાલે નહીં.

એક સમયમેં અસંખ્ય ઉપજતે હૈં સાથમેં. તિર્યંચ સમકિતી અસંખ્ય–બહોત હૈં ન. તો ઉસમેં ક્ષાયિક સમકિતી ભી હૈં. સમજમેં આયા? એ વખતે ક્ષાયિક સમકિતની ખબર નહોતી. સમજમેં આયા? અસંખ્ય સમકિતી એક સમયમેં આઠવેં સ્વર્ગમેં ઉપજતે હૈં, ઐસા પાઠ હૈ. આઠવાં સ્વર્ગ હૈ ... દેવલોકમેં. તિર્યંચ જાતે હૈં ન વહાં. તો એક સમયમેં અસંખ્ય જાતે હૈં. કીધું, અસંખ્ય જાતે હૈં, (૫૨) સમાન સ્થિતિમેં જાયેંગેં? સમજમેં નહીં આયા? સમાન સ્થિતિમેં જાય તો સ્થિતિ પૂરી હોકર વહાંસે નિકલકર યહાં મનુષ્ય હોના હૈ. ઐસે અસંખ્ય જીવ ઉપજે ખરા, પણ સમાન સ્થિતિસે નહીં. નહીં સમજમેં આયા?

આયુષ્યકી સમાન સ્થિતિસે ન ઉપજે. સમાન આયુષ્ય હૈ નહીં. સમાન આયુષ્યસે ઉપજે તો આયુષ્ય પૂરા હોકર અસંખ્ય ઉપજે કહાં? મનુષ્યમેં આના હૈ. મનુષ્ય તો સંખ્યાતા હૈં. ઐસે પ્રશ્ન બહોત હોતે થે. ૭૯મેં, ૫૦ વર્ષ પહલે. ૭૪કી સાલસે હોતે થે બહોત. સમજમેં આયા? હિંમતભાઈ! થઈ ગયું કે નહીં બરાબર હવે? આહાહા! આરાધક સમાન સ્થિતિમેં સાથમેં અસંખ્ય ઉપજે ખરા. એક સમય, સેકંડકે અસંખ્યવાં ભાગ–એક સમયમેં અસંખ્ય પશુ સમકિતી ઉપજે સ્વર્ગમેં. ઓહોહો! મનુષ્યપના મહંગા હો ગયા. આહાહા! સમાન સ્થિતિસે ન ઉપજે. થોડી-બહોત ૨૫-૫૦-૧૦૦-૨૦૦-૫૦૦ વર્ષકે ફેરમેં એકસાથ ઉપજે. વહાંસે નિકલકર મનુષ્યપનેમેં આયેંગેં. સમજમેં આયા?

અહીં કહે છે કે **પરમ યોગી નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહા જાતા હૈ**... આહાહા! **કારણ કિ ઉસે સ્વરૂપગત**... કલ આયા થા વહ. 'પરમતત્ત્વગત' પહલે આયા થા. ગાથામેં આયા થા. પરમતત્ત્વગત.. ઐસે સ્વરૂપગત. ભાષા જુઓ! ૧૬૪ પાનું, ગાથાની બીજી લીટી. **પરમતત્ત્વગત**. આ બાજુ. પરમતત્ત્વગત. ત્રીજી લીટી. બસ અહીં **સ્વરૂપગત.** એ તો એનો એ શબ્દ છે. ભગવાન પરમાત્માકે સાથમેં જિસને સંબંધ જોડ દિયા. આહાહા! સમકિતમેં સગાઈ કી થી, ચારિત્રકા સંગ કર લગ્ન કર લિયા. સમજમેં આયા? સમકિતમેં ભગવાન પરમાત્માકે સાથમેં સગાઈ કી થી. 'સગાઈ' કહતે હૈં ન? સંબંધ કરના. ચારિત્ર જહાં અંદરમેં સ્વરૂપ પરિણતિ (હુઈ), લગ્ન હો ગયા–લગની લાગી. ઐસે પરમાત્માકે સાથમેં સંબંધ કિયા ઉસકો **સ્વરૂપગત (નિજ સ્વરૂપકે સાથ સમ્બન્ધવાલા)**... દેખો! અપને સ્વરૂપકે સાથ સંબંધવાલા. આહાહા!

**વાસ્તવિક પ્રતિક્રમણ હૈ હી.** વહ ખરેખર સંસારસે હટ ગયા હૈ. વહ સંસારસે હટ ગયા હૈ ઔર અપની શુદ્ધ પરિણતિમેં આ ગયા હૈ. સમજમેં આયા?

**અબ ઇસ ૮૭વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ** પદ્મપ્રભમલધારિદેવ **દો શ્લોક કહતે હૈં :**

**शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।**
**स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम् ॥११६॥**

**શ્લોકાર્થ : તીન શલ્યોંકા પરિત્યાગ કરકે...** યે વિદ્વાનકો કહતે હૈં. વિદ્વાન ઇસકો કહીએ. સમજમેં આયા? આહાહા! પંડિત, પ્રવીણ, યથાર્થ વિદ્વાન આ છે. **તીન શલ્યોંકા પરિત્યાગ**... પરિત્યાગ... મિથ્યાત્વકા એક અંશ નહીં, નિદાનકા અંશ નહીં અને માયાશલ્યકા અંશ નહીં. આહાહા! અપરંપાર પુરુષાર્થકી ગતિ. પરમાત્માકે સાથ જુડાનમેં અપરંપાર પુરુષાર્થ હૈ. 'લાગી લગન હમારી, જિનરાજ સુજશ સુન્યો મૈં, કાહુકે કહે અબ કબહૂ ન છૂટે, લોકલાજ સબ ડારી..' લોકલાજ સબ (ડાલ દી). ક્યા કહેગી દુનિયા? દુનિયા એને ઘરે રહી. 'જિનરાજ સુજશ સુન્યો..' તેરે પરમાત્મસ્વરૂપકા સુજશ સુના, હમારી લગની લગી વહાં. સમજમેં આયા? 'કાહૂકે કહે અબ કબહૂ ન છૂટે, લોકલાજ સબ ડારી,'

'જૈસે અમલી અમલ કરત સમય, લાગ રહી જ્યોં ખુમારી..' અમલ પીતે હૈં ન અફિમ. અફિમ પીતે હૈં, દારૂ પીતે હૈં. અંદર ચડ જાતી હૈ ખુમારી. 'જૈસી અમલી અમલ કરત સમય, લાગ રહી જ્યોં ખુમારી, અબધુ સો જોગી... જિનપદકા કરે નિવેડા, જિનપદકા કરે નિવેડા, અબધૂ સો જોગી.., લાગી લગન હમારી જિનરાજ..' વીતરાગ! તેરી ચીજ જહાં સુની હમારી લગની લગી. 'કાહૂકે કહે અબ કબહૂ ન છૂટે, લોકલાજ સબ ડારી.' દુનિયા પાગલ કહે, અરે! આવો માર્ગ હોય? અરે! સુન તો સહી! સમજમેં આયા? સ્વરૂપકી લગની–લત લગી, માયાકો મારી લાત ઔર સ્વરૂપકી લગી લત. આહાહા! નિદાન હૈ ન પહલે. માયા, નિદાન. મારી લાત અને સ્વરૂપની લાગી લત. આહાહા!

**તીન શલ્યોંકા પરિત્યાગ કરકે, નિઃશલ્ય પરમાત્મામેં...** ભાષા દેખો! ભગવાન આત્મા તો નિઃશલ્યસ્વરૂપ હી હૈ. ત્રિકાલ નિઃશલ્યરૂપ પરમાત્મા હૈ. જિસમેં શલ્યકા પ્રવેશ નહીં. શલ્ય ઉપર.. ઉપર.. ઉપર.. ઉપર લટકે. અંદરમેં પ્રવેશ નહીં. ઐસે ભગવાન **પરમાત્મામેં સ્થિત રહકર**–અંદર લીન રહકર **વિદ્વાનકો...** એય! જાનનેવાલે પંડિતોંકો... ઉસકો પંડિત કહતે હૈં યહાં. આહાહા! સ્વરૂપમેં દૃષ્ટિ લગાકર લીન હોના વહ વિદ્વાનકા કર્તવ્ય હૈ. આહાહા! વહ વિદ્વાન હૈ. આહાહા! પંડિતાઈ ક્યા? પંડિત તો ઉસકો કહતે હૈં કિ અપની દૃષ્ટિ કરકે અંદર લીન હોના વહ પંડિત હૈ. દૂસરા જાનપના કમ હો, સમજાનેકી શક્તિ ન હો. ન ભી હો ઉસમેં ક્યા હૈ? સમજમેં આયા? જો કરના થા વહ કિયા ઉસકો વિદ્વાન કહતે હૈં.

અરે! **વિદ્વાનકો**... વિદ્વાન (અર્થાત્) વિત્+વાન, લક્ષ્મીવાળો. વિદ્વાન હૈ ન. વિત્-વાન–આત્માકા લક્ષ્મીવાન. યે ધૂલ લક્ષ્મીમેં ક્યા આયા? શેઠ! હૈરાન હોતા હૈ. ૧૫-૧૫ દિન તક આ સકે નહીં. યે લક્ષ્મીમેં તો હૈરાન હોતા હૈ. આહાહા! વીતરાગ એ વિદ્વાન. આહાહા! સ્વરૂપકી લક્ષ્મી, અનંત આનંદસ્વરૂપ ભગવાન પરમાત્મા યે લક્ષ્મી પ્રગટે જિસે.... વિદ્-વાન–ઐસી લક્ષ્મીવાન. જિસકા ઐસી લક્ષ્મી(વાલા) રૂપ હૈ. સમજમેં આયા? આહાહા! મુનિ ભી કૈસી બાત કહતે હૈં! ઓહો! વિદ્વાનકો બાહરકી બાત સમજાના આયે તો સમજમેં આવે (ઐસા) ઉસકે સાથ ક્યા સંબંધ હૈ? અંદર ભગવાન પરમાત્મા નિઃશલ્ય ત્રિલોકનાથ ગંભીર સ્વભાવ લેકર પડા હૈ. જિસકી જાત–હદ ન આવે ઐસા અજાતસ્વરૂપી ભગવાન હૈ. ઐસા અજાતસ્વભાવી પરમાત્મામેં સ્થિતિ કરતા હૈ ઉસ **વિદ્વાનકો સદા**... પાછું, સદા આહાહા!

**શુદ્ધ આત્માકો**... ભગવાન ત્રિકાલ પરમાત્મા **શુદ્ધ આત્માકો સ્ફુટરૂપસે ભાના ચાહિયે.** પ્રગટરૂપસે ભાવના કરની ચાહિયે. વસ્તુ તો હૈ, પણ પર્યાયમેં પ્રગટ હો ઐસી ભાવના કરની ચાહિયે. આહાહા! એક-એક કલશ અમૃતસે ભરા હૈ. તારી જુવાનીમાં કીડા પડશે ભાઈ! એ સડીને ઝીર્ણ.. ઝીર્ણ થશે. સુંદર રૂપ લાગે, એ ધરતીમાં ધૂળ થઈ જશે. અમૃતસ્વરૂપ ભગવાનકો મિલે બિના પરકી ચીજકા અભિમાન કિ મૈં ઐસા હૂં.. મૈં ઐસા હૂં. અરે પ્રભુ! ઐસા તું નહીં. તું તો પરમાત્મા જૈસા હૈ. કહો, સમજમેં આયા? કંઈક શરીર ઠીક, પૈસા ઠીક, આબરૂ ઠીક (તો) અમે કંઈક અધિક થઈ ગયા. દુઃખમેં અધિક હો ગયા. વહ આયેગા કલશ.

**શુદ્ધ આત્માકો સ્ફૂટરૂપસે**... ભગવાન ધ્રુવ ચૈતન્ય પરમાત્મા ઐસે પરમાત્માકો પ્રગટરૂપસે–સ્ફુટરૂપસે—શક્તિકી વ્યક્તતા પ્રગટ કરકે... સમજમેં આયા? વસ્તુ ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ ઉસમેં એકાગ્ર હોકર પ્રગટરૂપસે ભાના ચાહિયે. વિદ્વાનોંકો તો પ્રગટરૂપસે પરમાત્માકી ભાવના કરની ચાહિયે. (શ્રોતાઃ ઝગડા નહીં કરના ચાહિયે). ઝગડા... ઐસા, વૈસા, તુમ્હારા...... સોનગઢ એકાંતવાદી હૈ. અરે ભગવાન! સુન તો સહી નાથ! ઐસા અર્થ કહાં કિયા? આહાહા! જિસે અંતરમેં સમ્યક્-એકાંતપને પરમાત્માકા ભેટા કરના હૈ, ઉસે વ્યવહાર-વ્યવહાર કુછ હૈ નહીં. સમજમેં આયા? આહાહા! વ્યવહાર.. વ્યવહાર એ સંસાર.... સ્ફુટરૂપસે ભાવના કરું ભાવના. પરમાત્મસ્વરૂપ એની ભાવના એટલે એકાગ્રતા. સમજમેં આયા? યે માર્ગ હૈ, મોક્ષકા યે માર્ગ હૈ. દૂસરા શ્લોક.

**कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्**
**भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।**
**स्वभावनियतं सुखं विधिवशादनासादितं**
**भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः ॥११७॥**

**શ્લોકાર્થ : હે યતિ!..** સ્વરૂપની યત્ના–જતના કરનેવાલા. પરકી જત્ના ને દયા કરનેવાલે તો બહોત હૈં. અભવિ ભી પરકી યત્ના કરતા હૈ. ભાવ તો હૈ ન જતનાકા. અપની યત્ના... જૈસા સ્વરૂપ હૈ ઉસમેંસે ... હોવે નહીં, પૂર્ણાનંદ તરફકે ઝુકાવસે અપને સ્વરૂપકી યત્ના-જતના કરતા હૈ–સંભાલતા હૈ... **જો (ચિત્ત) ભવભ્રમણકા કારણ હૈ...** આહાહા! તીન શલ્ય આયે ન. તીન શલ્ય ભવભ્રમણકે કારણ હૈં. મિથ્યાત્વ, માયા ને નિદાન ભવભ્રમણકા કારણ હૈ.

**ઔર બારમ્બાર કામબાણકી અગ્નિસે દગ્ધ હૈ...** આહાહા! જિસકો મિથ્યાત્વભાવ આદિ પડા હૈ વહ કામબાણરૂપી અગ્નિસે જલ રહા હૈ. પર તરફકી ઇચ્છાકા પ્રમોદ, પરપદાર્થકી પ્રતિ ઉત્સાહિત વીર્ય (હો વહ) અંગારેસે જલા હૈ. સમજમેં આયા? વારંવાર કામબાણ... ઇચ્છારૂપી ભાવનું બાણ વાગે છે એને. આ કરો, આ કરો, આ કરો. ઉસમેં કુછ સુખ હૈ.. ઉસમેં સુખ હૈ.. ઉસમેં સુખ હૈ. શરીરમેં કોઈ રોગ હો વહ મિટે (તો કહે), હાશ! ક્યા હુઆ તુજે? સમજમેં આયા? ઇચ્છારૂપી કામબાણસે દગ્ધ હુઆ હૈ. આહાહા! તેરા પરમાત્મા નિરોગ નિજદેહ–શરીર, અપના પરમાત્મસ્વરૂપ વહ નિજદેહ હૈ. ઉસમેંસે પરદેહ આદિમેં કુછ ભી મનોજ્ઞતા માની, જાની (તો) કષાય-અગ્નિસે જલા હુઆ હૈ. સમજમેં આયા?

**ઐસે કષાયક્લેશસે રંગા હુએ ચિત્તકો...** ચિત્તમેં જરીક અનુકૂલતા દેખકર આહ્લાદ જાયે, પ્રમોદ આ જાયે, ચિત્ત ઐસા હો જાય, વહ કષાયક્લેશસે રંગે હુઆ ચિત્ત હૈ. સમજમેં આયા? **તું અત્યંત છોડ; જો વિધિવશાત્ (કર્મવશતાકે કારણ) અપ્રાપ્ત હૈ...** કર્મકો તાબે હોનેસે અપ્રાપ્ત હૈ. **ઐસે નિર્મલ સ્વભાવનિયત સુખકો તું પ્રબલ સંસારકી ભીતિસે ડરકર ભજ.** ઉસકી થોડી વ્યાખ્યા આયેગી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ વદ ૬, બુધવાર, તા. ૩૦-૮-૧૯૭૨
## ગાથા-૮૮-૮૯, શ્લોક-૧૧૭-૧૧૮, પ્રવચન નં. ૮૩ (હિન્દી)

કળશ ૧૧૭ની છેલ્લી એક લીટી બાકી છે. .... લેવાનું છે. ૧૧૭ ફરીને લઈએ.

**શ્લોકાર્થ : હે યતિ!** અપના સ્વભાવ સુખસાગર, અંતર્મુખ સુખસાગરસે ભરા હૈ આત્મા. ઉસકી યત્ના કરનેવાલા, ઉસકી જયણા-યત્ના... સ્વભાવ સુખસાગર અતીન્દ્રિય આનંદસે ભરા ઉસકી જતના-રક્ષા કરનેવાલા ઉસકો યહાં યતિ, સાધુ, મુનિ, સાધક કહતે હૈં. **જો (ચિત્ત) ભવભ્રમણકા કારણ હૈ ઔર બારમ્બાર કામબાણકી અગ્નિસે દગ્ધ હૈ...** અપના સુખ છોડકર, પરમેં સુખકી, હર્ષકી અભિલાષા ઐસા રાગાદિ વિકલ્પ (જિસે) હૈ વહ કામબાણ(રૂપ) અગ્નિસે દગ્ધ હૈ. ઇચ્છાની કામનામાં બળી રહ્યા છે, અંગારેસે દગ્ધ હૈ-જલા હુઆ હૈ. **ઐસે કષાયક્લેશસે રંગે હુએ ચિત્તકો...** રાગાદિસે રંગે હુએ ચિત્તકો.... જો ચિત્ત સંસારભ્રમણકા કારણ હૈ... યહાં તો (કહા કિ) શુભાશુભભાવ દોનોં કષાય-ક્લેશ હૈ. જિસકા ચિત્ત શુભ-અશુભરાગસે રંગા હુઆ હૈ. **તું અત્યંત છોડ...** આહાહા! એને છોડ, એનું નામ ત્યાગ.

**જો વિધિવશાત્ (કર્મવશતાકે કારણ)...** કર્મકે વશ હુઆ તેરા ભાવ. કર્મને વશ કિયા ઐસા નહીં. વિધિ-કર્મવશાત્ **અપ્રાપ્ત હૈ...** કર્મકે આધીન હોકર આત્માકા સ્વભાવ અપ્રાપ્ત હૈ. સમજમેં આયા? ચિત્તકા રંગા હુઆ ભાવ ઉસસે ભગવાન આત્માકી અપ્રાપ્તિ હૈ, શુભાશુભભાવસે આત્માકી અપ્રાપ્તિ હૈ. સમજમેં આયા? ક્યોંકિ શુભાશુભભાવસે ચિત્ત રંગા વહી પરિભ્રમણકા કારણ હૈ. આહાહા!

શ્રોતા : શુભાશુભભાવસે આત્માકી અપ્રાપ્તિ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અપ્રાપ્ત હૈ ભગવાન.

શ્રોતા : તો કિસકી પ્રાપ્તિ હોતી હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ કહતે હૈં, અભી કહતે હૈં. ઉસસે-ક્લેશપ્રાપ્તિસે અપ્રાપ્ત હોતા હૈ આત્મા.

**ઐસે નિર્મલ સ્વભાવનિયત સુખકો...** દેખો! કર્મવશતાકે કારણસે અપના સ્વભાવ અપ્રાપ્ત હૈ, રાગાદિ વિકલ્પકે વશ હોનેસે અપના સ્વભાવ અપ્રાપ્ત હૈ. બહુ ટૂંકું. સમજમેં આયા? **ઐસે નિર્મલ સ્વભાવનિયત સુખકો...** દેખો! **સ્વભાવમેં નિશ્ચિત રહા હુઆ, સ્વભાવમેં નિયમસે રહા હુઆ.** ક્યા? સુખ. સ્વભાવમેં નિશ્ચયસે સુખ હૈ. ભગવાન આત્મામેં તો અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદ હૈ. નિશ્ચયસે વહાં આનંદ રહા હૈ. અતીન્દ્રિય આનંદ રહા હૈ. સહજ સ્વભાવસે જિસમેં અતીન્દ્રિય સુખ નામ આનંદ રહા હૈ. ઐસે સુખકો **તું પ્રબલ**

**સંસારકી ભીતિસે ડરકર ભજ.** રાગસે રંગા હુઆ સંસારચિત્ત હૈ ઉસસે ડર. પર-બાજુકા રાગ, પર-દિશા તરફકા રાગ સારા સંસાર હૈ. ઉસસે ડર–ભય પામ. વહાંસે ડરકર ભાગ. આહાહા! છોડ ઉસકો. આહાહા! બાત ક્યા હૈ!

**સ્વભાવનિયત સુખકો તું પ્રબલ સંસારકી ભીતિસે ડરકર ભજ**. રાગસે રંગા હુઆ સંસારકા ભાવ ઉસકે ડર–ભીતિસે ભય પા ઔર અંદરમેં ભજ પ્રભુકો. આનંદસ્વરૂપ પરમાત્મા સુખસાગર ઉસકો ભજ, ઉસકા નામ મોક્ષકા માર્ગ ને ધર્મ કહનેમેં આતા હૈ. આહાહા! ભારે વાત ભાઈ! સમજમેં આયા? સ્વભાવનિયત... સ્વભાવનિયત સુખ... નિશ્ચયસે આનંદ ભરા હૈ અંદર. ઐસે **સ્વભાવનિયત સુખકો તું પ્રબલ સંસારકી ભીતિસે**... ઓહોહો! જિસસે અનંત સંસારકી વૃદ્ધિ હોતી હૈ ઐસા મિથ્યાત્વભાવ, સુખકી પ્રીતિ–સંસારકે સુખકી પ્રીતિ વહ મિથ્યાત્વભાવ હૈ, વહ સંસારભાવ હૈ, ઉસસે ડર. આહાહા! ભગવાન જિસમેં નિશ્ચય સુખ–આનંદ હૈ ઉસકી સેવા કર. ઉસકો ભજ–ઉસકા ભજન કર ભજન. અતીન્દ્રિય આનંદકા ભજન કર. આહાહા! સમજમેં આયા? ભાષા જુદી જાતની છે, ભાવેય જુદી જાતના.

પરમાર્થ વચનિકામેં કહા હૈ કિ આગમકી ક્રિયા સુલભ, શુભક્રિયા કરના આદિ (ઔર) અધ્યાત્મકા વ્યવહાર ભી દુર્લભ હૈ. પર્યાય હૈ. આહાહા! સમજમેં આયા? આગમકી ક્રિયા (અર્થાત) આગમને કહા ઐસી વ્યવહારક્રિયા હોં. વહ તો સુગમ હૈ કહતે હૈં. અનાદિસે ક્રિયા કરતા હૈ રાગ–વિકલ્પ. અંતર્મુખ હોકર જો પરિણતિ નિર્મલ હોતી હૈ વહ અધ્યાત્મકા વ્યવહાર હૈ. અધ્યાત્મકા નિશ્ચય તો ત્રિકાલી ચીજ સુખસાગર. ઉસ સુખસાગરમેં એકાગ્ર હોના ઐસી પર્યાય અધ્યાત્મકા વ્યવહાર હૈ. સમજમેં આયા? એને ભજ. આહાહા!

એકેક ગાથામાં બહુ ટૂંકું કરીને એકદમ... વિકલ્પથી રંગાયેલા ચિત્તને છોડ. જિસમેં સુખસાગર પડા હૈ ઉસકો ભજ. લો! યે અસ્તિ-નાસ્તિ કિયા. ભગવાન પરમાનંદ સુખકા સાગર જિસમેં સુખ નિયત હૈ–નિશ્ચયસે હૈ. અતીન્દ્રિય આનંદ, નિશ્ચયસે ભરા ઐસા અતીન્દ્રિય આનંદ, ઉસકો ભજ. ઉસકા અર્થ હુઆ કિ અંતર્મુખ હો, બહિર્મુખકી વૃત્તિ છોડ દે. સમજમેં આયા? ભારે વાત પણ ભાઈ! આવું સ્વરૂપ. (ગાથા) ૮૮. ૮૭ ગાથા થઈ.

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ॥८८॥**
**જો સાધુ છોડ અગુપ્તિકો ત્રય-ગુપ્તિમેં વિચરણ કરે,**
**પ્રતિક્રમણમયતા હેતુસે પ્રતિક્રમણ કહતે હૈં ઉસે. ૮૮.**

**ટીકા : ત્રિગુપ્તિગુપ્તપના (તીન ગુપ્તિ દ્વારા ગુપ્તપના) જિસકા લક્ષણ હૈ...** મન, વચન ને કાયાકો ગોપના યે જિસકા લક્ષણ હૈ **ઐસે પરમ તપોધનકો...** પરમ તપોધન (અર્થાત્) જિસકે પાસ તપરૂપી લક્ષ્મી હૈ. અંતરમેંસે આનંદમેંસે આનંદ નિકાલા હૈ, અતીન્દ્રિય આનંદમેંસે

જિસને આનંદ નિકાલા હૈ વહ તપોધન હૈ (ઔર તપ) મુનિયોંકી લક્ષ્મી હૈ. આહાહા! લ્યો, આ પૈસા, એ શેઠ! પૈસા-બૈસાને કાંઈ ગણ્યું નહીં.... આહાહા! સંતોકી લક્ષ્મી, અતીન્દ્રિય આનંદમેં એકાગ્ર હોકર જો આનંદ નિકાલા હૈ વહ સંતોકી લક્ષ્મી હૈ. સમજમેં આયા? ભગવાન પૂર્ણાનંદ સુખસે ભરા પ્રભુ ઉસકે સન્મુખ હોકર...

તીન ગુપ્તિ કહી ન. મન-વચન-કાયાસે હટકર–ગુપ્તિ કરકે, અંદરમેં એકાકાર હોકર જિસને આનંદ–અતીન્દ્રિય આનંદ... પર્વતમેંસે જૈસે પાણીકા ઝરના નિકલતા હૈ આહાહા! ઐસે અતીન્દ્રિય આનંદ જિસને પર્યાયમેં પ્રગટમેં કિયા હૈ ઐસા તપોધન ઉસકે પાસ યે મુનિપનેરૂપી લક્ષ્મી હૈ. આહાહા! કહો, શેઠ! આ તમારા પૈસા-બૈસા ધૂળ ત્યાં નથી, કહે છે. આહાહા! ભગવાનજીભાઈ! આ બધા પૈસાવાળા ઘણા બેઠા છે. ક્યાં ગયા જુગરાજજી? ઓલીકોર છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

એ તપરૂપી ધન જેને છે, જિસને ઇચ્છાનિરોધ કરકે અમૃતસાગરમેં ઉછાલ મારી હૈ–બાઢ આયી હૈ, જિસકી પર્યાયમેં અતીન્દ્રિય આનંદકી બાઢ આયી હૈ. આહાહા! વહ અતીન્દ્રિય આનંદકા લક્ષ્મીવંત હી હૈ. સમજમેં આયા? વર્તમાનમેં ભી આનંદકા વેદન હૈ અને ઉસકા ફલ ભી મોક્ષ અતીન્દ્રિય આનંદકા અનુભવ હૈ. અરે! આત્મા ક્યા હૈ ઉસકે સ્વાદકી ખબર નહીં. અનાદિસે એક સમયકી પર્યાય, વ્યક્ત–પ્રગટ એક સમયકી પર્યાય, યે પ્રગટ સામનેકા ખેલ સબ ખેલા હૈ. સમજમેં આયા? પીછે સારા દ્રવ્યસ્વભાવ અતીન્દ્રિય આનંદકા સાગર પર્યાયકી આડમેં પડા હૈ અંદરમેં. ઉસ પર નજર કરનેકા ભી વક્ત નહીં મિલા ઉસકો. આહાહા!

વાત એ કે આત્મા.. આત્માકા અર્થ ક્યા? આત્મા યાની એક સમયકી પર્યાય, વહ તો ઠીક હૈ, વ્યવહાર આત્મા હૈ. યે વ્યવહાર આત્મા હૈ. પર્યાયકો હી વ્યવહાર કહતે હૈં ન. આહાહા! સમજમેં આયા? પર્યાયકો હી વ્યવહાર કહતે હૈં. વ્યવહારમેં રમત તો અનંતબાર કી, ઉસકી દૃષ્ટિ વહાં રહી ઔર દૃષ્ટિ લંબાયી તો રાગ ને નિમિત્તમેં જાતી હૈ. પણ પર્યાયકે પીછે.... કહા ન વહ. સુખસ્વભાવ નિયત. આહાહા! (ફરીથી) આવે તો આમાં પુનરુક્તિ દોષ નથી હોં. યે ભાવનાકા ઉદ્યમ હૈ.

ભગવાન! એક સમયકી પર્યાયકે પીછે મહાપ્રભુ બિરાજતા હૈ. ઉસકે સામને નજર કી નહીં. નજર કી પર્યાય ને રાગ ને નિમિત્ત પર, તો અજ્ઞાનસે ચિત્ત રંગા હુઆ હૈ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ઉસસે હટ. ભગવાન સુખસાગરસ્વરૂપ જિસમેં પરમ તપોધન રમતે હૈં, સમ્યગ્દૃષ્ટિ અલ્પપને રમતે હૈં. યે (મુનિ) પરમ તપોધન હૈં. સમજમેં આયા? સમ્યગ્દ્રષ્ટિ પ્રથમ દરજ્જેકી ધર્મકે શુરૂઆતમેં પરમાનંદકા અલ્પ અંશ પ્રગટ કરકે અનુભવતે હૈં. શ્રાવક ઉસસે વિશેષ આનંદ પ્રગટ કરકે અનુભવતે હૈં ઉસકા નામ શ્રાવક કહતે હૈં. મુનિને ગજબકા નિર્વિકલ્પ પ્યાલા પિયા, કહતે હૈં. જિસને નિર્વિકલ્પરસ પિયા, ખુમારી ચઢ ગઈ અંદર, મસ્ત

હુએ. ઐસી તપરૂપી લક્ષ્મી જિસકે પાસ હૈ વહી નિશ્ચયચારિત્ર હૈ. **નિશ્ચયચારિત્ર હોનેકા યહ કથન હૈ.** આહાહા! સમજમેં આયા?

**પરમ તપશ્ચરણરૂપી સરોવરકે કમલસમૂહકે લિયે...** ભાષા તો દેખો! ઓહોહો! **પ્રચંડ સૂર્ય સમાન...** કૌન? **ઐસે જો અતિ-આસન્નભવ્ય મુનીશ્વર...** જિસે નજદીકમેં કેવલજ્ઞાન(રૂપી) લક્ષ્મી પાનેકી તૈયારી હૈ, જિસે ક્રમ(બદ્ધ)મેં અલ્પકાલમેં કેવલજ્ઞાન પ્રાપ્ત હોનેકી નિકટતા હૈ. ઐસા અતિ-આસન્નભવ્ય... અતિ-આસન્નભવ્ય, પાછું. **પરમ તપશ્ચરણરૂપી સરોવરકે**... પરમ શાંતિકા સાગર ઉછલા હૈ પર્યાયમેં, ઐસે **સરોવરકે કમલસમૂહકે લિયે**... લિખા હૈ ન? પરમ તપશ્ચરણ એટલે વર્તમાન આનંદરૂપી દશા એ સરોવર. ઉસ સરોવરમેં કમલ (અર્થાત્) પર્યાય ખીલી હૈ... પર્યાયકે **લિયે પ્રચંડ સૂર્ય સમાન હૈ**... કમલ ખિલનેકો પ્રચંડ સૂર્ય હૈ. આહાહા!

અતિ-આસન્નભવ્ય (અર્થાત્) જિસે નજદીક કેવલજ્ઞાન લોટતા હૈ, નિકટમેં કેવલજ્ઞાન પ્રાપ્ત હોનેવાલા હૈ. ઐસા મુનિ, પરમ તપશ્ચરણરૂપી સરોવર... અપના સુખસાગર પ્રભુ ઉસકા અવલંબન લેકર જો પરમ શાંતિ આદિ પર્યાય પ્રગટ કી, ઐસે સરોવરકે કમલસમૂહકે લિયે... એ પર્યાયને ખીલવવા માટે... આહાહા! નિર્મલ શુદ્ધ આનંદકંદકી પર્યાયકી ખીલવટ કરનેકે લિયે **પ્રચંડ સૂર્ય સમાન**... એકલો સાધારણ સૂર્ય નહીં, હજારોં કિરણસે ખીલા હો સૂર્ય. આહાહા! મુનિને આત્માની વાત કરતા શબ્દો ટૂંકા પડે છે.

ઐસે **અતિ-આસન્નભવ્ય મુનિશ્વર બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવ છોડકર...** ભગવાનકી ભક્તિ, નામસ્મરણ સબ અગુપ્તિ હૈ. આહાહા! સમજમેં આયા? પરમાનંદ સ્વભાવ પરમાત્મા ઉસમેં જાનેકો યે તો અગુપ્તિ હૈ, કહતે હૈં. છોડ અગુપ્તિકો. વ્યવહાર વિકલ્પકો છોડ એમ કહતે હૈં. મુનિકે પંચ મહાવ્રત ને ૨૮ મૂલગુણ યે સબ અગુપ્તિ હૈ. આહાહા! વીતરાગમાર્ગ વીતરાગ સ્વરૂપી ભગવાનકા હૈ, ઇસને સુના હી નહીં કભી, પ્રેમસે નહીં સુના હોં. આહાહા! ..... પૂર્ણ સાગર ઉસકી દૃષ્ટિ કરનેસે પર્યાયમેં–અવસ્થામેં શાંતિ ને આનંદકી ખીલવટ હો ગઈ હૈ. શાંતિકે સરોવરકે કમલકો ખિલનેમેં–ખીલાવટ કરનેમેં મુનિ પ્રચંડ સૂર્ય (સમાન) હૈં. પ્રચંડ સૂર્ય હૈં. આહા! ઉસે છોડકર... બાહ્ય પ્રપંચ, યહાં તો કહા. પંચ મહાવ્રત, ૨૮ મૂલગુણ ને ભક્તિ ને પૂજાનો વિકલ્પ બધો પ્રપંચ, વ્યવહારપ્રપંચ.

**બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવકો છોડકર ત્રિગુપ્તિગુપ્ત-નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણસે લક્ષિત...** આહાહા! ઐસી ચીજ હૈ યે. કહતે હૈં કિ ત્રિગુપ્તિગુત... મન, વચન ને કાયા—તીનોંસે ગુપ્ત ઔર **નિર્વિકલ્પ પરમસમાધિલક્ષણ**... આહાહા! **નિર્વિકલ્પ-પરમસમાધિ-લક્ષણસે લક્ષિત અતિ-અપૂર્વ આત્માકો ધ્યાતે હૈં...** નિર્વિકલ્પ–રાગ બિનાકી પરમ શાંતિકે લક્ષણસે લક્ષિત (હોતા હૈ) આત્મા. દૂસરેસે લક્ષિત હોતા નહીં. આહાહા! સમજમેં આયા? **નિર્વિકલ્પ પરમસમાધિ-લક્ષણસે લક્ષિત**... આહાહા! 'જ્ઞાનલક્ષણસે લક્ષિત' ઉસે છોડકર યે લિયા હૈ યહાં.

વિકાર બિનાકી આનંદાદિકી લક્ષ્મી જો પ્રગટ હુઈ... નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણસે લક્ષિત (અર્થાત્) પરમસમાધિસે લક્ષમેં આનેવાલા. આરે! વાત જ આકરી પડે. ભાઈ! આ વ્યવહારવાળા રાડ્યું પાડે છેને. વ્યવહાર હોતા હૈ, વ્યવહાર..., વ્યવહાર કરતે-કરતે... વ્યવહારકો નિયતકા હેતુ કહા હૈ. નિયતકા હેતુ નહીં કહા?

શ્રોતા : વ્યવહાર પ્રપંચ ભી...

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ તો ઉસ સ્થાનમેં વ્યવહાર કૈસા વહ કહા. અપના સ્વભાવકા સાધન બનાયા તબ વ્યવહારકો સાધનકા આરોપ દિયા, હૈ નહીં. આહાહા! વ્યવહારકો સાધનકા આરોપ દિયા. પરમાત્મા અપને નિર્વિકલ્પ સમાધિલક્ષણસે લક્ષિત હૈ. જ્ઞાન લક્ષણ ને આત્મા લક્ષ્ય વહ તો ઠીક હૈ. યહાં તો, વિશેષ સમાધિ આનંદકી લક્ષ્મી ઉસસે વહ લક્ષિત હૈ. સમજમેં આયા? યે તો જ્ઞાન પ્રગટ હૈ ન, ઉસ કારણસે ઉસકો યહાં લક્ષણ ને લક્ષ બનાયા. યહાં તો પ્રગટ આનંદ ભી હુઆ હૈ, પ્રગટ સમાધિ હુઈ હૈ. સમાધિ નામ શાંતિ.. શાંતિ.. શાંતિ. શાંતિકા અંશ તો સમ્યગ્દર્શનમેં (ભી) હોતા હૈ, મુનિકો શાંતિકી બાઢ (આ) ગઈ હૈ. પ્રચૂર સ્વસંવેદન.. સમજમેં આયા?

વહ સમયસારકી પાંચવીં ગાથામેં હૈ. પ્રચૂર સ્વસંવેદનસે હમારા વૈભવ પ્રગટ હુઆ હૈ. લ્યો, યે વૈભવ. આનંદકી પ્રાપ્તિ પર્યાયમેં હોના વહ આત્માકા વૈભવ. આહાહા! તમારે મોટા કેટલા મકાનના વૈભવ ને છ લાખના મકાન એમાં પાછું શું કહેવાય? ફર્નિચર. (શ્રોતાઃ ઉસમેં મહેનત હોતી હૈ......). આમાં મહેનત કાંઈ નથી. કોઈની જરૂર નથી. મનકી જરૂર નહીં, વિકલ્પકી જરૂર નહીં, પૈસેકી જરૂર નહીં, આબરૂકી જરૂર નહીં, મકાનકી જરૂર નહીં. આહાહા! ઐસા ભગવાન **પરમસમાધિલક્ષણસે લક્ષિત** હૈ. મુનિકી દશા કહની હૈ ન. સાધારણ પ્રાણીકો તો જ્ઞાન લક્ષણ ને વસ્તુ લક્ષ્ય (અર્થાત્) લક્ષણસે લક્ષિત હોનેવાલા (કહા). યહાં તો પ્રગટ હુઆ હૈ આનંદ, ચૌથે ગુણસ્થાનમેં ભી શાંતિકે લક્ષણસે લક્ષિત ભગવાન હૈ. સમજમેં આયા?

પરમ તપશ્ચરણરૂપી પરમસમાધિલક્ષણસે લક્ષિત... ક્યા? અતિ અપૂર્વ આત્મા. અતિ અપૂર્વ આત્મા. આહાહા! વર્તમાન સમાધિ પ્રગટ કી હૈ, પણ પૂર્વમેં ઉસકા વિશેષ આશ્રય કભી લિયા નહીં, ઐસે **અતિ અપૂર્વ આત્માકો ધ્યાતે હૈં...** ધ્યાનમેં લેકર વિષય બનાતા હૈ, પૂર્ણ ભગવાન આત્માકો જો ધ્યેય બનાતા હૈ વહ ધ્યાતા હૈ. આહાહા! શબ્દો કઠણ પડે ત્યાં. માણસને વ્યવહાર આડે સૂઝ પડતી નથી. વ્યવહાર ક્રિયાકાંડ પ્રપંચ હૈ, બંધકા કારણ હૈ. **વે મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોનેસે હી...** વે મુનિશ્વર તો પ્રતિક્રમણમય હો ગયે. પરસે હટકર સ્વભાવમેં લીન હુએ તો પ્રતિક્રમણમય હુએ. પ્રતિક્રમણ કરતે હૈં કિ પ્રતિક્રમણ પર્યાયવાલે હૈં ઐસા નહીં. સમજમેં આયા? યે તો અમૃતકે સાગરકી ટીકા હૈ. આહાહા!

મોક્ષમાર્ગ નિયમસાર હૈ ન! નિયમસારકા અર્થ મોક્ષકા માર્ગ અને ઉસમેં ભી કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ મેરી ભાવનાકે લિયે મૈંને યે બનાયા હૈ. એમ કહતે હૈં. સમયસારમેં, જગતકો હિત બતાનેકો સમયસાર કહૂંગા ઐસા કહા હૈ. ...મેં જો આત્મા અર્થ–પદાર્થ હૈ ઉસકા અનુભવ કરેગા, વહ સુખકો પ્રાપ્ત હોગા. આમાં તો છેલ્લી ગાથામેં કહે છે કે હમને તો હમારી ભાવનાકે લિયે યે બનાયા હૈ. ઉસમેં તુમ્હારા ભાગ લેના હો તો લો. સમજમેં આયા? **પ્રતિક્રમણમય પરમસંયમી હોનેસે હી નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ હૈં.** મુનિ તો પરમસમાધિ લક્ષણસે લક્ષિત આત્માકો ધ્યાતે હૈં વે પ્રતિક્રમણસ્વરૂપ હી હૈ. સમજમેં આયા?

**અબ ઇસ ૮૮વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં:** ૧૧૮

**अथ तनुमनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः**
**सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम् ।**
**भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं**
**भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्थ तत् ॥ ११८॥**

જ્ઞાનનો પુંજ છે, પર્યાય હોં. આહાહા! **શ્લોકાર્થ : મન-વચન-કાયકી વિકૃતિકો સદા છોડકર...** આહાહા! વ્યવહાર રત્નત્રયકે વિકલ્પ ભી છોડકર.., એમ કહતે હૈં. **મન-વચન-કાયકી વિકૃતિકો સદા છોડકર...** દેખો! આહાહા! સદા આનંદસાગરમેં રમનેકો વિકૃતિકો સદા છોડ. આવી વાત તો ક્યારે... આહાહા! ક્યારે શું, તેરે સમ્યગ્દર્શનમેં ભી ઐસી ચીજ હૈ. વ્યવહારકે વિકલ્પસે શૂન્ય હોકર અશૂન્ય ઐસે ભગવાન આત્મા, જિસમેં અનંત ગુણ કહે, વહ ખાલી નહીં, ભરા હૈ, ઐસી ચીજકા સ્પર્શ કરનેસે આનંદ આતા હૈ, કહતે હૈં. સમજમેં આયા? ઉસ આનંદકે લિયે વ્યવહારકા વિકલ્પ છોડ. વ્યવહારકા વિકલ્પ દુઃખરૂપ હૈ. આહાહા! સમજમેં આયા? પંચમહાવ્રત ને ૨૮ મૂલગુણ દુઃખરૂપ હૈ. અપને અતીન્દ્રિય આનંદસ્વભાવસે વહ વિપરીતભાવ હૈ. જરી સમજમેં તો લે કિ (ઉસે) છોડકર ઠહરે ઉસકા નામ પ્રતિક્રમણ હૈ. સમજમેં આયા?

**સદા છોડકર ભવ્ય મુનિ સમ્યગ્જ્ઞાનકે પુંજમયી ઇસ સહજ પરમ ગુપ્તિકો...** ભવ્ય મુનિ કૈસે હૈં? વે તો સમ્યગ્જ્ઞાનકે પુંજ હૈં. આહાહા! વસ્તુ તો સમ્યગ્જ્ઞાન પુંજ હૈ હી, સમ્યગ્જ્ઞાન પુંજ હૈ આત્મા. ઉસકા આશ્રય લિયા તો મુનિપર્યાય ભી સમ્યગ્જ્ઞાન-પુંજમય (હો ગઈ). આહાહા! સમજમેં આયા? આવો ધર્મ કઈ જાતનો? કેવા કેવા... છે જ ક્યાં? ઠેકાણા ન મળે. એ તો ભગવાન આત્માકે અંદર... આહાહા! વસ્તુ ઐસી હૈ ઉસમેં ક્યા કહના! ખબર નહીં ઉસકો ક્યા હૈ? ખબર નહીં ઉસકો ખબર કરાનેકી યે ચીજ હૈ. આહાહા! તેરા ભગવાન તેરેમેં ડોલતા હૈ.. ડોલતા હૈ.. ઝૂલતા હૈ. આહાહા! વિશ્વાસ.. વિશ્વાસ.. મૈં સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ જ્ઞાન-આનંદ સાગરસે ભરા હૂં ઐસી પ્રતીત અને રમણતા હુઈ તો, કહતે હૈં, વે મુનિ તો સમ્યગ્જ્ઞાનકે પુંજમય હૈં.

**ઇસ સહજ પરમ ગુપ્તિકો**... ભાષા 'સહજ પરમ ગુપ્તિ'. મન, વચન, કાયાકે વિકલ્પ છોડના યે તો સહજ હૈ. મૈં છોડું, યે છોડું ઐસે ભી નહીં. સ્વભાવકે સન્મુખ હોકર વિકલ્પ છૂટ જાતા હૈ ઉસકો 'છોડતે હૈં' ઐસા કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? **પરમ ગુપ્તિકો શુદ્ધાત્માકી ભાવના સહિત ઉત્કૃષ્ટરૂપસે ભજો.** પૂર્ણાનંદ આત્મા... વાણી ને વિકલ્પકા વિલાસ છોડકર ભગવાન આત્મા અંદર નિર્વિકલ્પ આનંદ(મય) ઉસકા ભજન કરો. ભજનકા અર્થ ઉસમેં એકાગ્ર હો. આહાહા! આનું નામ ધર્મ. શેઠ! ઉસકા નામ ધર્મ હૈ. ભારે ધર્મ. ધર્મ તો દયા પાલના, પૂજા કરના ભગવાનકી, જાત્રા કરના સમ્મેદશિખરકી. 'એક વાર..' આવે છેને. 'એકવાર વંદે જો કોઈ, નરક, પશુ ન હોઈ..' આહાહા!

પ્રભુ! તેરા વીતરાગપંથ તો અંતરમેં પડા હૈ. વીતરાગસ્વરૂપ હી ભગવાન આત્મા હૈ. આહાહા! આખું જગત ડોલે તો હલે નહીં, વિકલ્પ ઉઠે નહીં ઐસા આત્મા હૈ. કહો, સમજમેં આયા? દુનિયામેં ચાહે સો હોતા (રહે ફિર ભી) સિદ્ધકો વિકલ્પ ઉઠતે હૈં? જૈનધર્મકા નુકશાન હો, ઐસા... ઐસા હો, ઉલટી શ્રદ્ધા કરાનેવાલા નિકલા હો, (તો ભી) સિદ્ધકો વિકલ્પ હૈ? ઐસા વીતરાગકા માર્ગ સારી દુનિયાસે નિરાલા હૈ. લાલચંદજી! આહાહા! પરમાનંદકા નાથ ઉસકા ભેટા હોકર જો સમાધિ હુઈ ઉસકા નામ ત્રિગુપ્તિગુપ્ત કહનેમેં આતા હૈ. **શુદ્ધાત્માકી ભાવના સહિત**... ઓલું તો ગુપ્તિ... અહીં ગુપ્તિનો અર્થ કર્યો છે.

**સહજ પરમ ગુપ્તિકો શુદ્ધાત્માકી ભાવના**... અસ્તિસે લિયા હૈ. ઐસે મન, વચન, કાયાકી ગુપ્તિસે અંદર ગુપ્ત હોકર પરમ શુદ્ધ આત્માકી ભાવના... પરમ ભગવાન આત્મા–શુદ્ધાત્મા ઉસકી ભાવના નામ એકાગ્રતા. એ ભાવના એટલે મોક્ષનો માર્ગ. શુદ્ધાત્માકી ભાવના વહ મોક્ષકા માર્ગ. આહાહા! ઐસે **ભાવના સહિત ઉત્કૃષ્ટરૂપસે**... મુનિ હૈં ન. બહુત ઊંચી દશાસે આત્માકો ભજો. આહાહા! આનંદમેં આ જા ઉગ્રપને, એમ કહે છે. ઉગ્ર આનંદસે ભગવાનકો ભજ. આહાહા! આ માળા. માલા ભજે ન 'ભગવાન.. ભગવાન.. ભગવાન.. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' યે પરમાત્મા બિરાજતા હૈ ઉસકી એકાગ્રતાકી પર્યાયકી માલા ભજ. આહાહા! આ તો બધું નિશ્ચય.. નિશ્ચય આવે છે. સોમચંદભાઈ! કંઈક વ્યવહાર? કહતે હૈં ન, વ્યવહાર હોતા હૈ, પણ વહ છોડનેલાયક હૈ. સમજમેં આયા?

**ઉત્કૃષ્ટરૂપસે ભજો. ત્રિગુપ્તિમય ઐસે ઉસ મુનિકા વહ ચારિત્ર નિર્મલ હૈ.** આહાહા! પરસે હટકર અતીન્દ્રિય આનંદસ્વરૂપમેં એકાગ્રતા હો, ઉન ઉત્તમ મુનિકા ચારિત્ર નિર્મલ હૈ. ઉસકા નામ યથાર્થ ચારિત્ર હૈ. ઉસ ચારિત્રકા ફલ મુક્તિ હૈ. 'ચરિત્તં ખલુ ધમ્મો.' આ ચારિત્ર ધર્મ, એ ધર્મચારિત્ર. વિકલ્પ ને વ્યવહાર વહ ધર્મ નહીં. આહાહા! એકેક ગાથા! ૮૯.

**मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा ।**
**सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिट्ठसुत्तेसु ॥८९॥**

જુઓ! અહીં તો (કહ્યું કે) ધર્મ ને શુક્લ (ધ્યાન)ને ધ્યાવવું. વીતરાગને કહા હુઆ દ્રવ્યશ્રુતમેં ઐસા કહા હૈ. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માકી દિવ્યધ્વનિરૂપી દ્રવ્યશ્રુત ઉસમેં ઐસા કહનેમેં આયા હૈ. આહાહા!

**જો આર્ત રૌદ્ર વિહાય વર્તે ધર્મ-શુક્લ સુધ્યાનમેં,**
**પ્રતિક્રમણ કહતે હૈં ઉસે જિનદેવકે આખ્યાનમેં. ૮૯.**

જિનદેવકે આખ્યાન (અર્થાત્) વ્યાખ્યાન, દિવ્યધ્વનિ, દ્રવ્યશ્રુત. ભગવાનકે આગમમેં તો ઇસકો પ્રતિક્રમણ કહતે હૈં, એમ કહતે હૈં. વ્યવહાર પ્રતિક્રમણ કહતે હૈં ઐસા આયા નહીં ઉસમેં. વ્યવહાર બતાતા હૈ નિશ્ચયકો. આઠવી ગાથામેં આયા ન. વ્યવહાર નિશ્ચયકો બતાતા હૈ. ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રમય હૈ ઐસે ભેદસે અભેદકો બતાતા હૈ. વ્યવહાર નિશ્ચયકો બતાતા હૈ. ઉસસે–વ્યવહારસે નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ ઐસા નહીં. ભારે. સમજમેં આયા? ૮૯.

**ટીકા : યહ, ધ્યાનકે ભેદોંકે સ્વરૂપકા કથન હૈ. (૧) સ્વદેશકે ત્યાગસે** આર્તધ્યાન હોતા હૈ, એમ કહતે હૈં. ક્યા કહતે હૈં? સ્વદેશકા ત્યાગ હો, નિકાલ દે ઉસકો. નિકલ જાઓ. જુઓને! બિચારા... શું કહેવાય? બાંગ્લાદેશમાં લાખો માણસો હેરાન.. હેરાન.. ઘર, મકાન, ગામ છોડીને. ઐસે સ્વદેશકે ત્યાગમેં ઉત્પન્ન હોતા આર્તધ્યાન. કહાં જાયેંગેં? મકાન કરના કહાં, કહાં રહેંગેં? ખાના પીના તો પીછે, ઉભા ક્યાં રહે? સ્વદેશકે ત્યાગસે આર્તધ્યાન હોતા હૈ. **દ્રવ્યકે નાશસે...** લક્ષ્મીકે સંયોગકા નાશ હુઆ. બિહારમેં હુઆ થા ન એક. કરોડપતિ ઘોડાગાડીમેં ફિરનેકો બહાર નિકલા થા. જહાં વાપસ આયા, સબ કુટુંબ (આદિ) ખલાસ હો ગયા થા. શું કહેવાય? ધરતીકંપ. ધરતીકંપ હુઆ, ભૂકંપ. કંઈ નહીં, મકાન-બકાન સબ ખલાસ. એક સાત-આઠ હજાર રૂપિયા રહી ગયું હતું ચાંદીનું. કરોડપતિ. વહ જામનગર એક બાર આયા થા. પ્રણામ પ્રવજ્યાનું .... છેને ત્યાં. ...... જામનગર મઠ.. મઠ. વહાં આયા થા બિચારા. એમાં એક વાર આવ્યો ને બીજીવાર ભાષણ કરતાં કરતાં દેહ છૂટી ગયો. આહાહા!

કહતે હૈં, **દ્રવ્યકે નાશસે...** જહાં પૈસા જાય, હાય! હાય! જબ હમારા સમય થા, હજારો આદમી તૈનાતમેં ખડે થે, (અભી) હમકો કોઈ બુલાતા નહીં. આહાહા! શેઠ! ઉસકો આર્તધ્યાન હોતા હૈ. આત્માકી શાંતિ..., તલ જૈસે ઘાણીમેં પિલતે હૈં તલ, ઐસે આત્માકી શાંતિ, આનંદકે પ્રાણ આર્તધ્યાનમેં પિલા જાતે હૈં. **દ્રવ્યકે નાશસે, મિત્રજનકે વિદેશગમનસે...** વ્હાલામાં વ્હાલો મિત્ર હોય, વિદેશ જાતા હો પાંચ-દસ-પચ્ચીસ હજાર માઈલ દૂર. એ વખતે આર્તધ્યાન થાય. આહાહા! ક્યારે મળીશું અમે, ક્યાં જશે? આપણે સાધારણ માણસ, પૈસા ખર્ચીને ત્યાં જઈએ એવો વખત નથી.

**મિત્રજનકે વિદેશગમનસે, કમનીય (ઇષ્ટ, સુંદર) કામિનીકે વિયોગસે...** સ્ત્રી ઇષ્ટ ને સુંદર હો અને મરનેકી તૈયારી હો, કોઈ મરી જાય કે લઈ જાય, દુઃખ.. દુઃખ.. દુઃખ.. ઓહોહો! **કામિનીકે વિયોગસે અથવા અનિષ્ટકે સંયોગસે...** લ્યો. અનિષ્ટકા પ્રતિકુલ સંયોગ હુઆ. **ઉત્પન્ન હોનેવાલા જો આર્તધ્યાન...** એ વ્યાખ્યા કરી આર્તધ્યાનની. એ આર્તધ્યાન છોડ. આહાહા! ભગવાનકા ધ્યાન કર. આર્તધ્યાનમેં તારી શાંતિ હણાય છે–પિડાતી હૈ. આહાહા! કિસકી ચિંતામેં રુકના.

**તથા (૨) ચોર-જાર-શત્રુજનોકે બધ-બંધન સંબંધી મહા દ્વેષસે ઊત્પન્ન હોનેવાલા જો રૌદ્રધ્યાન...** રૌદ્રધ્યાનકી વ્યાખ્યા. ચોર આવે આકરા, વેર બાંધે. ગૃહસ્થ કરોડપતિ બે-પાંચ કરોડ હોય. આવે ડાકુ, ખાટલા સાથે બાંધે, લાવો કુંચી. બહુત લક્ષ્મી હૈ. એ વખતે રૌદ્રધ્યાન હાય! હાય! ખળભળાટ.. ખળભળાટ. **જાર...** વિષય સેવના. એમાં જાર એટલે વિષય સેવવામાં કોઈ પકડે એવા, અથવા શત્રુજનો... વિષય (કરતે હુએ) પકડતે હૈં ન. ખબર પડે કિ ઇસ ઘરમેં ઐસા હૈ. પુલિસકો બોલાવે. પકડો, અંદર હૈ. રાડ નાખે. પાલીતાનામેં હુઆ થા ન. ભાગીને પછી આવ્યો હતો અહીં. કેટલા દિ' અહીં રહ્યો, આપણને કાંઈ ખબર નહીં. ચોર અને જાર એટલે વિષય.. પરસ્ત્રી આદિનો લંપટ હોય એને જે વિચાર આવે, શત્રુ આવીને બાંધે. આહાહા! શેઠિયા આદિ હોય ને એમાં એવી પ્રકૃતિ થઈ ગઈ હોય અને એનો ધણી આવે, મારે, કરોડપતિ હોય તોય મારે. હાય! હાય! આ તો મારે છે, પણ બહાર ખબર પડી જાય તો અમારી આબરૂ જાશે. રૌદ્રધ્યાન થઈ જાય.

**શત્રુજનોંકે વધ...** વધ કરે, કાપે, બંધન કરે, બાંધે. **મહા દ્વેષસે ઉત્પન્ન હોનેવાલા...** મહાદ્વેષ હોતા હૈ ઉસકો–રૌદ્રધ્યાનીકો ઉસકે (-શત્રુકે) પ્રતિ. ખુલ્લું કરું તો આને મારી નાખું, ઐસા કરું. ઐસા **ઉત્પન્ન હોનેવાલા રૌદ્રધ્યાન, વે દોનોં ધ્યાન સ્વર્ગ ઔર મોક્ષકે અપરિમિત સુખસે પ્રતિપક્ષ સંસારદુઃખકે મૂલ હોનેકે કારણ ઉન દોનોંકો નિરવશેષરૂપસે (સર્વથા) છોડકર...** દો બોલ હુએ. નિરવશેષપને—બિલકુલ આર્ત ને રૌદ્રધ્યાન છોડકર. ઉસકો છોડકર અપના આત્માકા ધ્યાન કરના, એમ કહતે હૈં. ઐસા પ્રતિકૂલ સંયોગ આવે તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન કૈસે છોડના? હાસ્યકે લિયે કર્તા હોકર બનાયા (-કિયા ઉસકો) છોડ. ઉસમેં ક્યા હૈ? આહાહા!

મહામુનિકો બાંધે, ઘાણીમેં પિલે (તો ભી ઉનકો) દ્વેષ હોતા નહીં જરી. આહાહા! દરિયામેં–સમુદ્રમેં ફેંકે. ખારે પાનીમેં શરીર ચલા જાતા હો..... અંતર્મુખ હો જાતે હૈં. આહાહા! આત્માકે આનંદકે ધ્યાનમેં ઉતર જાયે, કેવલ(જ્ઞાન) પાવે. સમજમેં આયા? બહારકી ચીજ કહાં નડતી ઉસકો? માના હૈ ઉસને. આહાહા! નારકી લ્યો, સાતવીં રવરવ નરકમેં નારકી. પીડાનો પાર નહીં. ત્રીજે નરક સુધી તો પરમાધામી બાંધે, પોટલાની જેમ બાંધે, બાંધીને લોઢાના સરિયા

... કરે, ઉપર ઘણ મારે. ઉસ સમયમેં ભી કોઈ સમકિત પાતા હૈ. સમજમેં આયા? ઉસ સંયોગમેં કહાં આત્મા હૈ? ઉસકી દૃષ્ટિ હટાકર મૈં તો અબદ્ધસ્પૃષ્ટ ભિન્ન હૂં. આહાહા! કહો, સમજમેં આયા? યહાં તો ખાને-પીનેકી અનુકૂલતા આદિ હો તો (ભી) નિવૃત્તિ લેનેકી દરકાર નહીં. શેઠ! ઓલાને... લોઢાના સરિયા છે વાગે એવા. લોહેકા સરિયા સમજે? ધગધગતા. સરિયા કહે. બાંધે, ઉપર મારે ઘણ.

ભગવાન તો નિરાલા હૈ ઉસમેં ભી. આહાહા! વહ પરસે તો બંધા નહીં, રાગસે ભી બંધા નહીં. આહાહા! ઐસી ચીજ અંતરમેં (ધ્યેય) કરનેસે સમ્યગ્દર્શન હો જાતા હૈ. સમજમેં આયા? આહાહા! ઐસા ભી અનંતબૈર હો ગયા હૈ. નરકમેં ભી સમ્યગ્દર્શન પાતે હૈં. પ્રતિકૂલ સંયોગ હૈ પણ વહ તો પર હૈ. આત્માકો છૂતા ભી નહીં. આહાહા! યહાં પ્રતિકૂલતા આવે, નાક બંદ હો જાય, ફ્લાં હો જાય, ઉલટી હો જાય, ઉલટી ક્યા? વમન. પૂરે શરીરમેં ઐસા કંપન ઉઠ જાય. આહાહા! યે તો અનંતવેં ભાગમેં (દુઃખ) હૈ, નારકીસે તો અનંતવે ભાગમેં પ્રતિકૂલતા હૈ. ઉસસે અનંતગુની પ્રતિકૂલતા નરકમેં હૈ. ફિર ભી ધર્મીજીવ ઉસકી દૃષ્ટિ હટાકર, આહાહા! ચૈતન્યમેં દૃષ્ટિ લગાતે હૈં, અતીન્દ્રિય આનંદકા અનુભવ હો જાતા હૈ. કહો, સમજમેં આયા? કહતે હૈં કિ ઐસા છોડ. આહાહા!

**(૩) સ્વર્ગ ઔર મોક્ષકે નિઃસીમ (અપાર) સુખકા મૂલ ઐસા જો સ્વાત્માશ્રિત...** લ્યો, પહેલા ધર્મધ્યાનને કહે છેને કે શુભભાવ એ ધર્મધ્યાન. યહાં તો સ્વ-આત્માકે (આશ્રિત) ધર્મધ્યાન, શુક્લધ્યાન લિયા હૈ. તુમ્હારે રતનચંદજી વે ઐસે કહતે હૈં. શુભભાવ ધર્મધ્યાન હૈ. ધર્મધ્યાનકી વ્યાખ્યા ભગવાનને શુભભાવમેં કહી હૈ. શુભભાવ તો પરાશ્રિત હૈ. યહાં તો, દેખો! **સ્વર્ગ ઔર મોક્ષકે નિઃસીમ સુખ...** આહાહા! અપાર સુખ... વ્યવહારસે સુખ લિયા હૈ. રાગ મંદ હૈ ન. વ્યવહાર લિયા હૈ વ્યવહાર. શુભરાગ વ્યવહાર હૈ ન. **નિઃસીમ–અપાર સુખકા મૂલ ઐસા જો સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન...** અપને તો યહાં લેના હૈ. આનંદ તો આતા હૈ, પણ થોડા શુભરાગ રહ જાય તો ઉસકે ફલમેં (મિલે) સ્વર્ગમેં નર્કકી અપેક્ષાએ સુખ કહનેમેં આતા હૈ. વ્યવહાર હૈ. વ્યવહારસુખ હૈ. શુભરાગ વ્યવહાર, ફલ ભી (વ્યવહાર).

**સ્વાત્માશ્રિત** નિશ્ચય-ધર્મધ્યાન... **નિશ્ચય-પરમ ધર્મધ્યાન...** યે આખિરી બાત રુચતી નહીં ઉસકો. યહાં તો ધર્મધ્યાનમેં સ્વ-આત્માશ્રય લિયા. એ એને ગોઠતું નથી. એને ધર્મધ્યાનમાં શુભભાવ લેવો છે. મુનિ હૈં પરમ મહા... હમારે મુખસે આગમ ઝરતા હૈ, એમ કહતે હૈં, પરમાગમ ઝરતે હૈં. મુનિકો નહીં માનના (ક્યોંકિ) અપની દૃષ્ટિસે મિલાન નહીં હોતા. આહાહા! આવા પણ પંડિત છે અત્યારે. અરે પ્રભુ! નિશ્ચયધર્મધ્યાન તો સ્વ-આત્માકે આશ્રયસે હોતા હૈ. ઉસમેં શુભભાવ કૈસા? સમજમેં આયા? ભગવાન પરમાનંદસ્વરૂપ ઉસકા આશ્રય

લેનેસે જો ધ્યાન હૈ વહ ધર્મધ્યાન હૈ, વહ સંવર-નિર્જરાકા કારણ હૈ. સમજમેં આયા? ઉસમેં થોડા રાગ હૈ, વહ સ્વર્ગકા કારણ હૈ.

**સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધ્યાન...** આહાહા! પાઠમાં જ કહ્યું છેને, **ધ્યાયતિ ધર્મશુક્લં...** ધ્યાન કરવું ધર્મધ્યાનનું. અરે! આચાર્ય પોતે કહે છે, ધર્મધ્યાનનું ધ્યાન કરવું તો શુભભાવની વાત ત્યાં હતી? મતલબ કિ ધર્મધ્યાનમેં અભી પૂર્ણ એકાગ્રતા નહીં, સાથમેં રાગ હૈ, ઉસકે (ફલમેં) સ્વર્ગમેં જાયેંગે. આત્માકે આશ્રયસે જિતની નિર્મલતા હુઈ, ઉતની સંવર-નિર્જરા હૈ. સમજમેં આયા? સ્વાત્માસે નિશ્ચય પરમધર્મધ્યાન લિયા હૈ. આહાહા!

**તથા (૪) ધ્યાન ઔર ધ્યેયકે વિવિધ વિકલ્પ રહિત...** હવે શુક્લધ્યાનની વાત કરે છે. **અંતર્મુખાકાર...** અંતર્મુખ હૈ જિસકા આકાર એટલે સ્વરૂપ. તદ્દન અંતર્મુખ હુઆ. ધર્મધ્યાનમેં થોડા અંતર્મુખ હૈ, થોડા રાગ ભી બાકી હૈ—ઐસા ગિના હૈ. ખરેખર તો એકાગ્રતા હી ધર્મધ્યાન હૈ, સાથમેં વ્યવહારસે શુભભાવકો ધર્મધ્યાનમેં (ગિના હૈ). યે તો **અંતર્મુખાકાર...** ભગવાન અંતર્મુખકા સ્વરૂપ. આહાહા! **સકલ ઇન્દ્રિયોંકે સમૂહસે અતીત (સમસ્ત ઇન્દ્રિયાતીત) ઔર નિર્ભેદ પરમ કલા સહિત...** અભેદ, પરમકલા સહિત. આત્માકી પરમકલા હોં.

**ઐસા જો નિશ્ચય-શુક્લધ્યાન, ઉન્હેં ધ્યાકર...** લ્યો. શુક્લધ્યાન (તો) અભી હૈ નહીં, યે ક્યા તુમ બાત કરતે હો? પંચમ આરેમેં તો શુક્લધ્યાન હૈ નહીં (ઔર) મુનિ તો પંચમ આરેમેં ધર્મધ્યાન(કી બાત કરતે હૈં)? ભાઈ! વાત તો ઊંચી કરે કે નહીં? સમજમેં આયા? ઐસા કોઈ દોષ નિકાલે કિ અભી તો શુક્લધ્યાન હૈ નહીં ઔર યે શુક્લધ્યાન કરનેકો તો કહતે હૈં? યે તો ઉસકા સ્વરૂપ બતાતે હૈં. ધર્મધ્યાન સ્વાત્માકે આશ્રયસે હોતા હૈ વહ તો અભી હૈ. ઔર શુક્લધ્યાન જો અભેદ હૈ, પરમકલા સહિત હૈ ઉસકી ભાવના હૈ ઉસકો. ઉસકી **ભાવનાસે પરિણમિત હુઆ...** લ્યો. પરમભાવકી... પરમભાવકી ભાવના. યે બાકી રહ જાતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૮૪ અને ૮૫ ઉપલબ્ધ નથી.**

**શ્રાવણ વદ ૧૧, રવિવાર, તા. ૩-૯-૧૯૭૨**
**શ્લોક-૧૨૧, ગાથા-૯૧, પ્રવચન નં. ૮૬**

આ નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ ચાલે છે. ૧૨૧ કળશ. છેને, ૧૨૧ કળશ છે. શ્લોક ચાલી ગયો છે. અર્થ બાકી છે થોડો.

**શ્લોકાર્થ : જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (અમલમાં મૂક્યું) છે...** શું કહે છે? કે વ્યવહાર રત્નત્રય જે છે એ તો કથનમાત્ર છે, એ કાંઈ વસ્તુ નથી. આહાહા! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતનું પાલન, શાસ્ત્રનું પઢવું–ભણવું એવો જે વિકલ્પ–શુભરાગ એને અહીંયા વ્યવહાર રત્નત્રય કહેવામાં આવે છે. જે મોક્ષનું કથનમાત્ર છે, એ તો ભાષા છે. એ મોક્ષનું કારણ છે નહીં. જોયું! ભાષા 'કથન' કહ્યું છેને.

શ્રોતા : વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય છે ને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પ્રશ્ન જ ક્યાં છે? ઝેર પીતાં-પીતાં અમૃત આવેને? લસણ ખાતાં-ખાતાં કસ્તૂરીનો ઓડકાર આવેને? કેટલું સ્પષ્ટ કર્યું છે! એને ગોઠતું નથી રતનચંદજીને. આ ટીકા જ ગોઠતી નથી. અહીં તો કહે છે... 'કથન' શબ્દ છે એ ભાઈએ (રાજમલ્લજીએ) નાખ્યો છે કળશટીકામાં. ત્યાં વ્યવહારનયનો અર્થ જ 'કથનમાત્ર' કહ્યું છે. છેને શ્લોક પાંચમો. વ્યવહારનય એમ આવે છેને. કથનમાત્ર.

(સમયસાર કળશટીકા) પાંચમો શ્લોક છે. **व्यवहारणनयः यद्यपि हस्तावलम्बः स्यात्...** . વ્યવહારનયનો અર્થ જ કે જેટલું કથન. કથનકો હી વ્યવહારનય ઐસા કહા હૈ. સમજમેં આયા? સમજાય છે? કથનને જ વ્યવહારનય કહેવામાં આવ્યું છે. બોલવામાં આવે વ્યવહાર, કહેવામાં આવે વ્યવહાર કે આ વ્યવહાર-રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મોક્ષનો માર્ગ છે. એમ કહેવામાત્ર છે. છે નહીં. આહાહા! કહો, શોભાલાલજી! આવી વાત છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, સર્વજ્ઞ પરમાત્મા સાચા એની શ્રદ્ધા એ મોક્ષમાર્ગ છે એ કહેવામાત્ર છે. વસ્તુ એ નથી. બંધમાર્ગ છે. આહાહા!

શ્રોતા : જૈનધર્મમાં બંધને મોક્ષ કહે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : છે નહીં એને વ્યવહારનયથી કહે છે. આહાહા! ભગવાન આત્મા નિજસ્વરૂપને આશ્રયે જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે, એ જ્ઞાનનો અનુભવ કરતાં ત્રણેયનો અનુભવ

સાથે થાય એ મોક્ષમાર્ગ છે. આ વ્યવહારરત્નત્રય તો કથનમાત્ર છે. કેમ કે **તેને પણ ભવસાગરમાં ડૂબેલા જીવે**... ઓહોહો! ચોરાશીના અવતારમાં રખડતા આત્માએ એ વ્યવહારરત્નત્રય પણ અનંતબૈર કિયા–અનંતવાર કર્યું.

શ્રોતા : દ્રવ્યલિંગી મુનિપણું અનંતવાર પાળ્યું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અનંતવાર કર્યું. સાધુનું દ્રવ્યલિંગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત, નવ પૂર્વ ને અગિયાર અંગ–શાસ્ત્રનું જ્ઞાન એ બધો કહેવામાત્ર મોક્ષમાર્ગ છે. કહો, શેઠ!

શ્રોતા : કાલલબ્ધિ પકનેસે નહીં હોતી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : લ્યો, ઠીક કહે છે. અપના પુરુષાર્થ જિતના ચાહિયે ઉતના કિયા નહીં ઇસલિયે કાલલબ્ધિ પકી નહીં. આહાહા! સમજાય છે કાંઈ? ઠીક એ પકડ્યું છે. અહીં તો ખૂબી કેવી કરી છે પદ્મપ્રભમલધારિદેવે કે મોક્ષનું કાંઈક કથનમાત્ર–કહેવામાત્ર... છે નહીં, વ્યવહારરત્નત્રય મોક્ષનો માર્ગ છે નહીં. કહો, સોમચંદભાઈ! આ તો બધું એ વળગીને પડ્યા છે. કહો, અમરચંદભાઈ! વ્યવહાર.. વ્યવહાર.. કહતે હૈં, વ્યવહાર તો કથનમાત્ર હૈ, (નિશ્ચય) વસ્તુ નહીં, ધર્મનું કારણ નહીં ને ધર્મ નહીં. આહાહા! છે એમાં દેખોને!

**મોક્ષનું કાંઈક કથનમાત્ર**... પાઠમાં છેને **किमपि वचनमात्रं**... પાઠમાં છે બીજું પદ. વચનમાત્ર છે. વાણીમાં કહેવું, બાકી કાંઈ વસ્તુ (નથી), વ્યવહાર એ કાંઈ વસ્તુ નથી. ધર્મને માટે વસ્તુ નથી, એના બંધનને માટે ખરી. આહાહા! આવામાં મોટી તકરાર અત્યારે (કે) વ્યવહારથી નિશ્ચય થાય. અહીં તો કહે છે કે વ્યવહાર તો અનંતવાર કર્યો. એવો વ્યવહારરત્નત્રય તો અનંતવાર, ભવમાં ડૂબેલા પ્રાણીને રખડવામાં–રઝળનેમેં અનંતવાર આવ્યો આ વ્યવહાર. એ ભીખાભાઈ! કેમ કરવું આમાં? અહીં કહે છે કે આત્મા વિનાની જે કાંઈ ચીજ પરલક્ષી ભાવ એ કોઈ મોક્ષનું કારણ નથી. આહાહા!

શ્રોતા : ગુરુ સમજાવે ઈતના વ્યવહાર તો ચાહિયે ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વ્યવહાર મોક્ષનું કારણ નહીં. એ સમજાવવાનો જે વિકલ્પ છે અથવા સમજાવ્યે ઓલો સમજે છે એ પરલક્ષી જ્ઞાન છે અને પરલક્ષી જ્ઞાન એ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

શ્રોતા : મહારાજ સાહેબ! અકેલા વ્યવહારકે લિયે કહા હોગા. નિશ્ચયકે સાથવાલા વ્યવહાર તો કારણ હૈ ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિશ્ચયકે સાથ વ્યવહાર હો તો વહ ભી બંધકા કારણ હૈ. આહાહા! જગતને.... પણ છે ક્યાં? દેખો ન. કળશ હૈ કિ નહીં?

**अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं**
**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।**
**तदपि भवभवेषु श्रूयते वाह्यते वा**
**न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम् ॥ १२१ ॥**

**निर्वृतेः** એટલે મોક્ષનું કારણ. અહો! જીવે પૂર્વે અનંતવાર પરિભ્રમણકાળને વિષે વ્યવહાર–નામમાત્ર રત્નત્રય એને અનંતવાર સાંભળ્યું. છેને? અનંતબૈર સુના. રાગકી કથા તો અનંતબૈર સુની, એમ કહે છે. સમજમેં આયા? વ્યવહાર રત્નત્રય શુભરાગ હૈ, શુભોપયોગ છે, એ ધર્મ નહીં, ધર્મનું કારણ નહીં. આહાહા! પદ્મપ્રભમલધારિદેવે સ્પષ્ટ કર્યું. આ લોકો કેટલાક પંડિતને રુચ્યું નહીં. અરે! યે તો વ્યવહારકો ઉડાતે હૈં.

શ્રોતા : આચાર્યકા કથન નહીં હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કથન આચાર્યકા હો, મુનિકા હો, સમકિતીકા હો—સબ કથન એક સરિખે હૈં. સમ્યગ્દૃષ્ટિ હો, પંચમગુણસ્થાનવાલા હો, છઠવેંવાલા હો, મુનિ હો કિ આચાર્ય હો, વસ્તુની સ્થિતિ એકરૂપ બધા માને છે. કિંચિત્માત્ર શ્રદ્ધા ને જ્ઞાનમાં ફેર નથી. ચારિત્રનો ફેર હોય, સ્થિરતાનો ફેર હોય. એ એમ કહે છે કે એ મુનિનું વાક્ય છે, આચાર્યનું નહીં. ભાવ-આગમ, કહે છે કે મેરે મુખસે ભાવ-આગમ ઝરતા હૈ–પરમાગમ ઝરતા હૈ. પરમાગમ ઝરે છે એમ કહ્યું છે. આહાહા!

ઓહો! ભાવ-પરમાગમ. અરે! **મોક્ષનું કંઈક કથનમાત્ર...** પાછું ભાષા એટલી હલકી કરી. **किमपि वचनमात्रं निर्वृतेः...** કાંઈક કહેવામાત્ર ભાષા છે વ્યવહારની. એ કાંઈ મોક્ષમાર્ગ છે નહીં. આહાહા! કહો! એ તો વ્યવહારી એટલે સમકિતી એમ નાખે છે. (અહીં કહે છે કે) વ્યવહારી એટલે સંસારી છે. એ ....માં આવે છે. છેને, ગુજરાતી થાય છે. એક પુસ્તક છે. વાંચ્યું છેને બધું. આવશ્યકમાં વ્યવહારી જીવને સમકિતી કહ્યો છે એમ લખ્યું છે. આ વાત આખી... આહાહા! વ્યવહાર તો શુભરાગરૂપ, ઉદયરૂપ, વિભાવરૂપ, પરના આશ્રયવાળો, ઝેરરૂપ ભાવ રાગ છે. આહાહા! આવે, જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી સમકિતીને પણ પોતાના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાનને પકડી જ્ઞાનસ્વરૂપનો અનુભવ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય અંદરમાં નિશ્ચય આવે. એને અંદર વ્યવહારના વિકલ્પ પણ હોય, છતાં એ બંધનું કારણ છે. સમકિતીને હોય કે મિથ્યાદૃષ્ટિને હોય. આહાહા! ભારે કામ આકરૂં. આ કથન કોનું છે? જુઓને! પહેલેથી પદ્મપ્રભમલધારિદેવનું કથન છે.

મોક્ષનું કાંઈ (કહેવામાત્ર) કારણ એવા વ્યવહારરત્નત્રયને પણ... વ્યવહાર રત્નત્રય, એમ કે બીજું તો બધું કર્યું, પણ આ વ્યવહાર રત્નત્રય પણ અનંત વાર કર્યા, અનંતવાર કર્યું. આહાહા! (શ્રોતા : ભાવપાહુડમાં એમ જ કહ્યું છે). હા, એ તો છેને. એ તો અનંતવાર કર્યું છે,

ક્યાં નવી ચીજ છે? (નિશ્ચય) સ્વાશ્રયભાવ, વ્યવહાર પરાશ્રયભાવ છે. નિશ્ચય સ્વાશ્રયભાવ છે. ભગવાન પરમાનંદ... કહેશે. નિજ કારણપરમાત્મા ત્રિકાળી ધ્રુવ એનો આશ્રય લઈને જ્ઞાનનો અનુભવ કદી કર્યો નથી અને જ્ઞાનનો અનુભવ થતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ભેગા ત્રણે સાથે જ હોય છે. સમજાય છે કાંઈ? એકવાર કહ્યું હતું. આમાં છેને, કળશમાં છે ત્રણ ઠેકાણે.

જ્ઞાનનો અનુભવ થતાં, જ્ઞાનમાં ભગવાને તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે કહ્યું છે. ભઈ! જ્ઞાનનો અનુભવ થતા ત્રણે એમાં આવી ગયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એની અંતરમાં એકાગ્ર થતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. સમજાણું કાંઈ? અહીંયા કહે છે કે વ્યવહારરત્નત્રય કહ્યા એ ત્રણેય બંધનું કારણ છે. આહાહા! કહો, અમરચંદભાઈ! આવી વાત છે. આહાહા! મહાપ્રભુ પૂર્ણાનંદ નિર્વિકલ્પ નિર્લેપ ચીજ છે એનું અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ મોક્ષનો માર્ગ છે. એવા **ભવસાગરમાં ડૂબેલા...** આહાહા! એ વ્યવહાર પણ ભવસાગરમાં ડૂબનારી ચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ તરવાની ચીજ નથી. આહાહા!

એ આવે છેને એમાં–ભરતેશ (વૈભવ)માં. ભરતના રાજકુમારો છે. એનું સગપણ કરવા આવ્યા હતા એના મામા. મામા-ફઈના (સંતાન આપસમાં) વરેને. મામાની દીકરી અને આ (ભરતનો દીકરો). લગ્ન કરવા માટે નમિરાજા વિદ્યાધર, વૈતાક પર્વતનો મોટો રાજા સગપણ કરવા આવ્યા. ત્યાં ભરતને ને રાજકુમાર વચ્ચે ચર્ચા ચાલી. ભરત અને ભરતના રાજકુમાર (વચ્ચે) ચર્ચા ચાલી. ચર્ચા ચાલતા ભરત રાજકુમારોને કહે છે કે આપણા દાદા ઋષભદેવ ભગવાન, બિરાજતા હતા–તે દિ' તો હતાને, એમની આપણે ભક્તિ કરવી એ પણ મોક્ષનું કારણ છે. છોકરાઓ કહે છે કે પિતાજી! આવી વાત ક્યાંથી લાવ્યા? છોકરાઓ હોં. આવી વાત ક્યાંથી લાવ્યા? ક્યા? છોકરાઓ ફરી ગયા તમે? તમારા મામા કન્યા દેવા આવે તો તમારા મામા કહે છે એમ તમારે માનવું છે?

નમિરાજા હતાને વિદ્યાધર, એ ભરતના સાળા હતા. એની દીકરી એના ભાણેજ સાથે પરણાવતાને. તારા મામા–આમ સાસરા કન્યા દેવા આવ્યા એની વાત તમે માનશો? એ કહે છે, ભગવાનની ભક્તિ મોક્ષમાર્ગ નહીં. તો આ ભગવાન ત્રણ લોકના નાથ આપણા દાદા ને આમ દેવ પોતે, એની ભક્તિ એ મોક્ષનો માર્ગ નહીં? અરે પિતાજી! ક્યા હો ગયા? પહલે તુમ દૂસરા કહતે થે ને અભી ક્યા હુઆ? લડકા છોટા. ચર્ચા ચાલી.

શ્રોતા : આજના જુવાનિયા એવા થયા છે કે બાપાને કહે, બાપા! તમે કહો છો એ ખોટી વાત છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ ખોટી વાત છે. એ પોપટભાઈ! છોકરા એવા હોય કેટલાક તો. જુઓને! આપણે અહીં દિલીપ જેવો છેને. એના બાપના બાપ જાદવજીભાઈ છે જુઓને! દાદા

આમ નહીં, દાદા આમ નહીં. આ અમારે હોશિયાર છે. એના દાદા માને કે હૈ, બેટા. ૧૪ વર્ષનો છોકરો છે, ૧૪ વર્ષ. આ તો વસ્તુસ્થિતિવાળા...

નમિરાજ કન્યા દેવા આવ્યા એની એમ ચર્ચા ચાલતી છોકરાઓ (જોડે) કે નિશ્ચયરત્નત્રય એ જ મોક્ષનો માર્ગ છે, વ્યવહારરત્નત્રય મોક્ષનો માર્ગ નથી. બંધના માર્ગને વ્યવહાર(મોક્ષમાર્ગ) કહેવો એ કથનમાત્ર છે. મોક્ષને માટે (કારણ) કહેવું કથનમાત્ર છે. બંધને માટે (કારણ) કહેવું યથાર્થ છે. આહાહા! સમજાય છે કાંઈ? એટલે ભરત કહે છે, અરે બેટા! કેમ ફરી ગયા તારા મામાને લઈને... અરે પિતાજી! તમારું કેમ ફરી ગયું છે? તુમ પહલે કહતે થે ન કિ અભેદરત્નત્રય મોક્ષનો માર્ગ છે, ભેદ નહીં. અચ્છા બેટા! સમજમેં આયા? બાત તો ઐસી હૈ.

બડા રાજકુમાર જેને અબજો રૂપિયાની પેદાશ એક દિનની. ચક્રવર્તીના પુત્રનું શું કહેવું! નહીં, જુવાન છોકરાઓ... એ તો શરીરની જુવાન અવસ્થા છે. ભગવાન ક્યાં જુવાન ને બાળક છે? વ્યવહાર-રત્નત્રય—ઋષભદેવ ભગવાનની સ્તુતિ, ભક્તિ, નામસ્મરણ, પિતાજી! વહ બંધકા કારણ હૈ. એ દેવીલાલજી! ભરતેશમાં આવે છે. વાંચ્યું છેને ભરતેશ વૈભવ. પુસ્તક આવે છે ભરતેશ વૈભવ એમાં આવે છે. પહેલા હિન્દી હતું, હવે ગુજરાતી થઈ ગયું છે. હમને સારા દેખા હૈ ન હરેક પુસ્તક. પહલે હિન્દી થા. હિન્દીકા ગુજરાતી (હો ગયા).

અહીં કહે છે કે વ્યવહારરત્નત્રય કહેવામાત્ર... મોક્ષને માટે કહેવામાત્ર, બંધને માટે યથાર્થ. સમજાય છે કાંઈ? એ **ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં**... દેખો! ભવભવમાં સાંભળ્યું છે એમ. એકાદ ભવ નહીં. ભવભવ–અનંતા ભવમાં એ સાંભળ્યું છે અને અનંતા ભવમાં અનંતવાર એ વ્યવહારરત્નત્રય કર્યું છે. ભવમાં ડૂબેલા જીવે કર્યું છે. આહાહા! સમજાય છે કાંઈ? **ભવભવમાં** અર્થાત્ ઘણા ભવોમાં એટલે કે અનંત-અનંત ભવમાં ભગવાનની શ્રદ્ધા આદિ વ્યવહારરત્નત્રય કહેવામાત્ર એક વસ્તુ છે. અનંતવાર સાંભળ્યું છે. એટલે ઓલા 'શ્રુતપરિચિત'માં આવે છેને. સાંભળ્યું નથી તેં આ. વ્યવહારે રાગ કરવો, ભોગવવો એ વાત તેં સાંભળી છે. કહો, ભગવાનજીભાઈ! આહાહા! શાસ્ત્રની ભાષા જુઓને! પૂર્વાપર (વિરોધ સિવાય) ચારેકોર એકધારા...

ત્યાં તો એમ કહ્યું કે રાગ કરવો અને ભોગવવો એ વાત તો તેં અનંતવાર સાંભળી છે. એ અહીં કહે છે, વ્યવહારરત્નત્રય(રૂપ) રાગની વાત અનંતવાર તેં સાંભળી છે અને અનંતવાર તેં આચરી છે, અમલમાં મૂકી છે. આહાહા! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની તો વાતેય શી? એ તો મિથ્યાત્વભાવ સહિતનો રાગ છે. સમજાય છે કાંઈ? આ તો સર્વજ્ઞ ભગવાને કહેલા સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર, એની શ્રદ્ધા પણ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નહીં. આહાહા! એ પોપટભાઈ! હવે પછી આ લાદીનું શું કરવું? આહાહા! ધંધો ને એ તો બધું બંધનું કારણ છે,

પાપનું કારણ છે. આ પુણ્યનું કારણ છે, પણ એ પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ ધંધાના ભાવ પાપના કારણ છે. આ બીડીમાં શેઠ આમ મશગુલ રહે છેને અંદર. આમ છે ને તેમ છે ને. શોભાલાલ આવે, એ પછી આવે પાછળથી. કહે છે, એ બધા પાપના ધંધા છે એમ કહે છે.

અને આ વ્યવહારરત્નત્રય... દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા હોં, અરિહંત સર્વજ્ઞદેવ, ગુરુ નિર્ગ્રંથ, ધર્મ–રાગ વિનાની ચીજ એ વાત માની એણે, પણ વહ વિકલ્પ હૈ સબ. શુભરાગ (જે) બંધનું કારણ (છે) એને મોક્ષનું કારણ શાસ્ત્રમાં કહ્યું એ તો કહેવામાત્ર છે. મોક્ષમાર્ગ (પ્રકાશક)માં પણ એમ કહ્યું કે બે પ્રકારનો મોક્ષમાર્ગ તો કહેવામાત્ર નિરૂપણ છે. આવે છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એ તો નિરુપણ છે, કથન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના સ્વને આશ્રયે થાય ત્યાં એવો વિકલ્પ દેખીને વ્યવહારનો આરોપ આપ્યો છે, એ (મોક્ષમાર્ગ) છે નહીં. ધર્મ નહીં, ધર્મનું કારણ નહીં, મોક્ષ નહીં, મોક્ષનું કારણ નહીં. આહાહા! આ તો કે દિ'નું શાસ્ત્ર છે. હમણાનું છે આ?

**પરંતુ અરેરે! ખેદ છે કે...** ઓહોહો! **જે સર્વદા એક જ્ઞાન છે...** ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનસ્વરૂપ જ છે. વિકલ્પ-બિકલ્પ વ્યવહાર એમાં છે નહીં. **તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.** 'નથી, નથી' એમ કહ્યું. ઓલામાં 'ભવભવ' કહ્યું હતું. ભવભવમાં આ કોઈ દિ' કર્યું નથી. આહાહા! એકલો જ્ઞાનસ્વભાવ.. ભગવાન જ્ઞાનસ્વભાવ, જેમાં આવા વ્યવહારના વિકલ્પનો પણ અવકાશ નથી. એવો જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કદી કરી નથી. આહાહા! અહીં તો પહેલું કહે છે કે નિશ્ચય રત્નત્રય સાંભળ્યું નથી. એમ કહ્યુંને.

એક જ્ઞાનસ્વરૂપ ભગવાન એ તો જ્ઞાનની મૂર્તિ એકરૂપ છે, જ્ઞાનનો પુંજ પ્રભુ છે. જેમાં રાગનો વિકલ્પ તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ જેમાં નથી. એવું એકલું જ્ઞાનસ્વરૂપ પ્રભુ એની શ્રદ્ધા, એનું જ્ઞાન સાંભળ્યું નથી, કહે છે અહીં તો. આહાહા! આચર્યું નથી. **આચર્યું નથી, નથી**. એમ છેને? **ન ચ ન ચ** સંસ્કૃતમાં છે. આહાહા! પ્રભુ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા એનો અનુભવ કરતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ભેગા આવી જાય છે. જ્ઞાનસ્વભાવ વસ્તુ, એ વસ્તુની અંતર્દૃષ્ટિ અનુભવ કરતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. સમજાય છે કાંઈ? એમ કે અહીં તો જ્ઞાનસ્વરૂપ પરમાત્મા કહ્યું એમાં વળી શ્રદ્ધા ને ચારિત્ર ક્યાં આવ્યાં? એ જ્ઞાનસ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ અનુભવ કરતાં ત્રણે ભેગા આવી જાય છે. સમજાણું કાંઈ?

એ છઠ્ઠા શ્લોકમાં છે આમાં. ત્રણ ઠેકાણે છે. છઠ્ઠો શ્લોક છેને. **સમ્યગ્દર્શન છે... સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે, તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે, પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે, તેથી મોક્ષમાર્ગ છે. અહીં કોઈ આશંકા કરશે કે**

**મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણના મળવાથી થાય છે. ઉત્તર આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણે છે**. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો અનુભવ થતાં ત્રણે દર્શન, જ્ઞાન ને ચારિત્ર એમાં છે. ત્રણ ઠેકાણે આ છે. સમજાય છે કાંઈ? **શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણે છે**. આહાહા!

કળશટીકામાં દોષ કીધું.... એ સુધારો, એમ સાંભળ્યું છે. કલકત્તા... એમ કે એનો સુધારો કરવા માંગે છે. પછી બધું ઠરી ગયું છે લાગે છે. કેટલો સુધારો કરશે? એવું સાંભળ્યું છે, નહીં? આહા! આમાં એમ કે સુધારો કરવા માગે છે. એમાં એવું આવે છેને, અર્ધપુદ્ગલ રહેતા મોક્ષનો માર્ગ પ્રગટ થાય એવી કેવળજ્ઞાનમાં નોંધ છે. કેવળજ્ઞાનમાં એ નોંધ છે. આ જીવ આટલે (કાળે) મોક્ષ જશે એમ નોંધ છે કેવળજ્ઞાનમાં. એ એને રુચતું નથી. એ તો કાળલબ્ધિ થઈ ગઈ, એમ કહે છે.

(શ્રોતાઃ કાળલબ્ધિ એટલે કેવળજ્ઞાન). એમાં જ છે. જુઓને! છઠ્ઠો શ્લોક કીધોને. એમાં છેને ચોથામાં. ચોથામાં છે. **એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે**. કાળનું પરિમાણ છે કે આ કાળે, આ ઠેકાણે સમકિત પામશે ને મોક્ષ જશે. **વિવરણ–આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે**. નોંધ એટલે જ્ઞાન. આ નોંધ કરે છેને તમારે ચોપડામાં, નહીં? આહાહા! નોંધ નથી કહેતા? તમારે હિન્દીમાં નથી? નોંધ. નોંધબુક કહતે હૈં ન. હા, એ. અહીં કહે છે, એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. આહાહા!

**તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તન માત્ર રહે છે ત્યારે જ સમકિત ઉપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે**. એમ જાણ્યું. નોંધ તો હૈ, જિસકો પ્રતીત હુઈ ઉસકો કાલલબ્ધિ પક ગઈ. કાલલબ્ધિકા જ્ઞાન કિસકો હોતા હૈ? આહાહા! એ તો વળી ત્રણ કાળની વાત, એ તો લોકાલોકની વાત છે. સમજાય છે કાંઈ? એ તો ત્રણ કાળ, ત્રણ લોક જાણે છેને એક સમયમાં. આ જીવ આ સમયે મોક્ષ જશે (એવો) ખ્યાલ નથી એને? આ જીવ આ વખતે સમકિત પામશે, આ વખતે ચારિત્ર લેશે—બધું જ્ઞાનમાં છે.

શ્રોતા : બધા જીવનું જ્ઞાન થાય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ત્રણ કાળ, ત્રણ લોકના જીવનું. કેવળજ્ઞાન કોને કહે? ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયની નોંધ એનામાં–જ્ઞાનમાં છે. કેવળજ્ઞાન કોને કહે? લોકોને હજી કેવળજ્ઞાન એટલે શું (એની ખબર નથી). આહાહા!

એક દ્રવ્યના એક જ્ઞાન ગુણની એક સમયની પર્યાય. આહાહા! જેમાં અનંતા કેવળજ્ઞાન જણાઈ જાય. સિદ્ધ અનંતા છેને. કેવળજ્ઞાનની એક પર્યાયમાં અનંતા કેવળજ્ઞાની જણાય અને

પોતાની પણ આદિ-અંત વિનાની ભવિષ્ય ને ભૂતની કળા–પર્યાય ત્રણ કાળમાં જણાય. સમજાય છે કાંઈ? આત્મા ને આત્માનો ગુણ, આત્માની પર્યાયનું માહાત્મ્ય જ એને આવ્યું નથી કે એ શું ચીજ છે. અરે! રાગ-બાગ તો ક્યાંય રહી ગયું એક બાજુ. સમજાય છે કાંઈ? જેને અરિહંતની શ્રદ્ધા થઈ... આવે છેને ૮૦ ગાથામાં. **जो जाणदि अरहंतं दव्वत्तगुणपज्जयत्तेहिं**.. એ કેવળજ્ઞાનની પર્યાયને જાણે, **मोहो खलु जादि तस्स लयं**.. આત્માને જાણતા મિથ્યાત્વનો એને નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

શ્રોતા : અરિહંતકો તો જાનતે હૈં જબ તો....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોઈ જાનતા નહીં. અરિહંતની એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોક જાણે. એવી પર્યાયની પ્રતીતિ ક્યારે આવે? કે જે પર્યાય, દ્રવ્યમાંથી સર્વજ્ઞપર્યાય આવી છે એ દ્રવ્યનું જ્ઞાન કરે તો પર્યાયનું જ્ઞાન સાચું કહેવાય. આવું છે આ.

**અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન જ**... ત્રણે કાળે જ્ઞાનસ્વરૂપી જ ભગવાન છે એમ કહે છે. 'સર્વદા' કહ્યુંને. ત્રણે કાળ એક જ્ઞાન જ છે. જ્ઞાનનો પુંજ પ્રભુ ચૈતન્યમૂર્તિ. આહાહા! જ્ઞાનની શ્રદ્ધા-જ્ઞાન.. આવે છેને બંધ અધિકારમાં. અભવિને જ્ઞાનની શ્રદ્ધા નથી. કેમકે જ્ઞાન એકલું છે તે મુક્તિનું સ્વરૂપ છે અને મુક્તિમાં પણ એકલું જ્ઞાન રહે છે, રાગાદિ રહેતો નથી. એની શ્રદ્ધા-જ્ઞાન... અભવિ પ્રાણી એના જેવા ભવિ. આહાહા! એમાંય તકરાર. કહે, એ તો અભવિ માટે કીધેલું છે. પણ અભવિનો દૃષ્ટાંત દીધો છે કે અભવિ પણ આવું કરે છે છતાં એને જ્ઞાનમાત્ર વસ્તુ ભગવાન એની શ્રદ્ધા નથી. માટે મિથ્યાદૃષ્ટિ એ શુભરાગને ભોગને માટે કરે છે. અનુભવ નથી બીજો. રાગનો અનુભવ છે એટલે રાગના અનુભવ માટે રાગ કરે છે એમ કહે છે. આહાહા!

એ જીવે એક જ્ઞાન સર્વદા... ત્રિકાળ ભગવાન ચૈતન્યજ્યોતરસ.. વસ્તુ જ્ઞાનરસ, વસ્તુ સત્, એનું સત્ત્વ જ્ઞાનરસ, એકરૂપ જ્ઞાનરસ ત્રિકાળ. એ વાત એણે કદી સાંભળી નથી. સાંભળી નથી એમ કહે છે. ભીખાભાઈ! આહાહા! અને **આચર્યું નથી, નથી**. આહાહા! ભારે વાત ભાઈ! આ ૧૨૧મો કળશ છે નિયમસારનો. કોઈને અદ્ધર લાગતું હોય કે સોનગઢવાળા આમ કહે છે. હવે ૯૧, ગાથા ૯૧. ૩૫ મિનિટ તો ચાલી. મૂળ માર્ગની વાત છેને. આહાહા! (શ્રોતાઃ વ્યવહારકા જોર (છોડને)કે લિયે સબ બાત બહુત ખુલાસા(કે સાથ) આયી). 'વ્યવહારરત્નત્રય નિયતનો હેતુ' કહ્યું નથી? અહીં ના પાડે છે કે નિયતનો હેતુ એટલે એ કારણ થાય એમ છે નહીં. ફક્ત ત્યાં હોય છે એને જણાવ્યું છે. આહાહા! કથનમાત્ર હૈ.

કહેવામાત્ર મામો કહેને. ગીગાભાઈ કરીને મુસલમાન અમારે જોડે રહેતા. મામા કહેતા. એની વહુને માસી કહીએ, એને કહીએ મામા. ગામમાં અમારા મોસાળના ખરુંને. ઉમરાળામાં આ જન્મસ્થાન છેને. એની જમીન લીધી છે. એ જમીનમાંથી નીકળીને પાઈ કેટલી? ૨૭

રૂપિયાની. એ પાઈ-પાઈનો બકાલાનો (-શાક વેચવાનો) ધંધો કરતો. એક પાઈનું શાક. તે દિ' તો એક પાઈનું શાક બહુ આવેને. શાક સમજતે હો? પાઈનું ઘણું થઈ ગયું. પાઈ-પાઈ. એવી ૨૭ રૂપિયાની પાઈ નીકળી હતી જમીન લીધા પછી. આપણે અત્યારે લીધી છેને એ જમીન. સતબાઈને માસી કહેતા, ગીગાભાઈને મામા કહેતા. મામા કહે તેથી કંઈ મોસાળું પૂરે? કહેવામાત્ર છે. આ ઉંદરને મામો નથી કહેતા? ચૂહા. ઉંદરકો મામા કહતે હૈં. શું કહે? ઉંદરમામા! ભાઈસાહેબ! કપડું કાપીશ નહીં. ઉંદર.. ઉંદર.. ઉંદર કહતે હૈં? ચૂહા. ઉસકો મામા કહતે હૈં. તુમ્હારે વહાં ભી હૈ. એ બધે હોય. બધે ઠેકાણે એક જ કહેવાતું હોય. ઉંદર મામા એટલે મોસાળું પૂરતા હશે? એને નાનો ભાઈ હશે એ? એમ આ વ્યવહારરત્નત્ર કહેવામાત્ર છે, ઐસા હૈ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

અરે! ભગવાન પડ્યો રહ્યોને આખો. વ્યવહારનું શ્રદ્ધા-જ્ઞાન કરીને ભગવાન તો નીચે પડ્યો રહ્યો એકલો, એમ કહે છે. જેમાં અનહદ જ્ઞાન, અનહદ આનંદ, અનહદ શાંતિ, અનહદ વીર્ય, અનહદ દર્શન ઉપયોગ છે—એવો ભગવાન તો પડ્યો રહ્યો એક બાજુ (અને) આ વ્યવહારની શ્રદ્ધા. પોતાનો ભગવાન પડ્યો રહ્યો (અને) બીજા ભગવાનની શ્રદ્ધા. કહો, સોમચંદભાઈ! વ્યવહારની ના પાડે છે, ભૂકો ઉડાવે છે આમાં. આ તમારા ઓલા કોટડીયા.. કેવા? કોટડીયા.... એ તો બિચારાને બેઠી હોય એ રીતે કહેને? ....એની દયા કરવી જોઈએ. એને ત્યાં બેઠી છે એનાથી એને દુઃખ થાય અને એ ભાવથી સંસારમાં રખડવું પડે એથી કોઈ રાજી હોય? બાપા! એ દુઃખી થાય ... હોય? શું થાય? આહાહા!

શ્રોતા : આત્માનું ... પરિણમન...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્ષણમાં પડશે. ક્ષણમાં પડશે. એ તો આત્મા ભગવાન છે. એક ક્ષણની–એક સમયની ભૂલ છે. એક સમયની ભૂલ.. ત્રિકાળી ભગવાન ને એક સમયની ભૂલ. આહાહા! ત્રિકાળી ભગવાન કહેતાં એકલી મહિમાવાળો પદાર્થ છે. એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા થવી, કહે છે કે એવી કોઈ દિ' વાત સાંભળી નથી. અંદરમાં આવી ચીજ છે એ રીતે તેં સાંભળી નથી. આમ તો સાંભળ્યું ઘણીવાર ભગવાનના ઉપદેશમાં, પણ આ વસ્તુ આવી છે એ રીતે રુચિપૂર્વક કદી સાંભળ્યું નથી. આહાહા!

શ્રોતા : અહીં સાંભળ્યુ હતું પૂર્વે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પ્રગટે ત્યારે સાંભળ્યું કહેવાય. કહો, સમજાય છે કાંઈ?

શ્રોતા : એની દૃષ્ટિ હોય એવું વાંચ્યું. એની દૃષ્ટિમાં પડ્યું હતું એ પ્રમાણે વાંચે. .... ભાષા તો આની આ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આની આ છે. પોતાની દૃષ્ટિ હોય એ પ્રમાણે વાંચે. ૯૧.

**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**
**सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं॥९१॥**

નીચે હરિગીત

**નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને**
**સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.**

**ટીકા : અહીં (આ ગાથામાં), સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (-સંપૂર્ણ) સ્વીકાર કરવાથી...** દેખો! અહીં તો, જ્ઞાન-દર્શન-ચારિત્રનો સ્વીકાર કરવાથી, એમ છે. સ્વીકાર તો ત્રિકાળીનો છે, પણ એ ત્રિકાળીનો આ સ્વીકાર થાય ત્યારે... આહાહા!. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન નિશ્ચય સ્વને આશ્રયે, સમ્યગ્જ્ઞાન સ્વનું, સમ્યક્-ચારિત્ર સ્વની રમણતા—એ ત્રણનો સ્વીકારનો અર્થ પરિણમન થાય ત્યારે એણે દ્રવ્યનો આશ્રય કર્યો કહેવામાં આવે છે. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો... પાઠમાં છેને. '**णिरवसेसेण**' એમ છેને? ઓલું છોડીને એટલે **णिरवसेसेण** આ કરીને, એમ. એમ અર્થ લીધો છે. **चइऊण णिरवसेसेण**.. તો **णिरवसेसेण** આદરીને–સંપૂર્ણ સ્વીકાર કરવાથી... આહાહા!

ભગવાન આત્મા પૂર્ણ બ્રહ્મ, અતીન્દ્રિય આનંદનો કંદ, શરીર પ્રમાણે હોવા છતાં જેની શક્તિ ને જેનું સામર્થ્ય એક-એક ગુણનું અનંત છે. એવા અનંત ગુણના સામર્થ્યનો ધણી ભગવાન એનો સ્વીકાર કરીને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય ત્યારે તેણે સમકિતદર્શન-જ્ઞાન-ચારિત્રનો સ્વીકાર કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! દિશા પલટ્યા વિના તારી દશા નહીં પલટે. દિશા વસ્તુ ભગવાન પૂર્ણાનંદ (એના તરફની). વિકલ્પના વ્યવહારને છોડી દે. સર્વથા છોડી દે એમ કહે છે. છેને **चइऊण णिरवसेसेण**.. એનો આ સાર છે પછી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિઃવશેષ.. નિઃવશેષ એટલે કાંઈપણ બાકી રાખ્યા વિના પૂર્ણ સ્વીકાર. આહાહા!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પૂર્ણ સ્વીકાર એનો અર્થ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન એમાં દ્રવ્યનો સ્વીકાર આવી જાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ! આવી ન્યાલની વાત છે ભાઈ! આ ઘરમાં ન્યાલપણું આવે એની વાત છે. આહાહા! ખોટને ખજાને અનાદિથી પડ્યો રહ્યો, ભાઈ! આહાહા! પૂર્ણ સ્વભાવ ભગવાન, ઉદય રાગ વિનાની પરમ-પારિણામિક ચીજ એનો સ્વીકાર થતાં દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય, ત્યારે એને સ્વીકાર્યું (અથવા) દર્શન, જ્ઞાનને સ્વીકાર્યું–પરિણમ્યું એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

પરની કાંઈ પણ લપ રાખીને તને આ દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એમ નહીં, એમ કહે છે. થોડો વ્યવહાર હોય તો મદદ કરે... હેતુ કહ્યો છેને, કારણ કહ્યું છેને? એ કહેવામાત્ર કહ્યું છે. આહાહા! કેમ માને? કઈ નયનું કથન છે એ સમજે નહીં. કહેવામાત્ર, નિયતનો હેતુ–કારણ

વ્યવહાર કહ્યો છે કહેવામાત્ર. ઉપચારથી કથન છે, એ પણ કથનમાત્ર. વાચ્ય એનું યથાર્થ મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? **સંપૂર્ણ સ્વીકારવાથી**... આહાહા! દર્શનમાં દર્શનનો સ્વીકાર સંપૂર્ણ જ છે. ચાહે તો ક્ષયોપશમ હો કે ચાહે તો ક્ષાયિક હો અને ચાહે તો ઉપશમ હો. ત્રણનો વિષય તો એક જ અભેદ છે. ત્રણના વિષયમાં ફેર નથી.

**અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ**—કાંઈ બાકી રાખ્યા વિના, કાંઈ પણ લપ કર્યા વિના **ત્યાગ કરવાથી...** છેને પરિત્યાગ. સમજાય છે કાંઈ? ઓલામાં આવ્યું હતું પહેલું. નિરવશેષ ત્યાગ કરવાથી... આહાહા! **चइऊण** છેને? **चइऊण णिरवसेसेण...** એક અંશ પણ સૂક્ષ્મ શલ્ય રહી જાય... છોડી દે બધું. આહાહા! વિકલ્પ કાંઈ સારો હોય તો આત્માને સમ્યગ્દર્શન થાય—એવી ઊંડાણમાં માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા! સમજાણું કાંઈ? **મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ**... 'ર' નો વિસર્ગ થાય છે. નિઃવશેષ-કાંઈ બાકી રાખ્યા વિના ત્યાગ કરવાથી... ભઈ! બીજા ધર્મમાં કંઈક હશે, પરમબ્રહ્મની વાત બહુ કરે છે વેદાંત. એક જણો વળી કહે, બૌદ્ધમાં છે. એક જણો વળી કહે, કપિલમાં છે. એમ બધી ઘણી વાતો અત્યારે આવે છે, જૈનમાં હોં. જૈનના નામ ધરાવનારા. આહાહા! સર્વજ્ઞ પરમાત્માનો પંથ સર્વજ્ઞસ્વભાવના આશ્રય વિના પ્રગટતો નથી. આહાહા!

**પરમ મુમુક્ષુને...** આવો ત્યાગ કરવાથી અને આવો સ્વીકાર કરવાથી, એમ. **પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.** સાચું પ્રતિક્રમણ એને છે. બધા વિકારથી હઠી અને ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન(રૂપ) પરિણમ્યો એ ખરો મુમુક્ષુ છે. એને સાચું પ્રતિક્રમણ હોય છે. કહો, જાદવજીભાઈ! કેટલા પડિકમણા બહુ કર્યા હશે ત્યાં? બધા અગ્રેસર હતા કલકત્તાના. આહાહા! પ્રતિક્રમણ છેને. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો એક અંશ પણ છોડી દઈને, એમ. પ્રતિક્રમણ છેને (એટલે) પાછો હઠી જા ત્યાંથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ.... કહેશે ટીકામાં ઘણું. એનો આશ્રય કરીને થયેલી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એનો સ્વીકાર કર, એનું પરિણમન કર. આહાહા! ભારે ભઈ!

કોઈ વળી એમ કહે છે, આ પાંચમા આરામાં સમકિત હોય? આ બધું હોય, વ્રત ને તપ ને બહારની ક્રિયા. કહો, શેઠ! આ બધા કરે છેને? દ્રવ્યલિંગીઓ પણ નથી એ તો. એમ કે આ હોય. સમકિત હોય? શું પૂછે છે તું આ? સમ્યગ્દર્શન ન હોય તો ધર્મ નથી, જૈનધર્મ જ નથી. તારા બહારના વ્રત ને તપ ને ક્રિયા એ તો થોથા છે, મિથ્યાદર્શન સહિતની ક્રિયા છે. જાણે, એ ક્રિયા ધર્મ છે ને એમાંથી ધર્મ થશે—એવી માન્યતા સહિતનું આચરણ તો બધું મિથ્યાત્વ, મૂઢતા છે, ચાહે તો નગ્ન રહેતો હોય, ચાહે તો મહિના-મહિનાના અપવાસ (કરે), રસ ત્યાગ્યો છે, ફલાણું છોડ્યું છે. જેણે આત્માનો રસ છોડ્યો એણે બધું છોડ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા! વાત તો, આવી વસ્તુની સ્થિતિ છે. વસ્તુને કાંઈ.... જેને આત્મરસની....

લાઠીમાં ચોમાસું હતું. એક બાવો હતો એ કંઈ બોલતો. લાઠી, ૮૫માં ચોમાસું હતું. એક બાવો હતો ત્યાં. 'લગ રહી રે જેને.... આંખ્યું... રામરસ' એમ કાંઈક બોલતો હતો. રામરસ, જેની આંખ્યુંમાં રામરસ રમી રહ્યો છે, એમ કહે છે. આંખ્યું એટલે જ્ઞાન... એને તો આ બહારની ધૂન લાગી હોય. ખાખી (બાવો) કહેવાયને. ખોટા ખાખી. કો'કની તો ખાખી ઓળખ હતી. કાલ નહોતું કહ્યું? અહીંના કંસારા એને ઓળખ છે ખાખીની લ્યો. સાંભળ્યું હતું, કાલ કો'ક કહેતું હતું. એ તો હોય નામ..... ખાખી તો, જે અજ્ઞાન ને રાગને ખાખ કરે તે ખાખી. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા શાંત થા.. શાંત થા.. ધીરો થા. બહારની અધિકતા ને મોટપને મૂકી દે. એ અધિકપણું નથી પ્રભુ! આહાહા! જેણે મિથ્યાદર્શન-જ્ઞાન સર્વથા (એટલે) અવશેષ કાંઈ બાકી રાખ્યા વિના છોડી દીધું છે, એ પરમ મોક્ષ ને સાચું પ્રતિક્રમણ હોય છે. સમજાણું કાંઈ?

**ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી...** આહાહા! ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી... પહેલો એ શબ્દ છે ખરોને. **मिच्छादंसणणाणचरित्तं चइऊण...** એનાથી પ્રતિકૂળ માર્ગાભાસ... સર્વજ્ઞ વીતરાગ પંથ સિવાય બાકી બધા માર્ગાભાસ છે. આહાહા! સમજાય છે કાંઈ? નગ્નપણે બાવા ફરે અન્યમતિના. છેને મોટા હજારો બાવા. અહીં ઓલો શું કહેવાય? એમાં ચડે છે. મેળો થાયને અલ્હાબાદ. નાગા બાવા હજારો. આહાહા! મેળો મોટો. કુંભમેળો બહુ.... એક ફેરી તકરાર થઈ હતી, ઘણા માણસ મરી ગયા હતા. એ બાવા રાખે હથિયાર. માણસોનો ઘેરા બહુ થાયને. હોય બધા મૂઢ જેવા હોં. આહાહા!

પણ નાગા ફરે એટલે દુનિયાને એમ કે આહાહા.. પગે લાગવા જાય લાખો માણસ. જેને ભીડ પડે એટલે હાથમાં હથિયાર ભાલા (રાખે). કેટલાને ભાલા ગરી ગયા, મરી ગયા. હજારો માણસની ભીડ બહુ. પગે લાગવા આવે. દુનિયા ગાંડી. આહાહા! બાવા રાખે.. શું કહેવાય? ભાલા. બહુ ભીડ થવા માંડેને (એટલે) ભાલા આમ રાખે. ઓલા ભીંસ કરે. અહીં ગરી જાય, અહીં ગરી જાય, કેટલાય મરી ગયા.

અહીં તો કહે છે કે એ બધા માર્ગાભાસ છે. માર્ગ જેવો દેખાય... નગ્ન મુનિ રહે છેને.... અમારે ત્યાં બોટાદમાં એક આવ્યા હતા સાધુબાવા. દિશાએ ગયા હતા ત્યાં જોડેગે હતા તંબુ. નગ્ન સાધુ હતો, ફરતો હતો આમ. કીધું, ચાલોને અંદર જોવા જઈએ. ગયા અંદર. કહે, આવો.. આવો.. પધારો.. પધારો. નાગો બાવો હતો એક. કાંઈ જડ જેવા–બાવળ જેવા. ફક્ત નાગા થાય, કોઈ વાઘરા હોય, કોઈ કોળી હોય, કોઈ હલકા માણસ. ગયા હતા જોવા. અહીં જોડે નીકળ્યા હતા, દિશાએ જવું હતુંને. એનો તંબુ જોયો. એ બહાર ફરતો હતો નાગો. છે શું આ? .... પધારો.. પધારો. કાંઈ ન મળે થોથેથોથાં. આહાહા!

ભગવાન અરિહંત પરમેશ્વર, આહાહા! એના માર્ગથી પ્રતિકૂળ... આ પક્ષ નથી હોં. કોઈ કહે, આ.... ભગવાનનો માર્ગ ને બીજા ખોટા? વસ્તુનું સ્વરૂપ એ છે. આહાહા! જેણે ત્રણ કાળ, ત્રણ લોક જોયા જ્ઞાનમાં, એની વાણીમાં–દિવ્યધ્વનિમાં આવ્યું એ આ સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. એ પક્ષ છે નહીં કે આ જૈનપક્ષ, આનો પક્ષ આ. એવા માર્ગાભાસનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે, આહાહા! એવા બાવામાં–નગ્નબાવામાં કંઈક હશે એવી શ્રદ્ધા તે મિથ્યાદર્શન છે. **તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે...** અજ્ઞાનીએ કહેલી અવસ્તુ. ભાન ક્યાં છે એને કે શું આત્મા હોય, શું ગુણ હોય? **અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે**. આહાહા! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ... આહાહા! વાડામાં–જૈનના વાડામાંય કંઈ ખબર ન મળે. શું થાય?

**અને તે માર્ગનું આચરણ...** આહાહા! એ ભગવાને કહેલો માર્ગ... સર્વજ્ઞસ્વભાવી ભગવાનના શ્રદ્ધા-જ્ઞાન સહિત આચરણ, અંતરમાં આચરણ. એનાથી ઊંધામાં આચરણ **તે મિથ્યાચારિત્ર છે...** ભગવાનનો માર્ગ જે છે એનાથી ઊંધું એ મિથ્યાચારિત્ર છે. આહાહા! વ્યવહારક્રિયામાં ધર્મ માને એ મિથ્યાચારિત્ર છે. કહો, સમજાય છે કાંઈ? **આ ત્રણેને નિરવશેષપણે છોડીને...** એ ત્રણેને નિરવશેષપણે–કાંઈપણ બાકી રાખ્યા (વિના)... એમાં કંઈક હશે એ વાત છોડી દે. **અથવા, નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું...** અહીં તો એટલી જ વાત કીધી. નિજ ભગવાન પૂર્ણાનંદનો નાથ.. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા કહ્યો અંદર વિકારરહિત, વ્યવહારરહિત, વિકલ્પરહિત—એવું નિજસ્વરૂપ ભગવાન આત્મા એનું શ્રદ્ધાન-જ્ઞાન અનુષ્ઠાન, એનાથી વિમુખપણું એ જ મિથ્યાદર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૨, સોમવાર, તા. ૪-૯-૧૯૭૨**
**ગાથા-૯૧, શ્લોક-૧૨૨, પ્રવચન નં. ૮૭**

૯૧ ગાથા ચલતી હૈ. ૯૧. અહીં સુધી આવ્યું હતું. **આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું...** નિશ્ચય પ્રતિક્રમણ અથવા નિશ્ચય સ્વધર્મ કેમ થાય છે? **નિજ આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું તે જ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક (મિથ્યા) રત્નત્રય છે...** એને રત્નત્રય કહ્યા. વ્યવહારને તો રત્નત્રય કહ્યા, પણ આ મિથ્યાદર્શન-જ્ઞાનને પણ રત્નત્રય કહ્યા. ત્રણ પ્રકારના રત્નત્રય. સમજાય છે કાંઈ? એક તો આનંદ સ્વભાવભાવ અને સર્વજ્ઞસ્વભાવી પદાર્થ, એનો અર્થ એ થયો કે જેને પૂર્ણ જ્ઞાન ને આનંદ એવી જે મોક્ષદશા પ્રગટ કરવી હોય એણે સર્વજ્ઞ અને પૂર્ણ આનંદ એવો સ્વભાવ એમાં એકાગ્ર થવું. સમજાય છે કાંઈ? આમાં તો બધું સમાધાન આવ્યું કે નિત્યાનંદ અને સર્વજ્ઞસ્વભાવ.. આત્મા સર્વજ્ઞ-સ્વભાવ (અર્થાત્) સર્વજ્ઞ એનું સ્વરૂપ છે... હવે જેને કેવળજ્ઞાન ને મુક્તિ પ્રાપ્ત કરવી હોય એણે સર્વજ્ઞસ્વભાવમાં એકાગ્ર થાવું, એટલે એમાં વ્યવહાર ને નિમિત્તની અપેક્ષા છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ... અહીંયા આનંદથી લીધું છે. જ્ઞાનની પર્યાય પ્રગટ છે એ અપેક્ષાએ આખો સર્વજ્ઞ સ્વભાવ જે એનો છે, એ એક જ સર્વજ્ઞસ્વભાવનો આશ્રય લેતાં, એનો અર્થ કે સ્વનો આશ્રય લેતાં, એનો અર્થ એ કે સ્વભાવ–પરિપૂર્ણ સર્વજ્ઞસ્વભાવીનો આશ્રય લેતાં સર્વજ્ઞપણું પ્રગટ થાય. એટલે સર્વજ્ઞસ્વભાવ એની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ પૂર્ણ સર્વજ્ઞસ્વભાવ પ્રગટ કરવાનો ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ? છેને, **ત્રિકાળ નિરાવરણ...** આ રત્નત્રયને છોડી દઈ, એમ કહે છે. એ રત્નત્રય, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ રત્નત્રય. એનાથી–એ રત્નથી મળે સંસાર, એ રત્નથી ફળે સંસાર. વ્યવહારરત્નત્રયથી પણ ફળે સંસાર. આહાહા! સમજાય છે કાંઈ?

આવા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રના રત્નત્રય કરતાં વ્યવહારરત્નત્રયમાં કાંઈ ફેર ખરો કે નહીં? બેયનું ફળ સંસાર. પછી ભલે વ્યવહારરત્નત્રયથી કાંઈ સ્વર્ગાદિ મળે, પણ એ કાંઈ (યથાર્થ) ચીજ છે? પોતે સર્વજ્ઞસ્વભાવી પદાર્થ આત્મા જ્ઞ-સ્વભાવ, વસ્તુ જ્ઞ-સ્વભાવ એટલે કે સર્વજ્ઞસ્વભાવ એટલે કે પૂર્ણ જ્ઞાનસ્વભાવ, એ આત્મા. એનો આશ્રય કરતાં... એટલે એ તો નિશ્ચય થયો. કારણ કે જેમાંથી પ્રગટ કરવી છે શક્તિની વ્યક્તિ, એનો (શક્તિનો) આશ્રય લે ત્યારે વ્યક્તિ પ્રગટ થાયને. ઘણી સાદી ને સીધી વાત છે. ભગવાન આત્મા.. લાખ-કરોડ વાત કર પણ એ સર્વજ્ઞસ્વભાવી શક્તિવાળું તત્ત્વ છે. એની શક્તિના વ્યક્તિપણા–પ્રગટપણા માટે,

એ શક્તિના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ જ પૂર્ણ વ્યક્તતાનું કારણ છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે નિરવશેષ મિથ્યાદર્શન આદિ રત્નત્રયને...

એક વિચાર એવો આવ્યો હતો. આપણે ૨૯ બોલ આવ્યાને ઓલા ૨૯. એમાંથી લક્ષ છોડવું છે (તેથી) એ બધાને પુદ્ગલપરિણામ ઠરાવ્યા. સંહનન આદિને, રંગાદિને, રાગાદિને, ભેદને. બધા બોલ આવ્યા છેને એમાં. એનું તો લક્ષ છોડવું છે. લક્ષ છોડવું છે એથી એ બધી ચીજને પુદ્ગલપરિણામ તરીકે કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા કેવલજ્ઞાન-સ્વભાવ–એકલો જ્ઞાનસ્વભાવ.. (એનો) પ્રગટ અંશ છેને. આનંદ તો પ્રગટ નથી, પણ આ પ્રગટ અંશ છે એ દ્વારા આખો સર્વજ્ઞસ્વભાવ... પૂર્ણ કેવળજ્ઞાન સર્વજ્ઞસ્વરૂપી વસ્તુ જ સર્વજ્ઞસ્વભાવ છે. એ પદાર્થ છે એ સર્વજ્ઞસ્વરૂપી જ છે. એવી સર્વજ્ઞશક્તિ ને સ્વભાવનો આશ્રય એટલે એની સન્મુખતા... સર્વજ્ઞસ્વભાવ છે એની સન્મુખતા, એ સન્મુખતા એ પર્યાય છે. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞસ્વભાવ એ વસ્તુ છે, એ પદાર્થ છે, એ ગુણ છે, એ શક્તિસહિત સ્વભાવ–સત્ત્વ છે. એ સત્‌નું સત્ત્વ પર્યાયમાં લાવવું હોય એટલે કે જેને મોક્ષ કરવો હોય, તો એ સત્ત્વ છે તેમાં એકાગ્ર થાવું. એવી સીધી વાત છે. કહો, ભીખાભાઈ! આમાં દેવ-ગુરુ રહેતા નથી કાંઈ. (શ્રોતાઃ એના દ્વારા તો આ બધું સમજાયું છે). આહાહા! ઘણી જ સરળ વાત છે. કહો, સમજાય છે? વસ્તુ આત્મા... અહીં કહેશે અંદર હજી. કારણપરમાત્મા તે જ આત્મા (એમ) કહેશે. એનો અર્થ જ એ થયો કે સર્વજ્ઞસ્વભાવી વસ્તુ તે આત્મા. સમજાણું કાંઈ? રાગાદિ નહીં, નિમિત્તાદિ નહીં, અલ્પજ્ઞાદિ નહીં. એવો સર્વજ્ઞ... આનંદ લીધો છેને. નિત્યાનંદ જેનું લક્ષણ છે. આ નિત્ય સર્વજ્ઞસ્વભાવ છે જેનું લક્ષણ એવો જે ભગવાન આત્મા... સર્વજ્ઞ એટલે પરિપૂર્ણ સ્વભાવવાળું તત્ત્વ એની એકાગ્રતા.. જેમાંથી કાઢવું છે એમાં એકાગ્ર થવું જોઈએને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવ એવું તત્ત્વ એ જ આત્મા. એ આત્મામાંથી વ્યક્તરૂપે–પ્રગટરૂપે જેને મોક્ષ કરવો હોય... શક્તિરૂપ સર્વજ્ઞસ્વભાવી મોક્ષ તો છે જ. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય ન હોય. જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું, એ સર્વજ્ઞ-સ્વભાવમાંથી પ્રગટ કર્યું. એથી પૂર્ણ સર્વજ્ઞસ્વભાવી આત્મા તેની સન્મુખ થઈને એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર, એ સર્વજ્ઞમાંથી પૂર્ણ સર્વજ્ઞ થવાની પર્યાયરૂપ વ્યક્તિનું એ કારણ છે. આવો બધો ખુલાસો આવ્યો એમાં તો. વ્યવહારથી થાય એ ન આવ્યું, નિમિત્તથી થાય એ ન આવ્યું, પર્યાયને આશ્રયે થાય એ પણ ન આવ્યું. સમજાણું કાંઈ?

આવા રત્નત્રય મિથ્યાત્વ... આહાહા! લ્યો એને રત્નત્રય કહે છે. **આને પણ (નિરવશેષપણે) છોડીને. ત્રિકાળ-નિરાવરણ...** વસ્તુ છે કે નહીં આત્મા? અસ્તિ છે કે નહીં? ત્રિકાળ સ્વભાવ છે એ નિરાવરણ છે કે નહીં? સમજાય છે કાંઈ? ખરેખર ત્રિકાળ સર્વજ્ઞસ્વભાવ એ તો નિરાવરણ જ છે. આહાહા! સમજાય છે કાંઈ? **ત્રિકાળ-નિરાવરણ...** જે

વસ્તુનો સ્વભાવ જ્ઞાનાદિ, આનંદાદિ એ તો નિરાવરણ છે. વસ્તુ ને વસ્તુના સ્વભાવને આવરણ કેવું? સમજાય છે કાંઈ? એ તો **ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...** આહાહા! નિત્ય આનંદ જેનું લક્ષણ.. નિત્ય આનંદ જેનું લક્ષણ છે એમ કહે છે. ગુણ એ લક્ષણ, એમ કીધું અહીં તો. પર્યાય લક્ષણ... નિત્ય આનંદ લક્ષણ છે એવી કબૂલાત કરે છે પર્યાય. સમજાય છે કાંઈ? આત્મા જેમ સર્વજ્ઞસ્વભાવે ત્રિકાળ, એમ નિત્યાનંદપણે ત્રિકાળ છે. એ આનંદ પરિપૂર્ણ છે. આનંદસ્વભાવ એને અપૂર્ણતા ને વિપરીતતા હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? ઓહોહો!

**નિત્યાનંદ જેનું એક લક્ષણ...** જોયું! એક લક્ષણ, પાછું. **નિત્યાનંદ જેનું એક લક્ષણ...** એક લક્ષણ નિત્ય આનંદ.. નિત્ય આનંદ.. વસ્તુ છેને. વસ્તુનો સ્વભાવ આનંદ છે. એ સુખથી લીધું છે. જગતને સુખની અભિલાષા છેને? તો કહે છે કે એ સુખનો સ્વભાવ નિત્ય આનંદ તારો જ છે. નિત્યાનંદ એક જેનું લક્ષણ છે. વસ્તુ જેનું નિત્ય આનંદ એક લક્ષણ છે. નિત્ય આનંદ, અનાદિ-અનંત આનંદ, ધ્રુવ આનંદ, અચળ આનંદ, પરિપૂર્ણ આનંદ. સમજાણું કાંઈ?

શ્રોતા : કહાં ગયા પ્રભુ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : તુમને લિયા નહીં તો ગયા. શ્રદ્ધામેં લિયા નહીં કિ યે હૈ. શ્રદ્ધામેં લે ઉસકો હૈ ન. શ્રદ્ધામેં ન લે ઉસકો કુછ નહીં. પામર છું કહે છે લ્યો. આહાહા! સમજાય છે કાંઈ? આ તો બહુ સાદી ભાષા છે, ભાવ ભલે ઊંચા હોય. આહાહા!

એમ કે આ ભાવ ઊંચો છે, નિત્યાનંદને નક્કી કરવું, છે એવો વિશ્વાસ લાવવો એ તો મહા ઉત્તમ છે. સમજાય છે કાંઈ? નિત્ય આનંદ... પર્યાય આનંદ નહીં, નિત્ય આનંદ. વસ્તુ છેને. છે એ નિત્ય છે.. છે એ નિત્ય છે. આવે છેને છ બોલ શ્રીમદ્‌માં. છે, એ નિત્ય છે, એ કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે ને મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? પહેલી ભાષાથી નહીં, પણ એને ભાવમાં આવવું જોઈએ કે આ ચીજ જે છે, છે, પણ એ નિત્યાનંદસ્વરૂપ છે. નિત્ય છેને.

શ્રોતા : અરિહંતકે આત્માકી બાત હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે (અપને) આત્માકી બાત હૈ. અરિહંત એટલે આ આત્મા. આહાહા! સમજાય છે કાંઈ? યે અર્હંતકે આત્માકી બાત હૈ. યે (નિજ) અર્હંત આત્મા ઉસકી બાત હૈ. આ અરહંત. કેમકે સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય એ સર્વજ્ઞ ભગવાનમાંથી થાય છે, એ પોતે અરિહંત જ છે. આહાહા! ભારે કામ ભાઈ! વસ્તુની અસ્તિત્વતા–મોજૂદગી નિત્ય જ્ઞાન ને નિત્ય આનંદ સ્વરૂપ છે. વસ્તુ કહેવી અને એમાં અપૂર્ણતા ને વિપરીત કહેવું એ વસ્તુમાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

એવું જે નિત્યાનંદ જેનું લક્ષણ છે એવો, એમ. **એવો, નિરંજન નિજ પરમપારિણામિક-ભાવસ્વરૂપ...** આહાહા! નિરંજન.. 'નિરાવરણ' તો આવી ગયું હતું. જેને અંજન નથી–મેલ

નથી–આડપ નથી–રોકાણ નથી. નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ... ભગવાનનો પરમ-પારિણામિકસ્વભાવ એની પાસે રહ્યો. **નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...** આહાહા! **નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...** ત્રિકાળી સર્વજ્ઞ-સ્વભાવી નિત્યાનંદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે. કહો, પર્યાય ને રાગ તે આત્મા નહીં, એમ કહે છે. એક સમયનો પર્યાય તે વ્યવહાર છે, અભૂતાર્થ આત્મા છે. ભૂતાર્થ આત્મા તો આ છે. સમજાણું કાંઈ?

**નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ** અર્થાત્ સહજ ભાવસ્વરૂપ. ભગવાન આત્મા વસ્તુ, એનો સહજભાવસ્વરૂપ, નિત્ય જેનો સ્વભાવ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ એવો પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા. આહાહા! એ કારણપરમાત્મામાંથી કાર્ય આવે છે. વ્યવહારરત્નત્રય ને નિમિત્તમાંથી ને ભગવાનમાંથી કાર્ય આવતું નથી. આહાહા! સમજાણું કાંઈ? **ત્રિકાળ-નિરાવરણ** વસ્તુ **નિત્યાનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...** એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવસ્વરૂપ, ત્રિકાળી આનંદસ્વરૂપ એ આત્મા, એ કારણપરમાત્મા એટલે કે એ આત્મા. કોઈ કહે છે, પણ કારણપરમાત્મા આવો હોય, કારણ હોય તો કાર્ય આવવું જોઈએ. શેઠ હમણાં કહ્યું હતુંને. કોનો? જે માને એનો. આહાહા! 'માને એનો' અર્થ થયોને? એને સન્મુખ થઈને આમ જાણ્યું આ તો પૂર્ણ સ્વરૂપ અખંડ છે, એનો એ આત્મા. સમજાણું કાંઈ?

**નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...** ઓહોહો! **કારણપરમાત્મા...** એટલે કે કારણ-પરમાત્મામાં આશ્રય લેવાથી જ કાર્ય થાય. વ્યવહાર-ફ્યવહાર, નિમિત્તના આશ્રયથી, ભગવાનના આશ્રયથી પણ કાર્ય થાય નહીં. એવો **કારણપરમાત્મા તે આત્મા છે...** તે આત્મા છે. આહાહા! નક્કી કરનાર પર્યાય છે. સમજાણું કાંઈ? આ ત્રિકાળી નિરાવરણ નિજસ્વરૂપ પરમપારિણામિકભાવસ્વરૂપ તે આત્મા છે એમ પર્યાય નક્કી કરે છે. સમજાણું કાંઈ? પર્યાયે એને ઝીલ્યો. ઓહોહો! નિત્યાનંદ ભગવાન... આ વસ્તુ આ રીતે ન હોય તો કોઈ બીજી રીતે હોઈ શકે જ નહીં. અન્ય(મતા)દિ ગમે તે વાત કરતા હોયને. સમજમેં આયા?

વસ્તુ છે ત્યારે એનો–આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને જ્ઞાન છે એથી જ્ઞ-સ્વભાવી છે, એથી સર્વજ્ઞસ્વભાવી છે, એથી એ કારણપરમાત્મસ્વરૂપ છે. એવો આત્મા એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આહાહા! કહો, જેઠાભાઈ! તમે તો ઘણું વાંચ્યું ને સાંભળ્યું હતું. આવ્યું હતું આવું ન્યાં કાંઈક? આહાહા! આ તો એક જ લીટીએ–એક જ પંક્તિએ મુક્તિ. સ્વભાવની એકાગ્રતાની ધારાએ મુક્તિ. કેમકે જ્યાં પડ્યું છે એની સામું જોતાં અથવા એમાં એકાગ્ર થતાં...

બીજી વાત લઈએ. નિશ્ચયને આશ્રય થતાં તે મુક્તિનું કારણ છે. ખરેખર મુક્તિનું કારણ કારણપરમાત્મા છે. મોક્ષનો માર્ગ (કારણ) છે એ પણ વ્યવહાર થયો. સમજાણું કાંઈ?

એને આશ્રયે પ્રગટ્યુંને. આ તો ત્રિકાળી છે. જેની પ્રગટ અવસ્થા મોક્ષમાર્ગની થઈ, છતાં એને મોક્ષ થાય એ કારણપરમાત્મા આત્માને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? કારણ કે એમાં એકાગ્ર થવાથી થાય છે. મોક્ષમાર્ગમાં એકાગ્ર થવાથી મોક્ષ થતો નથી. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ. આ સમજાય એમ છે હોં. ન સમજાય એવું નથી. કહો, શેઠ!

શ્રોતા : સમજા તો દિયા, પ્રાપ્તિ ઔર કરા દો.

પૂજ્ય ગુરુદેવશ્રી : વહ કહતે હૈં, (આત્મા) હૈ કિ નહીં? નથી કે પ્રાપ્તિ કરાવે બીજો? એમ કહે છે. હૈ કિ નહીં? ઇતના આત્મા હૈ કિ નહીં? તો એમાંથી પ્રાપ્ત થાય કે બીજાથી પ્રાપ્ત થાય? હોય એમાંથી આવે કે ન હોય એમાંથી આવે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એની પ્રાપ્તિ છે. ન હોય એની પ્રાપ્તિ શું હોય? ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર એમાં ક્યાં હતા? આ રાગ ને વ્યવહારેય ક્યાં હતો? પ્રાપ્તની પ્રાપ્તિ છે.

પૂર્ણાનંદનો નાથ કેવળજ્ઞાનસ્વભાવી પૂર્ણાનંદ સ્વભાવ... એ પૂર્ણ જ્ઞાનસ્વભાવ કહો કે સર્વજ્ઞશક્તિ (કહો)—એક જ તત્ત્વ છે. આહાહા! ૪૭ શક્તિ છેને, એમાં સર્વજ્ઞશક્તિ છે. એનો અર્થ એ થયો કે સર્વજ્ઞસ્વભાવી જ એ વસ્તુ છે. હવે એની સાથે અનંતા સ્વભાવ હો. એવો ભગવાન સર્વજ્ઞસ્વભાવી આત્મા જેને અહીંયા કારણપરમાત્મા ને આત્મા કહે છે. કારણપરમાત્મારૂપ આત્મા. સમજાણું કાંઈ? આહાહા! લાલચંદજી! હવે આવી વાત સાંભળવા મળે નહીં, એ બહારમાં મારે ગોથા. જ્યાં છે ત્યાં જાય નહીં ને નથી ત્યાં મારે ગોથા. આહાહા! એ દુઃખી છે હોં. આકુળતાથી.. અગ્નિથી–આકુળતાની અગ્નિથી.. અગ્નિની જ્વાળામાં ઝડપાઈ ગયો છે. આહાહા!

કહે છે કે એવો જે કારણપરમાત્મા તે જ આત્મા, એમ. એમ કહ્યુંને. જેમાં પરિપૂર્ણતા, અનંત ગુણની પરિપૂર્ણતા પડી છે. તો જેને પરિપૂર્ણ આનંદ ને પરિપૂર્ણ જ્ઞાન જોઈતું હોય એણે પરિપૂર્ણમાં દૃષ્ટિ ને એકાગ્ર થવું પડશે. જ્યાં છે ત્યાં એકાગ્ર થવું પડશે. કહો, સમજાણું કાંઈ? ધમાલ.. ધમાલ બહારની. દેરાસર ને મંદિર... કેટલા પરમાગમમંદિર... નહોતું ત્યારે કાંઈ ન હતું. દીકરો ન હોય તો કાંઈ નહીં, દીકરો આવ્યા પછી વળી એને પરણાવવો ને ઉપાધિનો પાર ન મળે. આહાહા! ન હોય એને કાંઈ નહીં. નહોતું ત્યારે કાંઈ નહોતું. થયું ત્યારે આનું આમ ને આનું આમ. ભારે ભાઈ! એય! પરમાગમ તો આત્મામાંથી નીકળે એવું છે, એમ કહે છે. એ પોતે એ સ્વરૂપે છે, પરમ સર્વજ્ઞસ્વરૂપી આત્મા છે. આહાહા! અરે! એ વિશ્વાસ ક્યાંથી લાવવો? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કારણપરમાત્મા, પરમપારિણામિકસ્વભાવરૂપ જ્ઞાન, પરમપારિણામિક સ્વભાવરૂપ આનંદ, પરમપારિણામિકસ્વભાવરૂપ શાંતિ એવો જે આત્મા, સમજાણું કાંઈ? **તેનાં સ્વરૂપના**... ભાષા જુઓને! આહાહા! એવો જે ભગવાન આત્મા સ્વરૂપ છે, પરમપારિણામિક-

સ્વરૂપ આત્મા **તેના સ્વરૂપનાં શ્રદ્ધાન...** એનું જે સ્વ-રૂપ આવું છે એની શ્રદ્ધા... એની સામું જોયા વિના એની શ્રદ્ધા થાય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : સામું જોયા વિના શ્રદ્ધા ન થાય, પણ આનંદ તો થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય ન થાય. આનંદ ક્યાંથી થાય? હજી વિશ્વાસમાં લીધો નથી ત્યાં આનંદ ક્યાંથી થાય? વિશ્વાસમાં લે કે આનંદ છે તો આનંદ થાય. સમજાણું કાંઈ? આહાહા! બધું ભેગું છે, એક સાથે અનંત ગુણનો પર્યાય ભેગો છે. ભાષા તો જેની મુખ્યતા હોય એમ લેવાયને. આહાહા! એકલો આનંદ જ છે... જેને સુખ જોઈતું છે એ સુખના અભિલાષીએ સુખસ્વરૂપ ભગવાન આત્માને શોધવો. સુખના અભિલાષીએ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની સામું જોવું, તો સુખ મળશે, બાકી ક્યાંય સુખ છે નહીં. કહો, સમજાણું કાંઈ?

**તેનાં સ્વરૂપના શ્રદ્ધાન**... ઓહોહો! એનું જે સ્વરૂપ, કારણપરમાત્મારૂપ આત્મા એવું જે એનું સ્વરૂપ–પોતાનું રૂપ–પોતાનો નિજભાવ કાયમી એના શ્રદ્ધાન. આહાહા! એના સ્વરૂપના **જ્ઞાન**... એના સ્વરૂપનું જ્ઞાન... આવો જે ભગવાન પૂર્ણ કારણપરમાત્મા તે આત્મા એના સ્વરૂપનું જ્ઞાન... આહાહા! અને એના સ્વરૂપનું **આચરણ...** એના સ્વરૂપનું આચરણ... કારણપરમાત્મા પૂર્ણ પ્રભુ એનું પર્યાયમાં આચરણ, એની રમણતા–એની લીનતા. કહો, સમજાણું કાંઈ? એવું **રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે...** લ્યો, એ પણ પાછું છે. ત્રિકાળ ભગવાન છે એના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને અનુચરણ—એ આચરણરૂપ ખરેખર નિશ્ચયરત્નત્રય છે. આહાહા! એ પર્યાયની વાત છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા! ભારે ટીકા પણ તે ટીકા છેને! પરમાત્માને ઉતાર્યો છે પર્યાયમાં. વાણીમાં ઉતાર્યો છે. વાણી તો વાચક છે. એ વાચ્યને બતાવે છેને. આહાહા!

ભગવાન આત્મા... છ દ્રવ્યની શ્રદ્ધા... આ છ દ્રવ્ય ક્યાં ગયા ત્યારે? એમાં આવી ગયું. એક પર્યાય છ દ્રવ્યને જાણે, એવી અનંતી પર્યાયવાળો કારણપરમાત્માસ્વરૂપ. સમજાણું કાંઈ? એ નવે તત્ત્વની શ્રદ્ધા એમાં આવી ગઈ. આહાહા! આખું જગત ત્રણ કાળ, ત્રણ લોક જેને એક સમયમાં જણાય, એવા તો અનંતા-અનંતા પર્યાયોનો પારિણામિકસ્વભાવભાવ એકરૂપ ત્રિકાળ. ક્ષાયિકભાવ પ્રગટે તે અનંત કાળ રહે એવી પર્યાયો અનંત. એ અનંત ક્ષાયિકભાવની પર્યાયો અનંતપણે પારિણામિકભાવે પડી છે. સમજાણું કાંઈ? આરે, ભારે વાત. આ આત્મધર્મ.

એવા **સ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણનું રૂપ**... આચરણનું રૂપ... ભાષા તો જુઓ! એવા સ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ... અભેદ પર્યાય. **તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે**. આમ જ હોય, બીજું હોઈ શકે કેમ? જ્યાં પૂર્ણ પરમાત્મા છે તેની દૃષ્ટિ-જ્ઞાન ને રમણતા (કરવી). કારણ કે એમાંથી કાઢવો છે તેથી એકાગ્ર ત્યાં થાય. વ્યવહારરત્નત્રય એ રાગ છે એમાં એકાગ્ર થવાથી

થાય? આહાહા! આવો માર્ગ છે, પણ લોકોએ પોતાની શ્રદ્ધાએ એવો બગાડ્યો છે. એ તો છે એ છે. આમ જોઈએ, ભગવાનનો માર્ગ અનેકાંત છે. આનાથી થાય ને આનાથી થાય, વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય. ભાઈ! આ માર્ગ છે. નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય નહીં—એ અનેકાંત છે. આહાહા! બાપુ! અનેકાંતનું આવું સ્વરૂપ છે.

અનેકાંતના ૧૪ બોલ પાછળ આવે છેને? સત્ છે તે અસત્ છે, એક છે તે અનેક છે, આહા! પોતે નિત્ય છે તે અનિત્ય છે, વસ્તુ પોતે તત્રૂપ છે એ જ પોતે અતત્ એટલે પરરૂપે નથી, એમ. પોતારૂપે છે અને પરરૂપે નથી એનું નામ અનેકાંત કહ્યું છે. આહાહા! એમ ભગવાન આત્મા, પૂર્ણ અસ્તિતત્ત્વ સર્વજ્ઞસ્વભાવી ને પૂર્ણાનંદ જેનું લક્ષણ, એક જ લક્ષણ છે એમ કહે છે. ભેદવાળું નહીં, એક લક્ષણ અભેદ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એવા આત્મતત્ત્વના **સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે**. આ નિશ્ચયરત્નત્રય તે એક જ મોક્ષનો માર્ગ છે. કારણ કે સર્વજ્ઞસ્વભાવ તરફ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર ઢળ્યા છે, જેમાંથી કાઢવું છે એમાં એ ઢળ્યા છે. એનાથી મુક્તિનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! **આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી...** જુઓ! હવે સુખનો અભિલાષી... આમ ભગવાન પરમાત્મા... કેટલા શબ્દો વાપર્યા! (૧) નિત્ય આનંદ જેનું લક્ષણ, (૨) ત્રિકાળ-નિરાવરણ, (૩) નિરંજન નિજપરમપારિણામિકસ્વભાવ એવો કારણ-પરમાત્મા તે આત્મા, (૪) તેના સ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન.

**આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી**... કહો, પરમાત્મા પોતે ભગવાન.. ભગવાન પરમાત્મા નિજસ્વરૂપ એના સુખનો અભિલાષી **એવો જે પરમપુરુષાર્થપરાયણ...** આહાહા! પરમ પુરુષાર્થમાં તત્પરમાં છે, સ્વભાવ તરફમાં તત્પર છે. પરમ પુરુષાર્થ એને કહીએ. જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ જેમાં પૂર્ણતા છે એને આશ્રયે પૂર્ણતા પ્રગટ થાય, તે પૂર્ણતામાં જેની પુરુષાર્થની પરાયણતા છે એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ અલૌકિક વાત આવી. આહાહા! **એવો જે પરમપુરુષાર્થપરાયણ (પરમ તપોધન)...** એ તપરૂપી લક્ષ્મી, આનંદરૂપી લક્ષ્મી જેને પ્રગટી છે. કહો, સમજાણું આ? આ ધૂળના ધણી નહીં. કહો, શેઠ! ભગવાનદાસ, શોભાલાલ મોટા શેઠિયા કહેવાય, કરોડોપતિ કહેવાય. ભલે ઓછું હોય પણ કહેવાય એમ બહારમાં. કરોડોપતિ છે શેઠ. ભગવાનદાસ..... એના મકાન છે શેઠીયાના. ધૂળમાંય રાજા નથી. એય! લોકો એમ કહે, ભગવાનદાસ, શોભાલાલ બે બાદશાહ બુંદેલખંડના.

આ તો આત્માનો બાદશાહ. અરે! ધૂળનો બાદશાહ થવા જા (તો) ખોવાઈ જઈશ. ભગવાનજીભાઈ! આહાહા! પૂર્ણ પરમાત્મ રાજ તારું પડ્યું છેને અંદર, આહાહા! એનો બાદશાહ થા. આહાહા! ઓલા રાજા કરતાં સારો કહ્યો, વાણિયાને બાદશાહ કીધા. ઓલા અંજાઈ જાય. ...માં કંઈક આવે છે શાહ–બાદશાહ. રાજા તો ઠીક, આ તો શાહ-બાદશાહ.

દુકાળને.... કાળ–ચોમાસું કાઢ્યોને. જગડુશા ને ભામાશા. પ્રતાપ રાણા થઈ ગયા એક. હું સાચવી નહીં શકું લશ્કરને, નહીંતર રાજ્ય જશે. ભાગ્યા ઘોડે ચડીને.... મહા પુણ્યવંત પ્રાણી, જેની દીકરીને રોટલો મળ્યો એ ખાધો ને થોડો બાકી રાખ્યો એ વેળુંમાં દાટેલો. એમાં કોઈક ખાઈ ગયો પછી રોવે. આહાહા!

પ્રતાપ રાણાની દીકરી, જેને ઘરે કરોડો રૂપિયાના કહેણ આવે, પૈસા આવે, સાધનના તો પાર નહીં. આહાહા! એ ભાગે છે. એમાં ભામાશા જાય છે. (લો), આ લક્ષ્મી. લશ્કર ત્રણ વર્ષ સુધી ખાય તો ખુટે નહીં (એટલી) છે આ લક્ષ્મી. તમારી છે, મારી નહીં. રાજા કહે, ઓહો ભામાશા! રાજ કરતાં તમે બાદશાહ મોટા કહેવાઓ. આહાહા! આ ભગવાન શાહ-બાદશાહ એ પોતે છે. આ શાહ-બાદશાહ.... ટાણા આવ્યા તે લક્ષ્મી કાઢી એમાંથી. સમજાણું કાંઈ? આહાહા! પર્યાયમાં દુકાળ હતો એ પર્યાયમાં સુકાળ કર્યો. એવો ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી, એમ કહેતાં સમ્યગ્દૃષ્ટિ તો પરમ પરમાત્માના સુખનો અભિલાષી છે. એ પુણ્યનો, વ્યવહાર રત્નત્રયનો અભિલાષી છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**પરમપુરુષાર્થપરાયણ (પરમ તપોધન)**... જે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પરાયણ હતો, એ ઉપરાંત જે ચારિત્રમાં વસ્તુ તરફ પરાયણ થયો એ પરમતપોધન. ધન્ય તારી લક્ષ્મી પ્રભુ! તેં કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની લક્ષ્મી–રત્ન પ્રગટ કર્યા. સમજાણું કાંઈ? એ રત્ન પ્રગટ કર્યાં એ બાદશાહ ને એ શાહુકાર છે. આહાહા! અનંત કાળમાં સંસારના દિવાળા કાઢી નાખ્યા. જેને પરમાત્મા–કારણપરમાત્માનો ભેટો થયો, જેને ભગવાન ત્રિકાળ અનંત આનંદ ને જ્ઞાનથી ભરેલો પ્રભુ એના અંતર દર્શન થયા, સમજાણું કાંઈ? એ પરમ તપોધન છે. મહાલક્ષ્મીવાળો છે, તપરૂપી જેને લક્ષ્મી પડી છે. તપ શબ્દે ઇચ્છા વિનાનો જે અનાકુળ આનંદનો ભાવ એનું નામ અહીં તપ કહેવામાં આવે છે. અપવાસ-બપવાસની અહીં વાત નથી.

શ્રોતા : ઐસા આત્મા વિદેહક્ષેત્રમેં જાયે બિના કૈસે મિલેગા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિદેહક્ષેત્રમેં જાયે તો મિલેગા. યે વિદેહક્ષેત્ર તો હૈ. દેહસે રહિત વિદેહ હૈ આત્મા. રાગકે દેહરહિત. આહાહા! ત્યાં વિદેહક્ષેત્રમાં જાય તો મુક્તિ મળે એવી નથી. ન્યાં ભગવાન પાસે ક્યાં છે મુક્તિ તારી? તારી મુક્તિ તો તારી પાસે પડી છે. આહાહા! સમજાણું કાંઈ? સમવસરણમાં જાય તો ભગવાન મળે એવું કાંઈ છે નહીં. જંગલમાં બાવળની નીચે મહા મુનિ, જેના શરીર કાળા, જેને શરીરમાં ધૂપ લાગીને પરસેવા નિતરતા હોય, ધ્યાનમાં જામી ગયો, ભગવાનના જેને ભેટા થયા અંદરમાં. આહાહા! પરમાત્મા જંગલમાં એને મળ્યા. કહો, સમજાણું કાંઈ?

આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે પરમપુરુષાર્થપરાયણ.... કહો, સમજાણું કાંઈ? પરમપુરુષાર્થપરાયણ **શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે...** આહાહા! ભાષા

અભેદ કરી નાખી. શુદ્ધ રત્નત્રયસ્વરૂપ આત્મા, એમ. શુદ્ધ રત્નત્રય પર્યાય છે. એ અભેદ તરીકે આત્માને ધ્યાવે છે, એનું ધ્યાન કરે છે કે જેમાંથી–ખાણમાંથી ખોદીને કાઢવું છે કેવળજ્ઞાન, જેમાં સર્વજ્ઞપદ પડ્યું જ છે. આહાહા! સમજાણું કાંઈ? શુદ્ધરત્નત્રયસ્વરૂપ આત્માને ભાવે છે... કેટલા ન્યાય મૂક્યા છે! ઓહોહો! પરમાત્માના સુખનો અભિલાષી છે. રાગનો અભિલાષી, પુણ્યનો અભિલાષી, વ્યવહારરત્નત્રયનો અભિલાષી એ ધર્મી જ નહીં. સમજાણું કાંઈ? પુણ્યનો અભિલાષી, વ્યવહાર રત્નત્રયના રાગનો અભિલાષી એ ધર્મી નહીં. સમજાણું કાંઈ? આ જાદુ છે આ.

શુદ્ધરત્નત્રયસ્વરૂપ આત્માને ભાવે છે, **તે પરમ તપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ** ભગવાને **કહ્યો છે.** આહાહા! વ્યવહાર પ્રતિક્રમણ એ બધી ધૂળ છે કહે છે. આહાહા! એમાં કાંઈ છે નહીં. નિશ્ચય ભગવાન ત્રિકાળી પરમાત્માની એકાગ્રતાથી થતી દશા એ નિશ્ચયપ્રતિક્રમણ છે, એ વીતરાગતા છે, એ મોક્ષનો માર્ગ છે, એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ બધા આત્મામાં બિરાજે છે. શરીરને ન જુઓ. સ્ત્રીનું શરીર, પુરુષનું શરીર, નપુંસકનું શરીર, પશુનું શરીર, નારકીનું, દેવનું—એ કાંઈ આત્મા નથી, તેમ એમાં રહેલો રાગ એ કાંઈ આત્મા નથી, તેમ અલ્પજ્ઞતા જે છે એ પણ આત્મા નથી. આહાહા! સમજાણું કાંઈ? બધા ભગવાન સર્વજ્ઞસ્વભાવે પરિપૂર્ણ પડ્યા છે. સુખના અભિલાષીએ એની સેવા કરવી. કહો, સમજાણું કાંઈ?

**હવે આ ૯૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग-**
**रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी ।**
**शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं**
**श्रद्धानमन्यदपरं चरणं प्रपेदे ॥१२२॥**

આહાહા! પદ્મપ્રભમલધારિદેવે સ્પષ્ટ ચોખ્ખી ભાષા (કરી છે) એ ઓલાને રૂચતી નથી. **શ્લોકાર્થ :** અહીં તો **સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...** કેમકે વ્યવહારરત્નત્રયની રુચિ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. એની રુચિ છોડ, એના ઉપરથી લક્ષ છોડ. અહીં કહે કે વ્યવહારથી નિશ્ચય થાય. આહાહા! મોટો ફેર છે.

શ્રોતા : વ્યવહારરત્નત્રયની રુચિ મિથ્યાત્વ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : મિથ્યાત્વ, રાગની રુચિ મિથ્યાત્વ. વ્યવહારરત્નત્રય રાગવાળો છું. આત્મા રાગ વિનાનો છે એને રાગવાળો માન્યો એ મિથ્યાત્વ છે. આયા કિ નહીં વહ 'કર્મકૃતે'? ૧૪મી ગાથા. વ્યવહારરત્નત્રય રાગ છે. રાગ સહિત આત્મા છે જ નહીં. એને રાગ સહિત માનવો એ સંસારનું બીજ મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? નિશ્ચય ત્યારે કહ્યું....

વ્યવહાર છેને. વ્યવહાર કોને કહ્યું? પણ વ્યવહારને છોડીને. આહાહા! પહેલો તો છોડ્યો છે, પણ પછી પણ એને છોડીને ઠરે એ માર્ગ છે એમ કહે છે. કહો, સમજાણું?

વિભાવ.. **સમસ્ત વિભાવ**.. આહાહા! પંચમકાળના મુનિ પંચમકાળના જીવને ઉપદેશે છે. સમજાણું કાંઈ? ભગવાન! તારા પરિપૂર્ણ રૂપને કાળ નડતો નથી. કાળ આવો માટે પરિપૂર્ણ રૂપ બીજું થઈ ગયું એમ છે નહીં. આહાહા! ચોથે આરે હોય તો એ, પાંચમે હોય તો એ, સાતમી નરકે રવરવ નરકે હોય તો એ. એ તો ભગવાન પરિપૂર્ણ ત્રિકાળ કારણપરમાત્મા બિરાજે છે. તારા નયનને આળસે ભગવાનનો વિશ્વાસ રહી ગયો તને. તારી આખ્યું ત્યાં ગઈ નહીં. સમજાણું કાંઈ? અંદરના નેત્ર ત્યાં વળ્યા નહીં. જેની જ્ઞાનપર્યાય, એના તરફ એ જ્ઞાન વળ્યું નહીં. જેનામાં–જ્ઞાનપર્યાય જેની નથી ત્યાં એ વળ્યું. રાગ ને પુણ્ય ને પાપ ને નિમિત્ત ને સંયોગ.. આહાહા! સમજાણું કાંઈ?

ઓહો! દિગંબર સંતોએ તો માર્ગ સુલભ કરીને જગતને જાહેર કર્યો છે. સમજાણું કાંઈ? ક્યાંય એમાં ફોદી-ફોદો રહ્યો નથી. એવો માર્ગ છે એવો માર્ગ. સપનામાં પણ એને ભણકાર વાગે કે આવો માર્ગ, એવો આ માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા! **સમસ્ત વિભાવને**... બીજા વિભાવ... એ વ્યવહારમાર્ગ (પણ) છે તો વિભાવ, પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પૂરતો વિભાવ અને આ બીજો બધો વિભાવ, એમ. સમજાણું કાંઈ? **સમસ્ત વિભાવને છોડીને**... ઉદયનો ભાવ વિકાર જેટલા પ્રકાર (હોય) એ બધાને છોડીને. એના ઉપરાંત કહે છે કે વ્યવહાર રત્નત્રય એનુંય લક્ષ છોડી દે. વ્યવહારરત્નત્રયમાં નિશ્ચયરત્નત્રય પ્રાપ્ત થવાની તાકાત નથી. નિશ્ચયરત્નત્રયની પ્રાપ્ત થવાની તાકાત દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ? આહાહા!

અરે! વખત મળ્યા, ટાણા મળ્યા ને વયા ગયા. આ જિંદગી જાય છે હોં. એક ઝપટમાં દેહ છૂટો (થઈ) જશે.... પળમાં ખબર નહીં પડે કે આમ શું થયું? કાંઈ નહોતુંને? અરે! હમણાં આવ્યા હતાને, હમણાં ચા પીધી હતીને? શું છે પણ? હમણા તો મારી સાથે વાતું કરતા હતા રસ્તામાં. ઘરે ગયા ત્યાં શું થયું? ગુજરી ગયા. ભાઈ! આહાહા! બાપુ! એ ચીજ એની ક્યાં હતી? જુદી હતી તે ક્ષેત્રે (પણ) જુદી હતી. એ ક્ષેત્રથી જુદી પડી જાય, એને એમ લાગ્યું કે અરેરે! આહાહા! બસ, ભાઈ તો હજી હમણા વાતું કરતા હતાને? હમણાં તે શું છે? આહાહા!

કહે છે, બધો વિભાવ છોડ પ્રભુ! એકવાર શ્રદ્ધામાંથી અને વ્યવહારમાર્ગને છોડ. વ્યવહારરત્નત્રય પણ છોડવાલાયક છે, આદરવાલાયક નહીં. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં આ વાત છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં વ્યવહારરત્નત્રયનો રાગ છોડવાલાયક છે. આહાહા! આકરું લાગે હોં, ઓલા વ્યવહારના પક્ષવાળાને એવું લાગે. અરે! એની ઋદ્ધિની ખબર નથીને. એનામાં 'સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રગટ સદા, અંતરકી લચ્છિસૌં સો અજાચી લચ્છપતિ હૈ, દાસ ભગવંતકે ઉદાસ રહૈં જગતસૌં, સુખિયા સદૈવ ઐસે

જીવ સમકિતી હૈં. (મંગલાચરણ પદ ૭). આહાહા! હજી તો સમ્યગ્દષ્ટિ આવા હોય એમ કહે છે. હવે એનું કાંઈ ભાન નહીં ને થઈ ગયા સાધુ. મહાવ્રત લીધા ને તપ કર્યા. ધૂળેય નથી, મરીને હેરાન થઈ જઈશ. નરક ને નિગોદમાં જવાના પંથ છે તારા, સાંભળને! સમજાણું કાંઈ?

**વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજ-તત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર...)** વેદી છેને વેદનારો–**અનુભવનાર...** નિજતત્ત્વને જાણનાર, નિજતત્ત્વને વેદનારો. વ્યવહારરત્નત્રય એ નિજ તત્ત્વ નહીં. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વિકલ્પ–રાગ છે, એ નિજ તત્ત્વ નહીં. આ તો વીતરાગમાર્ગમાં આવી વાતું હોય. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ વીતરાગમૂર્તિ એના માર્ગમાં આ માર્ગ હોય. સમજાય છે કાંઈ?

**મતિમાન પુરુષ...** એને જ મતિમાન કીધો, એને બુદ્ધિવાળો કીધો કે નિજતત્ત્વનો અનુભવ કરનારો એ બુદ્ધિવાળો. આહાહા! સમજાય છે કાંઈ? **શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત (શુદ્ધાત્મતત્ત્વપરાયણ) એવું જે એક નિજજ્ઞાન...** પર્યાયની વાત છે. ત્રિકાળની શ્રદ્ધામાં તત્પર જ્ઞાન વર્તમાનપર્યાય હોં. **એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર તેનો આશ્રય કરે છે.** એટલે એ (રૂપ) પરિણમે છે. આશ્રય તો ત્રિકાળીનો છે, પણ આ રીતે પરિણમે છે એટલે એનો આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૩, મંગળવાર, તા. ૫-૯-૧૯૭૨**
**ગાથા-૯૨, પ્રવચન નં. ૮૮**

પરમાર્થ પ્રતિક્રમણ. ૯૨ ગાથા છે. પાછો ફર. પ્રતિક્રમણનો અર્થ કે પાછો ફર. નિમિત્ત, રાગ ને ભેદથી પાછો ફર (અને) અંતર અભેદસ્વરૂપ એનું ધ્યાન કર, એનું નામ ઉત્તમાર્થ પ્રતિક્રમણ કહે છે, અથવા સાચું પ્રતિક્રમણ એ છે. એ ૯૨ ગાથા છે.

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं ।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं ॥९२॥**
**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.**

**ટીકા : અહીં (આ ગાથામાં), નિશ્ચય–ઉત્તમાર્થપ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.** સાચો ઉત્તમ પદાર્થ એવો જે ભગવાન આત્મા એમાં આવવાનું (ને) પરથી ફરવાનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. **જિનેશ્વરના માર્ગમાં...** વીતરાગ પરમેશ્વર, વીતરાગ સંત એવા વીતરાગના માર્ગમાં **મુનિઓની સલ્લેખનાના વખતે...** પહેલો 'ઉત્તમ અર્થ' એવો અર્થ કરે છે. ઓહો! દેહ છોડવાના સમયની પહેલા મુનિઓએ શું કરવું? કેમ કરવું? **બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે...** બેંતાલીસ સંતો.. ઓહોહો! કાળ તે કાળ કેવો! એવો ઉત્તમ કાળ આહાહા! બેંતાલીસ–બેંતાલીસ આચાર્યો... શાસનના ધોરી એવા બેંતાલીસ-બેંતાલીસ આચાર્યો... ઉત્તમ પરમાર્થ (પ્રતિક્રમણ માટે) એમની પાસે–બેંતાલીસ આચાર્યો પાસે જાવું એમ કહે છે. પોતાને સમાધિમરણ કરવું છે, દેહ છોડવાનો કાળ આવે એ પહેલા એણે આ તૈયારી કરવી. સમજાય છે કાંઈ?

એ પહેલાં એણે **બેંતાલીસ આચાર્યો વડે**... આહાહા! એક, બે, ત્રણ, એમ બેંતાલીસ આચાર્યોનો કાળ. એથી તો વધારે હોય, આ તો આટલા પાસે જાવું. ઓહોહો! અને પોતાની વાત–સંલેખનાનો ભાવ (પ્રગટ કરે). દેહ છોડવાનો મારો કાળ આવ્યો છે એમ એમને વાત કરે. ત્યારે એને આપવામાં આવતું હોવાને લીધે, એમ કહ્યું છેને. એમણે સ્વીકાર્યું આચાર્યોએ. આહાહા! ભગવાન અશરીરીસ્વરૂપમાં ઠરવાનું... દેહ છોડવાનો પ્રસંગ હોય, બેંતાલીસ-બેંતાલીસ આચાર્યો... એ દૃઢતા ટકી રહી. સમજાણું કાંઈ? મારે દેહ છોડવાનો પ્રસંગ છે એમાં સંલેખનામાં રહેવું છે. એનું કથન એક, બે, એવા બેંતાલીસ આચાર્યો સુધી ગયું. ઓહોહો! આચાર્ય તો એક ઠેકાણે બધા ભેગા ન હોય, જુદા-જુદા (ઠેકાણે) પણ હોય. ત્યાં સુધી શરીરનો

એટલો મોહ (છોડવો). એ પહેલા તૈયારી કરવામાં આટલો એનો યોગ, સમાધિમાં રહેવું. અરે! દેહ તો છૂટશે. આ તો રજકણ છે પરના.

બેંતાલીસ આચાર્યથી તે ઉત્તમ પડિકમણું આપવામાં આવ્યું. બેંતાલીસે સ્વીકાર્યું કે લે. આહાહા! ધન્ય રે ધન્ય! અમૃતના સાગરમાં રહીને દેહ છોડ તું ભાઈ! આહા! દેહ તો છોડવાનો છે જ બધાને, પણ આચાર્યોએ સ્વીકાર્યું. આહાહા! ધન્ય ભાગ્ય ધન્ય તારા! સ્વભાવમાં શાંતિ માટે દેહ છોડવાનો વ્યવહારે ધર્મ છે (અને) સ્વરૂપમાં ઠરવું એ એનો માર્ગ છે. આહાહા! દેહ છૂટે કઈ રીતે, કેમ એની મધ્યમ સ્થિતિ.... પોતે પોતાના આત્મામાં શાંતિ.. શાંતિ.. એક કામ બાકી રહ્યું નથી, વિકલ્પમાત્ર રહ્યો નથી. આહાહા! થોડા કામ આરંભ્યા છેને એ પૂરા થયા પછી... પોપટભાઈ! પડિકમણા તો બહુ કર્યા હશે તમે ખોટા. આહાહા! બહારના કામ આટલા તમારી ઉપસ્થિતિમાં આદર્યા છેને કે જરી ધ્યાન રાખવું. અરે! કોનું ધ્યાન રાખે? ભાઈ! આચાર્યોએ સ્વીકાર્યું કે તમે તમારા ધ્યાનમાં રહી શકશો અને તમારી સંલ્લેખના-પંડિતમરણ થશે. આહાહા!

શ્રોતા : વહ તો ... આશીર્વાદ દિયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આશીર્વાદની વાત નથી, એની યોગ્યતા છે. કે ઠીક પરબારું મળી જાય ક્યાંકથી. ભગવાનદાસ છેને. દાસ છે તે માગ્યા જ કરે છે.

અહીં તો કહે છે, તારી તૈયારી છે ભગવાન! અમે કહીએ છીએ કે તારી તૈયારી છે. આહાહા! તારો દેહ છૂટવાનો સહજ કાળ છે, તારો દેહ આનંદમાં ઝૂલતા છૂટી જશે, એમ ૪૨ આચાર્યોએ કહ્યું. આહાહા! સમજાણું કાંઈ? દેહ તો છૂટશે, એ તો ઘણાનો છૂટે છે. છૂટ્યા વિના કોને રહે છે? આહાહા! કહે છે... આહાહા! ગજબ વાત દિગંબર સંતોની કથની તે પણ! ઊભો કર્યો, અરે! જાગ રે જાગ બાદશાહ! તને આ સંસારમાં ન પાલવે ભાઈ! તું સંસારીપ્રાણી નથી. આહાહા! તું તો સિદ્ધમાં જનાર, સિદ્ધને લાયક છો. આહાહા! ભારે!

બેંતાલીસ (આચાર્ય) પાસે જાય એટલું જરી શરીરનું બળપણું (લાવી) ગમે તે રીતે બેંતાલીસનો આશીર્વાદ લે, માગે. જાઓ, મુનિ! તમારી સમાધિ થશે. અમે તમને પરમાર્થ-પ્રતિક્રમણ દઈએ છીએ. આહાહા! સમજાણું કાંઈ? જેણે અંતર ભગવાન પરમાત્મસ્વરૂપને શોધ્યો-ખોળ્યો છે. એમાં આ દેહ (છૂટવાના) ટાણે... એ પ્રસંગ તો એવો છે. ભવના છૂટવા ટાણે સાચી સમાધિ લાવવી એ અલૌકિક વાત છે. આહાહા! આંતરડા ફરે, શ્વાસ ન ચાલે, ...., શૂળ ચડે. આચાર્યોનું વચન છે કે તમને ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ.... દેહ તો છૂટશે એની મેળાએ. સમજાણું કાંઈ? દેહનો ત્યાગ, આ તો ત્યાગ પોતે કરે છે અંદરથી. નહીંતર તો દેહથી છૂટ્યો ન હોય એને (પણ) છૂટશે. આ તો હું એની આસક્તિ છોડી, તેના તરફનો સમભાવ એને છોડી

મારા સમભાવમાં આવું છું. એવું અમને સંતોએ કહ્યું છે અને એમ અમને થશે, એમ કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

ઓલા એક જણા એમ કહેતા, અત્યારે આવા સમાધિમરણ આવા હોય? ટળવળતાં ટળવળતાં મરે છે. તરફડી-તરફડીને મરે. પણ ક્યાં વસ્તુની ખબર નહીં એને. છૂટેલું તત્ત્વ છૂટું પડ્યું છે અંદર. મુક્તસ્વરૂપ જ છે એને છોડવું શું? સમજાણું કાંઈ? મુક્તસ્વરૂપનો આશ્રય લઈને પડ્યો છે એ મુક્ત જ છે. એ ટળવળે, આમ.. આમ થાય.... ....શ્રાવક હતો દિગંબર. કહે, અત્યારના સમાધિમરણ આવા હશે? કેમ કે આ સાધુ આદિ લે, છેલ્લે પછી ટળવળતા હોય આમ-આમ. સહેજ આમ ઢસડાતા... વસ્તુ તો છે નહીં. આહાહા!

જેણે જીવને અંતર્મુખમાં વાળ્યો નથી એને આ દેહ છોડવાના કાળે તો શું થાય? ટાંગા પછી આમ થાય, સહન થાય નહીં. આમ.. આમ. શરીરનો આમ ફેરફાર, પગ–ટાંગા આમ થાય, માથા ફરે. આહાહા! અંતર ઠર્યો નથીને. એણે રાગથી, શરીરથી પાછો વાળ્યો નથી. એના મરણ શું હોય? એ તો અજ્ઞાનમરણ છે. આ તો ટળવળ કરે અને કદાચિત્ ટળવળ ન પણ કરે તોપણ સ્વરૂપના અંતર આશ્રય લઈને રાગ ને દેહના ત્યાગસ્વરૂપ પરિણમન થયું છે. સમજાણું કાંઈ? રાગ ને દેહના અભાવસ્વભાવરૂપ પરિણમન થયું છે, એમાં આચાર્યોનો પાછો આશીર્વાદ. આશીર્વાદનો અર્થ આજ્ઞા. બરાબર છે, તમે સંલ્લેખના કરવા માગો છો એ માટે બરાબર અધિકારી છો. (યોગ્યતા) બરાબર જાણે અંદરથી... આહાહા!

કહે છે કે **દેહત્યાગ** તો **વ્યવહારથી ધર્મ છે.** એટલી વાત પહેલી સાધારણ કરી. **હવે નિશ્ચયથી–નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે...** ઉત્તમ અર્થને આ કાઢ્યો. પહેલો ઉત્તમ અર્થ સંલ્લેખનાનો કર્યો, પછી આત્મા..... આ બીજી રીતે અર્થ કર્યો. ..... વ્યવહાર કાઢ્યો પહેલો. ધ્યાન છેને એ. પાઠમાં..... **નિશ્ચયથી નવ અર્થોમાં ઉત્તમ અર્થ** તો **આત્મા છે**. આહાહા! જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ—નવ અર્થો છે, પદાર્થ છે. નવમાં ઉત્તમ ભગવાન આત્મા છે. આહાહા! સંવર ને નિર્જરા, મોક્ષ એ ઉત્તમ નહીં. ધન્નાલાલજી! આહાહા! જેણે મહાપ્રભુને જોયો, જાણ્યો, અનુભવ્યો, સંભાર્યો છે... સમજાણું કાંઈ? એવો જે ઉત્તમ અર્થ પ્રભુ આત્મા... આહાહા!

**સચ્ચિદાનંદમય...** હવે એનું સ્વરૂપ વર્ણવે છે. ઉત્તમ અર્થ કેમ? એ સચ્ચિદાનંદમય છે. ભગવાન અંદર સત્, જ્ઞાન ને આનંદસ્વરૂપ છે. સચ્ચિદાનંદસ્વરૂપ છે–સત્, ચિદ્ ને આનંદ સ્વરૂપ છે. **કારણસમયસારસ્વરૂપ...** સચ્ચિદાનંદમય, હવે કારણસમયસારસ્વરૂપ.. કારણ-સમયસારસ્વરૂપ.. આહાહા! કારણને પકડ્યું એનું કાર્ય થયા વિના રહેશે નહીં, એમ નાખ્યું. આચાર્યોએ તો કહ્યું એ વ્યવહારમાં નાખ્યું. હવે નિશ્ચયમાં અહીં આવ્યું. આચાર્યોએ કહ્યું કે જાઓ, ... દેહનો વ્યવહારધર્મ બરાબર થશે. સમજાણું કાંઈ? હવે અહીં તો નિશ્ચય

સચ્ચિદાનંદમય.. સચ્ચિદાનંદમય–સત્, જ્ઞાન ને આનંદના હિલોળે ચડેલું તત્ત્વ. આહાહા! ઉછળતું, જ્ઞાન ને આનંદથી ભરપૂર ભરેલું... ભરપૂર ભાવથી ભરેલો... 'મય' કહ્યુંને. જ્ઞાન, આનંદ, સત્, મય. આહાહા! કહો, સમજાણું કાંઈ? આહાહા!

એવો **કારણસમયસારસ્વરૂપ**... ગોઠવ્યું અહીં પાછું આ. જેણે આવાને પકડ્યો એનું કાર્ય કેવળજ્ઞાન થયા વિના રહેશે (નહીં). ઓલાને સમાધિમરણ વ્યવહારે કીધું. સમજાણું કાંઈ? આને નિશ્ચયથી કાર્ય થવા વિના રહે નહીં ત્રણ કાળમાં. જા, કહે છે કે કોલકરાર છે. ઓલું તો આચાર્યોએ પરખીને કહ્યું હતું. આ પોતે પરખીને પકડ્યું છે. **કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં**... આવો આત્મા. સચ્ચિદાનંદમય અને કારણસમયસારસ્વરૂપ **એવા તે આત્મામાં...** આહાહા! **જે તપોધનો સ્થિત રહે છે...** ભાઈએ નથી કહ્યું ક્યાંક? સોગાનીએ કહ્યું છે, અમે તો અંદરમાં પલોઠી વાળીને બેસી જાઈએ છીએ. એમ કહ્યું છે. ન્યાં ક્યાં પલોઠી..? પલોઠીનો અર્થ એકાગ્રતા. આહાહા! સોગાનીનું વાચ્યું છેને ભાઈએ. કહો, સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણ આનંદમય કારણસમયસાર એમાં, કહે છે, જેમ બહારમાં પલોઠી વાળીને બેસે, એમ એકાગ્ર થઈને અંદરમાં બેસ–આસન નાખ. ધ્યાનનું આસન દ્રવ્ય. સમજાણું કાંઈ? ધ્યાનનું આસન પોતે દ્રવ્ય. એ આસનમાં લગાવી દે લીનતા. એ તારી ચીજ છે, તારામાં છે. છે તેવું થાવું છે. નથી એવું થાવું હોય તો તો ન થઈ શકે. આહાહા! ભાઈ! તું એવો છો. આનંદ ને જ્ઞાનમય તારું સ્વરૂપ ત્રિકાળ છે એવો છો. છો એવું થાવું છે પર્યાયમાં. એ કેમ ન થાય? એમ કહે છે. આહાહા! વાત ન મળે ક્યાંય આવી. પરમાત્માના ઘરમાં કેમ જાવું એ પરમાત્માની મોટપની ખબર ન મળે. સમજાણું કાંઈ? મોટપ વિના ત્યાં જઈ એકાગ્ર થાય શી રીતે? સમજાણું કાંઈ?

**એવા આત્મામાં જે તપોધનો સ્થિત રહે છે**... આહાહા! જેણે સ્વભાવમાંથી લક્ષ્મી કાઢી છે એવા તપોધનો સ્થિર રહે છે એમાં. આહાહા! તપોધન.. તપોધન એટલે આ નાત પણ હોય છે, નહીં? બ્રાહ્મણમાં આવે છે. તપોધન છે. હા, તપોધન છેને. ગઢડામાં છે. ગઢડામાં છે, વરતેજમાં છે. આહાહા! તપોધન (નાત) નહીં, આ તપોધન. ઢસરડા રહી ગયા છે.... એ 'ગઢડાનું તપોધન' કહેવાય છેને. વરતેજનું, છેને આવે છે... આહાહા! જેને અમૃતરૂપી રસ પ્રગટ્યો છે એ તપોધન છે. જેણે અંતરના ધન ખોલ્યા છે, જેને નિધાન ખૂલ્યા છે એ તપોધન છે. પોતાનું નિધાન અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ એવા એવા અનંત ગુણ છે. એવું જે મહાપ્રભુનું સ્થાન એમાંથી એણે ખોલ્યું છે નિધાન. એ નિધાનની લક્ષ્મી જેને મળી છે. આહાહા! એ તપોધન કહેવામાં આવે છે. બાકી બધા ભિખારા કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! એ શેઠ! ભાઈ ના પાડે છે. ..... છે આત્માને. અંદર ક્યાં છે? રાગ ને કાંઈ પડ્યું જ નથી એવો છે આત્મા.

શ્રોતા : વહ તો સંલ્લેખનાવાલોંકે લિયે હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ કોને લઈને વાત છે? આહાહા! સંલ્લેખના એટલે? શોધવું આત્માનું પૂર્ણ આનંદસ્વરૂપ (અને) રાગથી ખસવું એનું નામ સંલ્લેખના. એ પહેલેથી સમકિતમાંય આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ! આ તો મોટી વાતું છે, ભગવાન થવાની વાત છે. ભગવાન છે, છે એવો થાય, પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા!

કહે છે કે **તે તપોધનો નિત્ય મરણભીરુ છે...** એને તો મરણથી ડર સદાય છે. સમયે-સમયે છે અંદરમાં. જીવનકાળમાં જીવનનો પ્રેમ નથી, મરણકાળમાં મરણનો દ્વેષ નથી. સમજાણું કાંઈ? જીવનકાળમાં જ બે સરખું કરી નાખ્યું છે. આહા! સમજાય છે કાંઈ? **તપોધનો નિત્ય મરણભીરુ છે**... અરે! દેહના છૂટવાના કાળ તો ચક્રવર્તી, રાજા, રંક (આદિ) દરેકને આવશે. આવું જેને મરણ... આહાહા! દેહ છૂટવામાં મારું કાંઈ ભીંસાઈ ન જાય એવો જેને ડર છે. ભગવાન આત્માના અંતર સ્વરૂપમાં જેની રમતું જામી છે, આહાહા! જે ભગવાન આત્માની બાજી રમ્યો છે. આહાહા!

આવું મરણ હોય ને સમાધિ હોય એવી આત્માની દશા જ છે કહે છે. એમ બતાવે છે બધાને. મરણનો છૂટવાનો કાળ તો આવશે કે નહીં બધાને? એની વાત છે. આહાહા! આમ ટાંગા ટળવળે ને જાય.... અંદર ભગવાન ભગવાન જપતો લાગે છે. ભગવાનને જપે એ તો વિકલ્પ છે, રાગ છે. આ ભગવાનને જપે એનું નામ અંદરમાં સ્થિર થાય. એ મરણભીરુ છે. મરણ, ચાર ગતિના મરણથી ડરે છે, ચાર ગતિના દુઃખથી ડરે છે. કાંઈક સ્વર્ગમાં જશું, ... ફરશું, ન્યાં જાશું—એવું છે નહીં.

**તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.** આહાહા! તેથી તે સ્વભાવમાં પૂર્ણાનંદ આત્મા... અનુભવથી તો ભાન કર્યું હતું કે આ આત્મા પૂર્ણાનંદ છે. હવે સ્થિરતા અંદર કરતો કર્મનો નાશ કરે છે. આને કર્મનો નાશ થાય. બાકી આ ભાન વિના આમ બાધા કરેને કે આમ ન ખપે. ચાલો હવે હાથ જોડો. કોણ જોડે? ન્યાં તો પીડાતો હોય અંદરમાં. હાથ જોડે એમ કહે. આહાહા! ખોડાભાઈ હતાને. ખોડા પૂંજા? કેવા? ... જેતપુર. જેતપુર. એને બાધા હતી ઘરમાંથી નીકળવાની. બહાર ન નીકળવું. આ ખબર નહીં.... ૭૦ની સાલ. ઘરે ખાય, ઘરે એમને એમ રહે. એમાં કંઈક કર્યું હશે કાઠીનું કામદારું. પૈસા થયા હશે. પછી.... ઘર બહાર નીકળવું નહીં. કરો પ્રત્યાખ્યાન. ઘર બહાર, ક્યા ઘર બહાર નીકળવું નહીં? આ ઘર બહાર નીકળવું નહીં કે આ ઘર બહાર?

આ કામદારૂં બહુ કર્યું હોયને. કામદારૂં સમજ્યા? કાઠીના કામ. કાઠી દરબારના બહુ (કામ) કર્યા હોય.. ઊંચા-નીચા બહુ કર્યું હોયને બધું. હવે કરો બંધી બધી. ઘર બહાર નીકળવું નહીં. બેસો ઘરમાં.... અમે ગયા હતા ત્યારે. ૭૦ની વાત છે દીક્ષાની. કે નવદીક્ષિતના મારે

દર્શન કરવા છે. હું કાંઈ નીકળતો નહોતો બહાર. .... ગયા હતા ન્યાં. બાદશાહ જેવું બધું ખાતું હો. આહાહા! કેટલી રસોઈ જુદી-જુદી જાતની પડી હોય. ચૂરમું ને લાપસી, બાજરાનો રોટલો, .... ઘીના. ગૃદ્ધિ થઈ ગઈ બહુ. બાદશાહ જેવો ખોરાક. દર્શન કરવા..... .... શું થયું છે આને? ઘર બહાર નહીં નીકળે. એ શેઠ! ઘર બહાર ન નિકલના. શેઠ થા એક. જેતપુરમેં એક શેઠ થા. શામળજી ખોડા. આ કાઠી લોકોનું કામ કરે છેને. એ શેઠ કામદાર હતા. પછી નિવૃત્તિ લીધી, પછી ઘર બહાર ન નીકળે. ન્યાં ને ન્યાં રહે. પણ ઘર બહાર ન નીકળે. તે આ ઘરબાર ન નીકળવું કે આ ઘર બહાર ન નીકળવું? એમ કે કામ બહુ કર્યા ને હવે આ કામ બંધ કરો. ઓલા બધા... હા, પરઘર. આ તો બિચારા નરમ હતા. પણ મળેલું નહીં.

ઉના પાણી.. ઉના પાણી રાખે. શું કહેવાય? પાણીનું શું કહેવાય? પાણીયારું. પાણીનું પાણીયારું હોયને. પાણી રાખે..... પાણીયારું... એ રાખે ઉનું પાણી. ટાઢું પાણી નહીં. ઉનું પાણી પોતે પીવે અને સાધુ આવે તો લઈ જાય. ઉનું કરેલું હોં. આખું પાણીયારું ભરેલું હોય. પાણીયારું સમજતે હો? પત્થરનું બનાવેલું હોયને, એમાં પાણી ભર્યું હોયને બેડા. ક્યા કહતે હૈં? ...... હવે નળ. આ તો ગૃહસ્થ માણસ. એ વખતે તો દસ લાખ તો ઘણાં કહેવાયને. ૫૯ વર્ષ થયા. પાણીયારું આખું ઉના પાણીનું. કોઈ ગામમાં ન રાખતા હોય, ત્યાં પાણી મળે જ તે ઉનું. કરેલું પડેલું જ હોય. આ તત્ત્વની... ઘર બહાર ક્યાં.... ઘણા કામ કર્યા છે એટલે હવે ઘર બહાર (જવું) છોડી દેવું. એમ ઘણા કામનું અભિમાન કર્યું છે એ છોડી દે અંદરમાંથી. ભગવાનભાઈ! આહાહા! શું કરે? મળ્યું જ નહોતું. ...બરાબર તરવરે છે. ૭૦નો માગશર મહિનો હતો. ૫૯ વર્ષ થયા. આહાહા!

અહીં તો કહે છે કે આવા તપોધનો કર્મનો નાશ કરે છે. આહાહા! જેમાં રાગ ને કર્મ નથી એવી ચીજને જેણે અનુભવી અને અનુભવમાં સ્થિર થયો છે, એ જીવ કર્મનો નાશ કરે છે. એકલા અપવાસ કર્યા છે, આ મહિનો સંથારા કર્યા, એ બધા અજ્ઞાન છે. આહાહા! આત્માની દશા–આત્માની જાગૃતિ જોયા વિના જે કંઈ સંથારાના મરણને કરે એ અજ્ઞાનમરણ છે. હેરાન જ છેને. બહારથી માને અમે સાધારણ બિચારા. આહાહા.. સંથારો કર્યો છે, એય! ક્યાં ગયા રોચકાળાવાળા? તમારા ઉજમશીભાઈએ અમદાવાદમાં કર્યો હતોને. ભાન ન મળે કાંઈ. આ છોકરાઓ વળી ભાગ્યશાળી છે. એને સાંભળવાનું મળ્યું નહોતું. ઉજમશીભાઈ હતા. સંથારો કર્યો હતો. બુદ્ધિવાળો માનતા પોતાને. પછી સંથારો કર્યો. સંથારો સમજ્યા? આહાર-પાણી છોડી દીધા. રેંકડીમાં કાઢ્યા હતા. એવું સાંભળ્યું હતું અમદાવાદમાં. વીરચંદભાઈને ખબર હશે. ઉજમશીભાઈ.

શ્રોતા : મરતી વખતે પાણી.. પાણી.. કર્યું હતું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પાણી.. પાણી.. કર્યું હતું? જિદ્દી બહુ હતા. ભોળા પણ બહુ હતા. બહુ હુશિયાર માણસ હતા. અમારી પાસે બ્રહ્મચર્ય લીધું હતું. કાંઈ ઠેકાણું ન મળે. નહીં તો આમ બુદ્ધિવાળા હતા. પણ સાધન મળ્યું નહીં.

એકવાર તો અમારે મૂળચંદજીને કીધું. ભાઈ! ઓલી તકરાર ચાલતી હતીને કે કેવળજ્ઞાનમાં દીઠું હોય તે દિ' થાશે, અત્યારે તો કાંઈ નહીં થાય. પણ કેવળજ્ઞાન જેને બેસે એને પુરૂષાર્થ જાગ્યો જ છે. એના આ પ્રશંસક. એકવાર એણે કીધું હોં. મૂળચંદને કહ્યું. મૂળચંદને કહે, મહારાજ! તમે મુંડાવીને બેઠા છો તોય હજી તમને શ્રદ્ધાના નથી ઠેકાણા? આહાહા! ભગવાન દેખે તે દિ' પુરૂષાર્થ થાશે, દેખે તે દિ' ભવ પૂરા થશે. બોલતા હતા. આહાહા! કેવળજ્ઞાનમાં દીઠું (એ પ્રમાણે થાશે) તો તમે મુંડાવ્યું શું કરવા? તમને જાગૃત પુરુષાર્થની ખબર નથી કે આ ધર્મ થાય છે કે નહીં? ભગવાને દીઠું ત્યારે થાશે, આ શું તમે બોલો છો? એમ બોલ્યા હતા. ઓલી ચર્ચા નીકળીને પાળીયાદની. ૭૨ની સાલ. ૭૨. આહાહા!

ધન્ય રે અવતાર! આ સંથારા છે. જેણે કાંકરા કાઢીને દાણાને જુદા પાડ્યા છે, એમ જેણે પુણ્ય ને પાપના વિકલ્પો જુદા કરી માલ કાઢ્યો છે અંદરથી, સમજાણું કાંઈ? સમકિતીએ માલ છે એ માલની કબૂલાત કરી છે અને થોડો અંશ પ્રગટ કર્યો છે. કહો, ભીખાભાઈ! આહાહા! 'અજ્ઞાનીને મરણ તણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર છે'. ત્યાં તો આનંદના મંગલિક ગવાતા હોય છે. આનંદના મંગલિક હોય છે એને. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એ ઝૂલતો હોય છે. જરીક વિકલ્પ આવે તો ખ્યાલ હોય કે કાંઈક થાય છે શરીરમાં. આહાહા! સમજાય છે કાંઈ? એવા તપોધનો જ... એમ છેને. **તેથી જ તેઓ**—આવા મરણભીરુ અને સ્વરૂપમાં સ્થિત છે એવા તપોધનો કર્મનો વિનાશ કરે છે. આહાહા!

**માટે અધ્યાત્મભાષાએ, પૂર્વોક્ત ભેદકરણ વિનાનું...** હવે ધ્યાનની વાત કરે છે, અંદર શુક્લધ્યાનની. આહા! ઉત્તમ-અર્થ કીધુંને. **झाणमेव**.. કીધું છેને. **तम्हा दु झाणमेव**.. એમ કહ્યું છેને એટલે ધ્યાનની–શુક્લધ્યાનની વ્યાખ્યા (કહે છે). આહાહા! **ભેદકરણ વિનાનું**–ભેદ કર્યા વિનાનું એકલું અભેદ અખંડાનંદમાં લીન... પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્માનું, એમાં જેની લીનતા–જમવટ જામી છે. કહો, પોપટભાઈ! આ બધું કરી શકે. બહારનું કાંઈ ધૂળેય ન કરે. લ્યો, મહેનત કેટલી કરી છે તમે. મહેનત તો ઘણી કરી છે. એમાં શું છે? એ જડ ચીજ છે.

શ્રોતા : ખાઈ-પીને જાય ત્યારે તો ઓલા કામ કરે, નહીં તો કામેય ન કરે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ થવા કાળે બહારમાં થાય. મહેનત બહુ કરી છે એણે. ... કરી છે. એમાં કાંઈ નહીં. એકકોર પડ્યું રહ્યું. કહો, સમજાણું કાંઈ? બહારના (કામ) કોણ કરે પણ? આહાહા! આમ ન થયું અને આમ થયું, એ તો એને કારણે થાય. ન થયું થવાનું. મૂકને પડતી (શ્રોતાઃ પર્યાયને કોણ ફેરવે છે?) કોણ ફેરવે? આહાહા!

હજી તો પરમાગમની શરૂઆત થઈ છે. કાંઈક-કાંઈક વિઘ્ન આવ્યા કરે છે. રામજીભાઈ..... વચ્ચે આવ્યા કરે છે કાંઈક ને કાંઈક. કોણ જાણે...? એ તો એમ જ ચાલે. બહારના કામ કોઈના કર્યા થાય છે? ઉત્સાહ ઘણો હોય ભલે. ઉત્સાહ ન્યાં શું કામ કરે? આહાહા! એનું કાંઈ નહીં. એનો પોતાનો ભાવ શું છે એ વાત. બાકી તો એને ઘરે રહ્યું હવે. સંચો આવ્યો છેને સંચો. સંચાથી બધું કામ નહીં થાય કહે છે. ન થાય તો ન થાય, શું છે?

શ્રોતા : જે થવાનું હોય એ થઈને રહેશે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પડ્યું રહેશે એને ઘરે. એ શેઠ! ઓલું સાંભળ્યુ હોય હોં. હું તો જોયા કરું. કાલ મિસ્ત્રી કહેતો હતો. હું આહાર કરીને ફરતો હતોને ત્યારે મિસ્ત્રી કહેતો હતો. બધા ભેગા થયા છે ત્યાં. રામજીભાઈ અને ભગવાનજીભાઈ, પોપટભાઈ. આ સંચાથી નહીં ચાલે. ન ચાલે તો પડ્યું રહે, એમાં શું છે? બીજી રીતે (થશે). થવું હશે એ થશે. આહાહા! કોણ કરે? ભગવાન! તું તો જ્ઞાન ને આનંદનો નાથ છો. આમ ન થાય ને થાય એની પડી છે ક્યાં એને? સમજાણું કાંઈ? આહાહા!

અહીં તો કહે છે કે **ભેદકરણ વિનાનું, ધ્યાન**... હવે બીજા વિકલ્પ તો ક્યાંય રહી ગયા. ભેદ કરવો કે આ ધ્યાતા છે ને આ ધ્યાન છે ને આ ધ્યેય છે. છેને? એનો ખુલાસો કરે છે. **ભેદકરણ વિનાનું, ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત...** એ ભેદ. ધ્યાન કરનારો ને ભગવાન આત્મા પૂર્ણ તે ધ્યેય છે—એવો પણ ભેદ નહીં. આહાહા! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ સિવાય આવો માર્ગ ક્યાંય હોય નહીં. સમજાય છે કાંઈ? પરમાત્માએ પૂર્ણ સ્વરૂપ.... તીર્થંકરદેવે સો ઇન્દ્રોના પૂજનિક એ વ્યવહાર કહ્યો. પોતાના પૂર્ણાનંદની દશા જેણે પ્રગટ કરી, પૂર્ણ જ્ઞાન જેણે પ્રગટ કર્યું, એના માર્ગમાં, આહાહા! આ માર્ગ એના માર્ગમાં હોય છે.

પહેલેથી કહ્યું છેને, **જિનેશ્વરના માર્ગમાં**. પહેલા શબ્દમાં હતું. જૈનમાં જન્મ્યાને ખબર નથી કે જૈનેશ્વર શું કહે છે. આહાહા! શું થાય? એવો લૂંટાણો છેને એ. પરમાનંદનો નાથ પૂર્ણસ્વરૂપ પરમેશ્વર, કહે છે કે ભાઈ! એમાં જે સમ્યગ્દર્શન સહિત જ્યાં ઠર્યો છે, એનું ધ્યાન હવે આગળ વધતા ભેદ વિનાનું થઈ જાય છે. આહાહા! ઊંચી વાત કરી છેને. **ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે...** કાંઈપણ બાકી રાખ્યા વિના અંતર્મુખ જ્યાં જાય છે, બહિર્મુખનો કોઈપણ વિકલ્પ જેને છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? અંતર્મુખ નિઃઅવશેષ (અર્થાત્) કંઈપણ બાકી રાખ્યા વિના બહારનું બધું છોડીને, એકલો અંતર્મુખ આકારસ્વરૂપ છે. આકાર એટલે અંતર્મુખ જેનું સ્વરૂપ છે. ભગવાન આત્માનું અંતર્મુખસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા!

સમાધિમરણ તો હરખ જમણ છે. આપણે કરે છેને? પોપટભાઈ! લગ્નમાં નથી કરતા હરખ જમણ? છેલ્લું હરખ જમણ. સમજતે હોં? લગ્નમેં ઐસા હરખ જમણ હોતા હૈ. જાન લેકર

આયા હો ન વર–દુલ્હા, ઉસકે તરફસે આખરી દિનમેં એક હરખ જમણ (હોતા હૈ). તમારા, મારા કુટુંબી ભેગા આવો. સગાવ્હાલા સબકો જમણ. એ હરખ જમણ કહેવાય. તમારે કાંઈ નામ તો હશે. પ્રીતીભોજ. પ્રીતિભોજન તો સગાઈ કરે ત્યારે. એ તો સાધારણ. વળોઠી કહે વળોઠી. ત્યાંય હશે.

છેલ્લું હરખ જમણ. પરણવા જે આવ્યો હોય એનો બાપ બહુ ખુશી થાય અને બહુ લગ્ન સારા (થયા) હોય એટલે એને પછી વેવાઈને કહે, તમારા જેટલા સગાવહાલા-સંબંધી લાવવા હોય એટલા લાવજો. કાલ હરખ જમણ અમારું છે. અમારા તરફથી આ ખર્ચ છે. જે આવી હોય જાન એના તરફથી. વરના પિતાજી.... એવું હોય છે અમારે વાણિયામાં. આહાહા! ઉલ્લાસ.. ઉલ્લાસ. જુઓને! આપણે ભરતભાઈએ કર્યું નહોતું આશ્રમમાં બેનને દિ'? સાડા પાંચ હજારનો ખર્ચ હતો. ઉલ્લાસ... ઉલ્લાસ. એ ચીમનભાઈ! ચીમનભાઈ ને એ બધા ભેગા થઈને. જાંબુ ને હલવો ને પૂરી. બધા દેખીને ખુશી થઈ ગયા માણસો. આહાહા! ભારે જમણ. આ ભારે જમણ–હરખ જમણની વાત છે.

આહા! નિર્વિકલ્પ આનંદનું જમણ કોઈ દિ' કર્યું નથી. આહાહા! છેલ્લી સ્થિતિના આ બધા ભણકાર છેને. આહાહા! બધું કર્યું છે અત્યાર સુધી એનો હવે આ સરવાળો આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માની પ્રતીતિ, અનુભવ, જ્ઞાન ને સ્થિરતા કરી હતી એનો હવે સરવાળો મરણ ટાણે લાવવો છે. સમજાણું કાંઈ? એવી તે વાત કરી. એક તો ઉત્તમ-અર્થને વ્યવહાર ઠરાવ્યો પહેલો, પછી ઉત્તમ-અર્થ આત્મા લીધો. પછી એનો છેલ્લામાં છેલ્લો શુક્લધ્યાન.... આહાહા!

**અંતર્મુખ જેનો આકાર**–સ્વરૂપ **છે એવું અને સકળ ઇન્દ્રિયોથી અગોચર...** આહા! ધર્મધ્યાન ને શુક્લધ્યાન તો ઇન્દ્રિયથી અગોચર છે. ઇન્દ્રિયને ગમ્ય પણ નથી, ભાવેન્દ્રિયને ગમ્ય નથી. આહાહા! આવો આત્મા, પણ જગતને સાંભળવા મળે નહીં હોં. એ વીતરાગમાર્ગમાં જિનેશ્વરના માર્ગમાં આવું છે ભાઈ! એ આનંદનો દાયક છે, એ કષ્ટ નથી એમાં. સમજાણું કાંઈ? અરે! ઉના પાણી પીવા, લોંચ કરવા, કેટલા કષ્ટ. અરે ભાઈ! તને ખબર નથી. કષ્ટ એ ધર્મ નહીં. ધર્મ તો અતીન્દ્રિય આનંદના ઉછાળા, જે ભરપૂર ઉછાળો આવે છે. અહીં તો ભેદકરણ વિનાનું અભેદ ધ્યાન... આહાહા! સમજાણું કાંઈ?

**નિશ્ચય-પરમશુક્લધ્યાન જ નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ છે એમ જાણવું.** આહાહા! અભેદ ધ્યાન તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે. વાણી તે વાણી છેને પણ! સમજાણું કાંઈ? મોળી ... નહીં એમ કહે છે આહા! પાઈએ પાઈ ચૂકવવું છે અમારે, કહે છે. આહાહા! આ ચૂકવે છેને પૈસા-બૈસા. હોય એના લઈ જાઓ. .... કરીને લાવે. શાહુકાર હોય... કાંઈ બોલે નહીં. મારી પચ્ચીસ લાખની મૂડી છે, એટલું અમારે દેણું છે. એક પાઈ પણ ન રાખે શાહુકાર તો.

ભગવાનજીભાઈ! રાખીને દેવાળું કાઢે એમ નહીં. આહા! બાપુ! મને ખબર છે કે અમારે દેણું કેટલું છે, મૂડી કેટલી છે. ... એક લાખ. લઈ જાવ સોળે સોળ આની. હવે અમારો ધંધો ઝટ નહીં ચાલે. લ્યો, એકદમ આપી દે, જાઓ. અમારું થાવું હોય એ થાશે.

અહીં એકદમ સંકેલી લે છે અંદરમાં. આહાહા! અમે તો અમારા નિર્વિકલ્પ અભેદ ધ્યાનમાં રહેનારા છીએ. વિકલ્પનો પરિગ્રહ ને વિકલ્પનો આશ્રય પણ હવે રહ્યો નહીં. આહાહા! એ લાલચંદભાઈ! જુઓ! માર્ગ તો જુઓ! અરે! એને આવા મનુષ્યદેહમાં આવો માર્ગ છે એ એણે સાંભળ્યો ન હોય, એ વિના સમજે ક્યાંથી? રુચે ક્યાંથી? અને પરિણમન થવું તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? આહાહા! બીજા વળી કહે છે કે મહારાજ મોટી-મોટી વાતું કરે, પણ સાધન કાંઈ બતાવે નહીં. અરે! આ સાધન છે. ક્રિયા, રાગ ને ફલાણું સાધન-ફાધન નથી, સાંભળને! એ પ્રકાશદાસજી! આહાહા! અંદર ભગવાનમાં સાધન... સાધન નામનો ગુણ એનામાં છે. કરણ નામનો ગુણ એનામાં છે, એ ગુણનો ઉકેલ થઈને–સાધન થઈને પર્યાયમાં નિર્મળતા પ્રગટે (એવું) નિર્મળ સાધન છે. સ્વભાવેય નિર્મળ, ત્રિકાળી પર્યાય નિર્મળ એ એનું સાધન છે. આહાહા! (શ્રોતાઃ....) એ સાધન.

**વળી, નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત...** એવું ઉત્તમ પ્રતિક્રમણ તો સ્વાત્માશ્રિત હોય છે. **એવાં નિશ્ચયધર્મધ્યાન...** લ્યો, ઠીક. લ્યો, ધર્મધ્યાન લીધું પાછું. સ્વાશ્રય ધર્મધ્યાન આત્માને આશ્રયે થાય છે. કોઈ ભગવાનનું સ્મરણ, ૐ જાપ ને ઢીંકણું-ફીકણું એથી ધર્મધ્યાન હોતું નથી. સમજાણું કાંઈ? નિશ્ચયધર્મધ્યાન સ્વાશ્રિત... આહાહા! સ્વાત્માશ્રિત... સ્વાત્માશ્રિત.. પૂર્ણ આત્મા સ્વભાવનો પિંડ પ્રભુ પૂર્ણ પરમાત્મા, એક સમયની પર્યાય વિનાનો એવો ત્રિકાળી ભગવાન—એવા સ્વાત્માને આશ્રયે નિશ્ચયધર્મધ્યાન હોય છે. કહો, અહીં ધર્મધ્યાન કરીએ છીએ? કે હા. શેના ધર્મધ્યાન? આહા!

એક જણો હતો. ધર્મધ્યાન કરીએ છીએ? કે હા. આ તો તમે ઓળખોને ભાઈ, ઉજમભાઈનો મામા. બરવાળા પાસે ગામ, કેવું? પાણવી. પાણવીના હતાને નાનચંદભાઈ. ગયા હતાને એક ફેરી. આ વાતેય થઈ છેલ્લી. ભેગા થયાને જ્યારે ૯૦માં, પછી મૂળચંદજીએ પૂછ્યું એને. બિચારા વૃદ્ધ માણસ. પાણવીના બરવાળા પાસે. ધર્મધ્યાન કરો છો? કે હા. ચોવિહાર કરો છો? કે હા. ફલાણું કરો છો? કે હા. એમાં પાછો પ્રશ્ન નીકળ્યો. ચર્ચા ચાલતી હતી માણસોની. કે મહારાજ! કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? ધર્મધ્યાન કરો છો? કે હા. પછી કરતા કરતા... ઓલી વ્યાખ્યા આવીને કે ઘણા રજકણોનો આ સોનાનો કટકો બનેલો છે. એ કંઈ આત્માથી થાય નહીં. ચર્ચા ચાલી હતી અમારે. હું તો બેઠો હતો. ચર્ચા ચાલી હતી. એમાં એ કહે, કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? આ બધા ધર્મધ્યાન કરનારા. આહાહા! રોજકાવાળા એના મામા થાય. ઉજમશી.... વિસાશ્રીમાળી. વિસાશ્રીમાળી ને?

અહીં કહે છે કે ઓહોહો! ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વાત્મા એને આશ્રયે ધર્મધ્યાન થાય. **અને નિશ્ચય-શુક્લધ્યાનમય...** એ પણ સ્વાત્માના ઉગ્ર આશ્રયે (થાય). **અમૃતકુંભસ્વરૂપ છે...** આહાહા! નિશ્ચય–સત્ય પ્રતિક્રમણ પણ અમૃતનો ઘડો છે. ભગવાન તો અમૃતસ્વરૂપ છે, પણ એમાં એકાગ્ર થઈને ધ્યાનમાં જે દશા પ્રગટ થઈ એ અમૃતનો ઘડો છે. આહાહા! સમજાણું કાંઈ? અમૃતકુંભ છે. કુંભ નથી કહેતા? ઘડો કહે છેને? આ કુંભજ. કુંભ તો પાણીથી ભરેલો હોય. કુંભ એટલે પાણી અને જ એટલે ભરેલું. જેમાં પાણી ભરેલું હોય. આ અમૃત ભરેલો કુંભ છે. આ મકાન-બકાન નવા બને ત્યારે મૂકે છેને કુંભ. કલશ રખતે હૈં. આ મોક્ષમાં વાસ કરવો છેને, જાવું છેને હવે એટલે આ અમૃતકુંભને મૂક્યો પહેલો. આહાહા! નિર્વિકલ્પ શુક્લધ્યાન ને ધર્મધ્યાન બેય અમૃતના ઘડા છે. પડિકમણાની વ્યાખ્યા લીધી, એનો સમયસારનો આધાર આપશે.

**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ...** એવા નિશ્ચય ધર્મધ્યાનની ભૂમિકામાં જે કોઈ વ્યવહારનો વિકલ્પ ઉઠે... આ પાપ કર્યું હોય તો મિચ્છામિ દુક્કડમ્, આ કર્યું હોય... એવો **વ્યવહાર ઉત્તમાર્થપ્રતિક્રમણ**... આ ઉત્તમાર્થ છે આત્મા, એનું ધ્યાન ઉત્તમાર્થ પ્રતિક્રમણ. એની સાથે વિકલ્પ ઉઠે, એમ. એ **વ્યવહારધર્મધ્યાનમય હોવાથી વિષકુંભસ્વરૂપ છે.** એ ઝેરનો ઘડો છે. આહાહા! આ અજ્ઞાનીની વાત નથી. ધર્મી જીવે અમૃતસ્વરૂપ ભગવાન એમાં એકાગ્ર થઈને જે અમૃતદશા પ્રગટ કરી એ અમૃતનો ઘડો છે. એની જોડે જે વિકલ્પ વ્યવહાર પ્રતિક્રમણનો ઉઠે એ ઝેરનો ઘડો છે. આહાહા!

અહીં વ્યવહારના પડિકમણા અને એ એનો ધર્મ, હજી સમ્યગ્દર્શનના ભાન વિના. એક જણા આવ્યા હતા હમણાં, નહીં? ..... હવે આગળ વધવું છે અમારે. પાંચમું ગુણસ્થાન તો આવ્યું છે. આ વ્યવહાર પડિકમણું કર્યું હોય, વ્યવહાર પ્રત્યાખ્યાન કર્યું હોયને થોડું બ્રહ્મચર્યનું. અરે! ... લેશો? કીધું. પાંચમા ગુણસ્થાનના ઠેકાણા ક્યાં છે? સમકિતના ઠેકાણા નથીને. નરમ માણસ હતો. એક આવ્યો નહોતો? ...

શ્રોતાઃ આપકે પાસ પૂછને આયા થા કિ આગે બઢના હૈ?.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો કહેતા હતા ભાઈ, હવે આગળ વધવું છે. એમ કે સાત પડિમા લઈને ક્ષુલ્લક થઈ જવું છે. કંઈક શરીર નિરોગ હોય. માણસ નરમ હતો. ઉઘાડા માથે આવ્યા હતાને. મેલા લૂગડાં ને ઉઘાડે માથે. ..... બીજા જોડેવાળા કહેતા હતા. ગોવિંદજીભાઈ... એમ કહેતા હતા, આને પાંચમું ગુણસ્થાન છે એમ કહે છે. આહાહા! હજી સમકિત વિનાની વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? બહાર શરીર નિરોગ હોય, લૂગડાં ઓછા કરીને લંગોટી રાખે, થઈ ગયા ક્ષુલ્લક. આહાહા! લંગોટી છોડી નાખે, થઈ ગયા સાધુ. મરી જશો અભિમાનમાં.

શ્રોતા : આગે બઢનેકી આસ્થા લેકર આપકે પાસ આયા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આગે બઢે શેમાં? પહેલા હજી સમકિતના ઠેકાણા ન હોય એમાં આગળ ક્યાંથી વધતો હતો? કોણ ...ભાઈ હતોને? આહાહા!

અહીં તો ભગવાન... પંચમ આરાના સંત–મુનિ બે હજાર વર્ષ પહેલા થયા એ કુંદકુંદાચાર્ય. આ તો હજી હમણાં ૯૦૦ વર્ષ પહેલા થયા છે. એ કહે છે કે શુભરાગ ધર્મી જીવનો... અંદર આત્મા આનંદનું ધ્યાન જેમાં અમૃતના મણકા ફરે, નીકળે ફટ.. ફટ.. ફટ... એ નિશ્ચય પ્રતિક્રમણ અમૃતકુંભ છે અને એમાં વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ ઉઠે એ ઝેરનો ઘડો છે. આહાહા! અજ્ઞાનીની તો વાત શું કરવી? બહારના નિરોગ શરીર હોય, બાયડી મરી ગઈ હોય, છોકરા હોય નહીં, એકલા મુશ્કેલી પડે, ચાલો લઈ લો બ્રહ્મચર્ય. એટલે રોટલા તો મળે. રોટલા.... જાય.

અરે ભગવાન! જિનેશ્વરનો માર્ગ મોટા ઇન્દ્રોએ કબૂલ્યો, ગૌતમે આદર્યો, એ તે માર્ગ કેવો હશે? ભાઈ! રાંકાના માર્ગ નહીં આ. કહે છે કે વ્યવહારપ્રતિક્રમણ તો ઝેરનો ઘડો છે. નિશ્ચય નિર્વિકલ્પ આનંદદશા પ્રગટવી તે નિશ્ચયપ્રતિક્રમણ છે, એ અમૃતનો ઘડો છે, જેમાં અમૃતનો સ્વાદ આવે છે. એને જે રાગ ઉઠે છે એ ઝેરનો સ્વાદ છે. આહાહા! સાધારણ પ્રાણીથી તો કલ્પ્યું જાય નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ વદ ૧૪, બુધવાર, તા. ૬-૯-૧૯૭૨
## ગાથા-૯૨, પ્રવચન નં. ૮૯

૯૨ ગાથા ચાલે છે. પરમાર્થ પ્રતિક્રમણ–સત્ય પ્રતિક્રમણ કોને કહે છે? પહેલું આવ્યું. આત્મા પૂર્ણ અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન છે એનો આશ્રય લઈને જે અંતરમાં નિર્વિકલ્પ દશા–અમૃતસ્વરૂપ દશા પ્રગટ થઈ છે, ઝીણી વાત છે, એને નિશ્ચય પ્રતિક્રમણ–સાચું પ્રતિક્રમણ કહે છે. એ અમૃતકુંભ છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. અતીન્દ્રિય અમૃતસ્વરૂપ એનો આશ્રય લઈને સ્વાશ્રયથી જે અતીન્દ્રિય અમૃત પરિણતિ પ્રગટ થઈ, પરિણતિ એટલે અવસ્થા, એવી જે દશા એ અમૃતકુંભ છે–અમૃતનો ઘડો છે. અમૃતનો સાગર આત્મા છે. આત્મા તો અતીન્દ્રિય અમૃત-આનંદનો સાગર છે. અતીન્દ્રિય અનંત અમૃતનો સાગર છે ભગવાન આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એનું અંતર ધ્યાન ને આશ્રય કરીને જે નિર્વિકલ્પ આનંદ ને શાંતિ પ્રગટ થાય એને અહીંયા પર્યાયનું નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

**વ્યવહાર ઉત્તમાર્થ પ્રતિક્રમણ...** લ્યો, વ્યવહાર ઉત્તમાર્થ પ્રતિક્રમણ. એવી નિશ્ચય આત્માની ભૂમિકામાં, અમૃતસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એના અંતરમાં ધ્યાનથી જે પ્રગટ દશા થઈ એની સાથે જે શુભવિકલ્પ હોય, શુભવિકલ્પ–શુભરાગ, એ ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે, ઓલાનો આરોપ કહીને, પણ છે એ વ્યવહાર-ધર્મધ્યાન ઝેરસ્વરૂપ. આહાહા! સમજાય છે કાંઈ? શુભરાગ ધર્મધ્યાનરૂપી શુભપરિણામ વ્યવહાર-પ્રતિક્રમણ (હોય) કોને? નિશ્ચય-સ્વરૂપ પ્રતિક્રમણ હોય એને. જેને આત્માનો આશ્રય જ પ્રગટ્યો નથી, ભગવાન અમૃતસ્વરૂપ પ્રભુ એનો જેને પર્યાયમાં અતીન્દ્રિય આનંદ(રૂપ) અમૃતકુંભ આવ્યો નથી, એના પડિકણમાને તો વ્યવહારેય કહેવામાં આવતું નથી. આહાહા! આવી વાત છે. ભારે આકરી વાત. જગતને સત્યને પહોંચવું. સમજાય છે કાંઈ?

એ **વ્યવહારધર્મધ્યાનમય હોવાથી** વિષ–ઝેરનો ઘડો છે. કહો, પોપટભાઈ! તમે આ પડિકમણા કર્યા એ નહીં હોં. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે. પ્રભુ આ આત્મા પોતે અતીન્દ્રિય આનંદનો સાગર–સમુદ્ર છે. એમાં અંદર ડોકીયું નાખી, એકાગ્રતાથી ધ્યાન કરી જે વર્તમાન પર્યાયમાં–અવસ્થામાં અમૃતના આનંદનું વેદન થાય એ નિશ્ચય પ્રતિક્રમણ કહેવાય છે, એ સાચું પ્રતિક્રમણ છે. એની જોડે શુભરાગ ઉઠે છે, પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ ન હોય ત્યાં સુધી અશુભથી બચવા એવો શુભરાગ આવે, પણ છે તો એ ઝેર. પ્રકાશચંદજી! આહાહા! કારણ કે એમાં પરનો આશ્રય થઈને શુભરાગ થાય છે અને એ શુભરાગ આત્માના અમૃતસ્વરૂપ દ્રવ્ય અને નિર્મળ પર્યાય એનાથી વિરુદ્ધ છે. ભારે આકરું. તેથી એને **વિષકુંભસ્વરૂપ** કહ્યું **છે**.

**એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :**

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य ।**
**णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो ॥**

આહાહા! **ગાથાર્થ : પ્રતિક્રમણ...** સ્વરૂપનો અનુભવ અને આનંદની દશા પ્રગટ હોવા છતાં જ્યાં શુભરાગ પ્રતિક્રમણ એટલે... છેને? **કરેલા દોષનું નિરાકરણ...** આ દોષ નહીં એવો જે એક વિકલ્પ-શુભરાગ એ વ્યવહારપ્રતિક્રમણ ઝેરનો ઘડો છે. આહાહા! એ શુભરાગ. કહો, ભગવાનજીભાઈ! ન્યાં તો ગંધેય ન મળે તમારા... શું કહેવાય? નાઈરોબી. આહાહા! મંદિરના દર્શન કર્યા, ભગવાનની પૂજા કરી, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિ રાગને ધર્મ માનનારી છે એને તો શુભ વ્યવહારેય કહેવાતો નથી. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ, શુભરાગની ક્રિયા એ ધર્મ એવી જેની માન્યતા છે એને તો વ્યવહારેય કહેવાતો નથી. આહાહા! .....

ભગવાન ચિદાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વભાવ આત્મામાં છે. સત્-શાશ્વત, ચિદ્-જ્ઞાન, ને આનંદ જેનું સ્વરૂપ છે. એવો જે ભગવાન આત્મા એની અંતર્મુખ દૃષ્ટિ કરીને સ્વરૂપની રમણતા અતીન્દ્રિય આનંદની જેણે પ્રગટ કરી છે, એને જે આ શુભરાગ પડિકમણું થાય એને પણ ઝેર કહેવામાં આવે છે. આહાહા! કેમકે ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે, વીતરાગ નિર્વિકલ્પ આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એમાં આ રાગ થાય એ વિકલ્પની વૃત્તિ છે. વ્યવહાર પ્રતિક્રમણ એટલે આ 'મિચ્છામિ દુક્કડમ, આ દોષ નહીં' એવો જે ભાવ એને વ્યવહાર પ્રતિક્રમણ ગણીને અમૃતસ્વરૂપની અપેક્ષાએ તેને ઝેર કહેવામાં આવે છે. શેઠ! આહાહા!

શ્રોતા : કિતના બડા અંતર હૈ?.

પૂજ્ય ગુરુદેવશ્રી : બહોત અંતર હૈ. એકની દિશા પર ઉપર ને એકની દિશા સ્વ ઉપર. આકરું કામ છે જગતને.

ભગવાન આખો મોટો પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ સિદ્ધસ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે. પોતાનું પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા પરમાત્મસ્વરૂપને અવલંબીને જેટલી નિશ્ચય સ્વાશ્રય દશા પ્રગટ થાય તે તો સત્-સાચું પ્રતિક્રમણ, અમૃતકુંભ, અમૃતનો કુંભ-ઘડો છે. આહાહા! અમૃતનો દરિયો ભગવાન એમાંથી એક ઘડો ભરી લીધો આટલો. આહાહા! સમજાણું કાંઈ? અમૃતનો સાગર પ્રભુ એમાં એકાગ્ર થઈને થોડો અમૃતનો ઘડો લઈ લીધો. આહાહા! કહો, જેઠાભાઈ! દરિયામાંથી દરિયો તો આવે નહીં. આહાહા! એવો પ્રભુ અતીન્દ્રિય સુખનો ધામ આત્મા, અતીન્દ્રિય સુખ ને આનંદનું ધામ પ્રભુ, એવા આનંદના ધામમાં અંતરમાં

જઈને એક અમૃતનો ઘડો બહાર કાઢ્યો, નિર્વિકલ્પ આનંદ ને વીતરાગી આનંદ બહાર કાઢ્યું. આહાહા!

અરે! વ્યવહારના આગ્રહીવાળાને આ એવું લાગે, અરર! આ શું કરે છે પણ? ભઈ! ભગવાન કહે છે, આ શાસ્ત્ર કહે છે એ શું કહે છે? આ સોનગઢનું શાસ્ત્ર છે? સમજાણું કાંઈ? પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગદેવને અમૃતનો સાગર પૂર્ણ ઉછળી ગયો. એવા કેવળજ્ઞાનની દશામાં સ્વની પર્યાયનું ભાન આવતાં જે કાંઈ ત્રણ કાળ, ત્રણ લોક જણાણું બધું, એમાં આ વાણી આવી. ભગવાન! તું તો અતીન્દ્રિય આનંદમય છોને પ્રભુ! તારામાં સંસારના સુખની કલ્પનાની ગંધ નથી. આ પૈસા, આબરૂ ને કીર્તિ ને ધૂળધમાલ ને સ્વર્ગના એના દેવો સુખી છે (એમ) મૂઢ માને છે. સમજાણું કાંઈ? એ રાગના માર્યા અંગારે સળગ્યા છે, એ દુઃખી છે.

શ્રોતા : કબ હોતા હૈ ઐસા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અભી હોતા હૈ. દેખા નહીં ક્યા કહતે હૈં? રાગરૂપી અંગારેસે શિકતા હૈ. આ બધા તમે શેઠિયાઓ કહેવાઓ છોને ધૂળના. એય ભગવાનજીભાઈ! આ પચાસ-પચાસ, સાઈઠ-સાઈઠ લાખ ને ધૂળ લાખ બધી ભેગી. આમ માને છે એ. ધૂળમાંય નથી. એ ધૂળનું માહાત્મ્ય કરે છે એને ઝેરના પ્યાલા આવે છે એમ કહે છે. આહાહા! પોપટભાઈ! છ છોકરા ને પચાસ લાખ ને મોટા બંગલા ને. આહાહા! અહીં કહે છે, આહાહા!

**પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે** ઝેરનો ઘડો છે. આહા! સાંભળ્યું કઠણ પડે. દુનિયાને ભગવાન આત્મા કેવો છે એની ખબર નથી. સમજાય છે કાંઈ? અમૃતનું પૂર પ્રભુ છે એની એને ખબર નથી. અમૃતના નૂરનું તેજ ભરેલું છે એવો ભગવાન અંદર આત્મા એના અવલંબે જેટલી અમૃતની દશા, નિર્વિકલ્પ શાંતિ પ્રગટે એટલાને સાચું પ્રતિક્રમણ ને પરથી હઠ્યો એમ કહેવામાં આવે છે. એની સાથે શુભરાગ હોય એને ઝેર કહેવામાં આવે છે. હાય! હાય! લોકો તો રાડ નાખે બધા. ભડક જાયે તો ક્યા કરે? વસ્તુ ઐસી હૈ. ઐસી વસ્તુ હૈ ઉસમેં ક્યા? આહાહા! (શ્રોતાઃ અંદરમાં પ્રમોદ આવવો જોઈએને.) પ્રમોદ, સ્વ તરફનો પ્રમોદ આનંદમૂર્તિ પ્રભુ... આહાહા!

આનંદ, અતીન્દ્રિય આનંદનો એ તો પુંજ પ્રભુ આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ વ્યવહાર પ્રતિક્રમણ, મિચ્છામિ દુક્કડમ્ એમ કહેવાનો જે ભાવ આવે એ બધો ઝેરભાવ છે કહે છે. ભગવાનભાઈ! નાઈરોબીમાં તો કાંઈ કહે નહીં, આવું સાંભળ્યું ન હોય. ત્યાં તો ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, દાન આપો, ધર્મ થાશે. ધૂળેય નથી ધર્મ, સાંભળને હવે! તારા પૈસા-બૈસામાં ક્યાં ધર્મ હતા? ધમાલ કરશે. સાચી વાત છે. આ ખૂબી સમાજની. દસ-દસ લાખના મંદિરો (બનાવે), જાણે ધર્મ કર્યો. એ વીરચંદભાઈ! અરે! ધર્મ ક્યાં છે? ભાઈ!

ધર્મનો ધરનાર ભગવાન ત્રણ લોકનો નાથ આત્મા પોતે, એના આશ્રયના અવલંબનમાં ગયા વિના ધર્મ ત્રણ કાળમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? કેમ હશે બાબુભાઈ? આમાં છે કે નહીં? જુઓ!

**પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.** અંદર વિકલ્પ ઉઠેને વ્યવહાર સમકિતનો એને પ્રેરણા સમકિતનું નિમિત્ત કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શન, એ તો ભગવાન પૂર્ણાનંદનો અંતર અનુભવ થઈને પ્રતીતિ. સાચા દેવ, ગુરુ સાચા.. સમજાય છે? પંચમહાવ્રતના પરિણામ એ બધા ઝેરના ભાવ છે. સમજાણું કાંઈ? શુભરાગ વ્યવહાર સમકિત, એ વ્યવહાર સમકિત ઝેર છે એમ કહે છે. વ્યવહારુ જ્ઞાન, શાસ્ત્રના જ્ઞાનના ભણતર ને મોટા થોથા ભણી-ભણીને જ્ઞાની અમે છીએ, કહે છે કે ઝેર છે. સમજાણું કાંઈ? ભગવાન અમૃત-સ્વરૂપ પ્રભુ એમાંથી અમૃત કાઢ્યું નથી અને એકલા વ્યવહારને માને એની અહીં તો વાતેય નથી. આહાહા! સમજાણું કાંઈ?

સમકિત, જ્ઞાન ને ચારિત્ર એવું જે પ્રગટ્યું હોય નિશ્ચય, એની સાથે વ્યવહાર સમકિતનો વિકલ્પ, વ્યવહાર શાસ્ત્રજ્ઞાનનો વિકલ્પ–રાગ, મહાવ્રત આદિનો વિકલ્પ–રાગ એ બધો વ્યવહાર પ્રતિસરણ વિષનો ઘડો છે–ઝેરનો ઘડો છે. એનો અર્થ એવો નથી કે એને છોડીને અશુભ કરવું. એનું સ્વરૂપ આવું છે. એનાથી હઠીને અંદરમાં જતાં આનંદ અમૃતનો જે ઓડકાર આવે, અમૃતનો અતીન્દ્રિય અનુભવ આવે એનું નામ ધર્મ કહેવાય છે. બાકી બધું થોથેથોથા છે. આહાહા! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, ગુણ એટલે એની જે પર્યાય હોં અહીં, એની જે પ્રેરણા એટલે વ્યવહાર, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારચારિત્ર એ બધો ઝેરનો ઘડો છે. પહેલા નવા સાંભળનારા હોય આ ભડકે હોં કે આ શું? બાપુ! વસ્તુ તો આવી છે ભાઈ! તને ખબર નથી.

શ્રોતા : શુભરાગ ઉપરની વાત છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શુભરાગ વિકલ્પ છે. રાગ હોય અશુભથી બચવા, પણ છે એ ઝેર. એને, નિશ્ચય પ્રતિક્રમણ ને નિશ્ચયદશાવંતના વ્યવહારભાવને વ્યવહારે અમૃત કહેવામાં આવે છે. વ્યવહારે, નિશ્ચયથી તો ઝેર છે. આહાહા! કહો, ભીખાભાઈ! આમાં ક્યાંય... (શ્રોતાઃ આમાં ધોરણ બેસતું નથી ક્યાંય.) નથી બેસતું ક્યાંય? આહાહા! એ દરબાર, ભગવાનના દરબારમાં જાવું એ તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? ભગવાનનો દરબાર, અંદર આત્માનો દરબાર તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિથી ભરેલો છે. બાપુ! તને ખબર નથી ભગવાન! આહાહા! તારા ભગવાનની મહિમાની તને ખબર નથી. એ બધા શુભરાગની ક્રિયાકાંડમાં ધર્મ માની ચોરાશીના અવતારમાં ઘોર સંસારમાં રખડનારા છે. સમજાણું કાંઈ?

આવશે આગળ. પાછળ આવશે કળશ. ઘોર સંસારનું મૂળ છે. પાછળ આવશે કળશમાં. કળશમાં આવે છે. આહાહા!

અરે! ટાઢે પેટે વાત તો સાંભળ પ્રભુ! શાંતિનો સાગર પ્રભુ છેને અંદર આખો. પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગદશા, જ્ઞાન જેની શક્તિ છે. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ નિર્દોષતા, પૂર્ણ પ્રભુતાના ભાવથી ભરેલો ભગવાન એની સામું જોઈને, આશ્રય કરીને જે દશા પ્રગટ થાય એ દશાને ધર્મ કહેવામાં આવે છે. બાકી બધું થોથેથોથા છે. એ પ્રકાશચંદજી! આહાહા! હોય છે, જ્યાં સુધી પૂર્ણ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા એવો ભાવ હોય છે, પણ એની દૃષ્ટિમાં તો અમૃતને લૂંટનાર છે માટે ઝેર છે, એને હેયબુદ્ધિએ જાણવું જોઈએ. આહાહા! આવો માર્ગ પ્રભુ! ભારે ભાઈ!

**પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.** ઊંધી શ્રદ્ધા કે આ અશુભ આદિ રાગ ન હોય, એનું નિવારણ કરીને જે શુભરાગ થાય એ પણ ઝેરનો ઘડો છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રાયશ્ચિત લે છેને પ્રાયશ્ચિત્ત, એમાં જે શુભભાવ આવેને. નિશ્ચયપ્રાયશ્ચિત્ત તો સ્વરૂપમાં રમણતા તે નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. એ આગળ આવશે આમાં. અમને પાપ લાગ્યું તો મિચ્છામિ દુક્કડમ્, અમને ... આપો, અમને દંડ આપો. એ બધો શુભવિકલ્પ રાગ છે. કોને (હોય એ) વ્યવહાર? જેને નિશ્ચય સ્વરૂપનું આલંબન પ્રગટ્યું છે એને. જેને ભાન નથી કે ચૈતન્ય ભગવાન કોણ છે, એની સન્મુખ થયો નથી, એના ભાન કર્યા નથી, એને જગાડ્યો નથી, એ વિનાના વ્યવહાર થોથેથોથા છે. ઘોર સંસારના મૂળમાં રખડવાના છે એ. સમજાણું કાંઈ?

**ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર...** 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં' એ મંત્રનો જાપ એ શુભરાગ, ઝેર છે. એ શાંતિભાઈ! ભારે આકરૂં આ. પંચ નમોકાર મહામંત્ર. પણ એ પરદ્રવ્ય છેને. એ ક્યાં આત્મા છે? આ ક્યાં છે એ? સમજાણું કાંઈ? આહાહા! (શ્રોતાઃ ચૌદ પૂર્વનો સાર કહ્યો છે). ચૌદ પૂર્વનો સાર મંત્ર. મંત્રનો અર્થ એ મંત્રની અપેક્ષાએ. ભગવાન આત્માનો મંત્ર કે જે ચિદાનંદ પ્રભુ એની જે અંદર મંત્રણા કરીને વીતરાગી દશા કાઢી એને સાચું પરિહાર અથવા ધારણા કહેવામાં આવે છે. આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યઘન છું—એવી અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન ને ધારણા કરી એ ધારણા સાચી છે. બાકી પંચપરમેષ્ઠીને નમસ્કાર, 'ણમો અરિહંતાણં' ૐ.. ૐ.. ૐ.. ૐ.. ૐ.. ૐ.. ૐ.. એ બધા વિકલ્પો ઝેર છે. ભીખાભાઈ!

અરેરે! પરમાત્મા ત્રણ લોકનો નાથ અંદર કોણ છે એની એણે કિંમતું કરી નહીં ને એકલી ક્રિયાકાંડના રાગમાં... એ ચીમનભાઈ! આહાહા! આઠ દિ'ના પર્યુષણ. ધમાલ કરશે, અપવાસ કર્યા, .... સામાયિકું કરી ને પોષા.... કાંઈ સાર નથી. કાલ હતુંને પહેલું કાંઈક. માણસ ખીચોખીચ ભરાય. આ આપણા ધર્મના દિવસ છે. બાપુ! પણ ધર્મ કેમ થાય એની ખબર છે? અપાસરે જાય ને પોષા કરીને બેસે એ ધર્મ, સામાયિક કરીને બેસે, ણમો અરિહંતાણં... જાવ, બે

ઘડી થઈ ગયું, ચાર ઘડી થઈ ગયું. અરે નાથ! સાંભળને પ્રભુ! એકવાર. (શ્રોતાઃ પોષા એટલે?) પ્રૌષધ.. પ્રૌષધ. આત્માને ગુણ વડે પોષવો. પંદર દિ'એ એક અપવાસ કરે, ધ્યાનમાં અંદર વિચારમાં રહે. જેમ ચણો પાણીમાં પોષાયને, એમ આનંદમાં આત્મા રહે એ આનંદનું પોષણ કરે એનું પ્રૌષધ. એ શાસ્ત્રભાષા છે. પોષા-બોષા કર્યા છે કે નહીં પોપટભાઈ? કર્યા છે, ઠીક. કહો, સમજાણું કાંઈ?

**પંચનમસ્કારાદિ મંત્ર**... આદિ શબ્દે ૐ અને હ્રીં, ફલાણુ ને ઢીકણું. ૐ.... આવે છેને ઘણા મંત્ર. જ્ઞાનાર્ણવમાં બહુ આવે. એ બધા મંત્રોનો જાપ શુભરાગ છે. અમૃતસ્વરૂપ ભગવાનથી વિરુદ્ધ છે. એ મલુકચંદભાઈ! શું છે પણ આ? આવો ધર્મ? આ બધા નાસ્તિક થઈ જશે. એ ગિરધરભાઈ! બાપુ! આસ્થા કર તો ખરો. આ અતીન્દ્રિય આનંદનો નાથ છે. અહો! પૂર્ણાનંદથી ડોલી રહ્યો છે. આહાહા! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો ભગવાન, અરે! એનો વિશ્વાસ તો લાવ. આહાહા! વસ્તુ અંદર આત્મા પોતે પૂર્ણ આનંદ, અતીન્દ્રિય જ્ઞાનનો દરિયો છે. કેવળજ્ઞાન, ત્રણ કાળ, ત્રણ લોકને જાણે (એવું) કેવળજ્ઞાન એ પણ જેની પાસે એક તુચ્છ વસ્તુ છે. આહાહા! એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી એક પર્યાય અવસ્થા (પણ) જેના અનંત આનંદ ને જ્ઞાન આગળ તો તુચ્છ, અપરમભાવ છે. આહાહા! એ પરમભાવ નહીં. આ કરવાનું છે એ કર્યું નહીં, મફતના થોથા કર્યા. સમજાણું કાંઈ?

ૐ.. ૐ.. ૐ.. ૐ.. જપો. શું ૐ જપે? ૐ.. ૐ.. કરે છે એ વિકલ્પ છે–રાગ છે. ન્યાં ક્યાં આત્મા છે એમાં? સમજાણું કાંઈ? એ વિકલ્પની–રાગની પાછળ ભગવાન બિરાજે છે. આહાહા! એનો સ્પર્શ કર્યા વિના–ભગવાનને અડ્યા વિના આમ રાગને એકલું અડવું એ તો... કહે છે કે એકલું અડવું એની તો અમે વાતેય કરતા નથી. નિશ્ચયના ભાનવાળો આત્માને સ્પર્શેલો જીવ એને પણ હજી આવો વિકલ્પ આવે. સમજાણું? **પંચનમસ્કારનો મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે...** આ ભગવાનની મૂર્તિના આલંબન વડે **ચિત્તને સ્થિર કરવું તે.** એ શુભરાગ છે, એ ઝેર છે.

શ્રોતા : ઉસકે બિના તો આગે બઢ સકતે નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એના વિના જ એ આગળ વધે છે. ઠીક એ પ્રશ્ન કરે છે. હોય ભલે વચમાં, પણ એનાથી વધે છે ને એનાથી સ્વનો આશ્રય કરે છે એ બિલકુલ વાત જૂઠી છે. સમજાણું કાંઈ? અશુભથી બચવા એવો ભાગ આવે ખરો, પણ છે રાગ ઝેર. અમૃતના સાગરને લૂંટનારો છે. કહો, ભીખાભાઈ!

શ્રોતા : જ્યારે એ સ્થિર થાય તો વસ્તુના....

પૂજ્ય ગુરૂદેવશ્રી : સ્થિર થાય ત્યારે જોવાય અંદર. એ વિના બધા વિકલ્પના ઝેર છે એમ કહે છે. જ્ઞાન તો કરે, એની શ્રદ્ધા તો કરે કે માર્ગ આ છે. એ વિના, લોકોને સમજાવીને

ઊભા રાખ્યા હોય, બધા રખડવાના રસ્તા છે. ચોરાશીની ઘાણી પિલાઈને મરી જાય છે અનંતકાળે. આહાહા! એ ચોરાશીના અવતારને મૂકવાનો રસ્તો, પ્રભુ! ભગવાન પૂર્ણાનંદનો વિશ્વાસ, આશ્રય, જ્ઞાન અને સ્થિરતા. આહાહા! એનું જ્ઞાન હોં. શાસ્ત્રનું જ્ઞાન નહીં, લૌકિકજ્ઞાન નહીં, બધા પર છે.

'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે' એવું આવે છે આનંદઘનજીમાં. આનંદઘનજીમાં આવે છે. શાસ્ત્ર શું કરે? શાસ્ત્ર તો પરવસ્તુ છે, વાણી છે. દિશા દેખાડે જરી કે જુઓ! વસ્તુનું સ્વરૂપ. .... જેઠાભાઈ! આનંદઘનજીમાં આવે છે. 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે'. વીતરાગની વાણી– ત્રણ લોકના નાથ પરમાત્મા કેવળજ્ઞાનીની વાણી તો આમ જગતને દિશા દેખાડી અળગી રહે. આહાહા! 'માર્ગ બતાવ્યો' ત્યારે કહેવાય કે એ સમજ્યો હોય ત્યારે આ નિમિત્ત છે એમ કહેવામાં આવે. આકરી વાતું બાપા! ત્રણ લોકના નાથ આત્મા એનો અણાશ્રય રહે અને લાભ થાય (એમ બને નહીં). સમજાય છે કાંઈ? ભડકે છેને તેથી. સ્ત્રી છે એ અશુભરાગનો વિષય છે, વીતરાગની વાણી શુભરાગનો વિષય છે. એ ચેતનજી! ભડકે છે. અરર! સ્ત્રી જેવી વીતરાગની વાણી?

રાગની (અપેક્ષાએ) તો એવી જ છે. એ શુભરાગનું નિમિત્ત છે અને સ્ત્રી, વેપારધંધા આદિ અશુભરાગ, પણ છે તો વિષય બધો રાગનો. ભગવાન આત્મા જે છે એ રાગ ને વિકલ્પ વિનાનો વિષય એવી ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? હળવે-હળવે ઠરાવીને ક્યાં ગયા છે? .... બાપુ! આવા અવસર.. આહાહા! એ વિકલ્પના કોલાહલ છોડ. કોલાહલ વિનાની ચીજ ભગવાન આત્મા એની દૃષ્ટિ તો કર, એનો વિશ્વાસ તો લાવ. આહાહા! અને એના વિશ્વાસ ને દૃષ્ટિ થયા પછી પણ જે આવો શુભરાગ આવે પ્રતિમા વિગેરે... વિગેરે એટલે શું? દેરાસરને દેવ કહેવાય છેને. દેરાસરને દેવ કહેવાય છે. બાહ્યથી સ્થિર કરે એનું નામ શુભરાગ છે. કહો, પૂનમચંદજી! ક્યાં ગયા લાલચંદજી? આવો માર્ગ છે. આહાહા! સાંભળતા કાયરના કાળજાં કંપી ઉઠે એવું છે.

પ્રતિમા, મંદિર, શાસ્ત્ર વગેરે. શાસ્ત્ર છેને? આ સમયસાર આદિ શાસ્ત્ર વંદનિક છેને. **બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે** શુભભાવ, એ પુણ્યભાવ, એ ઝેરભાવ. શેઠ! આ શાસ્ત્ર, ચૈત્યાલય એનું લક્ષ કરીને ભાવ પ્રગટ કરવો ઓહોહો... એ શુભરાગ ઝેર છે. અંદરમેં હોતા હૈ ઉસકી બાત કહતે હૈં યહાં. શાસ્ત્ર, ભગવાનની વાણી વંદનિક છે એ બધો શુભભાવ છે, એ ઝેર છે. એ ભાવ કરે કોણ? બાપુ! એ આવે છે, પરિણમનમાં એ ભાવ આવે છે માટે એનામાં છે એમ કહેવામાં આવે છે. કરવાલાયક છે એમ છે નહીં. આહાહા! માર્ગ એવો છે બાપા! 'ખડગની ધાર જેવો' નથી કહ્યું? 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણસેવા... સેવના ધાર પર રહે ન દેવા.' દેવોના ભાગ્ય નથી કે એ સ્વરૂપની દૃષ્ટિ

કરીને ઠરી શકે. સમજાણું કાંઈ? અથવા 'રહે ન દેવા' (અર્થાત્) અંદરના નિર્વિકલ્પ આશ્રય વિના વિકલ્પમાં રહેતા સ્થિર થઈ શકે નહીં. આહાહા!

પ્રતિમા, એવું જિનવાણી. બેય સરખા કીધા અહીં તો. કહે છેને તમારે બધા. ચંપાલાલ પંડિત ને. ભગવાનની વાણીમાં ભગવાનના ભાવ ભર્યા છે. ભગવાનના ભાવ ત્યાં ક્યાં છે? એ તો જડ છે. જેવી પ્રતિમા જડ છે, એવી વાણી જડ છે. ભગવાનના ભાવ ત્યાં રહ્યા અંદર, કેવળજ્ઞાન (આદિ) ભાવ ભગવાનમાં રહ્યા. એ વાણીમાં આવી ગયા? આહાહા! ભારે ગજબ વાત છે! એવી ઉલટી દશાએ રમે છે. ચૈત્યાલય બનાવો, પુસ્તક-શાસ્ત્ર બનાવો ને ... દો. ભગવાનની વાણી છે. કહે છે, વાણી ભગવાનની હોય જ નહીં. વાણી વાણીની છે. આવી વાતું છે જરી.

જામનગરના હીજડા-પાવૈયા હતા. સમજાણું? પોલીસ રાખો, અમને પોલીસ. વિભો જામ કહે કે તમારા કામ નહીં પોલીસમાં. રાખો તો ખરા, અમારા મોટા શરીર. એનું વીર્ય ઝરે નહીં એટલે શરીર બહુ ઓલું (મજબૂત હોય). આહા! નપુંસક ખરાને પાવૈયા. પગાર ઓછો દઈને રાખ્યા લશ્કરમાં. હીજડા-પાવૈયા બહુ હતા પહેલા આ બાજુ. પાવૈયાની શેરી, રામજીભાઈની શેરી એ પાવૈયાની શેરી હતી. એ ન્યાં રહેતા. (શ્રોતાઃ હવે એનું નામ આર્યશેરી કર્યું.) આર્યશેરી... ઓલું ખોટું નામ લાગેને. એ તો નામ ગમે એવું હોયને, એમાં શું થઈ ગયું? આહાહા! કબીર નથી કહેતા? 'કબીરકા ઘર ગૌકટોકે પાસ, કરેગા સો ભરેગા, બંદા તું ક્યોં હુઆ ઉદાસ?' તારે શું છે? તારૂં ઘર (તારી) પાસે રહ્યું. સમીપમાં છે માટે તને દોષ લાગી જાય એમ છે? આહાહા!

ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતાને ભૂલી અને એકલા શુભરાગ કરે એની તો અહીં વાત કરી જ નથી. પણ જેને આત્માનું સ્મરણ થઈ ગયું છે, આત્માનું ભાન. સ્મરણ ક્યારે કહેવાય? કે એને ધારણામાં એ વસ્તુ અનુભવમાં આવી ગઈ છે. સમજાણું કાંઈ? એના અંતર નિર્વિકલ્પ સ્મરણમાં જે આનંદની લહેર આવે એને સાચો મંત્રનો જાપ કહેવામાં આવે છે. આહાહા! બાકી ભગવાન ૐ.. ૐ.. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં..' એક ભગત હતો મોરબીનો. ભગતનો દીકરો, ભગત.... ભગત કહેવાતો. .... ૭૬માં આવ્યા હતાને બધા વઢવાણ. એ આમ માળા રાખેને માળા સામી... માળા પર નજર કરીને પાંચ નમસ્કાર (મંત્ર) બોલે. બીજે પછી આમ આંખ ફેરે, ત્રીજું આમ ફેરવે (એમ) એકસો ને આઠ (માળા). ભગત હતો. ...પ્રકૃતિ. ગંગારામ ઝવેરીનો દીકરો હતો. મોરબીના છે કોઈ? ગંગારામ ઝવેરી. ભગત હતો. માણસ નરમ........

એ માને કે આપણે બરાબર ધ્યાન રાખ્યુંને તો બરાબર ધર્મધ્યાન થાય. અરે! માળા ઉપર ધ્યાન રાખી નમોકાર ગણે તો શુભરાગ છે. ભગવાનની માળા ભજી, ત્રણ લોકનો નાથ

આનંદકંદની અંદર એકાગ્રતા થઈને આનંદની માળા ઝરે અંદરથી એનું નામ માળા છે. બાકી પત્થરની, લાકડાની માળા હાથમાં. ..ભાઈ! આવી વાતો સાંભળવી કઠણ પડે હોં. ઓલા સામા બિચારા રાડેરાડ નાખે છે. આચાર્યો ને આ બધા સાધુ... અરે! સોનગઢમાં તો ધર્મનું નિકંદન કરી નાખે છે. એનો માનેલો ધર્મ. દયા, દાન, વ્રત ને ભક્તિનો રાગ. એ (ધર્મ) હતો કે દિ'? સાંભળને હવે! બાપા! મરી જઈશ, શરણ નહીં મળે ક્યાંય. એ શરણનો દાતા, અરે! તને વિશ્વાસમાં આવતો નથી. તું કોણ છો? તારી પ્રભુતાનો પાર નથી. એવી પ્રભુતાની પ્રતીત, અનુભવમાં લાવીને જે દશા પ્રગટ થાય એને સાચું પ્રતિક્રમણ ને ધર્મ કહે છે, એ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

**નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.** વેપાર-ધંધા, બાયડી, છોકરાનો વિષય છોડ. એને છોડીને શુભભાવમાં આવ્યો, એ શુભભાવેય ઝેર છે કહે છે. બાયડી, છોકરા છોડ્યા છે, ધંધો છોડ્યો છે. ધૂળેય (નથી), સાંભળને હવે! બાયડી-છોકરા ક્યાં ગરી ગયા હતા તારામાં? એ તો બહાર હતા. દુકાનમાં ધંધા એણે છોડ્યા એવો જે શુભભાવ, અમે શરીરથી બ્રહ્મચર્ય પાળીએ છીએ એવો જે શુભભાવ... સમજાણું કાંઈ? એવા શુભભાવને અહીંયા વિષકુંભ–ઝેરનો ઘડો કહ્યો. ઝેરનો દરિયો નહીં. સમજાણું કાંઈ? આહાહા! મિથ્યાત્વભાવ એ તો ઝેરનો દરિયો છે, પણ મિથ્યાત્વભાવ રહિત એવો શુભભાવ આવે એ પણ એક ઝેરનો ઘડો છે. આહાહા! એવી તે કથની! એકલો મિથ્યાત્વભાવ, આત્મા અશુદ્ધ છે ને રાગવાળો છે ને પુણ્યથી ધર્મ થાય—એવો જે મિથ્યાત્વભાવ એ તો ઝેરનો દરિયો છે. અમૃતને લૂંટનારી દશા છે એની. સમજાણું કાંઈ?

અરે! આવા મનુષ્યપણા મળ્યા અને આ વાત ન સમજ્યો. આચાર્ય થયા, મોટા આચાર્ય, ઉપાધ્યાય... શું કહેવાય? ગણિ ને ગણાવત થઈ ગયા, પંન્યાસ.. આહાહા! ધૂળમાંય નથી એ પદવી, સાંભળને! મરી જઈશ એના પદવીના અભિમાનમાં. ભગવાન ચૈતન્યની પદવી તો તને ખબર નથી કોણ છે એ. સમજાણું કાંઈ? બાહ્ય વિષય-કષાયની ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું. એ બિચારા આવ્યા હતા જામનગર. અરે! મહારાજ! અમારા ગુરુ કહે છે કે તમે મોટી ગલતી કરો છો. જામનગર.. જામનગરમાં. ઓલી રાજકોટનો હતોને રતિલાલ. ન્યાં રાજકોટ.... એ મોઢા આગળ–અગ્રેસર ગણાયને. (જોડે) ૨૦-૨૫ માણસ. આમ મોઢા આગળ બેઠો હોય. અમારા ગુરુ એમ કહે છે કે આ બધું ગલતી થાય છે, મનુષ્યનું કલ્યાણ રુકી જાય છે. શું છે? અમારી બધી પ્રવૃત્તિ–ક્રિયાને તમે ધર્મ કહેતા નથી.

મરી જશો, કીધું, હવે સાંભળને તારા ધર્મને! અમે કહીએ છીએ એ સિવાય બધા ધર્મ ગલતી કરે છે, ઊંધું કરે છે. સાંભળ, તારે સાંભળવું હોય તો. ભાગ્યા પછી. ૨૦-૨૫ જણ આવ્યા હતા. ..... કેવા? તંબોળી. હિંમત તંબોળી. નરમ માણસ. નીકળો, મહારાજ કહે છે કે

અમારે ચર્ચા કરવી નથી. પછી તમને શું છે? શેની ચર્ચા? કુંભારની સાથે ચર્ચા? રામજીભાઈને બેસાડો ત્યાં. એ જેઠાભાઈ! આહાહા! નિવૃત્તિ કરવી બહારથી એ પણ એક શુભવિકલ્પ છે કહે છે. આહાહા! બાહ્યપદાર્થોની નિવૃત્તિમાં વિકલ્પ ઉઠે એ શુભરાગ છે. એ શુભરાગથી પણ નિવૃત્તિ કરીને અંદરમાં જવું એનું નામ સાચી નિવૃત્તિ છે. આહાહા! અમે બાયડી છોડ્યા, છોકરા છોડ્યા, ધંધા છોડ્યા. ધૂળેય છોડ્યા નથી, સાંભળને! ધર્મ છોડ્યો છે.

**નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.** અંદરમાં રાગાદિ થયો હોય તો આત્માની સાક્ષીએ નિંદા કરે છે કે આ નહીં, આ નહીં. એવો પણ એક શુભભાવ છે. અશુભરાગની અંદરમાં નિંદા કરવી એ પણ એક શુભરાગ છે. ત્રિકાળ સ્વભાવના આશ્રયની દૃષ્ટિ, સ્થિરતાની અપેક્ષાએ એ પણ ઝેર છે. પંડિતજી! સુના હૈ ઐસા પહલે? (શ્રોતાઃ કોઈ સુનાનેવાલા નહીં મિલા). મારી નાખે, વાડાને અનુકૂળ ન હોય તો આ વાડાવાળા મારી નાખે. ઝેર દીધા છે....

મને એક જણો કહેતો હતો, મહારાજ! ધ્યાન રાખજો અમદાવાદમાં. તમારી પ્રરૂપણા સાંભળીને કોઈક ઝેર આપે. કીધું, ભગવાનનું શાસન છે આ બધું. પોપટભાઈ કહેતા હતા. પોપટભાઈ નહીં, આ ભોગીભાઈ. ભોગીભાઈ આપણા. આવી તમારી વાત ને અમદાવાદમાં એકલું જોર શ્વેતામ્બરનું. કોઈક ઝેર આપશે વહોરવામાં. આહાહા! અરે! કોણ આપે, કોણ દે? બાપુ! તને ખબર નથી. આ તો આવો ભાવ કરવો... આહાહા! નિંદા, આત્માની સાક્ષીએ નિંદા ઉઠે કે આ ઠીક નહીં, આ ઠીક નહીં. અરેરે! આ શું? એ પણ એક શુભભાવ, ઝેર છે.

**ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.** ગુરુ પાસે જઈ પાપ પોતે કર્યા હોય એ પ્રગટ કરવા. મહારાજ! મેં પાપ કર્યા છે. એ પણ એક શુભભાવ, એ પણ એક ઝેરનો ઘડો છે. સમજાણું કાંઈ? **અને શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે.** બે અપવાસ કરવા, ચાર અપવાસ કરવા, સળંગ કરવો, આ રસ ન ખાવો, હમણાં એક મહિનો દૂધ-ઘી ન પીવા— એ પ્રાયશ્ચિત્ત છે. એ બધો શુભભાવ વિકલ્પ છે. લ્યો, આઠ બોલ આવી ગયા. છેને?

**એ આઠ પ્રકારનો વિષકુંભ છે.** છે? આ ક્યાં ખાનગી રાખ્યું છે? કુંદકુંદાચાર્યે તો સત્‌ને.... એ આઠેય બોલ ઝેરના કહ્યા. સમજાણું કાંઈ? અશુભથી બચવા-અશુભથી વંચનાર્થે એવો ભાવ આવે ખરો, જ્ઞાનીને આવે ખરો, પણ જ્ઞાની સમજે કે એ છે તો ઝેર. આત્માને લાભદાયક નહીં. લાભદાયક નહીં એમ કહ્યું. આહાહા! લ્યો, બહુ સારી વાત આવી આ ગાથામાં. આપણા પંડિતજી હિંમતભાઈનો આજ જન્મદિવસ છે. ૬૫મું વર્ષ બેસે છે. **વળી એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં (૧૮૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :** એ ત્યાંની જ વાત છે.

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**कि नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः ॥**

**શ્લોકાર્થ : (અરે! ભાઈ)...** આવો વ્યવહાર હોય એને અમે 'ઝેર' કહીને તને કહીએ છીએ એ સમજાવવા કહીએ છીએ. ન્યાંથી છૂટીને અંદર જા એમ કહેવા માગીએ છીએ. એ કાંઈ શુભ છોડીને અશુભમાં આવવું એમ કહેવા માગતા નથી. આહાહા! સમજાણું કાંઈ? અને નિશ્ચય સહિતનો આવો ભાવ પણ ઝેર છે એમ (કહ્યું તો) એને છોડીને અંદર અમૃતમાં જા. એ ભગવાનને આંગણે જા અંદર. આહાહા! પર્યાયમાં લીન થા. આહાહા! ધીરજ આપી નથી. એને કહ્યું છે કે અમે આ કહીએ માટે તું હેઠો ચાલ્યો જા, છોડશું અમે શુભ (અને) શુભ છોડીને અશુભ કરશું—એમ નહીં. ફક્ત શુભને છોડીને અંતરમાં શુદ્ધમાં જાવું એ માટે આ કથન કરવામાં આવે છે. સમજાણું કાંઈ?

અરે! મરણના ટાણા આવે, આંતરડા ખેંચાય, બધા સગાવહાલા ઊભા જોયા કરે આમ કરીને. અરે! કોઈના દુઃખ આપણાથી જોવાય નહીં એમ કરીને ઊભા હોય. શું કરે ત્યાં? શેનું શરણ ત્યાં? એ આનંદનો નાથ ભગવાન છે ત્યાં જાય તો શરણ મળે એવું છે. એ પુણ્યના પરિણામ કર્યા હશે ને એનું પુણ્યકર્મ બંધાણું હશે એ શરણ આપે એવું છે? આહાહા! કહો, સમજાણું કાંઈ? આત્મા અંતર વસ્તુ નિર્વિકલ્પનો સ્વભાવ જેનો, વીતરાગીબિંબ આત્મા એ જિનબિંબ છે. એના શરણ વિના ક્યાંય શરણ છે નહીં. આહાહા!

કહે છે કે અરે! **જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે...** વ્યવહાર પ્રતિક્રમણના શુભભાવને પણ જ્યાં ઝેર કહ્યો, **ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.)** ત્યાં અશુભભાવ અમૃત ક્યાંથી થાય? આહાહા! અરે! ભાઈ તને શું કહ્યું? તને ઊંચો ચડાવવાની વાત કરી ને તું હેઠો હેઠો ક્યાં જા છો? સમજાણું કાંઈ? પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે ત્યાં અપ્રતિક્રમણ... અપ્રતિક્રમણ એટલે અશુભભાવ-પાપભાવ—હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ-ક્રોધના ભાવો એ અમૃત ક્યાંથી હોય? જ્યાં શુભભાવને ઝેર કહ્યું ત્યાં અશુભભાવ અમૃત ક્યાંથી હોય? આહાહા! સમજાણું કાંઈ?

દેશનો, કુટુંબનો, બાયડીનો પ્રેમ, પૈસાનો પ્રેમ, આ દેશનો પ્રેમ... દેશ કોના બાપા? અમારા દેશ. મરો દેશને માટે, કહે છે. આ દેશ કે દિ' તારા હતા? તારો દેશ ભગવાન અંદર બિરાજે છે ત્યાં છે. મરી જાય પછી શું કહેવાય? શહીદ. અમારા દેશને ખાતર અમે મરીએ છીએ. શેનો દેશ? સાંભળને! મહા મિથ્યાત્વના મરણ છે તારા, સાંભળને! એય! અસંખ્ય

પ્રદેશી ભગવાન અનંત આનંદનો કંદ એ તારો દેશ છે. આહાહા! એમાં જવા માટે અમે શુભને ઝેર કહીએ છીએ. શુભથી છોડીને અશુભમાં જાવું એમ અમે કહેતા નથી.

**તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?** અરે! આવી ઊંચી વાત સાંભળીને, શુભ છોડીને એકલા પ્રમાદમાં પડ્યા. શુભનાય ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? એમ કહે છે. **નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી?** આહાહા! શુભભાવ તો ઝેર છે, તો હવે ચાલો ફરવા. ત્યાં ક્યું અમૃત થઈ જશે ફરવામાં? ત્યાં તો અશુભભાવ છે. સમજાણું કાંઈ? આ સાંજે ફરવા જાય છેને હવા ખાવા. શરીરની અનુકૂળતા માટે ફરે એ તો પાપભાવ છે. એય! અરે! તને ઊંચે જવાની વાત કરી તો નીચે કેમ ઉતરે છો? આ શું થયું તને? આહાહા! **નિષ્પ્રમાદી થયા થકા**... વિકલ્પને ભૂલીને સ્વરૂપમાં ઠરવા માટે આ વાત તને કરીએ છીએ. (નિષ્પ્રમાદી) થયા થકા ઊંચે કેમ ચડતા નથી? એમ જરી આચાર્યે વિસ્મયતા કરી છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ અમાસ, ગુરુવાર, તા. ૭-૯-૧૯૭૨**
**શ્લોક-૧૨૩, ગાથા-૯૩, પ્રવચન નં. ૯૦**

૯૨ ગાથાનો ૧૨૩મો કળશ છે.

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम् ।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे ॥१२३॥**

**શ્લોકાર્થ : આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે...** આહાહા! વીતરાગ સ્વરૂપ આત્મા એના આશ્રય વિના જેટલા વિકલ્પો વ્યવહારના ઉઠે એ બધા ઘોર સંસારનું મૂળ છે. આકરું કામ છે, કઠણ કામ છે, અપૂર્વ પુરુષાર્થ છે એમાં. એકલો ભગવાન આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ધ્રુવ એના આશ્રય, ધ્યાન વિના જે કાંઈ વિકલ્પો ઉઠે શાસ્ત્રવાંચનના, ભક્તિના, વાણીના, સાંભળવાના, કહેવાના—એ બધા ભાવો બંધનું કારણ છે. ઘોર, બધું ઘોર સંસારનું મૂળ છે. ભગવાન આત્મા... 'હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહીં કામ..' વીતરાગનો માર્ગ છે શૂરાનો, પુરુષાર્થહીનનું ત્યાં કામ નહીં. ભગવાન આત્મા... જુઓ! આમાં તો વ્યવહાર–જિનાજ્ઞાએ કહેલો વ્યવહાર, શાસ્ત્ર અધ્યયન, વિનય, વૈયાવચ્ચ, ભક્તિ, પૂજા, સ્તવનનો વિકલ્પ એ બધું ઘોર સંસારનું મૂળ છે, બંધનું કારણ છે, એ સંસારનું કારણ છે. આકરો સંસાર. સંસાર ગતિમાં પ્રવેશ કરાવે છે શુભભાવ. સમજાણું કાંઈ? માર્ગ એવો છે.

નિર્વિકલ્પસ્વરૂપ ભગવાન આત્માનું ધ્યાન, એને ધ્યેય બનાવીને ધ્યાન, એનો આશ્રય લઈને થતી દશા, એ સિવાય જેટલા વિકલ્પો હોય એ બધું ઘોર સંસારનું મૂળ છે. આકરું પડે છે માણસને હોં. એય! વીતરાગની વાણી સાંભળવી (કઠણ). છે વિકલ્પ ને ઘોર સંસારનું મૂળ છે. એ શેઠ! હોતા હૈ તો કહતે હૈં. આહાહા! પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ પોતે છે એને ધ્યાનમાં ધ્યેય બનાવ્યા વિના જેટલા વિકલ્પો પરલક્ષે થાય એ બધા સંસારનું મૂળિયું છે. એ ભાવ પોતે જ સંસાર છે. આહાહા! કહો, જેઠાભાઈ! આકરું ભારે કામ ભાઈ!

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : શું કીધું છે? છે કે નહીં સામે? આત્મધ્યાન... ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ અમૃતનો પિંડ પ્રભુ એના ધ્યાન વિના, એનો આશ્રય લીધા વિના, એને ધ્યેય બનાવ્યા વિના જેટલા વ્યવહારના વિકલ્પો ઉઠે એ સંસારનું મૂળ, ઘોર સંસાર છે. આહાહા!

સમજાણું કાંઈ? હવે જેને દુનિયા સાધન કહે છે. સાધન માનતી હૈ કિ યે સાધન હૈ. બહુ આકરો માર્ગ.

વીતરાગની વાણી સાંભળવાનો વિકલ્પ એ ભવનું કારણ છે. વીતરાગ સિવાય આ વાત (ક્યાંય છે નહીં). આહાહા! સમજાણું કાંઈ? વીતરાગ એમ કહે છે કે અમને માનવાનો તારો જે ભાવ-રાગ એ સંસારનું કારણ છે. આહાહા! અમારી વાણી... એની વાણી નથી, વાણી તો વાણીની છે, પણ એ વાણીનું અધ્યયન કરવામાં જે વિકલ્પ આવે, સાંભળવામાં જે વિકલ્પ આવે, આહાહા! એનો ભેદ પાડીને વિચાર કરવામાં જે વિકલ્પ-રાગ આવે, એ સંસાર છે. આહાહા! આત્મધ્યાન સિવાયનું બીજું બધું... એમ કહ્યુંને?

એક સ્વ ભગવાન આત્મા એના આશ્રય વિનાનું, અંતરમાં ધ્રુવ અવલંબન વિનાનું, નિત્યાનંદ પ્રભુ એને ધ્યાનમાં ધ્યેય બનાવ્યા વિનાનું જેટલા વિકલ્પો ઉઠે, શાસ્ત્રના વાંચન, સાંભળવું, ધ્યાન, પૂજા, ભક્તિ, જાત્રા, સમ્મેદશિખરની જાત્રા ને ભગવાનની જાત્રા, ભગવાનના સમવસરણમાં જાવું એ જાત્રા.., ભારે આકરું કામ ભાઈ! એ બધો શુભ વિકલ્પ છે, રાગ છે. એ બધો ઝેર, (ઘર)માંથી ખસીને ઘોર સંસારનું મૂળ છે એમ કહે છે. એ ઘરમાંથી ખસી ગયો છે. આહાહા! આવી વાત વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય (ક્યાંય છે નહીં). એ એમ કહે કે અમારી સામું જોવામાં તને રાગ થાય એ સંસારનું કારણ છે. આહાહા! વીતરાગ કહે એ. સમજાણું કાંઈ? અમારા સંતો-સાચા મુનિઓ ધર્માત્મા એને આહાર-પાણી દેવાનો વિકલ્પ પણ ઘોર સંસારનું મૂળ છે. એ શેઠ!

(શ્રોતાઃ શ્વેતામ્બરમાં આવું કોઈ સમજાવનાર નહોતું.) આ શેઠેય પઢ્યા હતા. ત્યાં ક્યાં ભાન હતું? (શ્રોતાઃ દિગંબરમેં ઐસે કહીં બાહર કથન નહીં હોતે થે.) આહાહા! ભગવાન! તારી મહિમાનો પાર નથી. પરમાનંદ અમૃતનું પૂર પ્રભુ આત્મા, ભગવાન આત્મા... આહાહા! અરે! કેમ બેસે? પામર પ્રાણીના માપ ટૂંકા, ગજ નાના (અને) માપ કરવા વીતરાગમાર્ગના ધર્મના. સમજાય છે કાંઈ? લાલચંદજી! હૈ ઉસમેં? ક્યાં ગયા પૂનમચંદજી? પ્રભુ! તું એવડો મોટો પરમાનંદનો નાથ અંદર છો. તારા આશ્રય સિવાય, તારા અવલંબન સિવાય, તારા ધ્યાન સિવાય, આહાહા! જેટલા અપવાસ ને વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રાના વિકલ્પો ઉઠે, એ ઘોર સંસારનું મૂળ છે. હાય! હાય! એક વાત અમે સાંભળતા હતા એવું અહીંથી નીકળે છે.

ઓલો બિચારો આવ્યો હતો... ગુરુવારે આવ્યો હતોને એક પંડિત. અમે સાંભળ્યું હતું કે સોનગઢમાં વ્યવહારનો ભૂકો ઉડાવે છે. એ પ્રત્યક્ષ જોયું, એમ કહે છે. અરે ભગવાન! આહાહા! કહો, ભીખાભાઈ! આ ક્યાં, કોણે કહ્યું છે? આ વાણી કોની છે? સંતોની વાણી. વીતરાગી મુનિઓ આત્મામાં ઝૂલતા... આહાહા! સાધુ કોને કહે ભાઈ! પરમાનંદ અતીન્દ્રિય આનંદમાં, વીતરાગમાં ઝૂલતા એવા મુનિઓના મુખથી આ વાણી નીકળી. ભગવાન! તું પૂર્ણ

પરમેશ્વર છો હોં. તારા ધર્મ માટે પરના આશ્રયની બિલકુલ જરૂર નથી. આ શેત્રુંજયની જાત્રા એકવાર કરે તો પાપનો નાશ થાય, સમ્મેદશિખર 'એકવાર વંદે' આવે છેને? 'એક વાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ. નરક-પશુ ન હોય એમાં ધૂળમાં શું આમાં વળ્યું? ભારે કામ ભાઈ! પ્રભુ! તારો માર્ગ–તારા અવલંબનનો માર્ગ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ?

શ્રોતા : પ્રભુ! આપની શ્રદ્ધા છે એ કામ કરે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એની શ્રદ્ધા કામ કરતી નથી.

શ્રોતા : આપ જે કહો છો એ મને શ્રદ્ધામાં આવે છે એનું કારણ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કહે છે એની શ્રદ્ધામાં નહીં. અંતરમાં શ્રદ્ધા, એમ વાત થાય છે. કહે છે એ શ્રદ્ધામાં આવે, એ વિકલ્પ છે રાગ. આ તો શું કહે છે? ભીખાભાઈ! અહીં કાંઈ ચાલે એવું નથી ન્યાં ભિક્ષામાં. આહાહા! ગજબ વાત પ્રભુ! તું ક્યાં અધૂરો ને વિપરીત છો? પૂર્ણાનંદનો નાથ છોને. પ્રભુ! તારામાં તો અનંત આનંદ ને અનંત અમૃત ભર્યું છે નાથ! તારે પરના શરણની, પરના આશ્રયની જરૂર નથી. આહાહા! પ્રકાશચંદજી! પ્રકાશદાસજીનું નામ ચંદ થઈ ગયું. આહાહા! પ્રભુ! તું પૂરો છો, તારામાં કાંઈ ખામી નથી. તારો પરમેશ્વર બીજા પરમેશ્વરને ઇચ્છે એવો તું નથી. આહાહા! ત્રણ લોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજે એની પણ તું ઇચ્છા કર ને તને લાભ થાય એ વસ્તુ નથી ભાઈ! સમજાણું કાંઈ?

**(અને) ધ્યાન-ધ્યેયાદિક સુતપ...** અરેરે! અંદરમાં ધ્યાન કરવાલાયક આત્મા છે, ધ્યેય તે આત્મા છે અને ધ્યાન કરું એવો જે વિકલ્પ ઉઠે વચમાં એ સુતપ પણ વ્યવહાર છે, બંધનું કારણ છે. આહાહા! **(અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ)...** શુભતપ(રૂપ) મુનિપણું એ વ્યવહાર. એ વ્યવહારનું મુનિપણું પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ પાળવા એ **કલ્પનામાત્ર રમ્ય છે.** આહા! ગજબ વાત નાથ! પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ જૈન વીતરાગે વ્યવહારથી કહેલા, એ માર્ગ પણ ઝેર છે, રાગ છે, બંધન છે. આહાહા! વ્યવહાર મોક્ષમાર્ગ એ બંધનું કારણ છે, ઝેર છે એમ કહે છે. ભગવાનજીભાઈ! આહાહા! ભાઈ! તને ખબર નથી. તારી મોટપની અને તારી મહાનતાની તને ખબર નથી. સમજાણું કાંઈ? એવો મહાન ને મોટો પ્રભુ પડ્યો છે અંદર, એનો આશ્રય લીધા વિના, એના ધ્યાન વિના, જે કાંઈ વિકલ્પો ઉઠે... આહાહા! બાર પ્રકારના તપના વિકલ્પ, ત્રણ લોકના નાથનો વિનય કરવો એ વિકલ્પ. માર્ગ એવો છે ભાઈ!

'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહીં કામ'. એ હરિ એટલે આત્મા. અજ્ઞાન ને રાગ-દ્વેષનો હરનાર એવો ત્રણ લોકનો નાથ પરમાત્મા પોતે છે. 'હરિનો રે મારગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને, પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતાં લેવું નામ જોને, હરિનો રે મારગ છે શૂરાનો.' એ વિકલ્પમાત્ર બંધનું કારણ છે, મૂક મસ્તક (અર્થાત્) એકવાર છોડ. આહાહા! એ

કપૂરભાઈ! ત્યાં કલકત્તામાં છે આવું? આહાહા! મારો નાથ કેવો છે **આવું જાણીને ધીમાન...** ધી-માન—બુદ્ધિમાન, મતિમાન. આહાહા! એને ધી-માન એટલે બુદ્ધિમાન, એને મતિમાન, એને ડાહ્યો કહીએ કે ભગવાન આત્માના ધ્યાન સિવાય વિકલ્પ બંધનું કારણ છે એમ જેણે જાણ્યું એને ધીમાન કહીએ. બધા શાસ્ત્ર-બાસ્ત્ર જાણ્યા હોય અને વાતું કરતો હોય મોટી, જગતના લાખો માણસને સમજાવે એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા! ભાઈ! આપણે ઉપદેશ કરીએ તો જગતના જીવ ધર્મ પામે, એનો આપણને લાભ થાય, ભાતું મળે. ભગવાન! સુન તો સહી એકવાર નાથ! એ ઉપદેશ દેવાનો વિકલ્પ પણ બંધનું જ કારણ આહાહા! એ શેઠ! આહાહા! માર્ગ યે હૈ.

શ્રોતા : તદ્દન છૂટું થવાની જ વાત છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ એ વસ્તુ એ જ છેને, વસ્તુ એમ છેને, વસ્તુ બીજી નથી. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવું જ એનું સ્વરૂપ છે. બીજી કોઈ અપેક્ષા એને છે એમ માનવું એ એને કલંક છે. સમજાણું કાંઈ? ભારે આકરું લાગે બાપુ!

આવી વાત સાંભળનારા માણસ થોડા હોય. મોટી સભા ભરાય ને લાખો માણસો, દસ-દસ વીસ-વીસ હજાર ને. શું માંડી છે આ? ભગવાન! માંડી છો તો તારા ઘરની હોં. પણ તારા ઘરની મોટપની તને ખબર નથી. એવો મોટો પ્રભુ એ વિકલ્પ કરે ને એનો લાભ થાય એવું તારું સ્વરૂપ નથી પ્રભુ! આહાહા! સમજાણું કાંઈ? કહો, શેઠ! આહાહા! હો, વચ્ચે વિકલ્પ આવે ખરા, પણ એ ઘોર સંસાર છે. આહાહા! ચૈતન્યનો ભગવાન ડુંગર મોટો પ્રભુ જેના પ્રવાહમાંથી અમૃતના વહેણ આવે, વહેલણા આવે, આહાહા! એવા નાથને છોડીને જેટલા વિકલ્પ થાય તે ઘોર સંસારનું મૂળ છે. આ ટીકા જ આકરી લાગે માણસને. રતનચંદજી જેવા કબૂલે નહીં આને. આહાહા! બાપુ! તને ખબર નથી ભાઈ! આહાહા!

તું ક્યાં પૂરો નથી? તારામાં શું નથી? તારામાં તો અનંત અમૃત ને અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ છે. અરે! એવા આખા આત્માને કબૂલવાની શ્રદ્ધા પણ તારામાં પડી છે ત્રિકાળ. આહાહા! સમજાય છે કાંઈ? એ તને વ્યવહારની શ્રદ્ધા થાય તો નિશ્ચયની થાય એવો તું નથી. પોપટભાઈ! આહાહા! આવી વાતું. પડિકમણા કરી કેટલાય પાથરણા ફાડ્યા હશે. પણ આ વાત હતી ક્યાં? હતી? આહાહા! અમૃતનો ભગવાન સાગર મોટો એના પાણી પીવા માટે, નિર્વિકલ્પરસ લેવા માટે પ્રભુ! એની સામું જો. બીજા સામું જોતા તને વિકલ્પ ઉઠશે ને બંધનું કારણ થશે, નાથ! તને નુકશાન છે. આહાહા! ભારે કામ આકરું ભાઈ! અત્યારના સાધુઓ તો બિચારા સાંભળીને (કહે), અરર! આ શું કહે છે? બાપુ! ખબર છે તમારી હોં. તમે શું માનો છો અને તમે ક્યાં છો? આહાહા!

આ વિધિએ કરવી, આ વિધિએ ૪૫ ઉપધાન કરવા, એક ટંક ખાવું, એક ટંક ૪૦-૪૫ જાતની ચીજો ખાવી, એક દિ' અપવાસ, એક દિ' ઉપધાન, એક દિ' ઓળી, એક દિ' હોળી. કેટલી જાતના ઢોકળા ને કેટલા ઓલા (અને કહે કે) ઓળી કરીએ છીએ. ધૂળેય નથી, સાંભળને! આહાહા! એ બધા તારા વિકલ્પ પુણ્યબંધનું કારણ ને ઝેર છે. અરરર! આ વાત. વાડામાં હોય એને તો મારી નાખે હોં બીજા. અહીં તો વાડો ન મળે. આ તો ભગવાનનો માર્ગ છે. વાડો ને સંપ્રદાય અહીં છે નહીં.

શ્રોતા : ઓળી શું છે મહારાજ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઓળી (એટલે) ઐસે ખાય, લૂખું ખાય. એમાં ઘી, મીઠું મૂકીને સિંધવ ખાય.

શ્રોતા : ઓળી મતલબ રસપરિત્યાગ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, રસપરિત્યાગ. આમ અંદર ૪૫ જાતની ચીજ હોય. એક ફેરી ગારીયાધાર ગયો હતો બરાબર ઓળીમાં. અમારે ગારીયાધાર. અમારા બેન ત્યાં હતાને ત્યાં ગયેલા. એ લોકો દેરાવાસી હતા. આ ઓળીને ઠેકાણે મહારાજ વહોરવા જાય તો કેટલી ચીજું ઢોકળા ને ફલાણા ને પાપડ, ... જાતના અને મીઠાશ, મગની ચીજું. અમે ઓળી કરી છે. હોળી છે એ. આકરું કામ લાગે.

અત્યારે ચૈત્ર નોમથી તે પૂનમ સુધી બધા સાધુ ભેગા થાય. ચારેકોરથી બોલાવે. આ ઓળી ચલાવે છે, આ ૪૫ દિવસના ઉપધાન કરે છે. ઉપધાન સમજે? એક દિ'ના અપવાસ ને એક દિવસે ખાવું. જેઠાભાઈએ કરેલા છે. ભગવાનજીભાઈએ નહીં કર્યા હોય. (શ્રોતાઃ એક દિન ઉપવાસ ને એક દિન ભોજન). ૪૫ દિવસ. ખમાસણામાં ભગવાનના વંદન કરીને ઉઠ-બેસ કરીને થડ નીકળી જાય. મજૂરી છે બધી. આહાહા! એય! એમાં ભલે રાગની મંદતા–શુભભાવ હોય, માન માટે નહીં હોં, છતાં એ રાગ ઝેર છે, બંધનું કારણ છે, ઘોર સંસારનું મૂળ છે. આ વીતરાગના વચનો લોકોએ કોતરવા પડશે. સમજાણું કાંઈ? એને હૃદયમાં આલેખવા પડશે. આ વિના માર્ગ બીજો છે નહીં. આહાહા! આહાહા!

**આવું જાણીને ધીમાન પુરુષ**... ભારે કળશ છે, અમૃતથી ભરેલો કળશ છે. આ કળશ છેને કળશ. આત્મા પણ કળશ જેવો છેને જુઓને! કળશ... અંદર ભગવાન એટલા આકારે અમૃતથી ભરેલો છે. કેવો છે? **સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (લીન થતા)...** આહાહા! કેવો છે ભગવાન આત્મા? કે જે સ્વભાવિક પરમ-આનંદ અતીન્દ્રિય-આનંદ અમૃતનું ધામ પ્રભુ, સહજ પરમાનંદરૂપી પિયૂષ એટલે અમૃત એનું જે પૂર.. આહાહા! એના સ્વભાવને હદ શી? સહજ પરમાનંદરૂપી અમૃતનો પૂર આત્મા, આહાહા!

**એમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો...** એમાં લીન એવો સહજ પરમાત્મા દ્રવ્યસ્વભાવ વસ્તુ. આહાહા! મુનિને કહેવું (છે એમાં) ભાષાય ઓછી પડે છે. એવો ભગવાન આત્મા, એના માહાત્મ્ય મૂકીને દુનિયાને બીજી ચીજના માહાત્મ્ય (આવે). આહાહા! દેવીદાસભાઈ! આકરું કામ ભાઈ! સંપ્રદાયના સાધુ-બાધુ આવે, એમાં જો આ વાત કરેને, દાંડિયા ઉડે. હાલ, હાલ! એવો માર્ગ હોય કાંઈ? કાંઈ ચડવાનો માર્ગ હશે કે નહીં? આવો પાધરો માર્ગ એમ.એ. એલ.એલ.બી.નો? અહીં તો જંગલ છે સોનગઢનું. અહીં કોઈ વાડો નથી. અહીં કોઈ ધણી નથી, એક વીતરાગ ધણી છે અહીં તો. આહાહા! વીતરાગ આત્મા હોં પોતે. આહાહા!

અરે! એની વાત એણે સાંભળી નથી અને એની વાત આવી ત્યારે એને એમ લાગ્યું કે આ શું? એ એલ.એલ.બી. ની વાતું, એ તો બધે ઊંચેની વાતું છે. પણ હેઠેથી અમારે કેમ ચડવું? અમે તો ગૃહસ્થી છીએ, અમે બાયડી-છોકરાવાળા, ધંધાવાળા (છીએ). એય ભગવાનજીભાઈ! ધૂળમાંય નથી, સાંભળને! તારે અપૂર્ણ આત્માને માનવો? એ અપૂર્ણવાળો નથી તો વળી બાયડી છોકરાવાળો ક્યાંથી આવ્યો? હીરાભાઈ! આહાહા! ચૈતન્ય હીરા સરાણે ચડે છે અંદર. પર્યાય એને કબૂલીને અંદરમાં જાય છે એનું નામ ધર્મ, બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ?

**સહજ પરમાનંદરૂપી પિયૂષ**–સ્વભાવિક પરમાનંદરૂપી અમૃત, એનું પૂર.. એનું પૂર પ્રભુ છે. એમાં ડૂબતો–પરમાત્મતત્ત્વ છે એમાં અંદર પેસી ગયો છે પરમાત્મા. આ તો હજી તત્ત્વની વાત છે હોં, ધ્યાન પછી. એવા **પરમાનંદરૂપી પિયૂષના પૂરમાં (લીન થતા) એવા સહજ પરમાત્માનો**... આહાહા! એ ભગવાન પરમાત્મા પોતે એવો, સહજ પરમાનંદરૂપી અમૃતના પૂરમાં અંદર ડૂબેલો ભગવાન એવો આ પરમાત્મા પોતે છે. **એકનો આશ્રય કરે છે.** બુદ્ધિવાન ને મતિવાન તો આવા એક આત્માનો આશ્રય કરે છે. આહાહા!

આ બધા પૈસાવાળાને રાજી રાખે, પૈસા આપે, પાંચ હજાર ખરચે, દસ હજાર ખરચે. શેઠ! આ બે મોટા રાજાઓ કહેવાય બુંદેલખંડના. પૈસા આપે, ૧૧ હજાર આપો અહીં. આગળ જતા-જતા અગિયાર હજાર પૂરા કરજો. શેઠ હતા કે નહીં? અમે બેઠા હતા તે દિ' ૧૩ની સાલ, નહીં? પંદર વરસ પહેલાં. એ તો.... પંદર હજાર આપે કે અગિયાર હજાર આપે એ તો શુભરાગ છે, પુણ્ય છે, એ ઘોર સંસારના મૂળનું કારણ છે. અરર! આપણે ચાલુ છે હોં. શેઠ આપે છેને, કહે છે. આહાહા! એ પૂનમચંદજી! આવો માર્ગ મૂકાતો હશે બહાર? આ તો (બહાર) પડેલા પુસ્તકો હતા. આ કાંઈ ખાનગી રાખવા માટે નહોતા. ભગવાનની વાણી દિગંબર સંતોએ પ્રસિદ્ધ કરી છે. એ સભામાં કહેવા, મનુષ્યને કહેવા માટે હશે? એ ગુપ્ત રાખજો ભાઈસાહેબ! એવી વાતો ગુપ્ત રાખજો. આહાહા!

શ્રોતા : યે બાત ગુપ્ત હી થી, આપકે પ્રતાપસે પ્રગટમેં આ ગઈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આહાહા! જગતના ભાગ્ય છેને એટલા. આ કોણ કહે? બાપુ! અહીં તો કહે છે કે વ્યવહાર તપ જે પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ઓહોહો! .... એ બધું કલ્પનારમ્ય છે હોં. આહાહા! અરે! અહીં તો હજી એનાય ઠેકાણા ન મળે. પાંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ કોને કહેવાય એનાય ઠેકાણા ન મળે (અને) અમે સાધુ. ભાઈ! એ કુદરત નહીં સાંખે ત્યાં. સમજાણું કાંઈ? કુદરતનો ભગવાન આત્માનો સ્વભાવ એનાથી વિરુદ્ધ વિકલ્પો સાચા પંચમહાવ્રતના હોં. એના માટે કરેલો આહાર લે નહીં, એને માટે કરેલું પાણી લે નહીં.

અહીં તો બધી સગવડતાનો પાર ન મળે. (બધું) તૈયાર. કેરીયું.. શું કહેવાય? રસ. એક કરંડિયો અમારે ત્યાં આવ્યો હતો, બોટાદ. તે દિ' હતાને સંપ્રદાયમાં. એક મોટો કરંડિયો આવ્યો હતો પકવાનનો. લ્યો, મહારાજ! અરે! અહીં એ ન હોય બાપા! દેરાવાસી સાધુ (માટે) લાવે છેને. દેરાવાસી સાધુ બધી સરખાઈના થઈ ગયા છે. ખાનગી એને માટે મુંબઈથી બધી કેરીયું આવે. શું કહેવાય ઓલું? દ્રાક્ષ–અંગુર. એ સાધુ? ધૂળમાંય નથી સાધુ. જેના પંચમહાવ્રતના ઠેકાણા નથી. ખાઈ લે, શું ખાય? એ રાગ ખાય. રાગ ખાય.

પ્રભુ! આ તારો સ્વાદ, અતીન્દ્રિય આનંદના અમૃતના સ્વાદ આગળ એ રાગના સ્વાદ ઝેર છે. આહાહા! પ્રભુ! તને નુકશાન થાય છે હોં, એમ કહે છે. તારી શ્રદ્ધામાંય નથી તને, તારા જ્ઞાનમાં એ વાત બેસતી નથી, ક્યાં જઈશ તું? સમજાણું કાંઈ? એય પ્રકાશદાસજી! એ મુંડાવાના હતા, વળી રહી ગયા. રહી ગયા વળી. આહાહા! આવી વાતું સાંભળવાને મળવી મુશ્કેલ. બાકી તો બધી ઘણી વાતું કરે. ખબર છે ને અમને. આહાહા! ૧૩-૧૩ વર્ષથી તો બધી સાંભળીએ છીએ, દુકાનમાં હતા ત્યારથી. હવે ૮૩ વર્ષ થયા. ૮૦ ને ૩. દુકાન ઉપર બધી વાતું સાંભળતા સાધુની. આવા સાધુ છે ને આવા છે ને આવા. હશે ભઈ, કીધું, આપણે શું છે?

એક સાધુ એવો આવ્યો હતો, પુરૂષોત્તમભાઈ. આપણે પુરૂષોત્તમભાઈ હતાને. મુંબઈથી આવેલા. આપણે નાની ઉંમરના, આપણને કાંઈ ધર્મની ખબર નહીં. વહોરવાનું ટાણું થયું, ઘર મોટું અમારું ત્યાં ત્રીસ માણસનું. એણે કીધું, બેન સેવા આપશે..... કીધું, ચાલો આપણે ...માં. ...માં ગયા. એક ઝાડ હતું એની નીચે બેઠા. એ કહે, આહાહા! આ ઝાડને કેટલું પુણ્ય બંધાતું હશે? સડસઠની વાત છે, સંવત ૧૯૬૭. આપણને શી ખબર? સાધુ કાંઈ ખોટું બોલતા હશે? ઝાડનો છાયો એની હેઠે બેસે, એને શાતા વળે, એનું પુણ્ય બંધાય એકેન્દ્રિયને. આહાહા! આવી વાત છે. ઝાડને પુણ્ય થાય. છાયા હૈ ન. છાયા નીચે બેસે. તડકો હતો, ઉનાળો હતો. વહોરવાને વાર હતી જરી. ઘરે બેનને પૂછ્યું કે મોટીબેન! આહાર થયો છે? વાર છે. ઠીક, ચાલો, આપણે પછી આવીશું. પછી કાંઈ ન મળે. આહાહા! આવું.... બધું એમ જ ચાલે છે. દુનિયાને ડોળે જોયું છે બધાને.

અહીં કહે છે... આહાહા! તું કોણ? તું કોણ? સહજ પરમાનંદરૂપી અમૃતના પૂરમાં ડૂબેલો તું આત્મા. આહાહા! સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર એમાં ડૂબેલો–એમાં લીન થયેલું તારું તત્ત્વ છે અંદર. આહાહા! સમજાણું કાંઈ? એનો આશ્રય લે તો ધર્મ થાય, બાકી થોથેથોથા છે. ગિરનારમાં ને શેત્રુંજયમાં ને સમ્મેદશિખરમાં લાખ માથા ફોડે, ધર્મ નથી, લે. પ્રકાશદાસજી! આહાહા! આ પર્યુષણમાં અઠ્ઠાઈયું કરે, .... કરે ને અપવાસ આહાહા! લાંઘણું કરીને મરી જાય બિચારા. આહાહા! પ્રભુ! તારી પાસે પૂરું પૂર પડ્યું છે. એમાંથી પાણી પી થોડું. એમાં અંદર એકાગ્ર થા, એનું ધ્યાન કર ને જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ ધર્મ છે. બાકી ધર્મ-બર્મ છે નહીં. આહાહા! અહીં તો બહારથી ભક્તિ કરો, ભગવાનની લગાવો ભક્તિ, આમ કરો, તેમ કરો, શણગાર કરો, શોભા કરો. ધૂળમાં નથી, સાંભળને હવે! આહાહા!

ભાષા કેવી વાપરી છે! 'સહજ'. પહેલો 'સહજ' શબ્દ તો પરમાનંદરૂપી અમૃતનું પૂર લીધું. એ હવે દ્રવ્યનું લીધું. એમાં લીનરૂપ સહજ પરમાત્મા... ભગવાન સ્વભાવિક પરમાત્મા પોતે છે. સહજ પરમાનંદના અમૃતરૂપ પૂરમાં ડૂબેલું તત્ત્વ ભગવાન છે. એમાં રાગ ને પુણ્યનો વાસ છે નહીં, ગંધ નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? '**એકનો**' પાછી ભાષા એમ છે જોયું! એવા પરમાત્માનો એકનો આશ્રય કરે. બુદ્ધિવાન તો એને કહીએ, આહાહા! કે આવો એક પરમાત્મા એનો આશ્રય કરે એને બુદ્ધિવંત કહીએ. બાકી બધા મૂર્ખા. એય! કહો, શોભાલાલજી! સાંભળ્યું હતું ત્યાં? અમારે શેઠ તો પહેલા આવે છેને પહેલા. આહાહા! અરે! તારી ચીજ કેવડી મોટી પ્રભુ! આહાહા! તને સાંભળતા એમ નથી થતું કે આ તે શું છે આ? આ તું કેવડો અને ક્યાં છો એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

અરે! શુભરાગાદિ ઝેર એનો અભાવ બતાવે છે અહીં પરમાનંદમાં. અને અમૃતનું પૂર વહે છે અંદર. આહાહા! એનામાં લીન એકાકાર એવો આત્મા છે અંદર. ત્રણે કાળે એવું સ્વરૂપ એનું છે. આહાહા! એનો એકનો મતિમાન આશ્રય કરે. એનું નામ મતિમાન છે. કહો, અમરચંદભાઈ! આહાહા! ભારે આકરું કામ પડે હોં. સ્થાનકવાસીમાં દયા પાળો, વ્રત પાળો ને આ કરો, દેરાવાસીમાં જાત્રા કરો ને, શું કહેવાય? શાંતિયજ્ઞ. શું કાંઈ કહે? શાંતિસ્નાત્ર. એ બધી ભક્તિઓ.... બધા ઢસરડા ઉભા કરેલા, તત્ત્વના–વસ્તુના ભાન વિના. આહાહા! આવો તે માર્ગ.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા સીમંધર ભગવાનના મુખથી નીકળેલી આ વાણી છે. સમજાણું કાંઈ? એ અહીં કુંદકુંદાચાર્યદેવ કહે છે, એનો અહીં પદ્મપ્રભમલધારિદેવ ખુલાસો કરે છે. ભાઈ! બુદ્ધિવંત તો એને કહીએ, જે સહજ પરમાનંદરૂપી અમૃતમાં ડૂબેલું તત્ત્વ ભગવાન પરમાત્મા એનો આશ્રય કરે, એનું ધ્યાન કરે, એને અવલંબે, એકનો આશ્રય કરે એને

ધર્મી કહીએ. બેનો નહીં, ભગવાનનો નહીં–બીજા ભગવાનનો નહીં. આહાહા! ભારે કળશ ભાઈ! આહાહા! પોણો કલાક થયો. પોણો કલાક થયો. આહાહા! ૯૩ ગાથા.

**झाणणिलीणो साहू परिचागं कुणइ सव्वदोसाणं।**

**तम्हा दु झाणमेव हि सव्वदिचारस्स पडिकमणं॥९३॥**

આવા અમૃતથી ભરેલો ભગવાન આત્મા એના ધ્યાનમાં એકાકાર થવું એ બધા અતિચારોનું પડિકમણું છે. આહાહા! બધા પુણ્ય ને પાપના ભાવોનું પડિકમણું પરમાત્મા એને કહે છે. આ સાંજ-સવાર ગાવું, ગડિયા ગોખે મિચ્છામિ દુક્કડમ્, સવાર ને સાંજ પથરણા ફાડે, પગથિયા ઘસાઈ ગયા કેટલાયના. પચાસ-પચાસ વર્ષથી... સમજાણું કાંઈ? આહાહા!

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**

**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

આહાહા! **ટીકા : અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.** ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ એવો પરમાત્મા તેનું ધ્યાન એ એક જ આદરણીય છે. બાકી વ્યવહાર-ફ્યવહારના વિકલ્પો બધા હેય છે, આદરવાલાયક છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? ગારિયાધારમાં અમારે હતા ...ભાઈ, વૃદ્ધ હતા બહુ. અમારે હેમચંદના મામા થાય. અમારા મોટા બાપાના સાળાના દીકરો. આણંદજી ગોવિંદજી .... એના દીકરા હતા વૃદ્ધ. હું એક ફેરી ગયો. ઓલા સગાવહાલા ખરાને એટલે આવે તો ખરા. આવ્યા હતા ખરા. જતા હતા પડિકમણું કરવા. એમ બોલે, આ કાનજીમહારાજનો એવો ધર્મ છે કે અપવાસ કર્યો ને ભૂખ લાગે તો ખાઈ લેવું. બિચારા જૂના માણસ. સગાવહાલા ખરાને બધા સગા. શિવલાલભાઈ નહોતા અહીં? એના મામાના દીકરા થાય.

આણંદજી ગોવિંદજી, વિરાટચંદ ગોવિંદજી. ત્રણ હતા ત્રણ. ગોપાળજી ગોવિંદજી. ગયા હતા. આ ક્રિયા કરે, એમાં અમારી વાત સાંભળી. આ તો એવું કહે છે કે અપવાસ કર્યો હોય ને ભૂખ લાગે તો ખાઈ લેવું. ગાંધી એમ કહે છે કે ઢેઢડીની કન્યા હોય તો પણ એની સાથે પરણવું. બે વાત કહેતા હતા. ઢેઢડી સમજ્યા? હરિજન. એમ કે ગાંધીએ આવો ધર્મ કાઢ્યો અને આપણે કાનજી મહારાજ આવું કહે છે. અરે ભગવાન! ખબર ન હોયને. જૂના માણસ, નેવું વર્ષ, પંચાણું વર્ષ હશે. પડિકમણું કરવા જાય દરરોજ.... આહાહા! અરેરે ભાઈ! તારો ભગવાન આવડો મોટો એની સામે જોવાનો વખતેય ન મળે. તેં શું કર્યું? તેં શું કર્યું? આહાહા! એ પોપટભાઈ! આ તો ભારે આકરું. આ તો જૂના માણસ સાંભળનારા હતા એટલે એને બહુ ન લાગે. નવાને તો.. આ શું કરે છે? ભગવાન છે તો આવો હોં. સત્ય તો એવી ચીજ છે. આહાહા!

**જે કોઈ પરમજિનયોગીશ્વર સાધુ...** ઉત્કૃષ્ટ વાત કરે છે, એના પેટામાં સમકિતી ને શ્રાવકની વાત, આત્માના આશ્રયની એને આવી જાય. સમકિત જે થાય એ પણ આત્મા

પરમાનંદની મૂર્તિને આશ્રયે થાય છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધાએ સમકિત-ફમકિત એ બધી વાત ખોટેખોટી ગપ્પ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન... ભગવાન સહજાનંદની મૂર્તિ પ્રભુ સહજ અમૃતના પિયૂષનું પૂર પ્રભુ આત્મા, એનું અંતરમાં જ્ઞાન કરીને પ્રતીત કરીને અનુભવ કરે એનું નામ સમકિત છે. એ સમકિત સ્વદ્રવ્યને આશ્રયે થાય છે. પરદ્રવ્યને આશ્રયે થતું નથી. આહાહા! એમ જ્ઞાન એ પણ સ્વદ્રવ્યને આશ્રયે છે. આ ભણવાનું ને ફરવાનું એનાથી જ્ઞાન ન થાય એમ કહે છે. એ ભગવાન જ્ઞાનનો દરિયો પ્રભુ છે. એને સ્પર્શે ત્યાંથી જ્ઞાન આવે, એ જ્ઞાનને જ્ઞાન પરમાત્મા ફરમાવે છે. અને ચારિત્ર, વસ્તુ આનંદકંદ પ્રભુ અમૃતનો સાગર એમાં લીન થઈ જાય, લીન થઈ જાય એને ચારિત્ર કહે છે. બાકી બધા થોથેથોથા છે. સમજાણું કાંઈ?

તેથી અહીં વાત પરમજિનયોગી (લીધી). પરમજિન એટલે વીતરાગી યોગીશ્વર. જેણે સ્વરૂપમાં યોગ જોડી દીધો છે અંદર. આહાહા! ઓલા અન્યમતિના બાવા-બાવાની વાત નથી. યોગી ને બાવા કહેવાય છેને. યોગી. આહાહા! યોગી મોટા ભોગી, સંસારના ભોગી છે. ભાન નથી જ્યાં કે આત્મા કોને કહે છે. ત્યાં ઈશ્વર કર્તા, તેને ધ્યાન કરતાં-કરતાં અંદર અજવાળું દેખાય, એનું નામ ધ્યાન. મારી નાખ્યા જગતને. સમજાણું કાંઈ? લાલચંદજી! આવી વાત ઇન્દોરમાં મૂકે તો આકરી લાગે. થોડી-થોડી વાતું મૂકાય બહાર. એકદમ કઠે એવું છે. આહાહા! ઓહોહો! અરે! સૂરજ પાસે અંધારા ક્યાં હોય? એમ ભગવાન આત્મા પરમાનંદનો પિયૂષ એમાં સંસાર ક્યાં હોય? રાગરૂપી સંસાર ત્યાં હોય ક્યાં એમાં? છે ક્યાં? આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ બંધનું કારણ ને દુઃખ છે.

સોળ શરણભાવના આવે છેને. શ્વેતામ્બરમાં વીસ બોલ આવે છે. અરિહંત, સિદ્ધ, .... જ્ઞાતાસૂત્રમાં. તત્ત્વાર્થસૂત્રમાં સોળ બોલ આવે છે. ..... સોળેય બોલનો વિકલ્પ જે છે તીર્થંકરગોત્ર બાંધવાનો, સમકિતી એને માને છે કે એ મને દુઃખરૂપ છે. આહાહા! અમારા આનંદમાં એ વિઘ્ન કરનાર છે. એમ મતિમાન–બુદ્ધિમાન–જ્ઞાની પોતાના આત્માના આશ્રયે ઠરેલી દશામાં માને છે. સમજાણું કાંઈ? **પરમજિનયોગીશ્વર સાધુ**... કેટલા શબ્દો વાપર્યા છે! સમકિતી પણ યોગી છે, પણ આ તો પરમ જિનયોગીશ્વર છે. સાધુ એટલે શું! આહાહા! 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાંસે હોય, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ..' એ સાધુ તે કોણ છે ભાઈ! સમજાણું કાંઈ? પરમજિનયોગી પરમાનંદનો પિયુષ એવો પ્રભુ આત્મા એમાં જેણે પરમયોગ જોડી દીધો છે. પરમ-જિન-યોગીશ્વર.. યોગીમાં પણ ઈશ્વર. આહાહા!

એવો **સાધુ–અતિ આસન્નભવ્ય જીવ...** નિકટ જેને કેવળજ્ઞાન વર્તે છે, મોક્ષ તો જેને આમ હથેળીમાં દેખાય છે. આહાહા! સમજાણું કાંઈ? પંચમ આરાના સાધુ હો કે ચોથા આરાના હો, વસ્તુ તો આવી હોય, એને સાધુ કહીએ. આહાહા! આમ માને કે સાધુને કુસાધુ માને તો

મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો (મિથ્યાત્વ). ગડિયો હાંકે, ખબર ન મળે. કહે છે કે આવા **સાધુ–અતિ આસન્નભવ્યજીવ...** ભવ્ય તો છે, (પણ) અતિ નજીક થઈ ગયો છે જેને મોક્ષ. આહાહા! **અધ્યાત્મભાષાએ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં...** છે? પૂર્વોક્ત સ્વ-આત્મ-આશ્રિત... આવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ, પરમ આનંદના પિયૂષથી ભરેલો પ્રભુ, એને આશ્રયે નિશ્ચય ધર્મધ્યાનમાં **લીન થયો થકો...** આનંદસ્વરૂપે ભગવાન આત્મામાં પોતે લીન થયો થકો **અભેદરૂપે સ્થિત રહે છે...** અભેદરૂપ (એટલે) જેમાં ભેદ કરતો નથી. આ ગુણી ને ગુણ એવો પણ જ્યાં ભેદ નથી એવી અભેદદશામાં જ્યાં રમે છે. આહાહા!

**અથવા સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું...** પંચમહાવ્રત ને સમિતિ, ગુપ્તિ ને વિકલ્પ—એ તો બધો આડંબર વિકલ્પનો છે. આહાહા! પછી કહે કે આ મુનિના (વચન માન્ય) નહીં, આચાર્યના વાક્ય લાવો. મુનિ આવું કહે? એ શેઠ! એ શેઠના ઓળખીતા છે રતનચંદજી, નિકટના છે. પહેલા ત્યાં રહેતાને એટલે. આપણે ત્યાં આવ્યા હતા. (સંવત) તેરમાં ક્યાં હતા? ત્યાં હતાને, તેરમાં ત્યાં સમ્મેદશિખર આવ્યા હતાને. તે દિ' તમારે અગિયાર હજારનું હતું તે દિ'. સંવત ૧૩. પંદર વર્ષ થયા. એ આમ બેઠા હતા. એ તે દિ' ક્યાં હતા? રતનચંદ હતા, ઓલા નેમિચંદ ને એનો ભાઈ હતા. એ બિચારા મોઢા આગળ આમ બેસે. રતનચંદ પાછળ બેસે. એ પણ એક જાતનો પુરુષાર્થ છેને જીવનો. શું થાય? આહાહા! આવું સાંભળીને તો... હા, બધા આવ્યા હતા. ચાલ્યું નહીં કાંઈ. આહાહા!

**સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું અને વ્યવહારનયાત્મક ભેદકરણ તથા ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું...** વ્યવહારનયસ્વરૂપ જે ભેદકરણ છેને. ધ્યાન ને ધ્યેય એવા વિકલ્પ વિનાનું... આહાહા! કેટલી વાત કરે છે! સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું, વ્યવહારનયના ભેદકરણ વિનાનું, ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું. **સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર...** ઇન્દ્રિયને ગમ્ય નહીં એવું ધ્યાન. એવું પરમતત્ત્વ **એવું જે પરમ તત્ત્વ–શુદ્ધ અંતઃતત્ત્વ...** અહીં તો એ કહે છે. આહાહા! જેમાં ક્રિયાકાંડનો આડંબર નથી, વ્યવહારનયનું ભેદકરણ નથી વસ્તુમાં–ત્રિકાળ ભગવાન આત્મામાં. **પરમ તત્ત્વ શુદ્ધ અંતઃતત્ત્વ...** પરમતત્ત્વ શુદ્ધ આનંદતત્ત્વ **તે સંબંધી ભેદકલ્પનાથી નિરપેક્ષ...** એ સંબંધીની ભેદકલ્પનાથી પણ નિરપેક્ષ છે. એવું નિશ્ચય સ્વ-ધ્યાનસ્વરૂપ... લ્યો. આહાહા! **નિરપેક્ષ = ઉદાસીન; નિઃસ્પૃહ; અપેક્ષા વિનાનું. (નિશ્ચય શુક્લધ્યાન શુદ્ધ અંતઃતત્ત્વ સંબંધી ભેદોની કલ્પનાથી પણ નિરપેક્ષ છે.)** એવા સ્વરૂપે સ્થિત રહે છે લ્યો. એને બધા પાપ ને સંસારનો નાશ થઈ જાય છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧, શુક્રવાર, તા. ૮-૯-૧૯૭૨**
**ગાથા-૯૩-૯૪, શ્લોક-૧૨૪, પ્રવચન નં. ૯૧**

નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ. જે સાધુ... તે સાધુ આવ્યુંને. **તે (સાધુ) નિરવશેષપણે–** કંઈપણ બાકી રાખ્યા વિના **અંતર્મુખ હોવાથી...** ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એના સ્વરૂપે અંતરમાં વળવાથી, અંતર્મુખ એટલે જ્યાં પદાર્થ છે ત્યાં વળવાથી... સમજાણું કાંઈ? આમાં છેને ૧૭૮ (પાનું). આ પરમાર્થ પ્રતિક્રમણ કહેવાય છે. પરમાર્થ પ્રતિક્રમણ એને કહીએ, સાચું પ્રતિક્રમણ કહો, પ્રત્યાખ્યાન કહો, ધર્મધ્યાન કહો, શુક્લધ્યાન કહો, મોક્ષનો માર્ગ કહો. નિરવશેષપણે અંતર્મુખ... પૂર્ણાનંદ પ્રભુ ધર્મ સ્વભાવનો સાગર પૂર્ણ આત્મા એના તરફનું વલણ, એના તરફના અંતર્મુખથી **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે...** અંતરમાં દ્રવ્યસ્વભાવનો આશ્રય કરનારને બધા દોષોનો ત્યાગ થઈ જાય છે. આ તો ઉત્કૃષ્ટ વાત કરી છે. જેટલે દરજ્જે... દ્રવ્યસ્વભાવ પૂર્ણ પરમાત્મા પોતે એનો જેટલે દરજ્જે આશ્રય કરે, એટલે દરજ્જે વિકારથી ભિન્ન પડે એનું નામ પ્રતિક્રમણ ને ધર્મ છે. આહાહા! મુનિની ઉત્કૃષ્ટ વાત છે.

**તેથી (એમ સિદ્ધ થયું કે) સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન...** સ્વાત્માશ્રિત... સ્વ-આત્મા કોને કહેવો એને જાણીને, એમ. પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન એવો પોતાનો કાયમી દ્રવ્યસ્વભાવ એનો આશ્રય કરીને... 'સ્વાત્માશ્રિત' એમ શબ્દ છેને? ભગવાન સિદ્ધ પણ પરાશ્રય છે, પરાત્મા છે. **સ્વાત્મશ્રિત એવા જે નિશ્ચયધર્મધ્યાન...** લ્યો, આ ધર્મધ્યાન. જેટલે દરજ્જે, સ્વ-વસ્તુ પરિપૂર્ણ પરમાત્મા દ્રવ્યસ્વભાવ–વસ્તુસ્વભાવ–ધ્રુવસ્વભાવ એનો આશ્રય જેટલો લે તેટલું તેને પ્રતિક્રમણ થાય. કહો, સમજાય છે કાંઈ? આવા પડિકમણા એ સાંજ-સવાર કરે, મિચ્છામિ દુક્કડમ, જાઓ થઈ ગયું પડિકમણું. અહીં તો કહે છે કે એકવાર પણ પોતાનો પરિપૂર્ણ પ્રભુ એનો આશ્રય કરે એટલું એને ધર્મધ્યાન થાય. સમજાણું કાંઈ?

**સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન...** ઉગ્રપણે સ્વભાવનો આશ્રય એનું નામ શુક્લધ્યાન. પરમાનંદમૂર્તિ પ્રભુ એનો મંદપણે આશ્રય એનું નામ ધર્મધ્યાન અને ઉગ્ર આશ્રય એનું નામ શુક્લધ્યાન. એવા **નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન તે બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.** આહાહા! પોતાનો પૂર્ણ સ્વભાવ ભગવાન એનો જેટલે દરજ્જે આશ્રય કરીને સ્વાશ્રય થાય, એટલે દરજ્જે એને પરથી હટવું થાય. ભારે આકરી ક્રિયા, આ ક્રિયા.

ઓલું તો મિચ્છામિ દુક્કડમ્.. મિચ્છામિ દુક્કડમ્.. જીવિયા વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડમ્.. તાવ કાયં ઠાણેણં.. આવતું હતુંને. એ બધી વિકલ્પની વાતું, પર તરફના લક્ષવાળો

ભાવ, એ ધર્મ નહીં. ભગવાન પરિપૂર્ણ પરમાત્મામાં... પોતે પરમાત્મા છે, સર્વ જ્ઞાનસ્વભાવી, પૂર્ણ આનંદસ્વભાવી, પૂર્ણ વીર્યસ્વભાવી, પૂર્ણ પરમેશ્વરસ્વભાવી, પૂર્ણ પરમેશ્વરસ્વભાવી એવો આત્મા. એનો આશ્રય કરતાં પરના આશ્રયની વૃત્તિઓ ઉત્પન્ન થતી નથી એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. પહેલી તો એની રીત સમજવી કઠણ. ભીખાભાઈ! ઓલા તો પડિકમણા કેટલાય કર્યા હશે સવાર-સાંજ, લ્યો. આહાહા!

ભગવાન પૂર્ણ, જેમાં પૂર્ણ પ્રભુતા, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ છે એવો સ્વભાવ–પૂર્ણ સ્વરૂપ વસ્તુ, નિત્ય ધ્રુવ અચળ એવો પરમાત્મા, પોતાના પરમ અમૃતસ્વરૂપમાં લીન રહે એવું તત્ત્વ, એ ખસીને બહાર આવતું નથી. આહાહા! આવો ધર્મ કઈ જાતનો હશે? ધર્મ તો આવો છે. વસ્તુ પરમાત્મા પોતે જ ધ્રુવસ્વરૂપ એનું જેટલું ધ્યાન (અર્થાત્) એ વસ્તુને ધ્યેયમાં લઈ, લક્ષમાં લઈ અને જેટલી એકાગ્રતા અંદર સ્વાશ્રયે થાય એટલું સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ સર્વ ધ્યાન જ... સર્વ અતિચાર, અતિચાર એટલે દોષો... કંઈ દોષાદિ હોય પર્યાયમાં, તો આ સ્વ-ચૈતન્યનો આશ્રય કરીને જે નિર્મળતા પ્રગટ થાય એમાં એ અતિચારો ટળી જાય, દોષો એમાં ઉત્પન્ન થાય નહીં, એને અહીંયા પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આરે! આ વ્યાખ્યા કેવી છે!

**હવે આ ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ**

**शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ ।**
**स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्॥ १२४॥**

અહો! પોતાના સ્વરૂપમાં નિર્મળ પરિણતિ દ્વારા, શુક્લધ્યાન દ્વારા, નિર્મળ વીતરાગી પરિણતિ દ્વારા, **શ્લોકાર્થ : આ શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો** છે. મનરૂપી મંદિરમાં અંતર્મુખના આશ્રયથી જેટલો શુક્લધ્યાનરૂપી દીવો પ્રકાશ્યો, **તે યોગી છે...** આહાહા! સમ્યગ્દૃષ્ટિ પણ જેટલે દરજ્જે સ્વસ્વરૂપના આશ્રયમાં એકાગ્ર છે, એટલો એ પણ યોગી છે. સમજાય છે કાંઈ? શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં ચોથા કરતાં ભગવાન પૂર્ણાનંદનો ઉગ્ર આશ્રય હોય છે, એને પણ યોગી કહેવામાં આવે છે. આવે છેને, 'ગૃહકામ કરતા છતાં..' નથી આવતું એમાં? યોગસારમાં આવે છે. ૧૮મી ગાથા ને ૬૫ ગાથા બેમાં. યોગસારની આ સજ્ઝાય નથી થાતી? હા, એમાં આવે છે.

ગૃહકાર્ય કરતા છતાં એટલે ગૃહકાર્ય હોવા છતાં, એમ. પોતાના અંતર સ્વરૂપમાં જેણે ધ્યાન લગાવ્યું છે તે ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મી થઈને ક્રમે મુક્તિને પામે છે. અહીં કેટલાક કહે, ભઈ, ગૃહસ્થાશ્રમમાં તો આવો ધર્મ ન હોય. એ તો મુનિ થાય એને ધર્મ હોય. ... કીધું. યોગસાર, છેને આમાં. યોગસાર. આ તો છઢાળા, નહીં? એમાં એ આવે છે ૧૮મો શ્લોક અને ૬૫મો. ગૃહકાર્ય કરતા... મોઢે કો'કને છે કે નહીં? હેયાહેયનું જ્ઞાન. જિનેશ્વરપદ આત્મા,

નિર્વિકલ્પ સહજાનંદની મૂર્તિ આત્મા એ જિનેશ્વરપદ છે, પોતાનું પદ જ જિનેશ્વર છે આહાહા! એને ગૃહકામ કરતાં હેયાહેયનું જ્ઞાન છે. છોડવાલાયક છે રાગાદિ અને સ્વરૂપ પૂર્ણ છે એ આદરવાલાયક છે—એવું જ્ઞાન કરીને જે અંદરમાં લીન રહે છે એ પણ મોક્ષને માર્ગે છે. લ્યો, અહીં આ આવ્યું. ગૃહસ્થાશ્રમમાં શુદ્ધોપયોગ ન હોય, ગૃહસ્થાશ્રમમાં ધ્યાન ન હોય. એ તો મુનિને યોગ્ય છે એ ન હોય, એમ કહ્યું છે ત્યાં. સમજાણું કાંઈ? કોઈક ઠેકાણે એવું આવે. મુનિને યોગ્ય છે એવું ધ્યાન ન હોય. પણ એને આત્મા...

અહીં કહે છેને, જેટલે દરજ્જે પોતે પોતાના સ્વદ્રવ્યનો આશ્રય લીધો, ચાહે તો ગૃહસ્થાશ્રમના કાર્યમાંથી નવરો થઈ... એ કાર્ય હોય તો પણ એ વિકલ્પ છે એનો પણ એ ત્યાં જાણનાર છે. સમજાણું કાંઈ? એ સ્વદ્રવ્યનો આશ્રય તો જેટલો છે એટલો તો જ્ઞાનીને સદાય છૂટતો નથી. આરે! આવો ધર્મ કઈ જાતનો? કહો, સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ આવો છે. તીર્થંકર સો ઇન્દ્રોના પૂજનિક છે, આખા લોકના સ્વામી ઇન્દ્રો જ્યાં એની પાસે ગલુડિયા થઈને આમ બેસે એવા પરમાત્મા પૂર્ણ વીર સિંહ... પૂર્ણ વીર સિંહ... વીરતા-પૂર્ણ પરમાત્મદશા જેને પ્રગટી છે, એના મુખમાંથી આ વાણી આવી છે કે ભાઈ! પ્રભુ! તું પૂર્ણ મારા જેવો જ છો. અમે પર્યાયમાં પ્રગટ્યા છીએ, તારા દ્રવ્યમાં તેટલું જ બધું ભર્યું છે. આહાહા! એનો તું આશ્રય લે, અંદર જા. બહારનો આશ્રય છોડી અંતરનો આશ્રય લે. એનું નામ પ્રતિક્રમણ ને ધર્મધ્યાન કહેવામાં આવે છે. ઉત્કૃષ્ટ આશ્રય લીધો એને શુક્લધ્યાન કીધું.

એ **મનોમંદિરમાં પ્રકાશ્યો** છે. આહાહા! ચૈતન્યની પર્યાયમાં, ભગવાન પૂર્ણાનંદ છે એ પ્રકાશ્યો છે. સમજાણું કાંઈ? જેની વર્તમાન જ્ઞાનદશામાં વર્તમાન પર્યાયને દ્રવ્યમાં એકાગ્ર કરી છે એટલો આત્મા પ્રકાશ્યો છે. આહાહા! તે યોગી છે, તે સ્વરૂપનો સાધનાર છે. **તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.** સ્વના આશ્રયમાં પડ્યા છે તેને શુદ્ધાત્મા પૂર્ણાનંદનો નાથ પવિત્રધામ સ્વયં પ્રત્યક્ષ હોય છે. પોતે જ પ્રત્યક્ષ આત્મા થાય છે. આહાહા! જેને રાગ ને વ્યવહાર ને નિમિત્તની જરૂર નથી એવો એ સ્વયં પ્રત્યક્ષ થાય છે. ભારે વાતું ભાઈ! દુનિયાથી આખી જુદી જાતની વાત.

અત્યારે બધા ચાલે છે વાડા એ શું બધા ખોટા હશે? ખોટા-સાચાની વાત નથી, બાપુ! આ સમજ તો સાચો થા. બાકી તો બધું અનાદિથી ચાલ્યું આવે છે. એમાં કાંઈ નવી વાત નથી. તેં પર સામું જોઈને બધા કામ પુણ્ય-પાપના કર્યા છે, પુણ્ય-પાપના. બાકી તો બહારના કાંઈ કર્યા નથી. હવે કહે છે કે તારે પ્રતિક્રમણ કરવું હોય એટલે કે પાપથી, પુણ્યથી, દોષથી હટવું હોય તો સ્વનો આશ્રય લે તો પાપથી હટશે. એવો પહેલો જ્ઞાનમાં, શ્રદ્ધામાં નિર્ણય તો કરે કે આ જેટલો આત્મા પૂર્ણ સ્વરૂપનો આશ્રય લે એટલો ધર્મ થાય. જેટલો પરાશ્રય રહે એટલો પુણ્ય અથવા અધર્મ. શેઠ! ભગવાનનું સ્મરણ કરવું એ અધર્મ છે એમ કહે છે.

કાલે બિચારો એક આવ્યો હતો.... યુરોપિયન કોઈક સાથે હતો. ઈંદોરથી જુવાન હતો કો'ક. .. સાંભળ્યું. મહારાજ! અહીં તમે કાંઈક કહ્યું અને પાછું એકકોર હરિકૃષ્ણ.. હરિકૃષ્ણ ઉડાવ્યા, વળી પાછું દેરાસરમાં એ માંડ્યું ત્યાં. પણ છોકરો નરમ હતો. બોલતો નરમાશથી. .... ન્યાંય પાછું... સીમંધર ભગવાન.... એ તો તમારું પાછું આમાં મેળ ક્યાં ખાધો? કહે. આહાહા! ભાઈ! એ બીજી વાત છે. એવી વાત છે કે સ્વનો આશ્રય હોવા છતાં પૂર્ણ આશ્રય પામેલો જીવ નથી એથી એને પૂર્ણ પરમાત્મદશા, સર્વજ્ઞ વીતરાગદશા પ્રગટી હોય (એની ભક્તિ આદિ હોય). કોઈ ઈશ્વર કર્તા છે-ફર્તા છે એમેય નહીં વ્યવહારમાં.

જેને પૂર્ણ દશા પ્રગટવાની શ્રદ્ધા થઈ છે કે હું તો વસ્તુ પૂર્ણ છું, મારા સત્‌ને માટે કોઈની મને જરૂર નથી. એવું પૂર્ણ સત્‌સ્વરૂપ, સત્‌ધામ એનો જેણે આશ્રય લીધો, એણે પૂર્ણ પ્રાપ્તિ કરવા માટે પૂર્ણનો આશ્રય લીધો છે. એ જીવને પૂર્ણ પ્રાપ્તિ જ્યાં સુધી નથી ત્યારે, જેને સર્વજ્ઞ ને વીતરાગતાની પૂર્ણ પ્રાપ્તિ હોય એનું બહુમાન ને ભક્તિ એને અશુભ ટાળવા માટે આવ્યા વિના રહે નહીં. આહા! આત્મા નામની ખબર ન મળે અને કો'ક ઈશ્વર કર્તા, મને આપી દેશે એવાની ભક્તિ, એના તો શુભભાવનાય ઠેકાણા નથી.

આવો વચ્ચે ભાવ (હોય), પૂર્ણ વસ્તુ પરમાત્મા અખંડ આનંદ એનો જેને અંતર (આશ્રય છે), કોઈના અવલંબે મને લાભ નથી, મારા સ્વરૂપના અવલંબે મને લાભ ધર્મનો છે—એવું ભાન હોવા છતાં, ભાન થયા છતાં અને પૂર્ણ પ્રાપ્તિ માટે અંદર પ્રયત્ન કરી રહ્યો છે, એને પૂર્ણ પ્રાપ્તિ દશામાં નથી અને જેને પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ઉપર, એ સાક્ષાત્ હોય તોય બહુમાન આવે અને ન હોય તો સ્થાપના પ્રતિમા ઉપર બહુમાન–શુભભાવ આવે. છે રાગ ને ઝેર. પણ અશુભથી બચવા માટે એવો ભાવ આવે. બાપા! એ વિરુદ્ધ નથી. સમજાણું કાંઈ?

આ મુંબઈમાં ને દિલ્હીમાં થયું છેને હરે કૃષ્ણ.. હરે કૃષ્ણ. દિલ્હીમાંય છે.... એ છોકરો કહેતો હતો. છોકરો નરમ હતો, ઈંદોરનો હતો. દિગંબર હતો, જુવાન. પરદેશમાં ભણવા ગયો, એમાં આ રવેડે ચડી જાય. આહાહા! હું પોતે જ પ્રભુ છું, પરિપૂર્ણ છું. પરિપૂર્ણમાંથી પરિપૂર્ણની પર્યાય પ્રગટ થાય. એ રાગ ને નિમિત્તના અવલંબે થાય? એવું ભાન કરવું એ ધર્મની શરૂઆત કહેવાય અને એ પૂર્ણતા પર્યાયમાં ન હોય ત્યારે એને પૂર્ણ પર્યાય-પ્રાપ્ત ભગવાન પરમાત્મા એના પ્રત્યેનો બહુમાનનો ભાવ–શુભરાગ હોય છે, પણ એની મર્યાદા બંધની છે. સમજાણું કાંઈ? કેમકે જ્યાં સાધકસ્વભાવે જીવ છે એમાં બાધકભાવ થોડો આવ્યા વિના રહે નહીં, નહીંતર તો સાધક ન રહે, એ તો સિદ્ધ થઈ ગયો. એ બાધકભાવ આવે એને વ્યવહાર કહીએ અને સ્વરૂપના સાધને જે આશ્રય પ્રગટ્યો એને નિશ્ચય કહીએ. આવી વાત છે. એક તો પકડવું કઠણ. આહાહા!

અરે! ઘરની ચીજ છે એ ક્યાં જાય? સમજાણું કાંઈ? એ છાની કેમ રહે? એ છાની રહે એવો એનો સ્વભાવ નથી, એમ કહે છે. અલિંગ્રહણમાં છેને છઠ્ઠો બોલ. 'પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે.' આહાહા! સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં સમકિતીને પણ મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. બીજાને જાણવાકાળે ભલે પરોક્ષ કહેવાય, સમજાણું કાંઈ? પણ એ મતિ-શ્રુતજ્ઞાન પોતાની જાતને જાણવું હોય ત્યાં પ્રત્યક્ષ થાય છે. એવો જ, અહીં કીધુંને, **શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે**. આહાહા! પોતે હાજર થાય છે આમ. પર્યાયમાં હાજર થાય છે. સમજાણું કાંઈ? આહાહા! આવો ધર્મ.

આ પર્યુષણમાં તો કેટલી-કેટલી અંદર ધમાલ ધર્મની. અપવાસ, શું કહેવાય? અઠ્ઠાઈ, પ્રૌષધ. એ આઠ દિ'માં પ્રૌષધ કોઇ કરે. ઠંડી હોય તો આઠ દિ'ના પોષા કરે. 'તપસા ચ નિર્જરા'. અપવાસ કર્યો એ તપ, તપ એ નિર્જરા, નિર્જરા એ મોક્ષનું કારણ. સહેલીસટ વાત છે. એમ નથી ભગવાન! એવા તો અપવાસ-અપવાસ, આત્માના આશ્રય વિના એવા તો અનંતવાર કર્યા છે. છ-છ મહિના અપવાસ, બાર મહિનાના અપવાસ આવે છે શાસ્ત્રમાં. સમજાણું કાંઈ? એથી શું? ઉણોદરી... જુઓ! ત્યાં તો..... એક 'ણમો અરિહંતાણં' બોલે એ તપ કહેવાય. એવું આવે છે કે નહીં? અનશન, ઉણોદરી ..... વિનય. અહીં તપમાં તો બહુ આવે છે. એક 'ણમો અરિહંતાણં'ની વાત તપમાં આવે છે. સ્વાધ્યાય, વાંચણી આવે. સ્વાધ્યાય આવે એ તપ છે.

શ્રોતા : એમાં નિર્જરા થાય છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શેની નિર્જરા? બાર તપમાં આવે છે. આ તો 'ણમો અરિહંતાણં' શબ્દ એ તપમાં આવે. ...... આવે છે કે નહીં? ધર્મકથા. બાપુ! એ તો વિકલ્પની વાતું છે ભાઈ! વીતરાગનો માર્ગ, સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ. એ અભ્યંતર પણ બાહ્યતપ છે. મોક્ષમાર્ગ (પ્રકાશક)માં લીધું છે, લખ્યું છે. આહાહા! મોક્ષમાર્ગ (પ્રકાશક)માં બહુ ખુલાસા કર્યા છે. સાધારણ જનતા માટે, આ સમયસારની ટીકા આદિ શાસ્ત્રની ગૂઢ વાત ન સમજે, એને માટે ચાલતી ભાષામાં કહ્યું છે. આહાહા! એ કહે કે નહીં, અમને (બેસતું) નથી. તું મોટો પંડિત (છો તે) નક્કી કરે? આચાર્ય(ના કથન)માં અંદર ગૂઢ વાત હોય છે, એ ગૃહસ્થોએ ખુલ્લી મૂકી છે ભાષામાં.... 'અનુભવ ચોથેથી હોય' એવો ચોખ્ખો બોલ ન આવે ક્યાંય. ગૂઢમાં આવે. એનું એમણે ચોખ્ખું કર્યું છે. કે નહીં, એ તો ગૃહસ્થનું વાક્ય છે, વળી એમ કહે.

શ્રોતા : મુનિઓનું માનવા તૈયાર નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એનેય નહીં. ... કાલ આવ્યું, ઘોર સંસારનું મૂળ. (તો કહે), અરર! આ? વ્યવહારરત્નત્રયના પરિણામ, શુભયોગમાં ધર્મ માનવો, એ શુભયોગ ઘોર સંસારનું કારણ. ધારણા છેને. અનાદિથી એમ જ રાડ નાખી છે. આહાહા!

**શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે**. આહાહા! શું નાખ્યું છેને! જેણે આત્માનો અંતર આલંબન લીધું, એને આત્મા પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. આહાહા! એના ભગવાન પર્યાયમાં હાજર થાય છે. સમજાણું કાંઈ? જે અંતર પ્રભુના અવલંબનમાં પડ્યો, પૂર્ણાનંદનો નાથ દ્રવ્યસ્વભાવની જેણે મીટ માંડી, જેને ધ્યેયમાં લઈને ત્રાટક કર્યું, આહાહા! એને એ ભગવાન આત્મા સ્વયં પ્રત્યક્ષ થાય છે. સ્વયં એટલે એને રાગની મંદતા ને વિકલ્પની મંદતા હતી માટે આ થાય છે એમ છે નહીં. સમજાણું કાંઈ? આવો આત્મા. પણ આત્માને કેવી રીતે વેંચી નાખ્યો? એક ઉણોદરી.. જુઓ! બાર તપમાં એક ઉણોદરી છે, એમ નથી આવતું? એક કોળીયો ઓછો ખાય તો એને ઉણોદરી, ઉણોદરી એ તપ, તપ એ નિર્જરા, નિર્જરા એ ધર્મ, ધર્મ એ મોક્ષનો ઉપાય.

શ્રોતા : એક દાણો ઓછો ખાય તોય ઉણોદરી થાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ લગાવે છે હોં. એક ઠેકાણે એમ કહેતો હતો. હજી ક્યાં સુધી તારે લઈ જવું છે? પાછું બધું આવે, પણ ક્યું તપ? અંતર આનંદમાં રહીને જે ઇચ્છાની ઉત્પત્તિ ન થાય અને જેને અતીન્દ્રિય આનંદના સ્વાદના ઉભરા આવે, 'પ્રતપંતિ ઇતિ તપઃ' જેની દશા તપે, રાગને બાળવા માટે તપે એનું નામ તપ કહીએ. સમજાણું કાંઈ? આહાહા! ઝળહળ પ્રકાશતી ચૈતન્યજ્યોતિ અંતરમાં નિર્મળધારાએ વહે, એ રાગને બાળીને તપ કરે છે એનું તપસ્યા કહેવામાં આવે છે. ઇચ્છાનો નિરોધ કહો કે રાગને બાળવું કહો. સમજાણું કાંઈ?

ઓહોહો! અરે! એના નિજસ્વરૂપના માહાત્મ્ય ન આવ્યા. સમજાણું કાંઈ? કારણ કે પર્યાયમાં બહાર આવ્યો નહીં અને પર્યાય સિવાય (પર્યાયની) પાછળ પડ્યો એને જોયો નહીં ક્યાંય. આહાહા! એકદમ આખા જગતને ભૂલી, અંતરમાં જોવાની જે દૃષ્ટિ થઈ, એમાં ભગવાન પ્રત્યક્ષ થાય છે. આહાહા! જુઓને આ મુનિના કથન! સમ્યગ્દર્શનમાંય આત્મા પ્રત્યક્ષ થાય છે. આહાહા! એને વ્યવહાર હોય છે માટે પ્રત્યક્ષ થાય છે, એમ નથી. એ ૯૩ ગાથા થઈ, હવે છેલ્લી, પરમાર્થપ્રતિક્રમણની છેલ્લી ગાથા. ૯૪.

**पडिकमणणामधेये सुत्ते जह वण्णिदं पडिक्कमणं ।**
**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं ॥९४॥**
**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

'તેમ' છેને **तह. ટીકા : અહીં, વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે...** એટલે શું? **(અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને–જાણીને...** વ્યવહાર-પ્રતિક્રમણ શુભરાગ... સંતોએ–નિર્યાપક આચાર્યોએ–મુનિઓએ–ધર્મના નિર્વાહ કરનારા નિર્યાપક એવા સંતોએ જે વ્યવહાર-પ્રતિક્રમણની રચના કરી, એને સાંભળીને (એટલે) જાણીને...

**णच्चा** છેને. **સકળ સંયમની ભાવના કરવી...** આહાહા! કહે છે કે એ વિકલ્પને છોડી પછી અંતરસ્વરૂપની રમણતા કરવી એને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા! ત્યારે સફળ કહેવાય. વ્યવહારના વિકલ્પ છે એને છોડી, સ્વરૂપમાં રમણતા કરે ત્યારે વ્યવહારનું સફળપણું કહેવામાં આવે છે. આહાહા! પ્રભુ! તારી બલિહારી છે, તારા માર્ગની. વીતરાગમાર્ગ ઓહોહો! વ્યવહાર-પ્રતિક્રમણનો, નિશ્ચયપ્રતિક્રમણની ભાવનાવાળાને પણ એવો ભાવ હોય છે વિકલ્પ. સવાર-સાંજ પ્રતિક્રમણ આદિ કરે છે, પણ એનું સફળપણું ક્યારે? કે એને છોડીને નિજસ્વરૂપમાં આનંદમાં રમણતાની ભાવના કરે એનું વ્યવહાર-પ્રતિક્રમણનું સફળપણું ગણવામાં આવે છે. સમજાણું કાંઈ?

ત્યાં ને ત્યાં રોકાઈને અંદરની ભાવના ન હોય, એને વ્યવહારના ફળની ખબર નથી. વ્યવહાર નિશ્ચયને બતાવે છે. ન્યાં જવા માટે વ્યવહાર છે. વ્યવહાર વ્યવહારમાં રહેવા માટે નથી. સમજાણું કાંઈ? આવી ધર્મકથા. પર્યુષણમાં આવી ધર્મકથા. માર્ગ તો આવો છે. પરમાત્મા પોતે બિરાજ્યા અહીં (અને) દોડે બહાર, હવે એનું કરવું શું? જ્યાં ભગવાન છે ત્યાં આવતો નથી અને એને મૂકીને બહારમાં ભ્રમણ કરતો રહે, એના પાર કે દિ' આવે? આહાહા! અહીં તો આચાર્ય કહે છે કે વ્યવહાર-પ્રતિક્રમણના વિકલ્પો મુનિને હોય છે, પણ એ વિકલ્પને છોડીને જ્યારે અંતરસ્વરૂપની રમણતા કરે ત્યારે વ્યવહારના ફળ કહેવામાં આવે છે. આહાહા!

વ્યવહાર નીચે(ની ભૂમિકામાં) તો છે, (નથી) એમ નથી. નિશ્ચયસ્વરૂપનો આશ્રય છે, હવે એ જ્યારે વ્યવહારના વિકલ્પમાં આવ્યો છે, ત્યારે એને પણ છોડીને જ્યારે સ્વરૂપમાં રમણતા કરે, એમ કહે છે. વ્યવહારથી (-વ્યવહારને લઈને) નિશ્ચયમાં આવે છે એમ નથી. વ્યવહારના વિકલ્પમાં પણ ત્યાં 'આ વસ્તુ પરિપૂર્ણ છે, ધ્રુવ છે' એવું ત્યાં આવે છે એમાં. ત્યાં ઢળવા માટેના વિકલ્પ છે. એ વિકલ્પનું ફળ એટલે કે એમાંથી છૂટે એ એનું ફળ કહેવાય. આહાહા! પ્રભુ! તારો માર્ગ દુનિયાથી જુદી જાતનો છે. આહાહા!

બાપ મરી જાય, લક્ષ્મી ખૂટી જાય, પછી કુટુંબમાં પડે તકરાર. આહાહા! ત્રણ લોકના નાથના વિરહ આ ભરતમાં. સમજાણું કાંઈ? અને આનંદ-જ્ઞાનની લક્ષ્મી ઘટી–ઓછી થઈ, એ વાંધા ઉઠ્યા ચારેકાર. ઓલો કહે કે અમારો સંપ્રદાય સાચો, ઓલો કહે કે અમારો સંપ્રદાય સાચો. બાપ હોય ને લક્ષ્મી હોય ત્યાં સુધી વાંધા નહીં. પાધરા રોળવ્યા કરે ઘરમાં પચાસ-પચાસ માણસ હોય તોય. એમ ત્રણ લોકના નાથ એના ભરતમાં વિરહ અને ઘણા જ્ઞાનની ઉગ્રતા એનો અહીંયા અત્યારે અભાવ. એ તકરારું પડી, વાંધા. ભગવાનજીભાઈ! સાચી વાત હોય તો એને ખોટી ઠરાવી અને પોતાના મોઢા મોટા રાખે. ભાઈ! એમ નહીં થાય. આહાહા! તારે સુખ જોઈતું હોય તો સ્વદ્રવ્યમાં આવવું પડશે, ધર્મ કરવો હોય તો એ સ્વદ્રવ્યનું અવલંબન લેવું પડશે. ભગવાનની વાણીનો હુકમ આમ છે. આહાહા! સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય કહે છે એ ભગવાનની વાણી (પ્રમાણે) કહે છે. એ ક્યાં ઘરની કહે છે? ભગવાનનો હુકમ એ છે. કેવળજ્ઞાની પરમાત્મા, એક સમયમાં જેણે ત્રણ કાળ, ત્રણ લોક જોયા છે. એના સમીપમાં આઠ દિ' રહ્યા કુંદકુંદાચાર્ય. આહાહા! ધન્ય રે ધન્ય! એ એમ પોકાર કરે છે કે જિનેશ્વરદેવનો હુકમ આ છે. જેટલો પરમાત્મા પોતે એનો આશ્રય લેશે તેટલો ધર્મ થશે. એ સિવાય અમારો પણ આશ્રય લેશે તો એને ધર્મ નહીં થાય. એ ગિરધરભાઈ! આહાહા! જગતને બેસે, ન બેસે તેથી કાંઈ સત્ય મટી જાય? સત્ય તો સત્ય જ રહેશે.

આવી વાત સાંભળી કેટલાક કહે, અરે! માણસનું કલ્યાણ અટકે છે, પુણ્યમાં ક્રિયાકાંડમાં ધર્મ માનતા નથી, મનાવતા નથી, નિશ્ચય આડે એનાથી ફળ મનાવતા નથી, એમ ઘણાના કલ્યાણ અટકી જાય છે. એમ તકરાર કરીને આવ્યા જામનગરમાં. ભાઈ! માર્ગ તો આવો છે બાપુ! આ માર્ગ સિવાય જેટલા માર્ગ કહેતા હોય એ બધા ગલત અને જૂઠા છે. જુઓ! અહીં તો પોકાર કરીને કહ્યું. ચાહે તો દિગંબર હોય, ચાહે તો શ્વેતામ્બર હો, ચાહે તો સ્થાનકવાસી હોય. સમજાણું કાંઈ? કહો, શેઠ!

શ્રોતા : ગુરુની કૃપા...

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોઈ ગુરુની કૃપા શું કામ આવે? ગુરુ પોતે છે, પોતે ગુરુનો ગુરુ. આહાહા! પોતે તીર્થ, પોતે દેવાધિદેવ, પોતે ધર્મની મૂર્તિ. સમજાણું કાંઈ? કહે છે કે એ વ્યવહારપ્રતિક્રમણને સાંભળીને–જાણીને પણ સકળ સંયમની ભાવના કરવી. આહાહા! પરથી નિવૃત્તિ લઈને વસ્તુમાં ઠરવું અંદરમાં, નિર્વિકલ્પ રમણતા કરવી. આહાહા! **તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું-સાર્થકપણું છે એમ આ ગાથામાં કહ્યું છે.**

**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર...** વ્યવહાર-પ્રતિક્રમણના રચનારની પહેલી વાત કરે છે. **સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર** એવા **નિર્યાપક આચાર્યોએ...** ધર્મનો નિર્વાહ કરનારા, સંયમનો નિર્વાહ કરનારા, સંયમની શિક્ષા દેનારા, સંયમની દીક્ષા દેનારા એને અહીંયા નિર્યાપક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આપણે કર્યો છેને અર્થ પ્રવચનસારમાં. એકાદવાર 'શિક્ષાગુરુ' એમ. કહો, સમજાણું? આહાહા! પડિકમણા રચનાર કોણ એની વ્યાખ્યા હજી તો છે. વ્યવહાર-પ્રતિક્રમણની રચના કરનાર કોણ? આહાહા!

**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરાવનાર સુંદર ચાતુર્ય...** સુંદર ચાતુર્ય. ચાતુર્ય તો હોય જગતની, પણ આ તો સુંદર ચાતુર્ય. ચાતુર્ય તો ઘણા માણસ હોય છે એવા કે પોતાની ચતુરાઈ બતાવે. આ તો સુંદર ચાતુર્ય. આત્માના આનંદમાં ઢાળે એવા ભાવને વર્ણવનારા, તેમ ગુણસમૂહના ધરનાર, પર્યાયમાં હોં. જેની દશામાં ગુણના ઢગલા પ્રગટ્યા છે કહે છે. સમજાણું

કાંઈ? એ ગુણનો ઢગ–એકલો સમૂહ ભગવાન આત્મા, એનો આશ્રય લઈને જેની પર્યાયમાં ગુણના સમૂહ પ્રગટ્યા છે. આહાહા! ગુણના ઢગલા બહાર આવ્યા છે કહે છે. જુઓ! આ મુનિ.

શાસ્ત્રના પડિકમણાના રચનાર એવા આચાર્યોએ **જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં...** દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણ (એટલે) વ્યવહાર-પ્રતિક્રમણની રચના. **પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે...** વ્યવહારના (વર્ણનમાં) તો બધું આવેને. પાપનું, પાપના અતિચારનું, અતિચારના પ્રાયશ્ચિત્તનું વગેરે. **તે પ્રમાણે જાણીને–જ્ઞાત્વા જિનનીતિને અણઉલ્લંઘતો થકો...** આહાહા! વીતરાગના માર્ગને અણ-ઉલ્લંઘતો થકો... જિનનીતિ આ. વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એના અવલંબે જે વીતરાગપણું પ્રગટ્યું છે એ જૈનમાર્ગ છે. સમજાણું કાંઈ?

વ્યવહાર-પ્રતિક્રમણ સંતોએ રચ્યા એને જાણીને... આહાહા! **જિનનીતિને અણ-ઉલ્લંઘતો થકો**... આપણે આવે છેને પાઠ? સમયસાર કળશમાં આવે છે ક્યાંક. જિનની નીતિ. આહાહા! વીતરાગભાવનું પરિણમન એ જિનની નીતિ. આ લૌકિક નીતિ સજ્જનતા કહેવાય છેને. આ લોકોત્તર નીતિ. વીતરાગ સ્વભાવે પરિપૂર્ણ, ગુણનો ગંજ પ્રભુ આત્મા, એમાંથી ખોદીને કાઢેલા ગુણના ઢગલા પડેલા છે. આહાહા! **જિનનીતિને અણ-ઉલ્લંઘતો**.. આહાહા! વીતરાગ ભગવાનની નીતિ એટલે કે વીતરાગસ્વરૂપ આત્મામાં જવાની પરિણતિ એ જિનની નીતિ. સમજાણું કાંઈ?

વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે કહેલો માર્ગ, એ માર્ગ તો જિનસ્વરૂપ ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે પરિણમન વીતરાગીદશા થઈ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) નિશ્ચય મોક્ષમાર્ગ એ જિનનીતિ. આહાહા! એ જૈનની નીતિ. આહાહા! સમજાણું કાંઈ? સોનગઢને પાદરે આવા અર્થ થાય. અહીં પાડા બેસતા, અહીં બધા ભેંસા બેસતા. ખેતર હતું, અહીં ખેતર હતું. અહીં પણ ખેતર હતું...... ખબર છેને. દિશાએ આવતા અહીં, એક ખેતર હતું અહીં દિશાએ આવતા. આહાહા! ભગવાનની વાણી આવી છે કહે છે, જૈનની નીતિ. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગની નીતિ એટલે સ્વરૂપમાં આત્માને દોરી જવો–લઈ જવો એ નીતિ. સમજાણું કાંઈ? મૂલચંદજી! લાલચંદજી ગયે? આહાહા!

કહે છે કે જિનસ્વરૂપી ભગવાન આત્મા એને અનુસરીને જે પરિણતિ થઈ એને જિનનીતિ કહેવામાં આવે છે. એને ઓળંગ્યા વિના (અર્થાત્) વીતરાગભાવને ઓળંગ્યા વિના... આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પણ વીતરાગ-ભાવ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ એ પણ વીતરાગભાવ છે, એ જિનનીતિ છે. આહાહા! સમજાણું કાંઈ? અપની–પોતાની કલ્યાણની પરિણતિ એ જિનનીતિ છે. પરના

કલ્યાણની ને વ્યવહારનો વિકલ્પ એ વ્યવહાર જૈનનીતિ. અંદરમાં જઈને વીતરાગી પરિણતિમાં રમવું એનું નામ વ્યવહાર જૈનનીતિનું ફળ. કહો, સમજાય છે કાંઈ?

સો ઇન્દ્રોના પૂજનીક તીર્થંકરદેવ કોને કહે ભાઈ! લોકોએ માણસ જેવા બનાવી દીધા. એ આહાર કરે અને રોગ થાય, દવા કરે. અરેરે! કેવું બનાવી દીધું? એનો ઉપયોગ પણ પહેલો દર્શન ને પછી જ્ઞાન. ઉપયોગમાં પણ ખંડખંડ કરી નાખ્યા. ભગવાન ત્રણ લોકના નાથ, આહાહા! જેના નામસ્મરણમાત્રથી પણ કલ્યાણ (થાય). નથી આવતું? પ્રવચનસાર. નામનો અર્થ કે આ જિન વીતરાગ એનું નામ લે ત્યારે એનો ભાવ ખ્યાલમાં આવે. આવું જેનું નામ છે, વીતરાગ પરમેશ્વર જેનું નામ છે, નામમાંથી આ ભાવ ઉતરે છે અંદર. ઓહો! નિર્દોષ વીતરાગ પરિણતિ જેની દશામાં (વર્તે) એને અહીંયા જિનનીતિ વીતરાગ (દ્વારા) કહેવામાં આવી છે. એવી જૈનનીતિના ભૂમિકામાં વ્યવહાર વિકલ્પ ઉઠે એને વ્યવહાર જૈનનીતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**તે પ્રમાણે જાણીને જિનનીતિને અણ-ઉલ્લંઘતો થકો જે સુંદરચારિત્રમૂર્તિ મહામુનિ...** આહાહા! સુંદર ચારિત્રની મૂર્તિ... વીતરાગધારામાં સુંદર ચારિત્રનું સ્વરૂપ જેને પ્રગટ્યું છે. આહાહા! જેને વીતરાગતા પ્રગટી છે, કેવળજ્ઞાન લેવાની તૈયારી છે, પરમાત્મા થવાને માટે તૈયાર છે, એવા પરમાત્માનો વારસો લેવાને સુંદર ચારિત્રની મૂર્તિ છે. આહાહા! જેની દશામાં અકષાયભાવ એવું વીતરાગભાવસ્વરૂપ પ્રગટ્યું છે એને મુનિ કહેવામાં આવે છે. આહાહા!

એવા **મહામુનિ...** ભાષા પાછી અનોખી. **સકળ સંયમની ભાવના કરે છે...** એટલે ઓલી જૈનનીતિનું વ્યવહાર-પ્રતિક્રમણ પણ હોય છે અને નિશ્ચય પણ અંદર (હોય)—બેયને જિનનીતિ વ્યવહાર ને નિશ્ચય કહેવામાં આવે છે. આહાહા! આવો માર્ગ વીતરાગનો છે ભાઈ! બીજી રીતે કરશે એના ઘર જશે. એ ઘરમાં જઈ શકશે નહિ અને ઘર જાશે એના બધા. સમજાણું કાંઈ? પછી ભલે દુનિયા–લાખો-કરોડો (માણસો) કરે કે આહાહા.. શું આચાર્ય ને શું એની ઉપદેશની પદ્ધતિ! માણસો દસ-દસ વીસ-વીસ હજાર. એ કીડીયુંના નગરા ઘણા હોય. આહાહા!

કહે છે કે જે સુંદર ચારિત્રની મૂર્તિ એવા **મહામુનિ સકળ સંયમની ભાવના કરે છે**... પછી તો સ્વરૂપની રમણતા જ કરે છે એમ કહે છે. પણ વિકલ્પ આવા હોય વ્યવહાર-પ્રતિક્રમણના એને છોડીને આમ અંદરમાં જાય છે. **તે મહામુનિને કે જે (મહામુનિ) બાહ્ય પ્રપંચથી વિમુખ છે...** એ વિકલ્પની જાળરૂપી પ્રપંચથી વિમુખ છે. આહાહા! બાહ્ય પ્રપંચથી વિમુખ છે. વિકલ્પો–વ્યવહારના વિકલ્પરૂપી પ્રપંચથી પણ જે વિમુખ છે. **પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...** પંચેન્દ્રિય જ્યાં વિસ્તાર પામતી નથી, અણીન્દ્રિય થઈ ગઈ છે. આહાહા! એ દેહમાત્ર મુનિને પરિગ્રહ હોય છે. મુનિને બીજું હોઈ શકે નહીં. વસ્ત્રનો ધાગો પણ મુનિને ન હોય. આહાહા!

આવી દશા હોય ત્યાં વળી વસ્ત્રનો કટકો પણ લેવો (રહે) નહીં, જ્યાં આખું અણીન્દ્રિયસ્વરૂપ જ ખુલી ગયું છે. સમજાણું કાંઈ? આખા અસંખ્ય પ્રદેશે અણીન્દ્રિયસ્વરૂપ જાગ્રત થયું, એને ઇન્દ્રિયને ઢાંકવાને વસ્ત્રનો કટકો-ફટકો વસ્તુની સ્થિતિને લઈને ન હોય. સમજાણું કાંઈ? અરે! માર્ગને ફેરવી નાખ્યો બહુ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પામવા માટે મુનિપણું આવું હોય—એવો એણે નિર્ણય તો કરવો પડશેને. કારણ કે નવ તત્ત્વમાં મુનિને સંવર ને નિર્જરા કેવી હોય એની ઓળખાણ વિના એને ગુરુની શ્રદ્ધા પણ સાચી નથી. આહાહા!

**પંચેન્દ્રિયના ફેલાવ રહિત**... શું કહે છે આ? ખંડખંડ ભાવેન્દ્રિય પણ જેને છૂટી ગઈ છે એમ કહે છે. આહાહા! આમ ઇન્દ્રિયથી કામ લેવું એ વાત બધી અટકી ગઈ છે. અણીન્દ્રિય ભગવાન આત્માથી કામ લે છે. અરે! છદ્મસ્થ મુનિની વાત ચાલે છે આ. સમજાણું કાંઈ? જેણે આત્માને ખંડ-ઇન્દ્રિય ને દ્રવ્યેન્દ્રિયમાંથી સંકેલી લીધો છે, ફેલાવ રહિત થઈ ગયો છે આહાહા! **દેહમાત્ર જેને પરિગ્રહ છે અને પરમ ગુરુનાં ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે....** આહાહા! એને વિકલ્પ ઉઠે તો પરમગુરુ એવા કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ એના ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે **તેને—ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.** આહાહા! સમજાય છે કાંઈ? ત્યારે તેને તે કાળે ધર્મ છે. આહાહા! વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૨, શનિવાર, તા. ૯-૯-૧૯૭૨
## શ્લોક-૧૨૫-૧૨૬, પ્રવચન નં. ૯૨

સાચું પ્રતિક્રમણ. નિશ્ચય પ્રતિક્રમણ કહો, સત્ય પ્રતિક્રમણ કહો કે પરમાર્થ પ્રતિક્રમણ કહો. એના બે કળશ કહે છે. પહેલું પ્રતિક્રમણ તો મિથ્યાત્વનું હોય છે. આત્મા શરીરવાળો છે, રાગવાળો છે કે અલ્પજ્ઞ છે—એવી દૃષ્ટિ જે છે એને, ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને દૃષ્ટિનો નાશ થાય એને મિથ્યાત્વનું પહેલું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો સમજાય છે કાંઈ? એ પછી અવ્રત ને વ્રતાદિના વિકલ્પો હોય છે એનાથી ખસીને સ્વરૂપમાં ઠરવું, આનંદના ધામમાં ઠરવું એ સાચું પ્રતિક્રમણ છે. કહો, સમજાય છે કાંઈ? અહીં ૧૨૫ શ્લોક છે.

**निर्यापकाचार्यनिरुक्तियुक्ता-**
**मुक्ति सदाकर्ण्य च यस्य चित्तम् ।**
**समस्तचारित्रनिकेतनं स्यात्**
**तस्मै नमः संयमधारिणेऽस्मै ॥१२५॥**

નિર્યાપક આચાર્યો એટલે વીતરાગમાર્ગમાં ધર્મના નિર્વાહ કરનારા, સર્વજ્ઞના પંથના અનુગામીઓ એવા જે નિર્યાપક આચાર્ય. સર્વજ્ઞ પરમાત્મા એમણે કહેલા પંથમાં એના પંથના નિર્વાહ કરનાર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી નિર્વાહ કરનાર અને બીજા સંતોને પણ નિર્વાહ કરવામાં નિમિત્ત, એવા **શ્લોકાર્થ : નિર્યાપક આચાર્યોની નિરુક્તિ (વ્યાખ્યા) સહિત (પ્રતિક્રમણાદિ સંબંધી)...** એમણે જે પ્રતિક્રમણ બાંધ્યું શાસ્ત્રના શબ્દો વિગેરે એના **કથન સદા સાંભળીને...** એ વાત 'સાંભળીને' કેમ કહ્યું? કે એને શુભવિકલ્પો હોય છે મુનિને ત્યારે સાંભળે છે એમ કહેવામાં આવે છે. એ **સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન (ધામ) બને છે...** એટલે ત્યાંથી ખસીને વીતરાગધામ, અનંત આનંદનું ધામ એવો ભગવાન આત્મા એમાં જે ચિત્ત સ્થિર થઈ જાય છે (અર્થાત્) નિર્વિકલ્પ ચિત્ત (થાય), એ સમસ્ત ચારિત્રનું ધામ બને છે, ત્યારે સ્વરૂપની રમણતારૂપ ચારિત્રનું એ સ્થાન બને છે. કહો!

આ ચારિત્ર એટલે બહારથી લૂગડાં છોડ્યા, બાવા થયા, સાધુ થયા માટે ચારિત્ર એમ નહીં. એ ચારિત્ર નથી. ચારિત્ર તો.... અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એનાથી ખસી ગયો છે, 'સંસરણં ઇતિ સંસારે'. એને રાગ અને પુણ્યના વિકલ્પમાં એકતા થઈ છે એ મિથ્યાત્વભાવ છે, એ પર્યાયબુદ્ધિ છે. એ મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવથી ખસીને જેણે આનંદસ્વરૂપમાં દૃષ્ટિ લગાવીને સમ્યગ્દર્શનનું પરિણમન કર્યું, એ પ્રથમ ધર્મની શરૂઆત છે અને એને મિથ્યાત્વનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, શેઠ! એનું ચિત્ત (એટલા) પ્રમાણમાં ચારિત્રમય બની જાય

છે, એમ કહે છે. આહાહા! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એનું આચાર્યોએ કહેલું વ્યવહાર પ્રતિક્રમણ સાંભળે એવો વિકલ્પ હોય, પણ એને છોડીને જ્યારે ચારિત્રધામમાં રમે અંદરમાં, આનંદમાં રમે એને ખરું ચારિત્ર ને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

આમ તો બધા બહુ પડિકમણા કરે છે. આ પર્યુષણમાં તો સાંજ-સવાર (કરે). એ વિકલ્પ હોય છે, આચાર્યોએ કહેલા શાસ્ત્રોનું પ્રતિક્રમણ, એનું શ્રવણ, એનું અંદર વિકલ્પથી સાંભળવું એવો એક શુભરાગ (હોય), પણ કોને? ભગવાન આત્મા પૂર્ણાનંદ ને જ્ઞાનનો પુંજ પ્રભુ અસ્તિ–સત્તા છે એવી સત્તાનો જેને સન્મુખ થઈને સ્વીકાર અંતર્દૃષ્ટિમાં થયો છે અને સ્વરૂપમાં કેટલીક હીનતા પણ થાય છે, એને–ઓલા વ્યવહાર પ્રતિક્રમણના વિકલ્પને વ્યવહાર કહેવામાં છે. આહા! બહુ જવાબદારી છે, શરતું બહુ. ભીખાભાઈ! આવું-આવું આ. વીતરાગનો માર્ગ... આહાહા! વસ્તુ ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપનો પિંડ પ્રભુ છે. જેમાં વિકલ્પ નામ રાગ નથી, જેમાં ભેદ નથી. એવી ચીજની અંદરમાં દૃષ્ટિનો પ્રસાર પૂર્ણ દ્રવ્ય તરફ કરવો અને એ પર્યાયને તે દ્રવ્યમાં એકત્વ કરવી, એનું નામ પ્રથમ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યું એમ કહેવામાં આવે છે.

એ પછી સ્વરૂપમાં વિશેષ ચરવું, રમવું, જામી ગયેલો છે મુનિ. એને સાંભળવાનો વિકલ્પ આવે એને વ્યવહાર કહીએ અને એને છોડીને પછી અંદર સ્થિર (થઈને) ચારિત્રનું ધામ બને એને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આરે! ભારે વ્યાખ્યા! કહો, શેઠ! આવું બધું છે, ઝીણું બહુ ઝીણું છે. કરી શકાય એવી ચીજ છે. બીજા વિકલ્પ આદિ કરવા એ તો પુણ્યનું કારણ છે, મિથ્યાત્વ સહિત. મિથ્યાત્વ તો પડા હૈ, દલદલકા ભાવ. અબંધ ભગવાન આત્માકી દૃષ્ટિ તો હુઈ નહીં. રાગ ને અલ્પજ્ઞ પર્યાય ઉપર જ જેનો વેપાર છે એ જ મિથ્યાત્વ છે. એમાં પડિકમણાના શબ્દો સાંભળવાના ભાવ થાય છે એથી શુભભાવ થાય. એ મિથ્યાત્વ સહિત શુભભાવ થાય. એમાં કાંઈ આત્માનો લાભ થાય નહીં. એની અહીં વાત છે નહીં. જેથી આત્માને સંસારના અભાવનો લાભ ન થાય એ ચીજ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનનો પુંજ પ્રભુ, નિર્વિકલ્પ શાંતિનો સાગર આત્મા શાંત.. શાંત.. શાંત.. આખી દુનિયા ડોલી જાય, પણ શાંતિમાંથી ખસે નહીં એવી એની શાંતિનો સ્વભાવ છે. વિકલ્પ નામ રાગ, (એથી) રહિત નિર્વિકલ્પ શાંતરસનો એ પિંડ છે. એને દૃષ્ટિમાં લઈને અલ્પજ્ઞ ને રાગની રુચિ જે મિથ્યાત્વ છે તેનો નાશ કરે, એ પહેલું સમ્યગ્દર્શનમાં આવ્યો, એને મિથ્યાત્વનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા! કહો, પાટણીજી! આહાહા! માર્ગ.... પછીની અહીં વાત છે. આત્મભાન છે, અનુભવ છે, આત્મા ચીજ જે રીતે છે એ રીતે દૃષ્ટિ અને જ્ઞાન અને સ્થિરતામાં પ્રાપ્ત થઈ છે, સમજાણું કાંઈ? એને આચાર્યોએ કહેલા વિકલ્પોનું પડિકમણું(રૂપ) શુભરાગ હોય છે. પણ એના ઉપરનું વજન છોડી દઈ, અંતરમાં ચૈતન્યના

ચકચકાટના પ્રકાશમાં જામી જાય છે, એ નિજઘરમાં રમતો રામ રમે છે, ત્યારે એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા!

અહીં તો ચારિત્ર એટલે કે લૂગડાં ફેરવ્યા ને આ થયું, જય મહારાજ. ચારિત્ર થઈ ગયું. એય! આહાહા! ચારિત્રને ઇન્દ્રો વંદન કરે, ચારિત્રને ગણધરો વંદન કરે, એનું નામ ચારિત્ર. એ ચારિત્ર કેવું હશે? મોંઘા મૂલનું છે-જેની કિંમત નથી. એવો જે ભગવાન આત્મા એનાથી અનાદિથી વિમુખ છે. અંતર સન્મુખ થઈને સ્વરૂપમાં સ્થિરતા જામી ગઈ હોય છે એને અહીંયા સાચું પ્રતિક્રમણ કહેવાય છે. એ પાછો હઠ્યો, કહે છે, અને જ્યાં જામવું હતું ત્યાં જામી ગયો. સમજાણું કાંઈ? ચારિત્રવંત તો અતીન્દ્રિય આનંદના બહુ ભોજન કરે છે. (શ્રોતાઃ .....) એનો ... સદાય. જ્યારે નિર્વિકલ્પમાં પડ્યો હોય ત્યારે વિશેષ. આહાહા! એ આવશે હમણાં. અમારા ગુરુ તો સદા ચારિત્રમાં રમતા હતાં. જુઓ! આવશે.

**સમસ્ત ચારિત્રનું નિકેતન બને છે, તે આ સંયમધારીને નમસ્કાર હો.** પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, એ કહે છે કે ઓહો! ધન્ય અવતાર તારા! જેણે મોક્ષને નજીક કર્યો પ્રભુ! સંસારના કાંઠા તારા આવ્યા. એવી વસ્તુની સ્થિતિમાં રમણતા તને જામી, ભગવાનમાં રમવા 'નિજપદ રમે સો રામ કહીએ' નિજપદ આનંદનું ધામમાં રમણતા જામી ગઈ નાથ! એને અમે નમસ્કાર કરીએ છીએ. આહાહા! આવું સંયમચારિત્રનું અસ્તિત્વ ક્યાં હોય એનું જ્ઞાન કરીને એને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? બીજો શ્લોક. (શ્રોતાઃ સમસ્ત ચારિત્રમાં યથાખ્યાત ચારિત્ર લેવું?) એ સ્વરૂપની રમણતા. ભલે અહીં યથાખ્યાત ન હોય. જામ્યો છે અંદરમાં એ. ૧૨૬.

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो, र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः ।** આહાહા! મુનિએ ગુરુની દશાને જોઈ છે, આહાહા! અને એના આનંદમાં ઉલ્લસિત થયેલા છે.

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-**
**र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः ।**
**तस्मै नमः सकलसंयमभूषणाय**
**श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम् ॥१२६॥**

આહાહા! હજી (કેટલાક) તો કહે છે કે અમારા ગુરુ કુંદકુંદાચાર્ય છે એમને સમકિત છે કે નહીં એ શી રીતે આપણે જાણીએ? અરે પ્રભુ! પ્રભુ! સમજાય છે કાંઈ? પોતાના ગુરુને—એ છદ્મસ્થ ગુરુ કેવા છે એને—જાણીને નમસ્કાર કરી યાદ કરે છે. સમજાણું કાંઈ? **શ્લોકાર્થ : મુમુક્ષુ એવા જેમને...** અમારા જે ગુરુ હતા વીરનંદી મુનિ. આહાહા! **(મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને)...** 'મુમુક્ષુ' કીધું છેને? મુમુક્ષુ એટલે મોક્ષાર્થી. **સદા પ્રતિક્રમણ જ છે...** ઠીક! આનંદના ધામમાં રમનારા પંચમકાળના છદ્મસ્થ મુનિ. બાપુ! આત્માના મારગડા જુદી જાતના છે. એ

દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. કહે છે, ઓહો! મુનિ પણ છદ્મસ્થ છે અને આ ગુરુ મુનિ પણ છદ્મસ્થ છે. કહે છે કે એ મુમુક્ષુ–મોક્ષના અર્થી હતા. અમારા ગુરુ વીરનંદી મુમુક્ષુ હતા, મોક્ષના કામી હતા. **સદા પ્રતિક્રમણ જ છે**... એને તો ચોવીસે કલાક પ્રતિક્રમણ છે. આહાહા! જુઓ તો એક દિગંબર સંતોની વાણી! આહાહા! મારફાડ કરીને અંદરથી તોડી નાખ્યું છે. ભગવાન જાગ્યો છેને અંદર. આહાહા! જાગેલો જાગતાને જાણીને નમન કરે છે. સમજાય છે કાંઈ?

આમાં કાંઈ વિપરીત કે અતિશયોક્તિ નહીં હોયને? અરે ભગવાન! સાંભળને નાથ! તને ખબર નથી. આત્માની ઋદ્ધિ ને સમૃદ્ધિ... 'સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા..' સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય... 'સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા, અંતરકી લચ્છીસૌં અજાચી લચ્છપતિ હૈ..' આહાહા! અંતરની લક્ષ્મી જેને સમ્યગ્દર્શનમાં ભાસ થયો છે, પોતાની ખાણ જેણે જોઈ છે, આહાહા! પોતાના ચૈતન્ય નિધાનને જેણે ખોલી નાખ્યા છે, સમજાણું કાંઈ? એવા સંતો... સંતોને યાદ કરીને નમસ્કાર કરે છે. આહાહા! આ પંચમકાળની વાત છે. ચોથા કાળની છે આ? કાળ ક્યાં હતો ત્યાં? આહાહા! ભગવાન પોતે પોતાથી જણાય એવી ચીજને કાળ-ફાળ નડે છે ક્યાં? સમજાણું કાંઈ? કહે છે કે અમારા ગુરુ તો સદા પ્રતિક્રમણમય છે. ઓહોહો! પ્રભુ! તારી વાણીમાં શું છે આ?

એ **સદા પ્રતિક્રમણ જ છે**... અમને અમારા જ્ઞાનમાં ભાસ્યું કે અમારા ગુરુ આહાહા! એ પ્રતિક્રમણમય જ છે, સ્વરૂપના ચારિત્રના ધામમાં જ રમનારા છે. આહાહા! 'સદા' કહ્યુંને. પછી પંચમહાવ્રતના વિકલ્પ આવે ત્યારે? કહે છે, તોય એ તો સ્વરૂપમાં જ રમનારા છે. સમજાણું કાંઈ? રાગાદિ આવે તો એના એ જાણનારા છે. આહાહા! અરે! એવી વાત ક્યાં છે? સમજાણું કાંઈ? કહે છે કે અમારા મુમુક્ષુ–મોક્ષાર્થી ગુરુને સદા પ્રતિક્રમણ જ છે. સદા–ચોવીસે કલાક એ વિકલ્પથી નિવૃત્ત છે ને નિર્વિકલ્પમાં જ રમનારા છે. જુઓ! આ છદ્મસ્થ પંચમકાળના મુનિ. હવે અત્યારે કહે છે કે ગુરુને જ્ઞાન છે, સમકિત થયું છે કે નહીં આપણને શી ખબર? એ તો પરદ્રવ્ય છે. કેવળી ભગવાન જાણે. લ્યો, ઠીક! અમારા ચેતનજી બધે તપાસી આવ્યા છે. ગયા હતાને. આહાહા!

ભગવાન! તું કેવળીનો પુત્ર છો કે નહીં? જેને કેવળીનું જ્ઞાન પ્રગટ્યું અંદરમાં પુત્ર—સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર, અરે! એના જ્ઞાનમાં યથાર્થતાનો જ ભાસ થાય છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યની તો વાત શું કરવી! આ તો એના પછી થયેલા વીરનંદીની વાત છે. આ તો ૯૦૦ વર્ષ પહેલાની વાત છે. આહાહા! પંચમકાળમાં અકાળની વાતું. જેને કાળ લાગુ ન પડે એવો ભગવાન, કહે છે પ્રભુ કે ચૈતન્ય આનંદનું ધામ બિરાજે છેને પ્રભુ, એને જેણે પકડ્યો અને એમાં જેની રમણતા જામી, એવા સંતોને સદા પ્રતિક્રમણ જ છે. વળી સાંજ-સવાર પ્રતિક્રમણ કરે ત્યારે

પ્રતિક્રમણ છે. અમરચંદભાઈ! આહાહા! અમર ગુણનો ધામ ભગવાન, જેના ગુણનું મૃત્યુ કોઈ દિ'? ગુણનો અભાવ થાય કોઈ દિ? એવો ભગવાન આત્મા અનંત આનંદાદિ ગુણોના ધામમાં રમે તેને સદાય પ્રતિક્રમણ જ છે. શેઠ! આહાહા! કહો, સમજાણું કાંઈ?

એ જ્ઞાનની સમ્યક્તાની ઉગ્રતા કેવી અને એ ચારિત્રની રમણતા ગુરુને કેવી છે એ પોતે બોલે છે. અને જેના મુખમાં પરમાગમ ઝરે છે અને જે સત્ય વક્તા છે. મહાવ્રતધારી છે કે નહીં વ્યવહારે? પરમાર્થે નિશ્ચયે મહાવ્રતધારી અંદરમાં છે. આહાહા! અરે! એણે આત્માની કિંમત નથી કરી હોં. આત્મા જાગે એ શું ન કરે? એ જાગ્યો શું ન જાણે? આહાહા! સમજાણું કાંઈ? જાગ્યો કેવળજ્ઞાનના પેટ બોલાવે. આહાહા! આવ્યું હતુંને. ધવલમાં આવ્યું છે બે ઠેકાણે. મતિ ને શ્રુતજ્ઞાન અનુભવમાં આવ્યું, એ મતિ-શ્રુત કેવળને બોલાવે છે. કેવળજ્ઞાન આવ.. આવ.. નજીક આવ. આહાહા! આકરી વાતું. દિગંબર સંતો સિવાય આવી વાતુ ક્યાંય ન મળે. ધવલની વાત, (જે) વ્યવહારનયનો ગ્રંથ છે. પ્યાલા ફાટ્યા છે અંદરથી હોં. આહાહા!

એક-એક જીવના શરીરની અવગાહના જઘન્ય કેટલી, ઉત્કૃષ્ટ કેટલી, મધ્યમ કેટલી? એ વસ્તુની સ્થિતિને જાણ્યું એવું જ્ઞાન કેવું છે કે જેના જ્ઞાનમાં આવા બધા ભેદો–જ્ઞેયો જણાઈ ગયા? સમજાણું કાંઈ? ગ્રંથો ચાલીસ, છતાં દરિયા ભર્યા છે અંદર. જુઓને! એકેક ગ્રંથ દસ રૂપિયામાં. આવા ગ્રંથો ચાલીસ. પાછા અક્ષર એવા બધા.... સાક્ષાત્ વીરની વાણી સાથે સંબંધ રાખનારી આ વાણી છે. સમજાણું કાંઈ? કહે છે કે અરે! અમારા ગુરુને સદાય પ્રતિક્રમણ જ છે. અમે સત્ય મહાવ્રતથી બોલીએ છીએ, કહે છે. પાટણીજી! અરે! તને વિશ્વાસ આવે છે? સમજાણું કાંઈ?

આવા મુનિ હોય અને આવી પરીક્ષા બીજાની કરી હોય અને જેમાં કાંઈ ફેર ન હોય... આહાહા! ...દાસજી! અરે! એવી વાતું દિગંબર સંતો સિવાય ક્યાં (હોય)? આહાહા! ભગવાનના પેટ ખોલીને વાતું કરે છે. અમારા મુનિ મુમુક્ષુ છે, અમે નક્કી કહીએ છીએ કે એ મોક્ષાર્થી છે. આહાહા! એ રાગના, ભવના, સંસારના અર્થી નહીં. આહાહા! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? પ્રભુ! તેં શી રીતે નક્કી કર્યું? અમે અમારા જ્ઞાનથી નક્કી કર્યું. આહાહા! તારા જ્ઞાનની નિર્મળતા કેટલી ને કેવી? સમજાણું કાંઈ? લોકોને ચૈતન્યનું સમ્યગ્જ્ઞાન એની કિંમતની ખબર નથી. ભગવાન આત્માનું સમ્યગ્દર્શન એની શું કિંમત! એના મૂલ્યાંક શું છે! આહાહા! સમજાણું કાંઈ?

**અને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી...** 'પણ' શબ્દ છેને. **नास्त्यप्रतिक्रमणमप्य,** નહીં? **अपि-अणुमात्र...** આહાહા! પ્રભુ! શું કહે છે તું આ? આહાહા! એ જ્ઞાનની પવિત્રતા પ્રગટી છેને અંદરથી. રમણતા–ચારિત્રની ભૂમિકામાં જ્ઞાનનો ઉછાળો અંદર અમૃતનો આવ્યો છેને, એ જ્ઞાન એમ કહે છે, આહાહા! અમારા ગુરુ બીજા હતા. એ બીજાને

માટે અમે કહીએ છીએ કે એ મોક્ષાર્થી છે. આહાહા! એ રાગ ને ભવ ને સંસારના અર્થી નહીં. સમજાણું કાંઈ? ઓલાએ લખ્યું છે એક ફેરી, નહીં? દિલ્હીનો કેવો એ? જુગલકિશોર. એક ફેરી લખ્યું છે સાધુ માટે. ભવાબ્ધિનંદિ. એવો શબ્દ હતો. હા, ખબર છે. આ તો 'ભવાબ્ધિનંદિ' નામ આપ્યું હતું. ભલે એ બિચારાને ખબર નહીં, પણ છતાં.... આ વાત તો ક્યાં હતી? સાધુને ભવાબ્ધિનંદિ (કહ્યું). આહાહા! (શ્રોતાઃ યોગસારમાં બહુ શબ્દ છે). આ તો એણે અમુક સાધુને ઉદ્દેશીને લખ્યું છે. ભલે પોતાનું ઠેકાણું નહોતું. જુગલકિશોર.... અત્યારે આ સાધુ ભવાબ્ધિનંદી છે. આહાહા!

ભગવાન! અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન જ્યાં ઉછળે છેને, આહાહા! કેવળજ્ઞાનીની જેવું એ કામ કરે છે. કહે છે કે અણુમાત્ર–બિલકુલ પણ અપ્રતિક્રમણ નથી. શું કહો છો તમે છદ્મસ્થ મુનિ? પક્ષપાતથી આ વાત કરો છો કે શું કરો છો આ? એય શેઠ! **તે સકળસંયમરૂપી ભૂષણના ધરનાર...** સકળ સંયમરૂપી ભૂષણ–આભૂષણના ધરનાર. આહાહા! **શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો.** મારું નમન આવા સંયમધારીઓ પ્રત્યે છે એમ કહે છે. સમજાણું કાંઈ? કેટલું સમાડ્યું છે એમાં! છદ્મસ્થ મુનિને આ ખબર પડે. આહાહા!

અત્યારના (કેટલાક) કહે કે આપણને ખબર કેમ પડે? કુંદકુંદાચાર્ય આચાર્ય તો પરદ્રવ્ય છે. ૧૧ અંગની વાતું તો મિથ્યાત્વી (પણ) કરે છે. એમ કહ્યુંને એણે? એવું કહે છે. અરર! પ્રભુ! પ્રભુ! આહાહા! કોને માટે તું શું કહે છે આ? કુંદકુંદાચાર્ય જેવા ભગવાન સાક્ષાત્, એના વખતની એની વાત તો શું કરવી? પણ આના વખતની આ ૯૦૦ વર્ષ પહેલાની વાત છે. સમજાણું કાંઈ? **સંયમરૂપી ભૂષણના ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને**... આમાં મુનિપણું કેવું હોય અને બીજા એના પરખનાર છદ્મસ્થ કેવા હોય—એ બધાની આમાં પરીક્ષા કરી છે. સમજાણું કાંઈ? પરીક્ષા વિના માનવું એ કાંઈ માન્યું ન કહેવાય એમ કહે છે. આહાહા!

એ અધિકાર પૂરો થયો. ઠીક. ઘણું ભર્યું છે ઓહોહો! ગજબ વાત છે. પ્રભુ! તારા નિર્મળ જ્ઞાનની મહિમાની વાતું છે બધી. આહાહા! જેની સ્વરૂપની રમણતામાં જ્ઞાનની નિર્મળતા એટલી થઈ ગઈ, આહાહા! સ્વને પકડવાની તો એનામાં તાકાત છે. શેની? પ્રગટેલા જ્ઞાનની પર્યાયની ત્રિકાળીને પકડવાની તાકાત તો છે. કોની? પોતાની. આહાહા! એવો ભગવાન ધ્રુવ ચૈતન્ય પ્રભુ... સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં ત્રિકાળી પકડવાની જેને તાકાત ખીલી ગઈ છે, એવી જ્ઞાનની દશા (કે) જેણે પરની પણ પરીક્ષા કરીને આટલી નિઃસંદેહ પરીક્ષા (કરી). આહાહા! એ આત્મા શું ન કરે? એ જાગ્યો આત્મા શું ન કરે? સમજાણું કાંઈ? આવો આત્મા એને કહીએ. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય માટે અમૃતચંદ્રાચાર્યે નથી કહ્યું પ્રવચનસારમાં? જેના સંસારનો કાઠો આવી ગયો છે, જેને અમૃતરૂપ અનેકાંતલબ્ધિ પ્રગટી છે, જેને બધા દુરાગ્રહો નાશ થઈ ગયા છે. આહાહા! દિગંબર મુનિઓની વાણીમાંથી તો અમૃત ઝરે છે. સમજાણું કાંઈ? એવા કુંદકુંદાચાર્ય... જેને અમૃતચંદ્રાચાર્ય એમ કહે. છેને પ્રવચનસારની શરૂઆત(ના કળશ)માં. આહાહા! અમૃતચંદ્રાચાર્ય. **હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે**... આહાહા! હે ભગવાન! ક્યા જ્ઞાને હજાર વર્ષ પહેલાના (આચાર્યની સ્થિતિ જાણી)? આ વીરનંદી તો એમની સમીપના છે. ઓહો! **સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા–ભગવાન કુંદકુંદાચાર્ય) સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે**... આહાહા! સાતિશય.. રાગ ને વિકલ્પથી (ભિન્ન) જેની ચૈતન્યજ્યોતિ સાતિશય પ્રગટ થઈ છે.

આવા ભેદજ્ઞાનનું ભાન, પ્રભુ! તમને—નવસો વર્ષ પહેલાં મુનિ થયા એને? આહાહા! આવા મુનિને માટે (કહે કે) એ આપણને ખબર ન પડે. અરે પ્રભુ! શું કરે છે તું આ? આહાહા! ..... ને કેવળીઓ પહેલા..... આહાહા! ભગવાન સર્વજ્ઞ હતા એની તને શી ખબર પડે? એ તો પર છે. એની વાણી પોકાર કરે છે કે અમે સર્વજ્ઞ હતા. આહા! મુનિસુવ્રત ભગવાનની (સ્તુતિમાં) નથી કહ્યું? પ્રભુ! તેં ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એક સમયમાં ત્રણ પકડ્યા એ તારા સર્વજ્ઞનું લક્ષણ છે. સમય એક અને પકડ્યા ત્રણ. એ સર્વજ્ઞ સિવાય હોય નહીં. હજાર વર્ષ થયા હશે. આ તો પહેલાના થયા એને માટે અહીં કહે છે. આ પદ્મપ્રભમલધારિદેવ મુનિ તો એમના વર્તમાન ગુરુ–મુનિની વાત કરે છે. આ (અમૃતચંદ્રાચાર્ય) તો હજાર વર્ષ પહેલા થયેલાની વાતું કરે છે. અમે મહાવ્રતધારી છીએ હોં, અમે સત્ય બોલનારા છીએ. આહાહા! અમે સત્ય માનનારા છીએ, અમે જૂઠાનો ત્યાગ કર્યો છે. સમજાણું કાંઈ?

એ કહે છે કે જેને ઉત્તમ વિવેકજ્યોતિ (અર્થાત્) રાગ ને શરીરથી જેનો ભગવાન આત્મા ભિન્ન પડી ગયો એવું ભેદજ્ઞાન પ્રગટ્યું છે. કેવું? સાતિશય ઉત્તમ, કે જે ભેદજ્ઞાન દ્વારા આગળ વધીને કેવળજ્ઞાન લેવાના. એ આવે છેને ભાઈ! બીજી ગાથામાં. કેવળજ્ઞાન.. બીજી ગાથામાં નહીં? **जीवो चरित्तदंसणणाणठिदो**માં આવે છે. એ ભેદજ્ઞાન કેવળજ્ઞાનને લેનાર–ઉત્પન્ન કરનાર છે. (બીજા પેરેગ્રાફની બીજી) લીટી છે. આહાહા! કેવળજ્ઞાન, એક સમયમાં પૂર્ણ ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવું જ્ઞાનનું સામર્થ્ય છે જે ભેદજ્ઞાન ઉત્પન્ન કરે છે, એવી ભેદજ્ઞાન વિદ્યા. બીજી ગાથામાં આવે છે. આહાહા! ગજબ વાત છે! નિર્ગ્રંથ મુનિઓના શાસ્ત્રો, સિદ્ધાંતો અંદર કાળજાને ભેદી નાખે એવા છે. આહાહા! એકેક શબ્દે શબ્દોના બાણ મારે એવા છે. આહાહા! ભાઈ!

કહે છે કે કુંદકુંદાચાર્ય... **પરમ ભેદજ્ઞાન(નો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે) અને સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે**... પ્રભુ! નવસો વર્ષ

પહેલા(ના આચાર્યનું) તમે આમ નક્કી કર્યું? આહાહા! સમજાણું? **એવા, પારમેશ્વરી અનેકાંતવાદવિદ્યાને પામીને**... પરમેશ્વર જિન ભગવાનની અનેકાંતવિદ્યાને પામીને... આહાહા! **સમસ્ત પક્ષનો પરિગ્રહ છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને, સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઉપજવાયોગ્ય**... આહાહા! ભગવાન પંચપરમેષ્ઠીની મહેરબાનીથી... **પ્રસાદ = પ્રસન્નતા, કૃપા** જાણે ભગવાનની થઈ ગઈ. આહાહા! એય! પંચપરમેષ્ઠી સિદ્ધની, અરિહંતની કૃપા થઈ. સમજાણું કાંઈ?

**પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઉપજવાયોગ્ય...** એની કૃપાથી ઉપજવાયોગ્ય... આહાહા! હું પ્રસન્ન થયો, પ્રભુ! એની તને ખબર પડી. **પરમાર્થસત્ય અવિનાશી મોક્ષલક્ષ્મીને ઉપાદેયણે નક્કી કરતા થકા, પ્રવર્તમાન તીર્થના નાયક શ્રીમહાવીરસ્વામીપૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન ને વંદનથી થતા નમસ્કાર વડે**... સન્માનીને... **સર્વ આરંભથી મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા**... લ્યો. સર્વ ઉદ્યમથી મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા... પ્રભુ! આપે એટલું બધું જાણ્યું કે ઘણા પુરુષાર્થથી મોક્ષમાર્ગનો જેણે આશ્રય કર્યો છે! એય! એવી **પ્રતિજ્ઞા કરે છે**. આહાહા! રત્નના પટારા છે આ બધા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર માણેકથી જડ્યા છે. આહા!

કહે છે કે એવા મુનિને નમસ્કાર કરીને આ અધિકાર પૂરો કર્યો. **આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...** મુનિ આવા હોય એમ જણાવે છે. દેહ સિવાય એને બીજું કાંઈ—વસ્ત્ર ને પાત્ર ને ફલાણા ને ઢીંકણા ને ચશ્મા ને ઘડિયાળ ને બત્તી (હોય નહીં). એય! .....? પહેલા આટલા ઉપકરણો હતા ૧૦૮ થયા, નહીં? ..... દેરાવાસી સાધુ એક છેને. વ્યવહારનું કાંઈ ઠેકાણું નથી, પણ એણે લખ્યું છે આ. અર્ધફાલકમાંથી એ પંથ નીકળ્યો, હવે સાધુને ૧૦૮ ઉપકરણ થઈ ગયા. અરે! મુનિ કોને કહે બાપા! આહાહા! ક્ષેત્રમાં-જમીન પર સાક્ષાત્ સિદ્ધગતિ કરનારા. સમજાણું કાંઈ? એવી વસ્તુની પહેલી ઓળખાણ તો કર કે નવ તત્ત્વમાં સંવર ને નિર્જરાવાળા આવા હોય. આહાહા! નવ તત્ત્વની શ્રદ્ધાની વાત છે. સમજાણું કાંઈ?

મહામુનિ જંગલમાં વસ્ત્ર વિનાના, સિંહની પેઠે ગર્જના કરતા અંદરમાં, મારફાડ રાગને તોડતા, વીતરાગના અમૃતના અનુભવ લેતાં મોક્ષને કિનારે-મોક્ષની નજીક આવી ગયા છે. લંગોટો-ફંગોટો ન મળે. (શ્રોતાઃ પરંપરા ચલ રહી હૈ.) ક્યા પરંપરા ચલ રહી હૈ? તમે જોઈ હશે ખોટી. એમ કે આ ખોટી પરંપરા નગ્નપણું ચાલ્યું. આહાહા! બાપુ! એ તો બાહ્યની વાતું છે બધી. અંતરમાંથી નગ્ન થઈ જેણે વિકલ્પના કપડાં છોડી દીધા છે. આહાહા! જેને પુણ્ય-પાપના વિકલ્પના, દિક્-આકાશ, (અંબર)-વસ્ત્ર, આ વિકલ્પના કપડાં છૂટી ગયા છે અંદર. અને

નિર્વિકલ્પ આનંદમાં રમનારા આવા થાય એને પરંપરામાં આચાર્ય, મુનિ કહેવામાં આવે છે. આવું બાપુ! તને ખોટું લાગે તો માફ કરજે, પણ શું કરીએ? માર્ગ તો આવો છે. આહાહા!

**દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રતિક્રમણ અધિકાર નામનો પાંચમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** પાંચમો પૂરો.

છઠ્ઠો અધિકાર, પ્રત્યાખ્યાન. લ્યો, પચ્ચખાણ કોને કહેવું? આડા દિવસોમાં પચ્ચખાણ કરે છેને અપવાસના ને ...ના, ધૂળના. બાપુ! એ પચ્ચખાણ નથી. રીત જુદી છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમી જાય એનું નામ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ એની પર્યાયમાં જ્ઞાનનું પરિણમન સ્થિર થઈ જાય એનું નામ પ્રત્યાખ્યાન છે. બહારની આ વાતું પ્રત્યાખ્યાન કરીને બેઠા.... ભાઈ! તને લાભ નહીં થાય. સમજાણું કાંઈ? તારા લાભની રીતના મારગડા જુદા છે. સમજાણું કાંઈ? એ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહે છે લ્યો.

**હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે કે જે નિશ્ચય પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન છે...** આહાહા! નિશ્ચયપ્રત્યાખ્યાન એને કહીએ, જેને નિર્વિકલ્પ આનંદની દશા જામી ગઈ છે અંદર. જેને એકલા નિર્વિકલ્પ આનંદનું ભોજન છે, એ અમૃતના ભોજન કરે છે. આહાહા! જેને ખોરાક તો છે નહીં, પણ રાગનોય ખોરાક નથી. અતીન્દ્રિય આનંદના ભોજન 'હંસલા ચારા ચરે મોતીના, એ ભૂખ્યા દાણા ન ખાય.' આહાહા! એમ ભગવાન આત્મા રાગથી ભિન્ન પડેલો હંસલો એ સ્વરૂપની રમણતાના મોતીને ચરે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા આવી ભાઈ! **સકળ પ્રવજ્યારૂપ સામ્રાજ્ય**... એટલે સ્વરૂપમાં પ્રવજ્યા એટલે દીક્ષા એટલે ચારિત્રની રમણતા. વીતરાગભાવે અંતર જામી ગયેલું એવું ચારિત્ર, એવી જે પ્રવજ્યા, એનું જે સામ્રાજ્ય નામ રાજ. આહાહા! ચારિત્રનું રાજ અંદર છે. એની વિજયધ્વજામાં રાગ (પર) વિજય છે હવે. આહાહા!

એવી **વિજય-ધ્વજા**... ધ્વજા હોય છેને ઉપર ઊંચી. એનો પાછો **વિશાળ દંડ**. ધ્વજાને દંડ હોયને મોટો વિશાળ. આહાહા! એ દંડની શોભા સમાન પ્રત્યાખ્યાન છે કહે છે. પચ્ચખાણ એના સાંભળ્યા નથી, પ્રવજ્યા કેવી હોય, ચારિત્ર કેવું (હોય એ) સાંભળ્યું નથી. આહાહા! આ પ્રવજ્યા વિના મુનિપણું ત્રણ કાળમાં હોય નહીં અને એના વિના મુક્તિ થાય નહીં. (આવું સાંભળવું) ક્યાં હતું? આકરી વાત છે. આહાહા! કહે છે કે જે નિશ્ચય પ્રત્યાખ્યાન–સાચું પ્રત્યાખ્યાન એટલે જ્ઞાન જ્ઞાનરૂપે રમે... આવે છેને ૩૪મી ગાથા. આવશે અંદર. સમયસારની ગાથા. રાગનો ત્યાગ નહીં, પણ વસ્તુની સ્થિરતા એ પ્રત્યાખ્યાન છે એમ કહે છે. રાગનો ત્યાગેય નહીં. (ત્યાગ કહેવો) એ તો નામમાત્ર છે. આહાહા! અરે! પુણ્યના વિકલ્પનો ત્યાગ એ

પણ ચારિત્ર નામ (પામે) નહીં. ત્યાગમાત્ર, પરમાર્થે આત્મામાં રાગના ત્યાગનું નામમાત્ર નથી. આહાહા! એ ભગવાન તો જ્ઞાન ને આનંદમાં જામી ગયેલી ચીજ છે. આહાહા!

જ્ઞાન જ્ઞાનમાં રમણતારૂપ રહે, જ્ઞાનની જ્ઞાનમાં રમણતારૂપી ક્રિયા એનું નામ અહીંયા પ્રવજ્યા ને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહાહા! બહુ આકરું ભાઈ! સમજાણું કાંઈ? **એવી સકળ પ્રવજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધ્વજાના વિશાળ દંડ...** એનો દંડ પાછો વિશાળ–મોટો. એની દંડની શોભા સમાન એ પ્રત્યાખ્યાન છે. આહાહા! **સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે...** આહાહા! ભગવાન પૂર્ણાનંદમાં રમણતા, શાંતિના સાગરના ઉછાળા જ્યાં પર્યાયમાં આવ્યા છે. અંતર્મુખના જોર દ્વારા શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ. દુનિયા ડોલી જાય, કરોડો સોયુંના શરીરમાં ગોદા વાગે, છતાં જેની શાંતિ ચળતી નથી. એવી શાંતિમાં રહેનારા એને સમસ્ત કર્મોની નિર્જરાનો હેતુ છે. આઠે કર્મોની નિર્જરાનો હેતુ છે.

**મોક્ષની સીડી છે...** એ મોક્ષની નિસરણી મંડાણી. આહાહા! એ પગથિયા થોડા ચડીને પહોંચ્યે છૂટકો. સમજાણું કાંઈ? મોક્ષની નિસરણી. નકશો આવે છેને એમાં એ આવે છે. નર્કનું રમતનું આવે છેને. એક નરકમાં જનાર, એક મોક્ષમાં જનાર. એ નહીં, આ તો અમારે જૈનમાં ....... મોટા છેને. જોયો છેને, નિશાળમાં જોયો છે. એમાં નિસરણી હતી. મોક્ષમાર્ગ.... આમ સિદ્ધમાં જાય છે. એ રમત રમે, રાત્રે નવરા હોયને. મોટા નકશા આવે છે છાપેલા. ચાર ગતિમાં જનારા કોણ? મોક્ષમાં જનારા કોણ? એ બધી બહાર રમે રમત. સોગઠાબાજી છેને, એમ આ રમત છે. જોઈ છેને. જ્ઞાનબાજી, લ્યો. અહીં કહે છે કે એવી મોક્ષની ધ્વજા... આહાહા! સર્વ કર્મોની નિર્જરાનો હેતુ એ મોક્ષની સીઢી. આહાહા! માળે વખાણ કર્યા છેને! અતિશયોક્તિ નથી હોં. કહી શક્યા નથી, પૂરું કહી શક્યા નથી. માંડ-માંડ શબ્દમાં આવે એટલી વાતું કહી છે. આહાહા! અતીન્દ્રિય નાથની વાતું શું કરવી! સમજાણું કાંઈ?

**અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.** આહાહા! મુક્તિરૂપી સ્ત્રી એની પ્રથમ દર્શનની ભેટ. આહાહા! સ્ત્રી (જોડે) લગ્ન કરે ને પહેલી રાત હોયને. એમ આ પહેલી રાત છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા! મોક્ષરૂપી સ્ત્રીની પહેલી ભેટ ચારિત્ર છે. મુક્તિના નગારા વાગ્યા ત્યાં. એક રાજા હતોને. એવું આવ્યું હતું છાપામાં. પહેલી રાત કહેવાયને. કરોડ રૂપિયા ખરચ્યા હતા, કરોડ. લગ્ન કર્યા ને પૈસાવાળો બહુ હતો રાજા. છાપામાં આવ્યું હતું. નામ આવ્યું હતું. આપણે કોઈક કહે એ સાંભળ્યું હોય. એક રાતના... પહેલી રાત ખરીને (એના) એક કરોડ. શું કહેવાય? દારૂખાનું, ફલાણુખાનું, ઢીકણું. આરે! મરીને નરકે જવાના છે હોં. કોઈ રાજા થઈ ગયા હશે. પહેલા લગ્ન કર્યા ને લગ્નને પહેલે દિવસે, શું કહેવાય એ રાત? સુહાગરાત. એક કરોડ રૂપિયા ખરચ્યા, એક કરોડ. પેદાશ મોટી–ઘણી પેદાશ. કરોડો-કરોડો દિવસની પેદાશ. એમાં મરીને નરકે જવાના. આ તો દેહ છૂટીને મોક્ષમાં જનારા. સમજાણું કાંઈ? કોલકરાર .... છે. એ ભેટ છે. એની ગાથા કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

info@vitragvani.com vitragvani.com /vitragvani /c/vitragvani